શ્રી મલ્લિનાથ

ચરિત્ર મહાકાવ્ય

ભાગ-૨ (ભાનુવાદ)



-: સંપાદિકા :-

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. સા.

-: પ્રકાશક :-

સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા, હળવદ.

પૂ.આ.ભ.શ્રી વિજયવિનયચંદ્રસૂરીશ્વરજી
મહારાજા વિરચિત

શ્રીમલ્લિનાથ ચરિત્ર

મહાકાવ્ય ભાગ-૨

(સાનુવાદ)

❖ પૂર્વ સંશોધક ❖

શ્રાવક પં. હરગોવિન્દદાસ તથા બેચરદાસ

❖ સુદ્દપદ્દેશક ❖

વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્
વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

❖ સંકલન-સંપાદન ❖

જયશિશુ પૂ. સા. શ્રી સૌમ્યજયોતિશ્રીજી મ.સા.

❖ પ્રકાશક ❖

સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાળા, હળવદ

❖ **શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ ભાગ-૨**

❖ **કર્તા :** પૂ.આ.ભ. શ્રી વિજય વિનયચંદ્રસૂરિ મ. સા.

❖ **પૂર્વ સંશોધક :** શ્રાવક પંડિતશ્રી હરગોવિંદદાસ અને બેચરદાસ

❖ **સદુપદેશક :** પૂ. આ. ભ. શ્રી વિજયનરચંદ્રસૂરિ મ.સા.

❖ **સંશોધક :** પૂ. મુનિશ્રી ધર્મતિલકવિજય ગણિવર

❖ **સંકલન-સંપાદન :** જયશિશુ પૂ.સા.શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.સા.

❖ **પ્રકાશક :** સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા, C/o. મનોજ પી. શેઠ
ન્યુજૈન સ્વીટ માર્ટ, પ્રાંગપ્રા દરવાજા
બહાર, હળવદ (સૌ.) ૩૬૩૩૩૦

❖ **પ્રકાશન વર્ષ :** ૨૦૭૧, ચૈત્રવદ-૫, આવૃત્તિ-પ્રથમ (સાનુવાદ)

❖ **નકલ :** ૫૦૦ ❖ **કિંમત રૂ.** ૪૫૦/- બન્ને ભાગની.

❖ **મુદ્રક :** નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, મો. ૯૮૨૫૫૯૮૮૫૫

પ્રાપ્તિસ્થાન

(૧) **પ્રકાશક** સ્વ.પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા, હળવદ	(૩) **દેવાંગ કે. ચોક્સી** ૨૩-એ, રંગસાગર ફ્લેટ પી.ટી.કોલેજ રોડ ચંદ્રનગર કે પાસમેં, પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭
(૨) **મયૂરભાઈ દવે** મહારાષ્ટ્ર ભુવન તલેટી રોડ પાલિતાણા-૩૬૪૨૭૦	(૪) **દિપક જી. દોશી** કાપડના વેપારી દેપાળાવાડ સામે વઢવાણ શહેર(સૌ.)૩૬૩૦૩૦
(૫) **સરસ્વતી પુસ્તક ભંડાર ફોન નં. ૦૭૯-૨૫૩૫૬૬૯૨** હાથીખાના, ૧૧૨, રતનપોળ, અમદાવાદ	

તમે લાભ સવાયા લીધા

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્યનિપુણમતિ સ્વર્ગીય પરમગુરુદેવ આચાર્ય ભગવંતશ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર પરમ સંયમમૂર્તિ નિઃસ્પૃહ શિરોમણિ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના** સદુપદેશથી પ્રસ્તુત ગ્રંથ શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ ભાગ-૧-૨ પ્રકાશિત કરવાનો સંપૂર્ણ લાભ

૧. શ્રી શાંતિભુવન જૈન સંઘ-જામનગરના જ્ઞાનખાતાના દ્રવ્યમાંથી તથા

૨. શ્રી મણીબાઈ શ્રાવિકા જૈન ઉપાશ્રય જામનગરના જ્ઞાનખાતાના દ્રવ્યમાંથી આ ગ્રંથ પ્રકાશિત કરવાનો લાભ લેવામાં આવ્યો છે તેની અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

લિ. પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાલા

હળવદ

"त्वदीयं तुभ्यं समर्पयामि"

પૂજ્યપાદ સૂરિપ્રેમના પટ્ટાલંકાર અને સૂરિરામના લઘુબંધુ નિઃસ્પૃહ શિરોમણિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વર્ધમાન-તપોનિધિ સરળસ્વભાવી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્-વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના સુવિનીત વિનેય પટ્ટાલંકાર ગીતાર્થ શિરોમણિ-મહાસંયમી-પ્રાચીન ગ્રંથોના ભાવાનુવાદના સ્પેશ્યાલિસ્ટ સ્વર્ગીય ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ **વિજય રાજશેખર-સૂરીશ્વરજી મહારાજા** !

આપે મારા પર કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ આ ત્રીજુ પુષ્પ

૧. જયતિહુઅણ સ્તોત્ર સાર્થ

૨. મદનરેખા આખ્યાયિકા

૩. શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ

સાદર સમર્પણ કરતા ધન્યતા અનુભવું છું.

- જયશિશુ સા. સૌમ્યજયોતિશ્રીની
કોટીશઃ વંદનાવલી



શ્રી મલ્લિનાથ ભગવાન

શ્રી ભોયણી મહાતીર્થ

प्रस्तावना

अस्य श्रीमल्लिस्वामिचरितनाम्नो महाकाव्यस्य प्रणेतारः कविचक्रशक्राः कुन्देन्दुकीर्तय आगमगगनगगनध्वजाः श्रीविनयचन्द्रसूरयः के ?, कीदृशाः ?, कं च लोकं कदा स्वचरित्रपावित्र्येण पावयांचक्रिवांस ?, इति जिज्ञासमानस्य जिज्ञासाऽस्यैव काव्यस्य प्रशस्तिप्रतिष्ठितश्लोकान् दृष्ट्वैवोपशाम्यति; तथाहि –

तमोपहारी सद्वृत्तो, गच्छश्चन्द्रोऽभवद् भुवि ।
चित्रं न जलधी रागं, यत्र चक्रे कदाचन ॥१॥

तस्मिन्नभूत् शीलगणाभिधानः, सूरिः समापूरितभव्यवाञ्छः ।
यत्पञ्चशाखः किल कल्पवृक्षश्छायां नवीनां तनुते जनानाम् ॥२॥

यत्पार्श्वं किल देवता त्रिभुवनस्वामिन्युपेता स्वयं,
पूर्वप्रीतितरङ्गितेव वचसा बद्धैव कृष्टेव च ।
सौभाग्याद्भूतवैभवो भवमहाम्भोराशिकुम्भोद्भवः,
श्रीमानत्र स मानतुङ्गगणभृन्नन्द्यादविद्यापहः ॥३॥

यस्योच्चैः परिपाकपेशलतरां तृप्तिं प्रदत्तेऽङ्गिनां,
व्याख्यापर्वणि भारती रसवती लावण्यपुण्या भृशम् ।
एतद् नूनमजीर्णमप्यविकलं यस्याः सुखं निस्तुषं,
श्रीमानेष रविप्रभः स विजयी स्तात्सूपकारः परः ॥४॥

विविधग्रन्थनिर्माणविरञ्चिरुचिरो गुरुः ।
योऽभूद् रजोगुणो नैव, नालीकस्थितिमान् क्वचित् ॥५॥

श्रीमद्रैवततुङ्गशैलशिखरे सुध्यानलीनायुषा
स्वायुःकर्मतरुप्रपातवशतो लेभे गतिस्तार्विंषी ।
भव्यव्रातमनःकुरङ्गशमकृत् तत्पट्टभूषाकरो
रामः श्रीनरसिंहसूरिरभवत् विद्यात्रयीपावनः ॥६॥

---

१. दैवी ।

नित्यं यः समितौ रतः कलयते सद्गुप्तिशक्तित्रय-
सातत्यं व्रतपञ्चवल्लभलसद्ग्रन्थर्वगर्वोद्धुरः ।
श्रीमत्पूज्यरविप्रभप्रविकसत्पट्टक्षमालंकृतिः
साक्षादेष नरेन्द्र एव जयति श्रीमन्नरेन्द्रप्रभः ॥७॥

दुर्वारप्रतिवादिविन्ध्यशमकृच्चान्द्रे कुले विश्रुतो
देवानन्द इति प्रसिद्धमहिमोद्दामा मुनिग्रामणीः ।
अष्टव्याकरणाम्बुधीन् निरवधीन् शब्दोर्मिमालाऽऽकुलान्
यः स्वव्याकरणप्रशस्तिचुलुकैश्चित्रं चकारोच्चकैः ॥८॥

तच्छिष्योऽजनि जागरूकमहिमा रत्नप्रभाख्यप्रभुः
पट्टे श्रीकनकप्रभः प्रतिमया वाचस्पतिर्मूर्त्तिमान् ।
तत्पादाम्बुजचञ्चरीकचरितः प्रद्युम्नसूरिर्नव-
प्रीतिः श्रीविनयेन्दुना तदखिलं चाशोधयद् बोधये ॥९॥

पूज्यश्रीरत्न(?) सिंहसूरिसुगुरोः श्रीमन्नरेन्द्रप्रभो-
रादेशाद् विनयाङ्कपार्श्वचरितस्रष्टाशया (?) ।
गच्छोत्तंसरविप्रभाभिधगुरोः शिष्योऽल्पमेधा अपि
सूरिः श्रीविनयेन्दुरेष विदधे मल्लेश्चरित्रं नवम् ॥१०॥

क्षेत्रे भारतनामके जिनपतेर्यावत् परं शासनं
(?) शस्यमिदं वृषव्रजपरीपोषक्षमं वर्धते ।
एतद् नीरदवृन्दसुन्दरतनोः श्रीमल्लितीर्थेशितुः
प्रोद्दामं रसपूरचारुचरितं तावच्चिरं नन्दतात् ॥११॥

आपादयति चात्रार्थे तैरेव निर्मितस्य कल्पनिरुक्तनाम्नो ग्रन्थस्य पाश्चात्यः कियानंशो विशेषतो दार्ढ्यम्; स चायम्—

"सैद्धान्तिकश्रीमुनिचन्द्रशिष्याः प्राज्ञा अनूचानवरा जयन्ति ।
श्रीरत्नसिंहाह्वयसूरिमुख्या यच्छिष्यलेशो विनयेन्दुसूरिः ॥१॥

श्रीविक्रमात् तत्त्व-गुणे-न्दुवर्षे (१३२५)
चूर्ण्यादि वीक्ष्य स्वगुरोर्मुखाच्च ।

ज्ञात्वाऽनघं पर्युषणाभिधाने
कल्पस्य किंचिद् विदधे निरुक्तम्" ॥२॥

किञ्च, श्रीधर्मविधिग्रन्थवृत्तिविधायकाः श्रीउदयसिंहसूरयोऽप्येतानेवाचार्यवर्यान् महाकवित्वेन ग्रन्थशोधकशिरोमणित्वेन च प्रख्यापयन्ति, तथा च धर्मविधिप्रशस्तिः—

"स श्रीमाणिक्यप्रभगुरुसेवी स्वगुरुबन्धुसंमत्या ।
आचार्य उदयसिंहश्चक्रे श्रीधर्मविधिवृत्तिम् ॥११॥

श्रीमत्पूज्यरविप्रभमुनिपतिपदकमलमण्डनमरालः ।
वृत्तिमशोधयदेनां महाकविर्विनयचन्द्राख्यः ॥१२॥

या शासनपुष्टिपरा जननीवद् भव्यसंततिं पाति ।
सा श्रीशासनदेवी शिवतातिर्भवतु संघस्य ॥१६॥

रस-मङ्गल-सूर्य(१२८६)-मिते वर्षे श्रीविक्रमादतिक्रान्ते ।
चक्रे चन्द्रावत्यां वृत्तिरियं संघसान्निध्यात् ॥१७॥"

एभिः सकलैः प्रमाणैरेषां सूरिवराणां समयो द्वादशशताब्द्यादिभूतस्त्रयोदशशताब्द्यन्तभूतश्चेति नितरां निश्चीयते ।

सरसं समुपवर्णितं चात्र गगनकुसुमायमानमनोमनोरथलक्षजलसंकुलं दम्भस्तम्भानेकनक्रचक्रचक्रवालबलप्रबलं दुःखात्मनैकदुष्करमकरप्रकरप्रपूरितं मिथ्याहंकाराकारभूरिभूधराधृष्यकूटविकटं सर्वत्र दुर्योधक्रोधप्रसर्पत्सरीसृपसर्पणभीषणमनादिगभीरापारसंसारपारावारं संशोष्य, संभूष्य च स्वं निखिलनिर्मललोकाऽलोकलोकिन्या विज्ञानश्रिया, प्रतिष्ठाप्य च सकललोकाऽमितहितावहं संसारोत्तारकं तीर्थम्, प्रतिबोधय च गाढमिथ्यात्वनिशानिद्रावशीभूतप्रभूतभूतगणान्, उत्तार्य च कांश्चन संसारसागरात्, प्रापय्य च प्रवरशिवनगरनिकटम्, परमामनश्वरीमितरदेवदवीयसीं गरीयसीं पदवीं प्राप्तानां श्रीमल्लिस्वामिजिनेश्वराणामामूलचूलमदभ्रपापाभ्रधवित्रं पुष्करारिष्टमललवित्रं निसर्गगुणगणपवित्रं चरित्रम् । अन्तर्भावितानि चात्र श्रीमल्लिमित्रषट्ककथानकानि । अन्या अपि लोकप्रबोधविधायिन्यो बह्व्यः कथाश्च

व्यावर्णिताः । तत्र तत्र चानुरूपं सुन्दरं सकलरसावर्षि संवर्णनमपि पाठकहृदयकोशप्रवेशं प्रापितम् । समावेशितानि चात्र महाकाव्यनिखिल-लक्षणानि । इति सर्वैरेव प्रकारैरयं चरितग्रन्थः चरितग्रन्थेषूत्तमं स्थानं लम्भितः ।

इमे चाचार्यपूज्या अन्यानपि कल्पनिरुक्त-श्रीपार्श्वचरितप्रभृतीन् ग्रन्थान् जग्रन्थुः, व्यशूशुधंश्च धर्मविधिवृत्तिप्रमुखानल्पग्रन्थान् । एतेषां च सूरिवराणां ग्रन्थग्रन्थितृत्वं ग्रन्थशोधकत्वं चेदमुभयं तदपूर्वादूष्य-वैदूष्य-लोकापकार-कत्वाऽन्यथानुपपद्यमानं तेषां परमकारुणिकत्वं सकलशास्त्रनिष्णातत्वं च स्पष्टं निष्टङ्कयति ।

संशोधकाश्चास्य शोधकप्रकाण्डतां गताः श्रीप्रद्युम्नसूरयः[१], येषां

---

१. यदाह धर्मकुमारपण्डितः स्वीये शालिभद्रचरित्रे प्रतिप्रक्रमम्—

"श्रीशालिचरिते धर्मकुमारसुधिया कृते । श्रीप्रद्युम्नधिया शुद्धे"

अन्त्यप्रक्रमे च—

"इयं कथा वृद्धकुमारिकेव सदूषणा भूषणवर्जिताऽऽसीत् ।
प्रद्युम्नदेवस्य परं प्रसादाद् बभूव प्राणिग्रहणस्य योग्या" ॥१५३॥

तेषां च श्रीविनयचन्द्रसूरिकृतं श्रीमल्लिनाथमहाकाव्यम्, श्रीप्रभाचन्द्राचार्यविरचितं श्रीप्रभावकचरित्रम्, श्रीदेवेन्द्रसूरिप्रणीतः श्रीउपमितिभवप्रपञ्चकथासारोद्धारः, श्रीरत्नप्रभसूरि-विहिता श्रीकुवलयमालाकथा, श्रीबालचन्द्रसूरिनिर्मिता श्रीउपदेशकन्दलीटीका श्रीविवेक-मञ्जरीटीका, श्रीउदयप्रभसूरिरचिता उपदेशमालाकर्णिकाटीका चेत्यादितात्कालिकबहुग्रन्थानां संशोधकत्वेन ग्रन्थसंशोधननैपुण्यम्, श्रीसमरादित्यसंक्षेपादेः स्वतन्त्रं संविधानेन च शास्त्रवैशारद्यं च सुतरां प्रतीतम् । ये पुनस्तदानीन्तनाचार्यैर्बाढं संमानिता बभूवुरित्यपि श्रीमानतुङ्गाचार्यविरचितश्रीश्रेयांसनाथचरित्रान्तर्गतेन—

"शिष्यः श्रीकनकप्रभस्य सुकविः श्रीबालचन्द्रनुजो
ज्यायान् श्रीजयसिंहतः प्रतिभया श्रीवस्तुपालस्तुतः ।
अस्मद्गोत्रमहत्तरः कविगुरुः प्रद्युम्नसूरिप्रभु-
र्विद्वद्वृन्दकवित्वशोधनधनो ग्रन्थं मुदाऽशोधयत्" ॥१॥

इति पद्येन व्यक्तमाविर्भवति ।

शोधननैपुण्यं बहवः कविकुञ्जरा व्यावर्णयांबभूवांसः । अतोऽपि चरितमिदं विशेषेण महत्त्वमचकलत् ।

एतस्य श्रीमल्लिचरितस्य पुस्तकचतुष्टयमावां प्राप्तवन्तौ, तदर्थं च तदर्पयितॄन् नामग्राहमभिवन्दावहे—

१. श्रीमल्लिचरितमस्मद्गुरूणां श्रीशास्त्रविशारदजैनाचार्यश्रीविजयधर्मसूरीणां शुद्धदेश्यम् ।

२. श्रीमल्लिचरितमस्मद्गुरूणां पुण्यपत्तनस्थडक्कनकॉलेजाख्यपुस्तकालयस्य, नात्यशुद्धम् ।

३. श्रीमल्लिचरितमस्मद्गुरूणां मुनिमोहनलालजिपुस्तकालयस्य, अशुद्धम् ।

४. श्रीमल्लिचरितमस्मद्गुरूणां स्तम्भनपुरस्थधर्मशालाभिधभाण्डागारस्य, अपूर्णम्, शुद्धप्रायं च ।

तदेवं पुस्तकचतुष्टयमाश्रित्य संशोधितम्, तत्र तत्र पाठान्तरितं च चित्ताह्लादकमिदं चरितं सकर्णा निजविमलनेत्रसन्निकर्षाद् नाययन्तु स्वीयनेत्रे पावित्र्यम् । पठित्वा चैतत् त्यजन्तु कपटनाटकपाटवपटं पटवः, मुनयश्च लोकयन्तु कर्मनरपतिवैचित्र्यम्, मुच्यतां च सकलो लोकः, उत्साहयन्तु चास्मत्परिश्रान्तिम्, संशोधयन्तु सूचयन्तु च मतिमान्द्यसहभूनि दृग्दोषहेतूनि सीसकाक्षरयोजकजातानि च दूषणानि हंसन्तः समन्ततः सन्तः ।

अस्य च मुद्रणादिव्ययदातुः परमोदारश्रीश्रेष्ठिप्रवरगोकुलभाइतनुजनुषो वदान्यवरेण्यस्य श्रीश्रेष्ठिवरमणिलालस्य परमं धन्यवादं समर्पयावः ।

इति

निवेदयतो—

हरगोविन्द-बेचरदासौ ।



"જિનવર નામે જય હુવે"

- વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. સા.

સમસ્ત વિશ્વનો ઉદ્ધાર કરવાની પ્રબળ ભાવનાના પ્રતાપે ત્રીજાભવે શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરીને આર્હંત્ય લક્ષ્મીને પ્રાપ્ત કરનારા અને તેના પ્રભાવે વિશ્વમાં સુવિશુદ્ધ મોક્ષમાર્ગનું પ્રકાશન કરનારા શ્રી તીર્થંકર ભગવંતો જગતમાં જયવંતા વર્તે છે.

શ્રી તીર્થંકર દેવોએ આ જગતનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વ્યક્તિત્વ છે. આધ્યાત્મિક ક્ષેત્રે સર્વથી શ્રેષ્ઠતા ધરાવનારા તે પુણ્યવંત આત્માઓની કર્મના ઔદયિકક્ષેત્રે પણ શ્રેષ્ઠતા સહજરૂપે જ હોય છે.

શ્રી તીર્થંકરદેવનો આત્મા પણ એક વખત તો આપણા સૌની જેમ સંસારમાં રખડતો જ હતો. અનાદિકાળથી વિશિષ્ટ પ્રકારના દશગુણબીજકોને અન્તર્ભૂત રીતે ધરાવનારો પણ તે મહાન્ આત્મા જ્યાં સુધી સમ્યગ્દર્શન ગુણને પામતો નથી ત્યાં સુધી તેની કોઈ વિશેષ પ્રકારે ગણના કરવામાં આવતી નથી.

શ્રીશાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે આત્મા જયારે દર્શનમોહનીયનો ક્ષયોપશમ સાધી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ત્યારે જ તેના ગુણો ખરા અર્થમાં ગુણ કહેવાય છે. ત્યારે જ તેનો ધર્મ આત્મસાધક ધર્મ બને છે. અને ત્યારે જ તેમના ભવોની ગણના ચાલુ થાય છે. સમ્યગ્દર્શનગુણ સંસારને ટૂંકાવવાની અદ્‌ભુત તાકાત ધરાવનારો ગુણ છે. તેથી સમ્યગ્દર્શનને પામેલા જીવો બહુલતયા અલ્પ સંસારી જ હોય છે. તેથી શ્રી અરિહંત પરમાત્માનો આત્મા પણ જયારે સમ્યગ્દર્શન પામે છે, ત્યાર પછી

તેઓના ભવની ગણના શરૂ થાય છે.

વર્તમાન ચોવીશીમાં થયેલા સત્તર શ્રી અરિહંત ભગવંતો તો સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્રણ જ ભવમાં મોક્ષે પધારી ગયા હતા. તારક એવા જે આત્માઓની ભવસ્થિતિ લાંબી હતી તેવા સાત પરમાત્માઓના ભવો થોડા વધુ થયા હતા તેમાં પરમાત્મા શ્રી મહાવીર દેવના ૨૭ ભવ જે સૌથી વધુ હતા.

સામાન્ય જીવોના સમ્યક્ત્વ કરતાં શ્રી તીર્થંકર પરમાત્માના જીવોનું સમ્યક્ત્વ શ્રેષ્ઠ કોટિનું હોય છે. તેથી તેને **વરબોધિ** તરીકે ઓળખવામાં આવે છે. અન્ય જીવોનું સમ્યક્ત્વ મુખ્યત્વે આત્મતારક હોય છે. જ્યારે શ્રી અરિહંત દેવોનું સમ્યક્ત્વ આત્મતારક થવા સાથે અગણિત ભવ્યાત્માઓને તારવા માટે જ સર્જાયેલું હોય છે. આવા **વરબોધિ** સમ્યક્ત્વને પામ્યા પછીથી ક્રમશઃ આત્મવિકાસ સાધતાં સાધતાં તેઓ જ્યારે છેલ્લા ભવમાં પહોંચે છે. ત્યારે તેમનું જગદુદ્ધારક વ્યક્તિત્વ પૂર્ણપણે ખીલી ઉઠતું હોય છે.

ખરેખર શ્રી અરિહંત ભગવંતોના નામ સ્મરણનો પણ અપૂર્વ મહિમા હોય તો પછી ભગવંતની સ્તવના કે ભગવંતના જીવનના આલેખનનો તો કેવો અનેરો મહિમા-પ્રભાવ હોય ? આજ કારણે શાસ્ત્રકાર મહામનીષી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ કલ્યાણમંદિર સ્તોત્રમાં જણાવ્યું છે. "હે પ્રભો ! અચિન્ત્ય મહિમાવાળુ આપનું સ્તવન તો દૂર રહો, આપનું નામ પણ જગતનું રક્ષણ કરનારું છે. ભયંકર તાપથી મુસાફરને ગરમીમાં પદ્મસરોવરની ભીનાશવાળો પવન પણ આનંદ પમાડે છે."

આવા પરમાત્માનું માત્ર નામસ્મરણ પણ ભવોભવના સંચિત

પાપકર્મોનો નાશ કરવા શક્તિમાન છે.

સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિને સારું જીવન જીવવાની શ્રેષ્ઠ કળા ચરિત્ર ગ્રંથોમાંથી મળતી હોય છે. ઉત્તમ જીવન જીવી ગયેલા પુણ્યાત્માઓના જીવનને આંખ સામે રાખવામાં આવે તો વ્યક્તિ પોતે પણ ઉત્તમ જીવન બનાવી શકે છે. ચરિત્ર ગ્રંથોમાંથી લાયક વ્યક્તિને ઘણી ઘણી પ્રેરણા પ્રાપ્ત થાય છે. આવા ચરિત્રોમાં પણ શ્રી તીર્થંકર ભગવંતનું ચરિત્ર અતિ ઉત્તમકોટિનું હોય છે. તેઓ નિશ્ચિતપણે-પૂર્ણપણે આત્મગુણોનો વિકાસ સાધી જગદુદ્ધારક બનનારા પરમ આત્માઓ હોય એમ જરૂરથી કરી શકાય છે. તેઓનું જીવનચરિત્ર એટલે અખૂટ પ્રેરણાનો સ્રોત.

પૂર્વના શ્રી શીલાંકાચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્ય આદિ અનેક મહાપુરુષોએ "चउप्पन्न महापुरुस चरियं" શ્રી ત્રિષષ્ઠિ શલાકા-પુરુષ ચરિત્ર મહાકાવ્ય આદિ અનેક ચરિત્રો બનાવ્યા છે. જેમાં શ્રી જ્ઞાતાધર્મકથાંગ નામના છઠ્ઠા આગમસૂત્રને આધારભૂત બનાવીને આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ અનેક રીતે અદ્‌ભુત એવા શ્રી મલ્લિનાથચરિત્ર મહાકાવ્યની રચના કરી છે. તે ચરિત્ર કુલ આઠ સર્ગમાં મળીને ૪૩૪૪ શ્લોકો થાય છે. મહાકાવ્યના લક્ષણો પણ આમા સંપૂર્ણપણે જોવા મળે છે.

આઠ-આઠ સર્ગના વિસ્તારમાં ફેલાયેલું આ ચરિત્ર વીતશોકાનગરીમાં બળરાજાના રાજ્યમાં શ્રીરત્નચન્દ્ર મુનિની પાવન પધરામણીથી શરૂ થતું અને શ્રીમલ્લિનાથ પ્રભુના પરિવાર અને નિર્વાણ કલ્યાણકની ઉજવણીથી પૂર્ણતાને પામતું અતિરોચક આ કથાનક છે. આઠ સર્ગમાં શ્લોકો અનુક્રમે - ૧-૫૭૬, ૨-૬૭૦, ૩-૨૫૭, ૪-૨૦૭, ૫-૩૩૨, ૬-૫૬૧, ૭-૧૧૫૮, ૮-૫૮૩

= ૪૩૪૪. આટલા વિસ્તારમાં પથરાયેલા આ ચરિત્રમાં ઠામ-ઠામ ઉપદેશાત્મક મહાવાક્યો, પ્રસંગને અનુરૂપ કથાઓ તેમજ પ્રસંગને અનુરૂપ ઉપમા-અલંકાર-લાલિત્ય-ભાષા સૌષ્ઠવ-શબ્દ લાલિત્ય આદિથી ભરપૂર છે. દરેક સર્ગનો સામાન્ય પરિચય આ મુજબ છે. સવિશેષ તો અનુક્રમણિકા જોવાથી ખ્યાલ આવશે.

પ્રથમ સર્ગમાં :- શ્રી રત્નચંદ્રમુનિ પોતાની કથાદ્વારા બળ-રાજાને વૈરાગ્યવાસિત કરે છે વચમાં નમસ્કાર મહામંત્રના શ્રવણનો અનેરો મહિમા બતાવી તે વાતને પુષ્ટ કરવા ગંધાર નામક શ્રાવકની કથા દર્શાવી છે. જૂની આવૃત્તિમાં શ્લોક નં. ૨૩૧ બે વાર ભૂલથી નંબર અપાયેલ તે આમાં સુધારેલ છે.

બીજા સર્ગમાં :- પોતાના પુત્રને રાજગાદી મળે અને પોતે રાજમાતા બને, આવા અરમાનોને કારણે સાવકીમાતા શોક્યના પુત્ર ઉપર કેવા પ્રકારનો ગંભીર આરોપ મૂકે છે ! તે બતાવી સ્ત્રીચરિત્રની ગહનતાનું સારું એવું વર્ણન કર્યું છે. શ્લોક નં. ૧૩૨માં એક અક્ષર ઘટતો હોવાથી "तु" ઉમેરેલ છે. ગુજરાતી ભાષામાં વપરાતો બકરી શબ્દ बकरीमिव - ૩૨૬, दिक्करी (સં.૭-૭૯) શબ્દપણ અહિ મળે છે. "દૃઢપ્રહારી" બ્રાહ્મણપુત્ર હોવાથી તે અવધ્ય છે. તે વાત પણ અહિયા મળે છે.

બળરાજાની દીક્ષા બાદ મહાબલકુમાર રાજા બને છે. અન્ય-અન્ય દેશના છ રાજાઓ સાથે કલ્યાણમૈત્રીનો કોલ કરાર કરે છે. ન્યાય-નીતિપૂર્વક રાજ્ય શાસન કરતા કરતા એકવાર નગરમાં પધારેલા શ્રી વરધર્માચાર્યની દેશનાશ્રવણના પ્રતાપે વૈરાગ્યવાસિત બની પોતાના પુત્ર બળભદ્રને રાજગાદીએ બેસાડવા શ્રેષ્ઠ જ્યોતિષીને બોલાવે છે. તે પ્રસંગે જ્યોતિષશાસ્ત્રની પ્રાસંગિક

સુંદર વાતો બતાવી છે. અને છએ મિત્રો સાથે પંચમુષ્ટિ લોચ કરી સંયમધર્મનો સ્વીકાર કરે છે.

ત્રીજા સર્ગમાં :- ગુરુભગવંત સાથે વિહાર કરતા કરતા જ્ઞાનાદિનો અભ્યાસ કરતા કરતા અનુક્રમે ગીતાર્થ બન્યા. ગુર્વાજ્ઞાથી છએ મુનિવરો સાથે વિચરતા વિચરતા મહાબલ રાજર્ષિ પુત્રની રાજધાનીમાં પધાર્યા. મહાબલમુનિની વૈરાગ્યજનક, ઉપમિતિની શૈલીમાં વર્ણવેલા સંસારનગરમાં વસતા કર્મપરિણામ રાજા અને ચારિત્રધર્મરાજાના સંબંધવાળી ધર્મદેશનાના પ્રતાપે બળભદ્ર રાજાએ બારવ્રત સ્વરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો ને માસકલ્પાન્તે સાતે મુનિવરોએ ત્યાંથી વિહાર કર્યો. તેઓ સાતેએ સમાનતપ કરવાની પ્રતિજ્ઞા કરેલી પરંતુ મહાબલમુનિએ વધુ તપસ્વી દેખાવાની ઇચ્છાથી માયા કરી પરિણામે છઠ્ઠે-સાતમે ગુણઠાણેથી પતિત થઈ મિથ્યાત્વ ગુણઠાણે ગયા - સ્ત્રીવેદનો બંધ કર્યો. "સવી જીવ કરું શાસન રસી"ની ભાવનાપૂર્વક વીશસ્થાનક મહાતપના વીશે પદની અપૂર્વ આરાધના કરવા દ્વારા શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરી ૮૪ લાખ પૂર્વના આયુષ્યને પૂર્ણ કરી અન્તિમ સાધના કરીને સાતે મુનિવરો ત્રીજા વૈજયંત નામના અનુત્તરમાં ઉત્પન્ન થયા.

ચોથા સર્ગમાં :- જંબૂદ્વીપ-દક્ષિણ ભરતક્ષેત્રમાં વિદેહ દેશમાં મિથિલા નગરીમાં કુંભ નરેસરની પટ્ટરાણી શ્રી પ્રભાવતી દેવીની કુક્ષિને વિષે સ્ત્રીપણે અવતર્યા. તે સમયે બધા જ ઇન્દ્રોએ સ્વપ્નદર્શનનો ફળાદેશ કર્યો. નમુત્થુણં સૂત્ર દ્વારા પરમાત્માની સ્તવના કરી. મૌન એકાદશીના શુભદિવસે શ્રી મલ્લિનાથ પ્રભુનો જન્મ થયો ઇન્દ્રોએ મેરુપર્વત ઉપર જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી કરી પ્રાતઃકાલે કુંભરાજાએ અનુપમ જન્મોત્સવની ઉજવણી કરી.

નીલવર્ણી ને પાંત્રીશ ધનુષ્યની કાયાને ધરતા પ્રભુજી બાલ્યાવસ્થા ઓળંગી યૌવનાવસ્થા પામ્યા. પરમાત્માના રૂપ વૈભવના અદ્‌ભુત વર્ણન દ્વારા સર્ગની સમાપ્તિ કરવામાં આવી.

પાંચમા સર્ગમાં :- પૂર્વભવના છએ મિત્રરાજાઓનું અલગ-અલગ દેશમાં રાજપુત્ર તરીકે અવતરણ. અન્તે બધા સ્વપિતૃપદે રાજા થયા. જુદા-જુદા નિમિત્તો પામીને છએ રાજાઓએ શ્રી મલ્લિકુંવરીની કુંભરાજા પાસે દૂતો દ્વારા માંગણી-સુવર્ણની પુતળી-આહાર કવલ પ્રક્ષેપ દ્વારા મલ્લિકુમારીનો છએ રાજાઓને પ્રતિબોધ - અન્તે તેઓએ ચારિત્ર ગ્રહણની ભાવના વ્યક્ત કરી - શ્રી મલ્લિકુમારીએ ૩૦૦ સ્ત્રીઓના આંતર પરિવાર અને ૩૦૦ રાજાઓના પરિવાર સાથે મૌનએકાદશીના પુણ્યદિવસે સંયમ ધર્મનો સ્વીકાર કર્યો. અને તે જ દિવસે ચાર ઘાતિકર્મો ખપાવી કૈવલ્ય લક્ષ્મીની પ્રાપ્તિ-ઇન્દ્રો-દેવો દ્વારા સમવસરણના મંડાણ, પ્રભુ સાધ્વીજીઓની પર્ષદામાં રહેતા. ગણધર ભગવંતો દિવસે દૂરથી જ નમન-વંદન કરતાં - છએ મિત્ર રાજાઓનું આગમન.

છઠ્ઠા સર્ગમાં :- શ્રી મલ્લિનાથ પ્રભુની અમોઘ દેશનામાં સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મના બારવ્રતનું કથાનકો દ્વારા વર્ણન - આ સર્ગમાં સમ્યગ્‌દર્શન ઉપર નલ-દમયંતીની અદ્‌ભુત કથા કહી છે. દમયંતીને પિતાના ઘરે જ નિર્વાણી દેવી દ્વારા ભાવી જિનેશ્વર શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા અર્પણ-ત્રિકાળ પૂજા-સ્વયંવર મંડપ દ્વારા નલરાજા સાથે પાણિગ્રહણ-જુગારના વ્યસન દ્વારા નલે રાજ્ય ગુમાવ્યું. વનવાસ-દમયંતીનો ત્યાગ-દમયંતીને ધનદેવ નામક સાર્થવાહનો ભેટો થયો ત્યાં શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિમાના દર્શન-પ્રશ્નકથન-ધર્મગુમાચાર્ય પાસે સાંભળવા મલ્યું કે તમે શ્રી મલ્લિનાથ પ્રભુના તીર્થમાં પ્રસન્નચંદ્ર રાજા બનીને મોક્ષે જશો

તેથી તે પ્રભુની ત્રિકાળપૂજા (૩૦૧ થી ૩૦૭) પિતા દેવ દ્વારા નલનું કુબ્જીકરણ. નલે શુંશુમારપુરમાં શ્રી નમિનાથ પ્રભુના ચૈત્યના દર્શન કર્યા. અન્તે અનેક દુઃખોને વેઠવાપૂર્વક શ્વશુરગૃહે બન્નેનો મેળાપ-ઇત્યાદિ વાતો વિસ્તારસહિત બતાવી છે.

સાતમા સર્ગમાં :- વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટા આ સર્ગમાં શ્રાવકના બારવ્રતનું વર્ણન બતાવ્યું છે તેમાં.

પહેલાવ્રત ઉપર :- સુદત્તશ્રેષ્ઠિ પુત્રની કથા છે તે શ્રીચંદ્રપ્રભ સ્વામી પાસે દીક્ષા લઈ ચોથા દેવલોકે જઈ પછીના ભવમાં મોક્ષે પધાર્યા.

બીજા વ્રત ઉપર :- જંબૂદ્વીપના ઐરાવતક્ષેત્રમાં થયેલ તલચોર સંગમની કથા પ્રભુએ બતાવી છે.

પાંચમા વ્રત ઉપર :- શ્રી મલ્લિનાથ પ્રભુના કાળમાં થયેલા ભોગદત્ત-સુદત્તની કથા છે અન્તે બન્ને જણ પ્રભુજી પાસે દીક્ષાગ્રહણ કરી સુંદર સંયમ જીવન જીવી મોક્ષે પધાર્યા.

છઠ્ઠા વ્રત ઉપર :- પુષ્કરાવર્તના ઐરાવત ક્ષેત્રમાં થયેલા વિલાસી મિત્રાનંદની કથા છે. અવાંતર કામલતા ગણિકા જેવી ગણિકાની કથા છે. પતિ પાસેથી રાજા અપહરણ કરે છે તેણીની રાજાને મારી પતિ પાસે જાય છે ત્યાં સર્પદંશથી પતિ મૃત્યુ પામે છે. અન્તે પરદેશ જતા અચાનક વેશ્યાને ત્યાં આવતા શ્રેષ્ઠ ગણિકા બને છે. તેમાં પોતાનો જ પુત્ર અચાનક આવતા તેની સાથે ભોગ ભોગવે છે ખબર પડતા જ પુત્ર અગ્નિશરણ સ્વીકારે છે. પોતે અગ્નિશરણ સ્વીકારવા છતા ન મરતા ભરવાડના હાથમાં આવે છે અન્તે ભરવાડણ બને છે. કર્મની ગતિ કેવી વિચિત્ર હોય છે તેનું તાદૃશ ઉદાહરણ છે.

આઠમાવ્રત ઉપર :- લોભનંદીની કથા છે વચ્ચે અવાંતર કથા તરીકે આ. શ્રી અજિતપ્રભસૂરિ કૃત શાંતિનાથ ચરિત્રમાં આવતી રત્નચૂડ જેવી કથા છે. અનીતિપુરે ગમન-વંચક (ઠગ) લોકોના હાથમાં અન્તે ગણિકાના વચને ધન પાછું મેળવે છે. તેવી કથા આમાં બતાવી છે. અને સ્વરોદય શાસ્ત્રનું સુંદર વર્ણન કર્યું છે.

દશમા વ્રત ઉપર :- ધનસેનનું કથાનક છે. તેમાં વચ્ચે અવાંતર કથા તરીકે ચંદ્રયશાનું નવભવનું ચરિત્ર બતાવ્યું છે. પરંતુ ભવોની ગણના કરતા સાત જ ભવ થાય છે. તેમાં કહ્યું છે કે દુષ્ટ દેવી-દેવતાઓ જિનપ્રતિમા પાસે રહી શકતા નથી. - શ્લો. ૮૮૦

અગ્યારમાં વ્રત ઉપર :- શ્રી મલ્લિનાથ પ્રભુના સમયમાં થયેલા શિખરસેન રાજાની કથા છે. તે પૂર્વના ભીલના ભવમાં માર્ગ ભૂલેલા મુનિવર પાસેથી ધર્મશ્રવણ કરી પૌષધવ્રતની નિર્મળ આરાધના કરતા હતા, એકવાર સિંહનો ઉપદ્રવ થયો છતાં ડગ્યા વિના સમાધિથી મૃત્યુ પામી શિખરસેન રાજા થયા તેવું જાણતા જ પ્રભુજી પાસે સંયમધર્મનો સ્વીકાર કરી અન્તકૃત્ કેવલી બની મોક્ષે પધાર્યા.

સર્ગાન્તે પ્રભુજીના માતા-પિતા-છ મિત્ર રાજા બધાએ દીક્ષા સ્વીકારી પ્રભુ પહેલા જ છએ મિત્રરાજાઓ મોક્ષે પધાર્યા. ભિષગ્ આદિ ૨૭ ગણધરો-ચતુર્વિધસંઘ-શાસનરક્ષક યક્ષ-યક્ષિણીની સ્થાપના કરી પ્રભુજી ભવ્યજીવો ઉપર ઉપકાર કાજે પૃથ્વીતલને વિષે વિહાર કરવા લાગ્યા ઇત્યાદિના વર્ણનપૂર્વક સર્ગની પરિસમાપ્તિ.

આઠમા સર્ગમાં :- નામમાત્રથી આસ્તિક બાકી પ્રદેશી રાજાની જેમ નાસ્તિક એવા રાજાના ચંદ્રપુરનગરમાં પૃથ્વીતલને પાવન

કરતા કરતા પ્રભુજી પધાર્યા. પ્રભુ સાથે આત્માદિ વિષયક ઘણી પ્રશ્નોત્તરીને અન્તે ભાવથી આસ્તિક રાજા બની પ્રભુજી પાસે ૭૦૦ રાજપુત્રો સાથે શ્રમણધર્મનો સ્વીકાર કરે છે ત્યાં જ શાલ્મલી ગામનો કઠ નામક ખેડૂત કામકુંભ પામવાથી ગર્વિત બની સ્વજનો આગળ મસ્તકે લઈ નાચ કરતા તે નાશ પામ્યો. ત્યાં પરમાત્મા આવેલા જાણી શ્રી મલ્લિનાથ પ્રભુ પાસે સાચા કામકુંભ સમાન શ્રમણધર્મને પામી આત્મકલ્યાણ સાધ્યું. હસ્તિનાગપુરમાં ખેડૂત એવો દેવપાળ ગાય-ભેંસ ચરાવતા તેને પરમાત્માની પ્રતિમાના દર્શન થયા. દરરોજ જલ-દૂધ-પુષ્પપૂજા કરે છે દેવો દ્વારા કરાયેલી પરીક્ષામાં પાસ થતા અન્તે તે રાજા બન્યો. પ્રભુજીએ તેને પ્રતિબોધી સંયમધર્મને પામી આત્મશ્રેયઃ સાધ્યું. તો પ્રભુજીએ એક અભિમાની બ્રાહ્મણને ચિલાતીપુત્રના દૃષ્ટાંત દ્વારા પ્રતિબોધી સન્માર્ગે વાળ્યો. શ્વેતાંબી નગરીમાં ક્રોધાવિષ્ટ ૩૦૦ તાપસોને પ્રભુજીએ ચંડરુદ્રાચાર્યની કથા કહીને પ્રતિબોધ પમાડ્યા. ત્યાંથી મદિરાવતી નગરીમાં સ્ત્રીલંપટ યશશ્ચન્દ્ર રાજાને શંખરાજાના પુત્ર કુલધ્વજ રાજકુમારની કથા કહેવા દ્વારા પ્રતિબોધીને ૫૦૦૦ રાજપુત્રો સાથે દીક્ષાધર્મને પ્રાપ્ત કરાવે છે.

આમ અનેક ભવ્યજીવોને પ્રતિબોધ કરતા કરતા પૃથ્વીતલને પાવન કરતા કરતા અન્તિમ સમય જાણીને પ્રભુજી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થે પધારી એક માસનું મહાસણ કરી ચાર અઘાતી કર્મોનો નાશ કરી જન્મ-જરા-મરણથી રહિત આદિ અનંત સુખમય શાશ્વતપદને પામ્યા.

આસનકંપથી પ્રભુજીના નિર્વાણકલ્યાણકને જાણી ૬૪ ઇન્દ્રો આવીને પ્રભુજીના દેહનો વિધિપૂર્વક અગ્નિ સંસ્કાર કરી નંદીશ્વર

દ્વીપે નિર્વાણકલ્યાણક નિમિત્ત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવી સૌ પોત-પોતાના સ્થાને ગયા. પ્રાન્તે ગ્રંથકારે સવિસ્તૃત પ્રશસ્તિ આપી છે. તે અંગેનો પરિચય "શેષ-વિશેષ" માં આપેલ છે.

મુનિશ્રી **ધર્મતિલક વિજયજી ગણિ**એ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. તો સા. શ્રી **સૌમ્યજ્યોતિશ્રીજી**એ સંકલન-સંપાદન કર્યું છે. તે ઉભય ધન્યવાહાર્દ છે. પ્રાન્તે આ ચરિત્રગ્રંથના વાંચન-મનન દ્વારા વૈરાગ્ય પામી સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ ચારિત્રને પામી ક્રમશઃ આપણે સૌ વહેલામાં વહેલા પરમપદના ભોક્તા બનીએ એજ શુભાભિલાષા.

વિ. સં. ૨૦૭૧
ફાગણ વદ-૮, સોમ
તા.૧૪-૩-૨૦૧૫
વસંતકુંજ-પાલડી
અમદાવાદ

પરમગુરુદેવ કલિકાલના ધન્ના અણગાર
પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી
ગણિવરનો વિનેય આ.વિજય નરચંદ્રસૂરિ

શેષ–વિશેષ

- વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

"વિક્રમ સંવત ૧૨૮૫ના અરસામાં શ્રી પાર્શ્વનાથ ચરિત્રાદિ વિંશતિ (૨૦) પ્રબંધના કર્તા આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ વિદ્યમાન હતા. તેમનો "કવિશિક્ષા" નામનો કાવ્યસાહિત્ય પર રચેલ (વિનયાંક) ગ્રંથ તાડપત્ર પર પાટણ ભંડારમા વિદ્યમાન છે. તે કવિ તેમાં કહે છે કે શ્રી બપ્પભટ્ટી ગુરુની વાણીમાં કવિશિક્ષા કરીશ.

नत्वा श्रीभारतीं देवीं, बप्पभट्टीगुरो र्गिरा ।
काव्यशिक्षां प्रवक्ष्यामि, नानाशास्त्रनिरीक्षणात् ॥

શ્રી બપ્પભટ્ટીસૂરિ કાવ્યશૈક્ષ કહેવાતા હતા અને તેમની રચેલી કાવ્યશિક્ષાનો શ્રી વિનયચંદ્રસૂરિએ પોતાના ગ્રંથમાં ઉપયોગ કરેલો હશે. પ્રસ્તુત શિક્ષામાં તે વખતના ૮૪ દેશોની માહિતી આપેલ છે. તે પૈકી સુરાષ્ટ્ર નવહજાર ગામનો, લાટદેશ એકવીશ હજાર ગામનો, ગૂર્જર દેશ સિત્તેર હજાર ગામનો વિગેરે જણાવ્યું છે. પ્રાયઃ આ વિનયચંદ્રસૂરિએ વિ. સં. ૧૨૮૬માં શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય રચ્યું ને આ. શ્રી ઉદયસિંહસૂરિએ રચેલી ધર્મવિધિ વૃત્તિને સુધારી હતી."

(પ૬૪ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ પેજ-૨૬૮)

શ્રી મલ્લિનાથ ચરિત્ર (વિ. સં. ૧૨૮૬) આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના આ. શ્રી વિનયચન્દ્રસૂરિ છે. એટલે કે આ. શ્રી રવિપ્રભસૂરિ કે પછી આ. શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય થાય છે. એમણે શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર અને શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

રચ્યાં છે. કેટલાકના મતે વિ. સં. ૧૨૫૮ના અરસામાં વીશપ્રબંધો રચનાર અને કવિશિક્ષાના પ્રણેતા તે જ આ આ. શ્રી વિનયચંદ્રસૂરિ (જિનરત્નકોષ વિ-૧, પૃ. ૩૦૩માં) આ આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ આ. શ્રી દેવાનંદસૂરિના શિષ્ય આ. શ્રી રત્નપ્રભસૂરિના શિષ્ય આ શ્રી પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય કહ્યા છે. વિશેષમાં અહિ કહ્યું છે કે આ આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ તે શ્રી પાર્શ્વનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર તેમજ વિ. સં. ૧૪૭૪માં શ્રી આદિનાથ ચરિત્ર રચનારા આ. શ્રી વિનયચંદ્રસૂરિ હોવાનો ઘણો સંભવ છે. પ્રસ્તુત આ. શ્રી વિનયચંદ્રસૂરિએ નિમ્નલિખિત કૃતિઓ રચી છે. (૧) કલ્પનિરુક્ત (૨) કાલકાચાર્ય કથા (૩) દિપાલિકાકલ્પ (૪) શ્રી નેમનાથ ચતુષ્પદિકા (૫) ઉપદેશમાળા કથાનક છપ્પય. છેલ્લી ૪-૫ નંબરની કૃતિઓ ગુજરાતીમાં છે.

આ. શ્રી વિનયચંદ્રસૂરિએ આ શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે યોજયાનું કહ્યું છે. આ 'વિનય' અંકથી અંકિત અને આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ દ્વારા સંશોધિત કાવ્યમાં આઠ સર્ગ છે. એમાં અનુક્રમે શ્લોકોની સંખ્યા નીચે મુજબ છે.

૧-૫૭૬, ૨-૬૭૦, ૩-૨૫૭, ૪-૨૦૭, ૫-૩૩૨, ૬-૫૬૧, ૭-૧૧૫૮, ૮-૫૮૩ = ૪૩૪૪ ગ્રંથાગ્ર છે.

આ કૃતિમાં દવદન્તીનું અર્થાત્ નલરાજાની પત્ની દમયંતીનું જીવનચરિત્ર આલેખાયું છે.

સમાનનામક કૃતિઓ - શ્રી મલ્લિનાથ ચરિત્ર નામની કૃતિ નિમ્નલિખિત વ્યક્તિઓએ પણ રચી છે.

કવિ પંપ, દિગં. ભટ્ટારક પ્રભાચંદ્ર, વિજયસૂરિ, શુભવર્ધન આ છેલ્લી કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી વિ. સં. ૧૯૮૨માં

છપાઈ છે. દિગં. સકલકીર્તિની કૃતિ કલકત્તાથી વિ. સં. ૧૯૭૯માં જિનવાણી પ્રચારક કાર્યાલય દ્વારા પ્રકાશિત થઈ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૧૫માં લખાયેલી મળે છે.

આ પૈકી પંપ, દિગં. પ્રભાચંદ્ર, અને સકલકીર્તિની કૃતિઓને "શ્રીમલ્લિનાથ પુરાણ" પણ કહે છે. નાગચન્દ્રે પણ શ્રી મલ્લિનાથ પુરાણ રચ્યું છે.

(જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિ. ખંડ-૨, પ્ર-૧૯, પે-૧૫)

૧૯માં શ્રી મલ્લિનાથ પ્રભુનો સંક્ષિપ્ત પરિચય

માતા - પ્રભાદેવી	પિતા - કુંભરાજા
ગર્ભકાળ - ૯ માસ ૭ દિવસ	જન્મનગરી - મિથિલા
જન્મ નક્ષત્ર - અશ્વિની	જન્મરાશી - મેષ
લંછન - કુંભ-કળશ	શરીર - ૨૫ ધનુષ્ય
આયુષ્ય - ૫૫૦૦૦	વર્ણ - નીલ (લીલો)
કેટલા સાથે દીક્ષા-૩૦૦ સાથે	દીક્ષાનગરી - મિથિલા
દીક્ષાવૃક્ષ - અશોકવૃક્ષ	દીક્ષાતપ - અઠ્ઠમ
પ્રથમ પારણું - ખીરથી	કેટલા દિવસે - ત્રણ દિવસે
પારણા દાતા - વિશ્વસેન	છદ્મસ્થકાલ - ૧ દિવસ
કેવલજ્ઞાન સ્થળ - મિથિલા	કેવલજ્ઞાન તપ - અઠ્ઠમ
ગણધરો - ૨૮	સાધ્વીજી - ૫૫,૦૦૦
સાધુ - ૪૦,૦૦૦	શ્રાવિકા - ૩,૭૦,૦૦૦
શ્રાવક - ૧,૮૩,૦૦૦	અવધિજ્ઞાની - ૨૨૦૦
મનઃપર્યવજ્ઞાની - ૧૭૫૦	કેવળજ્ઞાની - ૨૨૦૦
ચૌદપૂર્વી - ૬૬૮	યોનિ - અશ્વ
ગણ - દેવ	શાસનયક્ષ - કુબેરયક્ષ
શાસનયક્ષિણી - વૈરુટ્યાદેવી	પ્રથમ ગણધર - ભિષક્

પ્રથમ સાધ્વીજી - બંધુમતી
મોક્ષસ્થલ -શ્રીસમ્મેતશિખરજી
મોક્ષતપ - ૩૦ ઉપવાસ
મોક્ષાસન - કાયોત્સર્ગાસન
ભવ સંખ્યા - ૩
મોક્ષ પરિવાર - ૫૦૦
ગોત્ર - કાશ્યપ
વંશ - ઇક્ષ્વાકુ
સમવસરણની ઉંચાઈ-૧૨ ગાઉ
નિર્વાણ અંતર-૫૪ લાખ વર્ષ
ચ્યવન કલ્યાણક - ફાગણ સુદ-૪
જન્મ કલ્યાણક - માગસર સુદ-૧૧
દીક્ષા કલ્યાણક - માગસર સુદ-૧૧
કેવલજ્ઞાન કલ્યાણક - માગસર સુદ ૧૧
મોક્ષ કલ્યાણક - ફાગણ સુદ-૧૨

॥ ભોયણી તીર્થાધિપતિ શ્રી મલ્લિનાથ સ્વામિને નમો નમઃ ॥



શ્રી મલ્લિજિન સ્તુતિ

સંસાર ગ્રહ સહુથી ભયંકર, કોઈ તસ તોલે નહિ
જેની પનોતી ના ઉઠે, બેઠી અનંતાકાળથી
કરુણા કરી પ્રભુ માહરી, એ ગ્રહ દશા નિવારજો
ધરું ધ્યાન મલ્લિજિન ચરણમાં, હૃદયમાં આવી વસો ॥

અનુક્રમણિકા

આપ ! ક્યાં શું જોશો ?

સર્ગ-૬

વિગત	પૃષ્ઠ
સંદર્શિત કથાનકનું દિગ્દર્શન	૪૨૯
પ્રભુની સમ્યક્ત્વવિષયક દેશના અને દવદન્તીની સવિસ્તૃત કથા	૪૩૦

સર્ગ-૭

સંદર્શિત કથાનકનું દિગ્દર્શન	૫૪૯
પ્રભુની દેશનામાં બારવ્રતનું વર્ણન ક્રમશઃ	
પહેલા વ્રત ઉપર સુદત્તની કથા	૫૫૧
બીજા વ્રત ઉપર સુબંધુની કથા	૫૬૩
ત્રીજા વ્રત ઉપર તલખાઉ સંગમનું દૃષ્ટાંત	૫૭૯
ચોથા વ્રત ઉપર સુદર્શન શેઠની કથા	૫૯૧
પાંચમા વ્રત ઉપર ભોગદત્ત-સુદત્તની કથા	૬૩૪
છઠ્ઠા વ્રત ઉપર મિત્રાનંદની કથા	૬૫૮
ધર્મધર રાજાની અવાંતર કથા	૬૬૧
કામલતા વેશ્યા જેવી સાવિત્રીની કથા	૬૬૧
સાતમા વ્રત ઉપર ભીમ-ભીમસેનની કથા	૬૮૩
રાત્રિભોજનના દોષો	૬૮૯
આઠમા વ્રત ઉપર અનીતિપુર-રત્નચૂડ જેવી લોભનંદીની કથા	૬૯૫

તારાચંદશેઠની અવાંતર કથા ૬૯૫
સ્વરશાસ્ત્રની અદ્‌ભુત વાતો ૭૦૫
નવમા વ્રત ઉપર ચંદ્રાવતસંક રાજાની કથા ૭૧૮
દશમા વ્રત ઉપર ધનસેન શેઠની કથા..... ૭૨૨
ચંદ્રયશાની અવાંતર કથા ૭૨૩
અગ્યારમાં વ્રત ઉપર શિખરસેનની કથા..... ૭૩૯
વિજયધર્મ રાજાની અવાંતર કથા ૭૩૯
પૌષધવ્રતમાં સિંહે કરેલો ઉપસર્ગ ૭૪૬
બારમા વ્રત ઉપર ચંદનબાળાની કથા ૭૫૦
કુંભરાજાનું મહાભિનિષ્ક્રમણ..... ૭૮૩
છ મિત્રોનું મહાભિનિષ્ક્રમણ ૭૮૩
પ્રભુના ૨૭ ગણધરો-શાસનસ્થાપના ૭૮૫

સર્ગ-૮

સંદર્શિત કથાનકનું દિગ્દર્શન ૭૯૦
પ્રભુનું ચંદ્રપુરનગરે આગમન..... ૭૯૨
આસ્તિક નામે નાસ્તિક રાજાની પ્રભુ સાથે ચર્ચા ૭૯૨
અન્તે ૭૦૦ રાજપુત્રો સાથે દીક્ષા ૮૦૨
કઠ-અજ્ઞાનીની કથા ૮૦૨
કામઘટની પ્રાપ્તિ અન્તે નાશ ૮૦૬
શ્રી મલ્લિનાથપ્રભુ પાસે તેની દીક્ષા ૮૧૩
પ્રભુની હસ્તિનાગપુરે પધરામણી ૮૧૪

પ્રભુભક્ત ગોપાલ-દેવપાળની કથા ૮૧૪
ગોપાલ-દેવપાળની રાણીનો પૂર્વભવ ૮૩૫
શ્રી મલ્લિનાથ પ્રભુની દેશના ૮૩૯
યજ્ઞદત્ત બ્રાહ્મણની કથા ૮૪૧
ચિલાતીપુત્રની પૂર્વભવ સહિત કથા ૮૪૫
ચંડરૂદ્રાચાર્યની કથા ૮૫૭
કુળધ્વજ રાજાની કથા ૮૬૯
શ્રી મલ્લિનાથ પ્રભુનો પરિવાર ૯૦૫
શ્રી મલ્લિનાથ પ્રભુનું ૫૦૦ મુનિવરો સાથે નિર્વાણ ૯૦૭
ઇન્દ્રો દ્વારા શ્રી મલ્લિનાથ પ્રભુના દેહનો અગ્નિસંસ્કાર ૯૦૯
પ્રશસ્તિ ૯૧૩

મધ્યસ્થ ક્યાં સુધી કહેવાય ?

જજ મધ્યસ્થ ખરો ! પણ એ ક્યાં સુધી ? જ્યાં સુધી એ વાદી-પ્રતિવાદીની વાત જ ન સમજે; ત્યાં સુધી જ. સમજ્યા પછી તો એ સત્યનો પક્ષપાતી થાય છે. અસત્ય સામે એ આંખ લાલ કરે છે. રાજ્યનો સાક્ષી પણ જો ખોટો જણાય, તો એ એની ઝાટકણી કાઢ્યા વિના રહેતો નથી. સાચું-ખોટું સમજ્યા પછી જે મધ્યસ્થ રહે, એ કદી સાચો ધર્મ પણ ન પામી શકે !

अथ षष्ठः सर्गः ।

योलङ्केशविलोपनव्रतधरो रौद्रं च धर्मं भजन्
संप्राप्तः सकलत्र एव तपसे तताऽनुमत्यावने ।
राज्यप्राज्यसुखोत्सवस्य विमुखो रामावतारो जिनः
स श्रीमल्लिरपौरुषेयचरितः पायादपायाज्जगत् ॥१॥

अथारभत विश्वेशः, क्लेशनाशाय देशनाम् ।
गिरा संदेहहारिण्या, पञ्चत्रिंशद्गुणस्पृशा ॥२॥

છઠ્ઠો સર્ગ

સર્ગ છઠ્ઠામાં દર્શિત કથાની સુનવાણી

શ્રીમલ્લિનાથજીએ આપેલી આશ્રવનિરોધિની - સંવરવર્ધિની - વિરાગોત્પાદિની - સંવેગજનની દેશના - સમ્યક્ત્વ ઉપર પ્રકાશિત દવદંતીની વિસ્તીર્ણ કથા-

વચનાતિશયથી શોભતા પ્રભુની દેશના.

જે કેશનો લોચ કરી વ્રતને ધારણ કરતા (લંકેશનો નાશ કરવાના નિયમને ધરનાર) મહા આકરા (રૌદ્ર) ધર્મને ભજતા (ભયંકર ધનુષ્યને ધારણ કરનારા) સર્વનું રક્ષણ કરવાને ઇચ્છતા, તાતની અનુમતિથી દીક્ષા લેવાને (સીતા સહિત તાપસ થઈને વનમાં રહેવાને) વનમાં પ્રાપ્ત થયેલા, રાજ્યના પ્રાજ્ય સુખોત્સવથી વિમુખ એવા રામાવતાર (સ્ત્રીરૂપ) અને જેનું લોકોત્તર ચરિત્ર છે એવા શ્રીમલ્લિનાથ ભગવંત જગતને સંકટથી બચાવો." (આ શ્લોકમાંના વિશેષણો શ્રી મલ્લિનાથને તથા રામચંદ્રને બંનેને ઘટી શકે છે.) (૧)

પછી ભગવંત ક્લેશનો નાશ કરવા પાંત્રીશ ગુણયુક્ત અને

भो भो भव्याः ! भवाम्भोधौ, भ्रमद्भिर्नित्यमङ्गिभिः ।
दुष्प्रापमेव मानुष्यं, समिलायुगयोगवत् ॥३॥

कथञ्चित् तत्र लब्धेऽपि, सम्यक् तत्त्वं सुदुर्लभम् ।
देवतत्त्व-गुरुतत्त्व-सम्यक्तत्त्वस्वरूपभृत् ॥४॥

एवंस्वरूपं सम्यक्त्वं, ये रक्षन्ति दिशन्ति च ।
परेषां दवदन्तीव, लभन्ते परमं पदम् ॥५॥

उपाष्टापदमस्त्यत्र, भारते सङ्गरं पुरम् ।
मम्मणस्तत्र भूपोऽभूद्, वीरमत्यस्य वल्लभा ॥६॥

સંદેહને દૂર કરનારી વાણીથી આ પ્રમાણે દેશના આપવા લાગ્યા (૨)

હે ભવ્યજીવો ! સદા ભવસાગરમાં ભમતાં સમિલા અને યુગના (યુગ = ધોંસરૂં અને સમિલા = તેમાં નાંખવાની ખીલી) સંમિલનની જેમ પ્રાણીઓને મનુષ્યપણું અતિ દુર્લભ છે. (૩)

કદાચ તે ભાગ્યયોગે પ્રાપ્ત થવા છતાં દેવ-ગુરૂ અને ધર્મ (સમ્યક્ત્વ) તત્ત્વયુક્ત સમ્યક્ તત્ત્વ પામવું તે તો અતિશય દુર્લભ છે. (૪)

એવા સમ્યક્ત્વનું જે રક્ષણ કરે છે અને પરને જે પ્રતિબોધ કરે છે તેઓ દવદંતી (દમયંતી) ની જેમ પરમપદને પામે છે. (૫) તેની કથા આ પ્રમાણે છે.

મુનિને કરે બારઘડી સાર્થવિયોગ.
નળ-દમયંતી ભવે પામે બારવર્ષ વિયોગ.

આ ભરતક્ષેત્રમાં અષ્ટાપદપર્વતની પાસે સંગર નામે નગર ત્યાં મમ્મણ નામે રાજા હતો. તેની વીરમતી નામની વલ્લભા

पापद्ध्यै सोऽन्यदाऽचालीत्सकलत्रः पुराद् बहिः ।
मुनिं वीक्ष्य समायान्तमशकुनममन्यत ॥७॥

पृथक्कृत्य द्रुतं सार्थाद्, नीत्वा राजकुले ततः ।
घटिका द्वादश द्वाभ्यां, ताभ्यामृषिरखेदि सः ॥८॥

ताभ्यां कृपावशात् पृष्टः, कुत आगाः क्व यास्यसि ? ।
तेनोक्तमष्टापदाद्रौ, याता बिम्बानि वन्दितुम् ॥९॥

वियोजितो भवद्भ्यां च, सार्थादस्मि शुभाशयौ ! ।
श्रुत्वेति लघुकर्मत्वात्, तौ कोपं जहतुः क्षणात् ॥१०॥

ततो जीवदयामूलं, धर्ममाख्यद् महामुनिः ।
धर्माभिमुख्यं तौ प्राप्तौ, प्रत्यलाभयतां च तम् ॥११॥

હતી. (૬)

એકવાર તે રાજા પોતાની સ્ત્રી સાથે નગરની બહાર શિકાર કરવા ચાલ્યો.એવામાં સામે આવતા કોઈ મુનિને જોઈ મનમાં અપશુકન માની (૭)

તુરત સાર્થથી તેમને અલગ કરી તે રાજમહેલમાં લઈ ગયો. ત્યાં તે બંને રાજા-રાણીએ તે ઋષિની બારઘડી સુધી કદર્થના કરી. (૮)

પછી દયા આવવાથી તેમણે મુનિને પૂછ્યું કે,"તમે ક્યાંથી આવ્યા છો અને ક્યાં જવાના છો ?" તેમણે કહ્યું કે "અષ્ટાપદ ગિરિપર મારે જિનપ્રતિમાઓને વંદન કરવા જવું છે. (૯)

પણ હે શુભાશય ! તમે મને સાર્થથી અલગ કર્યો. તેથી મુશ્કેલીમાં આવી પડ્યો છું." એ પ્રમાણે સાંભળીને લઘુકર્મી તેમણે તુરત રોષનો ત્યાગ કર્યો. (૧૦)

એટલે તે મહામુનિએ તેમને જીવદયા મૂળ ધર્મ સંભળાવ્યો.

ताभ्यामनुमतः सोऽष्टापदं प्राप ततो मुनिः ।
आर्हतं तौ पुनर्धर्मं, पालयामासतुश्चिरम् ॥१२॥

निन्येऽन्यदा वीरमती, धर्मस्थैर्यप्रवृद्धये ।
देव्या शासनवाहिन्याऽष्टापदे पुण्यसंप्रदे ॥१३॥

प्रतिमां पूजयन्ती सा, परमानन्दमाप च ।
वन्दित्वा पुनरप्यागात्, स्वपुरे देवतावशात् ॥१४॥

सा विंशतिमाचाम्लानि, चक्रे जिनं जिनं प्रति ।
चतुर्विंशतिसंख्यानि, तिलकान्यप्यकारयत् ॥१५॥

તેથી તે બંને ધર્માભિમુખ થયા અને મુનિને પ્રતિલાભ્યા (૧૧)

પછી તેમણે અનુમતિ આપી એટલે તે મુનિ સાર્થની ભેળા થઈને અષ્ટપદ પર આવ્યા અને તે બન્નેજણા ચિરકાળ પર્યંત આર્હત્‌ધર્મ પાળવા લાગ્યા. (૧૨)

લઈ જાય અષ્ટાપદ શાસનદેવતા.

કરે સુરાસુરપૂજિત પ્રતિમા, કરે મનોહર પૂજના.

એકવાર ધર્મસ્થિરતામાં વૃદ્ધિ કરવા માટે શાસનદેવી વીરમતીને પુણ્યને વધારનાર અષ્ટાપદ ગિરિપર લઈ ગઈ. (૧૩)

ત્યાં જિનપ્રતિમાની પૂજા કરતાં તે પરમાનંદ પામી પછી ત્યાં વંદના કરીને દેવીની સહાયતાથી તે પુનઃ પોતાના નગરમાં આવી. (૧૪)

પછી તેણે દરેક શ્રીજિનેશ્વરની આરાધના નિમિત્તે વીશ-વીશ આયંબિલ કર્યા (૪૮૦) અને ચોવીસે જિનના રત્નના તિલક કરાવ્યા. (૧૫)

એકવાર અષ્ટાપદ પર જઈ સ્નાત્રપૂજાપૂર્વક પ્રતિમાઓના

अन्यदाऽष्टापदे गत्वा, स्नात्रपूजापुरस्सरम् ।
प्रतिमानां ललाटेषु, तिलकानि व्यधत्त सा ॥१६॥

दत्त्वा दानं च साधूनां, तपस्तदुददीपयत् ।
कृतार्थाऽथ प्रनृत्यन्ती, चेतसाऽगाद् निजं पुरम् ॥१७॥

पालयित्वाऽऽर्हतं धर्मं, समाधिमरणेन तौ ।
पूर्णकाले देवलोके, दाम्पत्येन बभूवतुः ॥१८॥

प्रच्युत्य मम्मणो जम्बूद्वीपे भरतमण्डने ।
बहलीसंज्ञके देशे, पुरे पोतननामनि ॥१९॥

धम्मिलाभाऽभीरपत्नीरेणुकाकुक्षिसम्भवः ।
धन्यो नाम सुतो जज्ञे, धन्यंमन्यः पिता यतः ॥२०॥ युग्मम्

લલાટ પર તે તિલક સ્થાપન કર્યા (૧૬)

અને સાધુઓને દાન આપી તે તપને તેણે વધારે પ્રદીપ્ત કર્યું. ધર્મારાધના વડે મનમાં આનંદ પામી પોતાને કૃતાર્થ માનતી વીરમતી પાછી પોતાના નગરમાં આવી (૧૭)

પછી આર્હતધર્મ પાળતાં તે દંપતિ સમાધિમરણથી મરણ પામી દેવલોકમાં પણ દંપતીપણે જ ઉત્પન્ન થયા. (૧૮)

આવે વર્ષાઋતુ કરે દર્દુર પોકાર.
જાણે અમાવસ્યાની યામિની, થયું અંધારૂ ઘોર.

મમ્મણનો જીવ સ્વર્ગથી ચ્યવી જંબૂદ્વિપમાં ભરતક્ષેત્રના મંડનરૂપ બહલી નામના દેશમાં પોતનપુર નગરમાં (૧૯)

ધમ્મિલ નામના ગોવાળિયાની રેણુકા નામની પત્નીની કૂક્ષિથી ધન્ય નામે પુત્ર થયો. તે પુત્રથી પિતા પોતાને ધન્ય માનવા લાગ્યો. (૨૦)

वीरमत्या अपि प्राणी, प्रच्युत्य विबुधालयात् ।
धन्यस्य गृहिणी जज्ञे, धूसरी नामधेयतः ॥२१॥

धन्योऽथ चारयाञ्चक्रे, महिषीरनुवासरम् ।
वर्षाकालोऽन्यदा कालः, प्रोषितानां समाययौ ॥२२॥

वर्षत्यपि घने हर्षाद्, महिषीचारणोद्यतः ।
बिभ्राणश्छत्रकं मूर्ध्नि, धन्यो वन्यामथाऽभ्रमत् ॥२३॥

कायोत्सर्गस्थितं साधुमेकमेकपदे स्थितम् ।
वृष्टिशैत्येन सर्वाङ्गं, कम्पमानं ददर्श सः ॥२४॥

तं दृष्ट्वा सकृपश्छत्रं, तस्य मूर्धन्यधारयत् ।
वृष्टिकष्टमजानानः, सुखेन स मुनिः स्थितः ॥२५॥

વીરમતીનો જીવ પણ દેવલોકથી ચ્યવીને ધૂસરી નામે ધન્યની પત્ની થઈ. (૨૧)

હવે ધન્ય રોજરોજ ભેંસો ચારવા લાગ્યો. એકવાર પ્રવાસીઓને કાળરૂપ વર્ષાકાળ આવ્યો. (૨૨)

એટલે વરસાદ વરસતાં છતાં ભેંસો ચારવા તત્પર ધન્ય માથે છત્ર ધારણ કરીને આનંદથી વનમાં ભમવા લાગ્યો. (૨૩)

ત્યાં એકપગે કાયોત્સર્ગમાં રહેલા અને વરસાદના જલની શીતલતાથી સર્વાંગે કંપતા એક મુનિને તેણે જોયા. (૨૪)

તેમને જોઈને મનમાં દયા આવતાં તેણે મુનિના મસ્તકપર છત્ર ધારણ કર્યું. એટલે વૃષ્ટિનું કષ્ટ નિવારણ થતાં મુનિ કાંઈક શાંતિ પામ્યા. (૨૫)

પણ તે સમયે જાણે ત્રણેને સ્પર્ધા ઉત્પન્ન થઈ હોય તેમ વૃષ્ટિથી મેઘ વિરામ ન પામ્યો, તો કાયોત્સર્ગથી મુનિ વિરામ ન

वृष्टेर्न व्यरमद् मेघः कायोत्सर्गाद् मुनिर्न च ।
छत्रधारणतो धन्यो, बद्धस्पर्धा इवाऽत्र ते ॥२६॥

मेघेऽथ विरते साधुः, कायोत्सर्गमपारयत् ।
प्रणम्य चाङ्घ्रिसंवाहपूर्वकं तमुवाच सः ॥२७॥

महर्षे ! कुत आयासीः, किल कालेऽत्र पङ्किले ? ।
पाण्डुदेशादिहायातो, यास्यामि च गुरुं प्रति ॥२८॥

प्रोचे धन्यो मुनिं नत्वाऽध्यारोह महिषं मम ।
मुनिराह न जीवेषु, समारोहन्ति साधवः ॥२९॥

પામ્યા વળી છત્ર ધારણ કરતાં ધન્ય પણ ન અટક્યો. (૨૬)

અનુક્રમે જ્યારે વરસાદ શાંત થયો ત્યારે મુનિએ કાયોત્સર્ગ પાર્યો. તે સમયે તેમના ચરણને દબાવવા પૂર્વક પ્રણામ કરી ધન્યે પૂછ્યું કે, (૨૭)

એહ જીમૂત વરસતાં ઋષિને નવિ કલ્પે વિહાર.
અભિગ્રહ કરી રહે, વરસે જિહાં લગી ઘનધાર.

"હે મહર્ષે ! આ વર્ષાદના સમયમાં આપ અહીં ક્યાંથી આવી ચડ્યા ! એટલે મુનિ બોલ્યા કે, "હું પાંડુદેશથી આવું છું અને મારે ગુરુ પાસે જવું છે." (૨૮)

તે સાંભળીને ધન્ય નમસ્કાર કરીને બોલ્યો કે, "હે ભગવન્! મારા પાડા પર આપ આરૂઢ થાઓ." એટલે મુનિ બોલ્યા કે, "હે ભદ્ર ! મુનિઓ જીવ (કોઈપણ વાહન) ઉપર આરૂઢ થતાં નથી." (૨૯)

પછી ધન્ય ભેંસ દોહીને દૂધનો ઘડો ભરી લાવ્યો અને તે વડે

धन्योऽथ महिषीं दुग्ध्वा, दुग्धकुम्भमुपानयत् ।
पारणं कारयाञ्चक्रे, वक्रेतरमना मुनिः ॥३०॥

वर्षाकालमतिक्रम्य, पोतनात् स मुनिर्ययौ ।
धन्योऽपि सह धूसर्या, विशिष्टश्रावकोऽभवत् ॥३१॥

दीक्षां गृहीत्वा सप्ताब्दीं, पालयित्वा समाहितौ ।
विपद्य युग्मधर्माणौ, जातौ हैमवतेऽथ तौ ॥३२॥

ततो मृत्वाऽनार्तरौद्रध्यानसन्धानबन्धुरौ ।
अभूतां दम्पतीत्वेन, क्षीरडिण्डीरनामकौ ॥३३॥

देवश्च्युत्वाऽत्र भरते, देशे कोशलनामनि ।
कोशलायां महापुर्यां, निषधस्य महीभुजः ॥३४॥

सुन्दरायां महादेव्यां, नलो नामाऽभवत् सुतः ।
सात्त्विको विपरीतस्तु, तल्लघुः कूबराभिधः ॥३५॥ युग्मम्

મહામુનિને તેણે પારણું કરાવ્યું. (૩૦)

વર્ષાકાળ સમાપ્ત થતાં મુનિ પોતનપુરથી અન્યત્ર વિહાર કરી ગયા અને ધન્ય પોતાની ધૂસરી પત્ની સાથે પરમશ્રાવક થયો. (૩૧)

પ્રાંતે સાત વર્ષ દીક્ષા પાળી સમાધિપૂર્વક કાળ કરીને તે બંને હૈમવંતક્ષેત્રમાં યુગલીયા થયા. (૩૨)

પછી આર્ત અને રૌદ્રધ્યાન રહિત તથા ભદ્રકભાવથી શોભતા તે બંને ત્યાંથી મરણ પામી ક્ષીરડિંડીર નામના દેવદંપતી થયા. (૩૩)

દેવપણાથી ચ્યવીને ધન્ય આ ભરતક્ષેત્રમાં કોશલદેશમાં કોશલા નામની મહાનગરીમાં નિષધ રાજાની સુંદરા મહારાણીથી નળ

इतो विदर्भदेशेषु, नगरे कुण्डिनाभिधे ।
अभूद् भीमरथो राजा, पुष्पदन्तीति तत्प्रिया ॥३६॥

अन्यदा क्षीरडिण्डीरा, देवी प्रच्युत्य नाकतः ।
सुतात्वेनाऽवततार, तस्याः कुक्षौ शुभे क्षणे ॥३७॥

सुखप्रसुप्ता सा स्वप्नं, प्रेक्ष्य राज्ञे व्यजिज्ञपत् ।
जाने हस्ती दवत्रस्तस्तवौकसि समाययौ ॥३८॥

व्याजहार ततो राजा, देवि ! राजश्रियाऽधिकम् ।
सैन्येषु मुख्यो दन्तीव, गर्भस्तव भविष्यति ॥३९॥

નામે સાત્ત્વિક પુત્ર થયો. તેને તેનાથી વિપરીત લક્ષણવાળો કુબેર નામે એક લઘુ બંધુ થયો. (૩૪-૩૫)

માસપૂરણ શુભજોગ, શુભવાર,
મેઘઘટા વિદ્યુત પરે, પ્રસવે પુત્રી ઉદાર

આ બાજુ વિદર્ભ દેશમાં કુંડિન નામના નગરમાં ભીમરથ નામે રાજા છે તેને પુષ્પદંતી નામે રાણી છે (૩૬)

તે રાણીની કુક્ષીમાં ક્ષીરડિંડિરા દેવી સ્વર્ગથી ચ્યવીને શુભ અવસરે પુત્રીપણે ઉત્પન્ન થઈ. (૩૭)

એટલે સુખે સુતેલી તેણે એક સ્વપ્ન જોઈને રાજાને નિવેદન કર્યું કે- "હે નાથ મેં સ્વપ્નમાં એમ જોયું કે જાણે દાવાનળથી ત્રાસ પામેલો એક હસ્તી આપના મહેલમાં આવ્યો." (૩૮)

એટલે રાજાએ કહ્યું કે - "હે દેવી ! એ સ્વપ્ન એમ સૂચવે છે કે સૈન્યમાં મુખ્ય હસ્તીની જેમ તારો ગર્ભ રાજલક્ષ્મીથી અધિકાધિક વૃદ્ધિવાળો થશે." (૩૯)

એ પ્રમાણે એ દંપતી વાતો કરતા હતા એવામાં જાણે તે

एवं च कुर्वतोर्वार्तां, तयोर्दन्ती समागमत् ।
व्याकर्तुमिव तत्स्वप्नविचारं चारु संचरन् ॥४०॥

सकलत्रं नृपं स्कन्धे, समारोप्य परिभ्रमन् ।
नागरैः पूजितः सौधे, तावानीयोदतारयत् ॥४१॥

आलाने च स्वयं लीनः, सिन्धुरो गोत्रबन्धुरः ।
सुमनोभिः सुमनोभी, रत्नैश्च ववृधेऽधिकम् ॥४२॥

विलिप्य द्विपमर्चित्वा, चक्रे नीराजनां नृपः ।
स्थितः स तत्र गर्भस्य, पुण्येनेव स्थिरीकृतः ॥४३॥

સ્વપ્નનું નિરાકરણ કરવાને જ આવ્યો હોય તેમ મંદ-મંદ ચાલથી એક હસ્તી ત્યાં આવ્યો (૪૦)

અને રાણી સહિત રાજાને પોતાના સ્કંધ ઉપર બેસાડી આખા નગરમાં ફેરવી નાગરોથી સત્કાર પામતા એવા તે હસ્તીએ તેમને મહેલમાં લાવીને ઉતાર્યા (૪૧)

અને પર્વત સમાન ઉચ્ચ તેમજ અત્યંત મનોહર એવો તે હસ્તી પોતાની મેળે આલાનસ્તંભ પાસે જઈને ઊભો રહ્યો. તે વખતે દેવોએ તેને રત્નો અને પુષ્પોથી સારી રીતે વધાવ્યો. (૪૨)

એટલે રાજાએ વિલેપના તથા પૂજન કરીને તેની આરતી ઉતારી પછી ગર્ભના પુણ્યથી જાણે સ્થિર થયો હોય તેમ તે હાથી ત્યાં જ રહ્યો. (૪૩)

સ્વપ્નાનુસાર દવદંતી નામકરણ.

અષ્ટવર્ષવયે કુંવરી કલાભ્યાસકરણ.

ગર્ભકાલ પૂર્ણ થતાં રાજપત્નીએ એક પુત્રીને જન્મ આપ્યો. તે વખતે આકાશમાં રવિની જેમ તે કન્યાના લલાટ પર તિલક

पूर्णे काले राजकान्ताऽजनयत् तनयां च सा ।
तद्भाले तिलको नित्योऽभवद् रविरिव द्यवि ॥४४॥

स्वयं तेजस्विनी तेन, विशेषात्तिलकेन सा ।
दिद्युते विद्युतेवोच्चैर्धारा वारिधरोद्भवा ॥४५॥

प्रभावाज्जन्मनस्तस्या, भीमो भीमपराक्रमः ।
अधृष्यो भूभुजां जज्ञे, वाडवेनेव वारिधिः ॥४६॥

तस्यां स्वप्नगतं प्रत्यक्षागतं च मतङ्गजम् ।
वीक्ष्य भीमरथो नाम दवदन्तीति निर्ममौ ॥४७॥

पद्मसुन्दरनिःश्वासा, पद्मास्या पद्मलोचना ।
जितपद्मा पाणिपादैर्मूर्ता पद्मेव सा बभौ ॥४८॥

चमकवा लाग्युं. (४४)

पोते तो तेजस्विनी हती वळी ते तिलकथी ते बाळा मेघधारानी जेम अधिकाधिक दीपवा लागी (४५)

ते बाळाना जन्मप्रभावथी भीम पराक्रमवाळो भीमराजा वडवानलथी सागरनी जेम अन्य राजाओने अधृष्य थई पड्यो. (४६)

पछी राणीने स्वप्नमां अने प्रत्यक्ष आवेला हस्तीने जोईने भीमरथ राजाए ते बाळानुं दवदंती (दमयंती एवुं नाम राख्युं.) (४७) (दवथी भय पामीने आवेल दंती-हस्ति)

पद्म जेवी सुगंधी श्वासवाळी, पद्म जेवा मुख तथा लोचनवाळी अने पोताना हस्तपादथी पद्मने जीतनारी एवी ते बाळा साक्षात् पद्मा (लक्ष्मी) समान शोभवा लागी. (४८)

ते आठ वर्षनी थई एटले कळाभ्यास माटे शुभदिने राजाए

तामष्टवर्षदेशीयां, कलाज्ञापनहेतवे ।
कलाचार्यस्य धुर्यस्याऽर्पयामास शुभे दिने ॥४९॥

तस्याः प्रज्ञातिशायिन्याः, साक्षिमात्रमभूद् गुरुः ।
स्याद्वादवादवादिन्याः, प्रतिवादी न कश्चन ॥५०॥

तां पारदृश्वरीं वागीश्वरीमिव कलाम्बुधेः ।
राजा निरीक्ष्य दीनारलक्षं तद्गुरवे ददौ ॥५१॥

तामुवाचाऽन्यदा साक्षाद्भूय निर्वृतिदेवता ।
भाविनः शान्तिनाथस्य, पूज्येयं प्रतिमा त्वया ॥५२॥

देवी तिरोऽभूदित्युक्त्वा, प्रतिमां दवदन्त्यथ ।
अजस्रं पूजयामास, निवेश्य सदने निजे ॥५३॥

એક ધુરંધર કલાચાર્યને સોંપી. (૪૯)

બુદ્ધિમાન તે કન્યાને કળાચાર્ય તો માત્ર સાક્ષીરૂપ જ થયા. સ્યાદ્વાદમાં કુશળ સ્યાદ્વાદવાદીની જેમ એવી તે કન્યાનો પ્રતિવાદી કોઈપણ દેખાતો ન હોતો. (૫૦)

આ પ્રમાણે કળાસાગરને પાર પામેલી તેને સાક્ષાત્ વાગ્દેવી સમાન જોઈ રાજાએ તેના ગુરુને એક લાખ સોનામહોર ઈનામમાં આપી. (૫૧)

શાસનદેવી અર્પિત-જિનપ્રતિમાની પૂજના.

એકવાર શાસનદેવીએ સાક્ષાત્ દવદંતી પાસે આવીને કહ્યું કે, "ભાવી તીર્થંકર શ્રીશાંતિનાથની આ પ્રતિમા તારે દરરોજ પૂજવી." (૫૨)

એમ કહી પ્રતિમા આપીને દેવી અદૃશ્ય થઈ ગઈ. પછી દવદંતી તે પ્રતિમાને પોતાના ભવનમાં સ્થાપીને નિરંતર તેની

समं सखीभिः क्रीडन्ती, सा लताभिरिवालिनी ।
अनङ्गरतिविश्रामोपवनं प्राप यौवनम् ॥५४॥

दन्तीव दवदन्तीं तामन्यूनकुचकुम्भिनीम् ।
निरीक्ष्य पितरौ चित्तं, चक्रतुस्तद्विवाहने ॥५५॥

दूयेतां पितरौ चित्ते, तद्योग्यवरचिन्तया ।
दवदन्ती बभूवोच्चैरष्टादशसमाप्रमा ॥५६॥

योषितां स्यादनूढानां, प्रौढानां हि स्वयंवरः ।
विचिन्त्येत्याऽऽदिशद्, राज्ञामाह्वानाय नरान् नृपः ॥५७॥

પૂજા કરવા લાગી. (૫૩)

દેખી કુંવરી યૌવનના પગથારે
વિવાહ કાજે રાજા સ્વયંવર મંડાવે.

લતાઓ સાથે ભ્રમરીની જેમ સખીઓ સાથે ક્રીડા કરતી તે અનુક્રમે અનંગરતિના વિશ્રામને માટે ઉપવનરૂપ યૌવનવય પામી. (૫૪)

એટલે હસ્તીની જેમ દમયંતીને અન્યૂન કુચકુંભવાળી જોઈને તેના વિવાહને માટે માબાપને ચિંતા ઉત્પન્ન થઈ. (૫૫)

તેને યોગ્ય વર નજરે ન દેખાતા તેના માતપિતા મનમાં બહુ ખેદ પામવા લાગ્યા. એ વખતે દમયંતી લગભગ અઢાર વર્ષની થઈ. (૫૬)

એટલે અવિવાહિત પ્રૌઢ કન્યાનો સ્વયંવર કરવા યોગ્ય છે. એમ વિચારી અને રાજાઓને બોલાવવા ભીમરાજાએ પોતાના માણસો મોકલ્યા (૫૭)

એટલે એક એક કરતાં લક્ષ્મીમાં અધિક તથા લાવણ્યશાલી

भूपा भूपालपुत्राश्च, तत्र लावण्यशालिनः ।
एकैकशोऽधिका लक्ष्म्या, त्वरितास्तत्र चाययुः ॥५८॥

तत्र दूतसमाहूतो, निषधोऽपि समाययौ ।
पुत्रावपि समं तेनाऽऽजग्मतुर्नलकूबरौ ॥५९॥

सर्वेषामपि भूपानां, स्वागतं कुण्डिनेश्वरः ।
चकार युज्यते ह्येतदागतेऽभ्यागते जने ॥६०॥

अचीकरदथो भीमः, स्वयंवरणमण्डपे ।
मञ्चास्तदन्तःसौवर्णसिंहासनमनोहरान् ॥६१॥

आययुस्तत्र राजानो, दिव्यालङ्कारभासुराः ।
निषेदुरथ मञ्चेषु, कुर्वाणाः स्फुटचेष्टितम् ॥६२॥

અનેક રાજાઓ અને રાજપુત્રો સત્વર ત્યાં આવી પહોચ્યા. (૫૮)

તે વખતે ખાસ દૂત મોકલીને બોલાવેલ નિષધ રાજા પણ પોતાના નલ અને કુબર નામના બંને પુત્રો સાથે ત્યાં આવ્યા. (૫૯)

ત્યાં આવેલા સર્વરાજાઓનો ભીમરાજવીએ યથાયોગ્ય સત્કાર કર્યો. **કારણ કે, અભ્યાગત આવે તેનો સત્કાર કરવો ઉત્તમજનોને યોગ્ય છે.”** (૬૦)

સખી મુખે સુણી રાજવીઓની ગુણમાલા.
પુણ્યે ઠવે નળરાજના કંઠે વરમાલા.

પછી ભીમરાજાએ સ્વયંવરમંડપના અંદરના ભાગમાં સુવર્ણ સિંહાસનથી મનોહર મંચો રચાવ્યા. (૬૧)

નક્કી કરેલા સમયે દિવ્યાલંકારોથી દેદીપ્યમાન રાજાઓ ત્યાં આવ્યા અને અનેક પ્રકારની ચેષ્ટા કરતા તેઓ પોતપોતાના સિંહાસન પર બેઠા.(૬૨)

कश्चित् करसरोजेन, लीलसरसिजं जितम् ।
लीलयोल्लालयामास, निरस्यन्निव दूरतः ॥६३॥

कश्चिच्च मल्लिकामाल्यमाजघ्रौ भृङ्गवद् युवा ।
यशसो मल्लिकायाश्च, परीक्षितुमिवान्तरम् ॥६४॥

कश्चिदुल्लालयाञ्चक्रे, करात् कुसुमकन्दुकम् ।
दधानो गोलकाभ्यासं, पुष्पायुध इवाधिकम् ॥६५॥

पस्पर्श पाणिना कश्चिद्, मासुरीं स्वामनुक्षणम् ।
अहमेव पुमानेवमिव शंसितुमादरात् ॥६६॥

अनर्तयच्छुरीं कश्चिद्, मुष्टिरङ्गे मुहुर्मुहुः ।
क्वणत्कङ्कणतालेन नाट्याचार्य इवोद्भटः ॥६७॥

તે વખતે કોઈ રાજપુત્ર પોતાના કરકમળથી જીતાયેલ લીલાકમળને જાણે દૂર ફેંકવા માંગતો હોય તેમ લીલાથી ઉછાળવા લાગ્યો. (૬૩)

તો કોઈ યુવક જાણે યશ અને મલ્લિકાની અંતરની પરીક્ષા કરવા ઇચ્છતો હોય તેમ મધુકરની જેમ મલ્લિકાપુષ્પને સુંઘવા લાગ્યો. (૬૪)

મન્મથની જેમ અધિક ગોલકાભ્યાસને ધારણ કરતો કોઈ રાજા હાથથી પુષ્પના દડાને ઉછાળવા લાગ્યો. (૬૫)

હું જ એક પુરુષ છું એમ માનતો કોઈ રાજા ક્ષણે ક્ષણે હાથવતી પોતાની મૂંછોને સ્પર્શ કરવા લાગ્યો. (૬૬)

નાટ્યાચાર્યની જેમ ઉદ્ભટ કોઈ રાજા રણકાર કરતાં કંકણના તાલ સાથે પોતાની મુષ્ટિરૂપ રંગભૂમિમાં વારંવાર છૂરિકા નચાવવા લાગ્યો. (૬૭)

दीप्रदीपप्रभेव द्रागाययौ वरमण्डपम् ।
द्योतयन्ती दवदन्ती, पितुरादेशतस्तदा ॥६८॥

मौक्तिकप्रायसच्छायाऽलङ्कारसमलङ्कृताम् ।
जङ्गमामजडां स्वच्छां, ताम्रपर्णीमिवाऽपराम् ॥६९॥

रवेरिवाग्रजं भाले, तिलकं बिभ्रतीं सतीम् ।
निर्मार्जितमिवाऽदर्शं, भूपालप्रतिबिम्बने ॥७०॥

नीलोत्पलचलन्नेत्रां, कज्जलोज्ज्वलकुन्तलाम् ।
दवदन्तीं नृपाः प्रेक्ष्य, विश्रामं चक्षुषोर्व्यधुः ॥७१॥ त्रिभिर्विशेषकम्

पुरोभूय प्रतीहारी, श्रीभीमरथशासनात् ।
नामग्राहं महीपालानारेभे शंसितुं ततः ॥७२॥

એ સમયે દેદીપ્યમાન દીપની પ્રભા સમાન સ્વયંવરમંડપને પ્રકાશિત કરતી દમયંતી પોતાના પિતાના આદેશથી સત્વર ત્યાં આવી પહોંચી. (૬૮)

એટલે મૌક્તિક સદૃશ તેજસ્વી અલંકારોથી અલંકૃત, સ્વચ્છ અને અજડ (જળ-અજ્ઞાનરહિત) જાણે બીજી જંગમ તામ્રપર્ણી (નદી-વિશેષ) જેવી (૬૯)

રાજાઓના પ્રતિબિંબ માટે જાણે સ્વચ્છ આદર્શ હોય તેવા તેમજ સૂર્ય કરતા પણ અધિક તેજસ્વી એવા તિલકને લલાટમાં ધારણ કરતી, (૭૦)

નીલોત્પલ જેવા ચપળનેત્રવાળી, કજ્જલશ્યામ ચમકીલા શ્યામ કેશધારી દમયંતીને સામે ઊભેલી જોઈને સર્વ રાજાઓએ પોતાના નેત્રોને ક્ષણમાત્ર વિશ્રાંતિ આપી. (૭૧)

પછી ભીમરથ રાજાના આદેશથી પ્રતિહારી આગળ આવી

मुकुटेशाभिधो भूपः, कुसुमायुधनन्दनः ।
उषेव पत्नी भवितुं, चेदस्येच्छसि तद् वृणु ॥७३॥

जयकेशरिपुत्रोऽयं, शशलक्ष्मा क्षमापतिः ।
किमस्य रोहिणीव त्वं, पत्नीत्वं प्रतिपद्यसे ? ॥७४॥

चम्पाधिपो भोगवंशो, धरणेन्द्रनृपात्मजः ।
सुबाहुर्बाहुमस्य त्वं, गृहाण यदि रोचते ॥७५॥

दधिपर्णनरेन्द्रोऽयं, सुंसुमारपुरेश्वरः ।
कृशाङ्गि ! स्वदृशा पश्य, यद्याकर्षति ते मनः ॥७६॥

कोशलाधिपतिश्चैष, निषधोऽरिनिषेधकः ।
वृषभस्वामिकुलधूर्वृषभो विदितोऽस्ति ते ॥७७॥

પ્રત્યેક રાજાનું નામ લઈ તેની ઓળખાણ આપવા લાગી, (૭૨)

"આ કુસુમાયુધનો પુત્ર મુકુટેશ નામે રાજા છે. જો ઉષાની જેમ તેની પત્ની બનવાની ઇચ્છા હોય તો એને વર. (૭૩)

આ જયકેશરી રાજાનો પુત્ર ચંદ્રરાજ છે. રોહિણીની જેમ તું તેના પત્નીપણાને સ્વીકારીશ ? (૭૪)

આ ધરણેન્દ્રરાજાનો પુત્ર, ચંપાનો સ્વામી અને ભોગવંશી સુબાહુ રાજા છે. જો તને રૂચે તો એનો હાથ ગ્રહણ કર. (૭૫)

આ સુંસુમારપુરનો સ્વામી દધિપર્ણ રાજા છે. હે કૃશાંગિ ! જો મન આકર્ષિત થતું હોય તો એને સ્નેહનજરથી નિહાળ. (૭૬)

આ વૃષભસ્વામિના કુળની ધૂરાને વહન કરવામાં વૃષભ સમાન, શત્રુઓનો નાશ કરનાર અને કોશલાના સ્વામી નિષધરાજાને તો તું જાણે જ છે. (૭૭)

હે શુભે ! આ એનો નળનામે પુત્ર છે જે ન્યાયી, બાહુબળથી

तनयः सनयश्चास्य, नलः प्रबलदोर्बलः ।
उन्नतोऽपि विनीतात्मा, तवास्त्वभिमतः शुभे ! ॥७८॥

दवदन्त्यपि तत्कालं, मालां नलगलेऽक्षिपत् ।
अहो ! सुष्ठु वृतं सुष्ठु, वृतमित्यभवद् ध्वनिः ॥७९॥

कृष्णराजः समाकृष्टखड्गोऽथ नलमाक्षिपत् ।
तं नलोऽपि तथाऽवादीदुचितं क्षत्रियेष्वदः ॥८०॥

द्वयोरपि ततोऽनीकं, संवर्मितमभूत् तदा ।
दवदन्ती ततः सत्यश्रावणामीदृशीं व्यधात् ॥८१॥

अर्हन् देवो गुरुः साधुश्चेद् मे तत्सैन्ययोर्द्वयोः ।
क्षेमोऽस्तु विजयी चास्तु, नलः परबलं द्विषन् ॥८२॥

પ્રબળ, ઉન્નત છતાં વિનયી છે. એ તને અભિષ્ટ થાઓ." (૭૮)

એટલે દમયંતીએ તરત જ નળરાજાના કોમળકંઠમાં વરમાળા આરોપી. તે વખતે અહો ! આ સારી વરી ! સારી વરી ! એવો આકાશમાં ધ્વનિ થયો. (૭૯)

શાસનદેવી પ્રભાવથી કૃષ્ણરાય તલવાર.
પક્વફલ જેમ વૃક્ષ થકી, હેઠી પડી તેણિવાર.

એ સમયે કૃષ્ણરાજ ખડ્ગ ખેંચીને નળરાજા ઉપર ધસ્યો. એટલે નળરાજા બોલ્યો કે, "વાહ ! વાહ ! ક્ષત્રિયોને આ ઉચિત છે." (૮૦)

પછી બંને પક્ષની સેનાઓ સામસામી યુદ્ધ કરવા સજ્જ થઈ ગઈ. તે જોઈને દમયંતીએ દૃઢ પ્રતિજ્ઞા કરી કે, (૮૧)

"જો મારા જિનેશ્વર દેવ અને સુસાધુ ગુરુ હોય તો બંને સૈન્યને કુશળ હો અને પરસૈન્ય પર આક્ષેપ કરતાં નળરાજા વિજયી

तद्वाक्यात् कृष्णराजस्य, करात् खड्गमथाऽपतत् ।
स ननाम नलं मूर्ध्ना चिरेणाऽऽगतभृत्यवत् ॥८३॥

उवाच च विनीताङ्गो, मन्तुमेकं क्षमस्व मे ।
तं संभाष्य नलोऽमुञ्चद्, भीमोऽपि मुदितोऽजनि ॥८४॥

अन्यान् संभाष्य भूमीशान्, भीमो व्यसृजदञ्जसा ।
पाणिग्रहोत्सवं चक्रे, दवदन्त्या नलस्य च ॥८५॥

तद्विवाहोत्सवे वृत्ते, हस्तमोचनपर्वणि ।
ददौ नैषधये भीमभूमीशः सिन्धुरादिकम् ॥८६॥

थाओ.” (८२)

આ પ્રમાણે તેના મુખમાથી નીકળતા વાક્યથી કૃષ્ણરાજના હાથમાંથી ખડ્ગ નીચે પડી ગયું. એટલે ચિરકાળે આવેલ સેવકની જેમ તેણે નળરાજાને મસ્તક નમાવી પ્રણામ કર્યા. (૮૩)

અને વિનયથી કહ્યું કે, “મારો અપરાધ ક્ષમા કરો” એટલે તેની સાથે માનપૂર્વક વાતચીત કરી નળરાજાએ તેને મુક્ત કર્યો. ભીમરાજા પણ તેથી આનંદ પામ્યા. (૮૪)

પછી ભીમરાજાએ અન્ય રાજાઓને માનપૂર્વક બોલાવી તેમનો યથાયોગ્ય સત્કાર કરી તેમને વિસર્જન કર્યા અને દમયંતી નળનો પાણિગ્રહણ મહોત્સવ કર્યો. (૮૫)

ગાયે મંગલ ગોરડી, બાંધે કંકણ હાથ.
કરે ગ્રહદેવની પૂજના, નિષધ-ભીમ દોય સાથ

વિવાહ મહોત્સવ પૂર્ણ થતાં હસ્તમોચન અવસરે ભીમરાજાએ નળને હાથીઓ વિગેરે પુષ્કળ દાયજો આપ્યો. (૮૬)

પછી જેમના કરકમળ કંકણ સહિત છે અને જેમના ધવલ

वधूवरौ नवोढौ तौ, सकङ्कणकराम्बुजौ ।
गृहबिम्बान्यवन्देतां, भवद्भवलमङ्गलौ ॥८७॥

भीमः सपुत्रं निषधं, समान्याऽथ विसृष्टवान् ।
प्रयाणकानि कतिचित्, समागत्य स्थितः स्वयम् ॥८८॥

यान्तीमनुनलं भैमीं, पुष्पदन्त्यन्वशादिति ।
ध्वजेव वंशं हे वत्से !, मा त्याक्षीर्व्यसने पतिम् ॥९९॥

मातृशिक्षां गृहीत्वेति, दवदन्तीमुपागताम् ।
न्यवेशयद् रथक्रोडे, नलः क्रोडेऽपि च प्रियाम् ॥९०॥

ततश्च कोशलाधीशो, मार्गेऽखण्डप्रयाणकैः ।
नव्यैः काव्यैरिव कविः, शास्त्रवर्त्माऽतिगच्छति ॥९१॥

મંગલ ગવાઈ રહ્યા છે એવા નવપરિણીત વહુવરે ગૃહગતજિન-બિંબોને વંદન કર્યું. (૮૭)

પછી ભીમરાજાએ પુત્રો સહિત નિષધરાજાનો સત્કાર કરીને તેમને વિસર્જન કર્યા. એટલે નિષધરાજા કેટલાક પ્રયાણ આગળ જઈ નળરાજાની રાહ જોતાં ત્યાં આગળ સ્થિત રહ્યા. (૮૮)

શીખ દીયે દમયંતીને, માતાપિતા ધરી નેહ,
તજીયે નવિ આપત્તિએ પણ, છાયાપરે પતિ દેહ.

એ સમયે નળરાજાની પાછળ પ્રયાણ કરતી દમયંતીને તેની માતાએ કહ્યું કે, "હે વત્સે ! વંશને ધ્વજા ન છોડે તેમ સંકટમાં પણ પતિનો કદી ત્યાગ કરીશ નહિ." (૮૯)

ઇત્યાદિ માતાની શિખામણ શિરસાવંદ્ય કરી સાથે ઉપસ્થિત દમયંતી પ્રિયાને નળરાજાએ પોતાના રથમાં બેસાડી. (૯૦)

પછી નવીન કાવ્યોથી કવિ જેમ શાસ્ત્રમાર્ગને અવગાહે

प्रयाणं कुर्वतस्तस्य, ततोऽस्तमगमद् रविः ।
ब्रह्माण्डं तमसाऽपूरि, तद् दृष्ट्वोचे नलः प्रियाम् ॥९२॥

क्षणं देवि प्रबुध्य त्वं, तिलकं प्रकटीकुरु ।
परिमार्ज्य ललाटं सा, दीपवत् तमदीपयत् ॥९३॥

निर्विघ्नं तेजसा तेन, चचाल सकलं बलम् ।
नलः पुरःस्थितं कायोत्सर्गिणं मुनिमैक्षत ॥९४॥

उवाच निषधं नाथ !, दृश्यतां वन्द्यतां मुनिः ।
अयं च घृष्टो मत्तेनेभेन यत्कलितोऽलिभिः ॥९५॥

(ओળંગે) તેમ કોશલાપતિ અખંડ પ્રયાણોવડે પિતાની ભેગા થઈ જઈ રસ્તો કાપવા લાગ્યા. (૯૧)

દમયંતી કરે નિજભાલકરે પ્રમાર્જના.
થાયે તેજથી અંધકાર વિસર્જના.

એમ પ્રયાણ કરતાં સૂર્યાસ્ત થયો. એટલે બ્રહ્માંડ અંધકારથી પૂરાઈ ગયું તે જોઈને નળરાજા પોતાની નવોઢાને કહેવા લાગ્યા (૯૨)

"હે દેવી ! ક્ષણભર જાગૃત થઈ તું તિલકને પ્રગટ કર." એટલે તેણે લલાટને સાફ કરી દીપકની જેમ તે તિલકને પ્રગટ કર્યું. (૯૩)

તેના તેજથી બધું સૈન્ય નિર્વિઘ્ને આગળ પ્રયાણ કરવા લાગ્યું. એવામાં નળરાજાએ કાયોત્સર્ગમાં રહેલા એક મુનિને જોયા (૯૪)

એટલે પોતાના પિતાને કહ્યું કે, "હે પિતાજી ! જુઓ આ મુનિને વંદન કરો. એ મહાત્મા કોઈ મદોન્મત્ત હાથીના મદથી ખરડાયેલા છે. જેથી તેમના શરીર ઉપર અનેક ભમરાઓ બેઠા

न चालितः परं ध्यानात्, तेन मत्तेन दन्तिना ।
ततः सपुत्रो निषधः, श्रद्धया तं न्यसेवत ॥९६॥

नलश्च दवदन्ती च, निषधः कूबरोऽपि च ।
नत्वा नत्वा च निरुपद्रवं कृत्वा मुनिं ययुः ॥९७॥

कोशलायां समाजग्मुर्महेन च महीयसा ।
दवदन्त्यालोक्यमानचैत्यायां हृष्टचेतसा ॥९८॥

कदाचिद् गीतनृत्ताभ्यां, जलकेल्या कदाचन ।
कदापि दोलाखेलाभिः, कदाचिद् द्यूतकर्मणा ॥९९॥

नलश्च दवदन्ती च, स्वेच्छयोद्यानवीथिषु ।
गतं कालं न जानाति, स्वर्गिणामिव दम्पती ॥१००॥ युग्मम्

છે. (૯૫)

છતાં મુનિ ધ્યાનથી ચલાયમાન થયા નથી. પછી પુત્રો સહિત નિષધરાજાએ શ્રદ્ધાપૂર્વક મહાત્માને વંદના કરી. (૯૬)

પછી નળ, દમયંતી, નિષધ અને કુબર મહામુનિને ઉપદ્રવ રહિત કરીને વારંવાર વાંદીને તેઓ આગળ ચાલ્યા (૯૭)

અને જ્યાં દવદંતી હર્ષિત ચિત્તથી અનેક ચૈત્યોનું અવલોકન કરી રહી છે એવી કૌશલા નગરીમાં મહોત્સવ પૂર્વક તેમણે પ્રવેશ કર્યો (૯૮)

પછી કોઈવાર ગીતનૃત્ય કરતાં, કોઈવાર જળક્રીડા કરતાં, કોઈવાર હીંડોળે હીંચતા, કોઈવાર દ્યુત (જુગાર) રમતાં (૯૯)

અને કોઈવાર સ્વેચ્છાએ બગીચામાં ફરતાં સ્વર્ગીય દંપતીની જેમ નળ દમયંતી કાળને પસાર કરવા લાગ્યા. (૧૦૦)

अन्यदा निषधो राज्ये, स्थापयित्वा नलं सुतम् ।
यौवराज्ये कूबरं च, स्वयं दीक्षामुपाददे ॥१०१॥

न्यायधर्ममयं राज्य नलः प्रबलविक्रमः ।
पालयन्नन्यदाऽपृच्छदमात्यादीन् क्रमागतान् ॥१०२॥

पित्रादीनां भुवं शास्म्यधिकां वा ते ततोऽवदन् ।
त्र्यंशोनं भरतं भुक्तं, त्वत्पित्रा, सकलं त्वया ॥१०३॥

किन्तु तक्षशिला नाम, पूर्योजनशतद्वये ।
तत्र राजा कदम्बोऽस्ति, त्वदाज्ञां स न मन्यते ॥१०४॥

નિષધ બને અણગાર,
બને નળ કોશલ દેશનો શણગાર,
કુબેર બને યુવરાજ.

એકવાર નિષધરાજાએ નળને રાજગાદી પર અને કૂબરને યુવરાજપદ પર સ્થાપન કરી દીક્ષા અંગીકાર કરી. (૧૦૧)

આત્મસાધના કરવા લાગ્યા પછી ન્યાયધર્મમય રાજ્ય પાળતાં પ્રબળ-પરાક્રમી નળરાજાએ એકવાર ક્રમથી આવેલા પોતાના અમાત્યોને પૂછ્યું કે, (૧૦૨)

"હું માત્ર પિતા વિગેરેની ભૂમિનું રાજ્ય કરૂં છું કે તે કરતાં અધિક રાજ્ય કરૂં છું ?" એટલે તેઓ બોલ્યા કે, (૧૦૩)

"તમારા પિતાએ તો ત્રણ અંશન્યૂન ભરતનું રાજ્ય કર્યું હતું અને તમે સમસ્ત ભરતનું રાજ્ય ભોગવો છો. તો પણ અહીંથી ૨૦૦ યોજન પર તક્ષશિલા નામે નગરી છે. ત્યાં કદંબ નામે રાજા છે. તે આપની આજ્ઞા માનતો નથી." (૧૦૪)

तच्छ्रुत्वा नलभूपालः, कोपाटोपसमुद्भटः ।
दूतं व्यसृजदेतस्य, स गत्वा तमवोचत ॥१०५॥

मत्स्वामिनोऽनलस्फूर्तितेजसो नलभूपतेः ।
आत्मानं यमपूर्मध्ये, आज्ञां मा नय मानय ॥१०६॥

कदम्बराजस्तच्छ्रुत्वा, भृकुटीभीषणाननः ।
तमर्धचन्द्रयाचक्रे, स्वकीयमिव जीवितम् ॥१०७॥

दूतोऽपि गत्वा तत्सर्वं, नलायाऽकथयत्तराम् ।
तं चाऽभिषेणयाञ्चक्रे, नलः सबलवाहनः ॥१०८॥

તે સાંભળી કોપાટોપથી ઉદ્ભટ બનેલા નળરાજાએ તેની પાસે દૂતને મોકલ્યો. દૂતે જઈને તેને કહ્યું કે, (૧૦૫)

"અનલ સમાન સ્ફૂરાયમાન તેજવાળા અમારા સ્વામી નળરાજાની આજ્ઞાને માન અને પોતાના આત્માને યમપુરીમાં ન લઈ જા." (૧૦૬)

આ પ્રમાણે સાંભળી કદંબે ભ્રકુટીથી ભીષણ મુખ કરી પોતાના જીવિતની જેમ તેનું ગળું પકડી બહાર કાઢી મૂક્યો. (૧૦૭)

તક્ષશિલાવાસી કદંબ પર આક્રમણ.

કદંબ કરે કર્મરાજા પર આક્રમણ.

ક્ષમા કરી નળની કરે મહાભિનિષ્ક્રમણ.

એટલે તે દૂતે જઈને નળરાજાને સઘળી હકીકત કહી સંભળાવી. હવે નળરાજા અનેક વાહનો તથા સૈન્ય યુક્ત તેના પર ચડાઈ કરવા ગયા. (૧૦૮)

અને તક્ષશિલાપુરીને ઘેરો ઘાલ્યો. એટલે કદંબ પણ

सैन्येन वेष्टयामास, नलस्तक्षशिलां पुरीम् ।
कदम्बः सह सैन्येन, संमुखस्तस्य चाभवत् ॥१०९॥

मिथः समरसंरम्भसमारम्भे तयोर्भृशम् ।
नलः कदम्बं निर्द्वन्द्वो, द्वन्द्वयुद्धमयाचत ॥११०॥

तौ द्वावपि ततो द्वन्द्वैर्युद्धैरुद्धतदोर्युगौ ।
अयुध्येतां चिरं तत्र, जङ्गमौ पर्वताविव ॥१११॥

सर्वेष्वपि हि युद्धेषु, कदम्बमजयद् नलः ।
अपसृत्य स जग्राह, व्रतं वैराग्यवासितः ॥११२॥

नलस्तमूचे धन्योऽसि, प्राज्यं राज्यं यदत्यजः ।
स नोत्तरमदात्तस्मै, निरीहस्य नलो नलः ॥११३॥

સૈન્યસહિત તેની સન્મુખ આવ્યો. (૧૦૯)

તે બંને વચ્ચે અત્યંતયુદ્ધનો સમારંભ શરૂ થયો. તે જોઈ નળરાજાએ એ કદંબની પાસે દ્વન્દ્વયુદ્ધની માંગણી કરી. (૧૧૦)

કદંબે તે વાતનો સ્વીકાર કર્યો. એટલે ઉદ્ધત બાહુયુગવાન અને જાણે જંગમપર્વતજ ન હોય તેવા એ બંનેએ ચિરકાળ દ્વંદ્વયુદ્ધ કર્યું. (૧૧૧)

સર્વપ્રકારના યુદ્ધમાં નળરાજા કદંબને જીતી ગયા. એટલે વૈરાગ્યથી વાસિત થઈ કદંબે રાજ્ય છોડી ચારિત્ર અંગીકાર કર્યું. (૧૧૨)

હવે તે નળને પણ પૂજનીય બન્યા. નળરાજાએ નમસ્કાર કરી કહ્યું કે, "અહો ! તમને ધન્ય છે ! ક્ષણવારમાં વિશાળ રાજ્યનો ત્યાગ કરી સંયમી થયા." આ પ્રમાણે પ્રશંસા સાંભળીને પણ કદંબરાજર્ષિએ તેને કાંઈ જ ઉત્તર ન આપ્યો. કારણ કે,

जयशक्तिं च तत्सूनुं, नलो राज्ये न्यवेशयत् ।
नलस्य भरतार्धाऽभिषेकश्चक्रे च पार्थिवैः ॥११४॥

कोशलायामथायातो, नगर्यां कोशलेश्वरः ।
महेन महता भैम्या, सहाऽस्थात्पालयन् भुवम् ॥११५॥

कूबरो राज्यलुब्धस्तु, नलच्छलगवेषणम् ।
कुरुते प्रत्यहं दुष्टव्यन्तरः शुभपात्रवत् ॥११६॥

नलश्च कूबरश्चापि, द्यूतासक्तिजुषावुभौ ।
जयं पराजयं चापि, लेभाते पाशपातनात् ॥११७॥

"निरीहलोकने राजा के रंक उपर समानदृष्टि होय छे." (११३)

पछी नळराजाએ કદંબના પુત્ર જયશક્તિને તેના રાજ્યપર સ્થાપન કર્યો અને સર્વ રાજાઓએ મળી નળરાજાને ભરતાર્ધના સ્વામી તરીકેનો અભિષેક કર્યો. (११४)

પછી તે દમયંતી સાથે મહોત્સવપૂર્વક કોશલાનગરીમાં આવ્યા અને સુખપૂર્વક રાજ્ય પાળવા લાગ્યા. (११५)

નળરાયને દ્યુતરમણની ટેવ, ન્યાયવંત પણ ઉપની ટેવ

હવે દુષ્ટવ્યંતર જેમ શુભપાત્રના છિદ્ર જુએ તેમ રાજ્યલુબ્ધ કૂબર નિરંતર નળરાજાના છિદ્ર જોવા લાગ્યો. (११६)

(કલંક છે ચંદ્રને હરણનું, કલંક છે કમળને કંટકનું, કલંક છે ચંદનવૃક્ષને નાગનું, કલંક છે જરાનું સ્ત્રીરત્નને, કલંક છે પંડિતને નિર્ધનતાનું, કલંક છે ધનવંતને કૃપણતાનું તેમ નળરાજાને કલંકિત કરનાર બને છે દ્યુતરમણની ટેવ.)

એકવાર નળ અને કૂબર બંને જુગારમાં આસક્ત થઈ ગયા. તેઓ પાસા નાંખતા હતા અને જય-પરાજય પામતા હતા. (११७)

अन्यदा न नलस्याऽनुकूलोऽक्षः काङ्क्षितोऽपतत् ।
कूबरोऽमारयत् शारांस्ततस्तस्य मुहुर्मुहुः ॥११८॥

कूबरेण पराजिग्ये, पुरग्रामादिकं नलः ।
विषण्णो राजलोकोऽथ, कूबरो हर्षमाययौ ॥११९॥

दवदन्त्यवदद् द्यूतव्यसनाऽनलसं नलम् ।
स्वामिंस्ते बन्धनायैतौ, पाशकौ पाशकाविव ॥१२०॥

कूबराय वरं राज्यं, स्वयं दत्तं त्वया शुभम् ।
आत्तं द्यूते पराजित्य, प्रवादोऽयं न सुन्दरः ॥१२१॥

पश्यति स्म शृणोति स्म, तां तद्वाचं च नो नलः ।
अवज्ञाता ततः पत्या, सुदती रुदती ययौ ॥१२२॥

એકવાર નળરાજાના ઇચ્છાનુસાર અનુકૂળ પાસા ન પડ્યા. તેથી કૂબર વારંવાર તેને જીતવા લાગ્યો. (૧૧૮)

એમ કરતાં કૂબરે નળના નગર અને ગ્રામ વિગેરે બધા જીતી લીધા. તેથી રાજલોક બધા ચિંતાતુર થયા અને કૂબર હર્ષમાં આવી ગયો. (૧૧૯)

તે વખતે જુગારના વ્યસનમાં આસક્ત બનેલા નળરાજાને દમયંતીએ સમજાવ્યું કે, "હે સ્વામિન્ ! આ પાસા એક પાશની જેમ આપને બંધનકર્તા થશે. (૧૨૦)

તેથી તમે કૂબરને પોતાની મેળે રાજ્ય આપો તો ઘણુ સારૂં છે. પણ જુગારમાં જીતીને તે રાજ્ય લઈ લે એ અપવાદ સારો નથી." (૧૨૧)

આ પ્રમાણે દમયંતીના વચનો પર નળરાજાએ બિલકુલ લક્ષ્ય ન આપ્યું. એટલે પતિથી અવજ્ઞા પામેલી તે રમણી રૂદન કરતી

कुलामात्यैरपि द्यूताद्, निषिद्धो नैषधिस्ततः ।
तद्वचो नहि शुश्राव, सद्यो भूताभिभूतवत् ॥१२३॥

पृथिवीं हारयामास, सान्तःपुरपरिच्छदाम् ।
नलो मुमोचाऽथ सर्वं, गात्रादाभरणादिकम् ॥१२४॥

कूबरो नलमूचे च, नल ! राज्यं परित्यज ।
राज्यं ममेदमभवत्, पाशैर्बद्धमिवाधिकम् ॥१२५॥

न दूरे दोष्मतां राज्यमिति जल्पन्नलोऽथ तम् ।
संव्यानमात्रद्रविणः, प्रचचाल कलानिधिः ॥१२६॥

દુઃખી થતી સ્વસ્થાને ગઈ. (૧૨૨)

ભાવિભાવથી નળ હારે દૈવજોગ.

અનુકૂળ અક્ષ પડે નહિં, લોક ધરે મનશોગ.

હવે કુલીન અમાત્યોએ પણ નળરાજાને જુગારથી બહુરીતે નિવાર્યો છતાં ભૂતથી આવિષ્ટ થયેલાની જેમ તેમનું વચન પણ નળરાજાએ સાંભળ્યું નહિ (૧૨૩)

એમ જુગાર રમતાં નળરાજા અંતઃપુર અને પરિવાર સહિત સમસ્તપૃથ્વી હારી ગયા. એટલે તેણે પોતાના શરીરના અલંકારાદિ દ્યુતમાં મૂક્યા. (૧૨૪)

તે પણ હારી ગયા તે વખતે કૂબર નળને કહેવા લાગ્યો કે, "હે નળ ! રાજ્ય છોડી દો. કારણ કે પાશથી જાણે અધિક બદ્ધ થયું હોય તેમ એ રાજ્ય હવે મારૂં થયું છે." (૧૨૫)

આ પ્રમાણે સાંભળી "બળવાન પુરુષોને રાજ્ય દૂર નથી." એમ કૂબરને કહેતા કળાનિધાન, પહેરેલા વસ્ત્રે રાજ્ય તજી ચાલતા થયા. (૧૨૬)

अनुयान्तीं नलं भैर्मी, कूबरस्त्ववराशयः ।
उवाच त्वं जिता द्यूते, मेऽन्तःपुरमलङ्कुरु ॥१२७॥ इतश्च –

अमात्याः कूबरं प्रोचुर्मा कोपय सतीमिमाम् ।
ज्येष्ठो भ्राता पितेव स्यात्, तदियं जननी तव ॥१२८॥

बलादपि नलादेतां, यद्याच्छिद्य ग्रहीष्यसि ।
त्वां कोपज्वलनेनेयं, ततो भस्मीकरिष्यति ॥१२९॥

अनुयान्तीं नलं तस्मादियं प्रोत्साह्यतां त्वया ।
नलं विसृज तद्भैम्या, सरथ्यरथसारथिम् ॥१३०॥

इत्युक्तः कूबरश्चक्रे, तत्तथाऽमात्यभाषितम् ।
निषेधं नैषधिश्चक्रे, कूबरस्य रथार्पणे ॥१३१॥

સાથે જતી દમયંતી જોઈ, બોલે દેવર તિવાર.
જીતી છે મેં તુજને, જવા નહિં દઉ લગાર.

નળ પાછળ દમયંતીને જતી જોઈ દુષ્ટ કૂબર કહેવા લાગ્યો, "તું જુગારમાં જીતાઈ ગઈ છે માટે મારા અંતઃપુરને અલંકૃત કર." (૧૨૭)

આ પ્રમાણે સાંભળી અમાત્યો કહેવા લાગ્યા કે, "એ સતીને સતાવીને કોપાયમાન ન કરો. કારણ કે વડીલબાંધવ તમારે પિતા સમાન છે. આ તમારી માતા સમાન છે (૧૨૮)

છતાં બળાત્કારે એને રોકીશ તો તે સતી કોપાગ્નિથી તને ભસ્મસાત્ કરશે. (૧૨૯)

માટે નળની પાછળ જતી એને તું ઉલટી પ્રોત્સાહિત કર અને અશ્વ રથ તથા સારથિસહિત નળને વિદાય કર." (૧૩૦)

આ પ્રમાણે અમાત્યોના વચનોથી કૂબરે તે પ્રમાણે કર્યું. પરંતુ

प्रधानपुरुषाः प्रोचुर्नलं नाथ ! त्वया समम् ।
कथं नु वयमायामः, सेव्यः पट्टो यतोऽस्ति नः ? ॥१३२॥

तेनाद्य जगतीनाथ !, नागच्छामस्त्वया सह ।
तेऽधुना दवदन्ती च, मित्रं मन्त्री प्रिया सखा ॥१३३॥

तदियं पादचारेण, कथं यास्यति वर्त्मनि ? ।
गृहाण तद्रथं नाथाऽनुगृहाण जनानमून् ॥१३४॥

अभ्यर्थनां प्रधानानामङ्गीकृत्य स कृत्यवित् ।
दवदन्त्या सहाऽऽरुह्य, रथं राजपथेऽचलत् ॥१३५॥

રથાદિક આપતાં કૂબરનો નળરાજાએ નિષેધ કર્યો. (૧૩૧)

એટલે પ્રધાન પુરુષોએ નળને કહ્યું કે, "હે નાથ ! અમો તમારી સાથે શી રીતે આવી શકીએ ? કેમ કે અમારે તો રાજ્યનો હુકમ માન્ય રાખવો પડે. (૧૩૨)

અમે રાજ્યના સેવકો છીએ. માટે હે જગતીનાથ (પૃથ્વીનાથ)! એમાં અમારો તો કાંઈ જ અપરાધ નથી. હાલ તો આપને દમયંતી જ મિત્ર, મંત્રી, પ્રિયા, સહચરી છે. (૧૩૩)

તો એ સુકોમળ છે. તેથી રસ્તામાં પગે કેમ ચાલી શકશે ? માટે હે નાથ ! આ રથને ગ્રહણ કરો અને આ સેવકલોકો પર અનુગ્રહ કરો." (૧૩૪)

આ પ્રમાણેની પ્રધાનોની અભ્યર્થનાનો સ્વીકાર કરીને કૃત્યાકૃત્યના જાણનાર નળરાજા દમયંતી સામે રથમાં આરૂઢ થઈ રાજમાર્ગે ચાલ્યા. (૧૩૫)

એક વસ્ત્ર ધારણ કર્યું સ્નાનાર્થે ઉજ્જવલ.
નાગર નાગરી સહું રડે, દેખી દમયંતીની જંજાલ.

नार्यो भैमीमेकवस्त्रां, वीक्ष्याभ्यङ्गोद्यतामिव ।
ववृषुर्दुःखतश्चेलक्रोपमश्रान्तमश्रुभिः ॥१३६॥

गच्छन् नगरमध्येन, पञ्चहस्तशतीमितम् ।
नलः स्तम्भं समुन्मूल्य, पुनरारोपयत्तदा ॥१३७॥

तद् दृष्ट्वा प्रोचिरे पौरा, अहो ! सत्त्वमहो ! बलम् ।
नलस्य बलिनोऽप्यस्य, व्यसनं दैवतोऽभवत् ॥१३८॥

ज्ञानिना मुनिनैकेन, पुराऽस्ति कथितं किल ।
भाव्ययं भरतार्धेशः, क्षीरदानवशाद् मुनौ ॥१३९॥

स्तम्भमुन्मूल्य चारोप्य, भाव्यर्धभरताधिपः ।
मिलितं तदिदं किन्तु, राज्यभ्रंशोऽस्य दुःखकृत् ॥१४०॥

એ સમયે જાણે સ્નાનને માટે તત્પર થઈ હોય તેમ દમયંતીને એક વસ્ત્રયુક્ત જોઈ નગરની સ્ત્રીઓ ખેદ પામી. પોતના વસ્ત્રોને ભીના કરતી અશ્રાંત આંસુની ધારા વરસાવવા લાગી. સૌની આંખો રડી રહી છે. હૃદય કલ્પાંત કરી રહ્યું છે. (૧૩૬)

તે વખતે નગરના મધ્યભાગમાંથી જતાં નળરાજાએ પાંચસો હસ્તપ્રમાણ એક સ્તંભનું ઉન્મૂલન કરી ફરી તેને આરોપી દીધો. (૧૩૭)

અહો ! નળરાજાનું સત્ત્વ અને બળ તો જુઓ ! એમ નગરજનો કહેવા લાગ્યા. ખરેખર ! આ બળવાન પુરુષ ઉપર કોઈ દૈવયોગે જ આ મહાસંકટ આવી પડ્યું છે. (૧૩૮)

પૂર્વે એક જ્ઞાની મુનિ કહી ગયા છે કે, "આ નળરાજા મુનિને ક્ષીરદાન આપવાથી ભરતાર્ધનો સ્વામી થશે." (૧૩૯)

તો સ્તંભને ઉન્મૂલન કરી ફરી આરોપતાં એ ભરતાર્ધનો

अस्यां पुर्यां पुना राजा, भवेद्यदि पुनर्नलः ।
स्वबान्धवं प्रति क्रूरो, नन्दिष्यति न कूबरः ॥१४१॥

इत्थं पौरवचः शृण्वन्नत्याक्षीत् कोशलां नलः ।
दवदन्त्या समं बाष्पैः, कृतहारावतारया ॥१४२॥

दवदन्तीं नलोऽवादीद्, देवि ! यामः क्व सम्प्रति ।
भैमी बभाषे मे तातोऽतिथीभूय पवित्र्यताम् ॥१४३॥

हयान्न प्रेरयामास, सारथिः कुण्डिनं प्रति ।
कर्मावलीमिवाऽलङ्घ्यां, पर्याटदटवीं नलः ॥१४४॥

સ્વામી થશે. એ વાત તો સિદ્ધ થઈ પણ તેનો રાજ્યભ્રંશ થયો એ વાત દુઃખકારી બની છે. (૧૪૦)

હવે આ નગરમાં જો પુનઃ નળરાજા રાજ્ય કરશે તો પોતાના બાંધવ ઉપર નિર્દય થનાર કૂબર કદી પણ સુખ પામશે નહિ." (૧૪૧)

આ પ્રમાણે નગરવાસીઓના વચનો સાંભળતા સાંભળતા અશ્રુભીના લોચનવાળી, હાર વિગેરે આભૂષણોના પરિધાન વિનાની દમયંતી સાથે નળરાજાએ કોશલાનગરીનો ત્યાગ કર્યો. (૧૪૨)

માર્ગે સુણી યમ સમ ભીલ્લ પોકાર.
નાઠા તે સવિ સુણી દમયંતી હુંકાર.

આગળ ચાલતાં નળે દમયંતીને કહ્યું કે,"હે દેવી ! હવે આપણે ક્યાં જઈશું !" દમયંતી બોલી કે, "હે નાથ ! મારા તાતના અતિથિ થઈ તેને પાવન કરો." (૧૪૩)

પણ સારથિએ કુંડિનનગર તરફ અશ્વ ચલાવ્યા નહિ એટલે

भल्लीहताच्छभल्लादीन्, भिल्लांस्तत्र ददर्श सः ।
दधाविरे नलं दृष्ट्वा, ते शरासारवर्षिणः ॥१४५॥

नलोऽप्याकृष्टखड्गः सन्, दधावे नाहलान् प्रति ।
सत्त्वशुद्धौ तदाकृष्टघटसर्प इवाऽधिकम् ॥१४६॥

भैमी भुजे नलं धृत्वा, बभाषे नाथ ! कीदृशः ? ।
ईदृशेषु तवाक्षेपो, गजस्य मशकेष्विव ॥१४७॥

भरतार्धजयोत्सिक्तो, निर्स्त्रिंशस्त्रपते ह्ययम् ।
सुनियोगी कुनियोगे, योजितः स्वामिना यथा ॥१४८॥

કર્માવલિની જેમ અલંધ્ય એવી એક અટવીમાં નળરાજા ભ્રમણ કરવા લાગ્યા. (૧૪૪)

ત્યાં રીંછડીઓને મારવાથી જેમના ભાલા તેજસ્વી થઈ ગયા છે એવા ભીલ લોકોને તેણે જોયા. નળને જોઈ બાણો વરસાવતા ભીલ્લો તેના તરફ ધસ્યા. (૧૪૫)

એટલે ઘડામાંથી બહાર કાઢેલા સર્પની જેમ મ્યાનમાંથી ખડ્ગ ખેંચીને નળરાજા પણ સત્ત્વશુદ્ધિ માટે એકદમ ભીલો તરફ ધસ્યા. (૧૪૬)

એ સમયે દમયંતીએ નળનો હાથ પકડીને કહ્યું કે, હે નાથ ! હસ્તી જેમ મચ્છર ઉપર, તેમ આ લોકો ઉપર આપનો આ આક્ષેપ શો ? (૧૪૭)

સ્વામીએ કુવ્યાપારમાં જોડેલા સુસેવકની જેમ ભરતાર્ધના જયથી અભિષિકત થયેલા એવા આપની આ ક્રૂરતા લજ્જાસ્પદ છે." (૧૪૮)

પછી દમયંતીએ ભીલોની તરફ માત્ર બાણ જેવા દારૂણ હુંકારા

भैमी तानभि हुंकारान्, मुमोच शरदारुणान् ।
तेषां प्रभावात् ते काकनाशं नेशुर्जनंगमाः ॥१४९॥

बभूवतू रथाद् दूरे, तौ तु तानभिगामुकौ ।
तयोरथ रथो भिल्लैरपरैरपहारितः ॥१५०॥

करे भीमसुतां कृत्वा, पर्याटीदटवीं नलः ।
तस्या विश्वासनायेव, ददानो दक्षिणं करम् ॥१५१॥

वैदर्भी दर्भसंदर्भगर्भक्रामत्पदद्वयी ।
सानुरागामिवारण्यं चक्रे रुधिरबिन्दुभिः ॥१५२॥

જ કર્યા, એટલે તેના પ્રભાવથી ભીલ લોકો એકદમ પલાયન થઈ ગયા. (૧૪૯)

પરંતુ તે ભીલોની સામે જતાં તે બંને રથની બહુ દૂર નીકળી ગયેલા હતા. તેથી બીજા ભીલો તેમનો રથહરણ કરી ગયા. (૧૫૦)

માર્ગશ્રમથી થાકી સૂતી છે તરૂછાંય.
નિજ વસ્ત્રાંચલ થકી તવ વાયુ નાંખે રાય.

પછી તેના વિશ્વાસને માટે જ જાણે દક્ષિણ હસ્ત આપતા હોય તેમ દમયંતીને દક્ષિણહાથનો ટેકો દઈ નળરાજા અટવીમાં આગળ ચલાવવા લાગ્યા (૧૫૧)

અને વૈદર્ભી (દમયંતી) દર્ભના સમૂહઉપર બન્નેચરણ રાખી રૂધિરબિંદુઓથી જાણે અરણ્યને અનુરાગયુક્ત કરતી હોય તેમ ચાલવા લાગી. (૧૫૨)

નળરાજાએ તેના બંને પગે પાટા બાંધ્યા. કારણ કે પાટાની

पट्टबन्धं तदा पादद्वन्द्वे तस्या नलो व्यधात् ।
मार्गस्तावानतिक्रम्यो, यतस्तस्य प्रभावतः ॥१५३॥

तरुमूलसमासीनां, भीमजां निरवापयत् ।
स्वकीयपरिधानस्य, चालयन्नञ्चलं नलः ॥१५४॥

त्रिपत्रपत्राण्यादाय, पुटीकृत्य जलं नलः ।
समानीयाऽपाययत् तां, प्रवृद्धं नेत्रवारिभिः ॥१५५॥

विनयाद् भीमतनयाऽपृच्छदेतद् कियद्वनम् ।
नलोऽवादीदिदं देवि !, गव्यूतीनां चतुःशती ॥१५६॥

क्रोशानां विंशतिश्चैकाऽऽवाभ्यामुल्लङ्घिताऽद्य तु ।
एवं वार्तयतोः सूर्योऽस्तमापाऽनित्यतां वदन् ॥१५७॥

સહાયથી આગળ માર્ગ ઓળંગવો હતો. (૧૫૩)

પછી માર્ગના શ્રમથી થાકી ગયેલી એક વૃક્ષ નીચે બેઠેલી દમયંતીને નળરાજાએ પોતાના વસ્ત્રના છેડા વડે પવન નાંખી શાંત કરી (૧૫૪)

અને ત્રિપત્ર લતાના (ખાખરાના-ત્રણ જ પાંદડા હોય છે.) પાંડદાનો દડીયો બનાવી અશ્રુજળથી વૃદ્ધિ પામેલું જળ લાવી તેણે દમયંતીને પાયું. (૧૫૫)

પછી ભીમસુતાએ વિનયપૂર્વક પૂછ્યું કે, "હે સ્વામિન્ ! આ વન હજી કેટલું છે ? એટલે નળરાજાએ કહ્યું કે "હે દેવી ! ચારસો કોશ પ્રમાણ આ વન છે (૧૫૬)

તેમાં હજી આપણે માત્ર વીશ કોશ ઓળંગ્યા છે." આ પ્રમાણે તે બંને વાતચીત કરતા હતા એવામાં અનિત્યતાને સૂચવતો સૂર્યાસ્ત થયો. (૧૫૭)

अशोकपत्राण्युच्चित्य, दवदन्त्याः कृते नलः ।
अनल्पं कल्पयाञ्चक्रे, तल्पमल्पेतराशयः ॥१५८॥

उवाच दयितां देवि !, तल्पे निद्रासखी भव ।
स्थास्यामि जागरूकोऽहं, यामिन्यां यामिको यथा ॥१५९॥

संव्यानार्धं नलस्तल्पे, निक्षिप्य प्रेयसीं ततः ।
असूषुपत् सा सुष्वाप, स्मृत्वा पञ्चनमस्कृतिम् ॥१६०॥

निद्राजुषि दवदन्त्यां, ध्यायति स्माथ नैषधिः ।
व्यसने श्वशुरस्याथ, धिग् मां शरणयायिनम् ॥१६१॥

तद्वल्लभामपि त्यक्त्वा, विधाय हृदयं दृढम् ।
आत्मानमेकमादाय, गच्छाम्यूर्ध्वमुखो वरम् ॥१६२॥

સૂતી દમયંતી છોડી ચાલી જતો નળ.
રૂધિરથકી લેખ લખતા ઝરે અશ્રુજલ.

એટલે મહાશયવાળા નળરાજાએ દમયંતીને માટે અશોકના પાંદડા ભેગા કરી એક લાંબી પથારી કરી (૧૫૮)

અને કહ્યું કે, "હે દેવી ! આ શય્યાપર નિદ્રા લો હું યામિકની જેમ આખી રાત્રી જાગતો રહીશ." (૧૫૯)

પછી અર્ધ વસ્ત્રને શય્યા પર બિછાવીને રાજાએ પોતાની પ્રિયાને તે પર સુવાડી એટલે પંચ નમસ્કારનું સ્મરણ કરી દમયંતી ત્યાં સૂઈ ગઈ. (૧૬૦)

દમયંતીને નિદ્રા આવતા નળરાજા વિચારવા લાગ્યા કે, "અહા ! દુઃખના સમયે શ્વસુરને શરણે જનારા મને ધિક્કાર થાઓ. સાસરાના ઘરે જવું કોઈપણ રીતે ઉચિત નથી. (૧૬૧)

આ વલ્લભાનો પણ ત્યાગ કરી અંતરને દઢ કરી મારે એકાકી

मन्ये न हि स्यादेतस्याः, सुशीलाया उपद्रवः ।
सतीनामङ्गरक्षाकृच्छीलमेकं यतो मतम् ॥१६३॥

छुर्या चिच्छेद संव्यानं, भैम्याः प्रेम्णा समं नलः ।
स्वरक्तेनाऽलिखद्भीमसुतावस्त्रेऽक्षराणि च ॥१६४॥

अयमध्वा विदर्भेषु, याति न्यग्रोधरोधसा ।
कोशलेषु तु तद्वामस्तद्गच्छेस्त्वं यथारुचि ॥१६५॥

लिखित्वेति नलः क्रोशन्निभृतं निभृतक्रमः ।
पश्यन् विवलितग्रीवं, ततो गन्तुं समुद्यतः ॥१६६॥

અહીંથી ચાલ્યા જવું તેજ સારૂં છે. (૧૬૨)

હું માનું છું કે આ સુશીલાને કોઈ ઉપદ્રવ કરનાર નથી. વળી **સતીઓના અંગની રક્ષા કરનાર તો એક શીલધર્મ જ કહેલ છે.**" (૧૬૩)

એમ ધારી પ્રેમની સાથે છૂરીથી દમયંતીનું અર્ધું વસ્ત્ર કાપીને પોતાના રૂધિરથી ભીમસુતાના વસ્ત્ર ઉપર તેણે આ પ્રમાણે એક શ્લોક લખ્યો :- (૧૬૪)

રૂદન કરી ઈમ લખી ચાલ્યો તે મહાભાગ.
પગપગ સ્ખલના પામતો જોતો પૂંઠે નાર.

વટવૃક્ષના મૂળ આગળથી આ માર્ગ વિદર્ભદેશ તરફ જાય છે અને તેની ડાબી બાજુનો માર્ગ કોશલદેશ તરફ જાય છે માટે તને રૂચે તે માર્ગે જજે." (૧૬૫)

આ પ્રમાણે લખીને ગુપ્તરીતે આક્રોશ કરતો અને વારંવાર ડોકી ફેરવી નિહાળતો નળરાજા ધીમે પગલે ત્યાંથી આગળ જવા માટે તત્પર થયો. (૧૬૬)

तावद् ययौ नलो यावददृश्या दवदन्त्यभूत् ।
वलित्वा पुनरप्यागात्, पतितद्रविणो यथा ॥१६७॥

दध्याविति नलो दृष्ट्वा, भैमीं भूतलशायिनीम् ।
अधिशेतेऽध्वनि श्रान्तं, शुद्धान्तं नैषधेरहो ! ॥१६८॥

हहा ! मर्माविधा दुष्टकर्मणा मे कुकर्मणः ।
दशामेतादृशीं प्राप्ता, कुलीनेयं कलानिधिः ॥१६९॥

धिग् मामधर्मकर्माणं, मर्मभाषकवद् भृशम् ।
शुद्धशीला धर्मशीला, यदेवं प्रापिता दशाम् ॥१७०॥

निर्नायका समीपस्थे, मयि सत्यपि ही ! नले ।
भूमौ नितम्बिनी शेते, क्षेत्रस्थेव कुटुम्बिनी ॥१७१॥

દમયંતી ન દેખાય તેટલે સુધી તે ગયો એટલે જાણે દ્રવ્ય ખોવાઈ ગયેલા પુરુષની જેમ તે ફરીને પાછો આવ્યો. (૧૬૭)

અને ભૂતલ ઉપર સુતેલી દમયંતીને જોઈ વિચારવા લાગ્યો કે, "અહો ! નળરાજાની રાણી થાકી ગયેલી આમ રસ્તા વચ્ચે સુતી છે. (૧૬૮)

અહો ! કુકર્મ કરનાર હું તેના મર્મભેદી દુષ્ટકર્મોએ આ કળાનિધિ કુલીન પત્નીને આવી દશાએ પહોંચાડી છે. (૧૬૯)

મર્મબોલનારની જેમ અધર્માચારી મને અત્યંત ધિક્કાર થાઓ કે આ ધર્મશીલા અને શુદ્ધશીલા સતીને મેં આવી અવસ્થાએ પહોંચાડી. (૧૭૦)

અહો ! હું નળરાજા સમીપવર્તી છતાં ક્ષેત્રમાં રહેલી ભરવાડણની જેમ નિર્નાયિકા આ નિતંબિની માત્ર પૃથ્વીપર સુતી છે. (૧૭૧)

एतामेकाकिनीं मुक्त्वाऽन्यतो यास्याम्यहं यदि ।
मन्ये जीवितमेतस्या, भविता मे पुरस्सरम् ॥१७२॥

रक्ता भक्ता परित्यक्तुं, युक्ता नेयं ततो मम ।
दुःखं वापि सुखं वापि, तत् सहिष्ये सहैतया ॥१७३॥

अथवा स्वपितुर्गेहं बलाद्, नेष्यति मामियम् ।
वरं पितृपितुर्गेहं, न तु पत्नीपितुर्गृहम् ॥१७४॥

तस्मादहं गमिष्यामि, गृहीत्वा जठरं निजम् ।
मान्यां ममाज्ञां बिभ्राणा, यात्वसौ सुजनालये ॥१७५॥

निश्चित्येति नलश्चित्ते, तामुल्लङ्घ्य विभावरीम् ।
प्रबोधकाले वैदर्भ्यास्त्वरितस्त्वरितं ययौ ॥१७६॥

જો હું તેને એકલો મૂકી ચાલ્યો જઈશ તો હું ધારું છું કે એનું જીવિત મારી પાછળ જ આવશે અર્થાત્ એ મરણ પામશે. (૧૭૨)

તેથી પ્રેમાળ-અનુરકતા-ભક્તિમતી આ દમયંતીને ત્યજી દેવી એ કોઈ રીતે યોગ્ય નથી. માટે સુખ કે દુઃખ પણ હું એની સાથે જ રહીને સહન કરીશ. (૧૭૩)

પરંતુ તે જબરજસ્તીથી મને પોતાના પિતાના ઘરે લઈ જશે. તો **કુલીનોને શ્વસુરઘર કરતા સ્મશાન વધારે સારું છે.** (૧૭૪)

માટે હું મારો પિંડ લઈને જ ચાલ્યો જાઉં. મારી આજ્ઞાને માનનારી દમયંતી જરૂર પોતાના પિતાને ઘરે જશે.” (૧૭૫)

આ રીતે ચિત્તમાં નિશ્ચય કરી રાત્રી સમાપ્ત થતાં દમયંતીના જાગવાના સમયે નળરાજા ત્વરિત ત્યાંથી ચાલ્યો ગયો. (૧૭૬)

प्रभाते मारुते वाति, कमलामोदमेदुरे ।
भीमपुत्री निशाशेषे, स्वप्नमीदृशमैक्षत ॥१७७॥

यदहं सहकाराधिरूढाऽस्मि वनदन्तिना ।
भग्नः स तु समागत्य, भ्रष्टा तस्मादहं ततः ॥१७८॥

प्रबुद्धा भीमतनया, नाऽपश्यद् नलमग्रतः ।
समालुलोके ककुभः, सा विक्रीता च शिष्टवत् ॥१७९॥

अकारुण्यादरण्यान्तः, कथं मां वल्लभोऽमुचत् ।
भविष्यति गतो मन्ये, क्षालनाय मुखस्य वा ॥१८०॥

જાગી તવ તે આરડે, કરતી કોડી વિલાપ
યૂથભ્રષ્ટ હરણી સમ, જોવે દશો દિશ આપ.
ઘો દરિશણ મુજ સ્વામીજી

હવે પ્રભાતે કમળોની પરિમલથી સુગંધી વાયુ વાવા લાગ્યો. તે સમયે દમયંતીએ સ્વપ્ન જોયું કે, (૧૭૭)

હું આમ્રવૃક્ષ ઉપર બેઠેલી છું. એવામાં કોઈ વનહાથીએ આવી તે વૃક્ષ ભાંગી નાંખ્યુ. તેથી હું નીચે પડી ગઈ." (૧૭૮)

આવું સ્વપ્ન નિહાળી ભીમસુતા તુરત જ જાગૃત થઈ અને આગળ જોયું તો નળને પોતાની પાસે ન દીઠા. એટલે જાણે વિશ્વાસુની જેમ વેચાયેલી હોય તેમ તે ચારે દિશાને જોવા લાગી. (૧૭૯)

અને ચિંતવવા લાગી કે - "આ અરણ્યમાં નિર્દયરીતે સ્વામીએ મને કેમ તજી દીધી હશે ? પરંતુ હું ધારૂ છું કે તેઓ પોતાના મુખનું પ્રક્ષાલન કરવા જલાશયે ગયા હશે. (૧૮૦)

यद्वा पलाशपालाशैरानेतुं विमलं जलम् ।
मन्मुखक्षालनायाऽयमुद्यतो नैति यद् नलः ॥१८१॥

तदेव हि सरोऽरण्यसरिद्गिरिगुहादिकम् ।
नलं विनाऽखिलं युक्तमनलं तनुते दृशोः ॥१८२॥

एवं चिन्ताचान्तचेतोवृत्तिर्दिगवलोकिनी ।
स्वप्राणेशमपश्यन्ती, स्वप्नस्याऽर्थं व्यचारयत् ॥१८३॥

सहकारो नलो राज्यं, फलं परिजनो लयः ।
दवदन्ती परिभ्रष्टाऽस्म्यहं तद् दुर्लभो नलः ॥१८४॥

અથવા તો મારૂં મુખ ધોવા માટે પલાશપત્રના દડીયામાં નિર્મળ જલ લેવા ગયા હશે. તે હજી સુધી આવ્યા નહિ હોય. (૧૮૧)

અહો ! આ તેના તેજ સરોવર, અરણ્ય, નદી, પર્વત અને ગુફા વિગેરે બધા નળ વિના દૃષ્ટિને અનલ(અગ્નિ) જેવા લાગે છે. તે ખરેખર ઉચિત જ છે. (૧૮૨)

નવિ દેખે નલરાયને સુપન સંભારે તામ.
વૃક્ષ થકી પતન થવું એ નળરાય વિયોગ.
જાણુ એ સુપન થકી, દુર્લભ પતિ સંયોગ.

એ પ્રમાણે ચિંતામગ્ન ચિત્તથી દિશાઓનું અવલોકન કરતાં પોતાના પ્રાણનાથને ન જોવાથી તે સ્વપ્નનો અર્થ વિચારવા લાગી કે :- (૧૮૩)

"સહકાર તે નળરાજા, રાજ્ય તે ફળ અને પરિજન તે લય (સંબંધ) એમનાથી પરિભ્રષ્ટ થયેલી દવદંતી તે હું છું. માટે હવે મને નળરાજાનું મિલન દુર્લભ છે." (૧૮૪)

આ પ્રમાણે સ્વપ્નાર્થનો નિશ્ચય થતાં તે અંતરમાં વિચારવા

स्वप्नार्थनिश्चयादेवं, दध्यौ भीमसुता हृदि ।
न भर्ता न च राज्यं मे, दैवाद् भ्रष्टा द्वयोरपि ॥१८५॥

तारतारस्वरं तारलोचना विललाप सा ।
दुर्दशापतितानां ह्यबलानां रुदितं बलम् ॥१८६॥

प्राणनाथ ! किमु त्यक्ता, भक्तचित्ताऽपि हि त्वया ।
कथं भारं तवाऽकार्षं, यद्वा चरणबन्धनम् ? ॥१८७॥

तिरोहितोऽथ वल्लीभिः, परिहासेन यद्यसि ।
तद्देहि दर्शनं स्थातुं, न चिरं रुचिरं यतः ॥१८८॥

याचते दवदन्त्येषा, वनदेव्यः ! प्रसीदत ।
प्रियं प्रियस्य मार्गं वा मह्यं दर्शयताऽनघाः! ॥१८९॥

લાગી કે, "રાજ્ય અને સ્વામી એ બંનેથી દૈવયોગે હું ભ્રષ્ટ થઈ છું." (૧૮૫)

પછી દીર્ઘનયનવાળી તે ઉંચેસ્વરે વિલાપ કરવા લાગી. કારણ કે **દુર્દશામાં આવી પડેલી અબળાનું રૂદન એજ બળ છે.** (૧૮૬)

તે બોલી કે, "હે નાથ ! હું તમારા ઉપર ભક્તિવાળી છતાં આપે મને કેમ છોડી દીધી ! તમને હું ભાર કરનારી શી રીતે થઈ પડી ! અથવા **તો સ્ત્રી એ પગબંધન છે તે ખરી વાત છે.** (૧૮૭)

હે પ્રાણેશ ! જો કદી હાસ્યથી તમે લતાઓમાં છૂપાઈ ગયા હો તો સત્વર દર્શન આપો. કારણ કે વધારે છૂપાઈ રહેવું એ સારૂં નથી. (૧૮૮)

હે નિર્દોષ વનદેવીઓ ! આ દવદંતી આપની પાસે યાચના

त्वं धरित्रि ! भव द्वैधं, पवन ! त्वं गृहाण माम् ।
दूरं जीवित ! गच्छ त्वं, प्राणास्त्यजत मां लघु ॥१९०॥

इति भीमसुता वृक्षान्, सिञ्चन्ती नयनोदकैः ।
स्वयं तेनेऽश्रुपुष्पाणि, दुःखमेकं फलं परम् ॥१९१॥

न जले न स्थले नैव, छायायामातपे न च ।
लवोऽपि हि सुखस्याऽभूच्चिन्तयन्त्या नलं नलम् ॥१९२॥

स्वं संस्थाप्य स्वयं वस्त्रान्तेन वक्त्रममार्जयत् ।
तत्राक्षराणि संवीक्ष्य, मुदिताऽवाचयत् ततः ॥१९३॥

કરે છે કે મારા ઉપર કૃપા કરી મારો સ્વામી બતાવો અથવા સ્વામીનો માર્ગ બતાવો. (૧૮૯)

હે વસુધા ! તું દ્વિધા થઈ જા, એટલે હું તેમાં સમાઈ જાઉં. હે પવન ! તું મને હરણ કરી લે. હે જીવિત ! તું હવે દૂર જા અને હે પ્રાણો ! તમે હવે સત્વર મારો ત્યાગ કરો." (૧૯૦)

આ પ્રમાણે નયનજલથી વૃક્ષોને સીંચતી દવદંતી અશ્રુપુષ્પોને વિસ્તારવા લાગી. પણ તેનું ફલ તો આ દુઃખરૂપ જ ઉત્પન્ન થયું." (૧૯૧)

નળ ! નળ ! એવું ચિંતવન કરતાં તેને જળ, સ્થળ, છાયા કે આતપમાં લેશમાત્ર પણ સુખ ઉત્પન્ન ન થયું. (૧૯૨)

પછી પોતે જ પોતાને ધીરજ આપતાં વસ્ત્રના છેડાથી મુખને સાફ કરવા લાગી, એવામાં તેના પર લખેલા અક્ષરો જોયા અને હર્ષિત થઈ છતી વાંચવા લાગી. (૧૯૩)

વાંચીને તેણે વિચાર કર્યો કે, "અહો ! ખરેખર હજી હું સ્વામિના મનરૂપ ગગનાંગણમાં ચંદ્રિકારૂપ છું. નહિતર તેમનો

अचिन्तयच्च तच्चेतोगगनाङ्गणचन्द्रिका ।
ध्रुवमस्म्यन्यथाऽऽदेशप्रसादोऽयं कथं मम ॥१९४॥

ततः स्वभर्तुरादेशं, दधाना हृदयेऽधिकम् ।
व्रजामि स्वपितुर्धाम, पत्युर्न तु पतिं विना ॥१९५॥

मया सह प्रियेणाऽपि, गन्तव्यं वाञ्छितं पुरा ।
विशेषेणाद्य तद् यामि, पत्यादेशात् पितुर्गृहम् ॥१९६॥

ध्यात्वेति गन्तुमारेभे, दवदन्ती वटाध्वना ।
वीक्ष्यमाणाऽक्षराण्युच्चैर्मूर्तं नलमिवाऽग्रतः ॥१९७॥

व्याघ्रा व्यात्तमुखाः सर्पाः, सदर्पा नगजा गजाः ।
ज्वाला जाङ्गुलिका सिंहीवदस्या दूरतोऽभवन् ॥१९८॥

મારા ઉપર આવો આદેશરૂપ પ્રસાદ ક્યાંથી હોય ! (૧૯૪)

માટે હવે સ્વામીના આદેશને હૃદયના બહુમાનથી ધારણ કરી હું પિતાના ઘરે જાઉં. **પણ પતિ વિના પતિના ઘરે જવું યોગ્ય જણાતું નથી.** (૧૯૫)

પરંતુ પૂર્વે મારી સાથે પ્રાણનાથને ત્યાં લઈ જવાનું મેં વાંચ્છ્યુ હતું. તે તો ગયા પણ મને આદેશ કરતા ગયા તો હવે પતિનો આદેશ થવાથી મારે પિતાને ઘરે જવું યોગ્ય છે." (૧૯૬)

આ પ્રમાણે વિચાર કરી સાક્ષાત્ નળની જેમ તેને અક્ષરોનું અવલોકન કરતી દમયંતી વટવૃક્ષના માર્ગથી આગળ ચાલવા લાગી. (૧૯૭)

મળે મારગે સાર્થ મહાઋદ્ધે ભરપૂર.
દેખી હર્ષ પામે જિમ તરંડ જલપૂર.

એટલે મુખ ફાડીને આવતા વાઘો, સદર્પ સર્પો, જંગલી

अन्येऽप्युपद्रवास्तस्या, यान्त्या वर्त्मनि नाऽभवन् ।
पतिव्रताव्रतं स्त्रीणां, क्षेमस्थेमावहं यतः ॥१९९॥

सा लोलकुन्तला स्वेदजलाविलवपुर्लता ।
समुत्सुकपदं यान्ती, ह्यमान्ती महाशुचा ॥२००॥

दर्भविद्धपदप्रोद्यद्रक्तसिक्तमहीतला ।
सार्थमेकमुदैक्षिष्ट, विष्टपर्धिनिकेतनम् ॥२०१॥

अचिन्तयच्च सार्थोऽयं, मया लब्धस्तरण्डवत् ।
अरण्यार्णवनिस्तारस्तदनेन भविष्यति ॥२०२॥

यावत् तस्थावसौ स्वस्था, दवदन्ती महासती ।
तावत् तं रुरुधुः सार्थं, क्वचिदागत्य दस्यवः ॥२०३॥

હાથીઓ અને જાંગુલિક જવાળાઓ સિંહણની જેમ એ દમયંતીથી તુરત જ દૂર થઈ જવા લાગ્યા. (૧૯૮)

રસ્તે ચાલતા તેને બીજા પણ ઉપદ્રવ નડ્યા નહિ. કારણ કે **પતિવ્રતાવ્રત સ્ત્રીઓને અતિશય ક્ષેમ કુશળ રાખનાર છે.** (૧૯૯)

પછી ચપળકેશવાળી, પરસેવાના બિંદુથી ભીનાશરીરવાળી, ઉત્સુક પગલે ચાલતી, અંતરમાં મહાશોક ધારણ કરતી (૨૦૦)

તથા દર્ભથી વીંધાયેલા પગમાંથી નીકળતા રૂધિરથી પૃથ્વીતલને સિંચન કરતી દમયંતીએ આગળ જતાં ત્રિભુવનની ઋદ્ધિના સ્થાનભૂત એક સાર્થ જોયો. (૨૦૧)

એટલે વિચાર્યું કે, "અહો ! સમુદ્રમાં વહાણ મળે તેમ મને આ સાર્થ મળ્યો છે. હવે એની સહાયતાથી મારે આ અરણ્યરૂપ મહાસાગરનો પાર પામવો સુલભ થશે." (૨૦૨)

આ પ્રમાણે વિચારી મહાસતી દમંયતી કાંઈક સ્વસ્થતાને

आयान्तीमिति च दृष्ट्वा, ततश्चौरचमूममूम् ।
चकार बिभयां लोको यतः स्याद् भाजने भयम् ॥२०४॥

मा मा यूयं भयं लोकाः ! कुरुध्वं सार्थवासिनः ।
तदीयगोत्रदेवीवाऽवादीदिति नलप्रिया ॥२०५॥

तस्करानवदद् रे रे !, यात दूरं दुराशयाः ! ।
अन्यथाऽनर्थसार्थो वः, सार्थो यद् रक्ष्यते मया ॥२०६॥

वदन्तीं दवदन्तीं ते, समाकर्ण्याऽपि तस्कराः ।
मन्यन्ते स्म तृणायाऽपि, नैते दैवपराहताः ॥२०७॥

ततस्तदीयाहङ्कारतिरस्काराय भीमजा ।
क्षेमकाराय सार्थस्य, हुंकारान् मुमुचे दृढान् ॥२०८॥

પામી. તેવામાં કેટલાક ચોરોએ આવી તે સાર્થને ઘેરી લીધો. (૨૦૩)

ને ચોરસેનાને આવેલી જોઈ સાર્થ લોકો અત્યંત ભય પામ્યા કારણ કે,"વસ્તુને ભય હોય છે." (૨૦૪)

એ સમયે તેમની ગોત્રદેવીની જેમ દમયંતી બોલી કે, "હે સાર્થવાસી લોકો ! તમે ભયભીત ન થાઓ. (૨૦૫)

પછી તેણે ચોરોને કહ્યું કે, "હે દુરાશયો તમે દૂર ચાલ્યા જાઓ. નહિ તો તમારા પર સંકટની સીમા ન રહે, કારણ કે હું આ સાર્થની રક્ષિકા છું." (૨૦૬)

આ પ્રમાણેના તેનાં વચન સાંભળવા છતાં પણ દૈવથી પરાભવ થયેલા તસ્કરોએ તેની બિલકુલ દરકાર કરી નહિ. (૨૦૭)

એટલે તે ચોરોના અહંકારને પરાસ્ત કરવા અને સાર્થની રક્ષા કરવા દમયંતીએ સખ્ત હુંકાર કરવા માંડ્યા. (૨૦૮)

श्रुत्वा तदीयहुंकाराननश्यन्नथ दस्यवः ।
कोदण्डदण्डटङ्कारात्, कान्दिशीका द्विका इव ॥२०९॥

सार्थेशोऽथावदद् नत्वा, तां निजां जननीमिव ।
काऽसि भामिनि ! कस्माच्च, परिभ्राम्यसि कानने ? ॥२१०॥

सबाष्पलोचना चास्मै, बान्धवायेव भीमजा ।
यथावस्थं स्ववृत्तान्तं, सर्वं कथितवत्यथ ॥२११॥

अवोचत् सार्थनाथस्त्वं, स्वामिनी जननी च मे ।
स्वामिनी नलपत्नीति, जननी जीवदानतः ॥२१२॥

तन्निष्कारणबन्धोस्ते, किङ्करोऽस्मीति संलपन् ।
नीत्वा पटगृहे तस्या, वरिवस्यापरोऽभवत् ॥२१३॥

તેના તે હુંકારાઓ સાંભળી ધનુષ્યના ટંકારથી કાગડાઓની જેમ બધા ચોરો મૂઠીવાળીને ભાગી ગયા. (૨૦૯)

સાર્થવાહની વિનંતિ. સ્વીકારે પ્રેમે દવદંતી.

પછી સાર્થપતિએ દમયંતીને જનનીની જેમ નમસ્કાર કરી કહ્યું કે, "હે ભામિની ! તમે કોણ છો ? આ વનમાં શા માટે ભમો છો ? (૨૧૦)

એટલે આંખમાં આંસુ લાવી દમયંતીએ પોતાના બાંધવ સમાન તે સાર્થેશને પોતાનો જેવો હતો તેવો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૨૧૧)

તે સાંભળીને સાર્થેશ બોલ્યો કે, તમે મારા સ્વામિની અને માતા સમાન છો. નળરાજાના પત્ની હોવાથી સ્વામિની અને જીવિતદાન આપનારા હોવાથી જનની છો. (૨૧૨)

માટે નિષ્કારણ બંધુ એવો હું તમારો સેવક છું." એમ કહી

स्फूर्जथुध्वनिवद्गर्जन्नूर्जितं तर्जितोष्मकः ।
वृष्टिं चकार विस्तारिधारं धाराधरस्ततः ॥२१४॥

स्थाने स्थाने परीवाहाः प्रवहन्तो बभुस्तदा ।
पान्थसार्थस्य रोधाय, खातिका इव निर्मिताः ॥२१५॥

तदा निरन्तरं वृष्टिरभवद् दिवसत्रयम् ।
दवदन्ती पुनस्तस्थौ, सुखं सार्थेशमन्दिरे ॥२१६॥

विरते वारिदे वृष्टेर्दवदन्ती सती तदा ।
विहाय सार्थमेकाकिन्यपि यातवती ततः ॥२१७॥

प्रयान्ती पथि भैमी च, कज्जलश्यामलद्युतिम् ।
कर्तिकानर्तनव्यग्रकरं पिङ्गलकुन्तलम् ॥२१८॥

તેને પોતાના તંબુમાં લઈ જઈ તે તેમનો બહુ જ આદર સત્કાર કરવા લાગ્યો. (૨૧૩)

એવામાં વ્રજપાતના શબ્દ સમાન ઘોર ગર્જના કરતો અને ગ્રીષ્મઋતુને તર્જના કરતો મેઘ વિશાળ ધારાથી વરસવા લાગ્યો. (૨૧૪)

એટલે જાણે સાર્થના પ્રવાસીઓને રોકવા મોટી ખાઈઓ બનાવી હોય તેમ દરેક સ્થળે પાણીના મોટા પ્રવાહો વહેવા લાગ્યા. (૨૧૫)

એ પ્રમાણે સતત ત્રણ દિવસ સુધી વરસાદ પડ્યો. એટલે દમયંતી સુખપૂર્વક સાર્થેશના તંબુમાં રહી. (૨૧૬)

પછી વૃષ્ટિ વિરામ પામી એટલે સાર્થને મૂકી દમયંતી એકલી સાર્થેશને કહ્યા વિના ત્યાંથી ચાલી નીકળી. (૨૧૭)

માર્ગે ચાલતાં કાજલ સમાન શ્યામકાંતિવાળો હાથમાં છરી

ज्वालाकरालवदनं, भयङ्करभयङ्करम् ।
मूर्तं यममिवाद्राक्षीद्, राक्षसं क्षुद्रमानसम् ॥२१९॥ युग्मम्

उवाच भक्षयिष्यामि, त्वामेवं राक्षसोऽवदत् ।
अभीता साऽवदद् धैर्याद्, मदीयं वचनं शृणु ॥२२०॥

मृत्युभीरकृतार्थानां, कृतार्थाया न मे भयम् ।
मा मां संस्पृश शापेन, संस्पृशन् न हि नन्दसि ॥२२१॥

धीरां वाचमिति श्रुत्वा, तस्याः स रजनीचरः ।
उवाच तुभ्यं तुष्टोऽस्मि, किं करोमि ददामि किम् ? ॥२२२॥

નચાવતો, પીળા કેશવાલો, જ્વાળા સમાન ભયંકર મુખવાળો, ભયાનક ચહેરાવાળો, ક્ષુદ્ર માનસધારી સાક્ષાત્ જાણે યમ હોય એવો એક રાક્ષસ તેના જોવામાં આવ્યો. (૨૧૮-૨૧૯)

તે રાક્ષસ દમયંતી પાસે આવી કહેવા લાગ્યો કે, હું તારૂં ભક્ષણ કરી જઈશ ! એટલે સતી નિર્ભયપણે ધૈર્ય ધારણ કરી બોલી કે, "મારૂં વચન સાંભળ (૨૨૦)

આ જગતમાં જે અકૃતાર્થ લોકો છે તેમને મરણનો ભય હોય છે. પણ હું તો કૃતાર્થ છું માટે મને કશો ભય નથી. પરંતુ તું મને સ્પર્શ કરીશ નહિ. કારણ કે મને સ્પર્શ કરીશ તો હું તને શ્રાપ દઈશ તો તારૂં ભલુ નહિ થાય." (૨૨૧)

આ પ્રમાણે તેની ધીરતાવાળી વાણી સાંભળીને રાક્ષસ બોલ્યો કે, "હું તારા પર સંતુષ્ટ થયો છું માટે કહે હું તારૂં શું શ્રેય કરૂં અને તને શું આપુ ?" (૨૨૨)

એટલે દમયંતી બોલી કે, "જો તું સંતુષ્ટ થયો હોય તો મને કહે કે મારા પતિનો સમાગમ મને ક્યારે થશે ?" રાક્ષસ બોલ્યો

सोचे तुष्टस्तदाऽऽख्याहि, कदा मे पतिसङ्गमः ? ।
रक्षोऽवादीद् द्वादशाब्दे, प्रवासदिवसाऽऽदितः ॥२२३॥

समायातः स्वयं वेश्म, पितुस्तव नलः किल ।
मिलिष्यति ततः खेदं, हृदये मा कृथा वृथा ॥२२४॥ युग्मम्

त्वं चेद् भणसि त्वत्तातसदनेऽथ नयाम्यहम् ।
सोचे सहाऽन्यपुंसाऽहं, न यामि स्वस्ति तेऽस्तु तत् ॥२२५॥

आविष्कृत्य निजं रूपं, यथागतमथागमत् ।
जग्राहाऽभिग्रहानित्थं, भैमी द्वादशहायनीम् ॥२२६॥

विकृती रक्तवासांसि, ताम्बूलं च विलेपनम् ।
भूषां च न ग्रहीष्यामि, नलस्य मिलनावधेः ॥२२७॥

કે, પ્રવાસના દિવસથી બારમે વરસે સમાગમ થશે અને તમારા પિતાના ઘેર આવીને તે તમને મળશે. માટે અંતરમાં ફોગટ ખેદ ના કરશો. (૨૨૩-૨૨૪)

હવે જો તમે કહો તો હું તમને તમારા પિતાના ઘરે મૂકી દઉં." દમયંતી બોલી કે, "અન્યપુરુષની સાથે હું ત્યાં જવા ઇચ્છતી નથી. માટે તારૂં કલ્યાણ થાઓ." (૨૨૫)

પછી પોતાનું મૂળરૂપ પ્રગટ કરી તે રાક્ષસ જેમ આવ્યો હતો તેમ પાછો ચાલ્યો ગયો. એ વખતે દમયંતીએ બારવર્ષ માટે આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો." (૨૨૬)

છએ વિગઈ, રંગીન વસ્ત્ર, તાંબૂલ, વિલેપન અને શણગાર એ સ્વામીનું મિલન ન થાય ત્યાં સુધી મારે ગ્રહણ કરવા નહિં." (૨૨૭)

પછી વર્ષાકાળ વ્યતીત કરવા દમયંતી નજીકમાં એક પર્વતની

गिरिदर्यां तदाऽत्येतुं, प्रावृषं भैम्यवास्थित ।
बिम्बं श्रीशान्तिनाथस्य, निर्ममे मृण्मयं स्वयम् ॥२२८॥

स्वयमानीय पुष्पाणि, तत्पूजयति भौमजा ।
तपःप्रान्ते च कुरुते, पारणं प्राशुकैः फलैः ॥२२९॥

भैमीमपश्यन् सार्थेशोऽप्यागादनुपदं तदा ।
अर्हद्बिम्बं पूजयन्तीं तां, दृष्ट्वा मुमुदे हृदि ॥२३०॥

तां नत्वा धरणीपृष्ठे, निविष्टो भीमजाऽपि तम् ।
विधाय स्वागतप्रश्नं, सार्थनाथमवार्तयत् ॥२३१॥

तापसास्तत्र चाऽऽजग्मुः, केऽपि चासन्नवासिनः ।
तस्थुस्तथोन्मुखा अब्दशब्दं श्रुत्वेव केकिनः ॥२३२॥

ગુફામાં રહી. ત્યાં તેણે શ્રીશાંતિનાથ ભગવાનનું એક માટીમય બિંબ બનાવ્યું. (૨૨૮)

પછી પુષ્પો લાવીને તે બિંબની દમયંતી પૂજા કરવા લાગી અને તપને પ્રાંતે પ્રાસુક ફળો વડે પારણું કરવા લાગી. (૨૨૯)

હવે દમયંતીને નહિ જોતા સાર્થેશ તેના પગલાને અનુસરી તેની પાછળ પાછળ આવ્યો. ત્યાં ગુફામાં જિનબિંબને પૂજતી દમયંતીને જોઈ તે અંતરમાં ખૂબ આનંદ પામ્યો. (૨૩૦)

પછી દમયંતીને નમસ્કાર કરી તે જમીન ઉપર બેઠો. એટલે દમયંતીએ તેને સ્વાગત પ્રશ્ન પૂછવા પૂર્વક વાર્તાલાપ કર્યો. (૨૩૧)

એવામાં નજીકમાં રહેનારા કેટલાક તાપસો ત્યાં આવ્યા અને મેઘગર્જના સાંભળી મયૂરની જેમ તેઓ ઉંચુ મુખ કરી સ્થિત થયા. (૨૩૨)

એટલામાં સતત અવિચ્છિન્ન પણ જળ વૃષ્ટિ થવા લાગી.

अनवच्छिन्नमम्भोभिरम्भोऽम्भोदस्तथाऽमुचत् ।
तापसाश्च मिथः प्रोचुः, क्व वृष्टिर्वञ्च्यतामसौ ॥२३३॥

त्रस्तांस्तान् वीक्ष्य भैम्यूचे, हंहो ! मा भैष्ट तापसाः ? ।
कुण्डं तत्परिधौ कृत्वेत्युवाच च सतीतमा ॥२३४॥

सती यद्यस्मि तत्कुण्डादन्यतोऽब्दः प्रवर्षतु ।
तयेत्युक्ते तृणच्छन्न, इव कुण्डेऽम्बु नाऽपतत् ॥२३५॥

वर्षत्यब्दे तथा शैलः, सर्वतो निर्जरोऽभवत् ।
उपत्यका गिरेर्नीरपूरेणेव च निर्मिता ॥२३६॥

तेऽध्यायन् रूपशक्तिभ्यां, भात्यसौ देवतेव नः ।
पप्रच्छ सार्थवाहस्तां, को देवः पूज्यते त्वया ? ॥२३७॥

જેથી તાપસો પરસ્પર કહેવા લાગ્યા કે :- (૨૩૩)

હવે આ વૃષ્ટિનું નિવારણ શી રીતે થાય ? એ વખતે તેમને ભયભીત થયેલા જોઈ દમયંતી બોલી કે, "હે તાપસો ! તમે ગભરાશો નહિ" એમ કહી તેમની ચારે બાજુ કુંડાળુ કરીને સતી આ પ્રમાણે બોલી કે, (૨૩૪)

"જો હું સતી હોઉ તો આ કુંડાળાથી મેઘ દૂર વરસો" આ પ્રમાણે તેના વચનથી જાણે તૃણાચ્છાદિત હોય તેમ તે કુંડાળામાં જળ ન પડ્યું. (૨૩૫)

વરસાદ વરસતા પર્વત ચારેબાજુથી ઝરણા જેવો થયો. અને પર્વતની ભૂમી નીરના પૂરથી નિર્માણ પામી.(૨૩૬)

તે જોઈને તાપસો ચિંતવવા લાગ્યા કે, "રૂપ અને શક્તિથી આ કોઈ દેવી હોય તેમ દેખાય છે." પછી સાર્થવાહે દમયંતીને પૂછ્યું કે, "તમે આ ક્યા દેવની પૂજા કરો છો ? (૨૩૭)

तस्मै भैम्याऽऽख्यदर्हन्तं, सर्वज्ञं त्रिजगद्गुरुम् ।
पूजयन्त्यहमस्म्यत्र, श्वापदेभ्यो बिभेमि न ॥२३८॥

स्वरूपमर्हतो धर्ममार्हतं च दयापरम् ।
सार्थवाहाय साऽऽचख्यौ, स च तं प्रत्यपद्यत ॥२३९॥

निजधर्मं विरागेण तं धर्मं तापसा अपि ।
प्रत्यपद्यन्त को रत्नलाभे काचं न हि त्यजेत् ? ॥२४०॥

सार्थवाहः पुरं तत्र, तापसानां प्रबोधतः ।
आख्यया तापसपुरमिति ख्यातं विनिर्ममौ ॥२४१॥

कृतार्थीकर्तुमर्थं स्वं, स सार्थेशः समर्थधीः ।
अर्हतः शान्तिनाथस्य, तत्र चैत्यमचीकरत् ॥२४२॥

તે બોલી કે સર્વજ્ઞ અને ત્રણજગતના ગુરુ શ્રીજિનેશ્વર ભગવંતની હું પૂજા કરું છું. એટલે કોઈ શ્વાપદોથી પણ મને અહીં ભય નથી." (૨૩૮)

પછી જિનેશ્વરનું સ્વરૂપ અને દયાપ્રધાન આર્હતધર્મ તેણે સાર્થવાહને બરાબર સમજાવ્યો એટલે તેણે તેનો સ્વીકાર કર્યો. (૨૩૯)

તે વખતે પોતાના ધર્મઉપર અરુચિ થતાં તાપસોએ પણ જિન ધર્મ અંગીકાર કર્યો. કારણ કે, **"રત્નનો લાભ થતાં કાચનો ત્યાગ કોણ ન કરે ?** (૨૪૦)

પછી તાપસોના કહેવાથી સાર્થવાહે ત્યાં એક તાપસપુર નામે નગર વસાવ્યું. (૨૪૧)

અને પાતાના દ્રવ્યને કૃતાર્થ કરવા તેણે ત્યાં શાંતિનાથ ભગવંતનું ચૈત્ય કરાવ્યું. (૨૪૨)

सार्थतापसलोकोऽस्थात्, तत्राऽर्हद्धर्मकर्मठः ।
निशीथे त्वन्यदा भैमी, तेजदोऽपश्यच्छिलोच्चये ॥२४३॥

आगच्छतो गच्छतश्चाऽद्राक्षीद् देवाऽसुरानपि ।
तत्तथाऽपश्यदुत्पश्यः, पुरलोकोऽपि विस्मितः ॥२४४॥

सवणिक्तापसा भैमी, समारूढाऽथ पर्वतम् ।
मुनिं केवलिनं तत्राऽपश्यच्च सुरसेवितम् ॥२४५॥

तं वन्दित्वा तदीयांऽह्रिमूले न्यषददादरात् ।
यशोभद्रगुरुस्तस्य, तं नत्वा स्थितवान् पुरः ॥२४६॥

सिंहकेसर्यपि ज्ञानी, कारुण्यक्षीरसागरः ।
चकार देशनां क्लेशनिर्नाशनमहौषधीम् ॥२४७॥

પછી સાર્થલોકો અને તાપસો ત્યાં આર્હતધર્મની ઉપાસના કરતા આનંદથી રહેવા લાગ્યા. એકવાર મધ્યરાત્રીએ દમયંતીએ પર્વત ઉપર પ્રકાશ જોયો (૨૪૩)

અને ત્યાં જતા આવતા દેવો અને અસુરોને પણ જોયા. તે સમયે આશ્ચર્યથી ઉંચે નજર કરી નગરજનો પણ તે જોવા લાગ્યા. (૨૪૪)

એટલે સાર્થવાહ તથા તાપસો સાથે દમયંતી તે પર્વત ઉપર ગઈ. ત્યાં દેવોથી સેવા કરાતા કેવલીમુનિને તેણે જોયા. (૨૪૫)

પછી તેમને વંદના કરી આદરપૂર્વક તેઓ તે મહાત્માના ચરણ આગળ બેઠા અને તે મુનિના યશોભદ્ર નામના ગુરુ પણ જેમને કેવલજ્ઞાન થયેલું છે. તેમને નમસ્કાર કરીને આગળ બેઠા.(૨૪૬)

એટલે કરૂણાના ક્ષીરસાગર સિંહકેશરી કેવળીએ કલેશનો નાશ કરવામાં મહૌષધિરૂપ દેશના દેવાનો પ્રારંભ કર્યો :- (૨૪૭)

दुष्प्रापं प्राप्य मानुष्यं, कार्यं सफलमादरात् ।
देवपूजादयादानधर्मकर्मविधानतः ॥२४८॥

धर्ममाख्याय स ज्ञानी, प्रोचे कुलपतिं ततः ।
भैम्या यः कथितो धर्मः, स विधेयः सदा हृदि ॥२४९॥

अनया हि तदा रेखाकुण्डे वारिधरो धृतः ।
अस्याः सतीत्वात् सांनिध्यं, कुर्वते देवता अपि ॥२५०॥

सार्थेशस्याऽस्य सार्थश्च, स्तेनेभ्यो रक्षितोऽनया ।
तदियं नान्यथा ब्रूते, दवदन्ती महासती ॥२५१॥

पाय प्रणमी केवलीना, बेठा निजनिज ठाम.
देशना दीधी तिणसमे, भवि उपकारने काम.

"अहो भव्यजीवो ! दुष्प्राप्य मानवभवने पामी देवपूजा, दया, दान अने धर्मकर्म करतां आदरपूर्वक तेने सफळ करो." (२४८)

એ રીતે ધર્મ કહીને તે જ્ઞાની મહાત્મા કુલપતિને (તાપસોના ગુરુને) કહેવા લાગ્યા કે દમયંતીએ જે ધર્મ કહ્યો છે તે સદા તમારે અંતરમાં ધારણ કરવો. (૨૪૯)

એણે તે સમયે રેખાકુંડ કરી મેઘને અટકાવ્યો. તેનું કારણ એ છે કે એના સતીપણાને કારણે દેવો પણ એને સહાય કરે છે. (૨૫૦)

વળી આ સાર્થવાહના સાર્થને પણ ચોરોથી તેણે બચાવ્યો છે. મહાસતી દવદંતીનું બોલવું સર્વ સત્ય છે તે અન્યથા બોલતી જ નથી. (૨૫૧)

तदा च कश्चिदागत्य, ततः केवलिनं नतः ।
भैमीमुवाच भद्रेऽस्मिन्, वनेऽहं तापसोऽभवम् ॥२५२॥

कर्परो नामतः सोऽहं, पञ्चाग्नितपसोत्कटः ।
वचसाऽपि न सानन्दं, तापसाः किं नु मां व्यधुः ? ॥२५३॥

निर्गतोऽहमहंकारात्, तत्संत्यज्य तपोवनम् ।
गच्छन् समुत्सुको रात्रौ, पतितोऽस्म्यद्रिकन्दरे ॥२५४॥

गिरिदन्तास्फालितस्य, दन्ताः सर्वेऽपि मेऽपतन् ।
सप्तरात्रं स्थितो वार्तामपि चक्रुर्न तापसाः ॥२५५॥

गते मय्यभवत् तेषां, सुखं प्रत्युत मे ततः ।
तेषामुपरि कोपोऽभूद्, गिरिदाहसहोदरः ॥२५६॥

એવામાં કોઈ દેવ આવી કેવળી ભગવંતને નમ્યો અને દમયંતીને કહેવા લાગ્યો કે, "હે ભદ્રે ! આ વનમાં પંચાગ્નિતપથી ઉત્કટ કર્પર નામે હું પૂર્વે તાપસ હતો. અહો ! તાપસો મને વચનમાત્રથી પણ કેમ પ્રસન્ન કરતા નથી ? (૨૫૨-૨૫૩)

એવા અહંકારથી તે તપોવનનો ત્યાગ કરી હું ચાલી નીકળ્યો અને સમુત્સુકપણે રાત્રે ચાલતા હું એક પર્વતની ખીણમાં પડી ગયો. (૨૫૪)

ત્યાં પડતાં પડતાં પર્વતના નિતંબભાગ સાથે અથડાયો. મારા દાંતબધા પડી ગયા. તેવી સ્થિતિમાં હું સાતરાત્રિ સુધી રહ્યો. છતાં કોઈ તાપસોએ મારી ખબર પણ લીધી નહિ. (૨૫૫)

મારા જવાથી જાણે તેમને શાંતિ થઈ હોય એમ લાગ્યું તેથી મારો તેમની ઉપર ગિરિદાહ સમાન ગુસ્સો વધી ગયો. (૨૫૬)

તે ઉભરાતા ક્રોધ સાથે મરણ પામી હું આ અરણ્યમાં સર્પ

ज्वलत्कोपेन मृत्वाऽहमिहारण्येऽभवं फणी ।
त्वां दंष्टुं धावितोऽपाठि, नमस्कारस्त्वयाऽनघे ! ॥२५७॥

कर्णाऽऽगतेन तेनाऽहं, जाङ्गुल्येवान्यतोऽगमम् ।
भेकादिजीवाहारेण, जीवामि च बिले स्थितः ॥२५८॥

अन्यदेत्थं कथ्यमानं, त्वयाऽश्रौषमहं शुभे ! ।
जीवहिंसाकराः पापा, जायन्ते दुःखभाजनम् ॥२५९॥

तदाकर्ण्याऽहमध्यायं, सर्वदा जीवघातकः ।
पापाऽऽत्माहं द्विजिह्वोऽस्मि, का गतिर्भविता मम ? ॥२६०॥

एवं च ध्यायतो मेऽभूत्क्षान्तिरुद्वीक्ष्य तापसान् ।
जातिस्मरणतोऽस्मार्षं, भवं ह्यःकृतकार्यवत् ॥२६१॥

થયો અને તેમને ડંખ દેવા દોડ્યો એવામાં હે સતી ! તમે નવકારમંત્ર બોલ્યા (૨૫૭)

અને જાંગુલીમંત્રની જેમ તે શબ્દો મારા કાનમાં પડ્યા અને હું અન્યત્ર ચાલ્યો ગયો. ત્યાં દેડકા વિગેર જીવોનું ભક્ષણ કરતાં બિલમાં રહી હું જીવતો હતો. (૨૫૮)

तापस आगळ भांखती जीवाजीवनां थान.

जीवहिंसाथी दुःख लहे, ईम सुणीने तुज वाण.

એકદા હે શુભે ! મેં તમારૂં આ પ્રમાણેનું કથન સાંભળ્યું કઃ- "જે જીવહિંસા કરે તે પાપીજીવો દુઃખના ભાજન થાય છે." (૨૫૯)

તે સાંભળી મેં વિચાર કર્યો કે, "સર્વદા જીવોનો ઘાતક હું તો ખરેખર મહાપાપી છું તો મારી શી ગતિ થશે ?" (૨૬૦)

આ પ્રમાણે વિચારતાં મને તાપસોને જોઈ ક્ષમા ઉત્પન્ન થઈ

ततो वैराग्यकल्लोलपरिप्लावितमानसः ।
आहारस्य परीहारमात्मना कृतवानहम् ॥२६२॥

सोऽहं विपद्याऽऽद्यकल्पे, देवोऽस्मि कुसुमप्रभः ।
नाम्ना विमाने कुसुमसमृद्धे त्वत्प्रसादतः ॥२६३॥

अभविष्यद् न ते धर्मवचनं चेच्छ्रवोऽतिथिः ।
कुत्राऽगमिष्यं पापात्मा, तदाऽहं दुर्गतौ गतौ ॥२६४॥

अवधिज्ञानतो देवि !, ज्ञात्वा त्वामुपकारिणीम् ।
समागमं धर्मशीले !, धर्मपुत्रोऽस्म्यहं तव ॥२६५॥

इत्युक्त्वा तापसानूचे, स तापसवरः सुरः ।
मदीयकोपाऽऽचरणं, क्षमध्वं परमार्हताः ! ॥२६६॥

અન જાતિસ્મરણ જ્ઞાન થયું. ગઈકાલના કાર્યની જેમ મને પૂર્વભવ યાદ આવ્યો. (૨૬૧)

એટલે વૈરાગ્યના કલ્લોલથી મન ભીંજાતા મેં આત્મસાક્ષીએ ચારે આહારનો ત્યાગ કર્યો. અનશન સ્વીકાર્યું. (૨૬૨)

ત્યાંથી મરણ પામી હે દેવી ! તમારા પ્રસાદથી હું પ્રથમદેવલોકમાં કુસુમસમૃદ્ધ નામના વિમાનમાં કુસુમપ્રભ નામે દેવ થયો છું. (૨૬૩)

જો તે સમયે તમારૂં ધર્મવચન મેં સાંભળ્યું ન હોત તો હું મહાપાપી ક્યાંક દુર્ગતિમાં જઈને પડત. (૨૬૪)

હે દેવી ! અવધિજ્ઞાનથી તમને મારા ખરેખરા ઉપકારી જાણી હું અહીં આવ્યો છું. હે ધર્મશીલે ! હું તમારો ધર્મપુત્ર છું " (૨૬૫)

આ પ્રમાણે કહી તે તાપસવર્ય દેવ તે તાપસોને કહેવા લાગ્યો

प्रोच्येति तदहेर्वर्ष्म, कृष्ट्वा गिरिगुहागृहात् ।
उल्लम्ब्योवाच कोपी, स्यात् सर्पोऽहं कर्परो यथा ॥२६७॥

तदा परमवैराग्याद्, नत्वा केवलिनं मुनिम् ।
तापसानामधिपतिर्ययाचे व्रतमादरात् ॥२६८॥

केवल्याख्यद् यशोभद्रसूरिर्दास्यति ते व्रतम् ।
गुरुर्ममाप्यपृच्छच्च, ज्ञानिनं कुलपः पुनः ॥२६९॥

किं तारुण्यभरे दीक्षा, गृहीता भावतः प्रभो ! ? ।
केवल्यूचे कौशलेशः, कूबरोऽस्ति नलानुजः ॥२७०॥

કે, "હે પરમશ્રાવકો ! મારા કોપાચરણને આપ ક્ષમા કરજો." (૨૬૬)

આમ તે સર્પના શરીરને ગિરિગુહારૂપ ઘરમાંથી બહાર કાઢી ઊંચે લટકાવી બોલ્યો કે, "મારી જેવા કર્પરની (=પૂર્વભવે તાપસ) જેમ ક્રોધીની આવી દશા થાય છે. (૨૬૭)

કુલપતિ બુદ્ધિનિધાન, વિસ્મય પામી પૂછે સ્વામ.
દીક્ષા લીધી સ્વામીજી, તમે કારણ કહો કેમ.

પછી પરમ વૈરાગ્યથી કેવલી ભગવંતને નમસ્કાર કરી તાપસોના અધિપતિએ આદરપૂર્વક વ્રતની યાચના કરી. (૨૬૮)

એટલે કેવળી બોલ્યો કે, "અમારા ગુરુ યશોભદ્રસૂરિ તમને દીક્ષા આપશે." ફરી કુલપતિએ કેવળીને પૂછ્યું કે, (૨૬૯)

"હે પ્રભો ! ભરયૌવનમાં આપે શા કારણે દીક્ષા અંગીકાર કરી ? એટલે કેવળી બોલ્યા કે,- "કોશલદેશના રાજા નળના લઘુબંધુ કૂબરનો હું પુત્ર છું (૨૭૦)

तस्याऽस्म्यहं सुतः, सङ्गानगरीशश्च केशरी ।
अदाद् मह्यं निजां पुत्रीं, बन्धुमत्यभिधानिकाम् ॥२७१॥

पित्राऽऽदेशादहं तत्र, गतस्तां परिणीय च ।
अध्वन्यागच्छता सूरिर्दृष्टोऽयं मूर्तमान् शमः ॥२७२॥

देशनान्ते मया पृष्टः, प्रमाणं निजकाऽऽयुषः ।
पञ्चैव दिवसा इत्याचख्यौ च गुरुरेष मे ॥२७३॥

श्रुत्वेति मां विषण्णाऽऽस्यं, प्रेक्ष्य प्राह गुरुः पुनः ।
नाऽभैर्गृहाण दीक्षां त्वं, सैकाहमपि मुक्तिदा ॥२७४॥

સંગાનગરીના સ્વામી કેશરીરાજાએ પોતાની બંધુમતી નામે પુત્રી મને આપી. (૨૭૧)

એટલે પિતાના આદેશથી હું ત્યાં ગયો અને તેને પરણી પાછા આવતા રસ્તામાં જાણે સાક્ષાત્ શમ હોય એવા આ સૂરિવર્ય મારા જોવામાં આવ્યા. (૨૭૨)

એટલે તેમને વાંદીને હું તેમની પાસે બેઠો. તેમણે દેશના આપી, દેશનાને પ્રાંતે મેં મારા આયુષ્યનું પ્રમાણ પૂછ્યું. એટલે ગુરુમહારાજે મને કહ્યું કે, "હે ભદ્ર ! હવે માત્ર પાંચ દિવસનું તારૂં આઉખુ છે." (૨૭૩)

તે સાંભળી મારૂં મુખ શ્યામ બની ગયું. એટલે ફરી ગુરુ બોલ્યા કે, "હે ભદ્ર ! ભય ન પામ, દીક્ષા અંગીકાર કર. કારણ કે માત્ર એક દિવસ ચારિત્ર પાળવામાં આવે તો પણ તે મુક્તિસુખને આપે છે." (૨૭૪)

પછી તેમની પાસે દીક્ષા લઈ એમના આદેશથી હું આ પર્વત ઉપર આવ્યો. શુભધ્યાનના યોગે ઘાતિકર્મનો ક્ષય થતાં મને

प्रव्रज्याऽस्मादिहाऽऽयातः, पर्वतेऽस्य निदेशतः ।
घातिकर्मक्षयादेव, केवलज्ञानमासदम् ॥२७५॥

एवं वदन्नयोगिस्थः, केवली सिंहकेसरी ।
हत्वा चत्वारि कर्माणि, जगाम परमं पदम् ॥२७६॥

चक्रे शरीरसंस्कारः, सुरैस्तस्य शुभाशयैः ।
यशोभद्रान्तिके दीक्षामग्रहीत् तापसाधिपः ॥२७७॥

दवदन्त्यप्युवाचैवं, स्वामिन् ! दीक्षां प्रदेहि मे ।
अवदच्छ्रीयशोभद्रो, भोग्यं कर्माऽस्ति भैमि ! ते ॥२७८॥

उत्तीर्य पर्वतात् तत्र, नगरे पुरवासिनाम् ।
सम्यक्त्वाऽऽरोपणं चक्रे, गुरुः श्रीशान्तिमन्दिरे ॥२७९॥

કેવળજ્ઞાન ઉત્પન્ન થયું." (૨૭૫)

આ પ્રમાણે કહેતા છતાં અયોગી ગુણસ્થાનક ઉપર આરૂઢ થયેલા સિંહકેશરી કેવળી બાકીના ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી તે જ સમયે પરમપદને પામ્યા. (૨૭૬)

હવે કુલપતિ લીએ દીક્ષા, દમયંતીને દીએ ગુરુ શિક્ષા.

એટલે સમ્યગ્દૃષ્ટિદેવોએ તેમના શરીરનો સંસ્કાર કર્યો. પછી તાપસ કુલપતિએ યશોભદ્રગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી. (૨૭૭)

એ વખતે દમયંતી બોલી કે, "હે સ્વામિન્ ! મને પણ દીક્ષા આપો. ગુરુ બોલ્યા કે, હે ભૈમી! હજી તારે ભોગાવલી કર્મ બાકી છે." (૨૭૮)

પછી પર્વત પરથી નીચે ઉતરીને યશોભદ્રસૂરિએ તાપસનગરમાં જઈ શ્રીશાંતિનાથના ચૈત્યમાં અનેક નગરવાસીઓને સમ્યક્ત્વ ધારણ કરાવ્યું.(૨૭૯)

धर्मध्यानपरा वस्त्रगात्रमालिन्यधारिणी ।
गुहागृहान्तरे नित्ये, सप्ताब्दीं भीमनन्दिनी ॥२८०॥

कश्चित् पान्थोऽन्यदा तस्यै, कथयामास ते पतिः ।
मया दृष्टस्तदाऽऽकर्ण्य, साऽभूद् रोमाञ्चदन्तुरा ॥२८१॥

कर्णयोरमृतं कोऽयं, निषिञ्चति वदन्त्यदः ? ।
भैमी तमन्वधाविष्ट, स तु क्वापि तिरोदधे ॥२८२॥

पान्थस्य च गुहायाश्च, सा भ्रष्टा कष्टपूरिता ।
खिन्ना स्विन्ना महारण्ये, निपपात नलप्रिया ॥२८३॥

वने निपतिता तस्थौ, ययौ भूयो रुरोद च ।
किं करोमि क्व यामीति, विमृश्य चलिता गुहाम् ॥२८४॥

પછી ધર્મધ્યાનમાં તત્પર મલીન શરીરવસ્ત્રધારી દમયંતીએ ત્યાં ગુફારૂપ ઘરમાં સાત વરસ વીતાવ્યા. (૨૮૦)

એકવાર કોઈ મુસાફરે આવીને દમયંતીને કહ્યું કે, "તારા પતિને મેં અહીંયા આગળ જોયો." તે સાંભળી દમયંતી રોમાંચિત થઈ ગઈ (૨૮૧)

અને "મારા કર્ણમાં આ અમૃત કોણ રેડે છે." એમ બોલતી તે પેલા મુસાફરની પાછળ દોડી. એટલામાં મુસાફર તે ક્યાંક અદૃશ્ય થઈ ગયો. (૨૮૨)

અને મુસાફર તથા ગુફા બંનેથી ભ્રષ્ટ થયેલી, ખિન્ન અને સ્વેદ(પરસેવા)યુક્ત તથા સંકટમાં સપડાયેલી નળપત્ની એક મોટા જંગલમાં આવી પડી. (૨૮૩)

ત્યાં તે ક્ષણભર ઊભી રહેતી હતી. વળી આગળ ચાલતી રૂદન કરતી હતી. પછી અરે ! હવે હું શું કરું ? અને ક્યાં

दृष्ट्वा यान्ती च राक्षस्या, मृगी सिंहिकयेव सा ।
प्रसारितवदनया, ग्रसिष्य इति चौच्यत ॥२८५॥

भैम्यूचे भव भग्नाशा, त्वं राक्षसि ! ममास्ति चेत् ।
अर्हन् देवो गुरुः साधुर्जैनो धर्मो नलः पतिः ॥२८६॥

तच्छ्रुत्वाऽस्या महासत्या, वचनं तां प्रणम्य च ।
क्षणादन्तर्दधे स्वप्नसमायातेव राक्षसी ॥२८७॥

यान्त्यग्रे निर्जलामेकां, नदीमैक्षत भीमजा ।
तृषासंशुष्यत्तालवोष्ठी, गतनिष्ठीवनाऽवदत् ॥२८८॥

જાઉં ! એમ ચિંતવીને તે પાછી ગુફા તરફ ચાલી. (૨૮૪)

એવામાં મૃગલીને સિંહણની જેમ તેને જતી જોઈ વિસ્તૃત મુખવાળી કોઈ રાક્ષસીએ કહ્યું કે, "હું તારૂં ભક્ષણ કરીશ." (૨૮૫)

તે બોલી કે, જો મારા જિનેશ્વર દેવ, સુસાધુ ગુરુ, જૈન ધર્મ અને નળ પતિ હોય તો હે રાક્ષસી ! તારી આશા ભગ્ન થઈ જાવો" (૨૮૬)

આ પ્રમાણેનાં તે મહાસતીના વચન સાંભળી તેને પ્રણામ કરી સ્વપ્નમાં આવેલ રાક્ષસીની જેમ તે ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગઈ. (૨૮૭)

આગળ જતાં એક નિર્જલ નદી તેના જોવામાં આવી. તૃષાથી તાલુ ઓષ્ઠ સુકાઈ ગયેલા છે. વળી મુખમાં થુંક પણ રહ્યું નથી એવી તે સતી બોલી કે, (૨૮૮)

"જો મારૂં મન સમ્યક્ત્વથી વાસિત હોયતો અહીં લોલ કલ્લોલ

मम चेद् मानसं सम्यक्, सम्यग्दर्शनवासितम् ।
तदत्र लोलकल्लोलविमलं जलमस्त्विति ॥२८९॥

इत्युक्त्वा पार्ष्णिना हत्वा, भूतलं तत्क्षणाज्जलम् ।
आचकर्ष पपौ तच्च, पीयूषपरिपेशलम् ॥२९०॥

ततो यान्ती परिश्रान्ता, न्यग्रोधाऽधो न्यविक्षत ।
पान्थाः सार्थाऽऽगता दृष्ट्वा, तामूचुः काऽसि सुन्दरि !? ॥२९१॥

सोचे सार्थात् परिभ्रष्टा, निवसामि वने ननु ।
यास्यामि तापसपुरं, तद्वर्त्म मम कथ्यताम् ॥२९२॥

ते प्रोचुः शक्नुमो नैव, मार्गं दर्शयितुं वयम् ।
आयान्तो सह गृह्णीमस्त्वां, क्वापि हि पुरे पुनः ॥२९३॥

(ઉછળતાં કલ્લોલ) થી વિમળ જલ થઈ જાવો." (૨૮૯)

એમ કહી પગની પાનીથી ભૂતલને પ્રહાર કરી તેણે ત્યાં જળ ઉત્પન્ન કર્યું અને અમૃત સમાન તે જળનું તેણે પાન કર્યું. (૨૯૦)

આગળ ચાલતા થાકી જવાથી એક વટવૃક્ષની નીચે તે બેઠી. એવામાં કોઈ સાર્થના મુસાફરોએ તેને જોઈ અને પૂછ્યું કે, "હે સુંદરી ! તું કોણ છે !" (૨૯૧)

તે બોલી કે હું સાર્થથી ભ્રષ્ટ થયેલી વનમાં સમય પસાર કરૂં છું. મારે તાપસપુર જવું છે માટે ત્યાં જવાનો રસ્તો બતાવો (૨૯૨)

એટલે તે બોલ્યા કે, "તાપસપુરનો માર્ગ બતાવવા અમે શક્તિમાન નથી. પરંતુ બીજા કોઈ નગરમાં તારે જવું હોય તો અમારી સાથે ચાલ." (૨૯૩)

પછી તેમની સાથે તે સાર્થમાં ગઈ. ત્યાં કરૂણાવંત ધનદેવ

तां तैः सह गतां सार्थे, सार्थेशः करुणाम्बुधिः ।
धनदेवाधिपोऽपृच्छत्, काऽसि किं वनवासिनी ? ॥२९४॥

भैम्याऽऽख्यद् वणिजः पुत्री, पत्या सह पितुर्गृहे ।
चलिता शयिता रात्रौ, त्यक्ता तेनाऽस्मि दैवतः ॥२९५॥

स्वबन्धुभिरिवैभिश्च, त्वदीयपुरुषैः समम् ।
समायातास्मि तत्क्वापि, स्थाने वसति मां नय ॥२९६॥

सार्थनाथोऽवददहं, गन्ताऽचलपुरे वरे ।
वत्से ! सह मया गच्छ, जनकेनेव निर्भया ॥२९७॥

इत्युक्त्वा तां सार्थनाथो, यानस्थामनयत्यधि ।
एकस्मिन्नद्रिकुञ्जे च, संनिवेशं न्यवीविशत् ॥२९८॥

સાર્થવાહે તેને બોલાવી કે, "હે ભદ્રે ! વનમાં રહેનારી તું કોણ છો ? (૨૯૪)

એટલે તે બોલી કે, હું વણિકપુત્રી છું પતિની સાથે પિતાના ઘરે જતા રસ્તામાં દૈવયોગે રાત્રે મારા પતિએ મને સૂતેલી તજી દીધી. (૨૯૫)

એટલે બાંધવ સમાન તમારા પુરુષો સાથે હું અહીં આવી છું. તો હવે મને કોઈ વસ્તીવાળા સ્થાનમાં પહોંચાડો." (૨૯૬)

તે સાંભળી સાર્થવાહ બોલ્યો કે, "હું અચલપુર જવાનો છું માટે હે વત્સે ! પિતાની જેમ મારી સાથે તું નિર્ભય બની ચાલ (૨૯૭)

એમ કહી તેને વાહન પર બેસાડીને આગળ ચાલતા સાર્થવાહે એકગિરિ કુંજમાં મુકામ કર્યો. (૨૯૮)

ત્યાં રાત્રે સૂતેલી દમયંતીએ કોઈના મુખથી નમસ્કાર મંત્રનો

भैमी तत्र स्थिता सुप्ता, निशि शुश्राव केनचित् ।
पठ्यमानं नमस्कारं, सार्थवाहमुवाच तु ॥२९९॥

नमस्कारं पठन् कश्चिच्छ्राद्धः साधर्मिको मम ।
पार्श्वेऽस्य सोदरस्येव, गच्छामि भवदाज्ञया ॥३००॥

सार्थेशेन स्वपित्रेव, सह भैमी तदाश्रयम् ।
ययौ श्राद्धमपश्यच्च, कुर्वाणं चैत्यवन्दनम् ॥३०१॥

आचैत्यवन्दनं तत्र, तस्थुषी नलवल्लभा ।
ददर्श च ववन्दे च, विनीलं बिम्बमर्हतः ॥३०२॥

अपृच्छद् भीमजा भ्रातर्बिम्बं कस्यैतदर्हतः ? ।
स आख्यद् जामे ! श्रीमल्लेस्तीर्थपस्य भविष्यतः ॥३०३॥

ध्वनि सांभळ्यो. एटले तेणे सार्थवाहने कह्युं के, "आ नमस्कार बोलनार कोई मारो साधर्मिक जणाय छे. माटे तमारी आज्ञाथी बांधवनी जेम हुं एनी पासे जवा ईच्छुं छुं." (२९९-३००)

पछी पोताना पिता समान ते सार्थवाहनी साथे दमयंती ते बोलनारना स्थान पर आवी. त्यां चैत्यवंदन करतां ते श्रावकने तेणे जोयो. (३०१)

पछी चैत्यवंदननी समाप्ति सुधी दमयंती त्यां बेठी अने गुप्त श्रीजिनेश्वर भगवाननना बिंबने जोई तेणे दर्शन अने वंदन कर्युं. (३०२)

पछी दमयंतीए तेणे पूछ्युं के,-"हे भाई ! आ बिंब कया तीर्थंकरभगवंतनुं छे ?" ते बोल्यो के, "हे बेन ! भावी तीर्थंकर श्री मल्लिनाथनुं आ बिंब छे, (३०३)

ए बिंबनी हुं पूजा करूं छुं. तेनुं कारण कहुं ते सांभळ."

एतद्बिम्बं पूजयामि, यतस्तत्कारणं शृणु ।
काञ्चीपुर्यां वणिगस्मि, ज्ञानी तत्रैकदाऽऽगमत् ॥३०४॥

धर्मगुप्ताभिधस्तत्रोद्याने स समवासरत् ।
नत्वाऽप्रच्छि मया कस्मिंस्तीर्थे मे निर्वृतिर्विभो !? ॥३०५॥

सोचे च त्वं दिवश्च्युत्वा, मिथिलानगरीश्वरः ।
प्रसन्नचन्द्रो भूत्वा श्रीमल्लितीर्थे हि सेत्स्यसि ॥३०६॥

ततः प्रभृत्यहं मल्लिनाथे भक्तिभरोद्भुरः ।
पटस्थं पूजयाम्येतद्बिम्बं धार्मिकसत्तमे ! ॥३०७॥

इत्याऽऽख्यायाऽवदद् भैमीं, स्वसः ! का त्वं कुतोऽसि वा ? ।
तस्मै श्राद्धाय वृत्तान्तमस्याः सार्थाधिपोऽवदत् ॥३०८॥

હું કાંચીપુરીમાં રહેનારો વણિક છું. ત્યાં એકવાર ધર્મગુપ્ત નામના જ્ઞાની આવીને ઉદ્યાનમાં સમવસર્યા. તેમને નમસ્કાર કરી મેં પૂછ્યું કે, "હે ભગવન્ ! ક્યા પ્રભુનાં તીર્થમાં હું મુક્તિ પામીશ ? (૩૦૪-૩૦૫)

તે બોલ્યા કે, તું અહીંથી સ્વર્ગમાં જઈ ત્યાંથી ચ્યવીને મિથિલાનગરીનો પ્રસન્નચંદ્ર રાજા થઈશ અને શ્રીમલ્લિનાથ ભગવંતના તીર્થમાં મોક્ષે જઈશ." (૩૦૬)

ત્યારથી શ્રીમલ્લિનાથ સ્વામી પર મારા હૃદયમાં અતિશય ભક્તિ જાગી છે. અને તેથી સાધર્મિક-શિરોમણિ (સત્તમે) ! હું એ બિંબને વસ્ત્રમાં રાખી નિરંતર પૂજા કરું છું." (૩૦૭)

આ પ્રમાણે કહીને તે દમયંતીને પૂછવા લાગ્યો કે,- હે બેન ! તું કોણ છો ? અને ક્યાંથી આવો છો ? એટલે સાથે આવેલા સાર્થવાહે દમયંતીની સઘળી હકીકત કહી સંભળાવી. (૩૦૮)

श्रावकोऽपि हि तद्दुःखदुःख्यूचे मा कृथाः शुचम् ।
सार्थेशस्ते पिता भ्राता, चाहं तिष्ठ सुखेन तत् ॥३०९॥

सार्थनाथोऽपि हि तत्प्रातः, प्राप्तोऽचलपुरे पुरे ।
मुक्त्वा भीमसुतां तत्र, जगाम स्वयमन्यतः ॥३१०॥

तृषातुरा पुरद्वारवापीमध्यं विवेश च ।
लक्ष्यमाणाऽम्बुहर्त्रीभिः, सा साक्षादिव देवता ॥३११॥

वामं तस्याः क्रमं गोधा, जग्राह जलमध्यगम् ।
त्रिर्नमस्कारपठनप्रभावेण मुमोच च ॥३१२॥

प्रक्षाल्याऽऽस्यक्रमकरं, वारि हारि निपीय च ।
निर्गत्य वाप्यास्तत्प्रान्तवलभ्यां सा न्यविक्षत ॥३१३॥

તે સાંભળી તેના દુઃખથી દુઃખી થતાં તે શ્રાવકે કહ્યું કે, "હે ભદ્રે ! કાંઈપણ શોક કરીશ નહિ આ સાર્થવાહ તારા પિતા છે અને હું તારો ભાઈ છું માટે સુખપૂર્વક અમારી સાથે રહે." (૩૦૯)

પછી સાર્થવાહ પ્રભાતે અચલપુર પહોંચ્યો અને ત્યાં દમયંતીને મૂકી પોતે અન્યત્ર ગયો. (૩૧૦)

અચલપુરમાં પનિહારીઓથી સાક્ષાત્ દેવીની જેમ જોવાતી તે દમયંતી તૃષાતુર થતાં નગરના દ્વાર સમીપે એક વાવમાં ઉતરી. (૩૧૧)

તેવામાં ત્યાં જળની અંદર રહેલા તેના ડાબા પગને જળ-ગોધાએ પકડી લીધો. પરંતુ ત્રણનવકાર સ્મરણના પ્રભાવ વડે તેનો પગ તુરત મૂકી દીધો. (૩૧૨)

પછી મુખ, હાથ, પગનું પ્રક્ષાલન કરી તથા નિર્મળજળનું

तत्र राड् ऋतुपर्णोऽस्ति, तस्य चन्द्रयशाः प्रिया ।
तत्कुम्भदास्य आनेतुं, वारि वाप्यां समागमन् ॥३१४॥

मिथो हसन्त्यो बिभ्रत्यः, स्वमूर्धमुकुटान् कुटान् ।
तास्तां निरूपयामासू, रूपतो देवतामिव ॥३१५॥

असरूपं च रूपं च, वीक्षमाणाः शनैः शनैः ।
विविशुश्च निरीयुश्च, निर्निमेषविलोचनाः ॥३१६॥

चेट्याऽथ कथयाञ्चक्रुर्गत्वा परमया मुदा ।
तां देव्यै चन्द्रयशसे, प्राप्तां कल्पलतामिव ॥३१७॥

ऊचे चन्द्रयशाश्चेटीः, समानयत तामिह ।
चन्द्रवत्याः सुताया मे, भविता भगिनीव सा ॥३१८॥

પાન કરી દમયંતી વાવની બહાર આવી ઓટલા ઉપર બેસી. (૩૧૩)

હવે તે નગરમાં ઋતુપર્ણ રાજા રાજ્ય કરે છે. તેને ચંદ્રયશા નામની રાણી છે. તેની જળભરનારી દાસીઓ પાણી ભરવા તે વાવ પર આવી. (૩૧૪)

પરસ્પર હસતી મસ્તકના મુગુટ સમાન ઘડાઓને ધારણ કરતી, રૂપથી સાક્ષાત્ દેવી જેવી લાગતી ત્યાં અનિમેષ નયણે દમયંતીના અસાધારણરૂપને વારંવાર નિહાળતી તે દાસીઓ વાવમાં જઈ પાણી ભરી બહાર નીકળી. (૩૧૫-૩૧૬)

જાણે કલ્પલતાની પ્રાપ્તિ થઈ હોય તેમ પરમાનંદથી તેમણે ચંદ્રયશા રાણી પાસે જઈ તે વાત નિવેદન કરી. (૩૧૭)

તે સાંભળી ચંદ્રયશા બોલી કે, હે દાસીઓ ! તેને જલ્દી અહી લઈ આવો. મારી ચંદ્રાવતી પુત્રીની તે ભગિની (બહેનપણી)

वापीसमीपे यातास्ता, नगराभिमुखीं ततः ।
वीक्षामासुर्भीमसुतां, मूर्तामब्धिसुतामिव ॥३१९॥

ऊचुश्च ऋतुपर्णस्य, देवी चन्द्रयशोऽभिधा ।
त्वामाह्वयति पुत्रीत्वस्नेहमादधती हृदि ॥३२०॥

तद् देहि दुःखं दुःखेभ्यः, स्वामिनीसविधे चल ।
छलं ते शून्यचित्ताया, भूतादिभ्योऽन्यथा भवेत् ॥३२१॥

इति तद्वचसाऽचालीदालीढा स्नेहतन्तुभिः ।
ताभिर्विनीतवाक्याभिर्भूपावासमनीयत ॥३२२॥

न चन्द्रयशसं मातृष्वसारं वेत्ति भीमजा ।
बाल्यदृष्टां भागिनेयीं, देवी चन्द्रयशा अपि ॥३२३॥

थशे. (૩૧૮)

પછી સાક્ષાત્ સમુદ્રનીપુત્રી જેવી લક્ષ્મીની જેમ દમયન્તીને નગર તરફ જતી તેને જોઈ (૩૧૯)

વાવ પાસે આવેલી તે દાસીઓએ તેને કહ્યું કે, "હે ભદ્રે ! અંતરમાં પુત્રત્વના સ્નેહને ધારણ કરતી ઋતુપર્ણરાજાની ચંદ્રશયા રાણી તમને બોલાવે છે. (૩૨૦)

માટે અમારી સ્વામિની પાસે ચાલો. અને તમારા દુઃખમાંથી તેને ભાગ આપી શાંત થાઓ. નહિંતર તો શૂન્યચિત્તવાળા તમને કોઈ ભૂતાદિક છળશે." (૩૨૧)

આ પ્રમાણે તેમનાં વચન સાંભળી સ્નેહતંતુથી આલીઢ (બંધાયેલી) થયેલી દમયંતી તેની સાથે ચાલી. દાસીઓ તેને વિનયસભર વચનથી રાજમહેલમાં તેડી ગઈ. (૩૨૨)

આ ચંદ્રયશા રાણી પોતાની માસી છે એમ દમયંતી જાણતી

दूरतोऽपि परं धर्मपुत्रीप्रेम्णा ददर्श ताम् ।
इष्टेऽनिष्टे च यद् रागविरागौ तनुते मनः ॥३२४॥

गाढं चन्द्रयशोदेव्या, सस्वजे नलवल्लभा ।
वैदर्भी तु ववन्दे तत्पादौ विनयवामना ॥३२५॥

पृष्टा देव्या च काऽसि त्वं, कथयामास भीमजा ? ।
यत्पुरा सार्थनाथाय, तदेव हि सबाष्पदृक् ॥३२६॥

देवी भैमीमुवाचाऽथ, भद्रे ! मम निकेतने ।
पुत्री चन्द्रवतीव त्वं, सुखं तिष्ठ शुभाशंये[1] ! ॥३२७॥

નથી અને બાલ્યાવસ્થામાં જોયેલી હોવાથી દમયંતી પોતાની બેનની પુત્રી છે એમ ચંદ્રયશા રાણી પણ જાણતી નથી. (૩૨૩)

છતાં દૂરથી જ રાણીએ તેને ધર્મપુત્રીના પ્રેમથી જોઈ. **કારણ કે ઈષ્ટ કે અનિષ્ટનો મેળાપ થતાં મનને રાગ અને વિરાગ સ્વયમેવ ઉત્પન્ન થાય છે.** (૩૨૪)

પછી ચંદ્રયશા દેવીએ તેને ગાઢ આલિંગન કર્યું અને દમયંતીએ વિનયથી નમ્ર બની તેના ચરણમાં વંદન કર્યું. (૩૨૫)

પછી રાણીએ તેને પૂછ્યું કે, "તું કોણ છો ? એટલે અશ્રુપૂર્ણ નયનથી પૂર્વે જેમ સાર્થવાહને કહ્યો હતો તેમ તેણે પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૩૨૬)

એટલે રાણીએ તેને કહ્યું કે, - હે ભદ્રે ! મારાભવનમાં મારી ચંદ્રાવતી પુત્રીની જેમ તેની સાથે તું શુભાશય રાખી સુખે રહે." (૩૨૭)

એકવાર રાણીએ ચંદ્રાવતીને કહ્યું કે, આ દમયંતી જેવી લાગે છે પણ તેની આવી અવસ્થા કેમ થાય ? કારણ કે તે તો

---

१. शुभाशयैरित्यपि ।

देवी चन्द्रवतीमूचेऽन्यदा भैमीव भात्यसौ ।
कथमीदृगवस्था स्यात्, तस्याः सा हि नलप्रिया ? ॥३२८॥

योजनानां शते सार्धे, तस्या आगमनं कुतः ? ।
ततो मदीयजामेयी, नेयं सादृश्यमस्ति तु ॥३२९॥

सा च राज्ञी चन्द्रयशा, ददौ दानं निरन्तरम् ।
दीनदुःस्थितपात्रेभ्यो, नागरस्य बहिर्भुवि ॥३३०॥

राज्ञी व्यज्ञपि वैदर्भ्याऽन्यदा दानं ददाम्यहम् ।
अत्र सत्रे कुतोऽप्येति, पतिर्यदि पुनर्मम ॥३३१॥

तदाऽऽद्यपि तदादेशाद् दद्वदन्ती यथास्थिति ।
ददौ दानं खेदसहा, नलाऽऽगमनवाञ्छया ॥३३२॥

નળરાજાની પત્ની છે. (૩૨૮)

વળી તે અહીંથી અઢીસો યોજનપર રહે છે. તો અહીં તેનું આગમન પણ ક્યાંથી હોય ? માટે એ મારી બેનની પુત્રી નથી. તેના જેવી અન્ય કોઈ છે. (૩૨૯)

હવે તે ચંદ્રયશા રાણી નગરની બહાર દીન-દુઃખીલોકોને નિરંતર દાન આપતી હતી. (૩૩૦)

એકવાર દમયંતીએ વિજ્ઞપ્તિ કરી કે-"એ દાનશાળામાં હું દાન આપવા બેસું કે વખતસર ક્યાંકથી મારો પતિ આવીને ફરી મને મળે." (૩૩૧)

રાણીએ તે વાત સ્વીકારી એટલે ત્યારથી રાણીની આજ્ઞાથી નળના આગમનની રાહ જોતી દમયંતી ખેદને સહન કરી દાનશાળામાં રહી યથાયોગ્ય દાન આપવા લાગી. (૩૩૨)

ત્યાં દાન લેવા આવનાર પ્રત્યેકને તે પૂછતી હતી કે –

सा प्रत्येकमपृच्छच्चाऽनुदिनं दानवाञ्छितनम् ।
ईदृगीदृक् पुमान् कोऽपि, भवद्भिः क्वाऽप्यदृश्यत ? ॥३३३॥

सत्रस्था सान्यदा चौरमपश्यत् तलरक्षकैः ।
बद्धं पुरो नीयमानं, रसद्विरसडिण्डिमम् ॥३३४॥

तलाध्यक्षानपृच्छच्च, भीमजाऽनेन कीदृशः ।
अपराधोऽत्र विदधे, वध एवंविधोऽस्य यत् ? ॥३३५॥

चन्द्रवत्या जहारैष, पापो रत्नसमुद्गकम् ।
तेनासौ कर्मणा वध्यभूमिकां देवि ! नीयते ॥३३६॥

चौरो भैमीं प्रणम्योचे, त्राणं स्वामिनि ! मे भव ।
भैम्यप्यभयदानेनाऽभ्यनन्दत् तं मलिम्लुचम् ॥३३७॥

"આવા લક્ષણવાળો કોઈ પુરુષ તમારા જોવામાં આવ્યો છે ?" (૩૩૩)

એકવાર દાનશાળામાં બેઠેલી દમયંતીએ એક ચોરને જોયો. જેને રાજપુરુષો બાંધીને લઈ જતા હતા. અને તે કરૂણસ્વરે વિલાપ કરતો હતો. (૩૩૪)

તેને જોઈ તેણે રાજપુરુષોને પૂછ્યુ કે, "આ ચોરે શું અપરાધ કર્યો છે, કે જેથી તેને વધસ્થાને લઈ જવાય છે. (૩૩૫)

તે બોલ્યો કે, એ પાપીએ ચંદ્રાવતી રાજપુત્રીના રત્નોનો દાબડો ચોર્યો છે. તેથી હે દેવી ! તેને વધસ્થાને લઈ જઈએ છીએ. (૩૩૬)

એ સમયે દમયંતીને પ્રણામ કરી ચોર બોલ્યો કે, "હે સ્વામિના ! મારૂં રક્ષણ કરો." એટલે દમયંતીએ તેને અભયદાન આપી આનંદિત કર્યો. (૩૩૭)

सतीत्वश्रावणापूर्वं, त्रिर्जलाच्छोटनेन सा ।
तद्बन्धांस्त्रोटयाञ्चक्रे, तुमुलश्चोत्थितो महान् ॥३३८॥

तच्छ्रुत्वा ऋतुपर्णोऽथ, जगाम सपरिच्छदः ।
विस्मितः सस्मितं भैमीमवदद् वदतां वरः ॥३३९॥

सर्वत्र क्षत्रधर्मोऽयं, नीतिमार्गप्रवर्तकः ।
कार्ये यद् भूभुजा दुष्टशिष्टनिग्रहपालने ॥३४०॥

करं हि गृह्णता राज्ञा, रक्ष्यः सर्वोऽप्युपद्रवः ।
अन्यथा तेन पापेन, लिप्यते भूपतिः स्वयम् ॥३४१॥

पुत्रि ! चेदस्य चौरस्य, निग्रहं न करोम्यहम् ।
तन्निर्भयो जनः सर्वः, सर्वस्वं हरति द्रुतम् ॥३४२॥

પછી પોતાના સતીપણાના પ્રભાવથી ત્રણવાર જલ છાંટીને દમયંતીએ તેના બંધન તોડી નાંખ્યા. અર્થાત્ બંધન તૂટી ગયા. એટલે મોટો કોલાહલ થયો. (૩૩૮)

તે વાત સાંભળી ઋતુપર્ણ રાજા સેવકો સાથે ત્યાં આવ્યો અને વિસ્મય પામી સ્મિતપૂર્વક તે દમયંતીને કહેવા લાગ્યો કે," (૩૩૯)

નીતિમાર્ગ પ્રવર્તક રાજાનો આ ક્ષત્રિયધર્મ છે કે સર્વત્ર દુષ્ટને શિક્ષા અને શિષ્ટની રક્ષા કરવી (૩૪૦)

પ્રજા પાસેથી કર ગ્રહણ કરનાર રાજાએ તેના સર્વ ઉપદ્રવોનું નિવારણ કરવું જોઈએ, નહિ તો રાજા પોતે તે પાપથી લેપાય છે." (૩૪૧)

હે પુત્રી ! જો એ ચોરનો હું નિગ્રહ ન કરું તો હલકા લોકો નિર્ભયતાથી ચોરી કરવા લાગી જાય." (૩૪૨)

भैम्यूचे तात ! मद्दृष्टौ, चटितः सन् शरीरभृत् ।
मार्येत परमार्हत्यास्तन्मे कीदृक् कृपालुता ? ॥३४३॥

तदयं क्षम्यतां मन्तुर्यन्मां शरणंमाश्रितः ।
धर्मपुत्र्या वचनेन, तं स्तेनममुचद् नृपः ॥३४४॥

मुक्तपात्रः स तां मेने, जननीं नतमस्तकः ।
प्राणदानोपकारं तं, स्मरन्नित्यं नमोऽकरोत् ॥३४५॥

भैमी तमन्यदाऽपृच्छत्, कोऽसि त्वं कुत आगतः ? ।
स ऊचे तापसपुरे वसन्तस्याऽस्मि कर्मकृत् ॥३४६॥

पिङ्गलो नामतः सोऽहं, व्यसनस्यैकमन्दिरम् ।
जग्राह खात्रखननात्तस्य सर्वस्वमन्यदा ॥३४७॥

તે સાંભળી ભૈમી બોલી, "હે તાત ! આપનું કહેવું સત્ય છે. પરંતુ મારી નજરે આવેલો જીવ કમોતે મરણ પામે તો પરમશ્રાવિકા એવી મારી દયા ફોગટ થાય (૩૪૩)

માટે મારો આ અપરાધ માફ કરો. કારણ કે એ મારે શરણે આવેલો છે. આ પ્રમાણે ધર્મપુત્રીના વચનથી રાજાએ તે ચોરને છોડી મૂક્યો. (૩૪૪)

મુક્ત થતાં જ તેણે મસ્તક નમાવી દમયંતીને માતા માની અને પ્રાણદાનના ઉપકારને સંભારતો તે વારંવાર તેને નમસ્કાર કરવા લાગ્યો. (૩૪૫)

એકવાર દમયંતીએ તેને પૂછ્યું કે, "હે ભદ્ર ! તું કોણ છે ક્યાંથી આવ્યો છે ? તે બોલ્યો કે હું તાપસપુરમાં રહેનાર વસંતશેખરનો (૩૪૬)

પિંગલ નામનો નોકર છું. મારામાં અનેક વ્યસનોની કટેવા

---

१. मास्थितः इति च ।

मार्गे गच्छन् सलोप्त्रश्च, लुण्टाकैर्लुण्टितोऽस्म्यहम् ।
स्वगुरुस्वामिमित्रस्त्रीद्रोहिणं कुशलं कियत् ? ॥३४८॥

अत्राऽऽगत्यर्तुपर्णं च, सेवमानः कुधीरहम् ।
अपश्यमन्यदा रत्नसमुद्गमहरं ततः ॥३४९॥

स्वमाच्छाद्योत्तरीयेण, निर्गच्छन् भूभुजा स्वयम् ।
विज्ञातोऽस्मि न हि प्रज्ञावतामज्ञातमस्ति किम् ॥३५०॥

नृपादेशात्तलाध्यक्षैर्बद्धोऽथ वधहेतवे ।
नीयमानस्त्वामपश्यं, मोचितोऽस्मि त्वयाऽनघे ! ॥३५१॥

किञ्च तापसनगराद्गतायामीश्वरि ! त्वयि ।
ज्वरार्त इव तत्याज, भोजनं सार्थनायकः ॥३५२॥

હોવાથી એકવાર તેનું સર્વસ્વ ચોરી લીધું. (૩૪૭)

ત્યાંથી તે લઈ ચાલી નીકળતાં ચોરીના માલ સાથે માર્ગે લુંટારાઓએ મને લૂંટી લીધો, અહો ! **સ્વગુરુ, સ્વામી, મિત્ર અને સ્ત્રીનો દ્રોહ કરનારને કુશળતા ક્યાંથી હોય** !" (૩૪૮)

પછી અહીં આવી ઋતુપર્ણ રાજાની સેવા કરતાં દુષ્ટબુદ્ધિવાળા મેં એકદા રત્નનો દાબડો જોયો અને તેનું હરણ કર્યું. (૩૪૯)

પછી ઉત્તરીયવસ્ત્રથી પોતાને આચ્છાદિત કરીને નીકળતાં રાજાએ પોતે જ મને ઓળખ્યો. "અહો ! બુદ્ધિશાળીઓને શું અગોચર છે ?" (૩૫૦)

રાજાના હુકમથી રાજપુરુષો મને બાંધી વધ કરવા લઈ જતા હતા. એવામાં તમે મારી દૃષ્ટિએ પડ્યા અને હે અનઘે (પુણ્યશાલી) ! તમે મને છોડાવ્યો. (૩૫૧)

હે સતી ! તમે તાપસપુરમાંથી ગયા પછી જ્વરાર્તની જેમ

संबोधितो यशोभद्रसूरिणा स कथंचन ।
सप्तरात्रोपवासान्ते, बुभुजे सपरिच्छदः ॥३५३॥

वसन्तश्चान्यदा देवि !, गतः कूबरभूपतिम् ।
ढौकनस्य ढौकनेन, तुष्टोऽस्मै नरनिर्जरः ॥३५४॥

दत्त्वा छत्रादिकं चक्रे, तं तापसपुरेश्वरम् ।
वसन्तः श्रीशेखर इत्यभिधां चापि भूपतिः ॥३५५॥

विसृष्टो भूभुजा भम्भापिकीस्वरविकस्वरः ।
वसन्तपुरमायासीज्जनचित्तद्रुतोषकृत् ॥३५६॥

भवदीयप्रसादेन, दवदन्ति ! महासति ! ।
राज्यं प्रकुरुते प्राज्यं, स तापसपुरेश्वरः ॥३५७॥

સાર્થવાહે ભોજનનો ત્યાગ કર્યો હતો. (૩૫૨)

પછી યશોભદ્રસૂરિએ તેને ખૂબ સમજાવ્યો. એટલે તેણે સાત ઉપવાસને અંતે પરિવાર સહિત ભોજન લીધું. (૩૫૩)

એકવાર હે દેવી ! વસંતસાર્થવાહ કૂબરરાજા પાસે ગયો. ત્યાં ભેટણા આપતા રાજા તેના ઉપર સંતુષ્ટ થયો. (૩૫૪)

એટલે તેને છત્રાદિક આપી વસંતશ્રીશેખર નામથી તાપસપુરનો સ્વામી બનાવ્યો. (૩૫૫)

પછી કૂબરરાજાએ વિસર્જન કરેલો, ભંભાદિક વાજિંત્રના નાદથી શોભતો અને લોકોના ચિત્તરૂપ વૃક્ષને આનંદ આપનાર એવો તે વસંતપુરમાં આવ્યો. (૩૫૬)

હે મહાસતી દમયંતી ! તમારી કૃપાથી અત્યારે તે તાપસપુરનો સ્વામી થઈ વિશાળ રાજ્ય ભોગવે છે. (૩૫૭)

પછી દમયંતીએ તેને કહ્યું કે :- "પોતાના દુષ્કર્મરૂપ મર્મને

भैम्यूचे निजदुष्कर्ममर्मभेदनकर्मठम् ।
व्रतं गृहाण सोऽप्युचे, करिष्ये तव भाषितम् ॥३५८॥

तत्रायातं साधुयुग्मं, प्रतिलम्भ्य च भीमजा ।
अवादीद्यद्ययं योग्यस्तदस्मै दीयतां व्रतम् ॥३५९॥

तेन योग्य इति प्रोक्ते, ययाचे पिङ्गलो व्रतम् ।
सद्यो देवगृहे नीत्वा, प्रव्रज्यां ग्राहितश्च सः ॥३६०॥

अन्यदा कुण्डिनेशेनाऽश्रावि यन्नलभूपतिम् ।
राज्यं द्यूते हारयित्वा, कूबरो निरवासयत् ॥३६१॥

स विवेश महारण्ये, दवदन्त्या सहैव हि ।
मृतो जीवति वा नैवं, ज्ञायते क्वाऽप्यसौ गतः ॥३६२॥

ભેદવા સમર્થ એવી દીક્ષા તું ગ્રહણ કર." તે બોલ્યો કે "જેમ તમે કહો છો તેમ જ હું કરીશ." (૩૫૮)

એવામાં ત્યાં બે સાધુ આવ્યા તેમને વંદન કરી દમયંતીએ કહ્યું કે :- "હે ભગવાન્ ! જો આ પુરુષ યોગ્ય હોય તો એને દીક્ષા આપો." (૩૫૯)

મુનિએ કહ્યું કે :- "એ વ્રતને યોગ્ય છે." એટલે પિંગલે વ્રતની યાચના કરી, અને તરત જ તેને જિનચૈત્યમાં લઈ જઈ મુનિએ દીક્ષા આપી. (૩૬૦)

એકવાર કુંડિનપુરના રાજાએ (દમયંતીના પિતા) સાંભળ્યું કે- "દ્યૂતમાં નળરાજાને હરાવી રાજય લઈ કૂબરે તેને કાઢી મૂક્યા છે. (૩૬૧)

અને તે દમયંતીની સાથે એક મોટા અરણ્યમાં ગયા છે. ત્યારપછી તેમનું શું થયું ? તે જીવે છે કે મરણ પામ્યા છે એના

पुष्पदन्त्यपि राज्ञी तं, श्रुत्वा भीमरथाद् नृपात् ।
अरोदीद्रोदयन्ती सा, रोदसीं प्रगुरुस्वरम् ॥३६३॥

ततो भीमरथो राजा, हरिमित्राभिधं बटुम् ।
निदिदेश प्रतिदिशं, तयोः शुद्धिनिबन्धनम् ॥३६४॥

सर्वत्र शोधयंस्तौ तु, सोऽथाऽचलपुरे ययौ ।
अपश्यद् भूपतिं चन्द्रयशसाऽप्रच्छि चाऽऽदरात् ॥३६५॥

कच्चित् सपरिवारायाः, कुशलं मामकस्वसुः ? ।
सोऽवोचत्कुशलं देव्या, नलभैम्योस्तु चिन्त्यताम् ॥३६६॥

किं ब्रवीषीति भणितो, देव्या वाक्यपटुर्बटुः ।
द्यूतप्रभृतिकां कर्णव्यथिकां न्यगदत् कथाम् ॥३६७॥

અથવા તો તે ક્યાં ગયા છે તેના કાંઈ સમાચાર નથી." (૩૬૨)

આ પ્રમાણે હકીકત ભીમરથરાજાએ પુષ્પદંતી રાણીને કહી. પછી તે ઉંચાસ્વરે પૃથ્વીને રોવરાવતી રૂદન કરવા લાગી. (૩૬૩)

પછી ભીમરથરાજાએ તે બંનેની શુદ્ધિ માટે હરિમિત્ર નામના બટુકને પ્રતિદિશામાં જવાનો આદેશ કર્યો. (૩૬૪)

તે નળદમયંતીની તાપસ કરતો કરતો અચલપુરમાં આવ્યો. ત્યાં રાજા પાસે ગયો. એટલે ચંદ્રયશારાણીએ તેને આદરપૂર્વક પૂછ્યું કે, (૩૬૫)

"પરિવાર સહિત મારી બેન કુશળ છે ને ? તે બોલ્યો કે, " તમારી બહેન તો કુશળ છે. પણ નળ દમયંતી માટે વિચારવા જેવું છે. (૩૬૬)

એટલે દેવીએ કહ્યું કે, એ તું શું બોલે છે ?" આથી બોલવામાં કુશળ એવા બટુકે કર્ણને વ્યથા કરનારી દ્યૂત વિગેરેની કથા કહી

ततश्चन्द्रयशा देवी, रुदती तत्र संसदि ।
नेत्रयोः कज्जलमिव, प्रमोदं निरवासयत् ॥३६८॥

तत्सर्वं दुःखितं प्रेक्ष्य, बुभुक्षाक्षामकुक्षिकः ।
बटुः सत्रं ययौ यस्माद्, **भोज्यं हि प्रथमं फलम्** ॥३६९॥

निविष्टस्तत्र भोज्याय, भोज्यशालाधिकारिणीम् ।
निजस्वामिसुतां वीक्ष्य, तामुपालक्षयच्च सः ॥३७०॥

ववन्दे चरणौ देव्याः, स्फुरद्रोमाञ्चकञ्चुकः ।
विकासिनयनाम्भोजो, विस्मृतक्षुदुवाच च ॥३७१॥

केयं तव दशा देवि !, दवान्तर्व्रततेरिव ? ।
यत् सूत्रयसि सत्रेऽत्र, कर्म कर्मकरोचितम् ॥३७२॥

સંભળાવી. (૩૬૭)

તે સાંભળી ત્યાં સભામાં જ ચંદ્રયશા દેવી રૂદન કરવા લાગી. તેના નયનમાંથી કાજળની જેમ હૃદયમાંથી આનંદ ઉડી ગયો. (૩૬૮)

પછી ત્યાં સર્વને દુઃખી દેખી ભૂખથી ક્ષીણકુક્ષિવાળો બટુક દાનશાળામાં ગયો. **કારણ કે ભોજન એ સજ્જનના મેળાપનું પ્રથમ ફળ છે.** (૩૬૯)

ત્યાં તે ભોજન કરવા બેઠો. એવામાં દાનશાળાની અધિકારિણી દમયંતીને પોતાના સ્વામીની પુત્રી છે. એમ તેણે ઓળખી લીધી (૩૭૦)

અને તુરત રોમાંચિત થઈ તેણે તેના ચરણમાં વંદન કર્યું. પછી ભૂખની પીડા પણ ભૂલી ગયો અને નયનકમળ વિકાસ પામેલા એવા તેણે દમયંતીને કહ્યું કે, (૩૭૧)

"હે દેવી ! દાવાનળમાં રહેલી લતાની જેવી તમારી આ શી

दिष्ट्या दृष्टिपथं याता, जीवन्तीत्यभिधाय सः ।
उत्थायाऽवर्धयच्चन्द्रयशोदेवीमवीतधीः ॥३७३॥

अस्ति स्वस्तिमती दानशालायां देवि ! भीमजा ।
सत्रेऽकुण्ठसमुत्कण्ठाऽऽयाता चन्द्रयशास्ततः ॥३७४॥

देवी चन्द्रयशा भीमनन्दिनीं नेत्रनन्दिनीम् ।
आशिश्लेष चिरायातनलिनीमलिनी यथा ॥३७५॥

ऊचे च वत्से ! सुव्यक्तैर्लक्षणैर्लक्षिताऽपि हि ।
नैवोपलक्षिताऽसि त्वं, धिग् मामज्ञानवञ्चिताम् ॥३७६॥

त्वयापि हि कथङ्कारं, वञ्चितास्मि गतस्मये ! ।
दुर्दशायामागतायां का, लज्जा मातृमन्दिरे ? ॥३७७॥

દશા ! આપ અહીં દાનશાળામાં રહી એક નોકરને ઉચિત કામ કર્યા કરો છો એ શું ? (૩૭૨)

પરંતુ મારો પરમ ભાગ્યોદય છે કે આપ જીવતા મારી દૃષ્ટિપથમાં આવ્યા.'' એમ કહી ત્યાંથી ઊઠી બુદ્ધિશાળી તેણે ચંદ્રયશા દેવીને વધામણી આપી કે- (૩૭૩)

''હે દેવી ! દમયંતી તો આપની દાનશાળામાં જ છે. તે સાંભળી અત્યંત ઉલ્લાસપૂર્વક ચંદ્રયશા ત્યાં આવી (૩૭૪)

અને ભ્રમરી જેમ ચિરકાળે પ્રાપ્ત થયેલી કમલિનીને ભેટે તેમ નેત્રાનંદકારી દમયંતીને ભેટી પડી. (૩૭૫)

અને બોલી કે, ''હે વત્સે ! તું પ્રગટ લક્ષણોથી લક્ષિત છતાં હું તને ન જ ઓળખી શકી. માટે અજ્ઞાનથી વંચિત મને ધિક્કાર થાઓ. (૩૭૬)

હે ગતસ્મયે ! તેં પણ મને શા માટે છેતરી ! દુર્દશા પ્રાપ્ત

वत्से ! नलस्त्वया मुक्तस्त्वं, मुक्ताऽसि नलेन वा ? ।
तेन त्यक्ताऽसि तं तु त्वं, महासति ! न मुञ्चसि ॥३७८॥

त्वं चेत् त्यजसि दुर्दैवादवस्थापतितं पतिम् ।
ततः सुधारुचेर्बिम्बात्कृशानुकणवर्षणम् ॥३७९॥

किमेष नैषधेर्धर्मस्तत्कुले वा कुलीनता ? ।
महासती प्रिया मार्गे, त्यज्यतेऽलज्जचेतसा ॥३८०॥

तव दुःखानि गृह्णामि, कुर्यां भ्रामणकं तव ।
मम मन्तुं क्षमस्वैनं, यन्मया नोपलक्षिता ॥३८१॥

थतां पण मातृमंदिरमां लज्जा केवा! (उ७७)

पूछे राजा तेहने, राजयभ्रंशादिक वात.
दमयंती सघळो कहे, धूरथी नळ अवदात.

परंतु हे वत्से ! ते नळने तजया के तेणे तारो त्याग कयो ? पण विचारणा करतां जणाय छे के तेणे ज तने तजी हशे. महासती ! तुं तेने कदी तजे नहीं. (उ७८)

दुर्दैवयोगे दुर्दशामां पडेला पतिने जो तुं तजी दे तो चंद्रमांथी अंगारानी वृष्टि थवा जेवुं थाय. (उ७९)

शुं नळनो आवो धर्म ! तेना कुळमां आवी कुलीनता ! जेथी निर्लज्ज मनवडे महासती प्रियाने तेणे मार्गमां तजी दीधी. (उ८०)

हे पुत्री ! तारा दुःखोने हुं लई लउं. तारा हुं भामणा लउं पण हुं तने ओळखी न शकी. ए मारा अपराधने तुं क्षमा करजे. (उ८१)

वळी हे बाळे ! कृष्णपक्षनी रात्रिओमां अंधकाररूप राहुनो

तमोविधुन्तुदच्छेदः, कृष्णपक्षनिशास्वपि ।
क्व वा विशेषको बाले !, तव भाले सहोद्भवः ? ॥३८२॥

इत्युक्त्वा स्वमुखाम्भोजनिष्ठीवनजलेन सा ।
भैम्या ललाटं मार्ष्टि स्म, जघ्रौ मूर्ध्नि पुनः पुनः ॥३८३॥

शशीवाम्भोदनिर्मुक्तः, प्रदीप इव बोधितः ।
विशेषको विशेषेण, तत्क्षणं दिद्युते द्युता ॥३८४॥

ततश्चन्द्रयशा देवी, स्वपाणिभ्यां नलप्रियाम् ।
गन्धोदकैरस्नपयत्, तां साक्षादिव देवताम् ॥३८५॥

वसने श्वेतमसृणे, चन्द्रिकानिर्मिते इव ।
देव्या समर्पिते भैमी, ततः परिदधे मुदा ॥३८६॥

નાશ કરનારૂં અને જન્મ સાથે જ ઉત્પન્ન થયેલું તારા ભાલ પરનું તિલક ક્યાં છે" ? (૩૮૨)

આમ કહી પોતાના મુખમાંના થુંકના જલથી તેણે દમયંતીનું લલાટ સાફ કર્યું. અને તેને વારંવાર મસ્તક ઉપર ચુંબન દેવા લાગી. (૩૮૩)

એટલે મેઘથી મુક્ત થયેલ જાણે ચંદ્રમા જ ન હોય અને જાણે દીપક પ્રગટાવ્યો હોય, તેમ તુરત જ તેનું ભાલતિલક તેજથી વધારે ચમકવા લાગ્યું. (૩૮૪)

પછી ચંદ્રયશા દેવીએ સાક્ષાત્ દેવતાની જેમ પોતાના હાથે સુગંધીજળથી દમયંતીને સ્નાન કરાવ્યું (૩૮૫)

અને જાણે ચંદ્રિકાથી બનાવ્યા હોય તેવા શ્વેત અને સ્નિગ્ધ બે વસ્ત્રો રાણીએ તેને આપ્યા. (૩૮૬)

એટલે દમયંતીએ હર્ષથી તે ધારણ કર્યા. પછી દમયંતીનો

देवी करे गृहीत्वा तां, निषसाद सदस्यथ ।
ऋतुपर्णान्तिकेऽयासीत्, तदा चास्तं [१]गते रविः ॥३८७॥

तदा च तमसाऽपूरि, निःशेषमपि पुष्करम् ।
वर्षासु वारिपूरेण, वामलूर इवाधिकम् ॥३८८॥

सभायां भूपतेर्नैव, प्रविवेश तमीतमः ।
वारितं भीमजापुण्ड्रतेजोभिर्वेत्रिभिर्यथा ॥३८९॥

उवाच राजा यातेऽस्तं, पद्मिनीप्राणवल्लभे ।
दीपिकाया अभावेऽपि, देवि ! कौतस्कुती द्युतिः ? ॥३९०॥

राज्ञी जन्मोद्भवं भैम्यास्तिलकं तददर्शयत् ।
कौतुकात् तत् प्यधाद्राजा, [२]संदश्च तिमिरं तदा ॥३९१॥

હાથ ઝાલી તેને દેવી ઋતુપર્ણરાજાની સભામાં લઈ ગઈ. એવામાં સૂર્યાસ્ત થયો. (૩૮૭)

અને વર્ષાકાળમાં જલપૂરથી રાફડા ભરાઈ જાય તેમ અંધકારથી સમસ્ત વિશ્વ પૂરાઈ ગયું છતાં તે રાત્રિનો અંધકાર દમયંતીના તિલકના તેજરૂપ દ્વારાપાળોએ જાણે અટકાવેલ હોય તેમ રાજસભામાં તો પ્રવેશ જ ન કરી શક્યો. (૩૮૮-૩૮૯)

એટલે રાજાએ કહ્યું કે, "હે દેવી ! દિવાકર અસ્ત થવા છતાં અને દીપકનો અભાવ છતાં આ પ્રકાશ ક્યાંથી ?" (૩૯૦)

એટલે રાણીએ જન્મથી ઉત્પન્ન થયેલું દમયંતીનું ભાલતિલક બતાવ્યું. રાજાએ કૌતુકથી તેને આચ્છાદિત કર્યું. એટલે આખી રાજસભા અંધકારથી વ્યાપ્ત બની ગઈ. (૩૯૧)

પછી પોતાનો હાથ દૂર કરી પિતાની જેમ રાજાએ દમયંતીને

---

१. दिवाकर एतदपि । २. सदसि ध्वान्तमप्यभूत्, इदमपि ।

दूरेकृत्य ततः पाणिमृतुपर्णनरेश्वरः ।
पप्रच्छ पितृवद्राज्यभ्रंशप्रभृतिकां कथाम् ॥३९२॥

दवदन्त्यपि हि द्यूतादारभ्याऽकथयत्कथाम् ।
निजनेत्रपयःपूरैस्तन्वन्ती पङ्किलामिलाम् ॥३९३॥

राजा निजोत्तरीयेण, तस्याः संमार्ज्य लोचने ।
उवाच वत्से ! मा रोदीः, कश्चिद्दैवाद्बली न हि ॥३९४॥

अत्रान्तरे सुरः कश्चित्, स्वर्गादागत्य संसदि ।
तत्रोचे भीमतनयां, विनयाद् रचिताञ्जलिः ॥३९५॥

स्वामिन्यहं तवादेशात्तस्करः पिङ्गलाह्वयः ।
प्रव्रज्य विहरन् यातः, श्रीतापसपुरेऽन्यदा ॥३९६॥

श्मशानमध्ये माध्यस्थ्येनाऽस्थां प्रतिमया ततः ।
चितानलोऽनिलोद्धूतो, मद्देहमदहत् तदा ॥३९७॥

રાજ્યભ્રંશ વિગેરે સર્વ હકીકત પૂછી. (૩૯૨)

પોતાના નયનજળના પુરથી પૃથ્વીને કાદવમય બનાવતી દમયંતીએ દ્યુતથી માંડી બધી કથા કહી સંભળાવી (૩૯૪)

પછી રાજાએ પોતાના ઉત્તરીયવસ્ત્રથી તેના બંને નયનો સાફ કરી આંસુ લૂછીને કહ્યું કે, "હે વત્સે ! તું કલ્પાંત ન કર. કારણ કે દૈવ કરતાં કોઈ બળવાન નથી. (૩૯૪)

એવામાં સ્વર્ગમાંથી કોઈ દેવ રાજસભામાં આવ્યો અને વિનયથી અંજલિ જોડી દમયંતીને કહેવા લાગ્યો કે, (૩૯૫)

"હે સ્વામિની ! હું પિંગલ નામે ચોર, તમારા આદેશથી દીક્ષા લઈ વિહાર કરતાં એકવાર તાપસપુરમાં ગયો. (૩૯૬)

ત્યાં સ્મશાનમાં મધ્યસ્થભાવે હું પ્રતિમામાં રહ્યો. એવામાં

तथापि धर्मध्यानस्थो, विधायाऽऽराधनामहम् ।
पिङ्गलो नामधेयेनाऽजनि स्वर्गे सुरोत्तमः ॥३९८॥

त्वां नन्तुमागतो ज्ञात्वाऽवधिज्ञानाद् महासति ! ।
त्वयाऽस्मि रक्षितः साक्षात्, शिक्षितो दीक्षितोऽस्म्यहम् ॥३९९॥

तव पादप्रसादेनाऽऽसदं स्वर्गसदां पदम् ।
इत्युक्त्वा स्वर्णकोटीः स, सप्त वृष्ट्वा तिरोदधे ॥४००॥

तच्छ्रुत्वा चाद्भुतं भूपः, सप्रत्ययमनत्ययम् ।
अधर्ममर्मव्यथकं, प्रपेदे धर्ममार्हतम् ॥४०१॥

हरिमित्रोऽन्यदा चन्द्रयशसा सहितं नृपम् ।
अनुज्ञाप्याऽनयद् भीमतनयां कुण्डिनं प्रति ॥४०२॥

પવનથી ઉડેલ ચિત્તાના અગ્નિથી મારૂં શરીર બળી ગયું. (૩૯૭)

તો પણ ધર્મધ્યાનમાં સ્થિર રહી આરાધના કરી હું દેવલોકમાં પિંગલ નામે દેવ થયો છું. (૩૯૮)

હે મહાસતી ! અવધિજ્ઞાનથી તમારો ઉપકાર જાણી હું તમને નમસ્કાર કરવા આવ્યો છું. હે ભગવતી ! તમે મારી રક્ષા કરી અને મને સાક્ષાત્ હિતશિક્ષા આપી દીક્ષિત બનાવ્યો. (૩૯૯)

એ તમારા પ્રસાદથી જ હું દેવપણું પામ્યો છું. આ પ્રમાણે કહી સાતકોટિ સુવર્ણ વરસાવીને તે દેવ અદૃશ્ય થઈ ગયો. (૪૦૦)

આવી આશ્ચર્યકારી હકીકત સાંભળી રાજાએ વિઘ્નવારક, અધર્મમર્મભેદક, સત્યપ્રભાવશાલી આર્હતધર્મનો સ્વીકાર કર્યો. (૪૦૧)

પિતૃગૃહે ગઈ દમયંતી. આઁસુ હર્ષના આય.

એકવાર ચંદ્રયશાદેવી અને રાજાની રજા લઈ હરિમિત્ર

आगच्छन्तीं सुतां श्रुत्वाऽभ्यागमद् भीमभूपतिः ।
वाजिना वायुवाजेन, स्नेहेन च पुरस्कृतः ॥४०३॥

आयान्तं पितरं वीक्ष्य, भैमी चरणचारिणी ।
तत्पदाम्भोजयोः स्मेरमुखाम्भोजाऽपतत्ततः ॥४०४॥

तयोर्मिलितयोर्नेत्रनीरैः प्रसृमरैस्तदा ।
भूरिपङ्काऽभवद् भूमिः, पयोदसमये यथा ॥४०५॥

पुष्पदन्ती तदायातां, दवदन्तीं निजाङ्गजाम् ।
आश्लिष्यति स्म सुदृढं, राजहंसीव पद्मिनीम् ॥४०६॥

मुक्तकण्ठं च तत्कण्ठं, लगित्वाऽरुददुच्चकैः ।
नलप्रिया **भवेद् दुःखमिष्टे दृष्टे नवं यतः** ॥४०७॥

દમયંતીને કુંડિનપુર તેડી ગયો. (૪૦૨)

પોતાની પુત્રીને આવતી સાંભળી ભીમરાજા સ્નેહપૂર્વક વાયુવેગે અશ્વથી સામે આવ્યો. (૪૦૩)

પોતાના પિતાને આવતા જોઈ વિકસિત વદનકમળવાળી દમયંતી પગે ચાલી તાતના ચરણકમલમાં પડી. (૪૦૪)

પછી પરસ્પર નેત્રમિલનથી બંનેના નેત્રમાંથી શ્રાવણ ભાદરવો વરસવા લાગ્યો. અશ્રુજળથી વર્ષાસમયની જેમ પૃથ્વી કાદવમય બની ગઈ. (૪૦૫)

પદ્મિનીને રાજહંસીની જેમ પુષ્પદંતી પોતાની પુત્રી દમયંતીને બહુ જ દૃઢતાથી ભેટી પડી. (૪૦૬)

એટલે તેના કંઠમાં વળગી દમયંતી મુક્તકંઠે ઉંચે સ્વરે રોવા લાગી કારણ કે, **"ઈષ્ટને જોતાં દુઃખ તાજું થાય છે."** (૪૦૭)

પછી જળથી નેત્રનું પ્રક્ષાલન કરી તેમણે પરસ્પર દુઃખનું

प्रक्षाल्य नयनान्युच्चैर्वारिणा विनिवारणम् ।
चक्रुः परस्परं दुःखसमुद्गिरणपूर्वकम् ॥४०८॥

पुष्पदन्ती सुतामङ्कमधिरोप्य जगाद च ।
दिष्ट्या दृष्टाऽद्य जीवन्ती, भाग्यं नोऽद्यापि [१]वर्तते ॥४०९॥

समयं गमयन्त्यास्ते, सुखेन न चिरादपि ।
मिलिष्यति नलः सर्वं, जीवो जीवँल्लभेत हि ॥४१०॥

हरिमित्राय भूपालो, ग्रामपञ्चशतो ददौ ।
पुरे तत्रोत्सवं चक्रे, देवगुर्वर्चया समम् ॥४११॥

विदर्भाधिपतिः प्रोचे, वैदर्भीमथ सादरम् ।
नलो मिलिष्यति यथा, तथा वत्से ! विधास्यते ॥४१२॥

વર્ણન કરવા દ્વારા દુઃખ ઓછું કર્યું (૪૦૮)

પછી પોતાની પુત્રીને ઉત્સંગમાં બેસાડી પુષ્પદંતી બોલી કે, "હે વત્સે ! ભાગ્યયોગે આજ તને જીવતી જોઈ, તેથી હજી અમારો પુણ્યોદય જાગે છે એમ જણાય છે. (૪૦૯)

હે વત્સે ! અહીં સુખપૂર્વક સમય પસાર કરતાં તને અલ્પકાળમાં નળરાજાનો મેળાપ થશે. કારણ કે જીવતો નર ભદ્ર પામે. અર્થાત્ જીવતો માનવ બહુ પામી શકે છે. (૪૧૦)

રાજાએ હરિમિત્રને ઈનામમાં પાંચસો ગામ આપ્યા અને નગરમાં દેવ-ગુરુની પૂજાપૂર્વક મોટો મહોત્સવ કર્યો. (૪૧૧)

ભીમરાજાએ દમયંતીને આદરપૂર્વક કહ્યું કે, "હે વત્સે ! જેમ તમને અલ્પસમયમાં નળરાજા મળે તેવા ઉપાયો હું કરીશ." (૪૧૨)

હવે નળરાજાનું શું થયું તે ચારિત્રકર્તા કહે છે હવે

---

१. विद्यते, इत्यपि ।

तदा च भीमजां मुक्त्वा, परिभ्राम्यन् वने नलः ।
कक्षात् समुत्थितं धूममपश्यद् गगनातिगम् ॥४१३॥

धूमो निमेषमात्रेणाप्यभूत् कीलाकरालितः ।
वने समुद्यत्कुसुमकिंशुकौघभ्रमप्रदः ॥४१४॥

दह्यमानेषु वंशेषु, क्रीडत्सु श्वापदेषु च ।
शब्दाद्वैतमभूत् तत्र, कल्पान्तभ्रान्तिकृत्तदा ॥४१५॥

नलो दवानले दीप्तेऽथाऽश्रौषीत् पुरुषस्वरम् ।
रक्ष मां नलभूपालेक्ष्वाकुवंशसमुद्भव ! ॥४१६॥

अकारणोपकर्तारः, सन्तो यदि तदाऽपि हि ।
उपकारं करिष्यामि तुभ्यमभ्यधिकं नृप ! ॥४१७॥

દમયંતીનો ત્યાગ કરી વનમાં ભમતાં વનના એક પ્રદેશમાંથી ઉઠેલો અને આકાશને ઓળંગી જતાં એવા ધૂમાડાને નળરાજાએ જોયો. (૪૧૩)

વનમાં થનારા કેસૂડાના પુષ્પોની ભ્રાંતિ કરાવનાર તે ધૂમાડો આંખના પલકારામાં તો જ્વાલાઓથી ભયંકર થઈ પડ્યો. (૪૧૪)

ત્યાં એકબાજુ વાંશ બળતા હતા તો બીજી બાજુ શ્વાપદોની પોકાર કરતા હતા. તેથી કલ્પાંતકાળની ભ્રાંતિ કરનાર બધું શબ્દમય થઈ ગયું હતું. (૪૧૫)

એવામાં તે દીપ્ત દાવાનળમાં નળરાજાએ પુરુષનો શબ્દ સાંભળ્યો. "હે ઇક્ષ્વાકુવંશના ભૂષણરૂપ નળરાજા ! મારૂં રક્ષણ કર. (૪૧૬)

જો કે સજ્જનો નિષ્કારણ ઉપકાર કરનાર હોય છે તો પણ હે રાજન્ ! હું તો તારી પર અધિક ઉપકાર કરીશ." (૪૧૭)

मार्गणः शब्दवेधीव, तं शब्दमभिजग्मिवान् ।
वदन्तं रक्ष रक्षेत्यद्राक्षीत् सर्पं तदन्तरे ॥४१८॥

नलोऽपृच्छत् कथं वेत्सि, मम नामान्वयौ ननु ? ।
कुतो वा मानुषी भाषा, तवेयं नयनश्रवः ? ॥४१९॥

स आख्यदवधिज्ञानात्सर्वं विदितमेव मे ।
प्राग्भवे मनुजोऽभूवं, तेन भाषा च मानुषी ॥४२०॥

नलोऽवलोक्य साकम्पं, सकृपस्तं सरीसृपम् ।
समाक्रष्टुं निचिक्षेप, निजां वल्लीवने पटीम् ॥४२१॥

भूलग्नमञ्चलं प्राप्य, पन्नगोऽवेष्टयद् भृशम् ।
पटीलग्नं परसुखोत्कर्षी राजा चकर्ष तम् ॥४२२॥

આવા શબ્દો સાંભળી શબ્દવેધી બાણની જેમ નળરાજા તે શબ્દની દિશા ભણી આગળ ગયો. એટલે એ દાવાનળમાં "બચાવ બચાવ" એમ બોલતા એક સર્પને તેણે જોયો. (૪૧૮)

નળે તેને પૂછ્યું કે "મારા નામ અને વંશને તે ક્યાંથી જાણ્યા ? વળી હે નાગ ! તારી આ માનુષીભાષા ક્યાંથી ? (૪૧૯)

તે બોલ્યો કે, અવધિજ્ઞાનથી એ બધું હું જાણી શકું છું અને પૂર્વભવમાં હું માનવ હતો. તેથી માનુષીભાષા બોલી શકું છું." (૪૨૦)

પછી દાવાનળથી કંપતા બળતા સર્પને જોઈ દયાળુ નળરાજાએ તેને બહાર કાઢવા પોતાનું વસ્ત્ર ફેંક્યું. (૪૨૧)

તેનો છેડો પૃથ્વીપર લાગતાં તે સર્પ તુરત જ તેમાં લપેટાઈ ગયો. પરમસુખથી જ આનંદ પામનાર નળરાજાએ વસ્ત્રમાં લાગેલા તે સર્પને બહાર ખેંચી કાઢ્યો. (૪૨૨)

गत्वा दूरप्रदेशे तं, दवस्याऽगोचरेऽमुचत् ।
मुच्यमानेन दष्टश्च, पन्नगेन करे नलः ॥४२३॥

नलोऽवदत्तमाच्छोट्य, भवता स्वोचितं कृतम् ।
पयः पाययते योऽपि, युष्माभिः सोऽपि दश्यते ॥४२४॥

नलस्यैवं ब्रुवाणस्य, प्रससर्प विषं तनौ ।
वपुः कुब्जमभूत्तेन, वार्धकेनेव बाधितम् ॥४२५॥

सूक्ष्मक्रमकरग्रीवो, लम्बोष्ठः पिङ्गकुन्तलः ।
अलिञ्जरोदरो मूर्त्या, बीभत्सोऽभूद्विषाद् नलः ॥४२६॥

अचिन्तयच्च रूपेणाऽनेन मे प्राणितं वृथा ।
तद् गृह्णामि वरं दीक्षामप्यक्षयफलप्रदाम् ॥४२७॥

દૂરપ્રદેશમાં જઈ જ્યાં દાવાનળ ન આવી શકે એવા સ્થાનમાં તેને મૂક્યો. પૃથ્વી પર છોડતાં તે સર્પે નળરાજાના હાથે ડંખ દીધો. (૪૨૩)

એટલે તેને આચ્છોટીને નળ બોલ્યો કે, **"તે સ્વોચિત જ કર્યું છે. કારણ કે જે તમને દૂધ પાય તેને જ તમે ડસો છો."** (૪૨૪)

આ પ્રમાણે બોલતાં નળના શરીરમાં વિષ પ્રસરી ગયું અને વૃદ્ધાવસ્થાથી જેમ પીડિત થાય તેમ તેનું શરીર કુબ્જ બની ગયું. (૪૨૫)

એટલે હાથ, પગ, ગ્રીવા નાના થઈ ગયા કેશ પીળા બની ગયા. ઘટ જેવું પેટ, તો વિષના વિકારથી તે આકારમાં બિભત્સ બની ગયો. (૪૨૬)

આ પ્રમાણે થતાં તે ચિંતવવા લાગ્યો કે – આવા કુરૂપવડે

नलस्य ध्यायतश्चैवं, मुक्त्वा सर्पः स सर्पताम् ।
दिव्यालङ्कारसम्भारधारकोऽभूत् क्षणात् सुरः ॥४२८॥

ऊचे च मा कृथाः खेदं, पिताऽस्मि निषधस्तव ।
दीक्षाग्रहणतो ब्रह्मलोके वृन्दारकोऽभवम् ॥४२९॥

ज्ञात्वा चावधिनाऽवस्थां, तवेमां मायया मया ।
समस्ताङ्गेषु वैरूप्यं, विहितं ते हितं ननु ॥४३०॥

दण्डिताः खण्डिता दासीकृताश्च भवता द्विषः ।
ते त्वामनुपलक्ष्यत्वात्, पीडयिष्यन्ति नाधुना ॥४३१॥

अधुनाऽपि विधेयो न, त्वया दीक्षामनोरथः ।
अद्याऽपि भरतस्यार्धं, भोक्तव्यं भवता यथा ॥४३२॥

मारे જીવવું નકામું છે. હવે તો અક્ષયફળ દેનારી દીક્ષા ધારણ કરવી તેજ શ્રેષ્ઠ છે." (૪૨૭)

એ પ્રમાણે તે વિચાર કરે છે. એવામાં તે સર્પ સર્પપણાનો ત્યાગ કરી ક્ષણવારમાં દિવ્યાલંકાર ધારણ કરનાર એક દેવ બની ગયો અને બોલ્યો કે, "હે ભદ્ર ! ખેદ ન કર, હું તારો પિતા નિષધ છું. (૪૨૮)

દીક્ષા ગ્રહણ કરવાથી હું બ્રહ્મદેવલોકમાં દેવ થયો છું. (૪૨૯)

અવધિજ્ઞાનથી તારી આવી અવસ્થા જોઈ માયાથી મેં જ તારા સર્વ અંગમાં વિરૂપતા કરી છે. પણ તે તને હિતકારી થશે. (૪૩૦)

પૂર્વે દંડિત કરેલા, ખંડિત કરેલા, દાસ બનાવેલા શત્રુરાજાઓ તને ઓળખશે નહિ અને તને સતાવશે નહિ. (૪૩૧)

વળી અત્યારે તારે દીક્ષાનો મનોરથ પણ ન કરવો. હજુ તારે ભરતાર્ધનું રાજ્ય ભોગવવાનું છે. (૪૩૨)

कथयिष्यामि ते दीक्षादिनं दैवज्ञवद् दिनम् ।
अन्यच्च श्रीफलं रत्नकरण्डं च गृहाण भोः ! ॥४३३॥

यदा कार्यं स्वरूपेण, प्रस्फोट्यं श्रीफलं तदा ।
दृष्ट्वा तदन्तरे देवदूष्ये रत्नकरण्डकम् ॥४३४॥

उद्घाट्याऽभरणान्यस्य मध्ये वीक्ष्य क्षणादपि ।
परिदध्या यथारूपं, देवरूपनिभं भवेत् ॥४३५॥ युग्मम्

अपृच्छत्तं नलस्तात !, क्व स्नुषा तेऽवदत् सुरः ? ।
ततः स्थानात् तदुदन्तं, विदर्भागमनावधि ॥४३६॥

अवोचच्च नलं वत्स !, किं भ्राम्यसि वनान्तरे ।
यियासति भवान् यत्र, तत्र स्थाने नयाम्यहम् ॥४३७॥ युग्मम्

હું દૈવજ્ઞની જેમ યોગ્ય અવસરે તને દીક્ષા લેવાનો સમય જણાવીશ. વળી આ શ્રીફળ અને રત્નકરંડકને તું ગ્રહણ કર. (૪૩૩)

જ્યારે તેને પોતાનું અસલ રૂપ પ્રગટ કરવાની જરૂર પડે ત્યારે આ શ્રીફળ તારે ફોડવું તેમાંથી બે દેવદૂષ્ય વસ્ત્ર નીકળશે (૪૩૪)

તે તથા રત્નકરંડક ઉઘાડી તેમાંથી આભરણો નીકળે તે તારે ધારણ કરવા કે જેથી તું તુરત જ દિવ્ય સ્વરૂપી બની જઈશ." (૪૩૫)

આ પ્રમાણે સાંભળી નળરાજાએ તેને પૂછ્યું કે, "હમણાં દમયંતી ક્યાં છે ? એટલે તે દેવે મૂળ સ્થાનથી માંડી પોતાના પિતાના ઘરે જવા પર્યંતનો તેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૪૩૬)

અને બોલ્યો કે, હે વત્સ ! આવા વનમાં તું શા માટે

नलोऽवोचच्छुंशुमारपुरं प्रापय मां प्रभो ! ।
देव एवं विधायाऽऽशु, सुधाशनपदं ययौ ॥४३८॥

नलोऽपि तत्पुरोपान्तोद्याने चैत्यं व्यलोकयत् ।
तदन्तर्नमिनाथस्य, प्रतिमां प्रणनाम च ॥४३९॥

शुंशुमारपुरस्याऽन्तर्यावद् विशति कुब्जकः ।
तदालानं समुन्मूल्य, भ्राम्यति स्म मतङ्गजः ॥४४०॥

स्फुरन्तं नाधिसेहे स, समीरमपि तीरगम् ।
आचकर्ष करेणोच्चैः, सनीडनीडजानपि ॥४४१॥

પરિભ્રમણ કરે છે ? તારે જે સ્થાને જવાની ઇચ્છા હોય તે સ્થાને હું તને મૂકી દઉ." (૪૩૭)

એટલે નળરાજા બોલ્યો કે, "હે દેવ ! મને સુંસુમારપુરે મૂકો." તેથી દેવ તેને ત્યાં મૂકી તરત જ પોતાના દેવલોકમાં ચાલ્યો ગયો. (૪૩૮)

નગર ઉદ્યાને વંદે નમિજિન પાય.
વશ કરે કુબ્જરૂપે ગજરાય.

નળરાજાએ તે નગરની સમીપના ઉદ્યાનમાં એક ચૈત્ય જોયું. અને તેમાં શ્રીનમિનાથભગવંતની પ્રતિમા જોઈ એટલે તેને તે નમ્યો. (૪૩૯)

પછી કૂબડા સ્વરૂપી નળરાજા નગરમાં પ્રવેશ કરવા આગળ ચાલ્યો. તે સમયે એકહાથી આલાનસ્તંભને ઉખેડી નગરમાં ભમતો હતો. (૪૪૦)

તે સામા આવતા પવનને પણ સહન કરતો ન હતો. પોતાની સુંઢવડે વૃક્ષો પરથી પક્ષીઓ સહિત માળાઓને ખેંચી લેતો હતો. (૪૪૧)

गजाजीवा गजस्याऽस्य, पृष्ठिं दूरेण तत्यजुः ।
उद्यानवृक्षानाक्षेपात्, स बभञ्ज प्रभञ्जनः ॥४४२॥

भूपतिर्दधिपर्णोऽथ, क्षिप्रं वप्रोपरि स्थितः ।
मत्तं मतङ्गजं कर्तुमसमर्थो वशंवदम् ॥४४३॥

अवादीदिति विस्पष्टं, गजं यः कुरुते वशम् ।
ददामि वाञ्छितं तस्य, कोऽप्यस्ति द्विपशिक्षकः ? ॥४४४॥

कुब्जस्तद्वाक्यमाकर्ण्य, करिणं प्रत्यधावत ।
गजश्च गर्जन् पर्जन्य, इवाऽभ्यागाद् नलं प्रति ॥४४५॥

म्रियते म्रियते कुब्ज, इति लोके वदत्यपि ।
शिक्षावशेन खेदित्वा, वशीचक्रे नलो द्विपम् ॥४४६॥

મહાવતોએ દૂરથી જ તે હાથીની પુંઠ તજી દીધી હતી. વળી આક્ષેપથી પ્રચંડવાયુ સમાન તે હાથી ઉદ્યાનના વૃક્ષોને ભાંગી નાંખતો હતો. (૪૪૨)

તે મદોન્મત્ત હાથીને વશ કરવા અસમર્થ દધિપર્ણરાજા તરત કિલ્લા ઉપર જઈ બેઠો (૪૪૩)

અને ઉંચા સ્વરે ઘોષણા કરી કે, "એવો કોઈ ગજ શિક્ષક છે કે જે હાથીને વશ કરે ? જે તેને વશ કરશે તેને હું મનોવાંછિત આપીશ." (૪૪૪)

આ પ્રમાણે સાંભળી તે કુબ્જ હાથી તરફ દોડ્યો એટલે હાથી પણ મેઘની જેમ ગર્જારવ કરતો તેની સામે આવ્યો. (૪૪૫)

એવામાં આ કુબ્જ મર્યો-મર્યો એમ લોકોનો કોલાહલ થયો. ત્યાં તો યુક્તિવડે ખેદ પમાડી તેણે હાથીને વશ કર્યો. (૪૪૬)

અને પછી ગરૂડની જેમ આશ્ચર્યયુક્ત દૃષ્ટિએ લોકો તેને જોઈ

वैनतेय इवोत्पत्य, तमारूढो मतङ्गजम् ।
आलोक्यमानो लोकेन, तदाऽऽश्चर्यस्पृशा दृशा ॥४४७॥

भूपक्षिप्तस्वर्णमालाराजमानगलो नलः ।
व्यालमालानसंलीनं, चक्रे नाड्योत्ततार च ॥४४८॥

अकृतप्रणिपातः सन्नुपान्ते नृपतेरसौ ।
उपाविक्षदथाऽप्राक्षीदित्थं पृथ्वीपतिर्नलम् ॥४४९॥

गजशिक्षासुदक्षोऽसि, वेत्स्यन्यदपि किञ्चन ? ।
स आचख्ये वेद्मि सूर्यपाकां रसवतीं नृप ! ॥४५०॥

राजा कुब्जाय साश्चर्यं, तन्दुलादि तदाऽऽर्पयत् ।
यत्राकृतिस्तत्र गुणा, इति व्यर्थं विचिन्तयन् ॥४५१॥

રહ્યા અને તે કુબ્જ હાથી પર આરૂઢ થયો. (૪૪૭)

રાજાએ તેના ઉપર સ્વર્ણમાલા નાંખી તે ધારણ કરી તેણે મદોન્મત્ત હાથીને આલાનસ્તંભ સાથે બાંધી દીધો. અને પછી તે નીચે ઊતર્યો. (૪૪૮)

પછી રાજા પાસે જઈ પ્રણામ કર્યા વિના તે ત્યાં બેઠો એટલે રાજાએ તેને પૂછ્યું કે, (૪૪૯)

"અહો ! તું ગજશિક્ષામાં હોંશિયાર છે. પણ શું બીજી કલા પણ કાંઈક જાણે છે. (૪૫૦)

તે બોલ્યો કે- હે નૃપ ! હું સૂર્યપાક રસોઈ જાણું છું." એટલે આશ્ચર્યસહિત રાજાએ તેને તંદુલાદિક આપ્યા અને પોતે **"જ્યાં આકૃતિ હોય ત્યાં જ ગુણો હોય"** એ કહેવત ફોગટ છે એમ ચિંતવવા લાગ્યો. (૪૫૧)

विद्यां सौरीं स्मरन् मुक्त्वा, चरून् सूर्यातपे नलः ।
दिव्यां रसवतीं निष्पादयाञ्चक्रे क्षणादपि ॥४५२॥

बुभुजे सपरीवारो, रसवत्या तया नृपः ।
श्रमच्छिदाकृतानन्दां, तामास्वाद्याऽवदच्च सः ॥४५३॥

नलं विना रसवतीमीदृशीं वेत्ति नापरः ।
पुराऽप्यास्वादिता सेयं, सेवमानेन तं मया ॥४५४॥

तत्किं नलोऽसि नैतादृग्, नलः क्रोशशताष्टकात् ? ।
क्वाऽस्याऽऽगमः क्व चैकत्वं, क्व च रूपविपर्ययः ? ॥४५५॥

सूर्यपाक रसवती करूं बीजुं जाणु एह,
राजा चमक्यो चित्तमां आणी मन संदेह.

અહીં સૂર્યના તાપમાં ચરૂને મૂકીને સૌરીવિદ્યાનું સ્મરણ કરી કુબ્જે ક્ષણવારમાં દિવ્ય રસવતી તૈયાર કરી. (૪૫૨)

એટલે સપરિવાર રાજાએ તે રસવતી આરોગી. શ્રમને દૂર કરનારી તથા આનંદદાયી તે રસવતીનો આસ્વાદ લઈ રાજા બોલ્યો કે, (૪૫૩)

"નલ રાજા વિના આવી રસવતી કોઈ જાણતું નથી. કારણ કે પૂર્વે તેની સેવા કરતાં મેં તે રસવતીનો આસ્વાદ લીધેલો છે. (૪૫૪)

માટે શું આ નળરાજા હશે ? પણ તે આવો ન હોય વળી આઠસો કોશથી તે અહીં ક્યાંથી આવે ? તથા તેના રૂપનો આવો વિપર્યાસ કેવી રીતે થાય ? અને તે એકાકી પણ કેમ હોય ? (૪૫૫)

પછી રાજાએ કુબ્જને આદરપૂર્વક વસ્ત્ર આભરણાદિક લાખ

अथ कुब्जाय भूपालोऽदाद् वस्त्राभरणादिकम् ।
टङ्कलक्षमपि ग्रामशतपञ्चकमादरात् ॥४५६॥

ग्रामग्रामं विमुच्यान्यत्, सर्वं जग्राह कुब्जकः ।
राजा जगाद किं कुब्ज !, प्रयच्छामि तवापरम् ? ॥४५७॥

कुब्जोऽवोचद् निजाज्ञायां, मद्याऽऽखेटौ निवारय ।
राजाऽपि तत्तथा चक्रे, तदभ्यर्थनया समुत् ॥४५८॥

अन्यदा कुब्जमेकान्तस्थितमूचे क्षितीश्वरः ।
क्व त्वं कुतः क्व वास्तव्यो, निवेदय ममाग्रतः ॥४५९॥

कुब्जश्चाख्यत् कोशलायां, नलभूपस्य सूपकृत् ।
हुण्डिकाख्यः, समीपेऽस्य, मया संशिक्षिताः कलाः ॥४६०॥

સોનામહોર અને પાંચસો ગામ આપ્યા.(૪૫૬)

એટલે તે કુબ્જે ગામ સિવાય બીજું બધુ ગ્રહણ કર્યું રાજાએ કહ્યું કે, "હે કુબ્જ ! બીજું તને કાંઈ આપું ? (૪૫૭)

એટલે તે બોલ્યો કે :- "હે રાજન્ ! તમારા રાજ્યમાં મદિરાનો અને શિકારનો સર્વથા નિષેધ કરો." એની પ્રાર્થનાથી હર્ષ પામી રાજાએ તે પ્રમાણે કર્યું. (૪૫૮)

એકવાર એકાંતમા બેઠેલા કુબ્જને રાજાએ પૂછ્યું કે, "તું કોણ અને ક્યાંનો રહેવાસી છે તે મને કહે. (૪૫૯)

એટલે કુબ્જ બોલ્યો કે, કોશલાનગરીમાં રહેનાર નળરાજાનો હું હુંડિક નામે રસોયો છું તેની પાસેથી હું સર્વકળાઓ શીખ્યો છું. (૪૬૦)

કૂબરે જુગારમાં નળની સમસ્ત પૃથ્વી જીતી લીધી. એટલે

नलः पराजितो द्यूते, कूबरेणाऽखिलां भुवम् ।
बभूव भैमीमादाय, वनवासी मुनिर्यथा ॥४६१॥

व्यपद्यत नलस्तत्राऽहं, तु त्वां समुपागमम् ।
कूबरं न तु शिश्राय, गुणहीनं च वञ्चकम् ॥४६२॥

तया च वार्तया भूपः, क्रन्दित्वा करुणस्वरम् ।
नलप्रेतक्रियां कुर्वन्, कुब्जेनैक्ष्यत सस्मितम् ॥४६३॥

दधिपर्णनृपोऽन्येद्युर्दूतं केनाऽपि हेतुना ।
प्रैषीद् मित्रत्वतत्त्वैषी, कुण्डिनेश्वरसन्निधौ ॥४६४॥

दूतोऽन्यदाऽऽख्यद् भीमाय, मदीयस्वामिनोऽन्तिके ।
सूर्यपाकरसवतीविदस्ति नलसूपकृत् ॥४६५॥

દમયંતીને લઈ નળરાજા મુનિની જેમ વનવાસી થયો. (૪૬૧)

ત્યાં નળ મરણ પામ્યો એટલે હું તમારી પાસે આવ્યો. પણ વિશ્વાસઘાત કરનાર અને અવગુણી કૂબરનો મેં આશ્રય કર્યો નહિ. (૪૬૨)

આ પ્રમાણે સમાચાર સાંભળી કરૂણસ્વરે વિલાપ કરતા રાજાએ નળની ઉત્તરક્રિયા કરી અને કુબ્જે તે સ્મિતપૂર્વક જોઈ. (૪૬૩)

એકવાર કોઈપણ કારણસર મિત્રતા ઈચ્છતા દધિપર્ણરાજાએ ભીમરાજા પાસે એક દૂત મોકલ્યો. (૪૬૪)

ત્યાં પ્રસંગોપાત વાત નીકળતાં દૂતે ભીમરાજાને કહ્યું કે, "અમારા સ્વામી પાસે સૂર્યપાક રસવતી બનાવવાની કળા જાણનાર નળરાજાનો રસોઈયો આવેલો છે." (૪૬૫)

આ પ્રમાણે વાક્ય સાંભળી દમયંતીએ ભીમરાજાને કહ્યું કે- "હે તાત ! આપણા એક માણસને મોકલી તે રસોઈયો કેવો છે,

तदाकर्ण्य तदोत्कर्णा, दवदन्त्यवदद् नृपम् ।
तात ! प्रेष्य चरं विद्धि, कीदृग्रूपः स सूपकृत् ? ॥४६६॥

ततः स्वामिसमादेशकुशलं कुशलं द्विजम् ।
समाहूय समादिक्षद्, नृपतिर्नलशुद्धये ॥४६७॥

स पृथुं पृथिवीनाथाऽऽदेशं प्राप्याऽचलद् द्विजः ।
शुंशुमारपुरं प्राप, शकुनैः सूचितप्रियः ॥४६८॥

अव्रजत् कुब्जकाभ्यर्णे, प्रच्छं प्रच्छमतुच्छधीः ।
निषण्णश्च विषण्णश्च, तं प्रेक्ष्य विकृताकृतिम् ॥४६९॥

अध्यायत् क्व नलः क्वैष, क्व स्वर्णं क्व च पित्तलम् ? ।
तन्नलभ्रान्तिरेतस्मिन्, भीमपुत्र्या वृथैव हि ॥४७०॥

તેની તપાસ કરાવો, કારણ કે મને તે નળરાજા હોવાથી શંકા પડે છે. (૪૬૬)

પછી સ્વામીના આદેશને ઝીલવામાં કુશળ એક ચાલાક બ્રાહ્મણને બોલાવી રાજાએ તે રસોઈયાની તપાસ કરવાનો આદેશ કર્યો. (૪૬૭)

રાજાના આ મહત્ત્વના આદેશને મેળવી શુભ શુકનોથી સૂચિત તે વિપ્ર સુંસુમારપુરે પહોંચ્યો. (૪૬૮)

ત્યાં કુબ્જ પાસે જઈ અતુચ્છ (વિશાળ) બુદ્ધિવાળા તેણે ઘણી રીતે પૂછ્યું. અને તેની પાસે ઘણો સમય બેઠો. તેની વિકૃતઆકૃતિ જોઈ ખેદ પામ્યો (૪૬૯)

છતાં ચિંતવવા લાગ્યો કે, - ક્યાં નળરાજા અને ક્યાં આ કુબ્જ ? ક્યાં સુવર્ણ અને ક્યાં પિત્તળ ? માટે આમાં દમયંતીની નળની ભ્રમણા ખરેખર ફોગટ જ છે." (૪૭૦)

निश्चिनोमि तथाप्येनमिति चित्ते विचिन्त्य च ।
नलापश्लोकयुगलं, स श्लोकयुगलं जगौ ॥४७१॥

पापिष्ठानां निकृष्टानामसत्त्वानां शिरोमणिः ।
एक एव नलः पत्नीं, सतीं तत्याज यो वने ॥४७२॥

ऋजुमेकाकिनीं सुप्तां, प्रियामुत्सृज्य गच्छतः ।
विलीनौ भुवि लीनौ वा, कथं पादौ न नैषधेः ? ॥४७३॥

पुनः पुनरिति श्रुत्वा, पठन्तं तं प्रियां स्मरन् ।
नलो रुरोद नेत्रोदबिन्दुस्यन्दितभूतलः ॥४७४॥

किं रोदिषि द्विजेनेति, प्रोक्ते प्रोचेऽथ कुब्जकः ? ।
त्वद्गीतं करुणास्फीतं, कर्ण्यमाकर्ण्य रोदिमि ॥४७५॥

તો પણ હું તેની વધારે પરીક્ષા કરૂં. એમ વિચારી તે વિપ્ર નળના અપયશના બે શ્લોક બોલ્યો. (૪૭૧)

અહો ! પાપી, નિર્દય, નિઃસત્ત્વશિરોમણિ ખરેખર એક નળરાજા જ છે જેણે પોતાની સતીપત્નીને વનમાં તજી દીધી. (૪૭૨)

સરળ સ્વભાવી અને સૂતેલી પ્રિયાને એકલી તજી જતાં તેના પગ પૃથ્વીમાં કેમ પેસી ન ગયા. અથવા તો ગળી કેમ ન ગયા ? (૪૭૩)

આ પ્રમાણે તેને વારંવાર બોલતો સાંભળી, દમયંતીનું સ્મરણ થતાં અશ્રુજલથી પૃથ્વીતલને ભીંજવતો નળ રૂદન કરવા લાગ્યો. (૪૭૪)

તે જોઈ પેલો વિપ્ર બોલ્યો કે, તું શા માટે રૂદન કરે છે ? તે સમયે કુબ્જ બોલ્યો કે- "તારૂં કથન કરૂણાથી બહુ જ ઓતપ્રોત

द्विजः कुब्जेन पृष्टश्च, श्लोकार्थं न्यगदत् कथाम् ।
द्यूतादारभ्य वैदर्भीगमनं कुण्डिनावधि ॥४७६॥

अन्यच्च शुंशुमारेशदूतो भीमनृपाग्रतः ।
सूर्यपाकरसवतीतत्त्वज्ञं त्वामचीकथत् ॥४७७॥

श्रुत्वेति त्वां नलं मन्यमाना भैमी व्यसर्जयत् ।
मामहं तु निरीक्ष्य त्वां, गताशः खेदमासदम् ॥४७८॥

नलो न त्वमिति व्यर्थो, मेऽभूच्छकुनसंचयः ।
पदमेतद् मुधा मन्ये, शकुनो दण्डनायकः ॥४७९॥

છે. તે સાંભળી મારૂં દિલ કંપી ઊઠ્યું છે. (૪૭૫)

પછી તે કુબ્જે બ્રાહ્મણને તે શ્લોકનો અર્થ પૂછ્યો. એટલે દ્યૂતથી માંડી કુંડિનપુરમાં આવવા સુધીની દમયંતીની કથા તેણે કુબ્જને કહી સંભળાવી. (૪૭૬)

અને અહીંના રાજાનો દૂત ભીમરાજા પાસે આવ્યો હતો. તેણે સૂર્યપાક રસોઈના તત્ત્વને જાણનાર તારી વાત કહી. (૪૭૭)

તે સાંભળી તને નળ માનતી દમયંતીએ મને અહીં મોકલ્યો છે. એ વાત પણ તેણે કહી બતાવી, પછી કહ્યું કે તને જોઈ હું નિરાશ અને ખેદ પામ્યો છું. (૪૭૮)

કારણ કે તારૂં રૂપ જોતાં તું નળ નથી એમ ખાત્રી થાય છે. વળી એમ થતાં મને થયેલા શુભશુકન પણ વ્યર્થ થાય છે. દરેક કાર્યમાં શુકન તે દંડનાયક છે." એ શાસ્ત્રોક્ત પદ પણ વૃથા છે એમ હું ધારૂં છું. (૪૭૯)

ત્યાર પછી દમયંતીની યાદમાં આંસુ સારતા નળે તેને પોતાના સ્થાનમાં લઈ જઈને કહ્યું કે, "હે મહાસત્ત્વશાળી ! દમયંતીની

प्रियां ध्यायन् रुदन् कुब्जो, नीत्वा धाम तमब्रवीत् ।
महासत्त्व ! कथाख्यातुः, स्वागतं किं करोमि ते ? ॥४८०॥

इत्युक्त्वा स्नपयित्वाऽथ, भोजयित्वा च तं द्विजम् ।
नेपथ्यं दधिपर्णेन, दत्तं तस्मै ददौ ततः ॥४८१॥

कुशलस्तमनुज्ञाप्य, कुण्डिनं पुरमाययौ ।
यथानिरीक्षितं कुब्जमाख्यद् भीमरथाय च ॥४८२॥

कुब्जस्य गजशिक्षादिवृत्तं दानावधि द्विजः ।
श्लोकश्रवणखेदं च, भीमभैम्योः पुरोऽवदत् ॥४८३॥

भैम्युचे तात ! दोषेण, कर्मणो भोजनस्य वा ।
रूपं सरूपं न प्राप्तो, निश्चितं क्रियया नलः ॥४८४॥

नलं विनाऽस्ति नाऽन्यस्य, गजशिक्षासु कौशलम् ।
सूर्यपाकपरिज्ञानं दानं वाऽद्भुतमीदृशम् ॥४८५॥

કથા કહેનાર તારો હું શું સત્કાર કરું ?" (૪૮૦)

એમ કહી સ્નાન અને ભોજન કરાવીને દધિપર્ણ રાજાએ આપેલ વસ્ત્ર તેને ભેટ આપ્યા. (૪૮૧)

પછી ચતુરવિપ્ર (કુબ્જની રજા લઈ કુંડિનપુર આવ્યો.) પોતે અનુભવેલો કુબ્જનો સર્વવૃત્તાંત તેણે દમયંતીને તથા ભીમરાજાને કહી સંભળાવ્યો. (૪૮૨)

તેમાં આપેલી ગજશિક્ષા, શ્લોક સાંભળી થયેલ ખેદ, છેવટે વસ્ત્રદાન સુધીની હકીકત (૪૮૩)

સાંભળી દમયંતી બોલી કે, "હે તાત ! કોઈ કર્મદોષથી કે કાંઈ ખાનપાનના દોષથી તેમનું રૂપ ફરી ગયું જણાય છે. (૪૮૪)

કારણ કે ગજશિક્ષાનું નૈપુણ્ય, સૂર્યપાક રસવતીનું જ્ઞાન તથા

केनाऽपि तदुपायेन ताताऽत्राऽऽनय कुब्जकम् ।
यथा करोम्यहं तेन, तं निरीक्ष्य परीक्षणम् ॥४८६॥

भीमोऽवदत् तवालीकं, समारभ्य स्वयंवरम् ।
विसृज्य दूतमाकार्यो, दधिपर्णः समुत्सुकः ॥४८७॥

ततस्तेन सहाऽऽगन्ता, तव श्रुत्वा स्वयंवरम् ।
नारीनिकारं नान्योऽपि सहेत, किमु चेद् नलः ? ॥४८८॥

अश्वविद्याविदा तेनाऽऽनेष्यते दधिपर्णराट् ।
महाबलेन न चिरात्, तूलपूल इवात्र सः ॥४८९॥

उक्त्वेति प्रेषितो दूतः शुंशुमारेशमाह्वत ।
श्वो लग्नमिति श्रुत्वाऽभूद्, दीनो जालगमीनवत् ॥४९०॥

ઉદારતાપૂર્વકનું દાન-એ નળરાજા સિવાય બીજામાં સંભવતું નથી. (૪૮૫)

માટે હે તાત ! ગમે તે યુક્તિથી તે કુબ્જને અહીં બોલાવો કે હું તેને જોઈને પરીક્ષા કરૂં." (૪૮૬)

એટલે ભીમરાજા બોલ્યા કે, ખોટી રીતે તારો સ્વયંવર માંડી દૂતને મોકલી ઉત્સુક દધિપર્ણરાજાને અહીં બોલાવું. (૪૮૭)

એટલે તારો સ્વયંવર સાંભળી કુબ્જ તેની સાથે જરૂર આવશે. કેમ કે **સામાન્ય પુરુષ પણ પોતાની સ્ત્રીનો પરાભવ સહન ન કરી શકે તો નળ કેમ સહન કરી શકશે ?** (૪૮૮)

વળી તેની મુદત બહુ જ નજકની રાખીએ. તેથી મહાબલવાન અને અશ્વવિદ્યામાં કુશળ કુબ્જ, પવન જેમ આંકડાના તુલ્યરૂને ઉડાડે તેમ દધિપર્ણ રાજાને અહીં સત્વર લાવશે." (૪૮૯)

આ પ્રમાણે કહી ભીમરાજાએ દધિપર્ણ રાજા પાસે દૂત મોકલ્યો

तच्छ्रुत्वा कुब्जको दध्यौ, भैमी नैच्छत् परं पतिम् ।
यदीच्छेत् तर्हि गृह्णीयात्, कस्तां मय्यपि जीवति ? ॥४९१॥

तद् द्रक्ष्यामीति सप्रीतिर्विलक्षं स्वापराधतः ।
पुनः स्वयंवराक्रोधि, तदाभूद् नलमानसम् ॥४९२॥

कुण्डिने दधिपर्णं च, षड्भिर्यामैर्नयाम्यहम् ।
यथा प्रासङ्गिकं यानमनेन सह संभवेत् ॥४९३॥

ध्यात्वेत्युवाच राजानं, ब्रूहि खेदस्य कारणम् ।
स्थगितानां मौक्तिकानां, नार्घः संजायते यतः ॥४९४॥

અને ધારણા મુજબ કહેવડાવ્યું. એટલે આવતી કાલે જ દમયંતીનો ફરી સ્વયંવર થશે. એમ જાણી દધિપર્ણ રાજાની સ્થિતિ જાળમાં ભરાયેલા મત્સ્યની જેમ થઈ. (૪૯૦)

નિરાશ બની ગયો તે સમયે સમગ્ર હકીકત સાંભળી કુબ્જ વિચારવા લાગ્યો કે - " દમયંતી બીજા પતિને કદી ઇચ્છે નહિ અને કદાચ ઇચ્છે તો હું જીવતાં તેને બીજો કોણ લઈ શકે ? માટે મારે કોઈ પણ રીતે ત્યાં જવું." (૪૯૧)

આ હકીકતથી એક બાજુ તેને પ્રેમ ઉત્પન્ન થયો તો બીજી બાજુ પોતાના અપરાધથી તે વિલક્ષ થઈ ગયો અને પુનઃસ્વયંવર સાંભળીને તેનું મન ક્રોધાયમાન પણ થયું. (૪૯૨)

એટલે તેણે વિચાર કર્યો કે - દધિપર્ણ રાજાને હું છ પહોરમાં કુંડિનપુર પહોંચાડી દઉં કે જેથી એની સાથે મારે પણ ત્યાં જવાનું થાય. (૪૯૩)

આમ ચિંતવીને તેણે રાજાને કહ્યું કે, "હે રાજન્ ! આપના ખેદનું કારણ કહો. કેમ કે આચ્છાદિત મૌક્તિકની કિંમત ન થઈ

नृपोऽवदद् यशःशेषो, नलोऽभूत् श्वः स्वयंवरः ।
वैदर्भ्या भविताऽऽहूतः, षड्याम्या याम्यहं कथम् ? ॥४९५॥

कुब्जो जगाद भूपाल !, विषादं मा कृथा वृथा ।
अश्वान् समार्पय रथं, कुण्डिनं त्वां नये लघु ॥४९६॥

गृहाण स्वेच्छयेत्युक्ते, राज्ञा कुब्जोऽग्रहीद् रथम् ।
सर्वलक्षणसंपूर्णौ, जात्यावश्वौ च स स्वयम् ॥४९७॥

सर्वत्र विज्ञं विज्ञाय, तं दध्यौ दधिपर्णराट् ।
असावनन्यसामान्यो, सुरो विद्याधरोऽथवा ॥४९८॥

शके." (४९४)

રાજા બોલ્યો કે, "નળરાજા મરણ પામ્યા છે તેથી આવતીકાલે દમયંતીનો ફરી સ્વયંવર થવાનો છે. ત્યાં મને આમંત્રણ છે. પણ છ પહોરમાં મારે ત્યાં શી રીતે પહોંચવું ?" (૪૯૫)

એટલે કુબ્જ બોલ્યો કે-"હે રાજન્ ! ફોગટ ખેદ ના કરો. અશ્વો અને રથ મને સોંપી દો. એટલે તમને સત્ત્વર કુંડિનપુરમાં પહોંચાડી દઉં." (૪૯૬)

આ પ્રમાણે સાંભળી હર્ષ પામેલા રાજાએ કહ્યું કે, "તારી ઇચ્છા મુજબ રથ અને અશ્વો લઈ લે. એટલે કુબ્જે પોતે મનગમતો રથ અને સર્વ લક્ષણથી પૂર્ણ બે જાતિવંત અશ્વો લીધા." (૪૯૭)

આ હકીકતથી સર્વકળામાં તેને કુશળ જાણી દધિપર્ણરાજા ચિંતવવા લાગ્યો કે, "આ કોઈ સામાન્ય પુરુષ નથી. પણ કોઈ દેવ કે વિદ્યાધર લાગે છે." (૪૯૮)

પછી રથમાં અશ્વો જોડી કુબ્જે રાજાને કહ્યું કે આ રથમાં

रथं विधाय युक्ताऽश्वं, कुब्जो नृपमवोचत ।
त्वां नेष्यामि रथारूढं, निशान्ते कुण्डिनं पुरम् ॥४९९॥

राजा स्थगीभृच्छत्री च, कुब्जश्चामरधारिणौ ।
षडप्यमी रथं सज्जं, तमारुरुहुरुत्सुकाः ॥५००॥

तं करण्डं च बिल्वं च, संनिबध्य कटीतटे ।
वाहानखेटयत् कुब्जः, स्मृतपञ्चनमस्कृतिः ॥५०१॥

नलेन चाश्वहृद्विद्याविदा स प्राजितो रथः ।
जगाम मनसा सार्धं, मनोरथ इवाङ्गवान् ॥५०२॥

दधिपर्णोत्तरीयं च, रथरंहोऽनिलेरितम् ।
साक्षाद् भैमीसमायोगमनोरथ इवापतत् ॥५०३॥

બેસાડી તમને પ્રભાતે કુંડિનપુર પહોંચાડીશ. (૪૯૯)

પછી રાજા, સ્થગીધર (તાંબૂલ આપનાર) છત્રધારણ કરનાર, કુબ્જ અને બે ચામરધારી એ છ જણા ઉત્સુક થઈ સજ્જ કરેલાં રથ પર આરૂઢ થયા. (૫૦૦)

પછી પેલો રત્નકરંડક અને શ્રીફળ પોતાની કેડમાં બાંધી દઈ પંચનમસ્કારનું સ્મરણ કરી કુબ્જ અશ્વોને ચલાવવા લાગ્યો. (૫૦૧)

એટલે અશ્વવિદ્યાના જ્ઞાતા નળથી સજ્જ રથ સાક્ષાત્ મનોરથની જેમ મનની જેમ ત્વરિત ગતિએ ચાલવા લાગ્યો. (૫૦૨)

માર્ગમાં વેગીલારથના પવનથી દધિપર્ણ રાજાનું ઉત્તરીયવસ્ત્ર દમયંતીના સમાગમના મનોરથની જેમ પડી ગયું. (૫૦૩)

એટલે રાજાએ કુબ્જને કહ્યું કે, "ક્ષણવાર રથ થોભાવ. જેથી

कुब्जं बभाषे भूपालो, विलम्ब्य रथं क्षणम् ।
उड्डीय यातां वातेन, यथा गृह्णाम्यहं पटीम् ॥५०४॥

स्मित्वा कुब्जोऽवदत् क्वाऽस्ति, पटी तव धराधव ? ।
पटीपातादतिक्रान्तं, क्रोशानां हि शतं हयैः ॥५०५॥

मध्यमौ तुरगावेतौ, भवेतां यदि तूत्तमौ ।
एतावता व्रजेतां तौ, ततः क्रोशशतद्वयीम् ॥५०६॥

दधिपर्णोऽथ दूरादप्यक्षवृक्षमुदैक्षत ।
कुब्जमूचे फलान्यस्य, कथयाऽगणयन्नपि ॥५०७॥

व्यावृत्तो दर्शयिष्यामि, कौतुकं ते नलोऽवदत् ।
मा भैर्मय्यश्वहृद्विद्याविदि कालविलम्बतः ॥५०८॥

પવનથી ઊડી ગયેલું મારૂં વસ્ત્ર હું લઈ લઉં." (૫૦૪)

કુબ્જ હસીને બોલ્યો કે, હે ધરાધવ (રાજા) તમારૂં વસ્ત્ર ક્યાં પડ્યું છે ? વસ્ત્ર પડ્યા પછી તો અશ્વ સો કોશ આગળ આવી ગયા છે. (૫૦૫)

વળી આ તો મધ્યજાતિના અશ્વો છે. પણ જો ઉત્તમ અશ્વો હોત તો આટલા સમયમાં બસો કોશ ઓળંગી જાત. (૫૦૬)

આગળ ચાલતા દધિપર્ણ રાજાએ દૂરથી અક્ષનુ વૃક્ષ જોઈ કુબ્જને કહ્યું કે- ગણત્રી કર્યા સિવાય આ વૃક્ષના ફળોની સંખ્યા કહે. (૫૦૭)

એટલે નળ બોલ્યો કે, "તમે કહો" રાજા કહે પાછા ફરતી વેળા તને એ કૌતુક બતાવીશ. કારણ કે અત્યારે આપણે રોકાવું પોસાય તેમ નથી (૫૦૮)

એટલે કુબ્જ બોલ્યો કે, હું અશ્વવિદ્યાનો જાણનાર છું તેથી

एकमुष्टिप्रहारेण नलः फलान्यपातयत् ।
अष्टादश सहस्राणि, कथितानि तथाऽभवन् ॥५०९॥

ददौ कुब्जोऽश्वहृद्विद्यां दधिपर्णाय वर्ण्यधीः ।
विद्यां च फलसंख्यायाः, स तस्माद् विधिनाऽऽददे ॥५१०॥

स रथः कुण्डिनाभ्यर्णं, यातः प्रातर्नलेरितः ।
निशान्तेऽथ निशान्तस्था, भैमी स्वप्नं तदैक्षत ॥५११॥

तत्पित्रेऽकथयच्चैवं, जाने निर्वृतिदेवता ।
कोशलोद्यानमानीयाऽदर्शयद् गगनाङ्गणे ॥५१२॥

તમારે કાળવિલંબથી ગભરાવું નહિ. એમ કહી રથ ઊભો રાખીને એક મુષ્ટિના પ્રહારથી તેણે બધા ફળો જમીન પર પાડી નાંખ્યા. રાજાએ કહ્યું કે, તે અઢાર હજાર છે. (૫૦૯)

નળે ગણત્રી કરી તો તેટલાં જ હતા. પછી પ્રશસ્ત બુદ્ધિવાળા એવા કુબ્જે અશ્વ ચલાવવાની વિદ્યા દધિપર્ણ રાજાને આપી અને ફળ સંખ્યા જાણવાની વિદ્યા તેની પાસે વિધિપૂર્વક પોતે ગ્રહણ કરી. (૫૧૦)

એવામાં પ્રાતઃકાળ થતાં નળથી પ્રેરિત રથ કુંડિનપુર નજીક આવી પહોંચ્યો.

અહીં પ્રભાતે અંતઃપુરમાં રહેલી દમયંતીએ સ્વપ્ન જોયું (૫૧૧)

દમયંતી સુપન દેખે મનોહર આજ.

સુણી નૃપ ભાખે મળશે વાલમ તુજ.

અને પિતાને કહ્યું કે, "હે તાત ! મને બરાબર ખ્યાલ છે કે આજે શાસનદેવીએ કોશલાનું ઉદ્યાન ગગનાંગણમાં લાવી મને બતાવ્યું. (૫૧૨)

आरूढा फलितं चूतं, तदादेशात् तयाऽम्बुजम् ।
हस्तेऽर्पितं च मे पक्षी, पुराऽऽरूढोऽपतत् ततः ॥५१३॥

भीमोऽवोचत् सुते ! स्वप्नो, मनोज्ञोऽयं तथाह्यसौ ।
देवता पुण्यराशिस्ते, उद्यानं राज्यमद्भुतम् ॥५१४॥

चूतारोहः पतिसङ्गोऽपतत् पक्षीव कूबरः ।
प्रातः स्वप्नेक्षणाद् मन्ये, मिलिष्यत्यद्य ते नलः ॥५१५॥ युग्मम्

तदा पूर्द्वारगं कश्चिद्, दधिपर्णमजिज्ञपत् ।
भीमोऽभ्यागम्य चालिङ्ग्यातिथ्यं कृत्वा तमब्रवीत् ॥५१६॥

પછી તેના આદેશથી હું એક ફલિત આમ્રવૃક્ષ પર આરૂઢ થઈ એટલે તેણે મારા હાથમાં એક કમળ આપ્યું. એ સમયે તે વૃક્ષ ઉપર પૂર્વે આરૂઢ થયેલ એક પક્ષી તેના ઉપરથી પડી ગયું." (૫૧૩)

તે સાંભળી ભીમરાજા બોલ્યો કે, "હે સુતે ! આ સ્વપ્ન ખૂબ જ સુંદર છે. શાસનદેવી તે તારો પુણ્યરાશિ અને મનોહર ઉદ્યાન તે અદ્‌ભુત રાજ્ય સમજવું. (૫૧૪)

આમ્રવૃક્ષ ઉપર આરોહણ તે પતિસમાગમ અને પક્ષીનું પતન તે કુબરનું પડવું સમજવું. વળી આ સ્વપ્ન તે પ્રભાતે જ જોયેલું હોય મારી ધારણા પ્રમાણે તને આજે જ નળરાજા મળશે. (૫૧૫)

આ પ્રમાણે વાર્તાલાપ ચાલતો હતો ત્યાં કોઈએ આવી નિવેદન કર્યુ કે, રાજન્ ! "દધિપર્ણ રાજા નગરના દ્વાર પાસે આવી પહોંચ્યા છે." એટલે ભીમરાજા તેની સન્મુખ ગયા અને આલિંગનપૂર્વક મળી આતિથ્ય કરી બોલ્યા. (૫૧૬)

તમારો કુબ્જ રસોઈયો સૂર્યપાક રસોઈ જાણે છે. તેને કરી

सूर्यपाकां रसवतीं, सूदस्ते वेत्ति कुब्जकः ।
तद् दर्शय ममाश्चर्यं, पूर्यतां वार्तयाऽनया ॥५१७॥

दधिपर्णोऽवदत् कुब्जं, चक्रे रसवतीं स च ।
भीमोऽपि बुभुजे स्वादं, विज्ञातुं सपरिच्छदः ॥५१८॥

स्थालमोदनसंपूर्णं, तदानाय्य नलप्रिया ।
बुभुजेऽथ तदास्वादात्, कुब्जं ज्ञातवती नलम् ॥५१९॥

पुरा मे ज्ञानिनाऽऽख्यातं, भारते सूर्यपाकवित् ।
केवलं नल एवात्र, तदयं निश्चितं नलः ॥५२०॥

तदेष तिलकं कुर्वन्निव मां स्पृशतु द्रुतम् ।
नलाङ्गुल्या यतः स्पृष्टाऽहं स्यां पुलकमालिनी ॥५२१॥

બતાવવાનો આદેશ કરો. અને અમારૂં એ આશ્ચર્ય પૂર્ણ કરો." (૫૧૭)

પછી દધિપર્ણરાજાના આદેશથી કુબ્જે રસોઈ તૈયાર કરી એટલે તેનો સ્વાદ જાણવા સપરિવાર ભીમરાજા ત્યાં જમ્યા. (૫૧૮)

અને ભાતથી ભરેલો થાળ મંગાવી દમયંતીએ પણ આસ્વાદ લીધો. તેથી તે કુબ્જને તેણે પોતાના સ્વામી નળ તરીકે સમજી લીધો. (૫૧૯)

પછી તેણે પોતાના પિતાને કહ્યું કે, "પૂર્વે જ્ઞાની કહી ગયા છે કે, ભરતક્ષેત્રમાં સર્યપાક રસવતીને જાણનાર એક નળરાજા જ થશે. માટે એ કુબ્જ નિશ્ચયે નળરાજા જ છે. (૫૨૦)

છતાં વધુ ખાત્રી કરવા માટે જાણે મને તિલક કરતા હોય તેમ મારા શરીર પર સ્પર્શ કરે જેથી જો તે નળરાજા હશે તો તેની અંગુલી માત્રના સ્પર્શથી મારા રોમાંચ વિકસ્વર થશે." (૫૨૧)

भैमीवक्षो नलोऽस्पृक्षदङ्गुल्या च क्षणादभूत् ।
वपुः सरोजिनीनालमिवात्युत्कटकण्टकम् ॥५२२॥

निद्राणाऽहं तदाऽत्याजि, यास्यसि क्वाधुना पुनः ? ।
भैमीत्युक्त्वा करे धृत्वा, नलं निन्ये गृहान्तरे ॥५२३॥

नलो बिल्वकरण्डाभ्यां, वसनाभरणादिकम् ।
परिधायाऽभवत् सद्यः, सुरवद् निजरूपभृत् ॥५२४॥

यथारूपं नलं भैमी, ताडयित्वा कटाक्षितैः ।
चित्तचौरं चिरात् प्राप्तं, भुजपाशैर्बबन्ध सा ॥५२५॥

पुनर्द्वारि समायान्तं, नलमालिङ्ग्य भीमराट् ।
निजे सिंहासनेऽध्यास्य, स्मेरास्यकमलोऽवदत् ॥५२६॥

પછી કુબ્જે ભીમરાજાના કહેવાથી પોતાની અંગુલીવતી દમયંતીના વક્ષઃસ્થળનો સ્પર્શ કર્યો. એટલે કમલિનીના નાળની જેમ તેનું શરીર તરત જ રોમાંચિત થઈ ગયું. (૫૨૨)

તેથી દમયંતી બોલી કે- તે સમયે તો હું ઉંઘમાં હતી અને તમે મારો ત્યાગ કરી ગયા હતા. પણ હવે ક્યાં જશો ? એમ કહી દમયંતી તેનો હાથ પકડી ઘરની અંદર લઈ ગઈ (૫૨૩)

એટલે શ્રીફળ અને કરંડિયામાંથી વસ્ત્ર તથા આભરણાદિ ધારણ કરી દેવની જેમ નળરાજા તુરત દિવ્યરૂપધારી થયાં. (૫૨૪)

એટલે યથાર્થ રૂપધારી અને પોતાના ચિત્તને ચોરનાર તથા બહુકાળે પ્રાપ્ત થયેલા નળને કટાક્ષવડે તાડિત કરી દમયંતીએ પોતાના ભુજાપાશથી બાંધી દીધા. (૫૨૫)

પછી બહાર આવેલા નળરાજાને આલિંગનપૂર્વક મળી, વિકસિત મુખકમળવાળા ભીમરાજાએ પોતાના સિંહાસન પર

इदं देहमिदं गेहमियं लक्ष्मीरियं सुता ।
त्वदीयं सर्वमप्येतत्तद् ब्रूहि करवाणि किम् ? ॥५२७॥

दधिपर्णऽवदद् नत्वा, नलं नाथोऽसि नाथ ! मे ।
तत्प्रसीद ममान्यायकार्यं सर्वं सहस्व तत् ॥५२८॥

अत्रान्तरे च सार्थेशो, धनदेवः समागमत् ।
द्रष्टुं भीमरथं भैम्योपलक्ष्य बहुमानतः ॥५२९॥

वसन्तमृतुपर्णं च, तत्प्रियां तत्सुतामपि ।
सर्वानाऽनाययद् भैमी, तत्प्रत्युपचिकीर्षया ॥५३०॥

कृतसत्कृतयस्तेऽथ, बन्धुवद् भीमभूभुजा ।
तस्थुः प्रमनसो मासमातिथेयैर्नवैर्नवैः ॥५३१॥

બેસાડી કહ્યું કે, (૫૨૬)

"આ મારો દેહ, ઘર, લક્ષ્મી અને સુતા એ બધું તમારૂ છે. માટે તમે કહો તેમ હું કરૂં." (૫૨૭)

એટલે દધિપર્ણરાજા પણ નળને નમીને બોલ્યો કે, "હે નાથ ! તમે અમારા સ્વામી છો. માટે પ્રસન્નચિત્તે મારૂં અનુચિતાચરણ બધું ક્ષમા કરજો." (૫૨૮)

એ અવસરે ભીમરથરાજાને મળવા ધનદેવ સાર્થવાહ ત્યાં આવ્યો. એટલે દમયંતીએ તેને ઓળખી લીધો અને તેનું બહુમાન કર્યું. (૫૨૯)

પછી વસંતશ્રીશેખર, ઋતુપર્ણરાજા, તેની પ્રિયા અને તેની સુતા એ સર્વને તેનો પ્રત્યુપકાર કરવાની ઇચ્છાથી દમયંતીએ કુંડિનપુર બોલાવ્યા (૫૩૦)

અને ભીમરાજાએ બંધુની જેમ તે સર્વનો સત્કાર કર્યો તથા

अन्यदा तेषु सर्वेषु, सत्सु भीमस्य संसदि ।
कश्चिदगाद् दिवो देवः, स भैमीमभ्यधादिति ॥५३२॥

भद्रे ! कुलपतिः सोऽहं, यस्त्वया बोधितः पुरा ।
विमाने केशरेऽभूवं, नाम्ना श्रीकेशरः सुरः ॥५३३॥

त्वत्प्रसादादसौ प्राप्ता देवद्धिर्वृद्धिवैभवा ।
उत्क्त्वेति वृष्ट्वा स्वर्णस्य, सप्तकोटीस्तिरोदधे ॥५३४॥

भीमर्तुदधिपर्णश्रीवसन्ताद्या नरेश्वराः ।
नलं राज्येऽभिषिषिचुः, श्राद्धा बिम्बमिवार्हतम् ॥५३५॥

નવનવા આતિથ્ય કરી દમયંતીએ તેમને એકમાસ સુધી આનંદપૂર્વક ત્યાં રાખ્યા. (૫૩૧)

એકવાર બધા ભીમરાજાની સભામાં બેઠા હતા. એવામાં આકાશમાંથી કોઈ દેવ આવી દમયંતીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે, (૫૩૨)

"હે ભદ્રે ! હે કલ્યાણી ! હું તે કુલપતિ છું કે જેને તે પૂર્વે બોધ આપ્યો હતો. અત્યારે હું કેશરનામના વિમાનમાં શ્રીકેશરનામે દેવ થયો છું. (૫૩૩)

તારા પ્રસાદથી હું વૈભવથી વિશાલ દેવસમૃદ્ધિ પામ્યો છું" આ પ્રમાણે કહી સાત ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી તે દેવ અદશ્ય થયો. (૫૩૪)

પછી જિનબિંબને શ્રાવકો અભિષેક કરે તેમ ભીમરથ, ઋતુપર્ણ, દધિપર્ણ અને વસંતશ્રીશેખર વિગેરે રાજાઓએ નળનો રાજ્યાભિષેક કર્યો (૫૩૫)

અને નળની આજ્ઞાથી તે પરાક્રમી બળવાન-રાજાઓએ

स्वानि स्वानि नलादेशाद्, बलानि सबलानि ते ।
हेलया मेलयामासुर्भूभुजो भुजशालिनः ॥५३६॥

ततः परबलद्वेषी, मूर्तिमान् मेघवाहनः ।
चचाल पृथिवीपालो, नलः सबलवाहन ॥५३७॥

दिनैः कतिपयैः सैन्यमदैन्यः संन्यवेशयत् ।
अयोध्याबहिरुद्याने, नामतो रतिवल्लभे ॥५३८॥

कूबरोऽथ नलं ज्ञात्वा, समायातं भयातुरः ।
बभूव गतसर्वस्व, इव संशून्यमानसः ॥५३९॥

नलोऽथ कूबरं प्रोचे, पाशैः क्रीड मया समम् ।
द्वयोरपि श्रियोरेकः, पतिः कोऽपि भवत्विति ॥५४०॥

પોતપોતાના સબળ સૈન્યોને એક લીલામાત્રમાં એકઠા કર્યા. (૫૩૬)

પછી સાક્ષાત્ ઇંદ્ર સમાન, શત્રુઓના બળને મર્દન કરનાર, વાહન તથા સેનાયુક્ત નળરાજાએ ત્યાંથી પ્રયાણ કર્યું. (૫૩૭)

શૂરવીર તેણે કેટલાક દિવસે અયોધ્યાના રતિવલ્લભ નામના બાહ્ય ઉદ્યાનમાં સૈન્ય સાથે પડાવ નાંખ્યો. (૫૩૮)

તે સમયે જાણે સર્વસ્વ નષ્ટ થયું હોય તેમ શૂન્યમનસ્ક કૂબર નળનું આગમન જાણી ભયભીત થયો. (૫૩૯)

પછી નળરાજાએ કૂબરને બોલાવી કહ્યું કે, "મારી સાથે ફરીથી દ્યુતક્રીડા કર, જેથી બંનેની લક્ષ્મીનો એક સ્વામી થાય." (૫૪૦)

એટલે કૂબેરે આનંદ પામી દ્યૂતક્રીડા માન્ય રાખી. નળની સાથે જીત થવાની ઇચ્છાથી ફરી દ્યૂત રમવું શરૂ કર્યું તે વખતે દ્યુત રમતાં નળે તેને જીતી લીધો. કેમ કે **"જ્યાં ભાગ્ય છે ત્યાં**

मुदितः कूबरो द्यूतं, मेने तत्र जिताहवः ।
क्रीडन् नलेन जिग्ये च, भाग्येन विजयः करे ॥५४१॥

नलेन कूबरः क्रूरो, राज्यं जित्वा जितक्रुधा ।
अलंकृत्य निजं राज्यं, यौवराज्यमलम्भ्यत ॥५४२॥

नलः प्राप्य निजं राज्यं, तदा भीमसुतायुतः ।
मुदा दृग्दत्तसैन्यानि, पुरीचैत्यान्यवन्दत ॥५४३॥

कौशलिकान्युपादाय, कुशलप्रश्नपूर्वकम् ।
सेवायां कुशला भूपाः कोशलाधीशमभ्ययुः ॥५४४॥

आखण्डल इवाखण्डशासनः खण्डयन् रिपून् ।
त्रिखण्डं भरतं रक्षन्, सहस्राब्दीमलङ्घयत् ॥५४५॥

જ વિજય છે." (૫૪૧)

પછી નળરાજાએ ક્રૂર કૂબર પાસેથી રાજ્ય જીતી લઈ પોતે રાજ્યને અલંકૃત કરી ક્રોધરહિત પણ કૂબેરને યુવરાજ પદવી આપી. (૫૪૨)

આ અવસરે પોતાનું રાજ્ય પાછું મેળવી દમયંતી સાથે નળરાજાએ હર્ષપૂર્વક જ્યાં સંભાળ કરવાને માટે સૈન્ય રાખવામાં આવેલું છે એવા નગરીના સર્વે ચૈત્યોને વંદન કર્યું. (૫૪૩)

તે વખતે ભેટણા લઈ અનેકરાજાઓ નળરાજાની સેવા કરવા હાજર થયા. (૫૪૪)

પછી ઇંદ્રની જેમ અખંડ શાસનવાળા શત્રુઓને ખંડન કરી ત્રણ ખંડ ભરતનું રક્ષણ કરનાર નળરાજાએ એક હજાર વર્ષ આનંદપૂર્વક વ્યતીત કર્યા. (૫૪૫)

એકવાર નિષધદેવે સ્વર્ગમાંથી આવી નળરાજાને પ્રતિબોધ કર્યો

स्वर्गादागत्य निषधोऽन्यदा नलमबोधयत् ।
न युज्यते रतिः कर्तुं, विषयेषु विषेष्विव ॥५४६॥

प्रव्रज्याकालकथनं, प्रतिपन्नं पुरा तव ।
गृहाण तदहो ! दीक्षां, जीवितव्यतरोः फलम् ॥५४७॥

भवे भवे भवेद् दुःखं, यच्चतुर्गतिके भवे ।
तद् द्विधाविषयग्रामत्यजनं भज नन्दन ! ॥५४८॥

निषिद्धो निषधेनैष, नैषधिर्विषयान् प्रति ।
इयेष दीक्षामादातुं, दातुं पात्रे धनानि च ॥५४९॥

अथ तत्राऽऽगमत् सूरिर्जिनसेनाऽभिधः सुधीः ।
चित्रं यः सावधिर्ज्ञानैः, परं निरवधिर्गुणैः ॥५५०॥

કે, વિષની જેમ વિષયોમાં હવે પ્રેમ રાખવો યુક્ત નથી. (૫૪૬)

પૂર્વે તારો પ્રવ્રજ્યાકાળ કહેવાનું મેં કબૂલ કરેલું હતું. તેથી અત્યારે કહેવા આવ્યો છું. માટે જીવિતરૂપી વૃક્ષના ફળરૂપ દીક્ષાનો હવે સ્વીકાર કર. (૫૪૭)

હે નંદન ! આ ચારગતિરૂપ સંસારમાં જે ભવોભવ દુઃખકારી છે એવા બંને પ્રકારના વિષયગ્રામોનો (ઇંદ્રિયના વિષયો તથા દેશના ગામો) ત્યાગ કર." (૫૪૮)

આ પ્રમાણે નિષધદેવે તેને ઉપદેશ આપ્યો. એટલે દીક્ષા લેવા ઉત્સુક નળરાજાએ સુપાત્રે દાન આપવા માંડ્યું (૫૪૯)

તે અવસરે ત્યાં જિનસેન નામના એક જૈનાચાર્ય પધાર્યા. જે જ્ઞાનમાં સાવધિ (અવધિજ્ઞાનવાળા) હતા. ગુણોમાં નિરવધિ હતા. એ આશ્ચર્યની વાત છે. (૫૫૦)

પછી નળ-દમયંતીએ આદરપૂર્વક તેમની પાસે જઈ તેમને

तत्र भैमीनलौ गत्वाऽवन्दिषातां तमादृतौ ।
पृष्टः प्राच्यभवावस्थां, कथयित्वाऽवदत् पुनः ॥५५१॥

यशःसुरभि सद्वर्णं, स्वादुजन्म क्षपान्तरे ।
साधुप्रदत्तदुग्धात् ते, राज्यमाज्यमिवाभवत् ॥५५२॥

यत्पुनर्द्वादशघटीं, खेदितो मुनिपुङ्गवः ।
तदेष विरहो जज्ञे, युवयोर्द्वादशाब्दिकः ॥५५३॥

श्रुत्वेति तौ न्यस्य राज्यं, तनये पुष्कलाभिधे ।
गुरोस्तस्माद् व्रतं लात्वा, पालयाञ्चक्रतुश्चिरम् ॥५५४॥

भोगेच्छुरन्यदा भैम्यां, नलोऽत्यज्यत सूरिणा ।
सुरलोकात् समागत्य, निषधेन प्रबोधितः ॥५५५॥

વંદન કર્યું અને તેમને પોતાનો પૂર્વભવ પૂછ્યો. (૫૫૧)

એટલે ગુરૂમહારાજે તેને પોતાનો પૂર્વભવ કહી પછી કહ્યું કે, "પ્રભાતે મુનિને દુગ્ધદાન આપવાથી ધૃતની જેમ તેને યશ, સુરભિ, સદ્વર્ણ અને સ્વાદુ જીવનમય રાજ્ય પ્રાપ્ત થયું છે. (૫૫૨)

અને બાર ઘડી મુનિને સતાવ્યા હતા તેથી તમને બારવરસ વિયોગ પ્રાપ્ત થયો." (૫૫૩)

આ પ્રમાણે સાંભળી પોતાના પુષ્કલ નામના પુત્રને રાજ્ય સોંપી તે જ ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી બંને નિરતિચારપણે પાળવા લાગ્યા. (૫૫૪)

એકવાર નળરાજાને દમયંતી સાથે ભોગની ઈચ્છા થઈ. એટલે આચાર્ય ભગવંતે તેને ગચ્છથી દૂર કર્યો. તે સમયે દેવલોકથી નિષધદેવે આવી તેને પ્રતિબોધ કર્યો. (૫૫૫)

એટલે વ્રત પાળવા અસમર્થ નળરાજર્ષિએ અનશન સ્વીકાર્યું.

विदधेऽनशनं कर्तुमसमर्थो व्रतं नलः ।
नलानुरागतश्चक्रे, दवदन्त्यपि तत् तथा ॥५५६॥

नलो मृत्वा कुबेरोऽभूद्, भीमजा दयिताऽस्य च ।
तत्रापि हि तयोः स्नेहो, महानजनि पूर्ववत् ॥५५७॥

च्युत्वाऽथ पेढालपुरे, हरिश्चन्द्रनृपौकसि ।
भैमी लक्ष्मीवतीकुक्षौ, सुता कनकवत्यभूत् ॥५५८॥

स्वयंवरे तां च वरेण्यमूर्तिरथोपयेमे दशमो दशार्हः ।
साधार्मिकी धर्मकथासु लीना, कलङ्कहीना समयं निनाय ॥५५९॥

पौत्रे सागरचन्द्रनामनि बलस्योच्चैर्गते स्वर्गितां ।
गेहस्थाऽपि भवस्थितिं सविनया सा चिन्तयन्ती मुहुः ।

અને તેના સ્નેહાનુરાગથી દમયંતીએ પણ અનશન અંગીકાર કર્યું. (૫૫૬)

નળરાજર્ષિ કાળ કરી સૌધર્મ ઇંદ્રના લોકપાળ ધનદ (કુબેર) થયા અને દમયંતી તેની સ્ત્રી થઈ. ત્યાં પણ પૂર્વની જેમ તેમને પરસ્પર ગાઢ સ્નેહ થયો. (૫૫૭)

ત્યાંથી ચ્યવીને દમયંતી પેઢાલપુરમાં હરિશ્ચંદ્ર રાજાની લક્ષ્મીવતી રાણીની કુક્ષિમાં કનકવતી નામે પુત્રી થઈ. (૫૫૮)

તેને સ્વયંવરમાં પ્રશસ્તમૂર્તિવાળા દશમા દશાર્હ વસુદેવ પરણ્યા. ત્યાં ધર્મકથામાં લીન, કલંકરહિત, ધાર્મિકવૃત્તિવાળી તે ઉત્તમ પ્રકારે સમય પસાર કરવા લાગી. (૫૫૯)

એકવાર સાગરચંદ્ર નામે બળભદ્રનો પૌત્ર અચાનક સ્વર્ગસ્થ થતાં તે કનકવતી ગૃહવાસમાં છતાં ભવસ્થિતિનું વારંવાર ચિંતન કરતાં અનિત્યતાનો વિચાર કરતાં કેવલજ્ઞાન પામી. પછી

ज्ञानं केवलमाप्य नेमिनिकटं संप्राप्य मासं दिना-
न्याधायानशनं च निर्वृतिमथ प्रक्षीणकर्माऽगमत् ॥५६०॥

सम्यक्त्वं परिपाति रक्षति जगद् नैवाऽनृतं भाषते
नादत्तेऽन्यधनं ह्यदत्तमिह यो ब्रह्मव्रतं सेवते ।
यो द्युम्नं प्रमितं दधाति विनयं धत्ते च साधुव्रजे
सिद्ध्यत्येष जनो यथैष दवदन्त्येभिर्गुणैर्भूषिता ॥५६१॥

इत्याचार्यश्रीविनयचन्द्रविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्के सम्यक्त्वफले दवदन्तीमहासतीचरित-व्यावर्णनो नाम षष्ठः सर्गः ।

શ્રીનેમિનાથપ્રભુ પાસે જઈ એકમાસનું અણસણ કરી શેષ કર્મનો ક્ષય થતાં તે નિર્વાણપદને પામી. (૫૬૦)

જે પ્રાણી સમ્યક્ત્વ પામે છે, જીવોનું રક્ષણ કરે છે. અસત્ય બોલતો નથી. અદત્ત એવા પરદ્રવ્યનું હરણ કરતો નથી, બ્રહ્મચર્ય સેવે છે. પરિગ્રહનું પ્રમાણ કરે છે અને સાધુનો વિનય કરે છે તે જીવો એ ગુણોથી વિભૂષિત થઈ દમયંતીની જેમ પ્રાંતે સિદ્ધિપદને પામે છે. (૫૬૧)

આ પ્રમાણે આચાર્યશ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથ ચરિત્ર મહાકાવ્યમાં સમ્યક્ત્વ ફલવર્ણનમાં દમયંતી મહાસતીના ચરિત્રને વર્ણવતો છઠ્ઠો સર્ગ પૂર્ણ થયો.



सप्तमः सर्गः ।

अथ नत्वा जगन्नाथं, जगन्नाथपिता नृपः ।
उवाच नाथ ! सम्यक्त्वदृष्टान्तः संश्रुतो मया ॥१॥

સાતમો સર્ગ

સાતમા સર્ગમાં પ્રકાશિત વિરાગની જવલંત જ્યોત - પ્રભુએ કરેલી સંઘ સ્થાપના

કુંભરાજાએ શ્રાવકધર્મ શ્રવણાર્થે કરેલી પ્રાર્થના - ભગવંતે કહેવા માંડેલું તેનું સ્વરૂપ - પ્રથમ વ્રત ઉપર (૧) સુદત્તની કથા – બીજાથી બારમા વ્રત સુધી દરેક વ્રત ઉપર (૨) વસુબંધુ (૩) સંગમ (૪) સુદર્શન શ્રેષ્ઠિ (૫) ભાગદત્ત-સુદત્ત (૬) મિત્રાનંદ (૭) ભીમ-ભીમસેન (૮) લોભનંદી (૯) ચંદ્રાવતંસક (૧૦) ધનસેન (૧૧) શિખરસેન (૧૨) ચંદનબાળાની કથા – કુંભરાજા અને રાજવીઓએ કરેલી ચારિત્રધર્મ અંગીકારની પ્રાર્થના – મહાભિનિષ્ક્રમણ માટે પ્રયાણ – છ મિત્રોએ પણ સાથે કરેલું પ્રયાણ – તેઓએ ગ્રહણ કરેલી દીક્ષા – છએ મિત્રોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ – પ્રભુ પહેલા મોક્ષનગરમાં પ્રયાણ – ભગવંતે કરેલી ગણધરોની તથા ચતુર્વિધસંઘ સ્થાપના – ભગવંતનો દેવછંદામાં વિસામો – ગણધરે આપેલી દેશના – પ્રભુના યક્ષને યક્ષિણીનું નિર્માણ.

હવે શ્રીમલ્લિનાથ ભગવંતને નમસ્કાર કરી કુંભરાજાએ કહ્યું કે, "હે ભગવન્ ! આ સમ્યક્ત્વનો મહિમા દૃષ્ટાંત દ્વારા સાંભળી

अमुष्माद् नाथ ! दृष्टान्ताद्, गतवान् मोहविप्लवः ।
मनश्च शुद्धिमज्जातं, वैराग्यरसभावितम् ॥२॥

इदानीं श्रोतुमिच्छामि, श्रावकाणां व्रतावलीम् ।
अपवर्गसमारोहे, दृढां निःश्रेणिकामिव ॥३॥

श्रीकुम्भभूपते ! मूलं, व्रतेषु प्राणिरक्षणम् ।
यद् विना विफलं सर्वमूषरक्षिप्तबीजवत् ॥४॥

जटी मुण्डी तपस्वी च, दिग्वासा अरुणाम्बरः ।
शोभते न दयां मुक्त्वा, जलहीनं यथा सरः ॥५॥

अहिंसा सर्वजन्तूनां, भीतानामभयप्रदा ।
अहिंसा भवसंतप्तौत्तराहजलदावली ॥६॥

મારો મોહવિપ્લવ દૂર થયો છે. અને મારું મન વૈરાગ્યથી ભાવિત તેમ જ શુદ્ધ થયુ છે. (૨)

હવે મોક્ષારોહણ માટે દઢ નિઃશ્રેણિરૂપ શ્રાવકની વ્રતાવલી (વ્રતશ્રેણી) સાંભળવા ઇચ્છું છું. (૩)

એટલે ભગવંત બોલ્યા કે, "હે કુંભરાજા ! સર્વવ્રતોમાં જીવદયા એ મૂળ છે. તેના વિના ઉખર ભૂમિમાં (ક્ષારભૂમિ) નાંખેલ બીજની જેમ બધું કાર્ય ફોગટ છે. (૪)

જટાધારી હોય, મુંડન કરાવનાર હોય કે તપસ્વી કે દિગંબર હોય કે રક્તાંબર હોય પણ જળવિનાના સરોવરની જેમ દયાવિના કોઈ શોભતા નથી. (૫)

અહિંસા ભયભીત જીવોને અભય આપનારી છે. અને સંસારથી સંતપ્તજીવોને ઉત્તરાનક્ષત્રના મેઘ સમાન છે. (૬)

વિષના એક લવમાત્ર હિંસાથી પણ શું માણસનું મરણ

हिंसाया लवमात्रेणोपार्यते पातकं महत् ।
कालकूटकणेनाऽपि, नरः किं न विनश्यति ? ॥७॥

प्राणातिपातविरतिं, ये कुर्वन्ति विवेकिनः ।
प्रेत्य सर्वश्रियः पात्रं, ते भवन्ति सुदत्तवत् ॥८॥

तथाहि मागधेष्वस्ति, स्वस्तिवल्लीघनाघनम् ।
पुरं राजगृहं नाम, गृहं सकलसंपदाम् ॥९॥

विश्वविश्वम्भराधीशनिषेवितपदद्वयः ।
विक्रमस्तत्र भूपालस्त्रिविक्रम इव श्रिया ॥१०॥

अन्येद्युः सीमभूपालैः, प्रान्तो देशः कदर्थितः ।
बन्दिग्राहं च विधृतास्तत्रत्याः कोटिसङ्ख्याः ॥११॥

નીપજતું નથી ? (૭)

જે વિવેકી લોકો પ્રાણાતિપાતવિરતિને કરે છે તે પરલોકમાં સુદત્તની જેમ સર્વ લક્ષ્મીના પાત્ર થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે. (૮)

પ્રથમવ્રત ઉપર સુદત્તની કથા :-

મગધદેશમાં કલ્યાણવેલડીને વૃદ્ધિ પમાડનાર મેઘ સમાન અને સર્વસંપત્તિના સ્થાનભૂત રાજગૃહ નામે નગર છે. (૯)

ત્યાં વિશ્વના સઘળા રાજાઓએ જેના ચરણદ્વયની સેવના કરી છે અને લક્ષ્મીથી ત્રિવિક્રમસમાન વિક્રમ રાજા રાજ્ય કરતો હતો. (૧૦)

એકવાર સીમાડાના રાજાઓએ તેના પ્રાંતદેશની કદર્થના કરી અને ત્યાં વસનારા ધનવંતોને બંદીવાનની જેમ પકડી લીધા. (૧૧)

स्वदेशमथनं श्रुत्वा, तानभिप्राहिणोद् बलम् ।
अध्यासामासुरेतेऽपि, दुर्गं दुर्ग्रहमाग्रहात् ॥१२॥

विक्रमस्य बलैस्तेषां ग्रामग्रामा उपद्रुताः ।
अत्युग्रकृतपापानामिह लोकेऽपि यत्फलम् ॥१३॥

सुदत्तग्रामवास्तव्यः, सुदत्तो वणिगात्मभूः ।
सप्तवर्षप्रमाणाङ्गो, विधृतः केनचिद् हठात् ॥१४॥

अथाऽऽनीतः पुरे राजगृहे राजभटेन सः ।
धृतश्च पूलकं दत्त्वा, मस्तकेऽसौ चतुष्पथे ॥१५॥

अन्येन केनचित् तत्र, सुदत्तस्य जनन्यपि ।
तदा विक्रेतुमारब्धा, पुरस्तात्पुत्रनेत्रयोः ॥१६॥

આ પ્રમાણે પોતાના દેશ ઉપર થતાં ઉપદ્રવ સાંભળી વિક્રમરાજાએ તેમની સામે પોતાનું લશ્કર મોકલ્યું. (૧૨)

એટલે એમણે ત્યાં જઈ તે સીમાડાના રાજાઓના ગામોમાં ઉપદ્રવ કર્યો. કારણ કે અતિ ઉત્કટપાપનું ફળ આ લોકમાં જ મળે છે. (૧૩)

એ સમયે સુદત્તગામવાસી ૭ વર્ષની વયવાળા સુદત્ત વણિકપુત્રને કોઈએ બલાત્કારથી બંદી તરીકે પકડ્યો. (૧૪)

અને તે રાજસુભટે તેને રાજગૃહમાં લાવી મસ્તક ઉપર તૃણનો (ઘાસ) પૂળો મૂકી ચતુષ્પથમાં વેચવા ઉભો રાખ્યો. (૧૫)

તે સમયે બીજો કોઈ રાજપુરુષ સુદત્તની માતાને લાવી પુત્રની નજર સમક્ષ જ વેચવા લાગ્યો. (૧૬)

એટલે તે બંને એકબીજાને જોઈ કરૂણસ્વરે રૂદન કરવા લાગ્યા.

स तामुद्वीक्ष्य साप्येनं, रुरोद करुणस्वरैः ।
महौषधं हि दुःखार्ते, रोदनादपरं नहि ॥१७॥

भङ्गो निजकदेशस्य, गोधनस्य परिक्षयः ।
दत्तलभ्यपरिभ्रंशः, स्वजनानां परिच्युतिः ॥१८॥

मत्पुत्रो गतभाग्यांशो, विधृतो रोरबालवत् ।
स्वं विचिन्तयामास, सुदत्तजननी तदा ॥१९॥

हा ! निर्वीरेव मन्माता, धृताऽनेन चतुष्पथे ।
अचिन्त्या हि गतिः पूर्वकर्मणां हतशर्मणाम् ॥२०॥

स्फुटत्यूर्वी यदि ततो, विशामि क्षितिवेश्मवत् ।
अहं लभे विषं प्सामि, ततो मोदकलीलया ॥२१॥

કારણ કે દુઃખથી પીડાતા જીવોને રૂદન જેવું બીજું મહૌષધ નથી (૧૭)

તે વેળા સુદત્તની માતા ચિંતવવા લાગી કે- સ્વદેશનો ભંગ, ગોધન-ગાયોનો નાશ, પરિરક્ષિત અને પ્રાપ્ત વસ્તુઓનો પરિભ્રંશ અને સ્વજનનો વિયોગ, (૧૮)

થવાથી આ મારો પુત્ર ભાગ્યહીન જણાય છે જેથી દરિદ્રીના બાળકની જેમ તેને પણ આ સુભટોએ પકડી વેચવા માટે ઊભો કર્યો છે. (૧૯)

સુદત્ત વિચારવા લાગ્યો કે, "અહો ! અનાથની જેમ મારી માતાને આ સુભટોએ પકડી અહીં ચતુષ્પથમાં વેચવા માટે ખડી કરી છે. ખરેખર ! **સર્વ સુખોને હણનાર પૂર્વકર્મોની ગતિ અચિંત્ય જણાય છે.** (૨૦)

હવે જો ધરતી માર્ગ આપે તો હું એમાં પેસી જાઉં અને જો

१. वाऽद्य, इत्यपि ।

तयोश्चिन्तयतोरेवं, सुदत्तस्य जनन्यथ ।
तत्क्षणं हृदयस्फोटाद्, व्यपद्यत चतुष्पथे ॥२२॥

ततो विशेषतस्तारतरं तरललोचनः ।
सुदत्तो रोदिति स्मोच्चै रोदयन्नपरानपि ॥२३॥

मूर्च्छया न्यपतत् पृथ्व्यां, मूलंकृत्त इवांह्रिपः ।
एकं हि जननीमृत्युः, परदेशागमः परम् ॥२४॥

दयया नागरैः सक्तौ, घनैः शुष्यद्वनं यथा ।
लब्धसंज्ञ समुत्तस्थौ, सुदत्तो दत्तलोचनः ॥२५॥

વિષ મળે તો મોદકની લીલાથી તેનું ભક્ષણ કરું." (૨૧)

આ પ્રમાણે તે બંને વિચાર કરતા હતા. એવામાં સુદત્તની માતાનું હૃદય અત્યંત દુઃખથી ફાટી ગયું. એટલે તે ત્યાંજ મરણ પામી. (૨૨)

તે જોઈ ચપળનયનવાળો સુદત્ત વિશેષથી રૂદન કરતો અન્યજીવોને પણ રોવરાવવા લાગ્યો. (૨૩)

એક તો માતાનું મરણ, બીજું પરદેશમાં આગમન-આ વાતથી તે મૂળથી છેદાયેલા વૃક્ષની જેમ મૂર્ચ્છા પામી ધરતી ઉપર ઢળી પડ્યો. (૨૪)

એવામાં શુષ્કવન ઉપર જેમ જળસિંચન કરે તેમ દયાળુ નગરવાસીઓએ તેના ઉપર પાણી છાંટ્યું એટલે ભાનમાં આવતાં ચારેબાજુ દૃષ્ટિ ફેરવતો તે ઉઠ્યો. (૨૫)

પ્રાણજાય પ્રતિજ્ઞા ન છોડું, પામ્યા જીવદયાનું ફળ રૂડું.

પછી રાજાના સુભટે તેને મૂર્ચ્છાનું કારણ પૂછ્યું એટલે તેણે

---

૧. क्षतः, इति च ।

राजकीयभटेनाऽपि, पृष्टं मूर्च्छानिबन्धनम् ।
दुःखं जगाद निःशेषं, जननीमरणावधि ॥२६॥

इतश्च सूद आगत्य, मूल्यमेतस्य पृष्टवान् ।
सोऽवोचदेनं मूल्येन, न विक्रीणामि सन्मते ! ॥२७॥

एतस्य मूल्यवित्तेन, न कर्तास्मि सुरालयम् ।
न न्यूनं पूरणं भावि, दारिद्र्योपहतस्य मे ॥२८॥

दुःखितस्याऽस्य नो कर्तुं, भृतिर्युक्ता स्वपुत्रवत् ।
परं तुभ्यं प्रयच्छामि, स्नेहेनैनं धनं विना ॥२९॥

मुधा संप्राप्य हृष्टः सन्, सूदस्तस्माद् न्यवर्तत ।
अगादपि निजावासं, भोजयामास तं स्वयम् ॥३०॥

દુઃખપૂર્વક માતાના મરણ સુધીનીવાત કહી સંભળાવી (૨૬)

એવામાં કોઈ રસોયાએ આવી તેનું મૂલ્ય પૂછ્યું. એટલે તે સુભટ બોલ્યો કે, "હે સન્મતિ ! મૂલ્ય લઈ હું એનો વિક્રય કરનાર નથી. (૨૭)

એના મૂલ્યના ધનથી હું કાંઈ દેવભવન બંધાવી શકું તેમ નથી. તથા દારિદ્રયથી હણાયેલા મારે જે ન્યૂનતા છે તે પૂર્ણ થવાની નથી. (૨૮)

વળી દુઃખી એવા તેનું સ્વપુત્રની જેમ ભરણપોષણ કરવું તે પણ મને પાલવે તેમ નથી. માટે કાંઈપણ મૂલ્ય લીધા વિના સ્નેહથી હું આ બાળક તને આપું છું." (૨૯)

એ રીતે વિના મૂલ્યે બાળક મળવાથી રસોયો હર્ષ પામ્યો અને તેને લઈ ત્યાંથી પાછો ફર્યો અને પોતાના ઘરે જઈ તેને ભોજન કરાવ્યું (૩૦)

गृहीतो राजसौधेऽसौ, सूदेनौदनपक्तये ।
कारितश्च समादेशादिन्धनाऽऽनयनादिकम् ॥३१॥

प्रस्तावे जगदे तेन, हंहो बालक ! लावकान् ।
वंशकम्बादिनिष्पन्नपञ्जराद् निरवासय ॥३२॥

विदधानो दयां चित्ते, पञ्जराद् लावका मया ।
तात ! सर्वे विनिर्मुक्ता, यौष्माकीणनिदेशतः ॥३४॥

इत्युक्तवन्तं तं सूदः, कम्बया समताडयत् ।
मुग्धोऽयमिति तं बालं, वितर्क निजे हृदि ॥३५॥

द्वितीयेऽह्न्यमुनाऽऽदिष्टो, लावकान् बालकाऽधुना ।
वक्रां ग्रीवां विधायाऽऽशु, पञ्जरेभ्यः समानय ॥३६॥

પછી રસોયો તેને રાજમંદિરમાં લઈ ગયો અને ત્યાં ભાત રાંધવા માટે ઈંધનાદિ લાવવાનો તેને આદેશ કર્યો. (૩૧)

એવામાં પ્રસંગોપાત્ત તેણે કહ્યું કે- "હે બાળક ! વાંસ અને કંબાદિના પાંજરામાંથી લાવકો (પક્ષી વિશેષ) ને બહાર કાઢ. (૩૨)

આથી દિલમાં દયા લાવી પાંજરામાંથી તેણે બધા લાવકોને છોડી મૂક્યા એટલે તે પક્ષીઓ તરત આકાશમાં ઉડી ગયા. (૩૩)

ક્ષણવાર પછી તે રસોયા પાસે આવીને કહેવા લાગ્યો કે, હે તાત ! આપના આદેશથી પાંજરામાંથી મેં બધા લાવકોને છોડી મૂક્યા." (૩૪)

તે સાંભળી રસોયાએ તે ચાબુકથી તેને માર માર્યો અને આ મુગ્ધ છે. એમ મનમાં સમજી લીધું. (૩૫)

બીજા દિવસે તેણે આદેશ કર્યો કે - "હે બાળક ! હવે

अथाऽसौ तत्र तांस्तेभ्य, आकृष्य पूर्ववत्क्षणात् ।
मङ्क्ष्वमुञ्चदशेषांश्च, वक्रग्रीवोऽभवत् स्वयम् ॥३७॥

वक्रग्रीवममुं दृष्ट्वाऽवादीत् सूदः कुतो भवान् ।
वक्रग्रीवः समायातः, सोऽवोचदथ मन्दगीः ? ॥३८॥

यौष्माकादेशतस्तात !, वक्रग्रीवोऽधुनाऽजनि ।
तच्छ्रुत्वेदं दधौ चित्ते, डिङ्गिरो डिङ्गिरो ह्ययम् ॥३९॥

वक्रस्ताडनतः शिष्यो, लोभी द्रविणदानतः ।
दुर्दान्तो दारपुत्रश्च, मायी त्वावर्जनागुणैः ॥४०॥

વકગ્રીવા કરીને એટલે કે ડોકી મરડીને (મારીને) પાંજરામાંથી લાવકોને સત્વર લાવ." (૩૬)

એટલે પૂર્વની જેમ બધા લાવકોને પાંજરામાંથી બહાર કાઢીને તેણે તે રસોયા પાસે મૂક્યા અને પોતે વકગ્રીવા કરી ઊભો રહ્યો. (૩૭)

વકડોકવાળા તેને જોઈ રસોયો બોલ્યો કે- "તું વાંકી ડોકી કરી કેમ ઊભો છે ? (૩૮)

એટલે તે ધીરેથી બોલ્યો કે, હે તાત ! આપના આદેશથી મેં અત્યારે વકગ્રીવા કરી છે." તે સાંભળી રસોયો મનમાં વિચારવા લાગ્યો કે, અહો ! આ વક જણાય છે. (૩૯)

વકને માર મારવાથી, લોભીને દ્રવ્ય દેવાથી, તથા દુર્દાંત સ્ત્રી તથા પુત્ર તથા માયાવીને આવર્જના (સરળતા) ગુણથી વશ કરી શકાય છે." (૪૦)

એમ વિચારણા કરી વકઘોડાની જેમ તેને ચાબુકવડે માર

विचिन्त्येति कशाघातपातैः शुकलवाजिवत् ।
ताडितः संयतश्चापि, सुदृढं केशरज्जुना ॥४१॥

ताड्यमानममुं राजा, गवाक्षस्थो विलोक्य च ।
कथं सूद ! वराकोऽयं, ताड्यते वनजोक्षवत् ? ॥४२॥

तद्वृत्तमवदत् सूदः, श्रुत्वा राजापि तत्तथा ।
कोपेन कम्पमानाङ्गो, वातकम्पितवृक्षवत् ॥४३॥

बन्धयित्वा शिशुं राजा, गजाग्रे चर्मपुत्रवत् ।
निर्दयं मोचयाञ्चक्रे, कृतान्त इव दारुणः ॥४४॥ (युग्मम्)

करेणोत्पाटयामास, करेणुस्तं च संज्ञितः ।
निर्घृणं शिक्षिताः प्राज्ञैस्तिर्यञ्चः किं न कुर्वते ? ॥४५॥

માર્યો અને દોરડીવડે તેને મજબૂત બાંધ્યો. (૪૧)

એવામાં ગવાક્ષમાં બેઠેલા રાજાએ તેને મારતો જોયો અને રસોયાને બોલાવી પૂછ્યું કે, "આ બિચારાને જંગલી વૃષભની જેમ શા માટે મારે છે ?" (૪૨)

એટલે તેણે રાજાને તેનો વૃત્તાંત કહી બતાવ્યો. આથી રાજાએ પણ વાયુથી કંપતા વૃક્ષની જેમ કોપથી શરીર કંપાવી (૪૩)

તે બાળકને દૃઢબંધને બંધાવી યમની જેવા ભયંકર તેણે ચર્મપુત્રની જેમ તેને નિર્દય રીતે હાથી આગળ મૂકાવ્યો. (૪૪)

હાથીને ઈશારો કર્યો એટલે તેણે તેને સુંઢમાં ઉપાડ્યો." બુદ્ધિશાળીઓએ નિર્દયપણે શિખવેલા તિર્યંચો શું નથી કરતા ? (૪૫)

એ વખતે રાજાએ તે બાળકને કહ્યું કે, "જો તું જીવવા ઈચ્છતો

इतश्च पृष्टो भूपेन, जिजीविषति चेद्भवान् ।
जीवितं हर जीवानामन्यथा मरणं तव ॥४६॥

सुदत्तोऽथाऽगदद् देव !, भूयाद् मृत्युः करीश्वरात् ।
नाहं प्राणात्ययेऽप्युच्चैः, करिष्ये प्राणिनां वधम् ॥४७॥

तद्वचःश्रवणात् तुष्टः, पृथ्वीशो वणिगात्मजम् ।
स्नेहस्मेरमुखाम्भोजोऽपृच्छद् गोत्रादिकं च सः ॥४८॥

सुदत्तग्रामवास्तव्यो, देवाऽहं वणिगात्मभूः ।
सुदत्तः संज्ञया गर्भश्रावको मृतमातृकः ॥४९॥

देवाऽगलितमर्णश्च, पीयते तृषितैर्न हि ।
अशोधितमिन्धनादि, क्षिप्यते नो हुताशने ॥५०॥

હોય તો હજુપણ જીવહિંસા કર, નહિતર તારૂં મરણ થશે." (૪૬)

એટલે સુદત્ત કહેવા લાગ્યો કે હે દેવ ! ભલે હાથીથી મારૂં મોત થાય પરંતુ પ્રાણ જાય તો પણ હું જીવોનો વધ તો નહિ જ કરૂં." (૪૭)

આ પ્રમાણે તેનું વચન સાંભળી રાજા અત્યંત સંતુષ્ટ થયો અને સ્નેહથી વિકસિત મુખ કરી તેણે તેના ગોત્રાદિક પૂછ્યા. (૪૮)

એટલે તે બોલ્યો કે, "હે રાજન્ ! હું સુદત્તગામવાસી, સુદત્તનામે શ્રાવકપુત્ર છું મારી માતા હમણાં જ મરણ પામી છે. (૪૯)

હે દેવ ! સાંભળો ગમે તેવી તરસ લાગે તો પણ અમે ગાળ્યા વિના જલપાન કરતા નથી. શોધ્યા વગર ઈંધનાદિ

निशायां भुज्यते नापि, पूज्यते भगवान् जिनः ।
वन्द्यन्ते गुरवः श्वेताम्बराः क्षान्तिपरायणाः ॥५१॥

सर्वथा जीवरक्षार्थं, यतन्ते कुलजा मम ।
इत्यतो नाधिकं वेद्मि, बाल्यतः पृथिवीपते ! ॥५२॥

निशम्येति नृपोऽवोचद्, धन्यं श्राद्धकुलं क्षितौ ।
यस्मिन् बाला अपि दयाप्रकृष्टाः शिष्टताजुषः ॥५३॥

बालका अपि यत्रेदृग्जीवरक्षापरायणाः ।
ये पुनर्ज्ञातसिद्धान्तास्ते कीदृक्षाः क्षमातले ? ॥५४॥

प्रशस्येति श्राद्धकुलं, सुदत्तं दत्तशासनम् ।
अङ्गरक्षकनेतृत्वे, चकार क्षोणिनायकः ॥५५॥

અગ્નિમાં નાંખતા નથી. (૫૦)

રાત્રે ભોજન કરતા નથી. શ્રીજિનેશ્વર ભગવંતની પૂજા કરીએ છીએ. ક્ષમાધારી શ્વેતાંબર ગુરુને વંદન કરીએ છીએ. (૫૧)

તેમજ મારા કુળમાં જન્મેલા સર્વમાનવો સર્વથા જીવરક્ષા કરે છે. હે ભૂપાલ ! હું બાળક છું એટલે એનાથી અધિક કાંઈ જાણતો નથી." (૫૨)

આ પ્રમાણે બાળકના વચન સાંભલી રાજા કહેવા લાગ્યો કે, "અહો ! પૃથ્વી પર શ્રાવકકુળને ધન્ય છે જેમાં બાળકો પણ દયાળુ અને શિષ્ટતાયુક્ત હોય છે. (૫૩)

અહો ! જે જાતિમાં અજ્ઞાન બાળકો પણ આવા જીવદયા પરાયણ છે. તો તે જાતિમાં સિદ્ધાંતજ્ઞ માનવો તો કેવા ઉત્તમ હશ ? (૫૪)

એ રીતે શ્રાદ્ધકુળની પ્રશંસા કરી સુદત્તને રાજાએ પોતાના

नृपाङ्गरक्षां कुर्वाणस्तीर्थनाथार्चनोद्यतः ।
कुलीनललनोद्वाही, दानशौण्डः प्रशान्तधीः ॥५६॥

श्रीचन्द्रप्रभतीर्थेशसमीपे श्रावकव्रतम् ।
आदाय विधिना शुद्धं, सम्यक्त्वविधिबन्धुरम् ॥५७॥

पर्यन्तेऽनशनं कृत्वा, परमेष्ठिस्तवं स्मरन् ।
मृत्वा माहेन्द्रकल्पेऽभूत्, तस्माद् निर्वाणमेष्यति ॥५८॥

सुदत्तस्य यथा जातमिहाऽमुत्र श्रियां पदम् ।
तथान्येषामपि भवेत्प्राणिनां वधरक्षणात् ॥५९॥

અંગરક્ષકોમાં અગ્રણી અંગરક્ષક બનાવ્યો. (૫૫)

પછી રાજાની અંગરક્ષા કરતા, શ્રીજિનેશ્વરભગવંતની પૂજામાં તત્પર, દાનધર્મમાં પરાયણ, કુલીન લલના સાથે લગ્ન કરનાર, પ્રશાંત બુદ્ધિશાળી સુદત્તે (૫૬)

શ્રીચંદ્રપ્રભ ભગવંતની પાસે સમ્યક્ત્વથી વિભૂષિત શુદ્ધ શ્રાવકના વ્રત વિધિપૂર્વક અંગીકાર કર્યા. (૫૭)

સારીરીતે પાલન કરી પ્રાંતે અનશન કરી, પંચપરમેષ્ઠિ સ્મરણ કરતાં મરણ પામી માહેન્દ્ર દેવલોકમાં તે દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી તે નિર્વાણ પદને પામશે. (૫૮)

જેમ જીવદયાથી સુદત્તને આ ભવ-પરભવમાં સંપત્તિ પ્રાપ્ત થઈ તેમ જીવરક્ષા કરવાથી અન્યજીવોને પણ અનેકપ્રકારના લાભ પ્રાપ્ત થયા છે. (૫૯)

ઇતિ પ્રથમવ્રત ઉપર સુદત્તકથા.

આ કથા સાંભળી કુંભરાજા અંજલિ જોડી ભગવંતને નમસ્કાર કરી બોલ્યો કે, હે ભગવન્ ! ધન્ય છે સુદત્ત કે જે બાલ્યવયમાં

अथ नत्वा जिनं कुम्भो, जगाद रचिताञ्जलिः ।
धन्यः सुदत्तो भगवान्, यो बाल्येऽपि दयापरः ॥६०॥

राजन् ! प्राणातिपातस्य, विरतेर्भूषणं सदा ।
मृषावादं परिहरेत्, द्वैतीयीकमणुव्रतम् ॥६१॥

सत्यं कीर्तिलतामूलं, सत्यं पुण्यनदीगिरिः ।
सत्यं विश्वाससौधं च, सत्यं लक्ष्मीनिकेतनम् ॥६२॥

यथा पुण्ड्रेण रामाया, वक्त्राम्भोजं विभूष्यते ।
यथा गङ्गाप्रवाहेण, पूयते भुवनत्रयम् ॥६३॥

यथा च शोभते काव्यं, सार्थया पदशय्यया ।
तथा सत्येन मनुज, इहाऽमुत्र विराजते ॥६४॥ (युग्मम्)

પણ જીવદયામાં તત્પર હતો. (૬૦)

પછી ભગવંત બોલ્યા કે, "હે રાજન્ ! બીજું અણુવ્રત કે જે પ્રાણાતિપાતવિરતિના ભૂષણરૂપ છે તે પ્રાણીઓએ અવશ્ય અંગીકાર કરવું. બીજા અણુવ્રતમાં મૃષાવાદનો ત્યાગ કરવો જોઈએ. (૬૧)

કારણ કે સત્ય એ કીર્તિલતાનુ મૂળ છે. પુણ્યરૂપ નદીને નીકળવામાં પર્વત સમાન છે. વિશ્વાસનું એક મંદિર છે અને લક્ષ્મીનું અદ્વિતીય ભવન છે. (૬૨)

જેમ તિલકથી માનિની(સ્ત્રી)નું મુખકમળ શોભે છે. જેમ ગંગાના પ્રવાહથી ત્રણે લોક પાવન થાય છે (૬૩)

અને જેમ અર્થયુક્ત પદરચનાથી કાવ્ય શોભે છે. તેમ સત્યથી માનવ આ લોકમાં અને પરલોકમાં શોભા (મહાનતા) પામે છે. (૬૪)

જેમ નદીના પુરથી તટવાસી ગામો તણાઈ જાય છે તેમ

प्रतिष्ठाः लोकविश्वासप्रत्यया अनृतोदितेः ।
नदीपूरादिव ग्रामाः, प्लाव्यन्ते तटवासिनः ॥६५॥

सत्यवाक्यप्रभावेण भूपालैरपि पूज्यते ।
वसुबन्धुर्यथा श्रेष्ठी धर्मदेवकलौ किल ॥६६॥

तथाहि धरणीवासाभिधानं पुरमुत्तमम् ।
तत्रारविन्दभूपालो, विशालो निलयं श्रियः ॥६७॥

वसुबन्ध्वाह्वयः श्रेष्ठी, तत्र श्रेष्ठो गुणोत्करः ।
यद्वित्तैर्व्यवहर्तुं वा, कौबेरीं धनदोऽगमत् ॥६८॥

वसुभद्रः सुतोऽमुष्य, दुर्दान्तसुहृदां गणैः ।
समेतो नगरीं भ्राम्यन्, मदमत्त इव द्विपः ॥६९॥

લોકના વિશ્વાસથી બંધાયેલ પ્રતિષ્ઠા અસત્ય વચન બોલવાથી અસ્તવ્યસ્ત થઈ જાય છે. (૬૫)

સત્યવાદીના પ્રભાવથી વસુબંધુ શ્રેષ્ઠીની જેમ પ્રાણી રાજાઓ વડે પણ પૂજાય છે. રાજમાન્ય બને છે તેની કથા આ પ્રમાણે છે. (૬૬)

બીજાવ્રત ઉપર વસુબંધુની કથા

ધરણીવાસ નામના ઉત્તમનગરમાં લક્ષ્મીના વિશાલ સ્થાનભૂત અરવિંદરાજા રાજ્ય કરે છે. (૬૭)

તે નગરમાં શ્રેષ્ઠ અને ગુણીયલ વસુબંધુ શેઠ વસતો હતો. તેના ધનની વિપુલતા એટલી હતી કે જાણે વ્યાપાર કરવા માટે કુબેર અલકાપુરીમાં ચાલ્યો ગયો જણાય છે. (૬૮)

એ શેઠને વસુભદ્ર નામે પુત્ર હતો. તે દુર્દાંત મિત્રોની સાથે મદોન્મત્ત હાથીની જેમ નગરીમાં રખડતો હતો. (૬૯)

न पितुर्मन्यते शिक्षां, नाभ्यस्यति कलाः क्वचित् ।
पर्वण्यपि गुरोः पादौ, न ननाम दुराशयः ॥७०॥

अन्येद्युः श्रेष्ठिसूर्वीक्ष्योपक्ष्मापतिनिकेतनम् ।
गृहश्रोतःस्फुरद्भूरिकृमिप्रोन्मत्तकर्दमम् ॥७१॥

देवदूष्यमिवाह्लायोत्तार्य मौलेर्वरां पटीम् ।
श्रोतोऽन्तः कुण्डलीकृत्य, क्षिप्तवान् लेष्टुखण्डवत् ॥७२॥ (युग्मम्)

तस्योपरि क्रमौ न्यस्य, विहाय चोत्तरच्छदम् ।
अग्रतः प्रससाराऽसौ, मदोन्मत्तशिरोमणिः ॥७३॥

कोऽयमेष इति नरं, कञ्चित् प्रप्रच्छ भूपतिः ? ।
अवादीदेष निःशेषतदीयकुलवेदकः ॥७४॥

તે પિતાની શિક્ષા પણ માનતો નહોતો. કોઈ પણ કળાઓનો અભ્યાસ કરતો નહોતો. અને પર્વ દિવસે પણ તે દુરાશયી ગુરુચરણને પણ નમતો નહોતો. (૭૦)

એકવાર રાજમહેલ પાસે કીડા અને કાદવથી ખદબદતી ખાળને જોઈને તે શ્રેષ્ઠિકુમારે દેવદૂષ્યવસ્ત્ર સમાન પોતાના મસ્તક ઉપરનું વસ્ત્ર ઉતારીને તેનો ગોટોવાળી ઢેફાંની જેમ તેને ખાળમાં ફેંકી દીધું. (૭૧-૭૨)

અને તેની ઉપર પગ દઈ મદોન્મત્ત શિરોમણિ તે પેલા વસ્ત્રને મૂકી ચાલ્યો ગયો. (૭૩)

એવામાં આ કોણ છે ? એમ રાજાએ કોઈ પુરુષને પૂછ્યું એટલે તેના કુળને સમસ્ત રીતે જાણનાર તે માણસે કહ્યું કે, "હે રાજન્ ! આ વસુબંધુ શેઠનો વસુભદ્ર નામે પુત્ર છે. (૭૪)

તે વ્યસનોથી ઘાયલ (વ્યાપ્ત) થયેલો છે. વળી ઉડાઉ અને

देवाऽयं वसुबन्धोश्च, नन्दनो वसुभद्रकः ।
व्यसनोपहतस्त्यागी, दुःशिक्षितमदाऽन्धलः ॥७५॥

ततः कौतुकितो राजा, वसुबन्धुमजूहवत् ।
श्रेष्ठिंस्तवात्मजः कस्मात्कुलशिक्षाविवर्जितः ? ॥७६॥

स्वामिन् ! शिक्षोपदेशांस्तन्नाऽमंस्ताऽयं कथञ्चन ।
कुलक्षये भवन्त्युच्चैः, सुता ईदृग्विचेष्टिताः ॥७७॥

अधृतिं मा कृथाः श्रेष्ठिन् !, विचारय वचो मम ।
भविष्यति कृतोद्वाहः, शान्तात्मा तव नन्दनः ॥७८॥

काचिद् वेत्रधरा ! श्रेष्ठिपुत्रयोग्याऽस्ति दिक्करी ? ।
परिणेतुं यद् भवन्तो, नागरान्वयवेदिनः ॥७९॥

દુઃશિક્ષણના મદથી અંધ બનેલ છે." (૭૫)

આ પ્રમાણે હકીકત સાંભળી રાજાને કૌતુક ઉત્પન્ન થયું. તેણે વસુબંધુ શેઠને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે, "હે શ્રેષ્ઠિન્ ! તારો પુત્ર કુલાચારથી વર્જિત કેમ છે ?" (૭૬)

એટલે એ બોલ્યો કે, "હે સ્વામિન્ ! એણે ક્યારે પણ શિક્ષોપદેશ માન્યો જ નથી. **ખરેખર જ્યારે કુળક્ષય થવાનો હોય ત્યારે જ આવા ખરાબ ચેષ્ટાવાળા પુત્રો પાકે છે.**" (૭૭)

ફરી રાજાએ કહ્યું કે, "હે શ્રેષ્ઠિ ! તમે અધીરા થશો નહિ, મારા કથન ઉપર લક્ષ્ય રાખજો કે તમારો પુત્ર પરણવાથી શાંત થશે." (૭૮)

એક વચન કરે ઘાવ, એક વચન કરે ઔષધ.

એમ કહી રાજાએ પોતાના છડીદારોને પૂછ્યું કે, "હે વેત્રધરા !

अथाऽऽख्यद् वैत्रभृच्चैकः, स्वामिन्नत्र पुरे वरे ।
आसीत् श्रेष्ठी गुणी शान्तः, पद्मः पद्मविलोचनः ॥८०॥

पद्मादेवीति तस्याऽऽसीत्, प्रेयसी कटुभाषिणी ।
मर्मविद्वचसां खानिः, जङ्गमः कलिपादपः ॥८१॥

तयोः शुभङ्करः पुत्रः, पवित्राचारभासुरः ।
अल्पक्रुदल्पवाही च, गुणमाणिक्यरोहणः ॥८२॥

तस्याऽभूद् धारिणी नाम, धरिणीव स्थिरा गिरा ।
नीरङ्गीसुभगा साध्वी, श्वश्रूपादोपजीविनी ॥८३॥

पद्मातिकर्कशैर्वाक्यैः, सर्वलोहमयैरिव ।
वधूं निरागसमपि, ताडयामास दुर्मुखी ॥८४॥

આ શ્રેષ્ઠીપુત્રને પરણાવવા યોગ્ય કોઈ કન્યા છે ? કેમ કે નગરવાસીઓની હકીકત તમે જાણો છો.” (७९)

એટલે એક છડીદાર બોલ્યો કે, “હે સ્વામિન્ ! આજ નગરમાં ગુણી અને શાંત, કમલજેવા લોચનવાળો પદ્મ નામનો શેઠ હતો. (८१)

તેને મર્મવેધક વચનોની ખાણ, કટુવાણી જ બોલનારી, સાક્ષાત્ જંગમકલિવૃક્ષ સમાન પદ્માદેવી નામે પ્રિયા હતી તેમને પવિત્રાચારથી સુશોભિત, અલ્પકોધી, અલ્પલોભી, ગુણરૂપમાણેકના રોહણાચલ સમાન, શુભંકર નામે પુત્ર હતો. (८२)

તેને ધરણીની જેમ વચનમાં સ્થિર, નીરંગી (લાજ)થી સુભગ, સારા આચારવાળી, સાસુના ચરણનીચે રહેનારી ધારિણી નામે પત્ની હતી. (८३)

દુર્મુખી તેની સાસુ પદ્માદેવી લોહ સમાન અતિ કઠિન વાક્યોથી

तन्न स्थापयति स्थाले, यत्प्रयाति गलात्परम् ।
कृतमासोपवासेव, शुभङ्करप्रियाऽजनि ॥८५॥

आदेशैः कर्मभिः प्राज्यै, रोगैरिव कलेवरम् ।
तस्या दग्धमभूत् किं वा, जातरोगेव साऽभवत् ॥८६॥

श्वशुरौकः स्वयं त्यक्त्वा, स पित्राऽऽवासमासदत् ।
अतिपूर्णं स्फुटत्येव, सत्यं लोकवचो यतः ॥८७॥

वत्से ! श्वशुरवेश्माऽऽशु, गम्यतां स्थीयतां तु न ।
तातवेश्मनि पुत्रीणां, निवासे वचनीयता ॥८८॥

તે નિરપરાધી વધુને નિરંતર પ્રહાર કરતી હતી. (૮૪)

વળી ગળાની નીચે સુખપૂર્વક ઉતરી શકે એવું કાંઈપણ ભોજન તેના થાળમાં તે પીરસતી નહોતી. તેથી જાણે એકમાસના ઉપવાસ કર્યા હોય તેવી તે ધારિણી દુર્બળ થઈ ગઈ. (૮૫)

વળી ઘણા રોગોથી શરીરની જેમ તેના ક્રૂર આદેશોથી અને બહુકામ કરવાથી તેનું શરીર દગ્ધ થઈ ગયું હતું. એથી રોગગ્રસ્તની જેમ અશક્ત લાગતી હતી. (૮૬)

છેવટે કંટાળીને તે સસરાના ઘરનો ત્યાગ કરી તેના પિતાના ઘરે ચાલી ગઈ." **અતિપૂર્ણ ઘડો છેવટે ફૂટે જ. "અતિ ઉગ્રપાપ પીપળે જઈને પોકારે"** એ કહેવત સત્ય છે. (૮૭)

પિતા દીએ શીખ જાવો બેટી સાસરિયે.
લોકનિંદા થાય, ન રહીએ પિયરિયે

ધારણીનો પિતા તેને શિખામણ આપવા લાગ્યો કે, "હે વત્સ ! સત્વર પાછી સાસરે જા. પિતાના ઘરે રહેવાથી પુત્રીઓ નિંદાપાત્ર થાય છે. (૮૮)

यान्यक्षराणि रुष्टाऽपि, भाषते श्वशुरप्रिया ।
तानि मन्त्राक्षराणीव, शुभायेति विचिन्त्यताम् ॥८९॥

इत्यादितातशिक्षां च, श्रुत्वा धारिण्युवाच तम् ।
प्रेतधामेव यत्त्यक्तं, श्वाशुरं वेश्म सर्वथा ॥९०॥

वल्लरी दवदग्धाऽपि, प्ररोहति मुहुर्मुहुः ।
वाचा दग्धः पुनस्तात !, प्रादुर्भवति न क्वचित् ॥९१॥

गृहवासो ममाऽभाग्याद्, वनवास इवाजनि ।
क्लिष्टकर्मोदितेः श्वश्रूर्जज्ञे विषमुखी मम ॥९२॥

तात ! कूपे पतिष्यामि, प्रवेक्ष्यामि हुताशने ।
न पुनः श्वाशुरं वेश्म, गमिष्यामि कदाचन ॥९३॥

કદાચ રોષ લાવી તારી સાસુ તને કાંઈ કટુબોલ કહે તો તેને મંત્રાક્ષરોની જેવા શુભ સમજી લેજે." **આ છે આર્યદેશની આર્યસંસ્કૃતિના ઉત્તમ સંસ્કારદાતા માનવી. ક્યાં આજની અનાર્યદેશ જેવી ચેષ્ટા !** (૮૯)

પોતાના પિતાની શિખામણ સાંભળી ધારિણી કહેવા લાગી કે, "હે તાત ! સ્મશાન જેવા સસરાના ઘરનો તો મેં સર્વથા ત્યાગ કર્યો છે. (૯૦)

હે પિતાજી ! વારંવાર દાવાનલથી દગ્ધવેલડી કદાચ નવપલ્લવિત થાય પણ વાણીથી દગ્ધ બનેલા ફરી ક્યારેય પ્રોલ્લસિત થતાં જ નથી. (૯૧)

હે તાત ! મારા દુર્ભાગ્યથી મને ગૃહવાસ વનવાસ જેવો થયો છે. દુષ્કર્મના ઉદયથી મારી સાસુ વિષમુખી થઈ છે. (૯૨)

હે તાત ! હું કુવામાં કે અગ્નિમાં પડવાનું સ્વીકારીશ પણ

इत्थमाकर्ण्य तद्वाक्यं, चक्रे मौनं मुनिर्यथा ।
अति हि व्याहृतं हन्त !, प्राणात्याय प्रजायते ॥९४॥

अथ देवरि संप्राप्ते, तामाह्वातुं तदौकसि ।
ऊचेऽथ धरिणी तात !, न गन्तास्मि प्रियौकसि ॥९५॥

शिरःकण्डूयनं कृत्वा, ज्ञात्वा मातुर्विजृम्भितम् ।
यथागतस्तथाऽऽयातो, मौन्यभूच्च गृहे गतः ॥९६॥ इतश्च –

कस्यचिद्गतवित्तस्य, वित्तं दत्त्वा यथारुचि ।
पद्मादेवी निजं पुत्रं, पर्यणाययदञ्जसा ॥९७॥

पूर्ववत् ताडयामास, तां वधूं कर्कशैः पदैः ।
स्वभावो यस्य सो लग्नः, किं शक्यः कर्तुमन्यथा ? ॥९८॥

સસરાના ઘરે તો કદાપિ જવાની નથી.” (૯૩)

આ પ્રમાણે પુત્રીનાં વચન સાંભળી શેઠ મુનિની જેમ મૌન ધારણ કરી રહ્યો. **કેમકે ઘણું કહેવાથી આઘાત પ્રત્યાઘાતથી પ્રાણ પણ જોખમમાં મૂકાય.”** (૯૪)

એવામાં તેના દિયર તેને ત્યાં બોલાવવા આવ્યો. એટલે ધારિણીએ પોતાના પિતાને કહ્યું કે, “હે તાત ! મારે શ્વસુરના ઘરે જાવું નથી.” (૯૫)

આ પ્રમાણે સાંભળી શિર ખંજવાળીને પોતાની માતાની ચેષ્ટા સમજી તે જેમ આવ્યો હતો તેમ પાછો ચાલ્યો ગયો. અને ઘરે જઈ મૌન ધારણ કરી બેસી રહ્યો. (૯૬)

અહીં કોઈ દરિદ્રીને યથારૂચિ ધન આપી તેની પુત્રી સાથે પદ્માદેવીએ સત્વર પોતાના પુત્રને પરણાવ્યો. (૯૭)

અને પૂર્વની જેમ તે વધુને પણ તે કર્કશવચનનાં માર મારવા

ततो वधूजनैर्देव !, **वधूमारि**रिति स्फुटम् ।
अदीयताह्वयस्तस्याः, सान्वयं स्वरवत् तदा ॥९९॥

देव ! तस्याः सुता तद्वत्कलिवल्लीव जङ्गमा ।
पुत्र्यो हि मातृवद् दृष्टाः, पुत्राः पितृसमा यथा ॥१००॥

अङ्गारशकटीत्युच्चैस्तस्या नाम व्यजृम्भत ।
न कश्चिदुद्वहत्येनां, विषकन्यामिवाऽवनौ ॥१०१॥

चेत्तया सह संयोगो, वसुभद्रे भविष्यति ।
एकमेव गृहं स्वामिंस्तद् विनश्यति नापरम् ॥१०२॥

अथ स्वयं महीपालो, वसुभद्रं स्वपुत्रवत् ।
सार्धमङ्गारशकट्या, पर्यणाययदञ्जसा ॥१०३॥

લાગી. **"જેનો જે સ્વભાવ હોય છે તે ક્યારેય અન્યથા થઈ શકતો નથી."** (૯૮)

હે રાજન્ ! આથી ગામની વહુવારૂઓએ મળી સ્વરની જેમ સાન્વય **વધુમારિ** તેનું નામ રાખ્યું છે. (૯૯)

હે દેવ ! તે પદ્માદેવીને જંગમ કલિલતા સમાન અંગારશકટી નામે પુત્રી છે. કેમ કે **સામાન્ય રીતે પુત્રીઓ માતાસમાન અને પુત્રો પિતા સમાન જોવામાં આવે છે."** વિષકન્યાની જેમ તે કન્યાને કોઈ પરણતું નથી. (૧૦૦-૧૦૧)

તો હે સ્વામિન્ ! વસુભદ્રના પુત્રનો જો તેની સાથે સંયોગ થાય તો એક જ ઘરનો નાશ થાય. પણ બીજું ઘર તો ન બગડે." (૧૦૨)

આ પ્રમાણે હકીકત સાંભળી રાજાએ પોતે પોતાના પુત્રની જેમ સત્વર અંગારશકટી સાથે વસુભદ્રને પરણાવી દીધો. (૧૦૩)

भिन्नश्च विहितः श्रेष्ठिगेहादक्षरपत्रकैः ।
दुर्दान्तानां तनूजानां, शिक्षा भवति नान्यथा ॥१०४॥

निष्कलोऽसौ दिनैः स्तोकैरव्ययद् वित्तसञ्चयम् ।
निर्धनश्चापि संवृत्तो, दुर्वृत्तानां हि तत्कियत् ? ॥१०५॥

साक्षात् शूलास्वरूपेण, कलत्रेण कदर्थितः ।
नाऽभुङ्क्त समये नीरमपिबद् नापि सौख्यतः ॥१०६॥

गृहस्यान्तःप्रविष्टोऽसौ, न ब्रूते कृतमौनवत् ।
कलिभीत्या मन्यते च, तद्वाक्यं गुरुवाक्यवत् ॥१०७॥

अथ वर्षासु सीरं स, वाहयामास दुःखितः ।
निष्कलानां हि कर्माणि, कृष्यादि किल भुक्तये ॥१०८॥

અને અક્ષરપત્ર (ફારગતી) કરીને શેઠના ઘરથી તેને જુદો કર્યો. દુર્દાંત પુત્રને બીજી કેવી શિક્ષા હોય ! (૧૦૪)

પછી કળારહિત તેણે સંગૃહિત ધનનો વ્યય કરી નાંખ્યો. પોતે નિર્ધન બની ગયો. (૧૦૫)

વળી સાક્ષાત્ શૂળી સમાન એવી સ્ત્રીથી તે અત્યંત કદર્થના પામ્યો. એટલે સમયસર સુખપૂર્વક તે ભોજન કે જળપાન પણ કરી શકતો નહોતો. (૧૦૬)

ઘરમાં પેસતાં જ તે મૌની બની જતો. કાંઈપણ બોલતો નહી. કલહ-ક્લેશના ભયથી તે પત્નીનું વચન ગુરુવચનની જેમ માની લેતો હતો. (૧૦૭)

પછી દુઃખી તે દ્રવ્યોપાર્જન માટે વર્ષાકાળમાં તે હળ ચલાવવા લાગ્યો. **કારણ કોઈપણ પ્રકારની કળારહિત પુરુષો કૃષિ વગેરે કર્મ કરીને જ પોતાનું ગુજરાન ચલાવે છે.** (૧૦૮)

कदन्नमशनं साऽप्यपराह्णे रुक्षशीतलम् ।
प्रददौ प्रत्यहं पत्यै, सोऽप्यभुङ्क्त दिवानिशम् ॥१०९॥

सोऽपरेद्युर्हलक्षेत्रे, वाहमानः कृशाङ्गवान् ।
प्राजनेन बलीवर्दं, खञ्जं दुर्बलविग्रहम् ॥११०॥

ताडयन्नित्यभाषिष्ट, रे रे वृषभ ! सादरम् ।
शीघ्रं परिणायियिष्ये, शान्ते मद्वद् भवाऽन्यथा ॥१११॥

वाह्यालीविनिवृत्तोऽथ, भूपः शुश्राव तद्वचः ।
हंहो वत्स ! कदा तेऽगाद्, दुर्दान्तत्वमनुत्तरम् ॥११२॥

स प्रोवाच यदा देव !, त्वयाऽस्मि परिणायितः ।
तदाऽभूद् मम शान्तत्वं, तत्त्वं तत्त्वविदो यथा ॥११३॥

તેની સ્ત્રી તેને લૂખુ-સૂકું, ઠંડુ અને કુત્સિત ભોજન બપોર પછી ખાવા આપતી હતી. છતાં તે રોજ મૂંગે મોઢે જમી લેતો હતો. (૧૦૯)

એકવાર ક્ષેત્રમાં દુર્બળ તે હળ હાંકતો હતો. તે સમયે દુર્બળ શરીરવાળા અને લંગડા બળદને ચાબૂકવડે માર મારતાં (૧૧૦)

તેણે આદરપૂર્વક કહ્યું કે, અરે વૃષભ ! તું સત્વર શાંત થઈ જા, નહિ તો મારી જેમ તને પણ પરણાવી દઈશ. (૧૧૧)

એ સમયે બહાર ફરવા નીકળેલા રાજાએ તે બોલ સાંભલ્યા અને કહ્યું કે, હે વત્સ ! તારૂં અત્યંત દુર્દાંતપણું ક્યારે નાશ થયુ? (૧૧૨)

તે બોલ્યો કે હે દેવ ! જ્યારથી મને તમે પરણાવ્યો, ત્યાર પછી જ તત્ત્વવેત્તાને તત્ત્વની પ્રાપ્તિ થાય તેમ મને શાંતપણું પ્રાપ્ત થયું છે. અને દુર્દાંતપણું નાશ પામ્યું છે. (૧૧૩)

इतः प्रभृति यत्किञ्चिद्, गुरवो गौरवान्वितम् ।
निदेक्ष्यन्ति विधास्यामि, तदहं निरहङ्कृतिः ॥११४॥

ततः सगौरवं राजा, जिनचन्द्रसमुद्भवाम् ।
सुताममृतमुख्याख्यां, श्रेष्ठिजं पर्यणाययत् ॥११५॥

सवथा मुक्तदौर्गत्यः, सर्वथाकृतस्क्रियः ।
सर्वथा रञ्जितजनः, सर्वथाऽभूच्छमादृतः ॥११६॥

विषयान् सेवमानस्य, समभूत् तस्य नन्दनः ।
सोमदेव इति ख्याता, तस्याऽऽख्या भूभुजा कृता ॥११७॥

अन्यदा पोतमारुह्य, सोमदेवोऽम्बुधौ गतः ।
परकूलाद् निवृत्तश्च, मन्दिरद्वारमाययौ ॥११८॥

હે રાજન્ ! હવે પછી મારા વડીલો જે કાંઈ આદેશ કરશે તે ગૌરવપૂર્વક અને અહંકાર રહિત બજાવવા તત્પર થયો છું (૧૧૪)

આ પ્રમાણે તેના વચન સાંભળી રાજાએ ગૌરવપૂર્વક તેને જિનચંદ્રશેઠની અમૃતમુખી સુતા પરણાવી. (૧૧૫)

પછી તે દૌર્જન્યથી સર્વથા મુક્ત, સદા સત્ક્રિયા કરનાર, સર્વથા લોકરંજન કરનાર અને શાંત બની ગયો. (૧૧૬)

એ રીતે તેની સાથે વિષય સુખ ભોગવતા તેને એક પુત્ર થયો. એટલે રાજાએ તેનું સોમદેવ એવું નામ રાખ્યું. (૧૧૭)

એકવાર સોમદેવ નાવમાં બેસી સમુદ્રમાર્ગે ચાલ્યો અને વ્યાપાર કરી પરદેશથી પાછો ફરી પોતાના નગર સમીપે આવ્યો. (૧૧૮)

એટલે પૌત્ર મિલન માટે ઉત્સુક, મહાધૈર્યવાન વસુબંધુ તેની સાથે આવ્યો. અને વહાણમાં બેઠેલા પોતાના પૌત્રને જોઈ તેન

पौत्रोत्को गतवांस्तत्र, वसुबन्धुर्महाधृतिः ।
पोतस्थमालिलिङ्गाऽऽशु, सुतं मूर्ध्नि चुचुम्ब च ॥११९॥

अप्रच्छि स्वस्थचित्तेन, मार्गव्यतिकरोऽखिलः ।
चिराय मिलितानां स्याद् वार्ताभिर्यद् महाधृतिः ॥१२०॥

पोतेऽत्रैव वणिक्पुत्रं, धर्मदेवाभिधाश्रुतम् ।
पप्रच्छ सोमदेवोऽथ, किमिदं दृश्यते पुरः ? ॥१२१॥

देवाऽयं पुरतो मत्स्यः, साक्षाददिरिवापरः ।
कुतश्चिद् निश्चलः सम्यग्, नायं शैलः शुभाशय ! ॥१२२॥

सोमदेव उवाचाऽथ, झषो नायं महामते ! ।
किन्त्वयं पर्वतः कोऽपि, यादस्तुल्यो महोदधौ ॥१२३॥

चेदयं भद्र ! मत्स्यः स्याद्, मामकीनं धनं तव ।
चेदयं पर्वतो भावी, तावकीनः पणश्च कः ? ॥१२४॥

આલિંગન તથા મસ્તકપર ચુંબન કર્યું. (૧૧૯)

પછી સ્વસ્થચિત્તે તેણે માર્ગનો બધો વૃત્તાંત પૂછ્યો. લાંબાકાળે મળેલા સ્વજનોને એવી વાતોથી ધીરજ મળે છે. (૧૨૦)

તે જ વહાણમાં ધર્મદેવ નામે એક વણિકપુત્ર બેઠો હતો. તેને સોમદેવે પૂછ્યું કે, આ સામે શું દેખાય છે ? (૧૨૧)

એટલે તે બોલ્યો કે, "હે દેવ ! સામે જાણે બીજો પર્વત હોય તેવો-કોઈ કારણથી બરાબર નિશ્ચલ થઈ ગયેલો મત્સ્ય છે. પણ "હે ભદ્ર ! એ પર્વત નથી." (૧૨૨)

તે સાંભળી સોમદેવ બોલ્યો કે, "હે મહામતે ! એ મત્સ્ય નથી, પણ સમુદ્રમાં મત્સ્ય જેવો કોઈ પર્વત દેખાય છે. (૧૨૩)

હે ભદ્ર ! જો એ મત્સ્ય હોય તો મારૂં સર્વધન હું તને આપી

अथेत्थं धर्मदेवेन, जगदे प्रमिताक्षरम् ।
मामकीनं शिरस्तेऽस्तु, तद्वशे लभ्यभांगवत् ॥१२५॥

उभाभ्यां वसुबन्धुश्च, साक्षीचक्रे स्वजल्पयोः ।
ततो धर्मोऽक्षिपत् तत्र, प्रज्वलत्तृणपूलकम् ॥१२६॥

तत्पृष्ठं पतता तेन, संजातं तापितं तिमेः ।
ननाश काकनाशं च, वराको लगुडादिव ॥१२७॥

धर्मदेवो धनं तस्य, याचते पितृदत्तवत् ।
सोऽपि मौन्यभवत् काममन्यथाक्षिप्तचित्तवत् ॥१२८॥

ततस्तेन महीभर्तुर्गदितं पुरतोऽखिलम् ।
परिभूतेषु भूपालः, पितेव परिपालकः ॥१२९॥

દઉં, પણ જો એ પર્વત હોય તો તારે શી શરત કરવી છે ? (૧૨૪)

એટલે ધર્મદેવ પ્રમિતાક્ષર (અલ્પ) બોલ્યો કે, "જો એ પર્વત હોય તો મારૂં શિર તને અર્પણ કરૂં." એ પ્રમાણે બંનેએ કબૂલાત કરી (૧૨૫)

અને તેમાં વસુબંધુને સાક્ષી રાખ્યો. પછી ધર્મદેવે ત્યાં જઈ તેની ઉપર બળતો ઘાસનો પૂળો નાંખ્યો. (૧૨૬)

એટલે તે પીઠપર પડવાથી મત્સ્યને તાપ લાગ્યો. તેથી લાકડીથી દીનની જેમ તે તુરત જ ભાગી ગયો. (૧૨૭)

તે સમયે પિતૃદત્તની જેમ ધનદેવે સોમદેવની પાસે સર્વ ધન માંગ્યું. આથી તે અન્યત્ર આક્ષિપ્ત કરેલા મનની જેમ મૌન ધારણ કરી રહ્યો. (૧૨૮)

ધનદેવે તે હકીકત રાજા પાસે નિવેદન કરી. કારણ કે **પરાભવ**

---

१. भागतः, इत्यपि ।

हंहो ! युष्मद्विवादेऽभूत्, कः साक्षीत्यगदद् नृपः ? ।
अनयोरगदद् धर्मः, साक्ष्यस्त्यस्य पितामहः ॥१३०॥

वसुबन्धुं समाहूयाऽपृच्छत् क्षितिपतिश्च तत् ।
असौ सत्यमभाषिष्ट, तं वृत्तान्तं सविस्तरम् ॥१३१॥

अस्य सत्यवचः श्रुत्वाऽभ्यधादथ महीश्वरः ।
अहो ! सूनृतगीः श्रेष्ठी अहो ! व्रतविवेचनम् ॥१३२॥

कौस्तुभेन यथा वक्षो, भूष्यते केशिशासितुः ।
तथा सत्येन मनुजो, वक्षःस्थेनाऽकलङ्किना ॥१३३॥

जरामरणकल्लोलः, प्रत्यूहव्यूहवारिधिः ।
विष्वक्प्रवहणेनेव, सत्यवाक्येन तीर्यते ॥१३४॥

પામેલા જીવોનું પિતાની જેમ રાજા જ સમાધાન કરે છે." (૧૨૯)

રાજાએ તેને પૂછ્યુ કે, "અરે ! તમારા વિવાદમાં કોઈ સાક્ષી છે ? એટલે ધર્મદેવ બોલ્યો કે, એના પિતામહ (દાદા) જ સાક્ષી છે. (૧૩૦)

પછી રાજાએ વસુબંધુને બોલાવી પૂછ્યું. એટલે તેણે વિસ્તારપૂર્વક સઘળી વાત સત્ય જણાવી. (૧૩૧)

તેનું સત્યવચન સાંભળી રાજાએ કહ્યું કે, "અહો ! આ શેઠની સત્યવાણી ! અહો ! એના વ્રતનું વિવેચન ! (૧૩૨)

જેમ કૌસ્તુભમણિથી કૃષ્ણનું વક્ષઃસ્થળ શોભે છે. તેમ અંતરમાં રહેલા અકલંકી સત્યથી માનવ શોભા પામે છે. (૧૩૩)

જ્યાં જન્મ, જરા, મરણરૂપ કલ્લોલવાળો, વિઘ્નસમૂહરૂપ મહાસાગર નાવની જેમ સત્યવચનથી સુખે તરી શકાય છે. (૧૩૪)

धर्मवानपि विज्ञोऽपि, सूनृतेतरभाषणात् ।
न नन्दति निरानन्दो, मन्त्रपाठी यथाऽशुचौ ॥१३५॥

असारे विभवेऽमुष्मिन्, सारो सूनृतगीर हो ! ।
क्षाराम्बुधाविव क्षीरकूपिका तर्पिकाऽधिकम् ॥१३६॥

प्रशस्येत्यवदद् धात्रीपुङ्गवः श्रेष्ठिपुङ्गवम् ।
पौत्रस्यार्थे कथं नोक्तं, भवता सूनृतेतरत् ? ॥१३७॥

स्वामिन् ! श्वेताम्बराचार्यद्रुमघोषपदान्तिके ।
गृह्णता भावतः सर्वव्रतानि बहुभेदतः ॥१३८॥

विशेषतो व्रतेऽप्यस्मिन्, निश्चयो विदधे मया ।
असावेतर्हि यौष्माकादेशतः परिपालितः ॥१३९॥

ધર્મી હોય જાણકાર હોય છતાં અસત્ય વચનથી અશુચિમાં મંત્રપાઠીની જેમ તે આનંદથી રહી શકતા નથી. (૧૩૫)

અહો ! ક્ષાર સમુદ્રમાં (ખારા) ક્ષીરકૂપિકા (મીઠા પાણીની વિરડીની જેમ) આ અસાર વૈભવમાં સત્યવાણી એક સારરૂપ છે." (૧૩૬)

આ પ્રમાણે પ્રશંસા કરી રાજાએ શ્રેષ્ઠીને કહ્યું કે, "પૌત્રને ખાતર પણ તમે અસત્ય કેમ ન બોલ્યા ?" (૧૩૭)

તે બોલ્યો કે, "હે સ્વામિન્ ! શ્વેતાંબરાચાર્ય શ્રી દ્રુમઘોષની પાસે સર્વવ્રતો વિવિધ ભેદથી ભાવપૂર્વક ગ્રહણ કરતાં (૧૩૮)

તે વ્રતગ્રહણમાં મેં વિશેષ નિશ્ચય કર્યો હતો કે કદી અસત્ય ન બોલવું, આજે આપના આદેશથી તે વ્રત મેં બરાબર પાળ્યું છે." (૧૩૯)

પછી તેનો સત્કાર કરી તેના ભાલપર સત્યને સૂચવનાર

अथ सत्कृत्य भूपालस्तद्भाले स्वर्णपट्टकम् ।
सत्यस्य सूचकं बद्ध्वा, गृहे स्वयममोचयत् ॥१४०॥

ततः प्रभृति स श्राद्धव्रतानि परिपालयन् ।
कल्पं लान्तकमासाद्य, भरते मोक्षमेष्यति ॥१४१॥

नृनाथोऽथ जगन्नाथं, नत्वा कुम्भोऽभणत्तराम् ।
वसुबन्धुः कृतार्थोऽयं, यः सत्यव्रततत्परः ॥१४२॥

अथाऽप्रकाशयद् नाथस्तार्तीयीकमणुव्रतम् ।
अदत्तादानविरतिलक्षणं शुभलक्षणम् ॥१४३॥

परद्रव्यमतिः प्रायः, प्राणी स्यात् कर्मगौरवात् ।
पश्य सोमोऽपि पद्मिन्याः, श्रियं हरति रात्रिषु ॥१४४॥

સુવર્ણપટ્ટક બાંધી રાજા પોતે તેને ઘરે મૂકવા ગયો. (૧૪૦)

ત્યારપછી તે શ્રાવકના વ્રતોનું પાલન કરી, મરણ પામી તે છઠ્ઠા લાંતકદેવલોકમાં ગયો અને ત્યાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં મનુષ્યભવ પામી સિદ્ધિગતિને પામશે. (૧૪૧)

ઇતિ દ્વિતીયવ્રત ઉપર વસુબંધુ દૃષ્ટાંત.

કુંભરાજાએ આ કથા સાંભળી ભગવંતને નમસ્કાર કરી કહ્યું કે, "હે સ્વામિન્ ! સત્યવ્રતમાં તત્પર તે વસુબંધુ ખરેખર કૃતાર્થ થયો છે." (૧૪૨)

પછી ભગવંત અદત્તાદાન વિરતિરૂપ શુભ લક્ષણવાળું ત્રીજું અણુવ્રત પ્રકાશવા લાગ્યા :- (૧૪૩)

"પ્રાયઃ ભારેકર્મીજીવને જ પરદ્રવ્ય લેવાની મતિ થાય છે. જુઓ પેલો સોમ (ચંદ્ર) પણ કમલિનીની શોભાને રાત્રે જ હરણ કરે છે. (૧૪૪)

परद्रव्याऽपहर्तारः, कर्तारः कर्मवैभवम् ।
हन्तारः प्राप्तकीर्तीनां, यातारो नरकावनीम् ॥१४५॥

अदत्तादाननिरतास्ते लभन्ते शुभेतरद् ।
शृणु भव्य ! प्रबोधाय, संगमकनिदर्शनम् ॥१४६॥

तथाह्यैरावते क्षेत्रे, नगरे सोमपत्तने ।
अभूद् भूमीश्वरश्चन्द्रकेतुः केतुरिव द्विषाम् ॥१४७॥

क्षत्रियायाः सुतस्तत्र, वास्तव्यः संगमाभिधः ।
पञ्चवत्सरदेशीयः, समभूद् घस्मरोऽनिशम् ॥१४८॥

अन्येद्युर्बभणे तेन, देहि मातस्तिलान् मम ।
साऽप्याख्यत् खलतो गत्वा, गृहाण निजयेच्छया ॥१४९॥

તેમ જે જીવો પરદ્રવ્યનું હરણ કરે છે તેઓ ભારેકર્મી થઈ પ્રાપ્ત કરેલી કીર્તિનો નાશ કરે છે અને નરકમાં જાય છે. (૧૪૫)

તેઓ અદત્તાદાનમાં આસક્ત થવાથી અત્યંત દુઃખ પામે છે. હે ભવ્યો ! આ સંબંધમાં સંગમનું દૃષ્ટાંત બોધદાયક છે તે કહું છું. તે તમે લક્ષ દઈને સાંભળો :- (૧૪૬)

તૃતીયવ્રત ઉપર સંગમનું દૃષ્ટાંત.

ઐરાવત ક્ષેત્રમાં સોમપત્તન નગરમાં શત્રુઓને કેતુ સમાન ચંદ્રકેતુ નામે રાજા હતો. (૧૪૭)

તે નગરમાં સંગમ નામનો એક ક્ષત્રિયાણીનો એક પુત્ર રહેતો હતો. તે પાંચવર્ષનો થતાં બહુ ખાઉધરો નીવડ્યો. (૧૪૮)

એક દિવસ તેણે પોતાની માતાને કહ્યું કે, "હે માત ! મને તલ આપ" એટલે તે બોલી કે, ખળામાં જઈ પોતાની ઇચ્છા મુજબ તલ લઈ લે. (૧૪૯)

न मे तिलपतिस्तातो, न बन्धुर्न च मातुलः ।
न पितृव्यः पतिर्वाऽपि, कथं दास्यति सोऽवदत् ? ॥१५०॥

जनयित्र्या ततः कण्ठस्नानं सैष विधापितः ।
सोऽप्यार्द्रविग्रहस्तत्र, गतवान् प्रमितैः पदैः ॥१५१॥

श्येनपातं पपातोच्चैस्तत्र तेष्वथ संगतः ।
लुठति स्म तरां श्रान्ततुरङ्गम इवाधिकम् ॥१५२॥

आः पाप ! बालकक्रीडां कथमत्र विधास्यसि ? ।
जनैस्ताड्यमान इति, स मन्दं प्रासरत् ततः ॥१५३॥

धुत्वा धुत्वा शरीरं सोऽपातयद् भुवि तांस्तिलान् ।
जनन्याऽथ प्रमार्जिन्या, ते च पुञ्जीकृताः क्षितौ ॥१५४॥

તે બોલ્યો કે, ખળવાળો તિલપતિ (તલનો સ્વામી) કાંઈ મારો તાત, બંધુ, મામો કે કાકો કે ધણી થતો નથી. તો તે મને તલ શી રીતે આપશે ? (૧૫૦)

એટલે તેની માતાએ તેને આકંઠ નવડાવ્યો અને તલ મેળવવાનો ઉપાય બતાવ્યો. એટલે તે ભીના શરીરે ખળામાં ગયો (૧૫૧)

અને શ્યેનપાત (બાજ બીજા પક્ષી ઉપર પડે તેમ) ની જેમ તે તલ ઉપર પડ્યો. પછી થાકેલા અશ્વની જેમ તેના ઉપર આળોટવા લાગ્યો. (૧૫૨)

એટલે અરે પાપી ! અહીં બાળક્રીડા શા માટે કરે છે ?" એમ કહેતાં ખળાવાળા તેને મારવા લાગ્યા. (૧૫૩)

આથી તે ત્યાંથી ઉઠીને ધીરે ધીરે ભાગ્યો અને ઘરે આવી શરીરે વળગેલા તલ તેણે જમીન પર પાડ્યા. એટલે તેની માતાએ

जाता सुखादिका तस्य, लब्धोपायस्तदर्जने ।
एवं दिवानिशं कुर्वन्, जातास्वादः प्रगल्भते ॥१५५॥

बालक इति पौरश्च, मुच्यमानो दिवानिशम् ।
क्रमशस्तस्करो जातो, दुर्ग्राह्यो भटकोटिभिः ॥१५६॥

गर्तावत्परिखां जा[1]नन्, सखीमपि महोदधेः ।
सौधान्यपि क्षमाद्धूलीपुञ्जानीव व्यलङ्घयत् ॥१५७॥

कदाचिद् मौनभागेष, कदाचिद् भिक्षुकक्रियः ।
कदाचिद् धनदः श्रीभिः, कदाचिद् नाट्यकारकः ॥१५८॥

તે બધા ભેગા કરી લીધા. (૧૫૪)

પછી તેની સુખડી-તલસાંકળી બનાવી દીધી. સંગમને તલ મેળવવાનો ઉપાય બરાબર હાથ લાગી ગયો. એટલે તે પ્રતિદિન એ પ્રમાણે કરી તલનો સ્વાદ મેળવી તે મનમાં ગૌરવ અનુભવવા લાગ્યો અર્થાત્ મગરૂર થવા લાગ્યો. (૧૫૫)

પ્રારંભમાં "એ બાળક છે" એમ માની નગરવાસીઓ તેને હંમેશા છોડી મૂકતા હતા. તેથી મોટો થયો એટલે તે સંખ્યાબંધ સુભટોથી પણ દુર્ગ્રાહ્ય ચોર થયો. (૧૫૬)

સમુદ્ર સમાન ખાઈને તે એક ખાડા સમાન માનતો અને મોટા મહેલોને તે ક્ષણવારમાં ધૂળના ઢગલાની જેમ ઓળંગી જતો હતો. (૧૫૭)

કોઈવાર તે મૌનધારી થઈ બેસી જતો, કોઈવાર ભિક્ષુક બનતો, કોઈવાર શ્રીમંત બનતો તો કોઈવાર તે નાટકીયો બની જતો હતો. (૧૫૮)

આ રીતે પૃથ્વી ઉપર તે વિદ્યાસિદ્ધની જેમ સર્વ રૂપધારી

---

१. मन्वन्, इत्यपि ।

सर्वरूपधरः सोऽभूद्, विद्यासिद्ध इवावनौ ।
कृतज्ञानोऽम्बया रागात्, सूर सूर इति स्फुटम् ॥१५९॥

अन्येद्युर्मातुलस्तस्य, यशोनागोऽभिधानतः ।
एकान्ते शिक्षयामास, तं विनेयं गुरुर्यथा ॥१६०॥

वत्स ! स्वच्छाशय ! त्यक्तुं, चौर्यं साम्प्रतमेव ते ।
परद्रव्यहरा नूनं, छिद्यन्ते ऋजुवृक्षवत् ॥१६१॥

मार्यन्ते विविधैर्मारैः, क्रीडायां शारयो यथा ।
ताड्यन्ते च कशाघातैस्तुरङ्गा इव सादिभिः ॥१६२॥

एतावन्ति दिनान्युच्चैर्यत्कृतं सुन्दरेदृशम् ।
तद् बालत्वाद् मया क्षान्तं, बाला अज्ञा इति श्रुतिः ॥१६३॥

બન્યો. તેની માતા પણ તેને રાગથી "સૂર" એવા નામથી પ્રગટપણે બોલાવતી હતી. (૧૫૯)

એકવાર યશોનાગ નામના મામાએ એકાંતમાં શિષ્યને ગુરુ આપે તેમ તેને શિખામણ આપી કે, "હે સ્વચ્છાશય વત્સ ! હવે તારે ચોરીનો ત્યાગ કરવો ઉચિત છે. (૧૬૦)

ખરેખર ચોરી કરનારા પરદ્રવ્ય હરનારા લોકો કોમળવૃક્ષની જેમ છેદાય છે. (૧૬૧)

દ્યુતક્રીડામાં સોગઠી-પાશાની જેમ વિવિધરીતે માર ખાય છે. અસવારોથી ઘોડાની જેમ તેઓ ચાબૂકથી તાડન-તર્જન પામે છે. (૧૬૨)

હે સુંદર ! આટલા દિવસો સુધી તે આવું જ કૃત્ય કર્યું, તે તારા બાળપણાથી મે સહન કર્યું, કારણ કે બાળકો અજ્ઞાની હોય છે." એવી કહેવત છે. પણ હવે સહન કરી શકું તેમ નથી." (૧૬૩)

एतद्वचांस्यनाकर्ण्य, प्रासरद् निजकर्मणि ।
किं विधत्ते यतोऽन्धानां, प्रदीप्ता दीपकोट्यपि ? ॥१६४॥

तत्रवास्तव्यभद्राख्यसार्थवाहमहौकसि ।
खात्रं पातयितुं सज्जो, न प्रापौपायनं च सः ॥१६५॥

ऊर्ध्वस्थाः सुभटा विष्वग्भित्तयः फलकाङ्किताः ।
खात्रदाने कुतो हेतुर्निर्हेतुः सोऽप्यजायत ॥१६६॥

अन्येद्युर्भद्रवित्तेशो, विषयं चन्दनं गतः ।
पदातिरिव तत्पृष्ठे, संगमोऽपि हि संगतः ॥१६७॥

तत्र गत्वेदृशो चक्रे, वार्तां क्वापि महामतिः ।
भद्रस्य मुषितं गेहं, खात्रदानेन केनचित् ॥१६८॥

આ પ્રમાણે શિખામણના વચનો તે બિલકુલ સાંભળતો નથી તે તો પોતાની ચોરી કરવાના કામમાં તેવો ને તેવો જ મચી રહ્યો. **"કરોડો દીવા પ્રગટાવ્યા હોય તો પણ અંધને તે શું લાભ કરી શકે ?"** (૧૬૪)

એક દિવસ ત્યાંના નિવાસી ભદ્ર નામના સાર્થવાહના મહામંદિરમાં તે ખાતર પાડવા ગયો. પણ ત્યાં તેને કાંઈ ઉપાય હાથ ન લાગ્યો. (૧૬૫)

તેના દ્વાર આગળ સુભટો ઊભા હતા. ભીંતોમાં ચારે તરફ પાટિયાં લગાવેલા હતા. તેથી ખાતર પાડવાનો મોકો મળે તેમ નહોતું. આથી તે નિરૂપાય બની ગયો. (૧૬૬)

એવામાં એક દિન ભદ્રશેઠ ચંદનદેશ તરફ ગયો. એટલે પદાતિની જેમ સંગમ પણ તેની પછવાડે ગયો (૧૬૭)

ત્યાં જઈ ને બુદ્ધિશાળીએ એવી અફવા ફેલાવી કે, "ભદ્રશેઠના

किंवदन्ती च सा पौरप्रणाल्या भद्रसन्निधौ ।
अगादाख्यत सोप्युच्चैर्न, ह्येतद् घटते क्वचित् ॥१६९॥

परं कोशस्य कोणोऽस्ति, जर्जरो दक्षिणेतरः ।
तत्र संभाव्यते खात्रसंभवोऽन्यत्र न क्वचित् ॥१७०॥

तद्वचो मन्त्रवच्छ्रुत्वा, ववले नगरं प्रति ।
रात्रौ खात्रमदासीच्च, तत्र स्मेराम्बुजाकृतिः ॥१७१॥

गृहीतभद्रवित्तोऽसौ, तत्राऽस्थाद् निर्भयाशयः ।
इभ्योऽप्यगाच्च वेगेन, तदैवादौ निरैक्षत ॥१७२॥

अद्यैव पातितं खात्रं, निशायां नाथ ! केनचित् ।
इत्यारक्षकवाक्यानि, श्रुत्वोचे वणिजां पतिः ॥१७३॥

ઘરમાં કોઈએ ખાતર પાડ્યું છે." (૧૬૮)

આ કિંવદન્તી અનુક્રમે ભદ્રશેઠના કાને આવી. એટલે તે પ્રગટરીતે બોલ્યો કે, આ વાત સાચી જણાતી નથી. (૧૬૯)

પરંતુ ભંડારનો ઉત્તરદિશાવાળો ખૂણો કાંઈક જર્જરિત છે. તેથી કદાચ ત્યાંની ખાતર પાડ્યું હોય તો સંભવે છે. અન્યત્ર તો તેમ બનવું જ અસંભવિત છે." (૧૭૦)

આ પ્રમાણે મંત્રની જેમ તેનું વચન સાંભળી સંગમ નગર ભણી પાછો વળ્યો અને વિકસિતકમળ સમી મુખમુદ્રા કરી રાત્રે ઉત્તરબાજુ જ ખાતર પાડ્યું. (૧૭૧)

અને ભદ્રશેઠનું ધન ચોરી લઈ ત્યાં નિર્ભય ચિત્તે રહ્યો. આ બાજુ ભદ્રશેઠ પણ તુરત જ પાછો આવ્યો. પ્રથમ તેણે તેજ સ્થાન જોયું. (૧૭૨)

એટલે સિપાઈઓ બોલ્યા કે, "હે સ્વામિન્ ! આજ રાત્રે જ

ह्यस्तनेऽह्नि मयाऽश्रावि, यत् खात्रं ते महौकसि ।
पातितं तदद्य सत्यं, जातं भाग्येतरोदयात् ॥१७४॥

तद्धूर्तक्रीडितं किञ्चिच्चिन्त्यते धीविलोकनात् ।
यद् देवैरपि दुर्जेयं, तत्साध्यं बुद्धिवैभवात् ॥१७५॥

अक्षतैरिव रत्नौघैः, भृत्वा स्थालं महीपतेः ।
प्राभृतीकृत्य तत्खात्रवृत्तमाख्यत वित्तवान् ॥१७६॥

तदाकर्ण्य नृपः कोपारुणदारुणलोचनः ।
समाकार्य तलारक्षं सापेक्षमिदमब्रवीत् ॥१७७॥

કોઈકે ખાતર પાડ્યું છે." આ પ્રમાણે તેના વચન સાંભળી શેઠ બોલ્યો કે, (૧૭૩)

"ગઈકાલે મેં સાંભળ્યું હતું કે તમારા ઘરમાં કોઈએ ખાતર પાડ્યું છે." આ વાત અશુભ ભાગ્યોદયથી આજ સત્ય ઠરી. (૧૭૪)

પણ બુદ્ધિપૂર્વક વિચારતાં તો કોઈ ધૂર્તનું કામ હોય તેમ જણાય છે. "કારણ કે જે કાર્ય દેવોને પણ દુર્જય હોય તે બુદ્ધિવૈભવ દ્વારા સાધ્ય થાય છે." (૧૭૫)

પછી અક્ષતની જેમ રત્નોથી થાળ ભરી રાજા પાસે જઈ શેઠે રાજાને તેની ભેટ કરી. પછી તેણે ખાતરનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૧૭૬)

તે સાંભળી રાજાના નયનો કોપથી લાલચોળ અને દારૂણ થઈ ગયા તુરત જ કોટવાળને બોલાવી તેણે આક્ષેપપૂર્વક આ પ્રમાણે કહ્યું કે, (૧૭૭)

"અરે કોટવાળ ! તું હાજર છતાં ચોરો મારા સમગ્ર નગરને

रे ! रे ! तलाधिपाऽशेषं, त्वयि सत्यपि तस्करैः ।
अनाथमिव मे नूनं, पत्तनं परिमोष्यते ॥१७८॥

सोऽवदद् तद्ग्रहे नाथ !, उपाया बहवः कृताः ।
परं न क्वापि संप्राप्तः, समुद्रक्षिप्तचूर्णवत् ॥१७९॥

सप्ताहाद् दैवपादानां, पुरश्चौरमुपानये ।
अन्यथा तेन दण्डेन, दण्डो मम विधीयताम् ॥१८०॥

ततः प्रभृति सातत्याद्, भ्राम्यन् नगररक्षकः ।
स्थूलाङ्गं पुरुषं कञ्चिद्, भ्रमन्तं दृष्टवान् पुरे ॥१८१॥

तं दूरस्थस्तलाध्यक्षो, वीक्षमाणः पदे पदे ।
मध्याह्ने द्विजवेषेण, यान्तमिभ्यमहौकसि ॥१८२॥

ખરેખર અનાથની જેમ લૂંટે છે. તેનું શું કારણ." (૧૭૮)

તે બોલ્યો કે "હે નાથ ! તે ચોરને પકડવા ઘણા ઉપાયો કર્યા છે પણ સમુદ્રમાં નાંખેલા ચૂર્ણની જેમ તેનો ક્યાંય પત્તો લાગતો નથી. (૧૭૯)

પણ હવે આજથી સાત દિવસમાં એ ચોરને આપની સમક્ષ રજુ કરીશ, નહિં તો તે ચોરનો દંડ મને આપજો." (૧૮૦)

ત્યાંથી તે કોટવાળ સતત નગરમાં ભમવા લાગ્યો. નગરમાં ભમતા કોઈ સ્થૂલાંગ પુરુષને તેણે જોયો. (૧૮૧)

પછી દૂર રહી નિરીક્ષણ કરતાં તેને પગલે પાછળ ચાલતાં બપોરે તે વિપ્રના વેષે શેઠને ઘરે જતો જોવામાં આવ્યો. (૧૮૨)

અને સંધ્યાએ સામંતપુત્રનો વેષ પહેરીને જતો જોવામાં આવ્યો. આ પ્રમાણે વેશપરાવર્તન જોઈ કોટવાળે જાણ્યું કે "ચોક્કસ આ

सन्ध्यायां कृतनेपथ्यं, सामन्ततनयायितम् ।
निरीक्ष्य ज्ञातवानेष, चौरबुद्धिर्हि सिद्धिकृत् ॥१८३॥ (युग्मम्)

स बद्धो बर्हिबन्धेन, ततो नीतो नृपान्तिके ।
पपात भद्रनामाङ्कमुद्रा तद्वस्त्रमध्यतः ॥१८४॥

नृपाऽऽदेशात् तलाध्यक्षः, शूलायामेनमक्षिपत् ।
इतश्चाऽजानती तत्राऽऽगमत्तस्याऽम्बिका पुरः ॥१८५॥

शूलाप्रोतं सुतं दृष्ट्वा, कालरक्षःकटाक्षितम् ।
चक्रे पलायां सा भीता, पान्थो दुःशकुनादिव ॥१८६॥

हंहो ! तलाध्यक्षनरा !, इमां रण्डां मदन्तिके ।
समानयत वेगेन, कथयिष्ये धनं हि वः ॥१८७॥

જ ચોર લાગે છે." (૧૮૩)

પછી તેને મયુરબંધને બાંધી કોટવાળ રાજા પાસે લઈ ગયો એવામાં તેના વસ્ત્રમાંથી ભદ્રશેઠના નામની મુદ્રિકા નીચે સરી પડી. (૧૮૪)

એટલે રાજાના આદેશથી તેને શૂળી ઉપર ચઢાવ્યો. એવામાં અજાણતાં તેની માતા ત્યાં આગળ આવી ચડી. (૧૮૫)

તલારક્ષકથી કટાક્ષિત થયેલા પોતાના પુત્રને શૂળી ઉપર ચઢાવેલો જોયો. અને ખરાબશુકનથી મુસાફરોની જેમ ભય પામી તે પલાયન કરી જવા લાગી. (૧૮૬)

એટલામાં સંગમના જોવામાં આવતાં તે બોલ્યો કે, "હે સિપાઈઓ ! પેલી રાંડને મારી પાસે સત્વર લાવો. એટલે હું તમને ધનનુ સ્થાન બતાવું." (૧૮૭)

વરૂ જેમ બકરીને ઉપાડે તેમ ખરની (ગધેડા) જેમ બરાડા

कोकूयमाना खरवत्साऽऽनीताऽजा वृकैरिव ।
रे रण्डे ! तव दुःशिक्षाफलं मम विजृम्भितम् ॥१८८॥

भक्षके यद्यरक्षिष्यस्तिलस्तैन्यपरं हि माम् ।
तदा नैवंविधोऽनर्थो, निरपत्स्यत मेऽधुना ॥१८९॥

दुस्त्यजो बाल्यसंस्कारो, नीलीराग इवाम्बरे ।
अहं त्वयोपेक्षितश्च, मारितश्च त्वयैव हि ॥१९०॥

इत्युक्त्वा बाहुदण्डाभ्यां, विधृत्याम्बां दुराशयः ।
घ्राणं चिच्छेद दन्ताग्रैः, कर्णावपि च मूलतः ॥१९१॥

इति कृत्वा स रौद्रात्मा, रौद्रध्यानकदर्थितः ।
जगाम सङ्गमो धूमप्रभाख्यां नरकावनीम् ॥१९२॥

પાડતી તે બાઈને તેઓ ઉપાડી લાવ્યા. એટલે સંગમે એને કહ્યું કે, "હે રંડે ! તારી દુઃશિક્ષાનું ફળ મને પ્રાપ્ત થયું છે. (૧૮૮)

તલની ચોરી અને ભક્ષણ કરતાં જો તેં મને અટકાવ્યો હોત, તો આ અનર્થ અત્યારે મને ઉપસ્થિત ન થાત." (૧૮૯)

વસ્ત્રમાં લાગેલા ગળીના રંગની જેમ બાલ્યપણામાં પડેલા સંસ્કાર દુસ્ત્યાજય છે." મારી તે સમયે તે ઉપેક્ષા કરી માટે તેં જ મને આજે મરાવ્યો છે. (૧૯૦)

એમ કહી પોતાના બે બાહુદંડથી તેને પોતાની પાસે ખેંચી દંતાગ્રવતી તે દુરાશયે મૂળથી તેના કાન અને નાક કરડી ખાધા. (૧૯૧)

આ પ્રમાણે દુષ્ટ કાર્ય કરતાં રૌદ્રધ્યાનથી કદર્થના પામેલો તે સંગમ મરણ પામી પાંચમી નરકે ગયો. (૧૯૨)

હે રાજન્ ! અદત્ત ગ્રહણ કરવાથી આવું અનિષ્ટ ફળ મળે

अदत्तग्रहणे राजन् !, फलमीदृग् विलोक्यते ।
तस्मात्परधनत्यागः, कर्तव्यो हितमिच्छुना ॥१९३॥

उवाचाऽथ धरानाथः, श्रुत्वाऽमुष्य निदर्शनम् ।
अस्माकं कम्पते चित्तं, वाताऽऽन्दोलितकेतुवत् ॥१९४॥

केषाञ्चिदाधिपत्येन, महेशानां निरागसाम् ।
सर्वस्वं जगृहेऽस्माभिः, खानयित्वा गृहाण्यपि ॥१९५॥

केचिद् बाला अपि च्छिन्नाः, केचिदुन्मीलितास्तथाः ।
वृक्षा इव परोलक्षा, मया वार्धकिना यथा ॥१९६॥

सर्वस्वं हरता तेषां, यत्कर्मोपार्जितं मया ।
तद्भस्मसात्करिष्यामि, त्वत्पादरजसाऽञ्जसा ॥१९७॥

છે. માટે હિતેચ્છુલોકોએ પરધનનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે." (૧૯૩)

ઇતિ અદત્તાદાન ઉપર સંગમ દૃષ્ટાંત.

આ પ્રમાણે તેનું દૃષ્ટાંત સાંભળી કુંભરાજાએ કહ્યું કે, "હે નાથ ! વાયુથી ફરફરતી ધ્વજાની જેમ આ કથા સાંભળી અમારૂં ચિત્ત કંપાયમાન થાય છે. (૧૯૪)

આધિપત્યના અભિમાનથી કેટલાક નિરપરાધી સામંત રાજાઓના ઘરો ખણાવી અમે તેમનું સર્વસ્વ લઈ લીધું છે. (૧૯૫)

કેટલાક બાળકોને મરાવી નાંખ્યા છે, અને વાર્ધકિ સમાન મેં લાખોગમે માનવોને વૃક્ષોની જેમ છિન્નભિન્ન કરી દઈ તેમનું સર્વસ્વ હરણ કરી લીધું છે. (૧૯૬)

આ પ્રમાણે કરવાથી મેં જે પાપકર્મ ઉપાર્જન કર્યું છે તે આપના ચરણની રજથી હવે સત્વર હું ભસ્મીભૂત કરી નાંખીશ. (૧૯૭)

अथ व्याख्यानयद् विश्वनाथस्तुर्यमणुव्रतम् ।
अब्रह्मविरतिर्नाम, माहात्म्यद्रुघनाघनः ॥१९८॥

केचिद् नवेऽपि तारुण्ये, वृद्धा इव विवेकिनः ।
अनाचारे न वर्तन्ते, शीलमालिन्यशङ्कया ॥१९९॥

वित्तापहारदुःखानि, नानाकारकदर्थनाः ।
अङ्गप्रत्यङ्गविच्छेदाँल्लभन्ते पारदारिकाः ॥२००॥

विश्वासवसतिः शीलं, शीलमुन्नतिकारणम् ।
सर्वसौख्यनिधिः शीलं, शीलं कीर्तिनदीगिरिः ॥२०१॥

अहार्यं मण्डनं शीलं, शीलं सर्वाङ्गभूषणम् ।
शीलं सर्वज्ञधर्मद्रोर्मूलं शीलं श्रियः पदम् ॥२०२॥

પછી ભગવંત ચોથા અણુવ્રતની વ્યાખ્યા કરવા લાગ્યા કે, બ્રહ્મચર્ય એ માહાત્મ્ય રૂપ વૃક્ષને મેઘસમાન છે. (૧૯૮)

કેટલાક નવીન તરૂણવયવાળા હોવા છતાં પણ વૃદ્ધની જેમ વિવેકી થઈ શીલ મલીન થવાની શંકાથી અનાચારમાં પ્રવર્તતા નથી. (૧૯૯)

પરદારાસક્ત જીવો ધનાપહારના દુઃખો, અનેક પ્રકારની કદર્થના અને અંગોપાંગનો વિચ્છેદ પામે છે. (૨૦૦)

શીલ એટલે વિશ્વાસનું સ્થાન. શીલ એટલે ઉન્નતિનું કારણ. શીલ એટલે સર્વસુખોનું નિધાન. શીલ એટલે કીર્તિરૂપી નદીના એક પર્વત સમાન છે. (૨૦૧)

શીલ એટલે કોઈથી હરણ ન કરી શકાય તેવો શૃંગાર. શીલ એટલે સર્વાંગ ભૂષણ. શીલ એટલે સર્વજ્ઞના ધર્મરૂપવૃક્ષનું મૂળ. શીલ એટલે લક્ષ્મીનું સ્થાન. (૨૦૨)

शीलव्रतगुणाऽऽकृष्टा, देवा अपि हि पत्तिवत् ।
आयान्ति स्मृतिमात्रेण, प्रयान्ति च विसर्जनात् ॥२०३॥

स्वकीयदारसंतोषं, ये भजन्ति दृढव्रताः ।
तेषां सुदर्शनस्येव, शूला सिंहासनं भवेत् ॥२०४॥

तथाहि भरते वर्षे, विषयेऽप्यङ्गनामनि ।
चम्पानाम पुरी तत्र, भूपालो दधिवाहनः ॥२०५॥

देवी तस्याऽभया नाम, धाम लावण्यसंपदाम् ।
धात्री पात्री च बुद्धीनाममुष्याः पण्डिताह्वया ॥२०६॥

श्रेष्ठी वृषभदासाख्यस्तत्रासीद् धाम संपदाम् ।
अर्हद्दासीति सत्यार्था, तस्य पत्नी पतिव्रता ॥२०७॥

શીલવ્રતના ગુણથી આકર્ષણ પામેલા દેવો પણ પદાતિની જેમ સ્મરણમાત્રથી આવે છે. અને વિસર્જન કરવાથી જાય છે. (૨૦૩)

જેઓ દૃઢવ્રતધારી થઈ સ્વદારાસંતોષને ભજે છે. તેમને સુદર્શન શેઠની જેમ શૂલી સિંહાસનરૂપ થાય છે. તે કથા આ પ્રમાણે છે. (૨૦૪)

ચતુર્થવ્રત ઉપર સુદર્શન શ્રેષ્ઠીની કથા

ભરતક્ષેત્રમાં અંગદેશમાં ચંપા નગરી છે ત્યાં દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. (૨૦૫)

તેની લાવણ્યસંપત્તિના ધામરૂપ અભયા નામે પટ્ટરાણી હતી. તે રાણીની બુદ્ધિના પાત્રભૂત પંડિતા નામે ધાત્રી હતી. (૨૦૬)

તે નગરીમાં સંપત્તિના ધામરૂપ વૃષભદાસ શેઠ રહેતો હતો. તેને યથાર્થ નામવાળી અર્હદ્દાસી નામે પતિવ્રતા પત્ની હતી. (૨૦૭)

अमुष्यर्षभदासस्य, सदयः प्रियभाषकः ।
महिष्या रक्षकः शान्तः, सुभगः सुभगाशयः ॥२०८॥

अन्येद्युश्चारयित्वा स, महिषीर्चलितस्तदा ।
अपश्यत् तपसा क्षामं, मुनिं शममिवाङ्गिनम् ॥२०९॥

यत्रास्तमितवासत्वात्कायोत्सर्गपरायणम् ।
सोऽपश्यच्च महासत्त्वं, पुरीपरिसरेऽपि हि ॥२१०॥

तं वीक्ष्याचिन्तयदसौ, धन्योऽयं पुण्यभागयम् ।
यः पूः पितृवनेऽवात्सीदेकाकी खड्गिशृङ्गवत् ॥२११॥

तपस्तेजोऽस्य वीक्ष्येव, दिनान्तेऽप्यविनश्वरम् ।
ममज्ज भानुमानब्धौ, किं न कुर्वीत लज्जितः ? ॥२१२॥

એ શેઠને દયાળુ મધુરભાષી, શાંત, સુભગ આશયવાળો સુભગ નામે ભેંસને ચારનાર નોકર હતો. (૨૦૮)

એક દિવસ ભેંસો ચારી સુભગ પાછો વળ્યો. એવામાં તપથી કૃશકાયાવાળા સાક્ષાત્ જાણે શમ હોય તેવા મુનિને તેણે જોયા. (૨૦૯)

નગરીમાં સમીપમાં વસ્ત્ર વિનાના કાર્યોત્સર્ગમાં રહેલા અને મહાસત્ત્વશાળી તે મહાત્માને જોઈ સુભગ ચિંતવવા લાગ્યો કે "અહો ! આ મહાત્મા ધન્ય અને પુણ્યવંત છે કે જે ગેંડાના શિંગડાની જેમ એકાકી આ સ્મશાનભૂમિમા ઉભા રહ્યા છે." (૨૧૦-૨૧૧)

અહીં તેમનું અવિનશ્વર તેજ જોઈને જ જાણે સૂર્ય સમુદ્રમાં ડૂબી ગયો. અર્થાત્ સૂર્યાસ્ત થયો, કેમ કે લજ્જા પામેલો શું ન કરે ? (૨૧૨)

दृष्टिप्रचारं रुन्धाना, लुण्टाकी पदवेः सताम् ।
कुमहीपतिसेवेव, रुरोधाशां तमस्ततिः ॥२१३॥

विकाल इति विज्ञाय, गृहीत्वा माहिषं ततः ।
स्मरन् मुनिपदाम्भोजमगमद् निजमन्दिरम् ॥२१४॥

महिषीदोहनाद्यानि, स्वकर्माणि विधाय सः ।
अस्वाप्सीदुचिते स्थाने, पलालालीकरालिते ॥२१५॥

अहो ! करालः शिशिरस्तुषारकणवर्षकः ।
दहन् कमलिनीखण्डं, खण्डीकुर्वल्लतातततीः ॥२१६॥

निर्वातवासवेश्मस्था, ऊरीकृतहसन्तिकाः ।
अमुं शीतमृतुं सौख्याद्, गमयन्ति धनेश्वराः ॥२१७॥

એટલે દૃષ્ટિ પ્રચારને રોકનાર, સજ્જનોના માર્ગને બંધ કરનાર અંધકારે દુષ્ટ રાજાની સેવાની જેમ આશા (દિશા) ને ચોતરફથી રોકી લીધી. (૨૧૩)

પછી વિકાળ (=સાંજ) થયેલ જાણી ભેંસોને લઈ મુનિના ચરણકમળનું સ્મરણ કરતો તે શેઠના ઘરે આવ્યો (૨૧૪)

અને ભેંસોને દોહવા વિગેરે પોતાનું કામ કરી ઉચિત સ્થાને ઘાસની કઠણ પથારી પર સૂઈ ગયો. (૨૧૫)

સુતાં સુતાં તે ચિંતવવા લાગ્યો કે, "અહો ! આ વિકરાળ શિશિરઋતુ તુષારકણને વરસાવનાર, કમલિનીના વનને બાળનાર, લતાશ્રેણિને ખંડિત કરનાર છે. (૨૧૬)

એ શિયાળામાં ધનવાનો પોતાના નિર્વાત વાસગૃહમાં રહી અને ધગધગતી સગડીનો આશ્રય લઈ એ ઋતુને સુખપૂર્વક પસાર કરે છે. (૨૧૭)

अस्मादृशास्तु तैलेन, दिग्धाङ्गाः कन्थयाऽन्विताः ।
पलालशयनस्याऽन्तर्गमयन्ति महानिशाः ॥२१८॥

स यतिः प्रावृतो नैव, यथाजात इव स्थितः ।
सहिष्यते कथं शीतं, दुःसहं सहसा कृतम् ? ॥२१९॥

तदाऽहं निजया पट्या, प्रावरिष्यं मुनिं यदि ।
इदं शीतं महासत्त्वोऽलङ्घयिष्यदसंशयम् ॥२२०॥

विमृशन्निति कृत्यानि, विनिर्माय स सादरम् ।
मुनिपादरजःपूतं तं, प्रदेशमगादथ ॥२२१॥

અને અમારા જેવા ગરીબો તો શરીર ઉપર તેલ ચોપડી, ગોદડીનો આશ્રય લઈ ઘાસની પથારીમાં મહારાત્રી વ્યતીત કરે છે. (૨૧૮)

પરંતુ પેલા યતિ તો જન્માવસ્થાની જેમ બિલકુલ વસ્ત્રરહિત નગર બહાર ઊભા રહ્યા છે. તો આ એકદમ પડતી અસહ્ય ઠંડીને તેઓ શી રીતે સહન કરી શકશે ? (૨૧૯)

જો તે સમયે મેં મારૂં વસ્ત્ર તે મહાત્માને ઓઢાડ્યું હોત તો મહાસત્ત્વશાળી તે આ ઠંડીને નિઃસંશય સુખે સહન કરી શકત." (૨૨૦)

નિરાવણ સહે શીત અપાર, માને તેહનો ધન્ય અવતાર.
વંદે વિનય ધરી આણંદ, એહવે તેજે તપ્યો દિણંદ.

આ પ્રમાણે વિચાર કરતાં પ્રભાત થયું. એટલે પોતાનું કામ કરી આદરપૂર્વક તે સુભગ મુનિચરણથી પાવન થયેલા તે પ્રદેશમાં આવ્યો. (૨૨૧)

अत्रान्तरे दिशां चक्रं, द्योतयन् संहरंस्तमः ।
पूर्वभूधरमाणिक्यमुदियाय नभोमणिः ॥२२२॥

नमोऽर्हद्भ्य इति प्रोच्य, सोऽपि साधुः खगेन्द्रवत् ।
अमुष्य वीक्षमाणस्य, विहायस्तलमासदत् ॥२२३॥

अहो ! अभाग्यपात्राणामद्य मुख्योऽस्मि निश्चितम् ।
येनाऽसौ वन्दितो नैव, नास्माद्धर्मोऽपि संश्रुतः ॥२२४॥

अथवा येन मन्त्रेण, नभोऽगादेष पावनः ।
स मया शुश्रुवे सम्यक्, तस्मादस्मि कृतार्थहृत् ॥२२५॥

ममाप्यम्बरचारित्वं, भविता मुनिराजवत् ।
नमोऽर्हद्भ्य इतीयन्ति, पठति स्माक्षराणि सः ॥२२६॥

એવામાં અંધકારનો સંહાર કરી દિશાઓને પ્રકાશિત કરતો સૂર્ય પણ પૂર્વાચલ પર્વતને વિશે માણિક્ય સમાન ઉદય પામ્યો (૨૨૨)

એટલે "नमोऽर्हद्भ्यः" એ પદ બોલી ગરૂડની જેમ તે મહાત્મા તેના દેખતાં આકાશમાં ઉડી ગયા. (૨૨૩)

એટલે સુભગ વિચારવા લાગ્યો કે, "અહો ! આજે ભાગ્યહીન લોકોમાં ખરેખર હું મુખ્ય થયો છું કે એ મુનિને હું વંદન પણ ન કરી શક્યો. એમના મુખથી ધર્મપણ સાંભળ્યો નહિ. (૨૨૪)

પરંતુ જે મંત્રથી તે મહામુનિ આકાશ માર્ગે ઉડી ગયા તે મંત્ર મેં બરાબર સાંભળ્યો છે. માટે હું કૃતાર્થ થયો છું (૨૨૫)

એ મંત્રથી મુનિરાજની જેમ મને પણ આકાશગામીપણું પ્રાપ્ત થશે. એમ ધારી તે "नमोऽर्हद्भ्यः" એટલા અક્ષરો વારંવાર બોલવા લાગ્યો. (૨૨૬)

भोजनावसरे रात्रौ, शयानो जाग्रदप्यथ ।
अमुमाघोषयामास, प्रकृत्या भद्रकाशयः ॥२२७॥

अन्यदा श्रेष्ठिनः पत्नी, भणन्तममुमुच्चकैः ।
श्रुत्वा रे पाप ! मन्त्रं नो, हससीति स्म भाषते ॥२२८॥

नाहं मातरमुं मन्त्रं, हसामि शपथा मम ।
किन्त्वस्य लाभमङ्गल्यं, प्रसद्य निखिलं शृणु ॥२२९॥

ततस्तापोधनं वृत्तं, सुवृत्तस्तमचीकथत् ।
तत्तथेति तयाऽज्ञायि, भाषितं तस्य सत्यतः ॥२३०॥

आद्योऽयं सर्वमन्त्राणां, विद्यानां वसुसंपदाम् ।
मङ्गल्यानामशेषाणां, निःश्रेयसश्रियामपि ॥२३१॥

સ્વભાવે ભદ્રકપરિણામી તે ભોજનાવસરે, રાત્રે સુતાં, જાગતાં તે મંત્રને ગોખવા લાગ્યો. (૨૨૭)

એકવાર ઉંચાસ્વરે તે શબ્દને ગોખતો તેને સાંભળી શેઠાણી કહેવા લાગી કે, "અરે નાદાન ! અમારા મંત્રની મશ્કરી કેમ કરે છે ?" (૨૨૮)

તે બોલ્યો કે - "હે માત ! હું એ મંત્રને હસતો નથી. પણ હું સોગંદ દઈને કહું છું પણ આપ પ્રસન્ન થઈ એનાથી થયેલ લાભ અને મંગળ બધુ સાંભળશો તો તમને આનંદ થશે. (૨૨૯)

પછી સદાચારી તેણે તે મહાત્માનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે તે શ્રાવિકાએ તે વાત સત્યમાની અને તેને કહ્યું કે, (૨૩૦)

"હે ભદ્ર ! સર્વ મંત્રો, વિદ્યાઓ, નિધાનો, સર્વ મંગળો અને નિર્વાણસંપત્તિઓમાં આ મંત્ર પ્રથમ છે (૨૩૧)

માટે સારાસ્થાનમાં, પવિત્ર બની જંગમ કલ્પવૃક્ષ સમાન એ

तदहो ! शोभने स्थाने, शुचिभूतेन भावतः ।
ध्यातव्योऽयं महामन्त्रः, कल्पद्रुरिव जङ्गमः ॥२३२॥

मातर्मां कल्यसंपूर्णममुं शिक्षय सुन्दरम् ।
तयाऽथ पाठितः पञ्चपरमेष्ठिस्तवोऽखिलः ॥२३३॥

इतश्च ग्रीष्मवेतालसमुच्चाटनयन्त्रवत् ।
व्यानशे व्योम मेघानां, पटलं गवलद्युति ॥२३४॥

श्रूयन्ते केकिनां केकाः, कामं कर्णमुदां पदम् ।
पान्थानां गमनच्छेदकामाज्ञा इव सर्वगाः ॥२३५॥

धाराबाणैरब्दयोधा, यदविध्यन् धनुर्भृतः ।
तदश्रुमिषतः पान्थनेत्रयोर्लक्ष्यते जलम् ॥२३६॥

મહામંત્રનું ભાવથી તારે સ્મરણ કરવું. (જ્યાં ત્યાં જેવા તેવા શરીરે ન બોલવો)" (૨૩૨)

આ પ્રમાણે સાંભળી તે બોલ્યો કે, "હે માત ! કાલે આ મનોહરમંત્ર મને સંપૂર્ણ (આખો) શીખવજો." પછી બીજે દિવસે તે પરમશ્રાવિકાએ તેને આખો નવકારમંત્ર શીખવ્યો. (૨૩૩)

હવે એકવાર ગ્રીષ્મઋતુરૂપ વેતાલનો ઉચ્છેદ કરનાર મંત્રની જેમ વનમહિષ જેવા શ્યામ મેઘમંડળથી આકાશ છવાઈ ગયું. (૨૩૪)

જાણે મુસાફરોના ગમનને રોકનાર કામદેવની આજ્ઞા સર્વત્ર ફરતી હોઈ તેમ કર્ણને અત્યંત હર્ષદેનારી મયૂરના કેકારવ સંભળાવા લાગ્યા. (૨૩૫)

તોપરૂપ યોદ્ધાએ ધારારૂપબાણોથી ભૂમિરૂપ ધનુર્ધરીને વીંધ્યા તેથી વહન થયેલું જળ અશ્રુના મિષથી મુસાફરોનાં નેત્રોમાં

मृदां गन्धाद् भवन्ति स्म, मातङ्गा उन्मदिष्णवः ।
किं चित्रं यत्प्रमोदन्ते, मलिना मलिनोदये ॥२३७॥

विहाय पद्मिनीं भृङ्गा, निषेवन्ते स्म मालतीम् ।
द्वग्पूर्णं सेवते सर्वो, रिक्तं त्यजति दूरतः ॥२३८॥

मन्दं वर्षति पर्जन्ये, स समादाय माहिषम् ।
अर्वाक् चारयितुं व्यूढं, गङ्गायाः कूलमासदत् ॥२३९॥

अथ पाथोधरः पाथोधाराभिर्धरणीं तथा ।
अपूरयद् यथा निम्नस्थलाद्यं नाप्यलक्ष्यत ॥२४०॥

कृकाराकारविद्युद्भिर्दीप्रदीपायितं ततः ।
कज्जलश्यामलैः कामं, दुर्दिनैः शर्वरीरितम् ॥२४१॥

જોવામાં આવ્યું. (૨૩૬)

માટીની ગંધથી હાથીઓ ઉન્મત્ત થવા લાગ્યા. "કેમ કે મલિનનો ઉદય થતાં મલિન આનંદ પામે તેમાં આશ્ચર્ય શું ?" (૨૩૭)

મધુકરો કમલિનીને છોડી માલતીનું સેવન કરવા લાગ્યા. સર્વલોકો સંપૂર્ણને સેવે છે નિઃસારને દૂરથી જ તજી દે છે. (૨૩૮)

એવે સમયે મંદ મંદ વરસાદ વરસતો હતો. તે સમયે સુભગ ભેંસોને ગંગાનદીના નજીકના વિશાળ તટ ઉપર ચારવાને ગયો. (૨૩૯)

ત્યાં વરસાદે જળધારાથી પૃથ્વીને એવી પૂરી દીધી હતી કે નીચા-ઉંચા વિગેરે સ્થળ કાંઈ જાણી શકાતુ નહિ. (૨૪૦)

કૃકાર (કૃ) સરખા આકારવાળી વીજળીએ એક તેજસ્વી દીપનું રૂપ ધારણ કર્યું. અને કાજળ જેવા શ્યામ દુર્દિનોએ બરાબર રાત્રિનું

नीडेषु नीडजा मूकीभूता विद्युद्भयादिव ।
लपन्ति चातका विष्वक्, प्रत्यहं याचका इव ॥२४२॥

वाहा अपि नदीयन्ते, सरिन्नाथन्ति निम्नगाः ।
अभूद् भूः पाथसां पात्रमेकं कल्पान्तवत् तदा ॥२४३॥

कम्बलप्रावृततनुः, सुभगो नागवेश्मनि ।
चिरमस्थाद् महिष्यश्च, नद्याः कूलं परं ययुः ॥२४४॥

कपिञ्जलकलकलै, रात्रिं विज्ञाय भाविनीम् ।
तस्माद् निर्गत्य ता विष्वग्वीक्षमाणः स सैरभीः ॥२४५॥

बुद्ध्या विज्ञाय गङ्गायाः, परकूलं ममाधुना ।
महिष्यश्चरितुं प्राप्ताः, सांप्रतं किं नु सांप्रतम् ? ॥२४६॥

રૂપ ધારણ કર્યું. (૨૪૧)

વીજળીના ભયથી જ પક્ષીઓ શાંત થઈ માળામાં બેસી ગયા. અને યાચકોની જેમ ચાતકો ચોતરફ મેઘની સામે આલાપ કરવા લાગ્યા. (૨૪૨)

તે સમયે સામાન્ય જળપ્રવાહો નદી જેવા, તો નદીઓ સમુદ્ર જેવી દેખાવા લાગી. તે સમયે કલ્પાંતકાલની જેમ પૃથ્વી પાણીનું એક પાત્ર બની ગઈ. (૨૪૩)

એ સમયે સુભગ કાંબળી ઓઢી એક નાગદેવના મંદિરમાં ઘણો સમય બેસી રહ્યો. એટલે ભેંસો નદીના સામેના કિનારા પર ચાલી ગઈ. (૨૪૪)

એવામાં પક્ષીઓના કલકલ અવાજથી સંધ્યા સમય જાણી સુભગ મંદિરમાંથી બહાર નીકળી ચારેતરફ ભેંસોને જોવા લાગ્યો. (૨૪૫)

વિચાર કરતાં તેને જણાયું કે "મારી ભેંસો ગંગાના પેલા

विमृश्येति स्मरन्मत्रं, नमोऽर्हद्भ्य इति श्रुतम् ।
अविक्षत् स्वर्धुनीं वारिस्फारस्फूत्कारदारुणाम् ॥२४७॥

यस्यां वृक्षा महान्तोऽपि, मूलोन्मूलितसंपदः ।
शरारिवत् तरन्त्युच्चैः, स्थानभ्रंशे कुतः स्थितिः ? ॥२४८॥

तीरग्रामगृहाण्युच्चैर्बभुर्यत्र तरन्ति च ।
मुक्तानीव विमानानि, मेघदेवैः सहोदकैः ॥२४९॥

पयोभिर्गृह्यमाणानां, जनानामार्तनिस्वनाः ।
श्रूयन्ते दण्डभूच्चण्डमङ्गलातोद्यनादवत् ॥२५०॥

तत्प्राप्तरथप्रायः सुभगस्तारकोत्तमः ।
विद्धोऽतितीक्ष्णकीलेन, शूलाप्रोत इवाजनि ॥२५१॥

કિનારા પર ચરવા ગઈ છે. માટે હવે શું કરવું. ? (૨૪૬)

આ પ્રમાણે ચિંતવી "नमोऽर्हद्भ्यः" એ પૂર્વે સાંભળેલ મંત્રનું સ્મરણ કરતો સુભગ જળના અતિશય અવાજથી દારૂણ ગંગાનદીમાં પડ્યો. (૨૪૭)

તે સમયે મૂળસહિત ઉખડી આવેલા મોટાવૃક્ષો ઘાસની જેમ ગંગાનદીમાં તરતા હતા સ્થાનનો નાશ થતાં સ્થિતિ ક્યાંથી હોય ? (૨૪૮)

મેઘદેવોએ જળની સાથે વિમાનો મૂક્યા હોય તેમ કિનાર પર આવેલા ગામોના ઘરો તણાઈ આવી તરતા તરતા શોભતા હતા. (૨૪૯)

જાણે યમરાજાના પ્રચંડ મંગળવાજીંત્રોના નાદ હોય તેમ જળમાં તણાતા લોકોના કરૂણાજનક શબ્દો સંભળાતા હતા. (૨૫૦)

એવી ગંગામાં પ્રવેશ કરતાં જાણે એક રથ મળી ગયો હોય

स्मरन् पञ्चनमस्कारं, सद्गतेः शासनोपमम् ।
सुभगः प्राप पञ्चत्वं, **दुर्लङ्घ्या भवितव्यता** ।.२५२॥

वृषभश्रेष्ठिभार्याया, अर्हद्दास्यास्ततस्तदा ।
बभूव स सुतत्वेन, सुभगः स्वप्नसूचितः ॥२५३॥

जिनानामर्चनां कुर्वे, दीने दानं ददामि च ।
पात्रं वित्ते वितरामि, गुप्तेर्मुञ्चामि बन्दिनः ॥२५४॥

दोहदमिदमेतस्याः, विज्ञाय स्वानुसारतः ।
अमारिघोषणापूर्वं, तत्सर्वं श्रेष्ठ्यपूरयत् ॥२५५॥

તેમ તરવામાં અતિકુશલ સુભગને અત્યંત તીક્ષ્ણ એવો ખીલો વાગ્યો. તેથી તે જાણે શૂળીથી વિંધાયો હોય તેમ સ્થિર થઈ ગયો. (૨૫૧)

તે ખીલાએ ખૂબ જ પીડા ઉપજાવી કે **સદ્ગતિના શાસન સમાન પંચનમસ્કારનું સ્મરણ કરતાં સુભગ તરત જ પંચત્વ (મરણ) પામ્યો** અહો ! **ભવિતવ્યતા ખરેખર દુર્લંધ્ય છે.** (૨૫૨)

સુભગ મરણ પામી શુભધ્યાનના યોગે ઋષભદાસ શ્રેષ્ઠીની પત્ની અર્હદ્દાસીની કુક્ષિમાં ઉત્તમસ્વપ્નથી સૂચિત પુત્રપણે ઉત્પન્ન થયો. (૨૫૩)

એટલે ઉત્તમગર્ભના પ્રભાવે માતાને ઉત્તમ દોહદો ઉત્પન્ન થયા. જેમ કે, "હું જિનેશ્વરોની પૂજા કરું. દીનદુઃખિયાને દાન આપું. સુપાત્રે ધન વાપરું અને કેદીઓને કેદખાનામાંથી મુક્ત કરાવું. (૨૫૪)

આ પ્રમાણે અર્હદ્દદાસીને ઉત્તમ દોહલા (ગર્ભવતી સ્ત્રીને થતી

अथ जाते सुते श्रेष्ठी, महोत्सवमनोरमम् ।
सुदर्शन इति प्रीत्या, सत्यार्थं नाम निर्ममौ ॥२५६॥

देहेन स कलाभिश्च, वर्धमानो दिने दिने ।
नयनानन्दजननो, रजनीश इवाजनि ॥२५७॥

पुरन्ध्रीणां मनःपद्मसमुल्लासनभास्करम् ।
वनं काममहे तस्य, स यौवनमुपेयिवान् ॥२५८॥

ततः सागरदत्ताख्यश्रेष्ठिनः कन्यकां शुभाम् ।
मनोरमाभिधां हर्षाद्, गुरुणा परिणायितः ॥२५९॥

अमुना गृह्णता दीक्षां, न्यस्तो निजपदे सुतः ।
सुदर्शनः सतां श्लाघ्यः, सर्वदैव सुदर्शनः ॥२६०॥

ઇચ્છાઓ) ઉત્પન્ન થયા. શ્રેષ્ઠીએ પોતાની સંપત્તિ અનુસાર, અમારિઘોષણા પૂર્વક તે સર્વ દોહલા પૂર્ણ કર્યા. (૨૫૫)

પછી અવસરે પુત્ર જન્મ થતાં મનોહર મહોત્સવ કર્યો અને પ્રતીતિપૂર્વક તેનું "સુદર્શન" એવું સત્યાર્થ નામ પાડ્યું. (૨૫૬)

પછી દિવસે દિવસે દેહ તથા કળાઓથી વૃદ્ધિ પામતો તે બાળક ચંદ્રમાની જેમ નયનોને આનંદદાયક થઈ પડ્યો. (૨૫૭)

અનુક્રમે લલનાઓના મનરૂપી કમળને ઉલ્લાસ પમાડનાર સૂર્ય સમાન પૂર્ણ યૌવનવયને પામ્યો. (૨૫૮)

એટલે તેના પિતાએ આનંદપૂર્વક સાગરદત્ત શેઠની મનોરમા નામે શુભ કન્યા સાથે તેને પરણાવ્યો. (૨૫૯)

અને પોતે પુત્રને પોતાના પદ પર સ્થાપન કરી ચારિત્ર ગ્રહણ કર્યું. સદા શુભદર્શનવાળો સુદર્શન થોડા સમયમાં જ સજ્જનોને શ્લાઘ્ય થઈ પડ્યો. (૨૬૦)

झषध्वजति रूपेण, धिया च धिषणायते ।
चरित्रेण पवित्रेण, गृहस्थोऽपि मुनीयते ॥२६१॥

सत्यवाक्येन यस्यास्यं, विवेकेन मनोऽम्बुजम् ।
रूपं लावण्यपूरेण, युतं यस्य व्यराजत ॥२६२॥

सर्वज्ञशासने यस्य, रागो नैव पुरन्ध्रिषु ।
यस्याऽभूद् व्यसनं शास्त्रे, कामास्त्रे न मनागपि ॥२६३॥

असौ द्वादशधा श्राद्धधर्मं सुगुरुसन्निधौ ।
प्रपद्य परमश्राद्धोऽजनिष्ट सुविशिष्टधीः ॥२६४॥

राजादीनां स मान्योऽभूत्, किं पुनः पौरसंहतौ ।
यस्माद् मनोरमं शीलं, यस्य गीश्च मनोरमा ॥२६५॥

રૂપમાં કામદેવ જેવો, તો બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન, ગૃહસ્થ છતાં પણ પોતાના પવિત્ર આચારથી મુનિ જેવો હતો. (૨૬૧)

સત્યવચનથી તેનું મુખ, વિવેકથી મનરૂપી કમલ અને લાવણ્યથી તેનું રૂપ શોભતું હતું. (૨૬૨)

તેને રાગ સર્વજ્ઞશાસન ઉપર હતો પણ સ્ત્રીઓ ઉપર નહોતો તેને ધર્મશાસ્ત્રનું જ વ્યસન હતું પણ કામ શાસ્ત્રમાં લેશમાત્ર પણ પ્રેમ નહોતો. (૨૬૩)

ગુરુમહારાજ પાસે બારપ્રકારનો શ્રાદ્ધધર્મ (શ્રાવક ધર્મ) તેણે અંગીકાર કર્યો હતો અને વિશિષ્ટ બુદ્ધિવાળો તે પરમશ્રાવક હતો. (૨૬૪)

તે રાજા વિગેરેને પણ માનનીય હતો તો નગરવાસીઓને પણ માનનીય હોય તેમાં તો શું આશ્ચર્ય ? તેનું શીલ અને વચન મનોરમ હતા. (૨૬૫)

बभूव तस्य सन्मित्रं, कपिलो नाम सन्मतिः ।
पुरोधा भूमिपालस्य, षट्कर्मप्रगुणाशयः ॥२६६॥

कपिला नाम तत्पत्नी, तारुण्यमदविह्वला ।
चतुःषष्टिकलापात्रं, दक्षा पण्डितमानिनी ॥२६७॥

अन्येद्युर्वर्णिता प्रेम्णा, कपिलेन तदग्रतः ।
सुदर्शनगुणग्रामोऽभिरामस्त्रिदशेष्वपि ॥२६८॥

ततो न सा रतिं प्राप, विद्धेवानङ्गमार्गणैः ।
ततः प्रभृति तत्रोत्काऽदिदृक्षत सुदर्शनम् ॥२६९॥

अन्येद्युः कपिलो राजकार्याद् ग्रामान्तरं गतः ।
प्रस्तावविज्ञा कपिला, निजधात्रीमवोचत ॥२७०॥

તેને સુબુદ્ધિવાળો કપિલનામે સુમિત્ર હતો. તે ષટ્કર્મમાં શ્રદ્ધાવાળો રાજાનો પુરોહિત હતો. (૨૬૬)

તે કપિલની તારૂણ્યમદથી વિહ્વલ, ચોસઠકળાનું પાત્ર, દક્ષ અને પોતાને પંડિત માનનારી કપિલા નામે પત્ની હતી. (૨૬૭)

એકવાર કપિલે પોતાની સ્ત્રી પાસે પ્રેમપૂર્વક દેવો કરતાં પણ સુંદર સુદર્શન શેઠના ગુણોનું વર્ણન કર્યું. (૨૬૮)

આથી તે કામબાણથી ઘાયલ થઈ હોય તેમ તેના ઉપર રાગી થઈ ગઈ. તેને ક્યાંય ચેન પડ્યું નહિ અને કામોત્સુક તેને સુદર્શનને જોવાની પ્રબલ ઈચ્છા ઉત્પન્ન થઈ. (૨૬૯)

એકવાર રાજાના કામપ્રસંગે કપિલ ગ્રામાંતર ગયો એટલે પ્રસ્તાવ જાણનારી કપિલાએ ધાત્રીને કહ્યું કે, (૨૭૦)

"હે ભદ્રે ! સુદર્શનશેઠને જઈને કહે કે, હે શ્રેષ્ઠિન્ ! તમારા મિત્રને શરીરે સારૂ નથી. છતાં તેને શરીર સંબંધી કુશળતા પૂછવા

श्रेष्ठिंस्तावकमित्रस्य, जातं वपुरपाटवम् ।
देहवार्तामपि प्रष्टुं, कस्माद् नागम्यते त्वया ? ॥२७१॥

इति शिक्षां मुहुर्दत्त्वा, प्रेषिता निजधात्रिका ।
सा तद्गेहं समासाद्य, तत्तथाऽवददुच्चकैः ॥२७२॥

तच्छ्रुत्वा वत्सलः श्रेष्ठी, तत्रागत्येत्यवोचत ।
भ्रातृजाये ! मम भ्राता, भट्टः कुत्रावतिष्ठते ? ॥२७३॥

तयोचे मन्दिरस्यान्तस्तव सुप्तोऽस्ति बान्धवः ।
भवानपि द्रुतं तत्र, यातु यातु सदाशयः ॥२७४॥

गृहस्यान्तः प्रविष्टो न, दृष्टवान् सुहृदं निजम् ।
भ्रातृजाये ! कथं मां तु, विप्लावयसि बालवत् ॥२७५॥

પણ તમે કેમ આવતા નથી.?" (૨૭૧)

આ પ્રમાણે વારંવાર શીખવી-સમજાવીને તેણે પોતાની ધાત્રીને સુદર્શન પાસે મોકલી. એટલે તેણે તેના ઘરે જઈ તે પ્રમાણે કહ્યું. (૨૭૨)

તે સાંભળી મિત્રવત્સલ સુદર્શન તુરત જ કપિલને ત્યાં આવ્યો અને તેની પત્નીને કહ્યું કે, "હે ભ્રાતૃપત્ની! મારો ભાઈ ક્યાં છ ? (૨૭૩)

એટલે તે બોલી કે, તમારા ભાઈ ઘરમાં સુતા છે. એટલે હે સદાશય ! આપ તેની પાસે સત્વર જાઓ." (૨૭૪)

સુદર્શને ઘરમાં પ્રવેશ કર્યો પણ પોતાનો મિત્ર ન જોયો એટલે ફરી તે બોલ્યો કે, "હે ભ્રાતૃજાયે ! બાળકની જેમ મને શા માટે છેતરો છો ? (૨૭૫)

એટલે હૃદય, નાભિ, સ્તન અને નેત્રરૂપ કામાસ્ત્રોને પ્રગટરીતે

हृन्नाभिस्तननेत्राणि, कामास्त्राणीव बिभ्रती ।
प्रकटानि चलन्नेत्रा, पुरस्तादस्य संस्थिता ॥२७६॥

यदैवाऽशृणवं नाथ !, तव रूपादिवर्णनम् ।
तदा प्रभृति मे कामतप्तं वपुरजायत ॥२७७॥

संगमामृतरूपेण, गात्रं निर्वापय प्रिय ! ।
यावत्कन्दर्पदहनाद्, भस्मसाद् न भवाम्यहम् ॥२७८॥

विहस्योचे ततः श्रेष्ठी, मुग्धे ! मुग्धासि निश्चितम् ।
पुंवेषेण भ्रमाम्युच्चैरहमस्मि नपुंसकः ॥२७९॥

एवं कूटप्रयोगेण, विमोच्य स्वं शुभाशयः ।
निरगाच्छ्रेष्ठिपुत्रागो, दध्याविति च मानसे ॥२८०॥

ધારણ કરતી અને નયનોને નચાવતી કપિલા તેની સામે આવી ઊભી રહી (૨૭૬)

અને કહેવા લાગી કે, "હે નાથ ! જ્યારથી તમારા રૂપાદિકનું વર્ણન સાંભળ્યું છે ત્યારથી મારૂં શરીર કામથી તપ્ત થઈ ગયું છે. (૨૭૭)

માટે હે પ્રિય ! તમારા સંગમરૂપ અમૃતથી મારા શરીરને શાંત કરો કે જેથી હું કંદર્પના દાહથી ભસ્મીભૂત ન થઈ જાઉં." (૨૭૮)

આ પ્રમાણે તેના વચનો સાંભળી શ્રેષ્ઠીએ હસીને કહ્યું કે, હે મુગ્ધે ! ખરેખર તું મુગ્ધ લાગે છે ? હું તો નપુંસક છું. માત્ર પુરુષના વેષે જ પ્રગટ રીતે ફરૂં છું. (૨૭૯)

આ વાક્ય સાંભળતાં કપિલા તો મૌન થઈ ગઈ. એટલે એ પ્રકારના ખોટાપ્રયોગથી પોતાના આત્માને કપિલા પાસેથી છોડાવી

परगेहे न गन्तव्यं, स्वस्मादपि प्रयोजनात् ।
परगेहप्रविष्टानां, व्यलीकानि भवन्ति यत् ॥२८१॥

मानिनीमानलुण्टाकः, स्मरसञ्जीवनौषधम् ।
लासकः पद्मिनीनां च, वसन्तः समवातरत् ॥२८२॥

भृङ्गीणां विरुतैर्यत्र, कोकिलानां तु कूजितैः ।
स्मरः सुप्तो व्यबोधिष्ट, राजा बन्दिस्वरैरिव ॥२८३॥

प्रतिवृक्षं विलोक्यन्ते, दोलाः शाखासु लम्बिताः ।
पान्थप्राणाण्डं जग्राहे पाशा इव मनोभुवा ॥२८४॥

वसन्तश्रीसनाथानि, काननानि निरीक्षितुम् ।
दधिवाहनभूपालश्चचाल सपरिच्छदः ॥२८५॥

શુભાશયવાળો શ્રેષ્ઠિવર્ય પોતાના ઘરે આવ્યો. પછી તેણે પોતાના મનમાં નિરધાર કર્યો કે, (૨૮૦)

"હવે પછી સ્વપ્રયોજન હોય તો પણ મારે પારકે ઘર જવું નહિ, કેમકે પરઘર જતાં ક્યારેક અનર્થ થવાનો સંભવ છે. (૨૮૧)

એકવાર માનિનીઓના માનનું મર્દન કરનાર, કામદેવને (સ્મરને) સંજીવનૌષધરૂપ, પદ્મિનીઓને નૃત્ય કરાવનાર વસંતઋતુ આવી (૨૮૨)

એટલે બંદીજનોના અવાજની જેમ, ભ્રમરાઓના ગુંજારવથી અને કોકિલાના કુંજનથી સુતેલો કામદેવ રાજા જાગૃત થયો (૨૮૩)

તે સમયે વૃક્ષે વૃક્ષે શાખાઓમાં લટકાવેલા હીંચકાઓ દેખાતા હતા. તે જાણે મુસાફરોના પ્રાણરૂપ પક્ષીઓને પકડવા કામદેવે પાશા માંડ્યા હોય તેમ ભાસતા હતા. (૨૮૪)

તે સમયે વસંતની શોભાથી વિકસિત થયેલ વનને જોવા

सुदर्शनश्च रूपेण, सुदर्शनधरायितः ।
गतः क्रीडितुमुद्याने, नन्दनस्येव सोदरे ॥२८६॥

कपिलश्च द्विजः प्रान्तिकर्मज्ञैर्वेदवेदिभिः ।
अतिधीराक्षरोच्चारबधिरीकृतपुष्करैः ॥२८७॥

तदनु प्रस्थिता यातुं, कपिला ब्राह्मणीवृता ।
तत्पुरश्चाभया देवी, वरयानसमाश्रिता ॥२८८॥

मनोरमाऽपि सश्रीका, सर्वालङ्कारशालिनी ।
साकं पुत्रैश्चतुर्भिश्च, लक्ष्मीपतिभुजैरिव ॥२८९॥

दृष्ट्वा लीलायितं तस्या, देवीनामपि दुर्लभम् ।
पप्रच्छ कपिला राज्ञो, कस्यैषा वरवर्णिनी ? ॥२९०॥

પરિવાર સહિત દધિવાહન રાજા નગર બહાર નીકળ્યો (૨૮૫)

એટલે રૂપમાં કામદેવ સમાન સુદર્શન શેઠ પણ નંદનવન સમાન તે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. (૨૮૬)

તથા યશકર્મમાં કુશળ, અતિધીરતાથી શબ્દોચ્ચાર કરી, દિશાઓને બધિર બનાવનાર વેદવેત્તા બ્રાહ્મણો સહિત કપિલ વિપ્ર પણ વનમાં જવા ચાલ્યો. (૨૮૭)

એટલે તેની પાછળ અને બ્રાહ્મણીઓ સાથે કપિલા પણ જવાને તૈયાર થઈ. તેની આગળ અભયારાણી પણ સારા યાન(વાહન) પર બેસીને ચાલી (૨૮૮)

અને શોભાયુક્ત, સર્વાલંકારોથી વિભૂષિત મનોરમા પણ વિષ્ણુની ભૂજાઓની સમાન પોતાના ચારપુત્રો સાથે ઉદ્યાનમાં જવાને ચાલી. (૨૮૯)

તે સમયે દેવીઓને પણ દુર્લભ તે મનોરમાની લીલાને જોઈ

पत्नी सुदर्शनस्येयं नामधेयाद् मनोरमा ।
एतयोर्नन्दना एते, उपाया इव रूपिणः ॥२९१॥

एवं निगदिते देव्या, सहासं साऽप्यवोचत ।
अहो ! वणिक्प्रियाणां हि, कीदृशं किल कौशलम् ॥२९२॥ यतः—

अस्या नपुंसकं भर्ता, परं जाताः सुताः कथम् ? ।
इत्यन्योन्यविरुद्धार्था, वणिक्पत्नी पतिव्रता ॥२९३॥

चेत्पद्मं संभवेद् व्योम्नि, ग्रन्थौ चेद्बध्यतेऽनलः ।
तथाऽपि श्रेष्ठिनोऽमुष्माद्, न भवन्ति सुताः खलु ॥२९४॥

अथाऽख्यदभया देवी, मुग्धे ! ज्ञातमिदं कथम् ? ।
ततः सा पूर्ववृत्तान्तमवदच्च तदग्रतः ॥२९५॥

કપિલાએ રાણીને પૂછ્યું કે, "આ કોની સુંદર પત્ની છે ?" (૨૯૦)

રાણી બોલી "એ સુદર્શન શેઠની મનોરમા નામે પત્ની છે. અને જાણે સાક્ષાત્ ઉપાય (સામ-દામ-દંડ-ભેદ) હોય તેવા આ ચાર તેના પુત્રો છે." (૨૯૧)

આ પ્રમાણે દેવીએ કહ્યું એટલે કપિલા હસીને બોલી કે, "અહો ! વણિક લલનાઓનું કેવું કૌશલ્ય ? (૨૯૨)

કારણ કે તેનો પતિ નપુંસક છે છતાં એને પુત્રો કેમ થયા. ? આવી અન્યોન્ય વિરૂદ્ધતા છતાં વણિકપત્ની પતિવ્રતા ગણાય ? (૨૯૩)

કદાચ આકાશમાં કમળ ઊગે, અગ્નિ ગાંઠે બંધાય તો પણ એ શેઠ નપુંસક હોવાથી તેને પુત્રો ન થાય." (૨૯૪)

એટલે અભયારાણી બોલી કે, "હે મુગ્ધે ! એ વાત તેં શી

सहास्यमभया प्राह, कपिले ! मुग्धचेतने ! ।
अज्ञातकामशास्त्रार्थे !, वृथा पण्डितमानिनि ! ॥२९६॥

असकौ परकीयासु, रामासु भगिनीष्विव ।
सदा नपुंसकं श्रेष्ठी, न पुनर्निजयोषिति ॥२९७॥

तद् मुग्धे ! वञ्चिताऽसि त्वं, छलात्तेन सुबुद्धिना ।
अथो कपिलयाऽऽख्यायि, सख्यहं तावदीदृशी ॥२९८॥

कामशास्त्रेषु नैपुण्यं, भवतीषु विराजते ।
स्वामिन्या यादृशी ज्ञाता, तादृश्येवाऽस्म्यहं पुनः ॥२९९॥

ज्ञास्यामि तव दक्षत्वं, कामार्थेषु विनिश्चितम् ।
यद्यमुं राजवद् देवि !, निर्व्रीडं क्रीडयिष्यति ॥३००॥

રીતે જાણી ? રાણી પાસે પૂર્વનો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૨૯૫)

તે સાંભળી રાણી હસીને બોલી કે, હે મુગ્ધે કપિલા ! કામશાસ્ત્રના અર્થથી અજ્ઞાત ફોગટ પોતાને પંડિત માનનારી એ શેઠ ભગિની સમાન પરસ્ત્રીઓમાં તો સદા નપુંસક સમાન છે. પણ પોતાની સ્ત્રી પાસે તે નપુંસક નથી. (૨૯૬-૨૯૭)

માટે હે મુગ્ધે ! તે બુદ્ધિશાળીએ તને છળ કરી છેતરી છે. એટલે કપિલા બોલી કે, "હે સખી ! હું તો ભલે જેવી છું તેવી તમે મને જાણી લીધી. પણ હવે હે દેવી ! કામશાસ્ત્રમાં આપની દક્ષતા કેવી છે તે જોઈશ. એને રાજાની જેમ લજ્જારહિત બની તમે જોઉં કેવા રમાડો છો ? (૨૯૮-૩૦૦)

એ સાંભળી રાણી બોલી કે, "હે સખી ! જો હું એને ન રમાડું તો મને તારે કૌશલ સહિત છતાં તારા જેવી સાધારણ

निशम्येदं बभाणैषा, सख्यमुं रमये न हि ।
तदा तव सतीर्थ्याऽहं, वृथा विज्ञातकौशला ॥३०१॥

इत्थं विज्ञाय सा देवी, प्रतिज्ञां तां गरीयसीम् ।
गत्वोद्याने यथाकामं, क्रीडित्वा सौधमागमत् ॥३०२॥

अस्त्यस्याः पण्डिता नाम, धात्री विश्वासभाजनम् ।
तदग्रे विजने देवी, कथयामास सादरम् ॥३०३॥

सुदर्शनेन सार्धं मे, यथा भवति सङ्गमः ।
तथा कुरु वितत्योच्चैः, किञ्चित्कैतवनाटकम् ॥३०४॥

उवाच धात्रिका पुत्रि !, धरित्रीधववल्लभे ! ।
न सुन्दरं त्वया प्रोक्तमिहाऽमुत्राऽप्रियङ्करम् ॥३०५॥

यस्मादेष महासत्त्वः, परनारीसहोदरः ।
कामयिष्यति कस्मात् त्वां, गृहस्थोऽपि महाव्रती ? ॥३०६॥

રાણી સમજી લેવી." (૩૦૧)

આ પ્રમાણે રાણી ગરિષ્ઠપ્રતિજ્ઞા કરી ઉદ્યાનમાં યથેચ્છ ક્રીડા કરી પોતાના મહેલમાં આવી. (૩૦૨)

હવે એ અભયારાણીને એક વિશ્વાસપાત્ર પંડિતા નામે ધાત્રી હતી તેની આગળ રાણીએ એકાંતમાં આદરપૂર્વક કહ્યું કે, (૩૦૩)

"કંઈક કપટ પ્રપંચ રચી સુદર્શનની સાથે મારો સમાગમ થાય તેમ કરી દે." (૩૦૪)

તે સાંભળી ધાત્રી બોલી કે, "હે પુત્રી ! હે રાજવલ્લભે ! આ ભવમાં અને પરભવમાં પણ અપ્રિયંકર અનુચિત તું શું બોલી ? (૩૦૫)

કારણ કે મહાસત્ત્વશાલી પરનારી સહોદર, પોતે ગૃહસ્થ છતાં

कथमत्र समानेयः, पारीन्द्र इव काननात् ।
आनीतोऽपि तव स्वार्थं, न कर्तेति विचिन्तय ॥३०७॥

अथोवाचाऽभया देवी, प्रतिज्ञेयं कृता मया ।
साकं कपिलगेहिन्या, सत्या कार्या यथा तथा ॥३०८॥

नान्यस्य पुरतो मातराख्यातुमपि पार्यते ।
अतिदुष्करकार्याणां, भवत्येव विचक्षणा ॥३०९॥

निःश्वस्याऽथ क्षणं स्थित्वाऽवादीद्धात्री मया सुते ! ।
उपायो लब्ध ईदक्षः, कीदृक्ष इति साऽगदत् ? ॥३१०॥

સાધુ સમાન સુદર્શન તને ઇચ્છશે જ કેમ ? (૩૦૬)

વળી જંગલમાંથી સિંહની જેમ તેને અહીં શી રીતે લાવવો ? અને લાવવાં છતાં પણ તે તારી ઇચ્છાને પૂરશે નહિ એ ચોક્કસ સમજી રાખજે." (૩૦૭)

એટલે અભયા બોલી કે, મેં કપિલાની સાથે એને રમાડવાની શરત કરી છે. માટે ગમે તે રીતે તે પાર પાડવી જ જોઈએ. (૩૦૮)

વળી હે માત ! બીજા કોઈની પાસે એ વાત કહી શકાય તેમ નથી. વળી અતિ દુષ્કર કાર્યો કરવામાં તમે જ એક વિચક્ષણ છો." (૩૦૯)

પછી ક્ષણવાર નિસાસો નાંખી પછી તે ધાત્રી બોલી કે, "હે વત્સે ! મને એક ઉપાય સૂઝ્યો છે." રાણી બોલી કે, "તે ઉપાય શું છે ?" (૩૧૦)

એટલે તે બોલી કે- "એ શેઠ પર્વદિવસે પૌષધ કરે છે અને રાત્રીના સમયે ચત્વર વિગેરે શૂન્યસ્થાનમાં મૌનપણે કાયોત્સર્ગ

श्रेष्ठ्येष पौषधं पूर्णं, विधत्ते पर्ववासरे ।
चत्वारादिषु मौनेन, कायोत्सर्गीव तिष्ठति ॥३११॥

तत्कृते तत्र गत्वा तं, कायोत्सर्गपरायणम् ।
मूकीभावेन तिष्ठन्तं, संवेष्ट्य वसनाञ्चलैः ॥३१२॥

कन्दर्पप्रतिमाव्याजाद्, व्यामोह्य द्वाररक्षकान् ।
द्वित्रिर्वा नयनव्याजादानेष्यामि सुदर्शनम् ॥३१३॥

एवंकृते त्वया कार्या, स्वप्रतिज्ञा यथोदिता ।
ढक्का देया ढाक्किकेन, नात्र जेयं परं बलम् ॥३१४॥

एवं राज्ञी धात्रिकया, गदिता मुदिताऽभवत् ।
प्रस्तावपण्डिता शश्वद्वीक्षमाणा चिरं स्थिता ॥३१५॥

કરી રહે છે. (૩૧૧)

તો તારી ખાતર ત્યાં જઈ કાયોત્સર્ગમાં પરાયણ અને મૌનધારી તેને વસ્ત્રમાં લપેટીને લઈ આવું. (૩૧૨)

જુઓ તે માટે પ્રથમ બેત્રણવાર મન્મથની મૂર્તિ તેવી રીતે લાવવા લઈ જવાનો પ્રયોગ કરવો પડશે. પછી કામદેવની મૂર્તિના બ્હાનાથી દ્વારપાલોને વ્યામોહ પમાડી સુદર્શનને અહીં લાવી શકાશે. (૩૧૩)

ત્યારપછી લીધેલી પ્રતિજ્ઞા તારે પૂર્ણ કરવી. એમાં મારૂં કાંઈ કામ નથી કેમકે એમાં કાંઈ મોટું લશ્કર જીતવાનું નથી." (૩૧૪)

આ પ્રમાણે ધાત્રીના કથનથી રાણી આનંદ પામી અને પંડિતાએ ઘણા સમય સુધી તેવો પ્રસ્તાવ જોયા કર્યો. (૩૧૫)

એકવાર અષ્ટમીની રાત્રીએ કાર્યકુશળ ધાત્રીએ મહાસત્ત્વશાળી

अन्येद्युरष्टमीरात्रौ, धात्र्या विज्ञातकार्यया ।
दृष्टः श्रेष्ठी महासत्त्वः, पौषधागारमाश्रितः ॥३१६॥

पुष्पादिकसपर्याया, नयनाऽऽनयनच्छलात् ।
कन्दर्पप्रतिबिम्बस्य, व्याजादेष प्रवेशितः ॥३१७॥

अमुं वीक्ष्याऽभयादेवी, हृष्टा प्राप्तनिधानवत् ।
क्षोभयितुं समारेभे, कटाक्षविशिखैः शितैः ॥३१८॥

निजसंगसुधास्वादकलनां ललनाप्रिय ! ।
दयां विधाय संधेहि, स्वर्गसौख्यमहाद्भुतम् ॥३१९॥

किमिति व्रतकष्टानि, कुरुषे मूढमानस !? ।
या व्रतैरपि दुष्प्रापा, सा प्राप्ताऽहं त्वयाऽधुना ॥३२०॥

શેઠને પૌષધાગારમાં રહેલા જોયા. (૩૧૬)

એટલે પુષ્પાદિ પૂજાના સાધન લાવવા અને લઈ જવાના બ્હાને કંદર્પમૂર્તિના બ્હાનાથી સુદર્શનશેઠને તે ઉપાડી લાવી (૩૧૭)

એટલે તેને જોઈ પ્રાપ્ત થયેલા નિધાનની જેમ અભયારાણી આનંદ પામી, તીક્ષ્ણકટાક્ષ બાણોથી તે શેઠને ક્ષોભ પમાડવા લાગી. (૩૧૮)

અને બોલી કે "હે લલનાપ્રિય ! પોતાના સંગરૂપ અમૃતાસ્વાદથી સંજલિત દયા લાવી અદ્‌ભુત સ્વર્ગસુખનો અહીં મનુષ્યપણામાં જ અનુભવ લ્યો. (૩૧૯)

હે મૂઢ મનવાળા ! આવું વ્રતકષ્ટ શા માટે ભોગવો છો ? અને વ્રતો કરવા છતાં પણ દુષ્પ્રાપ્ય હું અત્યારે પ્રયત્ન વિના જ તમને પ્રાપ્ત થઈ છું (૩૨૦)

તો અનાથની જેમ મદન બાણોથી ઘાયલ થયેલી છું જ તો

अनाथामिव मां हन्यमानां मदनमार्गणैः ।
कस्मादुपेक्षसे नाथ !, सदयोऽस्यऽबलाजने ॥३२१॥

त्वां स्मरन्त्या ममाभूवन्, दिनाः कल्पशतोपमाः ।
निशा अपि गुणाधार !, ब्राह्म्या मे दिवसा इव ॥३२२॥

निशास्वप्नेषु वार्तासु, दिगन्तेषु दृशोः पुरः ।
त्वामेकरूपिणमपि, वीक्षे रूपसहस्रगम् ॥३२३॥

निशम्येत्यथ साकारं, प्रत्याख्यानं समाहितः ।
धर्मध्यानरतः श्रेष्ठी, विशेषेण चकार सः ॥३२४॥

अभयाऽपि यथाबुद्धि, भाषमाणा नवा गिरः ।
मुनीनामपि हि क्षोभकारिणी रूपसम्पदा ॥३२५॥

હે નાથ ! શા માટે ઉપેક્ષા કરો છા ? અબળાજન ઉપર તો તમે દયાળુ છો. (૩૨૧)

વળી હે ગુણાધાર ! તમારું સ્મરણ કરતાં મને દિવસો શતયુગ જેવા અને રાત્રીઓ બ્રાહ્મીના દિવસો જેવી (લાંબી) થઈ પડી હતી. (૩૨૨)

રાત્રે સ્વપ્નમાં, વાતોમાં, દિશાઓમાં અવલોકન કરતા તમે એકરૂપી છતાં મને સહસ્રરૂપવાળા હો તેમ મારી નજર આગળ તર્યા કરતા હતા." (૩૨૩)

આ પ્રમાણે તેનાં વચનો સાંભળી ધર્મધ્યાનમાં વિશેષ અનુરાગી બની, મનને શાંત રાખી શ્રેષ્ઠિએ સાગાર પ્રત્યાખ્યાન કર્યું. (૩૨૪)

અભયા પણ યથામતિ નવા નવા પ્રકારે સરાગવચન બોલવા લાગી, રૂપસંપત્તિમાં તો તે અભયા મુનિઓને પણ ક્ષોભ પમાડે તેવી હતી (૩૨૫)

गायन्ती पञ्चमग्रामबन्धुरा नवगीतिकाम् ।
क्षोभयामास नैवामुं, रजन्याऽपि समग्रया ॥३२६॥

अमुं स्वदारसन्तोषपवित्रमिव वीक्षितुम् ।
अजनिष्ट प्रभास्फोटस्तिमिरं संहरन् करैः ॥३२७॥

स्तावत्यो मया वाचः, सामभिः प्रतिपादिताः ।
तैः साध्यो यद्भवान्नैव, सन्निपात इवोदकैः ॥३२८॥

इदानो पाटितं देहं, कृत्वाऽहं नखकोटिभिः ।
पूत्करिष्येतरां पाप !, नेदं भार्व्यगला व्रतम् ॥३२९॥

तथाप्यक्षुभ्यति श्रेष्ठिपुङ्गवे नृपवल्लभा ।
अहो वज्रमयो ह्येष, न विलीनो मदन्तिके ॥३३०॥

અને પંચમ સ્વર તથા ગ્રામથી મનોહર નવીન સંગીતને ગાતી હતી તેણે આખી રાત્રીમાં પ્રયત્ન કર્યો છતાં તેને ક્ષોભ પમાડી ન શકી. (૩૨૬)

એટલામાં સ્વદારાસંતોષવ્રતથી પવિત્ર સુદર્શનને જોવાની ઇચ્છા થઈ હોય તેમ સૂર્ય કિરણોથી અંધકારનો સંહાર કરતો પ્રભાત સમય થયો. (૩૨૭)

એટલે અભયા બોલી કે, "ઉદકથી સન્નિપાતની જેમ મેં કહેલા શાંત વચનોથી તું સાધ્ય ન થયો. તો (૩૨૮)

હવે હે દુષ્ટ ! નખના અગ્રભાગથી મારા દેહને ક્ષતયુક્ત કરીને હું ઉંચે સ્વરે પોકાર કરીશ. એટલે તને તારા વ્રત બચાવવા નહિ આવે." (૩૨૯)

આમ કહેવા છતાં પણ સુદર્શન ક્ષુભિત ન થયો. એટલે રાજરાણી અહો ! આતો વજ્રમય લાગે છે તેથી જ તે મારી પાસે

चिन्तयित्वेति पूत्कर्तुं, समारेभे महारवैः ।
सत्यं रक्ता विरक्ताश्च, मारयन्ति स्त्रियः खलु ॥३३१॥

रे रक्षकाः ! बलादेष, मां कामयितुमुद्यतः ।
दारयति नखैस्तीक्ष्णैः, शीघ्रं धावत धावत ॥३३२॥

श्रुत्वेदं सत्वरं तत्र, समागात्पृथिवीपतिः ।
अमुं विश्वासभवनमपश्यच्च स्वचित्तवत् ॥३३३॥

अपृच्छच्च प्रयत्नेन, वृत्तान्तस्तव चैष कः ? ।
सोऽप्यस्थाद् मौनभाक् कामं, विशेषेण समाहितः ॥३३४॥

नाऽदासीदुतरं किञ्चिदेष क्रुद्धः क्षितीश्वरः ।
शूलाप्रोतो विधातव्य, एष इत्यादिशन्नरान् ॥३३५॥

પીગળ્યો નહિ. (૩૩૦)

એમ ચિંતવી ઉંચે સ્વરે પૂત્કાર કરી પોકાર કરવા લાગી. "અહો ! **ખરેખર સ્ત્રીઓ રાગી કે વિરાગી બંને પ્રકારે મારે છે.**" (૩૩૧)

તે બોલી કે, હે રક્ષકો ! આ માણસ બળાત્કારથી મારી લાજ લેવા તૈયાર થયો છે. અને જુઓ તો ખરા મને તીક્ષ્ણ નખથી ઘાયલ કરી નાંખી છે. માટે સત્વર દોડો." (૩૩૨)

આ પ્રમાણે સાંભળી રાજા પોતે ત્યાં સત્વર આવ્યા અને પોતાની ચિત્તની જેમ વિશ્વાસના સ્થાનભૂત તે શેઠને તેણે જોયો. (૩૩૩)

એટલે પ્રયત્નપૂર્વક તેણે પૂછ્યું કે, "આ તમારી શી દશા ?" છતાં તે તો વિશેષરીતે અત્યંત સમાધિસ્થ બની મૌન જ રહ્યો. (૩૩૪)

જ્યારે તેણે કાંઈપણ જવાબ ન આપ્યો. ત્યારે રાજા તેના

रे ! पारदारिकेत्युग्रैः, संदंशैरिव भाषितैः ।
तस्य श्रोत्रपुटीमन्तर्भेदयामासुराशु ते ॥३३६॥

न्यस्तोऽसौ रासभे पृष्ठे, कण्ठन्यस्तशरावान् ।
निम्बपत्रैः कृतोष्णीषः, कज्जलैर्लिप्तविग्रहः ॥३३७॥

गाढं विडम्बयित्वासौ, भ्रामयित्वा महापुरे ।
नीतः पितृवने श्रेष्ठी, स्मरन् पञ्चनमस्कृतिम् ॥३३८॥

इतश्च श्रेष्ठिनः पत्नी, महासती मनोरमा ।
अशृणोद् दुःश्रवां वार्तां, तदीयां वज्रपातवत् ॥३३९॥

ઉપર અત્યંત ક્રોધાયમાન થયો અને પોતાના પુરુષોને હુકમ કર્યો કે "આને લઈ જાવો અને શૂળી પર ચઢાવો." (૩૩૫)

આ પ્રમાણે રાજાનો હુકમ થતાં સત્વર તે રાજપુરુષો "અરે પરદારલંપટ !" ઇત્યાદિ સર્પદંશ જેવા કઠિન શબ્દોથી તેના કર્ણપુટને ભેદવા લાગ્યા (૩૩૬)

અને તેમણે તેના કંઠમાં શરાવલા (રામપાત્રા)ની માળા નાંખી માથે નિંબપત્રોનો (લીંબડાના પાનનો) મુગટ પહેરાવ્યો અને શરીરે કાજલનો લેપ કરી (૩૩૭)

ગધેડા ઉપર બેસાડ્યો પછી અત્યંત વિડંબના પમાડી આખા નગરમાં ફેરવી પંચનમસ્કારનું સ્મરણ કરતાં શેઠને તેઓ સ્મશાનમાં લઈ ગયા. (૩૩૮)

હવે શેઠની પત્ની મહાસતી મનોરમાએ વજ્રપાતની જેમ આ દુઃખપૂર્વક સાંભળી શકાય તેવી વાત સાંભળી (૩૩૯)

એટલે ચિંતવવા લાગી કે, સર્વજ્ઞશાસનના જ્ઞાતા, પરસ્ત્રીથી વિમુખ અર્થાત્ પરદારાસહોદર શ્રેષ્ઠી રાજાની પટ્ટરાણીને કેમ

सर्वज्ञशासनाभिज्ञः, परदारपराङ्मुखः ।
पट्टदेवीं महीभर्तुः, श्रेष्ठी प्रार्थयते कथम् ? ॥३४०॥

किञ्चित्संभाव्यते देव्याः, कूटं कूटनिधिर्हि सा ।
असंपूर्णे निजार्थे हि, किं न कुर्युर्मलीमसाः ? ॥३४१॥

अन्तःशून्या बहीरम्या, नारी वारीव देहिनाम् ।
लौल्याद्रास्वाद्यमानोच्चैर्निर्मिमीत गलग्रहम् ॥३४२॥

लज्जाकोशविनिर्मुक्ता, स्त्री शस्त्रीव भयङ्करा ।
किं न धत्ते महामोहहस्तन्यस्ता विवेकिनाम् ? ॥३४३॥

विचिन्त्येति कृतस्नाना, वसाना श्वेतवाससी ।
पूजयित्वार्हतो बिम्बं, निर्विलम्बं मनोरमा ॥३४४॥

ઇચ્છ ? (૩૪૦)

માટે આમાં કાંઈ રાણીનો જ પ્રપંચ લાગે છે. વળી રાણી તેવા પ્રપંચોથી ભરપૂર છે. **પોતાનો અર્થ સિદ્ધ ન થતાં પ્રપંચી પ્રમદાઓ શું ન કરે ?** (૩૪૧)

જલની જેમ અંતરમાં શૂન્ય અને બહારથી રમ્ય એવી રમણીને અત્યાસક્ત થઈ ભોગવતાં તે પુરુષોનું ગળું જ પકડે છે. (૩૪૨)

લજ્જારૂપ કોશથી નિર્મુક્ત સ્ત્રી શસ્ત્રી (તલવાર) ના જેવી ભયંકર છે. મહામોહથી જો તેવી સ્ત્રીને હાથમાં સ્થાપન કરવામાં આવે તો મ્યાન વિનાની તલવારની જેમ વિવેકીલોકોને તે શું ન કર? (૩૪૩)

આ પ્રમાણે ચિંતવી સ્નાન કરી, બે શ્વેતવસ્ત્ર ધારણ કરી સત્વર જિનબિંબની પૂજા કરી, (૩૪૪)

સતી મનોરમા બોલી કે, હે શાસનદેવી માતા ! જો એ મારા

यद्येष परदारेषु, निर्विकारः सुदर्शनः ।
तदद्य कुरु सांनिध्यं, मातः ! शासनदेवते ! ॥३४५॥

इति व्याकृत्य नासाग्रन्यस्तनेत्रा सदार्हती ।
कायोत्सर्गं विधत्ते स्म, निश्चलाङ्गी शिला यथा ॥३४६॥

त्रिभिर्विशेषकम्

इतश्चार्हत्प्रवचनदेवी तस्याः प्रभावतः ।
अगाद् वध्यभुवं तत्र, यत्राऽतिष्ठत् सुदर्शनः ॥३४७॥

इतः सुदर्शनः श्रेष्ठी, शूलायां विनिवेशितः ।
शूला सिंहासनं जज्ञे, देवतायाः प्रभावतः ॥३४८॥

ततश्च कृष्टाः कोशेभ्यो, निस्त्रिंशा निस्त्रपैस्तदा ।
मुक्ताश्च श्रेष्ठिनः कण्ठपीठे नगररक्षकैः ॥३४९॥

સ્વામી પરસ્ત્રીમાં નિર્વિકારી હોય તો અત્યારે તેને સહાય કરો." (૩૪૫)

પ્રગટાક્ષરે કહીને શિલાની જેમ શરીરને નિશ્ચલરાખી નાસિકાના અગ્રભાગ પર નેત્રોને સ્થાપન કરી તે પરમ શ્રાવિકાએ કાયોત્સર્ગ કર્યો. (૩૪૬)

એ સમયે તેના શીલના પ્રભાવથી શાસનદેવી જ્યાં સુદર્શન શ્રેષ્ઠિને લઈ જવામાં આવેલ તે વધભૂમિમાં આવી. (૩૪૭)

અહીં સુદર્શન શેઠને શૂલીપર ચડાવ્યા હતા. ત્યાં દેવીના પ્રભાવથી તે સિંહાસન થઈ ગયું. પછી નિર્લજ્જ એવા તે અંગરક્ષકોએ મ્યાનમાંથી તીક્ષ્ણ તલવારો ખેંચી શેઠના કંઠ પર ચલાવી. (૩૪૯)

એટલે દેવીના પ્રભાવથી તે પ્રહારો ચારે બાજુ ભ્રમણ કરતા

देवतायाः प्रभावेण, प्रहारास्ते समन्ततः ।
स्रग्माल्यरूपिणो जाता, भ्रमद्भृङ्गमनोरमाः ॥३५०॥

ततो रक्षानिबद्धोऽसौ, कण्ठपीठे तलाधिपैः ।
हाररूपोऽभवत्सोऽपि, चलत्तरलनायकः ॥३५१॥

उपरिष्टात् ततः पुर्या, विचक्रे देवता शिलाम् ।
पुरीपिधानवत् कालचक्रवद्यमवक्त्रवत् ॥३५२॥

तामालोक्य भयोद्भ्रान्तः, सपौरोऽजनि भूपतिः ।
सर्वासामेव भीतीनां, मरणं हि महाभयम् ॥३५३॥

सागसं पृथिवीपालं, सपौरं सपरिच्छदम् ।
एषा हन्मि शिलापातादिति शृण्वन्तु मे वचः ॥३५४॥

ભ્રમરોની મનોહર પુષ્પમાળાઓ થઈ ગયા. (૩૫૦)

આથી સીપાઈઓએ ગળે ફાંસો દેવા તેના ગળે દોરડી બાંધી. એટલે તે પણ જેમાં મુખ્યમોતી ચલાયમાન છે એવી મુક્તામાળા બની ગઈ. (૩૫૧)

ત્યારપછી દેવીએ અત્યંત ક્રોધથી આખી નગરીને ઢાંકનારી, કાળચક્ર જેવી યમના મુખ સમાન વિશાલ એકશીલા નગરી ઉપર વિકુર્વી. (૩૫૨)

તે જોઈ નગરલોકો સહિત રાજા ભયભ્રાંત થઈ ગયો. કેમકે **સર્વભયો કરતાં મરણ એ મહાભય છે.** (૩૫૩)

પછી તે દેવી બોલી કે, મારૂં વચન સાંભલો "હું પરિવાર તથા નગરલોકો સહિત આ રાજાને આ શિલાપાતથી મારી નાંખીશ. (૩૫૪)

સર્વથા નિર્દોષ શેઠના વધથી હું કોપાયમાન થઈ ગઈ છું.

स्मरन्तु देवतां पौरा, युष्मद्व्यसनवारिणीम् ।
क्रुद्धाऽहं सर्व्वथा दोषरहितश्रेष्ठिनो वधात् ॥३५५॥

रे ! रे ! धरेश ! नो वेत्सि, स्वभार्याया विजृम्भितम् ।
यदस्य चिन्तितं मूढ !, तत्ते पततु मस्तके ॥३५६॥

इति दैवं वचः श्रुत्वा, वज्रपातसहोदरम् ।
मृत्युभीतो नृपः प्राह, स्वामिन्यागः सहस्व मे ॥३५७॥

अविमृश्य विधाताऽस्मि, क्षन्तव्यो दुर्नयो मम ।
विनम्रे सव्यलीकेऽपि, महात्मानः कृपापराः ॥३५८॥

द्विपेन्द्रे चेदमुं मूढ !, स्वयं धातासि सन्मतिम् ।
मौलौ दधासि चेच्छत्रं, छत्रधारकवत्स्वयम् ॥३५९॥

માટે હે નગરજનો ! તમારા કષ્ટનિવારણ ઈષ્ટદેવતાનું સ્મરણ કરો. (૩૫૫)

અરે મૂર્ખ રાજન્ ! તું તારી રાણીનું દુષ્ચેષ્ટિત જાણતો નથી માટે હે મૂઢ ! જે તેં સુદર્શન માટે ચિંતવ્યું છે તે (મુત્યુ) તારે શિરે પડે છે." (૩૫૬)

આ પ્રમાણે વજ્રપાત સમાન દેવીનાં વચનો સાંભળી મરણથી ભય પામતો રાજા બોલ્યો કે, "હે દેવી ! મારો અપરાધ ક્ષમા કરો. (૩૫૭)

વિચાર્યા વિના મારાથી થઈ ગયેલ મારો દુર્નય ક્ષંતવ્ય છે. **મહાત્માઓ અપરાધી છતાં નમ્રજનો ઉપર દયાળુ જ હોય છે.**" (૩૫૮)

તે સાંભળી દેવી બોલી "હે મૂઢ ! જો તું પોતે એ સજ્જનને હાથી પર બેસાડે, છત્રધારીની જેમ પોતે એના મસ્તક ઉપર છત્ર

तदा ते जीवितं राज्यं, कृतरक्षं भविष्यति ।
अन्यथा ते शिलापातान्निपातो भविता द्रुतम् ॥३६०॥

श्रुत्वेदं भीतभीतौऽसौ, सपौरः पादचारतः ।
वध्यभूमीमनुप्राप्तो, गृहीतप्राभृतोत्करः ॥३६१॥

श्रेष्ठिन्निरपराधोऽपि, खेदितो यद्विमानतः ।
तत् क्षमस्व भवाशेषजीवानां जीवितप्रदः ॥३६२॥

तत्प्रभावादिहाऽऽयान्ति, देवता अपि पत्तिवत् ।
अस्मादृशाः कियन्मात्रा, निर्व्विकारमतल्लिके ! ? ॥३६३॥

कुम्भिपृष्ठे समारोप्य, श्रेष्ठिनं श्रेष्ठितायुतम् ।
बभार स स्वयं मूर्ध्नि, विमलातपवारणम् ॥३६४॥

ધારણ કરે, (૩૫૯)

તો તારૂં જીવિત અને રાજ્ય નિર્ભય થાય અન્યથા આ શીલાપાતથી તારો અવશ્ય ઘાત જ થશે." (૩૬૦)

આ પ્રમાણે સાંભળી ભયભીત થયેલો રાજા નગરજન સહિત હાથમાં ભેટણું લઈ પગે ચાલતો વધ્યભૂમિમાં આવ્યો (૩૬૧)

અને બોલ્યો કે, "હે શ્રેષ્ઠિન્ ! તમે નિરપરાધી છો અપમાનપૂર્વક મેં આપને ખેદ પમાડ્યો છે. તે ક્ષમા કરો અને સમસ્તજીવોને જીવિતદાન આપો. (૩૬૨)

હે નિર્વિકારીજનોમાં શિરોમણિ શેઠ ! આપના પ્રભાવથી પદાતિની જેમ દેવતાઓ પણ હાજર થયા છે. તો અમારા જેવાની તો શી ગણત્રી છે ? (૩૬૩)

આ પ્રમાણે કહી શ્રેષ્ઠતાયુક્ત શેઠને હસ્તીપીઠ ઉપર બેસાડી રાજાએ પોતે તેના મસ્તક ઉપર નિર્મળછત્ર ધારણ કર્યું (૩૬૪)

पौरैः प्रमुदितः साकं, गायमानावदानभृत् ।
बन्दिभिः स्तूयमानस्तु, वर्ण्यमानः कवीश्वरैः ॥३६५॥

उद्घोष्यमाणमङ्गल्यो, वृद्धस्त्रीभिः पदे पदे ।
स्वगेहेऽगाद् वणिग्नेता, भवरागविरागवान् ॥३६६॥ (युग्मम्)

भूमीपतिर्निवृत्य स्वमावासमगमत् ततः ।
मनोरमामनुज्ञाप्य देवताऽपि तिरोदधे ॥३६७॥

क्षणाद् बन्धः क्षणात् पूजा, क्षणाद् दुःखं क्षणात् सुखम् ।
क्षणिकेऽस्मिन् भवे सर्वं, दृश्यते क्षणिकं किल ॥३६८॥

स्वातिप्रान्ता यथा मेघा, द्विरदान्ता यथा श्रियः ।
तथा राजप्रसादाश्च, विपदन्ता असंशयम् ॥३६९॥

એટલે નગરજનો પ્રમુદિત થઈ ગુણગાન ગાઈ રહ્યા છે, તો બંદીજનો સ્તુતિ કરી રહ્યા છે. કવીશ્વરો જેનું વર્ણન કરી રહ્યા છે (૩૬૫)

તથા વૃદ્ધનારીઓ પગલે પગલે જેના મંગલગીત ગાઈ રહી છે વળી જે સંસારથી વિરાગી છે એવા શ્રેષ્ઠિવર્ય સુદર્શન પોતાને ઘરે આવ્યો. (૩૬૬)

અને રાજા તેને ત્યાં મૂકી પોતાના આવાસે આવ્યો. એટલે મનોરમાની અનુજ્ઞા લઈ શાસનદેવી પણ અદશ્ય થઈ, મનોરમાએ કાયોત્સર્ગ પાર્યો. (૩૬૭)

એકવાર સુદર્શન શેઠ ચિંતવવા લાગ્યા કે, "ક્ષણવારમાં બંધન, ક્ષણવારમાં સત્કાર, ક્ષણવારમાં દુઃખ, ક્ષણવારમાં સુખ-એમ આ ક્ષણિક સંસારમાં બધુ ક્ષણિક દેખાય છે. (૩૬૮)

સ્વાતિનક્ષત્રની મર્યાદાવાળો મેઘ, ગજાંત (હાથી, ઘોડાની

यकाभ्यामेव कर्णाभ्यां, श्रुतं स्वगुणवर्णनम् ।
रे ! पारदारिक ! इति, ताभ्यामेव हि शुश्रुवे ॥३७०॥

यैरेव विनयोत्कर्षात्, पादा मे वन्दिताश्चिरम् ।
तैरेव ताडितः शातैः, कृपाणैः निष्कृपाऽऽशयैः ॥३७१॥

इत्थं निध्यायतस्तस्य, समागात्पावनाकृतिः ।
सूरिः कोऽपि श्रुताम्भोधिसमुल्लासनचन्द्रमाः ॥३७२॥

राज्ञा स पौरलोकैश्च, वार्यमाणोऽपि सन्मतिः ।
संवेगादादे दीक्षामन्तिके तस्य भावतः ॥३७३॥

સંપદાવાળા) લક્ષ્મીની જેમ રાજપ્રસાદ પણ પ્રાંતે અવશ્ય દુઃખદાયી છે. (૩૬૯)

જે કર્ણોથી પોતાના ગુણનું વર્ણન સાંભળ્યું હોય તેજ કર્ણોથી અરે પારદારિક" એવા કઠોર શબ્દો પણ સાંભળવા પડે છે. (૩૭૦)

જેમણે અતિશય વિનયથી ચિરકાળ મારા ચરણને વંદન કર્યું હતું. તેમણે જ કૃપારહિત થઈ તીક્ષ્ણતલવારોથી મારી ઉપર પ્રહાર કર્યા છે. ખરેખર ! આ જગતમાં સર્વ ક્ષણિક છે. નાંશવંત છે. (૩૭૧)

આ પ્રમાણે તે શુભભાવના ભાવતો હતો. એવામાં જાણે તેની ભાવનાને સાકાર કરવા માટે જ ન હોય તેમ શ્રુતસાગરને ચંદ્રમા સમાન કોઈ પાવનાકૃતિવાળા-પવિત્રાકારવાળા આચાર્ય ભગવંત ત્યાં પધાર્યા. (૩૭૨)

એટલે રાજા તથા નગરવાસીઓએ રોકવા પ્રયત્ન કર્યો છતાં સદ્બુદ્ધિના સ્વામી એવા સુદર્શન શ્રેષ્ઠીએ તેમની પાસે સંવેગથી

अभयाऽपि प्रभावं तं, प्रभावन्तं निरीक्ष्य तम् ।
उद्बध्यात्मानमकरोज्जीवितत्यागमञ्जसा ॥३७४॥

अथ पाटलिपुत्रस्य, श्मशाने व्यन्तरामरी ।
अभूदुब्दन्धनाद्यैर्हि, व्यन्तरत्वं प्रजायते ॥३७५॥ यतः –

उद्बन्धनाद् विषग्रासाद्, रज्जुबन्धाद् हुताशनात् ।
सलिलस्य प्रवेशाच्च, व्यन्तरत्वं प्रकीर्तितम् ॥३७६॥

चेद् विशुद्धं भवेच्चेतो, निधने कर्मलाघवात् ।
महादुःखनिधानेषु, परथा नरकादिषु ॥३७७॥ युग्मम्

नरनाथभयोद्भ्रान्ता, तथा धात्र्यपि पण्डिता ।
चम्पापुर्या विनिःसृत्य, पाटलीपुत्रमास्थिता ॥३७८॥

ભાવપૂર્વક દીક્ષા અંગીકાર કરી. (૩૭૩)

આ બાજુ તેવા ઉત્કૃષ્ટ પ્રભાવવાળા અને પ્રભાવશાળી તે શેઠને જાણી અભયાએ સત્વર ગળે ફાંસો ખાઈ પોતાના જીવિતનો ત્યાગ કર્યો (૩૭૪)

અને તે પાટલીપુત્ર નગરના સ્મશાનમાં વ્યંતરી થઈ. કારણ કે ઉદ્બંધન (ગળે ફાંસા) વિગેરેથી વ્યંતરપણું પ્રાપ્ત થાય છે. (૩૭૫)

કહ્યું છે કે, "ગળે ફાંસો ખાવાથી, વિષભક્ષણથી, રજ્જુબંધથી, અગ્નિથી કે જળપ્રવેશ વડે મૃત્યુ પામવાથી જો મરણ સમયે કર્મલઘુતાથી જો કાંઈ ચિત્તની વિશુદ્ધિ હોય તો વ્યંતરપણું પામે છે. નહિ તો મહાદુઃખના નિધાનભૂત નરકાદિ દુર્ગતિ પામે છે." (૩૭૬-૩૭૭)

આ બાજુ પેલી પંડિતા ધાત્રી પણ રાજાના ભયથી ભ્રાંત થઈ

देवदत्ताभिधानाया, वेश्याया गृहमागता ।
रूपं सुदर्शनस्योच्चैः, सदा व्याख्यातवत्यऽसौ ॥३७९॥

तद्गुणश्रवणादेषा, जातरागा दिने दिने ।
कृष्णपक्षेन्दुलेखेव, भजते स्म परिक्षयम् ॥३८०॥

ततः सोऽपि महासत्त्वो, गीतार्थः श्रुतपारगः ।
एकाकी प्रतिमां धीमान्, भेजे गुरुनिदेशतः ॥३८१॥

विहरन्मेदिनीपीठे, तपःशोषितविग्रहः ।
समस्तलब्धिसंपूर्णः, समागात् पाटलीपथे ॥३८२॥

सिद्धान्तोक्तविधानेन, भिक्षायै पर्यटन्नसौ ।
निरैक्ष्यत तया धात्र्या, देवदत्तासमेतया ॥३८३॥

ચંપાનગરીથી ભાગી પાટલીપુત્રમાં આવી રહી. (૩૭૮)

ત્યાં દેવદત્તાવેશ્યાના ઘરે રહેતાં તે હંમેશા સુદર્શન શેઠના રૂપનું પ્રગટપણે વર્ણન કરતી હતી. (૩૭૯)

તેના ગુણશ્રવણથી ગુણાનુરાગી બનેલી તે વેશ્યા કૃષ્ણપક્ષની ચંદ્રરેખાની જેમ દિવસે દિવસે ક્ષીણ થવા લાગી હતી. (૩૮૦)

મહાસત્ત્વશાળી, ગીતાર્થ, શ્રુતના પારગામી, ધીમાન્ સુદર્શનમુનિ ગુરુના આદેશથી એકાકી વિહાર કરવા લાગ્યા. (૩૮૧)

તપથી શરીરનું શોષણ કરનારા, સમસ્ત લબ્ધિનાભંડાર તે મહાત્મા પૃથ્વી ઉપર વિચરતા અનુક્રમે પાટલીપુર નગરે આવ્યા. (૩૮૨)

ત્યાં સિદ્ધાંતોક્તવિધિપૂર્વક ભિક્ષાને માટે ભમતા દેવદત્તાસહિત પેલી ધાત્રીએ તેમને જોયા. (૩૮૩)

ऊचे सा भगवानेष, साधुः सुदर्शनाभिधः ।
यद्वार्ताभिः क्षणमिव, दिनं निर्गम्यते मया ॥३८४॥

यद्येष तपसा क्षीणस्तथाऽप्यऽद्भुतरूपभाक् ।
भग्नोऽपि कलशो हैमो, न तुल्यः कलशैः परैः ॥३८५॥

तदादेशात् ततः काचिद्, गत्वा चेटी तदन्तिके ।
गर्भश्राद्ध्युपमानेन, ववन्दे चरणौ मुनेः ॥३८६॥

उपोषिता मुनेऽस्माकं, स्वामिनी श्वस्तनेऽहनि ।
इदानीं पारणां कर्ता, तदायातु भवांस्ततः ॥३८७॥

ऋजुचेता महासत्त्वस्तया दर्शितवर्त्मना ।
भ्राम्यन् वेश्यागृहं प्रापदपरिज्ञातचर्यया ॥३८८॥

એટલે ધાત્રી બોલી કે, આ મહાનુભાવ જ સુદર્શનનામના સાધુ છે. જેની વાતોથી એક ક્ષણવારની જેમ હું દિવસ નિર્ગમન કરૂ છું. (૩૮૪)

જો કે એ તપસ્વી ક્ષીણ થયેલો છે પણ અદ્‌ભુતરૂપવાન છે. સુવર્ણકળશ ભગ્ન થતાં તે અન્ય કળશોની જેમ સાધારણ ગણાતો નથી. (૩૮૫)

પછી ગણિકાના આદેશથી કોઈ દાસીએ કપટી શ્રાવિકા બની મુનિચરણમાં વંદન કર્યું. (૩૮૬)

અને કહ્યું કે, "હે ભગવન્ ! મારી સ્વામિનીને ગઈકાલે ઉપવાસ હતો અત્યારે પારણુ કરવાનું છે તો આપ ત્યાં લાભ દેવા પધારો." (૩૮૭)

એટલે તેના પ્રપંચથી અજ્ઞાત સરલ સ્વભાવી, મહાસત્ત્વશાળી તે મહાત્મા દાસીએ બતાવેલા માર્ગે વેશ્યાના ઘરે આવ્યા. (૩૮૮)

यथा यथा मुनिर्गेहमविशन्मुनिचर्यया ।
तथा तथार्गलां चेटी, ददाति स्म दुराशया ॥३८९॥

चलैर्नेत्राञ्चलैः साधोश्चारित्रं कज्जलध्वजम् ।
विध्यापयितुमारेभे, सा रम्भेव मनोहरा ॥३९०॥

यद्यपि व्रतवानस्मि, तथापि मम विग्रहः ।
विग्रहो मूर्तिमान् जज्ञे, धिग् मे सुन्दरमूर्तिताम् ॥३९१॥

ध्यात्वेति मौनमाधाय, कायोत्सर्गं ददौ मुनिः ।
कायोत्सर्गाद् विलीयन्ते, उपसर्गपरम्पराः ॥३९२॥

सकलं वासरं साधुः, खेदितः कामजल्पनैः ।
तथापि ध्यानतोऽचालीत्कचिन्नैवाऽश्मपुत्रवत् ॥३९३॥

પછી મુનિચર્યા પ્રમાણે તે જેમ જેમ ઘરમાં પ્રવેશ કરતા ગયા, તેમ તેમ દુષ્ટદાસી દ્વારને અર્ગલા દેતી ગઈ. (૩૮૯)

એવામાં રંભાસમાન મનોહર, વેશ્યા પોતાના ચંચળ કટાક્ષપાત (નેત્રાંચલ) થી મહાત્માના ચારિત્રરૂપ અગ્નિને બૂઝાવવાનો પ્રયત્ન કરવા લાગી (૩૯૦)

એટલે મુનિ ચિંતવવા લાગ્યા કે, "અહો ! હું વ્રતધારી છું તો પણ મારૂં શરીર વિગ્રહરૂપ (ક્લેશ આપનાર) થયું માટે મારાં સુંદર રૂપને ધિક્કાર થાઓ." (૩૯૧)

આમ ચિંતવી મૌનધારી બની મુનિ કાયોત્સર્ગમાં રહ્યા કારણ કે **કાયોત્સર્ગથી ઉપસર્ગ વિલય પામે છે.** (૩૯૨)

પછી તે દુષ્ટાએ કામચેષ્ટાથી મહાત્માને આખો દિવસ ખેદ પમાડ્યો. તો પણ પાષાણમૂર્તિની જેમ તે ધ્યાનથી લેશમાત્ર પણ ચલાયમાન ન થયા. (૩૯૩)

देवदत्तानिदेशेन, रात्रौ साधुसुदर्शनः ।
परित्यक्तः पितृवने, क्रीडत्कौशिकभीषणे ॥३९४॥

अथासौ व्यन्तरी तत्र, क्रीडन्ती वीक्ष्य तं मुनिम् ।
पूर्व्ववैरं स्मृतिं प्रापावधिज्ञानप्रयोगतः ॥३९५॥

विचक्रे शीतलं वातं, तुषारकणवर्षिणम् ।
येनास्माभिर्विदीर्येत, किं पुनस्तादृशां तनूः ? ॥३९६॥

ततः शकुनिकारूपं, विकृत्य व्यन्तरामरी ।
भृत्वा पक्षौ च नीरेण, स्थित्वा तस्योपरि क्रुधा ॥३९७॥

मोचयन्ती जलान्युच्चैः, पक्षगाणि शनैः शनैः ।
विदधे पक्षपातं सा, तालवृन्ताऽनिलायितम् ॥३९८॥ युग्मम्

એટલે રાત્રે દેવદત્તાના આદેશથી પેલી દાસી તે સુદર્શનમુનિને ક્રીડા કરતા ઘુવડ પક્ષીઓ અને શિયાળીયા વગેરેથી ભીષણ સ્મશાનમાં મૂકી આવી. (૩૯૪)

એવામાં ક્રીડા કરતી પેલી વ્યંતરી ત્યાં આવી. એ મહામુનિને જોતાં અવધિજ્ઞાનવડે પૂર્વભવના વૈરનું સ્મરણ થયું. (૩૯૫)

એટલે તેણે હિમકણવર્ષાવનાર શીતળ વાયુ વિકૂર્વ્યો જેનાથી પાષાણ પણ વિદીર્ણ (છેદાય) થઈ જાય તો મનુષ્યના શરીરનું તો શું કહેવું ? (૩૯૬)

પછી તે વ્યંતરીએ શકુનિકાનું રૂપ વિકુર્વી પોતાની પાંખ જળથી ભરી ક્રોધથી તેમની ઉપર બેસી (૩૯૭)

પાંખમાં ભરેલા જળને ધીરે ધીરે છાંટવા લાગી અને પાંખને હલાવી પંખા જેવો પવન નાંખવા લાગી. (૩૯૮)

મુનિ તો તપથી ક્ષીણ થયેલા અને વસ્ત્રરહિત હોવાથી તે

तपःक्षामो विवसनः, कथं शीतं सहेद् मुनिः ? ।
तद्वात्रं कम्पितव्याजाच्छीतं दूरेऽकरोदिव ॥३९९॥

रे ! रे ! जीव ! कियन्मात्रं, तव कष्टमुपस्थितम् ? ।
यत्सोढं नरके तस्य, वर्णिकामात्रमीक्ष्यताम् ॥४००॥

पायितं त्रपु संतप्तं, कुम्भीपाकेषु पाचितः ।
तारितः पूयसंपूर्णां, वैतरिणीं तरङ्गिणीम् ॥४०१॥

संछिन्नः कुन्तचक्राद्यैः, परमाधार्मिकैः सुरैः ।
तत्कष्टं जीव ! हृदये, दधतः किमिदं तव ? ॥४०२॥

तवोपकृतिकारिण्याः, कर्षयन्त्यास्तनूमिमाम् ।
एतस्या नालमीशोऽसि, कर्तुं प्रत्युपकारिताम् ॥४०३॥

શીતને સહન કરી શકે તેમ ન હતા. (૩૯૯)

છતાં તે કંપતા શુભભાવના ભાવવા લાગ્યા કે, "અરે ! જીવ ! આ કષ્ટ શું માત્ર છે ? આ તો નરકમાં પૂર્વે તેં જે કષ્ટ સહન કર્યું છે તેની વાનગીમાત્ર છે. (૪૦૦)

હે જીવ ! નરકમાં પરમાધામી દેવોએ તને તપાવેલું સીસું પાયું. કુંભીપાકમાં પકાવ્યો, દુર્ગંધથી પૂર્ણ વૈતરણી નદીમાં ઉતાર્યો (૪૦૧)

અને ભાલા વિગેરે શસ્ત્રોથી તને છિન્ન ભિન્ન કર્યો – તે કષ્ટને અંતરમાં વિચારતાં આ કષ્ટ શી ગણત્રીમાં છે ? (૪૦૨)

આ શરીરને ક્ષીણ કરી તે તારા ઉપર મહાન ઉપકાર કરે છે. એ ઉપકારનો બદલો એને આપવા તું સમર્થ નથી." (૪૦૩)

આ પ્રમાણે ભાવના ભાવતાં અને કષ્ટ સહન કરતાં સુદર્શન

एवं भावयतस्तस्य, सहमानस्य तां व्यथाम् ।
सूर्योदये वरज्ञानमुत्पेदे विश्वदीपकम् ॥४०४॥

अथ भक्त्या समाकृष्टा, आगतास्त्रिदशास्तदा ।
केवलज्ञानमहिमां, चक्रिरे सुमहैः सह ॥४०५॥

ततो देवकृते पद्मासने मुनिमतल्लजः ।
उपाविक्षदथाऽऽनन्तुमापतन् पुरवासिनः ॥४०६॥

ततो देशनया तस्य, प्रबुद्धा व्यन्तरामरी ।
अन्येऽपि बहवो लोका, भेजिरे धर्ममार्हतम् ॥४०७॥

अथो विहृत्य सुचिरं, केवली प्रतिबोधकृत् ।
निर्वाणसंपदे भेजे, सर्वक्लेशप्रणाशकम् ॥४०८॥

મહાત્માને સૂર્યોદય થતાં વિશ્વદીપક કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. (૪૦૪)

એટલે ભક્તિથી આકર્ષિત દેવતાઓ ત્યાં આવ્યા અને મહોત્સવપૂર્વક કેવળજ્ઞાનનો મહિમા કરવા લાગ્યા. (૪૦૫)

પછી તે મહાત્મા દેવકૃત પદ્માસન ઉપર બિરાજમાન થયા એટલે નગરવાસી લોકો વંદન કરવા આવ્યા. (૪૦૬)

મુનિએ દેશના આપી તેમની દેશનાથી તે વ્યંતરી પ્રતિબોધ પામી એટલે તેણે અને બીજા અન્યજીવોએ પણ આર્હત્‌ધર્મનો સ્વીકાર કર્યો. (૪૦૭)

પછી ચિરકાળ પૃથ્વીતલ ઉપર વિચરી ભવ્યજીવોને પ્રતિબોધ કરી સુદર્શન કેવલી સર્વક્લેશનો નાશ કરનાર નિર્વાણપદને પામ્યા. (૪૦૮)

"હે રાજન્ ! ગૃહસ્થાપણામાં પણ જેમ એ મહાનુભાવે

राजन् ! यथाऽमुना चक्रे, गृहस्थत्वेऽपि सद्धिया ।
व्रतं स्वदारसंतोषं, तथा कार्यं नरैरपि ॥४०९॥

अथ प्रणम्य तीर्थेशं श्रीकुम्भोऽभिदधे नृपः ।
धन्यः सुदर्शनः श्रेष्ठी, जिनदर्शनविश्रुतः ॥४१०॥

तावत्सर्वो जनो धीमांस्तावत्सर्वोऽपि पण्डितः ।
तावच्छुचिः कृतज्ञश्च, यावद् न स्त्रीकटाक्षितः ॥४११॥

विकारैर्मान्मथैः काम्यैर्यद्धनैरिव ताडितम् ।
न भिन्नं रत्नवज्जात्यं, शीलं तद् निर्वृतेः पदम् ॥४१२॥

अथ प्राकाशयद्विश्वनाथः पाथोदनिस्वनः ।
परिग्रहमितिर्नामाणुव्रतं पञ्चमं व्रतम् ॥४१३॥

સ્વદારાસંતોષવ્રત પાળ્યું, તેમ ઇતર પુરુષોએ પણ અવશ્ય પાળવું." (૪૦૯)

ઇતિ ચતુર્થવ્રત ઉપર સુદર્શન કથા.

કુંભરાજાએ ભગવંતને નમસ્કાર કરી કહ્યું કે, "હે વિભો ! જિનશાસનમાં વિખ્યાત સુદર્શન શ્રેષ્ઠી ધન્ય છે. (૪૧૦)

જ્યાં સુધી પુરુષ સ્ત્રીના કટાક્ષથી ઘાયલ થયેલો નથી ત્યાં સુધી જ તે ધીમાન, પંડિત, પવિત્ર અને કુતજ્ઞ છે. (૪૧૧)

ઘનની (મેઘ) જેમ કામિનીએ કરેલ મન્મથના વિકારોથી જાત્યરત્નની જેમ જે ભેદાય નહિ તેનું શીલ નિવૃત્તિના સ્થાનરૂપ છે. (૪૧૨)

પછી ભગવંત મેઘ સમાન ગંભીર વાણીથી પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતને પ્રકાશવા લાગ્યા. (૪૧૩)

पोतो यथाऽतिसंपूर्णो, मज्जत्येव महोदधौ ।
तथा परिमितिभ्रष्टः, संसारे दुस्तरे नरः ॥४१४॥

धनधान्यक्षेत्रवस्तुरजतस्य चतुष्पदाम् ।
सुवर्णकुप्यद्विपदां, प्रमाणं पञ्चमं व्रतम् ॥४१५॥

सचित्ताचित्तयोर्येन, यावती विरतिः कृता ।
तावती तेन पाल्यैव, नोल्लङ्घ्या मूलमार्गवत् ॥४१६॥

परिग्रहमितिं चक्रुर्ये ज्ञातजिनशासनाः ।
ते स्युर्भोगपदं शश्वद्, भोगदत्तसुदत्तवत् ॥४१७॥

समस्ति भारतेऽमुत्र, पुरं रत्नाकराभिधम् ।
यद् वेष्टितमिवाम्भोधिवलयैः परिखामिषात् ॥४१८॥

"અતિભારથી ભરપૂર નાવ જેમ મહાસાગરમાં ડૂબી જાય છે. તેમ પરિગ્રહ પરિમાણથી ભ્રષ્ટ થયેલ અપરિમિત પરિગ્રહવાળો પુરુષ દુસ્તર સંસારમાં ડુબી જાય છે. (૪૧૪)

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રજત, સુવર્ણ, દ્વિપદ, ચતુષ્પદ અને કુપ્ય વિગેરેનું પ્રમાણ કરવું તે પાંચમું અણુવ્રત છે. (૪૧૫)

સચિત્ત, અચિત્ત પદાર્થોની જેણે જેટલી વિરતિ કરી હોય તેણે તેટલી પાળવી જ જોઈએ. મૂળમાર્ગની જેમ તેનું ઉલ્લંઘન કરવું નહીં. (૪૧૬)

જિનશાસનના તત્ત્વને જાણનાર જે જીવો પરિગ્રહનું પરિમાણ કરે છે તેઓ ભોગદત્ત તથા સુદત્તની જેમ નિરંતર ભોગના પાત્ર થાય છે તે કથા આ પ્રમાણે છે :- (૪૧૭)

પરિગ્રહ પરિમાણ ઉપર ભોગદત્ત-સુદત્તની કથા.

આ ભરતક્ષેત્રમાં પરિખાના (ખાઈ) બાનાથી જાણે સમુદ્રોથી

सत्प्रभस्तत्र भूपालः, सप्रतापः परन्तपः ।
तदुर्णैर्ग्रथिता कीर्तिपटी छादयते दिशः ॥४१९॥

तस्मिन्नेवास्ति वास्तव्यो, भोगदत्ताभिधः सुधीः ।
इभ्यपुत्रः परं दैवाद्, दारिद्र्यस्य निकेतनम् ॥४२०॥

लक्ष्मीः खलु सखी कीर्तेर्लक्ष्मीः कल्याणपारदः ।
लक्ष्मीर्विपल्लतादात्रं, लक्ष्मी रक्षणमङ्गलम् ॥४२१॥

जातिः कुलं विवेकोऽपि, सर्वे रूपादयो गुणाः ।
एकयैव श्रिया हीनास्तृणायन्ते शरीरिणाम् ॥४२२॥

धनुर्दण्डः सुवंशोऽपि सगुणः पर्ववानपि ।
सततं लक्षलाभाय, यतते कोटिमानपि ॥४२३॥

વેષ્ટિત એવું રત્નાકર નામે નગર છે. (૪૧૮)

તે નગરમાં જેના ગુણથી ગ્રથિત થયેલ કીર્તિરૂપવસ્ત્ર દિશાઓને આચ્છાદિત કરતું હતું. (૪૧૯)

પ્રતાપયુક્ત, શત્રુઓને વશ કરનાર સત્પ્રભ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેજ નગરમાં ભોગદત્ત નામનો એક વિચક્ષણ શ્રેષ્ઠિપુત્ર રહેતો હતો. પરંતુ ભાગ્યયોગે તે દરિદ્રી હતો. (૪૨૦)

એકદા તે ચિંતવવા લાગ્યો કે, "લક્ષ્મી એટલે કીર્તિની સખી, લક્ષ્મી એટલે સુવર્ણને પાસરૂપ, લક્ષ્મી એટલે વિપત્તિરૂપી વેલડીને છેદનાર દાતરડું, લક્ષ્મી એટલે રક્ષણ કરવામાં મંગલરૂપ છે. (૪૨૧)

માનવામાં જાતિ, કુળ, વિવેક અને રૂપાદિક સર્વ ગુણો જો તે લક્ષ્મીથી હીન હોય તો તૃણ સમાન ગણાય છે. (૪૨૨)

જુઓ સુવંશ (સારા વાંસનું બનેલું) સગુણ (=પણછવાળું),

लक्ष्म्या मुक्तस्य पाथोधेरपेयं जलमप्यभूत् ।
शाक्रीफलानि स्वादूनि, भवन्ति श्रीमतो गृहे ॥४२४॥

गोपमुख्योऽपि कृष्णोऽपि, हलिनो बन्धुरप्यहो ! ।
लक्ष्म्या कक्षीकृतः शश्वद्, भण्यते पुरुषोत्तमः ॥४२५॥

एवं विचिन्त्य नगराद्, निर्ययौ देवतासखः ।
अरण्ये योगिनं कञ्चिद्, वीक्षामास च विस्मितः ॥४२६॥

वितन्वता तदादेशं, तन्वता शिष्यतां भृशम् ।
अरञ्जि तेन योगीन्द्रो, विनयार्त्कि न सिध्यति ? ॥४२७॥

સપર્વ (=ગાંઠોવાળુ) અને કોટિમાન્ (=અણીવાળું) છતાં ધનુર્દંડ સતત લક્ષ્ય લાભને માટે પ્રયત્નશીલ રહે છે. (૪૨૩)

તેજ પ્રમાણે સારા વંશમાં જન્મેલો, ગુણવાન, બુદ્ધિમાન તથા ક્રોડદ્રવ્યવાળો હોવા છતાં માનવે લક્ષદ્રવ્ય મેળવવા માટે પ્રયત્નવંત રહેવું પડે છે. જુઓ ! સમુદ્ર લક્ષ્મીરહિત થવાથી તેના જળનું કોઈ પાન કરતું નથી. શક્રવૃક્ષના સ્વાદિષ્ટફલો શ્રીમંતોના ઘરે હોય છે. (૪૨૪)

પોતે ગોપમાં મુખ્ય હોવા છતાં અને હલી (બળદેવ) નો બાંધવ છતાં લક્ષ્મીએ સદા સમીપમાં રાખેલ હોવાથી કૃષ્ણ-પુરુષોત્તમ કહેવાય છે." (૪૨૫)

આ પ્રમાણે ચિંતવી દૈવને પોતાનો સહચારી બનાવી તે નગરથી બહાર ચાલી નીકળ્યો. જંગલમાં વિસ્મયપૂર્વક તેણે એક યોગીને જોયો. (૪૨૬)

પછી તેની આજ્ઞા પ્રમાણે વર્તવાથી અને બહુ જ નમ્રતાથી તેનો શિષ્ય બની તેણે તે યોગીને અત્યંત રંજિત કર્યો. "અહો ! **વિનયથી શું સિદ્ધ થતું નથી.** ?" (૪૨૭)

हंहो ! नर ! कथं शश्वत्सेवसे मां कृतादरः ? ।
तद् ब्रूहि चिन्तितं चित्ते पूरये ते समीहितम् ॥४२८॥

योगीन्द्र ! द्रविणार्थ्यस्मि, तदुपायं निवेदय ।
वित्तजातविहीनोऽपि, नरो गौरिव गण्यते ॥४२९॥

वत्साऽत्र कूपिका कान्ता, कोटीवेधरसाकुला ।
अस्यां प्रविश्य वेगेन, तमाकृष निमेषतः ॥४३०॥

यथा ते जायते स्वर्णसिद्धिश्चिन्तितपूरदा ।
अचिन्त्यो हि रसादीनां, महिमा कल्पवृक्षवत् ॥४३१॥

તે યોગીએ તેને પૂછ્યું કે, "અહો ! હે ભદ્ર ! તું આદરપૂર્વક હંમેશા મારી સેવા શા માટે કરે છે ? તારા મનમાં જે ઈચ્છા હોય તે કહી દે. જેથી હું તારો મનોરથ પૂર્ણ કરું." (૪૨૮)

એટલે તે બોલ્યો કે, "હે યોગીન્દ્ર ! હું દ્રવ્યનો અર્થી છું. તો તે મેળવવાનો ઉપાય બતાવો. કેમ કે ધનવિનાનો પુરુષ દુનિયામાં પશુ સમાન ગણાય છે. વસુ વિનાનો નર પશુ. એમ કહેવત છે." (૪૨૯)

એટલે યોગી બોલ્યો કે, હે વત્સ ! સાંભળ અહીં કોટિવેધરસથી ભરપૂર એક કૂપિકા છે. તેમાં સત્વર પ્રવેશ કરી એક પલકારામાં તેનો રસ ભરી લે. (૪૩૦)

જેથી તારા વાંછિતોને પૂર્ણ કરનાર સુવર્ણસિદ્ધિ તને પ્રાપ્ત થાય. કારણ કે કલ્પવૃક્ષની જેમ રસાદિકનો મહિમા પણ અચિન્ત્ય કહેવાય છે." (૪૩૧)

ભોગદત્તે તે વાત સ્વીકારી એટલે યોગી તેને રસકૂપિકા પાસે લઈ ગયો. પછી તુંબડી સાથે તેને એક નાની માંચી ઉપર બેસાડી

ततश्च लघुखट्वायां, निवेश्याऽमुं सतुम्बकम् ।
गुणैः प्रसृमरैः क्षिप्तः, कूपिकायां खनाविव ॥४३२॥

उपत्यकास्थितेनाऽथ, कण्ठपीठागतासुना ।
कूपिकार्धं गतो यावत्, तावद् दृष्टः स केनचित् ॥४३३॥

हंहो ! नर ! रसं कस्मादाक्रष्टुं त्वं समुद्यतः ? ।
तदवश्यं मृतिस्तेऽत्र, **न क्षेमो यमसंनिधौ** ॥४३४॥

इत्याकर्ण्य वचस्तस्य, भेरीभाङ्कारभासुरम् ।
ऊचे कस्त्वं कुतोऽप्यत्र, संस्थितस्तन्निवेदय ? ॥४३५॥

भ्रातरस्मि धनग्रामवासी व्यवहृतिप्रियः ।
सुदत्तनामतो दत्तद्रव्यः कौटुम्बकव्रजे ॥४३६॥

તેણે લાંબા દોરડાથી ખાણની જેમ કૂપિકામાં ઉતાર્યો. (૪૩૨)

જેટલામાં કૂપિકામાં અર્ધો ઉતર્યો તેટલામાં તો તેના કંઠે પ્રાણ આવી ગયા. અને અધવચ્ચે પોલાણભાગમાં બેઠેલા કોઈ પુરુષની નજરમાં તે આવ્યો. (૪૩૩)

એટલે અંદર રહેલો પુરુષ બોલ્યો કે, "અરે ! ભલા માનવ ! શા માટે રસ લેવા તું તૈયાર થયો છે ? અહીં તને અવશ્ય મરણ પ્રાપ્ત થશે. **યમની પાસે કુશળતા ક્યાંથી ?**" (૪૩૪)

આ પ્રમાણે ભેરીના ભાંકાર સમાન તેના વચન સાંભલીને બોલ્યો કે, તું કોણ છે ? અને અહીં શા માટે બેઠો છે તે કહે. (૪૩૫)

એટલે તે બોલ્યો કે,"હે ભાઈ ! વેપારને પ્રિય માનનાર ધનગામનો રહેવાસી સુદત્તનામનો હું વેપારી છું. (૪૩૬)

તે ગામ ચોરોની ધાડથી ભગ્ન અને ભસ્મીભૂત થઈ ગયુ.

स ग्रामश्चौरधाटीभिर्भग्नः प्रज्वालितो भृशम् ।
ततोऽहं काननेऽमुष्मिन्, भ्राम्यन् योगीन्द्रमैक्षिषि ॥४३७॥

सेवितश्च मया पाणिपादसंवाहनादिभिः ।
रञ्जितश्च धनोपायमित्यभाषिष्ट दुष्टधीः ॥४३८॥

अमुष्या रसमाकृष्य, कृत्वा हेमशतान्यहो ! ।
रसेन देह्यनेनैव, दारिद्र्यस्य जलाञ्जलिम् ॥४३९॥

ततोऽहं त्वामिवात्रैव, क्षिप्तस्तेन दुरात्मना ।
मयाऽलाबु भृतं भद्र !, रसेनाऽऽनन्ददायिना ॥४४०॥

कूपिकाकण्ठमानीतस्तेनाकृष्टो गुणोद्वृतेः ।
याचितं तुम्बकं भद्र !, मुग्धबुद्ध्या मयार्पितम् ॥४४१॥

એટલે કુટુંબીઓને ધન આપી પ્રવાસે નીકળતાં અને જંગલમાં ભમતાં આ યોગીન્દ્ર મારા જોવામાં આવ્યો. (૪૩૭)

હાથપગ વગેરેની ચંપી કરવા દ્વારા મેં તેની સેવા કરી. એટલે તે દુષ્ટે રંજિત થઈ ધનનો ઉપાય બતાવ્યો કે, (૪૩૮)

"હે ભદ્ર ! આ કૂપિકામાંથી રસ કાઢી તેનાથી પુષ્કળ સુવર્ણ બનાવી તું તારા દારિદ્રને જલાંજલિ આપી દે." (૪૩૯)

મેં એની વાત સ્વીકારી એટલે એ દુર્જને તારી જેમ મને આ કુપિકામાં ઉતાર્યો. અને હે ભદ્ર ! આનંદદાયક તે રસથી મેં તુંબડું ભર્યું. (૪૪૦)

એટલે દોરડા દ્વારા ખેંચી મને તે કુવાને કાંઠે લાવ્યો અને મારી પાસે તે તુંબડુ માંગ્યું. એટલે હે ભદ્ર ! મેં ભોળાભાવથી તેને તે અર્પણ કર્યું. (૪૪૧)

પછી તે દુરાત્માએ દોરડું કાપીને મને કૂપિકામાં નાંખી દીધો.

छित्त्वा छित्त्वा गुणं तेन, पातितो दुष्टबुद्धिना ।
पतताऽत्र मया लब्धाऽधित्यका सुखवृत्तिका ॥४४२॥

अस्यां निवसतो भद्र !, दिनाष्टकमजायत ।
इतश्चागाद् भवानत्र, मद्गोत्रज इवाऽपरः ॥४४३॥

द्यूतं वेश्यानुरागश्च धातुवादश्च विभ्रमः ।
योगिसेवा सदा रुष्टे दैवेऽमी स्युः शरीरिणाम् ॥४४४॥

बहवो द्रविणोपायाः, पाशुपाल्यादिकाः क्षितौ ।
योगिसेवा कथं चक्रे, **मतिः कर्मानुसारिणी ?** ॥४४५॥

एकराशिगतत्वेन, योगिनश्च यमस्य च ।
बिभेमि स्वप्नमध्येऽपि किं पुना रूपदर्शनात् ॥४४६॥

પણ પડતાં પડતા અધવચમાં સુખે બેસી શકાય તેવું આ પોલું સ્થાન મને મળી ગયું. (૪૪૨)

હે ભદ્ર ! અહીં રહેતા મને આઠ દિવસ પસાર થયા છે. એવામાં જાણે મારા ગોત્રી (કુટુંબી)ની જેમ બીજો તું અહીં આવ્યો. (૪૪૩)

હે ભાઈ ! દ્યુત, વેશ્યાનુરાગ, ધાતુવાદ, વિભ્રમ (-ભ્રમણ) અને યોગીસેવા-એ જ્યારે દૈવ રૂષ્ટમાન થાય ત્યારે જ મનુષ્યોને પ્રાપ્ત થાય છે. (૪૪૪)

જગતમાં દ્રવ્ય પેદા કરવાના પશુપાલનાદિ ઘણા ઉપાયો છે. છતાં હે ભદ્ર ! તે આ યોગીની સેવા શા માટે સ્વીકારી ! ખરેખર ! કર્માનુસારિણી મતિ છે. (૪૪૫)

યમની એક રાશિમાં આવેલા હોવાથી સ્વપ્નમાં પણ એ યોગીથી હું ભય પામું છું. તો સાક્ષાત્ જોતાં ભય પામું તેમાં કહેવું જ શુ ? (૪૪૬)

श्रुत्वेति भोगदत्तोऽथ, स्थितो भीतस्तदन्तिके ।
मूकीभूत इवोड्डीनप्राणः प्राणभयं महत् ॥४४७॥

इतश्च योगिनाऽप्यूचे, वत्साऽलाबु रसेन मे ।
संपूर्णीकुरु वेगेन, विघ्ननिघ्नः शुभक्षणः ॥४४८॥

नाऽवदद् भोगदत्तोऽथ, भाषितोऽपि मुहुर्मुहुः ।
शुकवत्पञ्जरान्तस्थो, मार्जारस्य निरीक्षणात् ॥४४९॥

क्षणं छित्त्वा विचेतस्को, योग्यभूद् योग्यकर्मणि ।
एतौ तु निर्गमोपायं, ध्यायन्तौ गर्भगाविव ॥४५०॥

ऊर्ध्वस्थभोगदत्तेन, प्रलम्बीकृतबाहुना ।
द्वितीयाधित्यका दृष्टा, प्रत्याशाबीजभूमिका ॥४५१॥

આ પ્રમાણે સાંભળી ભોગદત્ત ભય પામી જાણે પ્રાણ ચાલ્યા ગયા હોય તેમ મુંગો થઈ તેની પાસે બેસી ગયો. (૪૪૭)

એટલે યોગીએ કહ્યું કે, હે વત્સ ! તારૂં તુંબડું રસથી સત્વર ભરી લે, અત્યારે વિઘ્નનો વિધ્વંસ કરનાર શુભ અવસર છે.” (૪૪૮)

આ પ્રમાણે વારંવાર કહેતા છતાં માર્જારને જોતાં પાંજરામાં રહેલ શુક (પોપટ) મૌન થઈ જાય તેમ ભોગદત્ત કાંઈપણ બોલ્યો નહિ. એટલે પોતાને યોગ્ય કાર્યમાં ખિન્ન થયેલો યોગી દોરડુ કાપી ત્યાંથી ચાલ્યો ગયો. હવે ગર્ભમાં રહેલાની જેમ તે બંને ત્યાંથી નીકળવાનો ઉપાય શોધવા લાગ્યા. (૪૪૯-૪૫૦)

ભોગદત્તે ઊભા થઈ હાથ લાંબો કર્યો એટલે પ્રત્યાશાની ભૂમિકા સમાન બીજી અધિત્યકા (બારી) તેના જોવામાં આવી. (૪૫૧)

ततो द्वावपि तौ तत्र, वरत्रालम्बिताविव ।
द्वितीयोत्पत्यकाप्राप्तौ, निर्यातौ च बहिस्ततः ॥४५२॥

इतश्च चलितौ तस्मात्, प्रेतेशसदनादिव ।
प्राप्तः शोणेक्षणो योगी, मदिरामदमत्तवत् ॥४५३॥

ततश्च दण्डमादाय, डुढौके योगवित् तयोः ।
तावपि प्रसृतप्राणौ, चलतः स्म महाभुजौ ॥४५४॥

भल्लाभल्लि मुष्टामुष्टि, दण्डादण्डि भुजाभुजि ।
अभूत्तेषां महायुद्धं, प्रेक्षणीयमिवान्तकम् ॥४५५॥

बद्धस्ताभ्यां दृढं योगी, कन्दलीजालरज्जुभिः ।
यत्क्रियेताऽस्य तद् न्यूनं, **शठे हि शठता मता** ॥४५६॥

એટલે જાણે એક પ્રકારનું આલંબન મળ્યું હોય તેમ તે બંને તેમાં દાખલ થયા અને તે માર્ગે કુપિકામાંથી બહાર નીકળી ગયા. (૪૫૨)

યમસદન સરખા તે સ્થાનમાંથી નીકળી આગળ ચાલતાં મદિરાપાનથી મદમત્ત થયેલાની જેમ રક્ત આંખોવાળો પેલો યોગી તેમને મળ્યો. (૪૫૩)

એટલે યોગી દંડ લઈ તેમની સામે ધસ્યો. મહાબાહુવાળા તે બંને પણ મરણીયા થઈ તે યોગીની સામે ધસ્યા. (૪૫૪)

પછી તેમની વચ્ચે યમના નાટક સરખા ભલ્લાભલ્લિ, મુષ્ટામુષ્ટિ, દંડાદંડી, ભુજાભુજીનું મહાયુદ્ધ થયું. (૪૫૫)

પરિણામે તેમણે લતાજાળની દોરડીથી તે યોગીને મજબૂત બાંધી લીધો. એ દુષ્ટને જે કરવામાં આવે તે ઓછુ હતું. કેમ કે **શઠની સામે શઠતા વાપરવી એવો નીતિકારનો નિયમ છે.** (૪૫૬)

र! र! वत्सा! कथंकारं, हथो मां गलसंग्रहात् ? ।
युवयोर्द्रविणं दास्ये, वाञ्छाविच्छेदकोविदम् ॥४५७॥

अस्या रसं समाकृष्य, कोटीवेधं प्रयच्छ नौ ।
तदा ते जीवितं भावि, नान्यथा स्मर्यतां प्रभुः ॥४५८॥

आमित्युक्तेऽथ तेनोच्चैः, क्षिप्तोऽसौ कूपिकाजले ।
तेनैव च प्रयोगेण, सोऽभूत् संभृततुम्बकः ॥४५९॥

न पूर्वमर्पयिष्यामि, भवतस्तुम्बकं करे ।
पश्चान्मदीयमाचारं, भवन्तौ कुरुतो यतः ॥४६०॥

यथा ते योगवित् ! प्राणा, वल्लभा आवयोस्तथा ।
अयं न्यायः कथं क्षेपे, विस्मृतो भवता भृशम् ? ॥४६१॥

પછી યોગી બોલ્યો કે,"હે વત્સ ! મને ફાંસી દઈ શા મટે મારી નાંખો છો ? હું તમારી ઈચ્છાને પૂર્ણ કરનાર દ્રવ્ય તમને આપું." (૪૫૭)

એટલે તે બોલ્યા કે, એ કૂપિકામાંથી કોટિવેધ રસ કાઢી અમને આપ. તોજ તારૂં જીવિત ટકી શકશે, નહિંતર ઈષ્ટદેવનું સ્મરણ કરી લે. (૪૫૮)

તે સાંભળી યોગીએ તેમ કરવાની કબૂલાત કરી. એટલે તેમણે તેને કૂપિકામાં ઉતાર્યો અને પૂર્વની જેમ તેને તુંબડું ભરવું પડ્યું. (૪૫૯)

પછી ઉપર આવતા તે બોલ્યો કે, "બહાર કાઢ્યા વિના હું તુંબડું તમારા હાથમાં આપવાનો નથી. કારણ કે કદાચ તમે પણ મારી જેમ કરો." (૪૬૦)

એટલે તે બોલ્યો કે, "હે યોગિન્ ! જેમ તને તારા પ્રાણ

ततस्ताभ्यां स योगीन्द्र, आकृष्टस्तुम्बपात्रयुक् ।
एतेन रसकर्माणि, कथितानि तयोः पुरः ॥४६२॥

अथोभौ वलितौ तस्मात्, तूर्णं पूर्णमनोरथौ ।
बिभ्रतौ सुचिरं चित्ते, योगिनः कूटनाटकम् ॥४६३॥

मार्गे भिल्लैः सहालोच्य, गृहीता यद्यमुं कथम् ? ।
तदा प्रसारितदृशोर्हृतं वातेन कज्जलम् ॥४६४॥

ध्यात्वेति धरिणीपीठे, निक्षिप्यालाबु संभृतम् ।
चेलतुः सत्वरं भीतौ, वीक्षमाणौ दिगन्तरान् ॥४६५॥

પ્યારા છે તેમ અમને પણ અમારા પ્રાણ પ્યારા હતા. છતાં તે વખતે અમને કૂપિકામાં નાંખતાં તે એ ન્યાય બિલકુલ કેમ વિસારી દીધા ?" (૪૬૧)

યોગી મૌન રહ્યો એટલે સજ્જનપણાથી તેમણે તુંબડા સહિત તે યોગીને બહાર કાઢ્યો. પછી યોગીએ તેમને સુવર્ણસિદ્ધિનો ઉપાય બતાવ્યો. (૪૬૨)

એટલે યોગીના પ્રપંચી નાટકને અંતરમાં વિચારતા, પૂર્ણમનોરથવાળા તે બંને ત્યાંથી પોતાના સ્થાન તરફ વળ્યા. (૪૬૩)

રસ્તામાં ચાલતાં તેમને વિચાર આવ્યો કે, "કદાચ માર્ગમાં ભીલલોકો ભેગા થઈ રસ લઈ લેશે, તો ખુલ્લા નેત્રમાં વાયુએ ધૂળ નાંખ્યા જેવું થશે." (૪૬૪)

એમ ચિંતવી રસથી ભરેલા એક તુંબડાને પૃથ્વીમાં દાટી ભયભીત થઈ દિશાઓ જોતાં તે બંને સત્વર આગળ આગળ ચાલવા લાગ્યા. (૪૬૫)

इतश्च नाहलैर्बद्ध्वा, गृहीत्वाऽलाबु चापरम् ।
कथञ्चिद् विमुमुचाते, स्मृताभीप्सितदैवतौ ॥४६६॥

यद्ययं रसः संप्राप्तस्तथापि विधिवल्गितात् ।
प्रनष्टः किमभाग्यानां, करस्थमपि याति न ? ॥४६७॥

उपाया बहवोऽस्माभिर्विहिता दुष्करा अपि ।
परं भाग्येतरं याति, दूरतः पुरतः स्थितम् ॥४६८॥

ध्यात्वेति पर्यटन्तौ च, धावित्वा नाहलैः पुनः ।
धृत्वा धृत्वा पद्रदेव्या, निक्षिप्तौ गर्भवेश्मनि ॥४६९॥

એવામાં ભીલ લોકો મળ્યા. તેમણે તેમને બાંધી બીજું તુંબડું લઈ લીધું અને ઇષ્ટદેવતાનું સ્મરણ કરવાથી તેમને મહામુશીબતે મુક્ત કર્યા. (૪૬૬)

એટલે તે બંને ચિંતવવા લાગ્યા કે, "અહો ! આ રસ આપણને પ્રાપ્ત થયો પણ દૈવયોગે તે ગુમાવ્યો. ભાગ્યહીન માણસોના હાથમાં રહેલી વસ્તુ પણ શું ચાલી જતી નથી ? (૪૬૭)

જો કે આપણે ઘણા દુષ્કર ઉપાયો કર્યા છતાં પણ દુર્ભાગ્યના કારણે – નિર્ભાગી આપણને પ્રાપ્ત થયેલી વસ્તુ આપણાથી દૂર થઈ ગઈ. (૪૬૮)

આ પ્રમાણે ચિંતવતા તેઓ તેટલામાં ભ્રમણ કરતા હતા. એટલામાં ફરી ભીલોએ આવી તેમને પકડી પદ્રદેવીના ગભારામાં પૂરી દીધા (૪૬૯)

એટલે તેમણે પહેરેગીરોને કહ્યું કે, "અમારો ઔષધસંચય અને સર્વસ્વ રસ લઈ લીધો છતાં પણ શા માટે ફરીને પકડ્યાં

ऊचतुर्यामिकानावां कथंकारं धृतौ ननु ? ।
गृहीतरससर्वस्वौ, गृहीतौषधसंचयौ ॥४७०॥

ऊचिरे यामिका भद्रौ !, योगिना नाहलेशितुः ।
दत्त्वा हेम्नः सहस्रं च, धारितौ मारणेच्छया ॥४७१॥

कपाटच्छन्नगर्भौकोवासिनौ गतमानसौ ।
श्रावं श्रावं गिरो जातौ, किंकर्तव्यपरायणौ ॥४७२॥

भोगदत्तेन पाणिभ्यामादायाश्मानमुद्भटम् ।
अभि भट्टारिकां भङ्क्तुं, डुढौके निर्भयत्वतः ॥४७३॥

रे चौरग्रामवास्तव्ये !, पद्ररक्षाभिधायिनि ! ।
नेयं भवसि निग्राह्ये !, ततः प्रोवाच देवता ॥४७४॥

છ ? (૪૭૦)

એટલે એ બોલ્યો કે, "હે ભદ્ર ! એક યોગીએ ભીલોના સ્વામીને એક હજાર સોનામહોર આપી તમને મરાવવાની ધારણાથી પકડાવ્યા છે. (૪૭૧)

આ પ્રમાણે સાંભળી બારણા બંધ કરેલા ગર્ભગૃહમાં રહેતા અને શૂન્યમનસ્ક બની ગયેલા તે બંને." હવે શું કરવું ? એવા વિચારમાં પડ્યા. (૪૭૨)

આ બાજુ ભોગદત્ત તો હાથમાં એક મોટો પથ્થર લઈ, નિર્ભયતાથી તે દેવીની મૂર્તિ ભાંગવાને ધસ્યો (૪૭૩)

અને બોલ્યો કે, ચોરના ગામમાં વસનારી પદ્રરક્ષા કરનારી હે દેવી ! તું શું નિગ્રહ કરવા લાયક નથી ? એટલે દેવી બોલી કે, (૪૭૪)

હે બુદ્ધિશાળી ! નિરપરાધી મને ભાંગવા તું શા માટે તૈયાર

निरागसं कथं भङ्क्तुमुद्यतोऽसि महामते ? ।
सोप्यूचेऽत्र समाचारो, यद्वधो हि निरागसाम् ॥४७५॥

आवाभ्यां हन्त ! पान्थाभ्यां, किमागो विहितं क्वचित् ? ।
येन क्षिप्तौ तवागारद्वारि विन्यस्तयामिके ! ॥४७६॥

यद् यूयं भणिताऽशेषं, तत्कुर्वे पितृमातृवत् ।
सत्त्वेन विहिता अर्थाः, संपद्यन्ते क्षणादपि ॥४७७॥

पद्मदेवि ! परं तुम्बं, भूमीमध्यनिवेशितम् ।
आनीयार्पय नौ मुञ्च, पल्लिदेशस्य दूरतः ॥४७८॥

तत्तया विहिते देव्या, चलितौ मगधानभि ।
प्रापतुः कुशस्थलाख्यं, पुरं प्रवरमन्दिरम् ॥४७९॥

થયો છે ? તે બોલ્યો કે, "નિરપરાધી જીવોનો વધ કરવો એવો અહીં રિવાજ છે ? (૪૭૫)

નહિ તો અમે મુસાફરોએ શું કંઈ અપરાધ કર્યો છે કે જેના દ્વાર પાસે પહેરેગીરો રાખવામાં આવ્યા છે એવા તારા મંદિરમાં અમને પૂરી દીધા છે." સત્ત્વથી સર્વ અર્થો ક્ષણમાં પ્રાપ્ત થાય છે. (૪૭૬)

એટલે દેવી બોલી કે, તમે જે કહો તે માતાપિતાની જેમ કરવા હું તૈયાર છું" સત્ત્વથી સર્વ અર્થો ક્ષણવારમાં પ્રાપ્ત થાય છે. (૪૭૭)

પછી તેમણે કહ્યું કે, "હે પદ્મદેવી ! પાદરદેવતા ! જમીનમાં દાટેલું બીજું તુંબડું અમને લાવી આપ અને અમને આ ભીલલોકોના પ્રદેશથી દૂર મૂકી દે." (૪૭૮)

દેવીએ તુરત તેમના કહ્યા પ્રમાણે કર્યું એટલે તે મગધદેશ તરફ ચાલ્યા અનુક્રમે શ્રેષ્ઠ મંદિરોથી શોભિત કુશસ્થલ નગરમાં

तत्र सूत्रभृतः कुट्यां, स्थित्वा मुक्त्वा च तुम्बकम् ।
रक्षाकृते निवेश्याऽमुं, भोगदत्तो बहिर्ययौ ॥४८०॥

सुदत्तेऽप्यथ निद्राणे, गलितालाबुकच्छटा ।
तया सूत्रभृतो वंशी, संतप्ता हेममय्यभूत् ॥४८१॥

तं वीक्ष्य सूत्रभृत्तुष्टो, गृहीत्वा तुम्बकं करे ।
विमुच्याऽनलतोऽधाक्षीत्कुटीं पूत्कारपूर्वकम् ॥४८२॥

निद्रायमाणं धृत्वाऽथ, सुदत्तं करकैरवे ।
बहिश्चिक्षेप वेगेन, तन्वन् मायादयोदयम् ॥४८३॥

आखुनाऽलाबुकगुणश्चिच्छेदे जीर्णगेहगः ।
रसश्च पतितो भूमौ, निष्फलत्वमजायत ॥४८४॥ **यत :–**

આવ્યા. (४७९)

ત્યાં એક સુતારની ઝૂંપડીમાં તેઓ ઉતર્યા. પછી તુંબડાની રક્ષા કરવા સુદત્તને બેસાડી ભોગદત્ત બહાર ગયો. (४८०)

એવામાં સુદત્તને ઊંઘ આવી ગઈ અને તુંબડામાંથી રસના છાંટા નીચે પડ્યા. સુથારનો તપેલો વાસંલો સુવર્ણમય બની ગયો. (४८१)

તે જોઈ સંતુષ્ટ થયેલા સુથારે તુંબડાને લઈ લીધું અને પૂત્કારપૂર્વક પોતાની ઝૂંપડીને અગ્નિ મૂકી સળગાવી દીધી. (४८२)

તે વખતે ઉંઘી ગયેલા સુદત્તને કરકમળમાં લઈ માયાપૂર્વક કરૂણા કરતાં સુથારે બહાર કાઢ્યો. (४८३)

આ બાજુ સુથારે જીર્ણઘરમાં રાખેલા તુંબડાની દોરી ઉંદરે કાપી નાંખી એટલે રસ બધો જમીન ઉપર ઢળી પડ્યો અને નિષ્ફલ થઈ ગયો. (४८४)

येऽर्थाः विश्वस्तघातेन, येऽर्था मित्रवधादपि ।
न तेऽर्थाः सुचिरं सन्ति, वह्न्यालीढा गृहा इव ॥४८५॥

इतश्चेतो भोगदत्तो, दग्धां सूत्रभृतः कुटीम् ।
दृष्ट्वा पप्रच्छ सुहृदं, तुम्बकं तव संनिधौ ? ॥४८६॥

मित्रौकः संस्थितं तुम्बं, भस्मराशिरजायत ।
अद्यापि भाग्यलेशोऽपि, नावयोः क्रियतां कथम् ? ॥४८७॥

अथो तौ निर्गतौ तस्मात्, प्राप्य वैभारपर्वतम् ।
स्मृतेष्टदेवतौ यावद्, झम्पां दातुं समुद्यतौ ॥४८८॥

तावन्महीभृतः शृङ्गे, कायोत्सर्गस्थितो मुनिः ।
उभाभ्यां समतां तन्वन्, ददृशेऽसौ दृशोः पुरः ॥४८९॥

કારણ કે, **"જે ધન વિશ્વાસઘાત અને મિત્રવધથી મેળવેલું હોય તે અગ્નિથી આલીઢગૃહની (-બળતા) જેમ બહુકાળ ટકી શકતું નથી.** (૪૮૫)

હવે ભોગદત્ત નગરમાં ફરી ત્યાં આવ્યો એટલે સુથારની ઝૂંપડી બળેલી જોઈ તેણે મિત્રને પૂછ્યું કે, "તુંબડું તારી પાસે છે કે નહીં ?" (૪૮૬)

એટલે તે બોલ્યો કે, "હે મિત્ર ! ઝુંપડામાં રાખેલું તે તુંબડું ભસ્મીભૂત થઈ ગયું. હજુ પણ આપણા ભાગ્યનો લેશમાત્ર ઉદય થયેલો જણાતો નથી." (૪૮૭)

પછી ત્યાંથી નીકળી તે બંને વૈભારગિરિ ઉપર ગયા. ઇષ્ટદેવનું સ્મરણ કરી ઝંપાપાત ખાવા તૈયાર થયા. (૪૮૮)

એટલામાં પર્વતના શિખર ઉપર કાયોત્સર્ગમાં રહેલા દૃષ્ટિવડે સમતાને વિસ્તારતા એક મુનિ તેમના જોવામાં આવ્યા. (૪૮૯)

ततो मृत्युमतिं काञ्चिच्छिथिलीकृत्य तावुभौ ।
आगत्य प्रणिपत्यर्षिं, ववन्दाते शुभाशयौ ॥४९०॥

मुनिर्ध्यानं विमुच्याथ, दत्त्वा धर्माशिषं तयोः ।
अभाषिष्टेति लोभान्धौ, विहतौ स्थश्चिरं क्षितौ ॥४९१॥

योगिनस्तुम्बके प्राप्य, पद्मदेव्याः प्रभावतः ।
लब्धायुष्कौ पुनर्ध्यातमरणावत्र पर्वते ॥४९२॥

लोभक्षोभमहाम्भोधेर्भ्रमकल्लोलमालिनः ।
इदं फेनायितं भद्रौ !, जानीतां धीविमर्शनात् ॥४९३॥

जनाः पीतमहामोहकनकाः कनकाशया ।
लभन्ते प्राकृताः प्रायः, स्वर्णं प्राकृतभाषया ॥४९४॥

એટલે આપઘાતના વિચારને કાંઈક શિથિલ કરી શુભાશયવાળા તે બંને તેમની પાસે ગયા અને તે મુનિને વંદન કર્યું. મુનિએ ધ્યાનથી મુક્ત થઈ તેમને ધર્માશિષ આપી તેને કહ્યું કે, અહો ! લોભના માર્યા તમે બહુ વખત પૃથ્વી પર પરાભવ પામ્યા છો. (૪૯૦-૪૯૧)

પેલા યોગી પાસેથી સુવર્ણરસના બે તુંબડા મેળવી પદ્મદેવના પ્રભાવથી તમે બચ્યા પરંતુ છેવટે તે રસ નાશ પામ્યો. અને આ પર્વત ઉપર આવી તમો મરવા તૈયાર થાય છો. (૪૯૨)

હે ભદ્ર ! બુદ્ધિપૂર્વક વિચારણા કરતાં જણાય છે કે એ તો ભ્રમરૂપ કલ્લોલની શ્રેણિવાલા લોભના ક્ષોભરૂપ મહાસાગરના માત્ર ફીણ જ છે. (૪૯૩)

એનો વિશેષ પ્રભાવ તો હજું બાકી છે. મોહરૂપી ધત્તુરાનું પાન કરેલા સામાન્ય જીવો કનકની આશાએ નીચલોકોના કહેવાથી કદાચ સુવર્ણ પ્રાપ્ત કરે, (૪૯૪)

तृष्णा खानिरगाधेयं दुष्पूरा केन पूर्यते ? ।
या महद्भिरपि क्षिप्तैर्भूयो भूयो विवर्धते ॥४९५॥

च्युता दन्ताः सिताः केशा, वाग्विरोधः पदे पदे ।
पातसह्यममुं देहं, तृष्णा साध्वी न शाम्यति ॥४९६॥

प्रभूतैरपि संप्राप्तैरर्थैस्तृष्णा न शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूयो भूयः प्रवर्धते ॥४९७॥

पादसंवाहनादीनि, वेश्यानामपि कुर्वते ।
अवन्द्यमपि वन्दन्ते, उच्छिष्टमपि भुञ्जते ॥४९८॥

अकृत्यमपि कुर्वन्ति, कृत्यमपि त्यजन्त्यलम् ।
लोभाभिभूता मनुजाः, किं किं नाम न कुर्वते ? ॥४९९॥

તો પણ આ તૃષ્ણારૂપ અગાધ ખાડો જ બહુધન હોવા છતાં તેને કોણ પૂરી શકે તેમ છે ? જે ખાડામાં બહુધન નાંખવા છતાં તે પુરાતો નથી. (૪૯૫)

પણ વધ્યા જ કરે છે. દાંત પડી ગયા, કેશ સફેદ થયા, ચાલતા ડગલે પગલે સ્ખલના થવા લાગી, દેહ પડવાથી તૈયારી થઈ. છતાં તૃષ્ણા શાંત થતી નથી. (૪૯૬)

ઘણું ધન પ્રાપ્ત કરવા છતાં તૃષ્ણા શાંત થતી નથી પણ ઘી હોમવાથી અગ્નિનીજેમ ફરી ફરી વૃદ્ધિ પામ્યા કરે છે. (૪૯૭)

વલી લોભથી પરાભવ પામેલા લોકો શું શું નથી કરતા ? વેશ્યાના ચરણ ચાંપવા, અવંદનીયને પણ વંદન કરવું, ઉચ્છિષ્ટ ભોજન કરવું, (૪૯૮)

અકૃત્ય આચરવું અને પોતાના કર્તવ્યનો ત્યાગ કરવો વગેરે અકાર્ય કરવા તેઓ તૈયાર થાય છે. (૪૯૯)

परिग्रहस्य प्रमितिं, कुर्वतां लोभशान्तये ।
सेतुबन्धमिवाऽपारमहामोहमहोदधेः ॥५००॥

अथ तौ द्वादशश्राद्धव्रतान्यप्यविशेषतः ।
त्रिंशत्कनकसहस्राश्चक्रतुः प्रमितिव्रते ॥५०१॥

इतो भ्रातृसुतः साधोर्विद्युन्मालीति खेचरः ।
नभसा विद्यया प्राप, वन्दितुं तं महामुनिम् ॥५०२॥

नत्वा मुनमिमौ दृष्ट्वा, पृच्छति स्म नभश्चरः ।
काविमौ भद्रकाकारौ, त्वन्मुखेक्षणतत्परौ ? ॥५०३॥

सुधीरिदानीमापन्नद्वादशश्रावकव्रतौ ।
भोगदत्तसुदत्ताख्यौ, भद्रकौ भद्रकोविदौ ॥५०४॥

માટે લોભની શાંતિ કરવા અપારમહામોહરૂપી સાગરના સેતુબંધ સમાન પરિગ્રહનું પરિમાણ તમે કરો." (૫૦૦)

આ પ્રમાણે દેશના સાંભળી તેમણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. પણ વિશેષથી પરિગ્રહપરિમાણવ્રતમાં ત્રીશ હજાર સોનામહોરનું પ્રમાણ કર્યું, ઉપરાંતનો ત્યાગ કર્યો. (૫૦૧)

એ અવસરે તે સાધુ મહાત્માના ભાઈનો પુત્ર વિદ્યુન્માલી વિદ્યાધર વિદ્યાબળે આકાશમાર્ગે થઈ તે મહાત્માને વંદન કરવા આવ્યો. (૫૦૨)

તેણે મુનિને વંદન કરી આ બંનેને બેઠેલા જોઈ પૂછ્યું કે, મહાત્મન્ ! આપનું મુખ જોવામાં તત્પર અને ભદ્રાકૃતિવાળા આ બંને કોણ છે ? (૫૦૩)

મહાત્મા બોલ્યા કે, હે ભદ્ર ! સરલ જીવોમાં અગ્રેસર, હમણાં જ જેમણે બારવ્રત અંગીકાર કર્યા છે એવા ભોગદત્ત અને સુદત્ત

मुने ! युक्तं ततः कर्तुं, साधु साधर्मिकार्हणम् ।
विद्यया वित्तदानैर्वा, यतो [१]सिद्धान्तगीरिति ॥५०५॥

अन्योन्यदेशजन्मानस्त्वन्यान्याहारवर्द्धिताः ।
जिनशासनसंपन्नाः, सर्वे ते बान्धवा मताः ॥५०६॥

ततः कुष्टरुजाहन्तृ, वलयं सन्महौषधेः ।
अर्पयामास ताभ्यां स, **सत्ये मुह्यन्ति नोत्तमाः** ॥५०७॥

धन्यौ स्तः कृतपुण्यौ स्तः, सुलब्धजन्मजीवितौ ।
यदयं तीर्थकृद्धर्मः, संप्राप्तो दिव्यरत्नवत् ॥५०८॥

નામના આ બે મહાશયો છે (૫૦૪)

હે ભદ્ર ! વિદ્યા અને વિત્તના દાનથી તારે આ સાધર્મિકની સારી રીતે ભક્તિ કરવી યોગ્ય છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે, (૫૦૫)

"અન્ય-અન્ય દેશમાં જન્મેલા તથા અન્ય અન્ય આહારથી વૃદ્ધિ પામેલા છતાં જિનશાસનને પામ્યા પછી તે બધાને બાંધવ કહેવામાં આવે છે." (૫૦૬)

આ પ્રમાણે ગુરુમહારાજના ઉપદેશથી તે વિદ્યાધરે કુષ્ટરોગનાશક - મહૌષધિનું એક સરસ કંકણ તેમને આપ્યું. **"ઉત્તમજીવો સત્ય ભલામણમાં મુંઝાતા નથી પણ તુરત જ તેનો અમલ કરે છે."** (૫૦૭)

પછી તે વિદ્યાધરે તેમને કહ્યું કે, "તમે ધન્ય છો. પુણ્યવંત છો. તમારું જીવન પણ સફળ છે કે તમને દિવ્યરત્નચિંતામણિ સમાન આ આર્હતધર્મ પ્રાપ્ત થયો છે. (૫૦૮)

---

१. सिद्धान्त-इत्यपि ।

तौ प्रशस्य मुनिं नत्वा, विद्युन्माली तिरोदधे ।
तावप्येनं नमस्कृत्येयतुः पुरं कुशस्थलम् ॥५०९॥

तत्रत्यभूमिनाथस्य, नरदेवस्य संज्ञिनः ।
पुत्रः परन्तपो नाम, गलत्कृष्टरुजान्वितः ॥५१०॥

यः कश्चिदेनमुल्लाघं, विदधाति कथञ्चन ।
स स्वर्णलक्षं गृह्णातु घोषयामासिवानिति ॥५११॥

इमामाघोषणां श्रुत्वा, डिण्डिमध्वानपूर्व्वकम् ।
धारयामासतुर्वाद्यमानं पटहमुद्भटम् ॥५१२॥

गत्वोपभूपमालोक्य, कुमारं वेदनातुरम् ।
विनष्टनासिकं कुष्टरोगस्यातिभरादिव ॥५१३॥ त्रिभिर्विशेषकम्

આ પ્રમાણે તેઓની પ્રશંસા કરી અને મહાત્માને વંદન કરી તે વિદ્યાધર પોતાના સ્થાને ગયો. ભોગદત્ત અને સુદત્ત પણ મુનિને વંદન કરી કુશસ્થલ નગરમાં આવ્યા. (૫૦૯)

કુશસ્થળ નગરના નરદેવ રાજાના પરંતપ નામના પુત્રને ગળતાકોઢનો વ્યાધિ થયો હતો. (૫૧૦)

અનેક ઉપાયો કરવા છતાં રોગ મટ્યો નહિ. એટલે રાજાએ નગરમાં આ પ્રમાણે ઘોષણા કરાવી કે, "જે કોઈ મારાપુત્રને રોગમુક્ત કરશે તેને હું લક્ષ સોનામહોર આપીશ." (૫૧૧)

વાજિંત્રના ધ્વનિપૂર્વક થતી તે ઉદ્‌ઘોષણા સાંભળીને તેમણે તે અદ્‌ભુત પડહો સ્વીકાર્યો (૫૧૨)

અને રાજા પાસે જઈ તીવ્રવેદનાથી પીડાતા અને અત્યંત કોઢરોગથી નાશિકા ખવાઈ ગયેલી છે એવા કુમારને જોઈ (૫૧૩)

સ્વર્ગીય વૈદ્યોની જેમ તેમણે સાત દિવસમાં તેને રૂપસંપત્તિમાં

सप्ताहात् कामसंकाशः, कुमारो रूपसंपदा ।
क्रियते स्म ततस्ताभ्यां, वैद्याभ्यामिव नाकिनः ॥५१४॥

अथ भूमीपतिस्तुष्टोऽवादीद् विकसिताननः ।
इदं राज्यमियं लक्ष्मीर्युवयोरिति गृह्यताम् ॥५१५॥

हेम्नस्त्रिंशत्सहस्रेभ्यः, परं भूमिपते ! हि नौ ।
मुक्त्वाऽस्ति नियमः साधुपादान्ते विहितो भृशम् ।.५१६॥

तच्छ्रुत्वा विस्मितो राजा, प्राह धन्याविमौ नरौ ।
ययोर्नियम ईदृक्षो, लोभाब्धेः कुम्भसंभवः ॥५१७॥

तावन्मात्रं वरं स्वर्णं, गृहीत्वोभौ पुरस्थितौ ।
पालयामासतुः श्राद्धधर्मं शुद्धं यथाविधि ॥५१८॥

કામદેવ જેવો બનાવી દીધો. (૫૧૪)

આથી રાજા સંતુષ્ટ થયો અને વિકસિત મુખ કરી બોલ્યો કે, આ રાજ્ય અને લક્ષ્મી તમારી છે માટે તેનો સ્વીકાર કરો. (૫૧૫)

એટલે તેઓ બોલ્યા કે, "હે રાજન્ ! ત્રીશહજાર સોનામહોરથી વધારે દ્રવ્ય ન રાખવાનો અમે મુનિ પાસે નિયમ લીધો છે." (૫૧૬)

તે સાંભળી રાજા વિસ્મય પામ્યો અને બોલ્યો કે, "અહો ! આ બંનેને ધન્ય છે કે જેમણે લોભસાગરના અગસ્ત્યઋષિ સમાન નિયમ લીધો છે." (૫૧૭)

પછી તેટલું જ સુવર્ણગ્રહણ કરી તે બંને નગરમાં આનંદથી રહેવાપૂર્વક યથાવિધિ શુદ્ધશ્રાવકધર્મ પાળવા લાગ્યા. (૫૧૮)

શ્રીમલ્લિનાથ પ્રભુ કહે છે કે, હવે અમે મગધ દેશમાં વિહાર

अस्माकं मागधे देशे, विहारं कुर्व्वतां सताम् ।
गृहीतारौ मुनीन्द्रत्वं, यातारौ च परं पदम् ॥५१९॥

इत्याकर्ण्याऽर्हतो वाक्यमभाषिष्ट क्षमापतिः ।
तौ धन्यौ यौ प्रभोः पार्श्वे गृहीतारौ महाव्रतम् ॥५२०॥

एकं महाव्रतं तीर्थनाथादधिगतं परम् ।
कामधेनुपयः सिक्तकल्पद्रोः साम्यमञ्चति ॥५२१॥

स्वामिन् ! पञ्चाणुव्रतानि श्रुतान्येकाग्रचेतसा ।
गुणव्रतत्रयीं श्रोतुमुत्कस्तिष्ठामि साम्प्रतम् ॥५२२॥

तत्राद्यं दिग्व्रतं भोगोपभोगाख्यं द्वितीयकम् ।
ततश्चानर्थदण्डाख्यं, शृणु कुम्भमहीपते ! ॥५२३॥

કરશું ત્યારે બંને અમારી પાસે સંયમ લઈ પરમપદને પામશે." (૫૧૯)

ઈતિ પરિગ્રહપ્રમાણ ઉપર ભોગદત્ત સુદત્ત કથા.

આ પ્રમાણે ભગવંતનું વચન સાંભળી કુંભરાજાએ કહ્યું કે, "હે ભગવન્ ! તે બંને પુણ્યાત્માને ધન્ય છે જેઓ આપની પાસે મહાવ્રત ગ્રહણ કરશે. (૫૨૦)

જિનેશ્વર ભગવંત પાસેથી ભાવપૂર્વક અંગીકાર કરેલા મહાવ્રત પણ કામધેનુના દૂધથી સિંચન કરાયેલ કલ્પવૃક્ષ સમાન ફળદાયક થાય છે. (૫૨૧)

હે સ્વામિન્ ! પાંચ અણુવ્રત તો મેં એકાગ્રતાપૂર્વક સાંભળ્યા. હવે ત્રણ ગુણવ્રત સાંભળવા ઉત્સુક છું." (૫૨૨)

એટલે ભગવંત બોલ્યા કે, "હે રાજન્ ! ત્રણ ગુણવ્રતમાં પ્રથમ દિશિપરિમાણવ્રત, બીજું ભોગોપભોગ પરિમાણવ્રત અને

कर्मणा गन्धिकेनेव, सूक्ष्मीकृत्य प्रवेशितैः ।
इदं व्याप्तं जगज्जीवैर्वासैरिव समुद्गकः ॥५२४॥

स्थावरजङ्गमभेदा, बादरा अपि जन्तवः ।
सन्ति तिर्यगधश्चोर्ध्वं, तेषां व्यापत्तिभीरुणा ॥५२५॥

आदाय दिग्व्रतं सम्यक्, पालनीयं प्रयत्नतः ।
अयतोऽयं यतः प्राणी, तप्ताऽयोगोलसंनिभः ॥५२६॥

नियन्त्रिते हि देहे स्वे, गमनं प्रति देहिना ।
अभयं सर्वसत्त्वेभ्यो, दत्तं पुण्यफलप्रदम् ॥५२७॥

ત્રીજું અનર્થદંડ વિરમણવ્રત છે. તેમાનાં પહેલા અણુવ્રતનું સ્વરૂપ આ પ્રમાણે છ:- (૫૨૩)

સૂક્ષ્મ સુગંધવાળા ગાંધીના દાબડાની જેમ કર્મથી સૂક્ષ્મપણું પામેલા જીવોથી આ આખું જગત વ્યાપ્ત છે. (૫૨૪)

તેમજ ઉર્ધ્વ, અધો, તિર્ચ્છા એ ત્રણ લોકમાં સ્થાવર (-સ્થિર-રહેલ-એકેન્દ્રિય) જંગમ (-હાલતા ચાલતાં ત્રસ-વિકલેન્દ્રિય, તથા પંચેન્દ્રિય) એમ બે પ્રકારના બાદરજીવો પણ ભરેલા છે. (૫૨૫)

એટલે એમને બાધા થવાથી ભય પામતા ભવ્યજીવોએ દિશિ પરિમાણવ્રત સ્વીકારી તેને બરાબર પાળવું જોઈએ. કારણ કે **અવ્રતી (વ્રતવિનાનો) પ્રાણી લોખંડના તપેલા ગોળા સમાન છે.** (૫૨૬)

તેથી જો પોતાનો દેહ નિયંત્રિત હો તો ગમનાગમનના નિમિત્તે થતી હિંસાને અટકાવી પ્રાણી સર્વજીવોને પુણ્યફળ સંપાદક અભયદાન આપી શકે છે. (૫૨૭)

દિશિપરિમાણવ્રત લેવાથી પ્રાણી આ લોક અને પરલોકમાં

दिग्व्रतग्रहणात् प्राणी, प्रेत्याऽमुत्र श्रियः पदम् ।
संपद्यतेतरां मित्रानन्द ऐरवते यथा ॥५२८॥

तथाहि पुष्करद्वीपे, क्षेत्रे ऐरावताभिधे ।
पुरं भोगपुरं तत्र, मित्रानन्दक्षितीश्वरः ॥५२९॥

शृङ्गाररसवापीभिर्वनिताभिर्दिवानिशम् ।
साकं चिक्रीड राज्यस्य चिन्ता नैव चकार सः ॥५३०॥

कदाचिच्चषकैर्हैमैरञ्चितैः स्मेरपङ्कजैः ।
रामाभिः सह मैरेयं, पिबति स्म सविस्मयम् ॥५३१॥

कदाचिदुद्यानगतः, पुष्पावचयमुच्चकैः ।
योषिद्भिः सह कुर्वाणो, वसन्ते खेलति स्म सः ॥५३२॥

ઐરાવતક્ષેત્ર નિવાસી મિત્રાનંદની જેમ લક્ષ્મીનો ભોગી થાય છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે. (૫૨૮)

દિશિપરિમાણવ્રત ઉપર મિત્રાનંદ કથા.

પુષ્કરવર દ્વીપના ઐરાવતક્ષેત્રમાં ભોગપુરનગર છે. ત્યાં મિત્રાનંદરાજા રાજ્ય કરતો હતો. (૫૨૯)

તે હંમેશા શૃંગારસનીવાપી (=વાવડી) સમાન કામિનીઓ સાથે ક્રીડા કરતો હતો. રાજ્યની સારસંભાળ કરતો નહોતો. (૫૩૦)

કોઈવાર લલનાઓ સાથે બેસી વિકસિત કમળથી યુક્ત સુવર્ણપાત્રમાં મદિરાપાન આશ્ચર્યપૂર્વક કરતો હતો. (૫૩૧)

તો કોઈવાર સ્ત્રીઓની સાથે વસંતઋતુમાં ઉદ્યાનમાં જઈ પુષ્પો ચૂંટી-પુષ્પથી ક્રીડા કરતો હતો. (૫૩૨)

હર્ષદાયક વર્ષાકાળમાં પોતાના મહેલની અગાસીમાં બેસી

वर्षासु कृतहर्षासु, सौधोत्सङ्गे नराधिपः ।
मेघरागं स रामाभिरगायत्तुम्बुरूपमः ॥५३३॥

कदाचित् क्रीडावापिषु, शृङ्गीभिर्लोललोचनाः ।
असिञ्चन् कामतप्ताङ्गीः, स करीव करेणुकाः ॥५३४॥

एवं विषयसेवां स, वितन्वानो दिवानिशम् ।
दिवसान् गमयामास, हर्षोत्कर्षमयानिव ॥५३५॥

अन्येद्युर्मन्त्रिणो भूपमुपरुध्य महाग्रहात् ।
एवं विज्ञपयामासुर्मृद्वीकारम्यया गिरा ॥५३६॥

स्वप्नदृष्टं यथा पुंसः, क्षणमात्रं सुखायते ।
प्रबुद्धस्य न तत् किञ्चिदेवं विषयजं सुखम् ॥५३७॥

રમણીઓ સાથે તુંબરૂદેવની જેમ મલ્હારરાગ ગાતો હતો. (૫૩૩)

કોઈવાર ક્રીડાવાવડીમાં હાથણીઓ સાથે હાથીની જેમ કામપ્રદીપ્ત રમણીઓ ઉપર પિચકારીઓમાં જળ ભરી જળસિંચન કરતો હતો. (૫૩૪)

આ પ્રમાણે નિરંતર વિષયસેવનમાં જ હર્ષોત્કર્ષમય તે દિવસો નિર્ગમન કરતો હતો. (૫૩૫)

વિષય વાસનાનું છે અબળા મૂળ.
નિવૃત્તિસંપત્તિ મેળવવામાં તે શૂળ.

એક દિવસ મંત્રીઓ ઘણા આગ્રહપૂર્વક રાજાને અટકાવી દ્રાક્ષસમ મીઠી-મધુરી વાણીથી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે, (૫૩૬)

"જોયેલું સ્વપ્ન પુરુષને ક્ષણવાર સુખ ઉપજાવે છે પણ જાગૃત થતાં તેમાંનું કશું હોતુ નથી તેમ **(૫૩૭)**

शब्दादिविषयाऽऽसक्ता, धर्ममार्गपराङ्मुखाः ।
अजरामरवद् मूढाश्चेष्टन्ते नष्टचेतनाः ॥५३८॥

विषयेषु निषीदन्तो, न जानन्ति हिताऽहितम् ।
शृण्वन्ति न हितं वाक्यमेडमूका इवानिशम् ॥५३९॥

आदौ हृद्यरसाऽऽस्वादाः, पर्यन्ते परितापिनः ।
विषया विषवत् त्याज्याः, पुंसा स्वहितमिच्छता ॥५४०॥

एकवारं विषं हन्ति, भुक्तमेव न चिन्तितम् ।
विषयाश्चिन्तनादेव, बहुधा च विनाशकाः ॥५४१॥

प्राप्ता अपि नरैः कामा, दुःखं ददति देहिनाम् ।
क्षणात्तुष्टाः क्षणाद् रुष्टा, गन्धर्वनगरोपमाः ॥५४२॥

હે રાજન્ ! વિષયસુખ પણ તેવું જ છે. શબ્દાદિ વિષયોમાં આસક્ત, ધર્મમાર્ગથી વિમુખ અને જ્ઞાનવિહીન મૂઢજનો અજરામરની જેમ ચેષ્ટા કરે છે. (૫૩૮)

વિષયોમાં સદા આસક્ત જીવો મૂંગા અને બધિરની જેમ પોતાના હિતાહિતને જાણતા નથી. (૫૩૯)

અને કોઈના હિતકારીવચનને પણ સાંભળતા નથી. પરંતુ પ્રારંભમાં મધુર લાગતાં અંતે પરિતાપદાયક વિષયોનો સ્વહિતેચ્છુક જીવોએ વિષની જેમ ત્યાગ કરવા યોગ્ય છે. (૫૪૦)

વિષપાન એકવાર મારે પણ તેના ચિંતવનથી તો કાંઈ થતું નથી. પરંતુ વિષયો તો ચિંતનથી પણ અનેક પ્રકારે વિનાશકારી છે. (૫૪૧)

ગંધર્વનગરની જેમ ક્ષણવાર તુષ્ટમાન અને ક્ષણવાર રૂષ્ટમાન

विषयेषु प्रसक्तानां, कन्दर्पाज्ञाविधायिनाम् ।
लोकद्वयविघातिन्यो, जायन्तेऽनर्थवीथयः ॥५४३॥

एतेषामबलामूलं, शूलं निर्वृतिसंपदः ।
पश्य धर्मधरो राजा, स्त्रियः पञ्चत्वमासदत् ॥५४४॥

तथाह्यत्रैव स क्षेत्रे, नगरे पुण्डवर्द्धने ।
राजा धर्मधरो नाम, दुर्द्धरो वैरिभूभुजाम् ॥५४५॥

तत्रैव नगरेऽस्ति स्म, ब्राह्मणो गोधनाभिधः ।
सावित्री प्रेयसी तस्य, सावित्री ब्रह्मणो यथा ॥५४६॥

વિષયો પ્રાપ્ત થવા છતાં જીવોને અનેક પ્રકારનાં દુઃખો આપે છે. (૫૪૨)

વિષયોમાં આસક્ત અને મન્મથ (=કામદેવ) ની આજ્ઞા શિરે ચઢાવનાર જીવોને બંને લોકનો (આલોક, પરલોક) ઘાત કરનારા અનર્થોની પ્રાપ્તિ થાય છે. (૫૪૩)

એ વિષયોનું મૂળ અબળા છે અને નિવૃત્તિરૂપ સંપત્તિની પ્રાપ્તિ માટે તે શૂળરૂપે છે. જુઓ ધર્મધર રાજા સ્ત્રીની અત્યંત આસક્તિથી મરણશરણ થયો તે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ- (૫૪૪)

ધર્મધર રાજા કરે સાવિત્રીનું અપહરણ.

વિલાપ કરતો અતિદયનીય બ્રાહ્મણ.

આ જ ક્ષેત્રમાં પુંડ્રવર્ધન નગરમાં શત્રુરાજાઓને દુર્ધર ધર્મધર રાજા રાજ્ય કરતો હતો. (૫૪૫)

તેજ નગરમાં ગોધન નામે બ્રાહ્મણ રહેતો હતો. બ્રહ્માને સાવિત્રીની જેમ તે બ્રાહ્મણને અપ્રતિમનિરુપમ સૌંદર્યશાલી સાવિત્રી નામે પત્ની હતી. (૫૪૬)

साऽन्यदा भूभुजा दृष्टा, निःसमानवपुर्लता ।
हठादन्तःपुरे क्षिप्ता, **कामिनां का विवेकता ?** ॥५४७॥

गृहीतां गृहिणीं ज्ञात्वा, ब्राह्मणो वेदपारगः ।
मुष्टो मुष्ट इति चिरं, व्याजहार घृणाकरम् ॥५४८॥

प्रिये ! प्राणप्रिये ! हा ! हा !, स्मेरपङ्केरुहानने ! ।
म्रियेऽहं त्वां विना कस्माद्, गताऽसि नृपवेश्मनि ? ॥५४९॥

त्वां विना दिवसा जाता, दीर्घा मासोपमा मम ।
सर्वगां त्वां निरीक्षेऽहं, विष्णुमूर्तिमिवाऽपराम् ॥५५०॥

स्वाहा स्वधा कथङ्कारं, करिष्ये त्वां विना प्रिये ! ।
धर्मक्रियाणां मूलं हि, गृहिण्यो गृहमेधिनाम् ॥५५१॥

તે એકવાર રાજાની નજરે પડી તેથી બલાત્કારથી તેને અંતઃપુરમાં રાખી લીધી. **કામીપુરુષોમાં વિવેક ક્યાંથી હોય.** (૫૪૭)

એટલે પોતાની પત્નીનું અપહરણ જાણી વેદનિષ્ણાંત તે બ્રાહ્મણ અરે ! હું લુંટાયો ! લુંટાયો ! એવા દયનીય વચનોનો વારંવાર ઉચ્ચાર કરવા લાગ્યો. (૫૪૮)

વળી તે વિલાપ કરવા લાગ્યો કે, "હે પ્રિયે ! હે પ્રાણપ્રિય ! હે વિકસિતકમલ સમ મુખવાળી ! તું રાજમંદિરમાં શા માટે ગઈ ? (૫૪૯)

તારા વિના હું મરી જાઉં છું. હે વલ્લભે ! તારા વિના દિવસો મને મહિના સમાન લાગે છે. બીજી વિષ્ણુમૂર્તિની જેમ સર્વત્ર હું તને જ જોઈ રહ્યો છું (૫૫૦)

હે પ્રિયે ! તારા વિના હું સ્વાહા અને સ્વધાનો ઉચ્ચાર શી

विलपन्निति षट्कर्मा, भ्राम्यन् शून्यमनास्ततः ।
जगौ पञ्चपदीं तस्याः, प्रेमपादपसारिणीम् ॥५५२॥

इतश्च तनयस्तस्य, पञ्चवर्षप्रमाणभृत् ।
वाणिज्यकारकैरात्तो, ही दुष्कर्मविजृम्भितम् ॥५५३॥

कालक्रमेण संपन्ना, तस्य तद्देयजीविका ।
व्यतिक्रान्ते हि सप्ताहे, दुःखं विस्मरति स्फुटम् ॥५५४॥

सावित्र्या सह भूपालो, बुभुजे विषयान् सदा ।
साऽपि प्रेयःसुतस्नेहगेहादि व्यस्मरत्ततः ॥५५५॥

રીતે કરીશ ? ગૃહસ્થોને ગૃહિણીઓ જ ધર્મક્રિયાઓનું મૂળ છે. (૫૫૧)

આ પ્રમાણે વિલાપ કરતો શૂન્યમનસ્ક તે બ્રાહ્મણ સર્વત્ર ભમવા લાગ્યો. અને પ્રેમવૃક્ષની નીકસમાન તે લલનાની જ પંચપદી ગાવા લાગ્યો. (૫૫૨)

એકવાર પાંચવર્ષની વયના તેના પુત્રને કોઈક વેપારીઓ લઈ ગયા." આ બધી અશુભકર્મની જ બાજી છે." (૫૫૩)

અનુક્રમે પોતાના દુઃખના ગાણા ગાવા વડે તેની આજીવિકા ચાલવા લાગી –કારણ કે સાત દિવસ વ્યતીત થતાં દુઃખ પણ વિસ્મૃત થાય છે. (૫૫૪)

કામાંધ સાવિત્રીને થયેલી પતિની ઓળખાણ.
કરે શીલખંડન કરનાર રાજવીને મરણશરણ.

અહીં રાજા સાવિત્રીની સાથે સુખભોગ ભોગવવા લાગ્યો. તેણીએ પણ પોતાના પતિ-પુત્ર-ઘરને વિસારી દીધા. (૫૫૫)

अन्यदा ब्राह्मणो राजसौधाग्रे मधुरस्वरम् ।
तस्याः पञ्चपदीं गायन्, ददृशे जगतीभुजा ॥५५६॥

प्रियेऽमुं पश्य को न्वेष, इति व्याकुरु सत्त्वरम् ? ।
साऽप्यूचे देव ! नैवाऽमुं, जानेऽहं कोऽयमित्यपि ॥५५७॥

आज्ञाऽत्र राजपादानां, यदि जानामि किञ्चन ।
उवाच भूपतिर्भद्रे !, परिणीतः पतिस्तव ॥५५८॥

निशम्येति च सा दध्यौ, परिणीतः पतिश्च यः ।
तं न वेद्मि महाभाग !, धिग् मां कामवशंवदाम् ॥५५९॥

अनेन भूभुजा शीलं, मामकीनं विखण्डितम् ।
तदेनं खण्डयिष्यामि, कृते प्रतिकृतिः शुभा ॥५६०॥

એકવાર રાજમંદિર પાસે મધુરાલાપે પ્રિયાની પંચપદી ગાતા તે બ્રાહ્મણને રાજાએ જોયો. (૫૫૬)

એટલે તેણે રાણીને કહ્યું કે, "હે પ્રિયે ! તું જો તો ખરી, આ કોણ છે તે સત્વર કહી દે." તે બોલી કે "હે દેવ ! આ કોણ છે તે હું જાણતી નથી. (૫૫૭)

જો આપની કૃપા હોય તો હું કાંઈક જાણી શકું. એટલે આપ ઓળખાવો તો હું જાણી શકું એટલે રાજા બોલ્યો કે, "હે ભદ્ર ! એ તારો પરિણીત પતિ છે." (૫૫૮)

આ પ્રમાણે સાંભળી તે ચિંતવવા લાગી કે પોતાના પરિણીત પતિને પણ હું ઓળખી ન શકી. તેથી કામાંધ એવી મને ધિક્કાર છે. (૫૫૯)

આ રાજાએ મારૂં શીલ ખંડિત કર્યુ છે. તેથી એનો જો હું નાશ કરૂં તો જ સાચી." કેમ કે **જે જેવો થાય તેની સામે**

अवहित्थमथाऽऽदृत्य, दिनं निर्गम्य दुःखिता ।
निशायां भूभुजं सुप्तं, निजघान घनेर्ष्यया ॥५६१॥

इतश्च यामिकानां सा, वञ्चयित्वा दृशो निशि ।
स्वकीयाऽऽवासमायासीदपश्यच्च निजं प्रियम् ॥५६२॥

अङ्गुष्ठमोचनाच्चक्रे, निद्राच्छेदममुष्य सा ।
केयं देवीति निर्ध्यायन्नुपविष्टो द्विजोऽभवत् ॥५६३॥

प्राणप्रिय ! प्रिया तेऽस्मि, सावित्रीति विचिन्तय ।
एतावन्ति दिनान्यस्थामपश्यन्ती छलं क्वचित् ॥५६४॥

इदानीं तु छलं प्राप्य, समागां तव संनिधौ ।
त्वत्पादौ शरणं मे स्तां, **गुरुः स्त्रीणां पतिर्यतः**[1] ॥५६५॥

तेवा थवुं ते योग्य ज छे. (५६०)

આ પ્રમાણે ચિંતન કરતાં મહાકષ્ટે દિવસ પસાર કર્યા અને રાત્રે અત્યંત ઈર્ષ્યાવશ તેણે નિંદ્રાવશ રાજાને મારી નાંખ્યો. (૫૬૧)

અને તે જ સમયે ચોકીદારોની નજર ચુકવી તે પોતાના આવાસમાં ગઈ. ત્યાં પોતાના પતિને પોઢેલા જોઈ (૫૬૨)

અંગુઠાથી સ્પર્શ કરી જાગૃત કર્યો. એટલે તે બોલ્યો કે, "એ કોણ દેવી છે ? (૫૬૩)

બ્રાહ્મણી બોલી કે, હે પ્રાણપ્રિય ! હું તમારી પ્રિયા સાવિત્રી છું. આટલા દિવસ ત્યાં છળ જોતાં મારે રહેવું પડ્યું. (૫૬૪)

અત્યારે અવસર મળતાં હું આપની પાસે આવી છું. હવે મને આપના ચરણનું શરણ થાઓ. કેમ કે **પતિ એ સ્ત્રીઓનો ગુરુ છે.**" (૫૬૫)

સાવિત્રી આ પ્રમાણે કહે છે તેવામાં અકસ્માત્ તે બ્રાહ્મણને

---

१. पतिरेव गुरुः स्त्रियामित्यपि ।

अकस्माद्दीर्घपृष्ठेन, पृष्ठे दष्टोऽथ स द्विजः ।
भीतैरिव विषावेगात्, प्राणैश्च मुमुचे क्षणात् ॥५६६॥

गतप्राणं प्रियं प्रेक्ष्य, विज्ञातनिजचेष्टिता ।
तस्यामेव निशीथिन्यां, चलिता पश्चिमां प्रति ॥५६७॥

कतिभिर्दिवसैः प्राप, नगरं पाटलाभिधम् ।
देवतामन्दिरं चैकं, निरैक्षिष्ट मनोहरम् ॥५६८॥

इतश्चाऽगात्कामदंष्ट्रा, वेश्या वैशिकमन्दिरम् ।
विलोललोचनामेनां, विलोक्य ध्यातवत्यसौ ॥५६९॥

स्थानभ्रष्टा च रुष्टा च, नष्टा कष्टादुपागता ।
अस्मदावासयोग्याऽसौ, योग्या कुसुमधन्विनः ॥५७०॥

સર્પ કરડ્યો. એટલે વિષના આવેષથી જાણે ભયભીત થયેલો હોય તેમ તેના પ્રાણોએ તેનો ત્યાગ કર્યો. અર્થાત્ બ્રાહ્મણ મરણ પામ્યો. (૫૬૬)

આ પ્રમાણે બ્રાહ્મણને મરેલો જાણી પોતાની ચેષ્ટા તરફ નજર કરનારી બ્રાહ્મણી તે જ રાત્રે પશ્ચિમ દિશા ભણી ચાલી (૫૬૭)

અને કેટલાક દિવસો વ્યતીત થયા બાદ પાટલીપુત્ર નગરે આવી. ત્યાં તેણે એક દેવીનું સુંદરમંદિર જોયું. (૫૬૮)

એવામાં માયામંદિર સમી કામદંષ્ટ્રા વેશ્યા ત્યાં આવી. તે આ ચપળનેત્રવાળી તેણીનીને જોઈ ચિંતવવા લાગી કે, (૫૬૯)

"આ સ્થાનભ્રષ્ટ થયેલી અથવા રૂષ્ટમાન થતાં કષ્ટથી ભાગી આવેલી જણાય છે. અને એ અમારા આવાસને અને મન્મથ (કામદેવ)ને યોગ્ય છે." (૫૭૦)

આ પ્રમાણે વિચારી તે બોલી કે, "હે પુત્રી ! હે ભગિની

ध्यात्वेति पुत्रि ! जामेयि !, कथं नागा गृहे मम ? ।
दैवादुपागते दुःखे, का त्रपा मातृमन्दिरे ? ॥५७१॥

इत्युक्त्वा निजबाहुभ्यामुपगृह्य पणाङ्गना ।
दृशौ बाष्पाऽञ्चिते कृत्वा, तां निनाय निजालयम् ॥५७२॥

स्नपयित्वा च तां प्रीत्या, विलिप्तां चन्दनद्रवैः ।
गणिका चन्द्रिकाशुभ्रे, वाससी पर्यधापयत् ॥५७३॥

आगच्छद्भिश्च गच्छद्भिर्नरैः प्राभृतसंभृतैः ।
देवंता सकलेवाऽसौ, सेव्यते स्म दिवानिशम् ॥५७४॥

अन्येद्युर्ग्रहणं दत्वा, स्थितः कश्चिद्धनेश्वरः ।
रमयित्वा निशां सर्व्वां, प्रातः पृष्टेति तेन सा ॥५७५॥

સુતા ! મારા ઘરે કેમ ન આવો ? કદાચ દૈવયોગે દુઃખ આવે તો પણ માતાના ઘરે આવતાં શી લજ્જા ? (૫૭૧)

એક કહી બાહુથી આલિંગન કરી આંખમાં હર્ષાશ્રુ લાવી તે પણ્યાંગના (વેશ્યા) તેને પોતાના ઘરે લઈ ગઈ. (૫૭૨)

ત્યાં તેને સ્નાન કરાવી, શરીરે ચંદનનું વિલેપન કરી ચંદ્રિકા જેવા બે ઉજ્જવલ વસ્ત્રો પરિધાન કરાવ્યા. (૫૭૩)

પછી ત્યાં ભેટણા લઈ અનેક પુરુષો આવતાં તેઓ એક પરચાવાળી દેવીની જેમ તેને નિરંતર સેવવા લાગ્યા. (૫૭૪)

એક દિવસ પુષ્કળદ્રવ્ય આપી કોઈ ધનવંત તેની સાથે રાત્રી રહ્યો અને રાતભર તેને રમાડી પ્રભાતે તેણે તેણીને પૂછ્યું કે, (૫૭૫)

"હે રંભોરૂ ! તું ક્યાંની રહેવાસી છે ? અને હે સુલોચને ! તારૂ નામ શું છે ? ખરેખર તને જોઈ મારૂં મન પ્રેમાર્દ્ર થઈ જાય

कौतस्कुताऽसि रंभोरु !, किमाख्याऽसि सुलोचने ! ? ।
त्वां दृष्ट्वा मे मनोजातं, प्रेमार्द्रं तन्वतो वद ॥५७६॥

साऽप्याख्यद् मूलतो वृत्तं, नामस्थानपुरस्सरम् ।
ततः शय्यातलं मुक्त्वा, विदूरस्थो जगाद सः ॥५७७॥

तव सूनुरहं मातर्हुतो वाणिज्यकारकैः ।
हा ! अकार्यमिदं वृत्तं, चण्डालैरपि वर्ज्जितम् ॥५७८॥

यद्यहं खण्डशः कृत्वा, देहं वह्नौ दहाम्यहो ! ।
तथाप्यमुष्य पापस्य, पारं गच्छामि न क्वचित् ।.५७९॥

अदृष्टव्येष्वहं नूनमद्रष्टव्यशिरोमणिः ।
अग्राह्यनामकेभ्योऽपि, प्रथमः पृथिवीतले ॥५८०॥

છે માટે તારી હકીકત યથાર્થ નિવેદન કર." (૫૭૬)

એટલે તેણે પોતાના નામ અને સ્થાનપૂર્વક સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી તે શ્રીમાન્ શય્યા છોડી દૂર જઈ બોલ્યો કે, (૫૭૭)

"હે માત ! હું તારો પુત્ર છું મને વેપારીઓ લઈ ગયા હતા. અહો ! ચંડાળોને પણ વર્જનીય એવું અકાર્ય મેં કર્યું. (૫૭૮)

કદાચ આ દેહના ટૂકડા કરી અગ્નિમાં ઝલાવી દઉં. તો પણ આ પાપથી હું મુક્ત ન થઈ શકું. (૫૭૯)

અદર્શનીય લોકોમાં ખરેખર હું શિરોમણિ છું. અને જગતમાં જેનું નામ ગ્રહણ કરવા યોગ્ય નથી તેઓમાં પણ હું અગ્રેસર છું. (૫૮૦)

અહો ! તારા ભવનમાં આવતા શકુનોએ પણ મને રોક્યો

त्वद्भुवनं प्रविष्टोऽहं, निषिद्धः शकुनैर्नहि ।
अथवा तेऽपि भाव्यर्थं, विहन्तुं शक्नुवन्ति न ॥५८१॥

पातकं क्षालयिष्यामि, तदहं वह्निसाधनात् ।
अत्युग्रकृतपापस्य, नाऽन्या काचिद् गतिर्मम ॥५८२॥

अथैनां स नमस्कृत्य, गत्वा निजकुटीं प्रगे ।
दत्त्वा दानानि दीनेभ्यो, भस्मसात्समजायत ॥५८३॥

साऽपि तद् दुष्कृतं प्रोचे, वेश्यायाः पुरतो निजम् ।
मातरग्निं प्रवेक्ष्यामि, सुवर्णमिव शुद्धये ॥५८४॥

पुत्रि ! चान्द्रायणादीनि, व्रतानि विविधान्यपि ।
विधाय दुष्कृतं सर्वं, प्रक्षालय शुभाशये ! ॥५८५॥

નહિ ! પરંતુ ભાવિભાવને દૂર કરવા કોઈ સમર્થ નથી. (૫૮૧)

માટે હવે તો અગ્નિપ્રવેશ કરી હું તે પાપનું પ્રક્ષાલન કરીશ. કેમકે અતિ ઉગ્ર પાપ કરનારની અન્ય કોઈ ગતિ નથી." (૫૮૨)

આ પ્રમાણે કહી તેને નમન કરી પોતાના સ્થાને જઈ પ્રભાતે દીનજનોને દાન આપી સર્વ ધનનો વ્યય કરી તે ભસ્મીભૂત થયો. (૫૮૩)

આ બાજુ પેલી બ્રાહ્મણીએ પણ વેશ્યાની આગળ પોતાનું પાપ પ્રગટ કરી કહ્યું કે, "હે માત! આ મહાપાપની શુદ્ધિ માટે સુવર્ણની જેમ હું અગ્નિમાં પ્રવેશ કરીશ." (૫૮૪)

એટલે વેશ્યા બોલી કે, "હે શુભાશયે ! ચાંદ્રાયણ વગેરે વિવિધવ્રત કરી સર્વ દુષ્કૃત્યથી શુદ્ધ થા. (૫૮૫)

હે પુત્રી ! તીર્થમાં દાન આપી એ પાપથી મુક્ત થા. પણ

दत्त्वा दानानि तीर्थेषु, पुत्रि ! पातकमुत्सृज ।
नेदं तव वपुः सोढा, हुताशं स्फुरदर्चिषम् ॥५८६॥

महातीर्थनमस्कारात्, तिलस्वर्णादिदानतः ।
पुत्रसङ्गादिकं पापं, प्रयाति क्षयमञ्जसा ॥५८७॥

एवं स्मार्त्तानि वाक्यानि, श्रावयन्ती द्विजाऽऽननात् ।
दिनयामतत्रयं यावत्, खेदिता सा पणाङ्गना ॥५८८॥

नवीनैर्दशनैर्मातः !, करिष्ये भोजनं स्फुटम् ।
इति मे निश्चयो धर्म्मकार्ये विघ्नक्रियेति किम् ? ।.५८९॥

इति निश्चयमेतस्याः, परिज्ञायाऽथ कुट्टिनी ।
ऊचे द्रव्यमिदं सर्वं, कृतार्थीकुरु दानतः ॥५९०॥

તારૂં આ કોમળ શરીર જાજવલ્યમાન અગ્નિને સહન કરી શકશે નહિ. (૫૮૬)

મહાતીર્થને નમસ્કાર કરતાં, તલ અને સુવર્ણનું દાન આપતાં પુત્રસમાગમથી બંધાયેલું પાપ પણ નાશ પામે છે." (૫૮૭)

આ પ્રમાણે બ્રાહ્મણના મુખથી સાંભળેલા સ્મૃતિના વચનો સંભળાવતી તે પણ્યાંગનાએ દિવસના ત્રણ પહોર સુધી તે બ્રાહ્મણીને સમજાવી. (૫૮૮)

પરંતુ તે બોલી કે, "હે માત ! હું નવીન દાંતથી જ ભોજન કરનાર છું આ દાંતે અન્ન ખાનાર નથી મેં એવો નિશ્ચય કર્યો છે. તો હવે તું ધર્મકાર્યમાં વિઘ્ન શા માટે કરે છે ? (૫૮૯)

આ પ્રમાણે તેનો મક્કમ નિર્ધાર જાણી કુટ્ટીની બોલી કે, દાન આપી તું સમસ્તદ્રવ્યને કૃતાર્થ કર." (૫૯૦)

પછી ચિતા ખડકાવી સ્નાન કરી, અદ્‌ભુત દાન આપતી

ततः सा विहितस्नाना, ददाना दानमद्भुतम् ।
चितापार्श्वे समागत्य, पौरलोकसमाकुला ॥५९१॥

चितां प्रदक्षिणीकृत्य, विवेशाऽग्नौ पणाङ्गना ।
इतोऽभूद् डामरो वातो, महावृष्टिरजायत ॥५९२॥

तदङ्गस्पर्शभीत्येव, ज्वलनो ज्वलितोऽपि सन् ।
निर्वाणः, नागरो लोकः, प्रनष्टो जलताडितः ॥५९३॥

किञ्चिद् दग्ध्वा ततो वेश्या, निर्गत्य चितिमध्यतः ।
सरयूसरितस्तीरे, पपात चितिदारुवत् ॥५९४॥

स्तोकाम्भसि शफरीव, वेपमाना मुहुर्मुहुः ।
रोदयन्ती दिशां चक्रं, चक्रन्द कुररीव सा ॥५९५॥

નગરવાસીથી પરિવરેલી તે ચિતાપાસે આવી, (૫૯૧)

ચિતાને ત્રણ પ્રદક્ષિણા દઈ અગ્નિમાં પ્રવેશ કર્યો. જાણે કુદરતને તેનું મોત મંજુર ન હોય તેમ પ્રચંડવાયુ વાયો, ઘણો વરસાદ થયો. (૫૯૨)

તેથી પ્રબળ અગ્નિ પ્રદીપ્ત કર્યો હોવા છતાં તેના અંગના સ્પર્શને ઇચ્છતો ન હોય તેમ તે અગ્નિ બૂઝાઈ ગયો. વૃષ્ટિથી પરાભવ પામી નગરજનો સર્વ જતા રહ્યા. (૫૯૩)

તે સમયે તે વેશ્યા-બ્રાહ્મણી કાંઈ બળેલી ચિતામાંથી નીકળી અને ચિતાના કાષ્ટની જેમ સરયૂ નદીના કિનારા પર પડી. (૫૯૪)

અલ્પજળમાં તરફડતી માછલીની જેમ કંપતી અને વારંવાર દિશાઓને રોવરાવતી એક પક્ષિણીની જેમ આક્રંદ કરવા લાગી. (૫૯૫)

અનુક્રમે વૃષ્ટિ શાંત થઈ એટલે ત્યાં ગોવાળ આવ્યો. અર્ધરાત્રે

विरते वारिदे वृष्टेः, कोऽपि गोपः समापतत् ।
शुश्राव रुदितं तस्या, निशीथे करुणापरः ॥५९६॥

काचित्पावकदग्धेति, ज्ञात्वा गोपाधिपेन सा ।
गृहीता स्वौकसि प्रीत्या, स्पृष्ट्वाऽङ्गानि मृदूनि च ॥५९७॥

एरण्डपत्रजीर्णाद्यैरुत्तार्य ज्वलनं ततः ।
उल्लाघा विदधे कालक्रमेण पणसुन्दरी ॥५९८॥ (युग्मम्)

ततः कलत्रमस्याऽभूदेषा विधिविजृम्भणात् ।
जन्मान्तरशतानि स्युरेकस्मिन्नपि जन्मनि ॥५९९॥

स गोपाधिपतिर्भ्राम्यन्, दुर्दूरूढपुरेऽगमत् ।
नैकत्र स्थितिरेतेषां, शरत्पाथोमुचामिव ॥६००॥

તેનુ રૂદન સાંભળી (૫૯૬)

તેણે વિચાર્યું કે, "અહીં કોઈ સ્ત્રી અગ્નિથી દગ્ધ થયેલી પડેલી જણાય છે." એમ ધારી પ્રેમપૂર્વક તેના કોમળ અંગનો સ્પર્શ કરી તેને તે પોતાને ઘરે લઈ ગયો (૫૯૭)

અને એરંડાના પાન તથા જીરૂં વિગેરે ઔષધોથી તેની દાહપીડા શાંત કરી. (૫૯૮)

અનુક્રમે તે પણ્યાંગનાને તેણે તદ્દન નિરોગી બનાવી દૈવયોગે તે તેની સ્ત્રી થઈ રહી. જીવને એક જન્મમાં પણ શતજન્મો કરવા પડે છે.(૫૯૯)

ગોપાલે બનાવી ગોવાલણી.
દહીં મટકી લઈ નગરે ભમતી.

એકવાર તે ગોવાળ ભમતો ભમતો કોઈ બીજા નગરમાં આવ્યો. **"શરદઋતુના મેઘની જેમ તેવા લોકો એકત્ર નિવાસ**

सा चूतपल्लवीच्छन्नविग्रहा गोपगेहिनी ।
मस्तकन्यस्तदध्याऽऽज्यनवनीतादिभाजना ॥६०१॥

तक्रं गृह्णीत गृह्णीत, वदन्ती सुदती भृशम् ।
इन्द्रकीले स्खलित्वाऽसौ, पपात चललोचना ॥६०२॥

पुस्फुटुस्तत्र भाण्डानि, मूर्खनिर्दिष्टमन्त्रवत् ।
ततोऽन्याभिरियं स्नेहाद्, बभणे गोपकामिनी ॥६०३॥

सखि ! भग्नानि भाण्डानि, करिष्यसि किमुत्तरम् ? ।
निजस्य पुरतः पत्युर्निकेतनगता सती ॥६०४॥

किञ्चिद् विहस्य साऽप्यूचे, सख्यः ! शोचामि किं ननु ? ।
शोचनीयं मया प्राज्यमनृणं हि ऋणं बहु ॥६०५॥

કરતા નથી." (૬૦૦)

ત્યાં આમ્રના પાનથી આચ્છાદિત શરીરવાળી, મસ્તક પર દહીં, ઘી, માખણ વિગેરેનું ભાજન ધારણ કરનારી, (૬૦૧)

છાશ લ્યો, કોઈ છાશ લ્યો એમ ઉંચાસ્વરે બોલનારી ચપલાક્ષી ગોપાંગના દુર્ગમમાર્ગમાં ઠેબુ વાગવાથી પડી ગઈ. (૬૦૨)

મૂર્ખને કહેલા રહસ્યની જેમ તેના ભાજનો ફૂટી ગયાં. એટલે બીજી સ્ત્રીઓએ સ્નેહપૂર્વક તેને પૂછ્યું કે, (૬૦૩)

"હે સખી ! તારા ભાજન ભાંગી ગયા હવે ઘરે જઈ તારા પતિને શો જવાબ આપીશ ? (૬૦૪)

એટલે તે કાંઈ હસીને બોલી કે, "હે સખીઓ ! હું કેટલાનો શોક કરું ? કેમ કે મારે બહુ શોચનીય છે માટે બહુ ઋણતો અનૃણજ છે. (૬૦૫)

જો સાંભળો-પ્રથમ રાજાનો ઘાત કરી પતિ પાસે આવતાં

१. गेहिनीत्यपि ।

हत्वा नृपं पतिमवेक्ष्य भुजङ्गदष्टं,
देशान्तरे विधिवशाद् गणिकाऽस्मि जाता ।
पुत्रं भुजङ्गमधिगम्य चितां प्रविष्टा,
शोचामि गोपगृहिणी कथमद्य तक्रम् ? ॥६०६॥

एवं लोलेक्षणावृत्तं, श्रुत्वा भोगपुरेश्वर ! ।
जीवितव्यव्ययकरीं, विषयाशां श्लथीकुरु ॥६०७॥

मित्रानन्दस्ततोऽवोचद्, युष्मदुक्तकथाश्रुतेः ।
विषयेभ्यो निवृत्तोऽपशकुनेभ्य इवाध्वगः ॥६०८॥

प्रसरत् सलिलं यद्वत्सेतुबन्धेन बाध्यते ।
यद्वत् तुरग उन्मार्गप्रसक्तो वरसादिना ॥६०९॥

પતિને સર્પે ડંશેલો જોઈ દૈવવશાત્ દેશાંતર ગઈ ત્યાં હું ગણિકા થઈ ત્યાં પુત્રને જાર તરીકે ભોગવી મેં ચિતામાં પ્રવેશ કર્યો અને અત્યારે હું ગોપાંગના થઈ છું. માટે આ છાશનું ભાજન ફૂટી ગયુ તેનો મારે શો શોક કરવો ? (૬૦૬)

આ પ્રમાણે રાજન્ ! ચપલાક્ષીનું ચરિત્ર સાંભળી **જીવિતવ્યનો નાશ કરનારી વિષયવાસનાને શિથિલ કરો.** (૬૦૭)

એટલે મિત્રાનંદરાજાએ કહ્યું કે, "હે મંત્રીઓ ! તમોએ કહેલી કથા શ્રવણથી અપશુકનોથી મુસાફરની જેમ વિષયોથી હું નિવૃત્ત થાઉ છું. (૬૦૮)

જેમ પ્રસરતું પાણી સેતુબંધથી, ઉન્માર્ગગામી અશ્વ જેમ સારથીથી, અન્યપુરુષોના સંગથી સ્વેચ્છાચારિણી કૂળવધુ જેમ પોતાના પતિના સમાગમથી વશ થાય. તેમ ન કરવા યોગ્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રાજાને સુમંત્રીઓએ સુમાર્ગે લાવવો જ

यथा कुलवधूः पत्या, स्वैरिणी गणसङ्गिनी ।
अप्रवृत्तिप्रवृत्तौ राट्, तथाऽऽचार्यः सुमन्त्रिभिः ॥६१०॥ (युग्मम्)

भवन्तो गुरवोऽस्माकं, भवन्तः सुहृदोऽपि च ।
भवन्तो नयनप्राया, भवन्तश्च विपश्चितः ॥६११॥

अन्येद्युश्चन्द्रशालायामास्थितः पृथिवीपतिः ।
अपश्यत् स्फारशृङ्गारं, जनं यान्तं पुरो बहिः ॥६१२॥

राजँस्तव वरोद्याने, केवली सुव्रताभिधः ।
समागादित्युवाचोच्चैः, कश्चित् पृष्टो महीभुजा ॥६१३॥

मित्रानन्दः कृतानन्दः, सचिवैः सह वन्दितुम् ।
नत्वा गत्वा मुनिं भक्त्या, विनिविष्टः कृताञ्जलिः ॥६१४॥

જોઈએ. (૬૦૯-૬૧૦)

માટે તમે મારા ગુરૂ છો મિત્ર છો, નેત્ર સમાન છો અને ખરેખર પંડિત છો." (૬૧૧)

એક દિવસ રાજા અગાશી ઉપર બેઠો હતો. તેવામાં તેણે લોકોને બહુજ શૃંગાર સહિત નગરની બહાર જતા જોયા. (૬૧૨)

એટલે રાજાએ કોઈ પુરુષને બોલાવી બહાર જવાનું કારણ પૂછ્યું. તે બોલ્યો કે, "હે રાજન ! આપના રમણીય ઉદ્યાનમાં સુવ્રત નામના કેવળી ભગવંત પધાર્યા છે." (૬૧૩)

એ સાંભળી આનંદપૂર્વક તે રાજા મંત્રીઓ સાથે તેમને વંદન કરવા ચાલ્યો. ત્યાં જઈ તેમને ભક્તિપૂર્વક વંદના કરી અંજલિ જોડી રાજા બેઠો. (૬૧૪)

એટલે કેવળી ભગવંતે કોમળ વાણીથી રાજાને ઉદ્દેશી કહ્યું કે, "અહો ! આશારૂપી પિશાચણી અત્યંત દૃઢ છે. તેનાથી ત્રણે

मुनिर्नृपतिमुद्दिश्य, व्याजहारेति कोमलम् ।
आशापिशाची सुदृढा, तया व्याप्तं जगत्त्रयम् ॥६१५॥

चिन्ताचक्रसमारूढो, योगदण्डसमाहतः ।
प्राच्यकर्मकुलालेन, भ्राम्यते घटवद् नरः ॥६१६॥

आतपच्छाययोर्यद्वत्, सहाऽवस्थानलक्षणः ।
विरोधस्तद्वदत्राऽपि, विज्ञेयः सुखवाञ्छयोः ॥६१७॥

वाञ्छा चेन्न सुखं जन्तोस्तदभावे परं सुखम् ।
न भूतानि न भावीनि, सुखानि सह वाञ्छया ॥६१८॥

जीवान्निरागसो घ्नन्ति, मृषावादं वदन्ति च ।
कुर्वन्ति कूटदम्भादि, वञ्चयन्ति निजानपि ॥६१९॥

લોક વ્યાપ્ત છે. (૬૧૫)

પૂર્વકૃત કર્મરૂપી કુલાલ (કુંભકાર) જીવોને ચિંતારૂપ ચક્ર પર ચઢાવી યોગરૂપદંડથી તેનો આઘાત કરી ઘટની જેમ ભમાવે છે. (૬૧૬)

જેમ આતાપના અને છાયા સાથે ન રહી શકે તેમ સંસારમાં સુખ અને વાંછા એકત્ર રહેતા નથી. (૬૧૭)

જો વાંછા હોય તો સુખ સંભવતું નથી. અને પરમસુખ વાંછાના અભાવમાં સંભવે છે. વાંછા અને સુખ કદાપિ સાથે રહી શકતા નથી. (ન ભૂતો ન ભવિષ્યતિ) (૬૧૮)

લોભાંધ થઈ પરદ્રવ્ય ગ્રહણ કરવા ઇચ્છુક અને લજ્જારહિત પુરુષો શું શું કરતા નથી ? એવા જીવો નિરપરાધી જીવોનો સંહાર કરે, જુઠું બોલે, કૂડ કપટ કરે, બીજાઓને છેતરે, (૬૧૯)

પોતાના પૂજ્યજનોનો દ્રોહ કરે વિશ્વાસુ લોકોનો વિનાશ કરે,

पूज्येभ्योऽपि हि द्रुह्यन्ति, निन्दन्ति स्वगुरूनपि ।
आरभन्ते महारम्भान्, लुम्पन्ति यामनैगमान् ॥६२०॥

गोहत्यां भ्रूणहत्यां च, ब्रह्महत्यां च निस्त्रपाः ।
लोभान्धाः किं न कुर्वन्ति, परद्रव्यजिघृक्षवः ? ॥६२१॥

लोभव्यालमहामन्त्रं, दिग्प्रमाणाऽभिधं व्रतम् ।
समाहितैः प्रपन्नं यैस्तैः, कृता प्राणिनां कृपा ॥६२२॥

श्रुत्वेति जगतीनाथः, काष्ठासु चतसृष्वपि ।
विशेषतो दिग्विरतौ, योजनानां शतं व्यधात् ॥६२३॥

पुनः प्रणम्य निग्रन्थं, ग्रन्थवद् वर्णभासुरः[१] ।
आगत्याऽऽवासमुर्वीशः, श्राद्धधर्ममपालयत् ॥६२४॥

મહારંભ કરે, સ્વગુરુની નિંદા કરે. (૬૨૦)

તથા ગૌહત્યા, બાળહત્યા, બ્રહ્મહત્યા કરતાં પણ તેઓ અચકાતા નથી. (૬૨૧)

લોભરૂપી ક્રૂરસર્પને વશ કરવા મહામંત્ર સમાન દિશિપ્રમાણ વ્રતનો જે પુરુષો શાંત મનથી સ્વીકાર કરે છે તેઓ બરાબર જીવદયા પાળી શકે છે. (૬૨૨)

આ પ્રમાણે દેશના સાંભળી રાજાએ દિશિપરિમાણવ્રત અંગીકાર કર્યું. તેમાં ચારે દિશાઓમાં ૧૦૦-૧૦૦ યોજનનું પ્રમાણ રાખ્યું. (૬૨૩)

પછી તે નિર્ગ્રંથ મહાત્માને વંદના કરી ગ્રંથની જેમ વર્ણ (જાલ)થી શોભતો રાજા પોતાના આવાસમાં આવી ભાવથી શ્રાવકધર્મનું પાલન કરવા લાગ્યો. (૬૨૪)

એકવાર મિત્રાનંદ રાજાએ શત્રુઓની સામે ચડાઈ કરી.

१. -भासुरमित्यपि ।

समभूदभ्यमित्रीणो, मित्रानन्दो नृपोऽन्यदा ।
देशान्ते शत्रुभिः साकं, संग्रामः समजायत ॥६२५॥

भूपेन निर्जिताः सर्वे, बलीयांसोऽपि लीलया ।
तेषां प्रणश्यतां पृष्ठे, गतो दूरं महीपतिः ॥६२६॥

स दूराऽतिक्रमं ज्ञात्वा, राजा पप्रच्छ मन्त्रिणम् ।
कियन्मानां भुवं भद्र !, समायाता वयं पुरात् ॥६२७॥

मन्त्री प्रोवाच नगराद्, योजनशतमागताः ।
ततोऽसौ चिन्तयामास, स्मृतदिग्विरतिव्रतः ॥६२८॥

न गन्तव्यं मया क्वापि, योजनानां शतात्परम् ।
ईदृक्षो नियमोऽग्राहि, केवलज्ञानिनोऽन्तिके ॥६२९॥

પોતાના રાજ્યના સીમાડે આવતાં તે બંનેની વચ્ચે યુદ્ધ થયું (૬૨૫)

અને મિત્રાનંદ રાજાએ બધા બળવંત શત્રુઓને એક લીલામાં જીતી લીધા. પછી પલાયન કરતા તે શત્રુઓની પાછળ પડતાં રાજા બહું દૂર નીકળી ગયો. (૬૨૬)

એવામાં પોતાને બહુ દૂર આવેલો જાણી રાજાએ મંત્રીને પૂછ્યું કે, "હે ભદ્ર ! આપણા નગરથી આપણે કેટલા દૂર આવ્યા છીએ." (૬૨૭)

મંત્રી બોલ્યો કે, "હે રાજન્ ! આપણા નગરથી આપણે સો યોજન દૂર આવ્યા છીએ." એટલે દિગ્વ્રતનું સ્મરણ થતાં તે ચિંતવવા લાગ્યો કે, (૬૨૮)

"મારે સો યોજન ઉપરાંત ન જવું" એવો કેવળી ભગવંત પાસે મેં નિયમ લીધો હતો. તેથી મારે હવે આગળ જવું યોગ્ય નથી. (૬૨૯)

अथ मौनपरं भूपं, दृष्ट्वा मन्त्री व्यजिज्ञपत् ।
क्रियतां सत्वरं देव !, प्रयाणकमभिद्विषः ॥६३०॥

यस्मात्सन्ति महीपाल !, शत्रवोऽभ्यर्णचारिणः ।
अथ प्रोवाच भूपालो, नाऽहं गन्तास्म्यऽतः परम् ॥६३१॥

दिग्विरतिव्रते मन्त्रिन् !, समस्ति [१]मम निश्चयः ।
नाऽतः प्रयाणं कर्तास्मि, श्रेयोनिश्चयपालनम् ॥६३२॥

सुस्थाऽवस्थासु भूपाल !, पाल्यतां नियमस्थितिः ।
विधुरे प्रोद्गते सर्वं, कार्यं कार्यं यथाविधि ॥६३३॥

विशेषाद् विधुरे मन्त्रिन् !, कार्यं नियमपालनम् ।
धीराणां कातराणां च, व्यसने लभ्यतेऽन्तरम् ॥६३४॥

એમ વિચારી મૌનધારી રાજાને મંત્રીએ વિજ્ઞપ્તિ કરી કે, "હે દેવ ! શત્રુઓ તરફ સત્વર પ્રયાણ કરો. (૬૩૦)

કેમ કે તેઓ હવે નજીકમાં જ છે." એટલે રાજાએ કહ્યું કે, "અહીંથી હવે મારે આગળ જઈ શકાય તેમ નથી (૬૩૧)

હે મંત્રિન્ ! દિગ્વ્રતમાં મેં સો યોજન સુધી જ જવાનો નિશ્ચય કરેલો છે. માટે હવે હું આગળ પ્રયાણ કરનાર નથી. ઉત્તમજીવોએ ગ્રહણ કરેલા નિયમોનું અવશ્ય પાલન કરવું જોઈએ. (૬૩૨)

આ પ્રમાણે સાંભળી મંત્રી બોલ્યો કે, "હે ભૂપાળ ! શાંત અવસ્થામાં એ નિયમની મર્યાદા ખુશીથી પાળજો પણ સંકટ-વિકટમાં તો યથાવિધિ બધું કરવું જોઈએ." (૬૩૩)

એટલે રાજા બોલ્યો કે, "હે મંત્રિન્ ! સંકટ આવતાં તો વિશેષે નિયમનું પાલન કરવું જોઈએ. કારણ કે સંકટ સમયે જ ધીર-કાયર લોકોનું અંતર સમજાય છે." (૬૩૪)

१. मिति-इति च ।

अथाऽनापृच्छ्य भूपालं, मन्त्री नीतिघटस्ततः ।
किञ्चित् सैन्यं समादाय, प्रतस्थे द्विड्जिगीषया ॥६३५॥

अतिश्रान्तं बलं ज्ञात्वा, मन्त्रिणोऽरिमहीभुजः[1] ।
विजिग्यिरे ततो नीतिघटं जघ्नुश्च लीलया ॥६३६॥

मन्त्रिणं नृपतिः श्रुत्वा, कालधर्ममुपागतम् ।
आचार्यानेव तुष्टाव, भवाम्भोधिघटोद्भवान् ॥६३७॥

यैर्मे नियमदानेन, प्रदत्तमिह जीवितम् ।
प्रणम्य तत्पदद्वन्द्वं, ग्रहीष्यामि महाव्रतम् ॥६३८॥

इति निश्चयमादाय, ववले नगरं प्रति ।
मार्गस्याऽर्धे च तान्, राजा दृष्टवान् मुनिपुङ्गवान् ॥६३९॥

પછી રાજાની અનુજ્ઞા વિના શત્રુ જીતવાની ઇચ્છાથી કંઈક સૈન્ય લઈ નીતિધર મંત્રીએ પ્રયાણ કર્યું. (૬૩૫)

પણ મંત્રી સાથેનું લશ્કર અત્યંત થાકેલું જાણી શત્રુરાજાઓએ તેનો પરાભવ કર્યો. નિતિધરને મારી નાંખ્યો. (૬૩૬)

મંત્રીના મરણના સમાચાર સાંભળી રાજા સંસારસાગરના અગસ્તિ સમાન આચાર્યની સ્તવના કરવા લાગ્યો કે, (૬૩૭)

જેમણે નિયમના દાનથી આ સમયે મારા જીવિતનો બચાવ કર્યો છે તેમના ચરણને નમસ્કાર કરી હું પણ મહાવ્રત ધારણ કરીશ. (૬૩૮)

આવો નિશ્ચય કરી રાજા પોતાના નગર તરફ પાછો વળ્યો. અર્ધમાર્ગે જ તેને તે મુનિ મળી ગયા. (૬૩૯)

એટલે ભવસાગર તરવાની પ્રબળ ઇચ્છાથી રાજાએ તે ગુરૂની

---

१. -पि महीभुजः, एवमपि ।

तेषां गुरूणामभ्यर्णे, भवार्णवतितीर्षया ।
अगृह्णाद् भूमिपालोऽथ, व्रतं निर्ग्रन्थसेवितम् ॥६४०॥

महाव्रतं परिपाल्य, यथोक्तं नृपसंयमी ।
जगामाऽप्यच्युतं कल्पं, तस्मात्सिद्धिमवाप्स्यति ॥६४१॥

कथान्ते न्यगदद् राजा, शिरःप्रणतिपूर्वकम् ।
धन्योऽसौ दिग्मितौ येन, विशुद्धो नियमः कृतः ॥६४२॥

भोगोपभोगयोः संख्या, क्रियते या महीपते ! ।
भोगोपभोगनामाऽस्ति, तद् द्वितीयं गुणव्रतम् ॥६४३॥

भोज्यभेदात् कर्मभेदादिदं संभवति द्विधा ।
भोज्येषु बहुबीजानि, खरकर्माणि कर्मसु ॥६४४॥

પાસે નિર્ગ્રંથોથી સેવિત ચારિત્ર અંગીકાર કર્યું (૬૪૦)

અને યથોક્ત પ્રકારે સંયમપાળી તે રાજર્ષિ અચ્યુતદેવ લોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી તે પરમપદને પામશે. (૬૪૧)

ઇતિ ષષ્ઠવ્રત ઉપર મિત્રાનંદ કથા.

આ પ્રમાણેની કથા સાંભળી મસ્તકથી પ્રણામ કરવા પૂર્વક કુંભરાજાએ કહ્યું કે, "હે ભગવંત ! એ મિત્રાનંદ રાજાને ધન્ય છે કે જેણે દિગ્વ્રતનો નિયમ લઈ બરાબર પાલન કર્યું. (૬૪૨)

પછી ભગવંત બોલ્યા કે, "હે રાજન્ ! ભોગોપભોગથી વસ્તુ વિગેરેની જે સંખ્યા કરવી પ્રમાણ નક્કી કરવું તે ભોગોપભોગ નામે બીજું ગુણવ્રત જાણવું. (૬૪૩)

એ વ્રત ભોજન આશ્રયી અને કર્માદાન આશ્રયી એમ બે પ્રકારે છે. તેમાં ભોજનમાં બહુબીજ વગેરે પદાર્થો અને કર્મમાં

भोज्यभेदे फलं सर्वमज्ञातं बहुबीजवत् ।
अनन्तकायमांसानि, मद्यपानं निशाऽशनम् ॥६४५॥

न्यग्रोधोदुम्बरप्लक्षकाष्ठोदुम्बरभूरुहाम् ।
श्रीवृक्षस्य च नो भोज्यं, श्राद्धैर्जीवाऽऽकुलं फलम् ॥६४६॥

अपक्वं गोरसोन्मिश्रपुष्पितं द्विदलं[1] तथा ।
अहर्द्वयमतिक्रान्तं, दध्यन्नं कथितं[2] त्यजेत् ॥६४७॥

इदं भोजनतः प्रोक्तं, कर्मतोऽङ्गारकर्म च ।
वनच्छेदं शाकटं च, भाटकं स्फोटकर्म च ॥६४८॥

रसकेशविषाणां तु, वाणिज्यं दन्तलाक्षयोः ।
यन्त्रपीडानिर्लाञ्छनदवदानानि कानने ॥६४९॥

ખરકર્મ (હિંસકકર્મ) ગણાય છે. (૬૪૪)

ભોજ્યભેદમાં સર્વજાતિનાં અજાણ્યા ફળ, બહુબીજવાળા ફળ, અનંતકાય, માંસ, મદ્યપાન, રાત્રિભોજન એ સર્વ ત્યાજ્ય છે. (૬૪૫)

વળી વટવૃક્ષ, પીપ્પળ, ઉદુંબર (ઉંબરાનું ઝાડ) કાષ્ઠોદુંબર તથા શ્રીવૃક્ષ એ પાંચ વૃક્ષનાં ફલ જે અનેક સૂક્ષ્મજીવોથી વ્યાપ્ત હોવાથી શ્રાવકને સર્વથા ત્યાજ્ય છે. (૬૪૬)

વળી અપકવ (-કાચા-ગરમ કર્યા વિનાના) ગોરસ, પુષ્પિત (ઉગી ગયેલ) દ્વિદળ, બે દિવસ ઉપરાંતનું દહીં અને કોહી ગયેલ અન્ન ત્યાજ્ય છે. (૬૪૭)

એ ભોજન સંબંધી કહેવામાં આવ્યું છે. હવે કર્મસંબંધી આ પ્રમાણે અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ, રસ, કેશ, વિષ, દંત અને લાખનો વ્યાપાર, યંત્રપીલનકર્મ નિર્લાંછનકર્મ, વનદાહકર્મ, સરશોષણ અને અસતી (બિલાડા,

---

१. विदलमित्यपि । २. कुथितमपि ।

सरःशोषबिडालश्वकुक्कुटादिकपोषणम् ।
धर्मार्थी वर्जयेन्नित्यं, जीवेषु करुणापरः ॥६५०॥

भोगोपभोगविरतिं, ये कुर्वन्ति मनीषिणः ।
ते लभन्ते सुखं भीमभीमसेनौ यथाश्रुतौ ॥६५१॥

संनिवेशे निवेशाख्ये, व्रजव्रजविराजिनि ।
अभूतां भ्रातरौ भीमभीमसेनाऽभिधावुभौ ॥६५२॥

पूर्वाऽपरपयोराशिपयांसीव युगक्षये ।
सर्वदिग्संभवाः क्रूरा, अमिलंस्तस्करास्तयोः ॥६५३॥

धनान्यहरतां सार्द्धं, तस्करैर्गोधनान्यपि ।
बभञ्जतुः पुराण्युच्चैरगृह्णीतां प्रवासिनः ॥६५४॥

શ્વાન, કુકડા વિગેરેનું) પોષણ એ પંદર કર્માદાનનો ધર્માર્થી અને દયાળુ શ્રાવકે સર્વથા ત્યાગ કરવો જોઈએ. (૬૪૮-૬૫૦)

જે સુજ્ઞજનો ભોગોપભોગની વિરતિ કરે છે તેઓ ભીમ અને ભીમસેનની જેમ સુખને મેળવે છે. તેમની કથા આ પ્રમાણે છે :- (૬૫૧)

સાતમાવ્રત ઉપર ભીમ-ભીમસેન કથા.

ગાયોના વાડાના સમૂહથી સુશોભિત નિવેશ નામનાં સંનિવેશમાં ભીમ અને ભીમસેન નામના બે ભાઈઓ રહેતા હતા. (૬૫૨)

તેમને કલ્પાંત કાળ સંબંધી પૂર્વ-પશ્ચિમ સમુદ્રના જળની જેમ ચારેબાજુથી આવેલા ક્રૂર તસ્કરો મળ્યા. (૬૫૩)

તે તસ્કરો સાથે સંગતિ કરી તે બંને અમુક પ્રવાસીઓનું ધન તથા ગાયો વિગેરે ચોરવા-લુંટવા લાગ્યા અને લોકોના ઘરો અને

अन्येद्युर्विमहासत्त्वाः, पावयन्तो महीतलम् ।
तत्राऽऽचार्याः समाजग्मुः, शमश्रीपुरुषोत्तमाः ॥६५५॥

अथाऽऽविरभवद् व्योम्नि, प्रचण्डा घनमण्डली ।
मण्डलीकृतसुत्रामाऽखण्डकोदण्डमण्डना ॥६५६॥

पदव्यस्तटिनीयन्ते, वार्द्धीयन्ते सरिद्वराः ।
सरांसि मानसायन्ते, वरीवृषति वारिदे ॥६५७॥

जनानामपि संचारो, निषिद्धः प्रसृतैर्जलैः ।
का पुनर्यमिनां वार्ता, प्रासुकाध्वविहारिणाम् ? ॥६५८॥

आचार्यैः प्रेषितं साधुयुगलं विपुलं धिया ।
तत्तयोः पार्श्वमागत्य, बभाषे निपुणं वचः ॥६५९॥

નગર ભાંગી કિંમતી ચીજો લઈ લેવા લાગ્યા. સંગ તેવો રંગ તે આનું નામ માટે કુસંગતિ છોડો. (૬૫૪)

એકવાર મહાસત્ત્વવંત શમશ્રીથી સર્વોત્તમ અને પૃથ્વીમંડળને પાવન કરતાં કોઈ આચાર્ય ભગવંત ત્યાં પધાર્યા. (૬૫૫)

તે સમયે મંડલાકાર, અખંડ ઈંદ્રધનુષ્યથી સુશોભિત પ્રચંડ મેઘ આકાશમાં ચડી આવ્યો. (૬૫૬)

અને મુશળધારે વરસવા લાગ્યો. તેથી રસ્તાઓ નદી જેવા, નદીઓ સમુદ્રજેવી અને તળાવો માનસ સરોવર જેવા ભાસવા લાગ્યા. (૬૫૭)

એટલે વિસ્તાર પામતાં જળપ્રવાહથી લોકોનો સંચાર પણ અટકી પડ્યો. તો પછી પ્રાસુક માર્ગે જ વિહાર કરનારા મુનિઓની તો શી વાત કરવી ? (૬૫૮)

આથી આચાર્ય ભગવંતે બુદ્ધિનિધાન બે સાધુને ભીમ અને

आयुष्मन्तौ ! भवत्पार्श्वे, प्रेषितौ गुरुणाऽधुना ।
वर्षाकालः समायातो, न गन्तुं युज्यते क्वचित् ॥६६०॥

मुनिवाचमिमां श्रुत्वा, बभाषाते इति स्फुटम् ।
अत्र तिष्ठन्तु निष्ठां स्वां, तन्वाना गुरुभिः समम् ॥६६१॥

अन्नप्रभृति यत्किञ्चिद्, रोचते वो निरन्तरम् ।
तत्सर्वं भवद्भिर्ग्राह्यं, लक्ष्मीर्दानफला ! यतः ॥६६२॥

अवोचतां मुनी भद्रौ !, न निर्ग्रन्थानां कल्पते ।
एकस्मिन्नपि संस्त्याये, ग्रहीतुमशनादिकम् ॥६६३॥ **यत :–**

ભીમસેનની પાસે વસતિની યાચના માટે મોકલ્યા. તેઓએ તેમની પાસે આવી યુક્તિયુક્ત વચન વડે કહ્યું કે, (૬૫૯)

"હે આયુષ્મંત ! અમારા ગુરુએ અમને આપની પાસે મોકલ્યા છે. અત્યારે વર્ષાકાળ હોવાથી અમારે અન્યત્ર જઈ શકાય તેમ નથી તો તમારી આજ્ઞા હોય તો અમે અહીં ચોમાસું રહીએ." (૬૬૦)

આ પ્રમાણે તે મુનિના વચન સાંભળી તે બંને બોલ્યા કે, તમારા ગુરૂની સાથે તમારા ધર્મનું પાલન કરતાં તમે સુખપૂર્વક અહીં રહો (૬૬૧)

અને અન્નાદિક જે કંઈ તમને જોઈએ તે બધુ અમારે ત્યાંથી લેજો. કારણ કે **દાન એ જ લક્ષ્મીનું ફળ છે."** (૬૬૨)

એટલે મુનિ બોલ્યા કે, "હે ભદ્રો ! સાધુઓને એક જ સ્થાનેથી અશનાદિક લેવું કલ્પે નહિ કહ્યું છે કે- (૬૬૩)

મધુકર વૃક્ષોના પુષ્પો પર બેસી તેમાંથી રસાસ્વાદ લે છે. પણ પુષ્પને કીલામણા પહોંચાડતા નથી અને પોતાના આત્માને

यथा द्रुमस्य पुष्पेषु, रसं पिबति षट्पदः ।
न च पुष्पं क्लामयति, स स्वं प्रीणाति नित्यशः ॥६६४॥

तथा सुसाधवो धीराः, प्रविष्टा गोचरक्षणे ।
गृहेषु गृह्णते भिक्षामगृद्धा रससंपदि ॥६६५॥

भा! भा! भद्रा! परं शुद्धं, स्त्रीषण्डपशुवर्जितम् ।
कुलीनजनगेहाऽन्तः, संप्रदत्तामुपाश्रयम् ॥६६६॥ **यत :–**

यो ददात्याऽऽश्रयं ज्ञानशालिनां तत्त्वमालिनाम् ।
वस्त्रान्नपानशय्यादि, सर्वं प्रादायि तेन यत् ॥६६७॥

परोपकारः स्वाध्यायो, ज्ञानाऽभ्यासश्च संयमः ।
एतन्निर्मापितं तेन, येन दत्त उपाश्रयः ॥६६८॥

प्राप्नोति राज्यचक्रित्वस्वर्गिशक्रश्रियं नरः ।
उत्पत्तिं सुकुले कीर्तिं स्फुर्तिं च जनपर्षदि ॥६६९॥

સદા પ્રસન્ન રાખે છે. (૬૬૪)

તેમ ધીર સુસાધુઓએ પણ રસમાં અગૃદ્ધ (અનાસક્ત) રહી ગોચરી અવસરે ગૃહસ્થને ઘરે જઈ ભિક્ષા ગ્રહણ કરવી." (૬૬૫)

હે ભદ્ર ! સ્ત્રી નપુંસક-પશુથી વર્જિત તથા પરમશુદ્ધ કોઈ કુલીનજનના ઘરમાં અમને સ્થાન આપો. (૬૬૬)

કેમ કે જ્ઞાનવંત અને તત્ત્વશાળી મુનિઓને જે આશ્રય આપે છે તેણે તેમને વસ્ત્ર, અન્ન, પાન અને શય્યાદિ બધું આપ્યું સમજવું. (૬૬૭)

જે મહાત્માઓને ઉપાશ્રય આપે છે તેણે પરોપકાર, સ્વાધ્યાય, જ્ઞાનાભ્યાસ અને સંયમ એ બધું આચર્યું સમજવું (૬૬૮)

તે પુરુષ રાજ્ય સામ્રાજ્ય, દેવ ને ઇંદ્રની ઋદ્ધિ, સારાકુળમાં

शय्यादानप्रभावेण, भवाब्धिं तरति क्षणात् ।
अतः शय्यातरस्तीर्थंकरैः सर्वैरुदाहृतः ॥६७०॥

निशम्येति मुनिप्रोक्तमभ्यधत्तां मुनीन् प्रति ।
असावुपाश्रयः साधू !, गृह्यतां विधिपूर्वकम् ॥६७१॥

तत्राऽस्थुः सूरयः श्रीमत्सिद्धान्तार्थस्य वाचनाम् ।
वितन्वानाः समाधानं, सावधानस्वमानसाः ॥६७२॥

तावपि शृणुतः स्मोच्चैः, सिद्धान्तध्वनिमुत्तमम् ।
अशृण्वानौ पदव्याख्यां, दृष्टान्तस्थितिशालिनीम् ॥६७३॥

જન્મ, કીર્તિ અને લોકસમાજમાં માન પામે છે. (૬૬૯)

શય્યા (વસતિ) દાનના પ્રભાવથી તે સંસાર સાગરથી સત્વર તરી જાય છે. એટલા માટે સર્વ તીર્થંકરોએ તેને શય્યાતર કહેલો છે. (૬૭૦)

આ પ્રમાણે મુનિકથન સાંભળી તે બંને ભાઈઓ બોલ્યા કે, "હે મહાત્માઓ વિધિપૂર્વક આ ઉપાશ્રયનો આપ સ્વીકાર કરો." (૬૭૧)

એટલે શ્રીસિદ્ધાંતની વાચના કરતા અને પોતાના મનને સમાધિસ્થ રાખતા આચાર્ય ભગવંત સાધુઓ સાથે ત્યાં રહ્યા. (૬૭૨)

પછી દૃષ્ટાંતની સ્થિતિથી સુશોભિત એવી પદવ્યાખ્યાને વ્યક્ત ન સાંભળતાં તે બંને સિદ્ધાંતના માત્ર ઉત્તમધ્વનિને જ સારી રીતે સાંભળતા હતા. (૬૭૩)

અનુક્રમે વર્ષાકાળ વ્યતીત થયો. કાદવ બધો સૂકાઈ ગયો,

वर्षारात्रे व्यतिक्रान्ते, शोषमायाति कर्दमे ।
कूलमध्यप्रवाहासु, कूलिनीषु समन्ततः ॥६७४॥

शरत्कालश्रियो हासे, कामे पुष्यति सर्व्वतः ।
विहारं कर्तुमारब्धा, आचार्याः साधुचर्यया ॥६७५॥ (युग्मम्)

द्वावपि भ्रातरौ सूरीननुगन्तुं शुभाशयौ ।
गर्भश्राद्धोपमौ भक्त्या, प्रवृत्तौ सपरिच्छदौ ॥६७६॥

उचिते भूमिभागेऽधः, सूरिः स्थित्वा प्रशान्तगीः ।
उवाच भद्रकौ ! वाक्यमास्माकीनं निशम्यताम् ॥६७७॥

शुद्धान्नपानदानेन, सान्निध्याद् भवतोरिह ।
सौख्येन संस्थिता वर्षारात्रमेकदिनं यथा ॥६७८॥

નદીઓના વહેણ નીચા ઉતરીને કિનારાની અંદર વહેવા લાગ્યા. (૬૭૪)

શરદઋતુની શોભા વિકસ્વર થઈ અને મન્મથ પણ સર્વ પ્રકારે જાગૃત થવાનો સમય આવ્યો. એટલે સાધ્વાચાર પ્રમાણે આચાર્યે વિહારની તૈયારી કરી વિહાર કર્યો. (૬૭૫)

તે સમયે સારા શ્રાવકની જેમ, ભક્તિપૂર્વક પોતાના પરિવારને સાથે લઈ શુભાશયવાળા તે બંને ભાઈઓ આચાર્યની પાછળ વળાવવા ચાલ્યા. (૬૭૬)

સૂરિભગવંતે થોડે દૂર જઈ ઉચિત સ્થાને નીચે બેસીને પ્રશાંતવાણીથી તેમને કહ્યું કે, હે ભદ્રા ! મારૂં કથન સાંભળો. (૬૭૭)

આપની શુદ્ધ અન્નાદિ દાન આપવાની સહાયતાથી અમે અહીં એક દિવસની જેમ સુખપૂર્વક ચોમાસું રહી શક્યા. (૬૭૮)

आज्ञया जिनराजस्य, निर्ग्रन्थभटवेष्टिताः ।
वयं मोहरिपुं जेतुं, चलिताः सैन्यपा इव ॥६७९॥

धर्मश्रवणमस्माकं न, जातं भवतोः क्वचित् ।
परमेकं वचश्चारु, विधेयं शुभवृद्धये ॥६८०॥

अभिग्रहाणामन्येषां, भवन्तो न सहिष्णवः ।
रात्रिभुक्तिपरीहारो, भावशुद्ध्या विधीयताम् ॥६८१॥ **यत :–**

भ्रमन्ति सर्वतो भीमा, रजन्यां रजनीचराः ।
अतो निशि न भोक्तव्यं, दुष्टवेलेति दूषणात् ॥६८२॥

मक्षिका कुरुते वान्तिं, प्रज्ञां हन्ति पिपीलिका ।
कोलिकः कुष्ठरोगं तु, विधत्ते निशि भोजनात् ॥६८३॥

હવે ભગવંતની આજ્ઞા પ્રમાણે સેનાની સમાન નિર્ગ્રંથ સુભટોથી પરિવરીને અમે મોહરિપુનો વિજય કરવા જઈશું. (પ્રયત્ન કરશું.) (૬૭૯)

ચોમાસા દરમ્યાન અમે તમને ક્યારેય ધર્મ સંભળાવી શકતા નથી પણ હવે તમારે કલ્યાણવૃદ્ધિ માટે અમારૂં એકવચન માન્ય રાખી તે પ્રમાણે વર્તવુ યોગ્ય છે. (૬૮૦)

તમે બીજા અભિગ્રહોનું પાલન કરી શકો તેમ નથી. પરંતુ સાચા ભાવથી એક રાત્રિભોજનનો પરિત્યાગ કરો. (૬૮૧)

કારણ કે-રાત્રે ભયંકર રાક્ષસો સર્વત્ર ભમતા હોય છે. માટે એ ખરાબસમય હોવાના દોષથી રાત્રે ભોજન ન કરવું. (૬૮૨)

વળી રાત્રિભોજન કરતાં મક્ષિકા આવી જાય તો વમન કરાવે છે. કીડી બુદ્ધિનો નાશ કરે છે અને કરોળિયો કોઢરોગ નીપજાવે છે. (૬૮૩)

स्वरभङ्गं कचः कुर्यादलिर्विध्यति तालु च ।
दोषानेवंविधान् ज्ञात्वा, रात्रौ कोऽश्नाति कोविदः ? ॥६८४॥

आयुर्वर्षशतं लोके, तदर्द्धं स उपोषितः ।
करोति विरतिं धन्यो, यः सदा निशि भोजनात् ॥६८५॥

आचार्योक्तमिति श्रुत्वा, संवेगरसरङ्गितौ ।
प्रापद्येतां व्रतं रात्रिभोजनप्रतिषेधकृत् ॥६८६॥

आचार्या अपि निर्ग्रन्थैः, सार्द्धमन्यत्र धीधनाः ।
विजहुः कोकिला भृङ्गा, हंसा न नियता यतः ॥६८७॥

अन्येद्युस्तावपि प्रति, ग्रामे धाटीं विधाय च ।
अगृह्णीतां धनान्युच्चैर्गोधनानि विशेषतः ॥६८८॥

વાળ આવી જાય તો સ્વરભંગ થાય છે. મધમાખી તાળવાને વીંધી નાંખે છે. આવા પ્રકારના દોષો જાણી કયો સુજ્ઞપુરુષ રાત્રે ભોજન કરે ? (૬૮૪)

જે ભાગ્યશાળી ભવ્ય રાત્રિભોજનની વિરતિ કરે છે તેણે સો વર્ષના આયુષ્યમાંથી અર્ધાયુષ્યના ઉપવાસ કર્યા માની શકાય." (૬૮૫)

આ પ્રમાણે આચાર્યનું કથન સાંભળી સંવેગરંગથી રંગિત થતા તે બંનેએ રાત્રિભોજન ન કરવાનો નિયમ લીધો. (૬૮૬)

પછી બુદ્ધિધનવાળા આચાર્ય પણ સાધુઓની સાથે અન્યત્ર વિહાર કરી ગયા. "કારણ કે **કોકિલ, મધુકર-ભમરો અને હંસ એક સ્થળે રહેતા જ નથી.**" (૬૮૭)

ધનાસકતની પાપી વિચારણા

હવે એકવાર તે બંનેએ એક ગામે ધાડ પાડી ધન તથા

तयोः परिच्छदैः पापैर्निवृत्तैः प्रान्तरान्तरे ।
पीनाङ्गो महिषः कोऽपि, हतो धौतैः परश्वधैः ॥६८९॥

कैश्चित् प्रविश्य ग्रामान्तः, क्रीतं मैरेयमुच्चकैः ।
पुंसां पापप्रवृत्तानां, सर्वव्यसनसंभवः ॥६९०॥

अनयोः पत्तिभिश्चैवं, चिन्तितं दुष्टमानसैः ।
मारयामो विषं दत्त्वा, मदिराक्रायिकान् यदि ॥६९१॥

एतत्सर्वं धनाद्युच्चैरस्माकं भागवर्ज्जितम् ।
सकलं जायते यस्मान्मारणीया विभागिनः ॥६९२॥

मैरेयक्रायिकैरेवं, ध्यात्वेति गरलं क्षणात् ।
मदिष्ठायां म्रदिष्ठायां, चिक्षिपे गन्धधूलिवत् ॥६९३॥

વિશેષથી ગોધન (ગાય વિ.)નું હરણ કર્યું. (૬૮૮)

પાછા ફરતા રસ્તામાં તેમના નિવૃત્ત થયેલા પરિજનોએ તીક્ષ્ણ કુહાડાવતી એક મોટા પાડાને મારી નાંખ્યો. (૬૮૯)

તેમનામાંથી કેટલાક જે ગામમાં ગયેલા તેમણે ગામમાં જઈ દારૂ ખરીદ કર્યો." પાપમાં પ્રવૃત્ત પુરુષો સર્વવ્યસનોમાં પ્રવૃત્ત થાય છે. (૬૯૦)

આ બાજુ ગામ બહાર રહેલા દુષ્ટ પદાતિઓએ વિચાર કર્યો કે, "ગામમાં મદિરા લેવા ગયેલાને જો વિષ દઈ આપણે મારી નાંખીએ તો આ ધનાદિ લઘુ આપણને મળે તેઓનો ભાગ પાડવો ન પડે." (૬૯૧-૬૯૨)

એમ વિચારી તેમણે પાડાના માંસમા વિષ ભેળી દીધું. આ બાજુ દારૂ લેવા જનારાઓને પણ એવો જ વિચાર આવ્યો કે, આપણે દારૂમાં વિષ ભેળવી દઈએ ને બહાર રહેલા તે પીવાથી

तदीयविषदानस्य, शङ्क्या पादचारतः ।
अस्तपर्व्वतमारुह्य, पपाताऽम्भोनिधौ रविः ॥६९४॥

प्रसस्रे तिमिरैर्विष्वग्, नागपूगानुजैरिव ।
घूकैर्जुघुषिरे भीमै, रक्षोमङ्गलतूर्यवत् ॥६९५॥

अथोभयेऽपि मिलितास्तस्कराः क्रूरचेष्टिताः ।
परस्परं निजं वस्तु, प्राभृतं विदधुस्तदा ॥६९६॥

स्वामिनौ ! पश्यतामेतत्सुस्वादरसपेशलम् ।
अथोचतुर्महाभागौ, निषेधो रात्रिभोजने ॥६९७॥

મરી જાય તો આપણી લૂંટમાંથી તેમનો ભાગ પાડવો ન પડે.” આમ વિચારી અતિમૃદુ દારૂમાં ગંધધૂલિની જેમ તેણે વિષ મેળવી દીધું. (૬૯૩)

એ વખતે તેમના વિષદાનની શંકાથી જ ન હોય ? તેમ સૂર્ય પણ અસ્તાચલ પર આરૂઢ થઈ સમુદ્રમાં ડૂબી ગયો. (૬૯૪)

એટલે ચારેબાજુ અંધકાર વ્યાપી ગયો. નાગના સમૂહ સમાન ભયંકર ઘૂવડ પક્ષીઓ રાક્ષસોના મંગલવાદ્યની જેમ ચોતરફ ઘોષ કરવા લાગ્યા. (૬૯૫)

તે સમયે ક્રૂરચેષ્ટાવાળા બંને પક્ષના તસ્કરો એકઠા મળ્યા અને પરસ્પર તેમણે પોતપોતાની વસ્તુ હાજર કરી (૬૯૬)

તેઓએ તેમના ઉપરીને કહ્યું કે, “હે સ્વામિન્ ! આ બહુજ સ્વાદિષ્ટ વસ્તુઓ છે. માટે તેનો સ્વાદ તો જુઓ.” એટલે તે મહાભાગ બોલ્યો કે, “અમારે રાત્રિભોજનનો ત્યાગ છે.” (૬૯૭)

આથી તે પરિજનો ફરી બોલ્યા કે, “હે સ્વામિન્ ! સ્વસ્થ અવસ્થામાં આપણે સ્થાને રહીએ ત્યારે એ નિયમ બરાબર પાળજો.

सुस्थाऽवस्थासु नेतारौ !, पाल्यतां नियमस्थितिः ।
शरीरमाद्यं सर्व्वत्र, साधकं धर्म्मकर्म्मणि ॥६९८॥

हंहो ! भद्रमुखास्तेषां, गुरूणां पादसंनिधौ ।
विदधे नियमस्तस्य भङ्गः किं श्रेयसे खलु ? ॥६९९॥

शूरः स एव यः संख्ये, भिनत्तीभरदद्वयम् ।
वादी स एव यो राजसभायां युक्तियुक्तगीः ॥७००॥

गुरुः स एव यस्तत्त्वं शास्तोपासकपर्षदि ।
भव्यः स एव यः सम्यक्, परिपालयति व्रतम् ॥७०१॥

एतयोर्गिरमाकर्ण्य, ततस्तत्त्वार्थसाधिकाम् ।
अथान्ये तस्करास्तद्वदन्योन्यस्य ददुस्तराम् ॥७०२॥

ततो विषोत्थकीलाभिः, कल्पकालानलैरिव ।
तेषामायुर्द्रमो देहे, सापायं हन्त जीवितम् ॥७०३॥

કેમ કે **सर्वत्र धर्मकर्ममां शरीर એ प्रथम साधन छे.**" (૬૯૮)

તે બોલ્યો કે, "અરે સુજ્ઞજનો ! ગુરુમહારાજ પાસે લીધેલા નિયમનો ભંગ કરવાથી શું ભલું થવાનું હતું. ? (૬૯૯)

શૂરવીર તો તે જ કે જે સંગ્રામના હસ્તીઓના બંને દાંતને ભેદે. વાદી તે જ કે જે રાજસભામાં યુક્તિયુક્તવાણી બોલે. (૭૦૦)

ગુરુ તે જ કે ઉપાસકસમાજમાં તત્ત્વોપદેશ દે. અને ભવ્ય તે જ કે સારી રીતે અંગીકાર કરેલ વ્રતનું પાલન કરે." (૭૦૧)

આ પ્રમાણે તત્ત્વાર્થને સાધનારી તેમની વાણી સાંભળી અન્ય ચોરો અંદર-અંદર જ પરસ્પરને તે વસ્તુ આપવા લાગ્યા. (૭૦૨)

તે મદ્યમાંસ અગ્નિની જેમ પ્રગટતી જ્વાળાઓવડે તેમનું

एतान् पञ्चत्वमापन्नान्वीक्ष्य तौ हृदि बभ्रतुः ।
गुरुणा व्रतदानेनाऽऽवयोर्दत्तं हि जीवितम् ॥७०४॥

तेषां गुरूणां सातत्यं, परोपकृतिकारिणाम् ।
भवावो भुवि जीवन्तावनृणत्वपरौ कथम् ? ॥७०५॥

तेषामेव गुरूणां तौ, पार्श्वे जगृहतुर्व्रतम् ।
जग्मतुरच्युतं कल्पं, तस्मान्निर्वाणमेष्यतः ॥७०६॥

आकर्ण्यतां सकर्णेन, वर्ण्यमानं मितैः पदैः ।
अनर्थदण्डविरतिस्तार्तीयीकी गुणव्रतम् ॥७०७॥

આયુરૂપ વૃક્ષ નાશ પામી ગયું. અહો ! જીવિત ખરેખર ભયયુક્ત છે. (તેને માથે અનેક ભય છે.) (७०३)

આ પ્રમાણે તે સર્વને મરણને શરણ થયેલા જોઈ બંને ભાઈઓ વ્રત આપનાર ગુરુ ભગવંતે આપણને જીવિત આપ્યું. (७०४)

એમ મનમાં ચિંતવવા લાગ્યા. પછી તેમણે વિચાર કર્યો કે – સતત પરોપકાર કરનારા તે ગુરૂમહારાજના ઋણથી આપણે જીવતાં તો મુક્ત થઈ શકીએ તેમ નથી (७०५)

માટે હવે તો તેમની પાસે જઈ ચારિત્ર જ ગ્રહણ કરવું." આવી દૃઢભાવનાથી તેમણે તેજ ગુરુમહારાજ પાસે જઈ ચારિત્ર અંગીકાર કર્યું. અને તેનું નિરતિચાર પાલન કરી તેઓ અચ્યુતદેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી તેઓ પરમપદને પામશે. (७०६)

ઈતિ સપ્તમવ્રત ઉપર ભીમ-ભીમસેન કથા.

શ્રીમલ્લિનાથ ભગવાન ફરી કહેવા લાગ્યા કે,"હવે પરિમિતપદોથી વર્ણન કરાતું ત્રીજું ગુણવ્રત સાવધાન થઈને

आर्तरौद्रे अपध्याने, विना स्वार्थं परस्य च ।
पापोपदेशः सोऽनर्थदण्ड इत्यभिधीयते ॥७०८॥

येऽनर्थदण्डमीदृक्षं, कुर्वते क्रूरचेष्टिताः ।
ते दुःखभागिनो लोके, लोभनन्द्यादिको यथा ॥७०९॥

तथाहि समभूत् ख्यातं, पुरं भोगपुराभिधम् ।
ताराचन्द्राभिधस्तत्र, श्रेष्ठी श्रेष्ठगुणाकरः ॥७१०॥

संपूर्णसर्वसामग्र्याः, प्रकृष्टीकृतनाविकः ।
गृहीतभूरिभाण्डौघः, सुभटैरुद्भटैः समम् ॥७११॥

सांभळो. (७०७)

आर्तध्यान अने रौद्रध्यान એ બે દુર્ધ્યાન ધ્યાવા તથા વિના સ્વાર્થે પરને પાપોપદેશ આપવો. તે અનર્થદંડ કહેવાય છે (७०८)

(અનર્થદંડના ૪ પ્રકાર છે. તેમાં બે અહીં બતાવ્યા છે. ઉપરાંત પ્રમાદાચરિત ને હિંસ્રપ્રદાન એ ભેદ કહેલા છે.) જે લોકો ક્રૂરચેષ્ટાવડે અનર્થદંડ કરે છે તેઓ લોભનંદી વિગેરેની જેમ દુઃખના ભાજન થાય છે. (७०९)

તેની કથા આ પ્રમાણે છે.

અષ્ટમવ્રત ઉપર લોભનંદી કથા.

ભોગપુર નામે એક પ્રખ્યાત નગર હતું ત્યાં શ્રેષ્ઠગુણોના સ્થાનરૂપ તારાચંદ્ર શ્રેષ્ઠી રહેતો હતો. (७१०)

એકવાર તે સંપૂર્ણ સામગ્રીથી નાવિકોને પ્રોત્સાહિત કરી, વિવિધ કરિયાણા લઈ બળવાન સુભટો સહિત વહાણમાં બેઠો. (७११)

आशुगो वायुवत्पोतो, लङ्घयन्मकराकरम् ।
रत्नमेखलनामानं, महाद्वीपमुपेयिवान् ॥७१२॥

तस्मादुत्तार्य भाण्डानि, कूले कूलंकषापतेः ।
उत्करान् कारयामास, श्रियां क्रीडाऽचलानिव ॥७१३॥

पुरन्दरपुरं प्राप्य, श्रिया पौरन्दरं पुरम् ।
तत्राऽभूद् भूपतिः स्फीतवाहनो मेघवाहनः ॥७१४॥

लोभनन्दीति तत्राऽभूत्, सत्यार्थो वणिजांपतिः ।
पापकर्मरतो नित्यं, महामोहनिकेतनम् ॥७१५॥

तत्रैव नगरे मन्त्री, काणको वञ्चनामतिः ।
बुद्ध्या गृहीतद्रविणः, परेषां पश्यतामपि ॥७१६॥

બાળની જેમ અનુકૂળ વાયુના યોગે નાવથી મહાસાગરનું ઉલ્લંઘન કરતાં તે રત્નમેખલા મહાદ્વીપમાં પહોંચ્યો. (७१२)

ત્યાં સમુદ્ર કિનારા પર કરિયાણા ઉતારી લક્ષ્મીના ક્રીડાપર્વતોની જેવા તેણે ઢગલા કરાવ્યા. (७१३)

પછી સંપત્તિમાં ઇંદ્રનગર સમાન પુરંદર નામના નગરમાં તે ગયો. ત્યાં શ્વેતવાહનવાળો મેઘવાહન રાજા રાજ્ય કરતો હતો. (७१४)

તે જ નગરમાં સદા પાપકર્મમાં આસક્ત, મહામોહના સ્થાનભૂત અને યથાર્થ નામવાળો લોભનંદી નામે મુખ્યવેપારી રહેતો હતો. (७१५)

વળી તે નગરમાં બીજાઓના દેખતા દેખતા પોતાની ચાલાકીથી દ્રવ્ય લઈ લેનાર વંચનામતિ નામે એક કાણો મંત્રી રહેતો હતો (७१६)

तयोर्मन्त्रधियां पात्रं, सत्रागारमिवैनसाम् ।
सुशिल्पी चर्मकारोऽस्ति, मायामय इतीरितः ॥७१७॥

सवितुर्मन्दिरे शान्तो, द्विजो होराविचक्षणः ।
अविद्यमाननेत्रोऽपि, त्रिलोचन इति स्मृतः ॥७१८॥

इतश्च लोभनन्द्येष, श्रुत्वा पोतं समागतम् ।
ताराचन्द्राऽन्तिके प्राप, गृहीत्वा प्राभृतं निशि ॥७१९॥

संभाषमुचितं कृत्वा, पप्रच्छाऽस्वच्छमानसः ।
पोतभाण्डं कियद् भद्र !, ममाऽशेषं निगद्यताम् ॥७२०॥

प्राञ्जलत्वात्ततस्तेन, सर्वमुक्तं यथास्थितम् ।
शिरो विधूय तेनापि, सखेदमिव भाषितम् ॥७२१॥

અને તે બંનેને સલાહ આપનાર, પાપના મહામંદિરરૂપ કારીગરીમાં ચાલાક, નિપુણ માયામય નામે એક મોચી રહેતો હતો. (૭૧૭)

તેમજ જ્યોતિષમાં વિચક્ષણ, શાંત, નેત્રવિનાનો છતાં ત્રિલોચન નામે એક બ્રાહ્મણ ત્યાં સૂર્યમંદિરમાં રહેતો હતો. (૭૧૮)

હવે દરિયા કિનારે વહાણ આવેલા સાંભળી લોભનંદી કાંઈક પ્રસાદી લઈ રાત્રે તારાચંદ્રશેઠ પાસે આવ્યો (૭૧૯)

અને કાંઈક વાતચિત કરી પછી મલિન આશયવાળા તેણે પૂછ્યું કે, "હે ભદ્ર ! તમારા વહાણમાં શું શું છે ? અને કેટલું કરિયાણું છે તે મને કહો" (૭૨૦)

એટલે સરલસ્વભાવી તેણે યથાસ્થિત કહી સંભળાવ્યું. તે સાંભળતાં મસ્તક ધૂણાવી તેણે ખેદપૂર્વક કહ્યું કે, (૭૨૧)

"અહો ! આ નિર્માલ્ય કરિયાણા અહીં લાવવાનો તમે ફોગટ

प्रयास एव जातस्ते, कुभाण्डाऽऽनयनात् परम् ।
यस्मादमीषां न क्वापि, विक्रयः कपिवद् भवेत् ॥७२२॥

हंहो ! तथापि गृह्णेऽहं, पुरा कीर्तिभयात् परम् ।
दास्येऽहं प्रस्थमेकं ते, निजमानसवाञ्छितम् ॥७२३॥

तथाऽऽदृतमनेनापि, सत्यङ्कारः समर्पितः ।
लग्नका विहिताः पौरा, भाण्डं दृष्ट्याहतं कृतम् ॥७२४॥

परकीयाऽपि मेऽद्य श्रीरात्मीयेति विचिन्तयन् ।
गत्वा गृहं सुखं सं[१]सः, सुतोद्वाहक्षणादिव ॥७२५॥

द्वितीये यामिनीयामे, सचिवो वञ्चनामतिः ।
ताराचन्द्रं छलयितुं, हृष्टः प्राप तदन्तिके ॥७२६॥

પ્રયાસ કર્યો. કારણ કે ચપળ વાંદરાની જેમ એ માલનો અહીં વિક્રય થઈ શકે તેમ નથી. (૭૨૨)

તો પણ અમારા નગરના અપયશના ભયથી હું એ બધા લઈ લઉં અને તેના બદલામાં તમે કહેશો તે વસ્તુ એક પ્રસ્થ (અમુક માપ) પ્રમાણ હું તમને આપીશ." (૭૨૩)

આ વાત તારાચંદ્ર શેઠે કબૂલ કરી તેને કોલ આપ્યો એટલે લોભનંદીએ પોતાના માણસોને ફેરવીને તે બધા કરિયાણા નજરમાં લઈ લીધા. (૭૨૪)

"પારકી લક્ષ્મી પણ આજે મારી થશે." એવો વિચાર કરતો તે લોભનંદી ઘરે જઈને પુત્રવિવાહના પ્રસંગની જેમ સુખે સૂઈ ગયો. (૭૨૫)

હવે રાત્રિના બીજા પ્રહરે વંચનામતિ પ્રધાન તારાચંદ્રને છેતરવા ખુશ થતો થતો તેની પાસે આવ્યો. (૭૨૬)

---

१. प्राप्तः, इत्यपि ।

उचितप्रतिप्रत्त्याऽसौ, ताराचन्द्रेण विष्टरे ।
उपविश्य पप्रच्छेऽथ, स्वागतं मन्त्रिणेऽन्तिके ॥७२७॥

मन्त्रिणा वार्तावसरे, भणितं क्रूरचेतसा ।
पुराऽहं चौरवत् क्षिप्तश्चारके जगतीभुजा ॥७२८॥

तस्मात् कथञ्चिद् नष्ट्वाऽहं पोतादुत्तीर्य सागरम् ।
पुरं भोगपुरं प्राप, त्वत्पितुः सदनं स्थितः ॥७२९॥

मया समक्षं लोकानां, चक्षुर्मुक्त्वाऽथ दक्षिणम् ।
जगृहे स्वर्णलक्षश्च, ततोऽत्राऽऽगां नृपान्तिके ॥७३०॥

तन्मङ्गल्यपदे दत्वा, क्षमयित्वा स्वदुर्नयम् ।
पूर्ववत्सचिवो जातो, **द्रव्यात् किं न प्रजायते ?** ॥७३१॥

એટલે તારાચંદ્રે તેનો ઉચિત સત્કાર કરી આસન પર બેસાડીને સ્વાગત પૂછ્યું. (૭૨૭)

પછી વાતોના પ્રસંગમાં ક્રૂર મનવાળા મંત્રીએ કહ્યું કે, "પૂર્વે અહીના રાજાએ મને ચોરની જેમ કેદખાનામાં નાંખ્યો હતો (૭૨૮)

ત્યાંથી કોઈક રીતે ભાગી જઈ વહાણના યોગે સમુદ્રના પેલે પાર જઈ હું ભોગપુર નગરે પહોંચ્યા હતો. અને ત્યાં તમારા પિતાને ઘરે જ રહ્યો હતો. (૭૨૯)

પછી બધા લોકોની સાક્ષીએ મેં મારી જમણી આંખ તેમની પાસે ધરેણે (ગીરો) મૂકીને એક લાખ સોનામહોર લીધી હતી. પછી હું ત્યાંથી અહીં આવ્યો. (૭૩૦)

અને તે સોનામહોર અહીના રાજાને ભેટ આપી. મારો પૂર્વનો અપરાધ ખમાવી હું પાછો પ્રથમની જેમ પ્રધાન થયો. (૭૩૧)

मत्पुण्यैस्त्वमिहायातः, स्वर्णलक्षमिदं सखे ! ।
गृहाणाऽर्पय मे चक्षुर्व्यवहारं प्रवर्तय ॥७३२॥

दत्ते मे लोचने भद्र !, कर्तव्यो भाण्डविक्रयः ।
आहारे व्यवहारे च, सज्जा लज्जा सतां न यत् ॥७३३॥

इत्युक्त्वा सचिवे याते, विमनाः पोतनायकः ।
चिन्तया रजनीयामयुगं युगमिवाऽनयत् ॥७३४॥

मायामयो महामायः, पर्यटंस्तत्कुटीतटे ।
आगात् सन्धापयाञ्चक्रे, वणिजो पादरक्षणम् ॥७३५॥

"અહો ! દ્રવ્યથી શું થતું નથી. હે સખે ! મારા ભાગ્યયોગે તું અહીં આવી ચડ્યો. માટે હવે લાખ સોનામહોર લઈ મને મારૂં જમણું નેત્ર પાછું આપ કે જેથી મારો વ્યવહાર બરાબર ચાલી શકે. (૭૩૨)

હે ભદ્ર ! મને નેત્ર આપ્યા પછી તારે તારા કરિયાણાનો વિક્રય કરવો. કારણ કે **સજ્જનો આહાર અને વ્યવહારમાં લજ્જા રાખતા નથી.** (૭૩૩)

આ પ્રમાણે કહી તે પ્રધાન પોતાને ઠેકાણે ગયો. એટલે તારાચંદ્ર શેઠ ચિંતામાં પડી ગયા અને યુગની જેમ રાત્રિના પાછલા બે પ્રહર વ્યતીત કર્યા. (૭૩૪)

બીજે દિવસે મહામાયાવી પેલો માયામય મોચી ભમતો ભમતો શેઠના તંબુ આગળ આવ્યો અને તેણે શેઠના જોડા સાંધવા માંડ્યા. (૭૩૫)

સાંધતા સાંધતા તે મોચી બોલ્યો કે, "હે શેઠ ! મને જોડા સાંધવાનું શું મૂલ્ય આપશો ? એટલે શેઠે કહ્યું કે, તને ખુશી

चर्मकारस्ततः प्राह, किं मे दास्यथ वेतनम् ? ।
पोतनाथ उवाच त्वां, तोषयिष्यामि सर्वथा ॥७३६॥

कृतकार्यममुं दृष्ट्वा, सोऽथाऽवोचत रूपकम् ।
द्रम्मं द्रम्माष्टकं द्रम्मशतं वा त्वं गृहाण भोः ! ॥७३७॥

ततो द्रम्मसहस्रेषु, दीयमानेषु तेन तु ।
नायं सन्तोषवान् जातः, किं पुनर्भूरिवाञ्छकः ? ॥७३८॥

अथोचे चर्मकृद् श्रेष्ठिन् !, पोतपण्यं ममाखिलम् ।
यद्यर्पयसि तत्तोषो, जायते मम नान्यथा ॥७३९॥

ममानुज्ञां विना पण्यं, चेद्विक्रेष्यसि किञ्चन ।
तद् भूपाज्ञाविभङ्गस्य, कारयिष्यामि कारणम् ॥७४०॥

કરીશ." (૭૩૬)

હવે મોચીએ કામ પૂરૂ કર્યું એટલે શેઠે તેને એક રૂપીયો આપવા માંડ્યો. મોચીએ ન લીધો. તે તો કહે "મને ખુશી કરવાનું કહ્યું છે માટે મને ખુશી કરો." શેઠ વચનથી બંધાયેલ હતા તેથી સો રૂપિયા આપવા માંડ્યા. (૭૩૭)

છેવટે હજાર આપવા માંડ્યા તો પણ તે સંતુષ્ટ ન થયો. એટલે શેઠે પૂછ્યું કે, તારે વધારે શું જોઈએ ? (૭૩૮)

તે બોલ્યો કે, "હે શેઠ ! આ વહાણમાંની બધી વસ્તુ મને આપી દો. તો મને સંતોષ થાય. અન્યથા હું રાજી થાઉં નહીં. (૭૩૯)

અને હવે મારી રજા વિના જો આમાંની કાંઈ પણ વસ્તુ વેચશો તો હું તમને રાજાની આજ્ઞાભંગનો દંડ અપાવીશ. (૭૪૦)

આમ રાજાની આણ આપી કૂટબુદ્ધિવાળો તે મોચી ચાલ્યો

एवमुक्त्वाऽगमच्चर्मकारः कारुककूटधीः ।
जगाम नगरस्यान्तस्ताराचन्द्रोऽपि शस्यरूपया ॥७४१॥

दृष्टो मदनमञ्जर्या, वेश्यया शस्यरूपया ।
लक्षीकृतः कटाक्षाणां, स साक्षाद्दिवसात्यये ॥७४२॥

आनायितो गृहे श्रेष्ठी, प्रेष्य चेटीं सुलोचनाम् ।
स्नपितो भोजितो भक्त्या, परमानन्दमेदुराम् ॥७४३॥

एवं निवसतस्तस्य, कियन्त्यपि दिनान्यगुः ।
अन्येद्युः स तया पृष्टः, कस्त्वं कस्मादिहागतः ? ॥७४४॥

ततस्तेन स्ववृत्तान्तः, समीचीनो निवेदितः ।
साऽवोचद् **विपदः प्राप्तौ, खेदः कार्यो न कोविदैः** ॥७४५॥

ગયો. તારાચંદ્ર શેઠ ચિંતાતુર મને નગરમાં ભમવા લાગ્યો. ભમતો ભમતો તે વેશ્યાઓના ઘર તરફ ગયો. (૭૪૧)

ત્યાં પ્રશસ્ત રૂપવતી મદનમંજરી નામની વેશ્યાએ તેને જોયો. એટલે તેણીએ શેઠની સામે કટાક્ષપાત કર્યો (૭૪૨)

અને પોતાની સુલોચના દાસીને મોકલી તેણે શેઠને પોતાના ઘરમાં બોલાવ્યા. પછી પરમાનંદપૂર્વક તેણીએ શેઠને સ્નાન તથા ભોજન કરાવ્યું. (૭૪૩)

એ પ્રમાણે વેશ્યાને ત્યાં રહેતા આનંદપૂર્વક કેટલાક દિવસો પસાર થયા. એકદિન વેશ્યાએ તેને પૂછ્યું કે, "અહીં તમે શા માટે આવ્યા છો ? (૭૪૪)

એટલે તેણે પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો તે સાંભળી વેશ્યા બોલી કે "વિપત્તિ આવતાં સુજ્ઞજનોએ ખેદ ન કરવો. (૭૪૫)

आपदः संपदोऽप्यत्र, समीपस्थाः शरीरिणाम् ।
न शोकहर्षयोस्तस्मादर्पणीयं मनो बुधैः ॥७४६॥

एवमुक्त्वाऽथ सा गत्वा, नत्वा भट्टं त्रिलोचनम् ।
एवं विज्ञपयामास, रूपाजीवा सुकोमलम् ॥७४७॥

मत्पतेस्तारचन्द्रस्य, व्यसनं महदुत्थितम् ।
निस्तरिष्यति तत्सौख्यान्नवेति वद कोविद ! ॥७४८॥

सोऽप्युवाच तव पतिर्व्यसनं निस्तरिष्यति ।
सुखेनाऽपि न खेदस्त्वया कार्यो निजे हृदि ॥७४९॥

श्रुत्वेत्युपश्रुतिप्रायं, हृष्टा वेश्यागृहं गता ।
यामिन्यां प्रेषयामास, तारेन्दुं रविमन्दिरे ॥७५०॥

સંસારમાં સુખ અને દુઃખ બંને પ્રાણીઓની સાથે જ રહેલા છે. માટે બુદ્ધજનોએ સુખ-દુઃખની પ્રાપ્તિમાં હર્ષ શોક ન કરવો." (૭૪૬)

આ પ્રમાણે કહી ત્રિલોચન ભટ્ટ પાસે જઈ તેને નમન કરી વેશ્યાએ બહુ જ કોમળ વાણીથી વિજ્ઞપ્તિ કરી કે, (૭૪૭)

"હે સુજ્ઞ ! મારા પતિ તારાચંદ્ર શેઠ ઉપર મોટું સંકટ આવી પડ્યું છે. માટે તેમાંથી નિર્વિઘ્ને તેનો નિસ્તાર થશે કે નહિં ? તે કહો. (૭૪૮)

એટલે તે બોલ્યો કે, તારો તે પતિ સંકટમાંથી સુખપૂર્વક પાર પામશે. માટે તારે તે સંબંધી અંતરમાં શોક ન કરવો." (૭૪૯)

આ પ્રમાણે વેદવાક્ય સમાન તે ભટ્ટજીના વચન સાંભળી તે વેશ્યા મનમાં આનંદ પામતી પોતાના ઘરે ગઈ. રાત્રે તારાચંદ્રશેઠને ઠગોની વાત સાંભળવા માટે સૂર્યભવનમાં મોકલ્યો. (૭૫૦)

प्रच्छन्नीभूय सूर्यस्य, मन्दिरेऽस्थाद् वणिग्वरः ।
इतोऽभ्यागाल्लोभनन्दी, छात्रेण विनिवेदितः ॥७५१॥

आख्याय पूर्व्ववृत्तान्तं, श्रेष्ठिनोदितमीदृशम् ।
निरूपय निजां होरां, निर्वाहो भविता नवा ॥७५२॥

होरां विचार्य सोऽप्यूचे, यदीदं पोतनायकः ।
वक्ष्यते वचनं प्राज्ञस्तदा तव किमुत्तरम् ? ॥७५३॥

न किञ्चित् शोभनं भद्र !, भविता प्रत्युताऽऽपदं ।
श्रुत्वेति शून्यधीः प्राप, मन्दिरं श्रेष्ठिसुन्दरः ॥७५४॥

अथाख्यत् तस्य पार्श्वस्थश्छात्रः पात्रं महाधियाम् ।
होराज्ञानस्य तत्त्वार्थं, पुनः पाठय मां प्रभो ! ॥७५५॥

તે ત્યાં જઈ ગુપ્તરીતે બેસી રહ્યો એવામાં લોભનંદી ત્યાં આવ્યો. એટલે એક વિદ્યાર્થીએ તેનું આગમન ભટ્ટને નિવેદન કર્યું. (૭૫૧)

લોભનંદીએ પોતાનો પૂર્વવૃત્તાંત જણાવીને કહ્યું કે, "હે ભટ્ટજી ! તમે જ્યોતિષ તપાસીને કહો કે મારી ઈચ્છા પાર પડશે કે નહિ ? (૭૫૨)

એટલે તેણે હોરા જોઈને કહ્યું કે, હે ભદ્ર ! જો તે શ્રેષ્ઠી તને આ પ્રમાણે કહેશે તો (ગુપ્તપણે શેઠને સમજાવ્યું હશે તેમ જણાય છે.) તું શું જવાબ આપીશ ? (૭૫૩)

માટે હે ભદ્ર ! શુભ તો થવું દુર રહ્યું ઉલટું સંકટ આવી પડ્યું. તે સાંભળી શૂન્ય મનસ્ક બની તે પોતાના ઘરે ગયો. (૭૫૪)

આ બાજુ મહાબુદ્ધિના પાત્ર પાસે બેઠેલા એક વિદ્યાર્થીએ

तत्र पाठयितुं भट्ट, उपाक्रमत सत्वरम् ।
विनेयविद्यादाने हि, बुधाः स्युः सततोद्यमाः ॥७५६॥

वेदाध्ययनदानेषु, देवार्चासु विषोद्धृतौ ।
पुरीधामप्रवेशेषु, वामा होरा शुभा मता ॥७५७॥

संग्रामे भोजनेस्नाने, स्त्रीसंगे राजदर्शने ।
क्रूरकर्म्मसु शेषेषु, दीप्ते वामेतरा मता ॥७५८॥

दक्षिणे यदि वा वामे, यत्र वायुर्निरन्तरम् ।
तं पादमग्रतः कृत्वा, निस्सरेद् निजमन्दिरात् ॥७५९॥

गुरुबुधनृपामात्या, अन्येऽपीप्सितदायिनः ।
पूर्णाङ्गे खलु कर्तव्या, कार्यसिद्धिमभीप्सता ॥७६०॥

ઉપાધ્યાયને કહ્યું કે,"હે પ્રભો ! હોરા (નાડી) જ્ઞાનનું રહસ્ય મને ફરી ભણાવો. (૭૫૫)

એટલે ભટ્ટજી તરત જ તેને ભણાવવા તૈયાર થયા સુજ્ઞજનો શિષ્યને વિદ્યા આપવામાં સતત ઉદ્યમી હોય છે." (૭૫૬)

ભટ્ટજીએ વિદ્યાર્થીને કહ્યું કે, "વેદાધ્યયન, દાન, દેવપૂજન, વિષાપહાર તથા નગર કે ઘરમાં પ્રવેશ કરતા ડાબી નાડી ચાલતી હોય તો શુભ ગણાય છે. (૭૫૭)

સંગ્રામ, ભોજન, સ્નાન, સ્ત્રીસંગ, રાજદર્શન તથા અન્ય ક્રૂરકર્મમાં જમણી નાડી શુભ ગણાયેલી છે. (૭૫૮)

ઘરમાંથી નીકળતાં ડાબી કે જમણી નાડીમાંથી વાયુનો સંચાર થતો હોય તે બાજુનો પગ પ્રથમ ઉપાડવો. (૭૫૯)

પોતાની કાર્યસિદ્ધિ ઈચ્છતા પુરુષે ગુરૂ, બુધ (પંડિત) નૃપ અને અમાત્ય તથા અન્ય પણ ઈષ્ટદાયકને પૂર્ણાંગે બેસાડવા.

आसने शयने वाऽपि, पूर्णाङ्गे विनिवेशिताः ।
वशीभवन्ति कामिन्यो, न कार्म्मणमतः परम् ॥७६१॥

यदा पृच्छति चन्द्रस्थस्तदा संधानमादिशेत् ।
पृच्छेद् यदा तु सूर्यस्थस्तदा जानीहि विग्रहम् ॥७६२॥

चन्द्रस्थाने यदा वायुः, सूर्यस्थाने च पृच्छति ।
तदा न रक्ष्यते रोगी, मृत्योर्वैद्यशतैरपि ॥७६३॥

रविस्थाने यदा प्राणः, प्रष्टा पृच्छति चन्द्रगः ।
तदासौ म्रियते रोगी, यदि त्राता सुरेश्वरः ॥७६४॥

यस्मिन्नङ्गे चरेद् वायुस्तत्रस्थो यदि पृच्छति ।
पीडितोऽपि तदा रोगै, रोगी जीवत्यसंशयम् ॥७६५॥

(७६०)

(નમસ્કારાદિક કરવા) આશન કે શયન પર પૂર્ણાંગે બેસાડવામાં આવેલી કામિનીઓ વશ થાય છે. એ ઉપરાંત બીજું કાર્મણ નથી. (७६१)

જો ચંદ્રનાડી ચાલતી વેળા કોઈ પૂછે તો તેને સંધિનો આદેશ આપવો અને સૂર્યનાડી વેળા પૂછે તો વિગ્રહનો આદેશ આપવો. (७६२)

જો ચંદ્રસ્થાને જો પવન હોય અને સૂર્યસ્થાનમાં પૂછે તો કહેવું કે, વૈદ્યો પણ તે રોગીને મરણથી બચાવી શકે નહી. (७६३)

જો રવિસ્થાને વાયુ વહેતો હોય અને પૂછનાર ચંદ્રસ્થાને પૂછે, તો ઇંદ્ર રક્ષણ કરનાર છતાં રોગી મરણ જ પામે એમ જાણવું. (७६४)

જે અંગે વાયુ સંચરતો હોય ત્યાં જ રહેતો જો પૂછે તો

वहन्तीं नासिकां वामां, दक्षिणां चाभिसंस्थितः ।
यदि पृच्छेत् तदा पुत्रो, रिक्तायां तु सुता भवेत् ॥७६६॥

पार्थिवे जीवविज्ञानं, मूलज्ञानं जलेऽनिले ।
आग्नेये धातुविज्ञानं, व्योम्नि शून्यं विनिर्दिशेत् ॥७६७॥

एवं तं पाठयन्नस्ति, मन्त्र्यागाद् वञ्चनामतिः ।
पूर्ववत् कथयामास, स पूर्ववदभाषत ॥७६८॥

अथ चर्मकृति प्राप्ते, पूर्ववद् गदिते सति ।
मन्त्री कृष्णमुखो जातो, मृतज्येष्ठसुतो यथा ॥७६९॥

રોગોથી પીડાવા છતાં પણ તે રોગી અવશ્ય જીવશે એમ જાણવું. (७६५)

નાસિકા ડાબી બાજુએ વહેતી હોય કે જમણી બાજુએ વહેતી હોય તે વેળા વહેતી નાડી તરફની બાજુએ રહીને જો પૂછે તો પુત્ર થશે એમ કહેવું અને ન ચાલતી નાડીની બાજુએ રહી પૂછે તો પુત્રી થશે એમ કહેવું. (७६६)

પૃથ્વીમાં જીવવિજ્ઞાન, જળ અને વાયુમાં મૂળજ્ઞાન, અગ્નિમાં ધાતુવિજ્ઞાન અને આકાશમાં શૂન્ય એમ કહેવું. (७६७)

(આ હકીકત પૃથ્વી વિગેરે તત્ત્વસંબંધી જણાય છે. નાડી સાથે તત્ત્વોનું વહન પણ જોવાય છે.)

આ પ્રમાણે પોતાના શિષ્યને જણાવતો હતો. એવામાં વંચનામતિ મંત્રી ત્યાં આવ્યો અને પ્રથમની જેમ તેણે પણ વાત કરી. એટલે ત્રિલોચને પણ પૂર્વની જેમ જ જવાબ આપ્યો. (७६८)

પછી મોચી આવ્યો તેને પણ ત્રિલોચને પૂર્વની જેમ જ જવાબ આપ્યો. એટલે જાણે પોતાનો મોટોપુત્ર મરણ પામ્યો હોય તેમ

तच्छ्रुत्वा चर्मकारोऽपि, निरानन्दो गतस्मयः ।
विप्रस्य कटुकैर्वाक्यैः, श्रेष्ठिवन्मानसे भृशम् ॥७७०॥

तारेन्दुर्भट्टवाक्यानि, सुधारससमान्यथ ।
आकर्ण्य मुदितस्वान्तः, सततं सुमना ययौ ॥७७१॥

अथ प्रातर्नृपाभ्यर्णमागत्य सह वेश्यया ।
ताराचन्द्रेण सर्वोऽपि, स्ववृत्तान्तो निवेदितः ॥७७२॥

अथ श्रेष्ठी समाहूतो, भूमिपालेन कोपिना ।
आगतः सोऽपि साशङ्कं, नत्वा भूपमुपाविशत् ॥७७३॥

रोषरक्तेक्षणः क्ष्मापः, साक्षेपं स्मेति भाषते ।
रे ! श्रेष्ठिन्नीदृशं कर्म, मर्माऽऽविष्कुरुषेऽत्र किम् ? ॥७७४॥

મંત્રી શ્યામમુખવાળો થઈ ગયો. (७६९)

અને તે વિપ્રના કટુક વાક્યોથી મોચી પણ મનમાં લોભનંદી શ્રેષ્ઠીની જેમ આનંદ અને અહંકાર રહિત થઈ ગયો. (७७०)

પ્રચ્છન્નપણે બધુ સાંભળનાર તારાચંદ્ર શેઠ આ પ્રમાણે સુધારસ સમાન ભટ્ટના વચનોથી અંતરમાં આનંદ પામતો પોતાના સ્થાને ગયો. (७७१)

વેશ્યા સાથે રાજસભામાં ગમન.

હવે પ્રભાતે વેશ્યાની સાથે રાજા પાસે આવી તારાચંદ્રે બધો પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. (७७२)

એટલે રાજાએ ક્રોધાયમાન થઈ પ્રથમ લોભનંદી શ્રેષ્ઠીને બોલાવ્યો. તે આવીને શંકાસહિત નમસ્કાર કરી રાજાની પાસે બેઠો. (७७३)

એટલે રોષથી રક્તનેત્ર કરી રાજાએ આક્ષેપપૂર્વક કહ્યું કે,

अराजकमिदं राज्यं, किं वा न्यायो न विद्यते ? ।
येन कार्याण्यनार्याणि, क्रियन्ते निजयेच्छया ॥७७५॥

श्रेष्ठी सधैर्यमूचे च, गत्वाभ्यर्णेऽस्य साञ्जसम् ।
संलापपूर्वकं राजन् !, निविष्टोऽहं यथाविधि ॥७७६॥

अनेनोचे सखेऽमीषां, भाण्डानां मम विक्रयात् ।
संभाव्यते क्वचिल्लाभस्ततोऽजल्पमधीश्वर ! ? ॥७७७॥

त्वदीयपण्यराशीनां, विक्रयो भविता न हि ।
ततोऽयमगदद्देव !, निर्भाग्योऽहं महामते ! ॥७७८॥

यत् किञ्चिद्रोचते तुभ्यं, तद्भाण्डप्रस्थिकं सखे ! ।
भृत्वा शीघ्रं ग्रहीष्यामि, कुभाण्डान्यखिलान्यपि ॥७७९॥

"અરે શ્રેષ્ઠિન્ ! આવું અધર્મી કૃત્ય અહી રહી શા માટે કરે છ ? (૭૭૪)

શું આવા રાજ્યનો કોઈ ધણી નથી ? અથવા શું અહીં ન્યાય નથી કે જેથી આવા અનુચિત કાર્યો તું સ્વેચ્છાએ કર્યા કરે છે ? (૭૭૫)

આ પ્રમાણે સાંભળી શ્રેષ્ઠીએ ધીરજપૂર્વક કહ્યું કે, "હે રાજન ! મારી વાત સાંભળો. હું અહીં આવેલા તે શેઠની પાસે સરલરીતે જઈ સંલાપપૂર્વક કેટલોક વિવેક કરીને બેઠો. (૭૭૬-૭૭૭)

એટલે શેઠે મને પૂછ્યું કે, હે મિત્ર ! આ મારા કરિયાણાનું વેચાણ કરતાં કંઈ લાભ થાય તેમ છે કે નહિં ? (૭૭૮)

એટલે હું બોલ્યો કે, "હે મિત્ર ! તને જે રૂચે તે વસ્તુનું એક પ્રસ્થ તું મારી પાસેથી લઈ લેજે અને હું તારી બધી સારી-નરસી વસ્તુઓ લઈ લઈશ." (૭૭૯)

अङ्गीकृतमनेनाऽपि, सत्यंकारो मयार्पितः ।
अत्रार्थे साक्षिणो नाथ !, बहवो विहिता मया ॥७८०॥

अथाह भूपतिः श्रेष्ठी, न्याययुक्तं वचोऽवदत् ।
अनेन लभ्यमेवैतद्, यतस्तिष्ठन्ति साक्षिणः ॥७८१॥

ताराचन्द्रस्ततः प्राह, सस्मितं संमतं मम ।
यद्येष ददते मह्यं, प्रस्थमेकं समीहितम् ॥७८२॥

लोभनन्दी ततः प्राह, प्रस्थमेकं मनोगतम् ।
याचस्वेति विवादे हि, कालक्षेपः क्षमेत किम् ? ॥७८३॥

ताराचन्द्रोऽप्यभाषिष्ट, शृणु मे रुचिरं वचः ।
उत्तरानिलपूतानां, खण्डितानामुदूखले ॥७८४॥

આ વાત તેણે કબૂલ રાખી એટલે મેં તેને કોલ આપ્યો. હે નાથ ! આ સંબંધમાં મેં ઘણા સાક્ષીઓ પણ રાખેલા છે. (૭૮૦)

આ શ્રેષ્ઠીનું કથન તો ન્યાયયુક્ત જણાય છે. વળી તેણે સાક્ષીઓ રાખેલા હોવાથી એને લભ્યવસ્તુ મળવી જ જોઈએ. (૭૮૧)

એટલે તારાચંદ્ર શેઠ સ્મિતપૂર્વક બોલ્યો કે, "જો મારી ઇચ્છાનુસાર એક પ્રસ્થ મને એ આપે તો એ કરાર મારે કબૂલ છે." (૭૮૨)

લોભનંદી બોલ્યો કે, "તમારી મરજી પ્રમાણે એક પ્રસ્થ માંગી લ્યો. વિવાદ કરી ફોગટ કાળક્ષેપ શા માટે કરવો પડે છે ? (૭૮૩)

એટલે તારાચંદ્ર બોલ્યો કે, મારૂં વચન બરાબર સાંભલો હે ભદ્ર ! ઉત્તરના પવનથી પાવન બનેલા, ઉદુખલમાં (ખારણીઓ)

रामाकरगृहीतानां, समक्षं नृपपर्षदः ।
प्रदेहि मशकस्याऽस्थ्नां, प्रस्थं स्वंच्छ[1] ! ममाधुना ॥७८५॥ युग्मम्

एवं तारेन्दुना प्रोक्ते, विलक्षोऽजन्यसौ वणिक् ।
असाध्यं न मतेः किञ्चिज्जलानामिव धीमताम् ॥७८६॥

सचिवोऽपि समाहूतो, नत्वा नृपमुपाविशत् ।
ऊचे नृपतिरेतस्य, निषिद्धं किं क्रयाणकम् ? ॥७८७॥

सोऽप्यूचे दक्षिणं चक्षुरस्य ग्रहणकेऽस्ति मे ।
स्वर्णलक्षं गृहीत्वाऽसौ, तदर्पयतु साम्प्रतम् ॥७८८॥

ખંડાયેલા (૭૮૪)

અને સ્ત્રીને હાથે લવાયેલા મચ્છરોના હાડકાનું એક પ્રસ્થ મને રાજસભા સમક્ષ અર્પણ કર અને મારા કરીયાણા લઈ લે." (૭૮૫)

આ પ્રમાણેની તારાચંદ્ર શેઠની માંગણી થતાં શ્રેષ્ઠી વિલખો બની ગયો. **"જળની જેમ ધીમંતજનોની મતિને કંઈ અસાધ્ય નથી."** (૭૮૬)

પછી પ્રધાનને બોલાવવામાં આવ્યો એટલે તે આવી રાજાને નમસ્કાર કરી બેઠો. રાજાએ તેને પૂછ્યું કે "આજ કરિયાણું કેમ અટકાવ્યું છે ? (૭૮૭)

એટલે તે બોલ્યો કે, મારી જમણી આંખ એને ખાતે ઉધાર છે. એના પિતાને ત્યાં ગિરો મૂકેલી છે. માટે લાખસોનામહોર લઈને તે મને પાછી આપે." (૭૮૮)

આ જવાબ સાંભળી રાજાએ કહ્યું કે આ મંત્રી ન્યાયપૂર્વક બોલે છે." એટલે તારાચંદ્ર શેઠ બોલ્યા કે, એ સુજ્ઞમંત્રીનું કહેવું

---

१. स्वच्छमते !, एवमपि ।

राज्ञोक्तं शोभनं वक्ति, मन्त्र्ययं नयकोविदः ।
ताराचन्द्रस्ततः प्राह, युक्तमुक्तं विपश्चिता ॥७८९॥

राजन् ! मे मन्दिरे नूनं, सहस्राणि दृशां नृणाम् ।
त्वन्मध्यपतितं नेत्रं, न जाने हन्त ! निश्चितम् ॥७९०॥

त्वं वामलोचनं मन्त्रिन् !, समुद्धृत्य समर्पय ।
येनोपलक्ष्यते पूर्णं, विदधामि मनोरथम् ॥७९१॥

विहस्याऽथ नृपोऽवादीद्, युक्तियुक्तं वदत्ययम् ।
उपलक्ष्य यतः कर्ता, नेत्रार्पणविधिं ननु ॥७९२॥

अहो ! मतिप्रपञ्चोऽस्य, यच्चक्रेऽहं निरुत्तरः ।
विचिन्त्येति स मायावी, मौनमाश्रित्य निर्गतः ॥७९३॥

બરોબર છે (७८९)

પરંતુ હે રાજન્ ! મારા ઘરે હજારો માણસોની હજારો આંખો ગિરવે રાખેલી છે. તેથી અંદર પડી ગયેલી હોવાથી એની આંખ મારા ઓળખવામાં આવતી નથી (७९०)

માટે જે એ મંત્રી મને પોતાની ડાબી આંખ આપે કે જેથી બરાબર તેની સાથે મેળવી હું એની જમણી આંખ તેને આપું. (७९१)

શેઠનો ઉત્તર સાંભળી રાજાએ મંત્રીને કહ્યું કે, "આ શેઠ બરાબર યુક્તિપૂર્વક બોલે છે માટે તારા ડાબા નેત્ર સાથે મેળવીને તારૂં જમણું નેત્ર તને પાછું આપશે." (७९२)

એટલે મંત્રીએ વિચાર કર્યો કે-"અહો ! એણે બુદ્ધિના પ્રપંચથી મને નિરુત્તર કર્યો." આ પ્રમાણે ચિંતવીને તે માયાવી મૌન ધરી ત્યાંથી ચાલ્યો ગયો. (७९३)

चर्मकारं समाहूतं, ताराचन्द्रोऽप्यभाषत ।
कैमर्थ्यक्येन पण्यं मे, दीयमानं निषेधसि ? ॥७९४॥

चर्मकृत्तमुवाचेति, यावदस्मि न तोषितः ।
त्वया क्रयाणकं नैव, तावद् देयं हि कस्यचित् ॥७९५॥

ताराचन्द्रोऽथ न्यगददिदं चर्मकृतां वर ! ।
अमुष्य रत्नचन्द्रस्य, नरेन्द्रस्य सुतोऽजनि ॥७९६॥

तस्य जन्मनि तुष्टस्त्वं, नवेति वद कद्वद ? ।
सोऽप्युवाच सखे ! तुष्टः, संजातोऽहं गिरा तव ॥७९७॥

ताराचन्द्रो नरेन्द्रस्य, प्रणम्य क्रमपङ्कजम् ।
एतद्ग्रहत्रयीमुक्तो, व्यवहारपरोऽजनि ॥७९८॥

પછી મોચીને સભા સમક્ષ બોલાવી તારાચંદ્ર શેઠે કહ્યું કે, "મારા કરિયાણાના વેચાણને શા માટે અટકાવે છે ?" (૭૯૪)

એટલે તે મોચી બોલ્યો કે, "જ્યાં સુધી મને સંતુષ્ટ કર્યો નથી ત્યાં સુધી તમારાથી કરિયાણું વેચાશે નહિ" (૭૯૫)

એટલે તારાચંદ્ર શેઠ બોલ્યા કે- "હે મોચી ! આ રત્નચંદ્ર રાજાને ઘરે પુત્ર અવતર્યો છે. (૭૯૬)

કહે એના જન્મથી તને સંતોષ છે કે નહિ ? તે બોલ્યો કે હે મિત્ર ! તે હકીકત સાંભળી હું સંતુષ્ટ (ખુશી) થયો છું." આમ કહી તે ચાલ્યો ગયો. (૭૯૭)

પછી તારાચંદ્ર શેઠ નગરના રાજાના ચરણકમલને નમસ્કાર કરી ત્રણગ્રહથી મુક્ત થઈ વ્યવહાર પરાયણ થયો. (૭૯૮)

હવે એકવાર એ નગરમાં રહેનારો ધન નામનો કોઈ જુગારી

इतश्च नगरे तत्र, द्यूतकारो धनाह्वयः ।
क्षुधया पीडितः कामं, तारेन्द्रं समुपागमत् ॥७९९॥

ताराचन्द्र ! क्षुधार्तोऽहं, देहि मे भोजनं वरम् ।
अन्यथा जीवितव्यद्रुः, क्षुद्वेन विनाश्यते ॥८००॥ **यतः –**

क्षुधया परिभूतानां, प्राणाः बुद्धिः पराक्रमः ।
एते सर्वे विलीयन्ते, कल्पान्तेनेव पर्वताः ॥८०१॥

क्षुधाक्लीबस्य जीवस्य, पञ्च नश्यन्त्यसंशयम् ।
सवासनेन्द्रियबलं, धर्मकृत्यं रतिः स्मृतिः ॥८०२॥

सगौरवं कृतस्नेहं, ताराचन्द्रेण भोजितः ।
अन्नदानात्परं दानं, न भूतं न भविष्यति ॥८०३॥

अथ द्यूतरतः सोऽपि, लोभनन्दीगृहे निशि ।
पद्माकारमदात् खात्रं, किमसाध्यं हि तादृशाम् ? ॥८०४॥

ક્ષુધાથી અત્યંત પીડાતો તારાચંદ્ર શેઠ પાસે આવ્યો. (૭૯૯)

તારાચંદ્ર ! ભૂખથી હું પીડાઉ છું મને ભોજન આપ. નહિતર જીવનરૂપી વૃક્ષ ભૂખથી વિનાશ પામશે. (૮૦૦)

કલ્પાંતકાળથી પર્વતો નાશ પામે તેમ ભૂખથી પરાભવ પામેલા પ્રાણીઓના પ્રાણ બુદ્ધિ અને પરાક્રમ એ સર્વ નાશ પામે છે. (૮૦૧)

ક્ષુધાથી પીડાતા જીવની સુવાસના, ઇંદ્રિયબળ, ધર્મકૃત્ય, રતિ અને સ્મૃતિ એ પાંચ અવશ્ય નાશ પામે છે. (૮૦૨)

તારાચંદ્ર શેઠે તેને ગૌરવ અને સ્નેહપૂર્વક જમાડ્યો. "અન્નદાન સમાન બીજુ દાન થયું નથી કે થવાનું નથી." (૮૦૩)

રાત્રે તે જુગારીએ લોભનંદીના ઘરમાં પદ્માકાર ખાતર દીધું.

आँग्रांह्रींनम इत्यादि, मन्त्राक्षरपरायणम् ।
वारं वारं ताराचन्द्र, इत्याख्यां ग्राहकं स्फुटम् ॥८०५॥

प्रज्वलद्वह्निकुण्डस्य, पुरस्थं कृष्णमासुरम् ।
ध्यानमापूरयन्तं च, दाहयन्तं तिलादिकम् ॥८०६॥

[1]करवीरारुणपुष्पैः, पूजयन्तं च देवताम् ।
अद्राक्षीदेष निभृतं, श्रेष्ठिनं लोभनन्दिनम् ॥८०७॥ त्रिभिर्विशेषकम्

अमुमर्थं गदिष्यामि, तारेन्दोः प्राणदायकम् ।
यतो मया गृहे भुक्तमेतस्य स्नेहगौरवात् ॥८०८॥

तृणमुत्तारितं मूर्ध्ना, येन तस्याऽपि तन्यते ।
उपकारः किमेतस्य, पुनः सर्वोपकारिणः ॥८०९॥

કેમકે તેવાઓને શું અસાધ્ય હોય છે ? (૮૦૪)

એવામાં "ઓં ગ્રાઁ હ્રીં. નમઃ" એવા મંત્રાક્ષરો સાથે વારંવાર તારાચન્દ્રનું નામોચ્ચાર કરનાર, બળતા અગ્નિકુંડ પાસે રહેલો, આસુરી ક્લિષ્ટધ્યાન ધરનાર, તિલાદિકનો હવન કરનાર, કરણના પુષ્પોથી દેવતાને પૂજનાર લોભનંદીને એકાંતમાં બેઠેલો જોયો. (૮૦૫-૮૦૭)

તેને જોતાં પેલા જુગારીને વિચાર આવ્યો કે, આ ક્રિયા તારાચંદ્ર શેઠના પ્રાણહરણ માટે થતી લાગે છે. માટે આ બનાવની જાણ હું હમણાં જ જઈ તારાચંદ્ર શેઠને આપુ. કેમ કે ગૌરવ અને સ્નેહસહિત તેણે મને ભોજન કરાવ્યું છે. (૮૦૮)

જેણે માત્ર માથેથી તૃણ ઉતાર્યું હોય તેના ઉપકારનો બદલો પણ મસ્તક આપી વાળવો જોઈએ. તો પછી આવો સર્વથા ઉપકાર કરનાર માટે તો કહેવું જ શું ? (૮૦૯)

---

१. रक्तपुष्पप्रसूनैश्चैत्यपि ।

ध्यात्वेति विनिवृत्तोऽसौ, प्रातस्तारेन्दुमन्दिरम् ।
यावद्गच्छति तावत्स, मूकं लोकं विलोकते ॥८१०॥

अथाऽपृच्छत् कथं लोको, गतासुरिव दृश्यते ! ।
ततः कश्चिन्नरोऽवोचद्, दाहोऽभूद् श्रेष्ठिनस्तनौ ॥८११॥

तल्लोभनन्दिनो नूनं, विस्पष्टं दुष्टचेष्टितम् ।
यतोऽभिचारमन्त्राणां, माहात्म्यं हि निरर्गलम् ॥८१२॥

तत् ज्ञात्वा रत्नचन्द्रस्य, नरेन्द्रस्यान्तिके गतः ।
तत् सर्वं कथयामास, तदीक्षामास भूपतिः ॥८१३॥

આ પ્રમાણે ચિંતવીને ચૌર્યકર્મથી નિવૃત્ત થઈ પ્રભાતે તે તારાચંદ્ર શેઠના ઘરે તે વાત કહેવા ચાલ્યો. એવામાં તેણે કેટલાક લોકોને મુંગા મુંગા ચાલ્યા આવતા જોયા (૮૧૦)

તારાચંદ્ર શેઠ ઉપર આપત્તિ.
કષ્ટદાયી લોભનંદીઉપર મહાપત્તિ.

એટલે તેણે પૂછ્યું કે,"આ લોકો પ્રાણવિનાના હોય તેમ કેમ જણાય છે ? તે સાંભળી એક માણસે તેને જવાબ આપ્યો કે, તારાચંદ્ર શેઠના શરીરમાં દાહ થયો છે." (૮૧૧)

તે સાંભળી ધન વિચારવા લાગ્યો કે, અહો ! ખરેખર આ લોભનંદીની દુષ્ટચેષ્ટાનું જ પરિણામ છે. કારણ કે તેવા મંત્રોનું માહાત્મ્ય નિરર્ગલ હોય છે. (૮૧૨)

પછી તે તુરત રત્નચંદ્રરાજાની પાસે ગયો. અને રાત્રે જોયેલી બધી હકીકત તેણે રાજાને કહી સંભળાવી, રાજા તરત જ લોભનંદીને ત્યાં તેની સાથે ગયો તો તેના કહ્યા મુજબ બધુ જોયું. (૮૧૩)

यथावदुक्तं तत्सर्वं, तदागम्याऽधिगम्य च ।
अबन्धयद् श्रेष्ठिगलेऽश्मपिण्डं पापपिण्डवत् ॥८१४॥

तं चिक्षेप महाम्भोधौ, दुष्टशिक्षापरो नृपः ।
ताराचन्द्रोऽपि संजज्ञे, विहितौषधवत्पटुः ॥८१५॥

योऽनर्थदण्डमीदृक्षं, कुरुते क्रूरधीः स हि ।
लोभनन्दिवदम्भोधौ, भवाम्भोधौ निमज्जति ॥८१६॥

प्रणम्याऽथ जिनं राजा, राजमानो मुदा भृशम् ।
उवाचाऽनर्थदण्डस्य, शुश्रुवे निखिलं वचः ॥८१७॥

अनर्थदण्डमुञ्झन्ति, ये नराः शिववादिनः ।
तेषामर्थाः प्रसिद्ध्येयुरनर्थानामिवोज्झनात् ॥८१८॥

તેથી દુષ્ટજનોને શિક્ષા કરવા તત્પર રાજાએ પાપપિંડની જેમ લોભનંદીના ગળામાં પાષાણનો ગોળો બાંધી (૮૧૪)

તેને મહાસાગરમાં નંખાવી દીધો. પછી તારાચંદ્ર શેઠ ઔષધોપચારથી કેટલાક દિવસે સ્વસ્થ થયા (૮૧૫)

અને પોતાને નગરે ગયા. જે માનવ લોભનંદીની જેમ અનર્થદંડ કરે છે તે ક્રૂરમાનવ તેની જેમ ભવસાગરમાં નિમગ્ન થાય છે. (૮૧૬)

ઈતિ અનર્થદંડ ઉપર લોભનંદી કથા.

પછી આનંદથી બિરાજમાન કુંભરાજાએ પરમાત્માને પ્રણામ કરી કહ્યું કે, "હે ભગવન્ ! અનર્થ દંડનું વર્ણન આપે કહ્યું. તે મેં સાંભળ્યું, (૮૧૭)

કલ્યાણના ઈચ્છુક જે પ્રાણીઓ અનર્થદંડનો ત્યાગ કરે છે

अथ मल्लिः प्रभुः प्राह, शिक्षाव्रतचतुष्टयीम् ।
तत्र सामायिकं देशावकाशिकं च पौषधम् ॥८१९॥

अतिथेः संविभागश्च, शिक्षाव्रतचतुष्टयीम् ।
यः पालयति पुण्यात्मा, तस्य सिद्धिरसंशयम् ॥८२०॥

अङ्गिनां समभावो यः, सर्वभूतेषु भावतः ।
प्राहुः सामायिकं तज्ज्ञास्तत् शिक्षापदमादिमम् ॥८२१॥

आद्यशिक्षापदस्थस्य, श्राद्धस्याऽपि यतेरिव ।
चन्द्रावतंसनृपतेरिव कर्मक्षयो भवेत् ॥८२२॥

તેમના અનર્થના ત્યાગની સાથે જ સર્વ અર્થો સિદ્ધ થાય છે." (८१८)

ભગવંત બોલ્યા કે, "હવે ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ કહું છું. સામાયિક, દેશાવકાશિક, પૌષધ, અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. (८१९)

તેનું જે પાલન કરે છે તે પુણ્યાત્મા અવશ્ય સિદ્ધિ વરે છે. (८२०)

તેમાં પ્રથમ સર્વજીવો પર અંતઃકરણથી જે સમભાવ રાખવો તે પ્રથમ સામાયિક શિક્ષાવ્રત છે. (८२१)

આ પ્રથમ શિક્ષાવ્રતમાં વર્તનાર શ્રાવક તેટલો કાળ યતિસમાન ગણાય છે. અને તે ચંદ્રાવતંસકરાજાની જેમ કર્મક્ષય કરી શકે છે. (८२२)

તેની કથા આ પ્રમાણે છે :-

સામાયિક વ્રત ઉપર ચંદ્રાવતંસક રાજાની કથા.

લક્ષ્મીના સંકેત સ્થાન સમાન સાકેતનામે નગર છે. ત્યાં

नगरं नाम साकेतं, सङ्केतगृहवत् श्रियाम् ।
चन्द्रावतंसकस्तत्र, नृपतिः समजायत ॥८२३॥

हिमवृष्टिं विकुर्वाणः, स्तनयित्नुरिवाधिकम् ।
पद्मिनीमानलुण्टाकः, शिशिरर्तुरवातरत् ॥८२४॥

शिशिरे वर्त्तमानेऽस्मिन्, माघमासेऽनघाशयः ।
रजन्यामगमद् राजा, वासवेश्म गतस्मयः ॥८२५॥

विधिवद् भावनालीनो, राजचिह्नैर्विवर्जितः ।
दण्डकोच्चारसम्पूर्णमादात् सामायिकं व्रतम् ॥८२६॥

प्रज्वलिष्यति दीपोऽसौ, यावद् ध्वान्तविलोपकः ।
स्पर्धयेव मया तावत्, स्थेयं ध्यानवता सता ॥८२७॥

ચંદ્રાવતંસક નામે રાજા રાજ્ય કરતો હતો. (૮૨૩)

એકવાર મેઘની જેમ અધિકહિમવૃષ્ટિ કરનાર તથા પદ્મિનીની શોભાને લૂંટનાર શિશિરઋતુ આવી. (૮૨૪)

એ શિશિરઋતુના માઘમાસમાં અહંકાર રહિત અને નિર્મળ આશયવાળો તે રાજા એકવાર રાત્રે પોતાના આવાસ ભવનમાં આવ્યો. (૮૨૫)

રાજચિન્હોનો ત્યાગ કરી ભાવનાસહિત વિધિપૂર્વક દંડકોચ્ચાર કરી (કરેમિભંતે ઉચ્ચરી)ને તેણે સામાયિક ગ્રહણ કર્યું. (૮૨૬)

તે સમયે તેણે એવો પણ નિયમ લીધો કે-"જ્યાં સુધી અંધકારનો નાશ કરનાર આ દીપક જલતો રહે (તેની ઉપર ઉજેહી ન આવે તેવી રીતે દૂર દીપક રાખેલ હોય તેવો સંભવ છે.) ત્યાં સુધી મારે ધ્યાનસ્થ રહેવું." (૮૨૭)

આમ ચિંતવીને સામાયિકથી પવિત્ર થયેલા તથા આર્ત,

विचिन्त्येत्थं महीनाथः, सामायिकपवित्रितः ।
अतिष्ठत् प्रतिमायां स, रौद्रार्तध्यानवर्जितः ॥८२८॥

तत् तल्पपालिका ध्वान्तं, स्वामिनो मा स्म भूदिति ।
गते प्राग्यामिनीयामे, प्रदीपे तैलमक्षिपत् ॥८२९॥

अचिन्तयन्नृपो मेऽसौ, कर्म्मक्षयविधायिनी ।
[१]संधास्यामि निजं भावं, प्राक्तनकर्मभेदनम् ॥८३०॥

गते द्वितीये यामेऽथ, प्रदीपेऽत्र गृहस्थिते ।
अक्षिपद् जाग्रती तैलं, सा शय्यापालिका पुनः ॥८३१॥

ततोऽप्यचिन्तयद् राजा, रणादौ कष्टमुत्कटम् ।
सोढं मया कियच्चेदं, परम्परसुखप्रदम् ? ॥८३२॥

રૌદ્રધ્યાનથી રહિત રાજા કાયોત્સર્ગમાં સ્થિત થયો. (કાયોત્સર્ગ ઊભા રહીને કરવાનો નિયમ છે.) (૮૨૮)

એવામાં "રાજાને અંધારૂ ન થાય" એવા ઈરાદાથી તેની શય્યાપાલિકાએ આવીને રાત્રીના પ્રથમ પહોરે દીપકમાં તેલ પૂર્યું. (૮૨૯)

તે સમયે રાજાએ વિચાર કર્યો કે, "એ મારા કર્મનો ક્ષય કરવામાં સહાયક બની તેથી પૂર્વકર્મને ભેદવામાં મારા ભાવને હું જોડી દઈશ." (૮૩૦)

પછી બીજા પહોરે પણ તે દીપકમાં જાગતી શય્યાપાલિકાએ ફરીથી તેલ નાંખ્યું. (૮૩૧)

એટલે રાજાની ચિંતનધારા આગળ વધી. રણાદિકમાં મેં ઉત્કટ કષ્ટ સહન કરેલું છે તો તેની પાસે પરંપરાએ સુખ આપનાર એવું આ કષ્ટ શું હિસાબમાં છે ? (૮૩૨)

---

१. संध्यास्यामीत्यपि ।

व्यतीते रजनीयामे, तृतीये तल्पपालिका ।
चिक्षेप मल्लिकायां तु, तैलं सा भक्तमानिनी ॥८३२॥

पुनर्दध्यौ महीपालः, क्षालयिष्याम्यहं निजम् ।
पापं तापविनिर्मुक्तः, शरीरे स्ववशे सति ॥८३४॥

सर्वोऽपि सहते कष्टं, प्रायः परवशः पुमान् ।
कर्मक्षयाय तन्नैव, कर्मनिर्मूलनं त्विदम् ॥८३५॥

श्रमोत्पन्नव्यथाखिन्नः, स प्रदीप इवाऽचिरात् ।
विभातायां विभावर्यां, निर्वाणाऽभिमुखोऽभवत् ॥८३६॥

अतिप्रवृद्धभावोऽसौ, विहिताऽऽलोचनादिकः ।
आयुःक्षये विपद्याऽसौ, महर्द्धिस्त्रिदशोऽजनि ॥८३७॥

હવે બીજો પ્રહર વ્યતીત થતાં તે દાસીએ ભક્તિને લીધે જાગૃત થઈ દીપકમાં તેલ ઉમેર્યું. (૮૩૩)

એટલે રાજાએ ચિંતવ્યું કે, "શરીર સ્વવશ છતાં તાપથી મુક્ત રહી હું મારા પાપનું પ્રક્ષાલન કરીશ. (૮૩૪)

બધા પુરુષો પરવશ રહી પ્રાયઃકષ્ટ સહન કરે જ છે. તેથી કાંઈ કર્મનો ક્ષય થતો નથી અને આ કષ્ટ સહન કરતાં તો મારા તીવ્રકર્મનો નાશ થાય તેમ છે. (૮૩૫)

પછી પ્રભાત થતાં બહુવખત ઉભા રહેતા શ્રમથી અને તેનાથી ઉત્પન્ન પીડાથી ખેદ પામેલા રાજા પણ બુઝાવાને તૈયાર થયેલા દીપકની જેમ મૃત્યુની સન્મુખ થયા. (૮૩૬)

ભાવનામાં વૃદ્ધિ કરી તેમજ આલોચના કરી આયુક્ષયે મરણ પામી તે રાજા મહર્દ્ધિક દેવ થયો. (૮૩૭)

જેમ એ રાજાએ સામાયિક વ્રત અખંડ પાળ્યું તેમ અન્ય

सामायिकव्रतं [१]चक्रे, यथाऽनेन महीभुजा ।
तथाऽन्यैरपि कर्तव्यमिदं सर्वसुखप्रदम् ॥८३८॥

दिग्व्रते योऽवधिश्चक्रे, तत्संक्षेपो दिने दिने ।
देशावकाशिकं तत् स्यात्, शिक्षाव्रतं द्वितीयकम् ॥८३९॥

देशावकाशिकं यस्तु, परिपालयति व्रतम् ।
स सुखी जायते धीमान्, धनसेनधनेशवत् ॥८४०॥

तथाहि रत्नखेटाख्ये, खेटे रत्नधनाभिधः ।
श्रेष्ठी श्रेष्ठमतिस्तस्य, धनसेनसुतोऽजनि ॥८४१॥

स सर्वदा नीचसेवी, स्वभावेन विदूषकः ।
परापवादतन्निष्ठः साधूनामपि दूषकः ॥८४२॥

ભવ્યજીવોએ પણ સર્વસુખને આપનાર એવું તે વ્રત ગ્રહણ કરી તેવીજ રીતે પાળવું જોઈએ. (૮૩૮)

ઇતિ સામાયિકવ્રતે ચંદ્રાવતંસક કથા.

હવે છઠ્ઠા દિગ્વ્રતમાં એટલે દિશાઓ સંબંધી જવા આવવામાં જે મર્યાદા બાંધેલ હોય તેમાં દિવસે દિવસે સંક્ષેપ કરવો તે બીજું દેશાવકાશિક શિક્ષાવ્રત છે. (૮૩૯)

જે પ્રાણી દેશાવકાશિકવ્રતને આચરે છે. તે ધીમાન ધનસેન શેઠની જેમ સુખી થાય છે. તે કથા આ પ્રમાણે છે. (૮૪૦)

દેશાવકાસિક વ્રતોપરી ધનસેનશેઠની કથા.

રત્નખેટ નામના ખેટ (નગર)માં રત્નધન નામે સારી મતિવાળો શેઠ હતો. તેને ધનસેન નામે પુત્ર હતો. (૮૪૧)

તે સર્વદા નીચનો સંગ કરનાર, સ્વભાવે જે વિદૂષક, પરાપવાદમાં કુશળ અને સજ્જનોના દોષ કહેનારો હતો. (૮૪૨)

---

१. सम्यगिति परः पाठः ।

अन्येद्युर्विजने श्रेष्ठी, प्रेम्णा पुत्रमजूहवत् ।
परापवादं मा वत्स !, कार्षीः कीर्तिलताहिमम् ॥८४३॥

मूलं परापवादद्रोः, कलिः, स्कन्धश्च दुर्वचः ।
धर्मभ्रंशः प्रसूनानि, फलं दुर्गतिसंगतिः ॥८४४॥

नीचसंगाच्चिरं पुत्र !, सुदीर्घा भवसंततिः ।
शृणु चन्द्रयशोवृत्तं, वृत्तं नवभवावधि ॥८४५॥

तथाहि भरतक्षेत्रे, पुरं ब्रह्मपुराभिधम् ।
ब्रह्मसेनो नृपस्तत्र, जयसेनो जिघांसुभिः ॥८४६॥

निःशेषशास्त्रविदुरो, विदुरोऽस्य पुरोहितः ।
पुरन्दरयशास्तस्य, भार्या शीलदुरन्धरा ॥८४७॥

એકવાર શ્રેષ્ઠીએ તેને પ્રેમપૂર્વક એકાંતમાં બોલાવીને કહ્યું કે, "હે વત્સ ! કીર્તિરૂપ લતાને હળસમાન પરાપવાદનો તું ત્યાગ કર. (૮૪૩)

પરાપવાદરૂપ વૃક્ષનું મૂળ કલહ છે. દુર્વચન એ તેના સ્કંધ છે. ધર્મભ્રંશ એ તેના પુષ્પો છે. અને દુર્ગતિ એ તેનું ફળ છે. (૮૪૪)

વળી હે પુત્ર ! નીચસંગતિથી સંસાર સંપત્તિ બહુજ દીર્ઘ (લાંબી) થતી જાય છે. તે સંબંધમાં ચંદ્રયશાના નવભવનું ચરિત્ર સાંભળ. (૮૪૫)

ચંદ્રયશાની અવાંતર કથા.

આ ભરતક્ષેત્રમાં બ્રહ્મપુર નામે નગર છે. ત્યાં બ્રહ્મસેન રાજા રાજ્ય કરતો હતો. પણ તે નિર્દય શિરોમણિ હતો. (૮૪૬)

તે રાજાને સમસ્ત શાસ્ત્રકુશલ વિદુર નામે પુરોહિત હતો.

तयोश्चन्द्रयशाः पुत्री, वल्लभा निजजीववत् ।
पैतृके साऽर्हतो धर्मे, नाऽकार्षीद् वासनां क्वचित् ॥८४८॥

कलिकाननकन्दल्या, पैशून्याऽशून्यचित्तया ।
यशोदेववणिक्पत्न्या, ब्रह्मसुन्दरीसंज्ञया ॥८४९॥

गृद्धया कामभोगेषु, सदाचारपथद्विषा ।
तस्या अजायत प्रीतिः, **सख्यं तुल्ये स्मृतं यतः** ॥८५०॥ युग्मम्

वत्सेऽनया समं सख्यं, न श्रेयांसि समाश्रयेत् ।
न तथोद्योतकृद् रत्नं, सर्पमूर्ध्नि यथा भिये ॥८५१॥

તેને શીલમાં ધુરંધર પુરંદરયશા નામે પત્ની હતી. (૮૪૭)

તેને પ્રાણપ્રિયા ચંદ્રયશા પુત્રી હતી. તે પોતાના વંશપરંપરાગત ચાલી આવતા આર્હતધર્મમાં જરાય માનનારી નહોતી. (૮૪૮)

એકવાર કલહવનની કદલી સમાન, પૈશૂન્ય વ્યાપ્તચિત્તવાળી, કામભોગમાં આસક્ત, સદાચારમાર્ગના શત્રુ સમાન બ્રહ્મસુંદરી નામની કોઈ યશોદેવ વણિકની પત્ની સાથે તેને મિત્રતા થઈ. કારણ કે **મિત્રતા સમાન સ્વભાવવાળાને જ થાય છે.** (૮૪૯-૮૫૦)

આ હકીકત જાણી તેના માબાપ તેને અટકાવવા લાગ્યા હતા કે, "હે વત્સે ! એની સાથે તારે મિત્રતા કરવી એ શ્રેયસ્કર નથી. સર્પના મસ્તક ઉપર રહેલું રત્નઉદ્યોતકારી હોતું નથી. (૮૫૧)

પણ ભય કરનારૂં હોય છે." આ પ્રમાણે અટકાવવા છતાં તે તેની મિત્રતાથી નિવૃત્ત ન થઈ. **પ્રાયઃ જેને માટે અટકાવવામાં**

इत्थं सा प्रतिषिद्धाऽपि, पितृभ्यां न निवर्तते ।
यद् यन्निवारितं प्रायः, तत्तदाऽऽसेवते जनः ॥८५२॥

अन्येद्युरुन्मनाश्चन्द्रयशाः सख्याऽनयोदिता ।
मूर्खचित्तमिवात्यन्तं, किमु शून्येव लक्षसे ? ॥८५३॥

सखि ! प्रियो विरक्तो मे, रक्तो मदिरयेव सः ।
प्रकामं मदिरावत्या, न मां दृष्ट्वापि वीक्षते ॥८५४॥

अजातनन्दना कालं, निर्गमिष्यामि किं सखि ! ? ।
न पुत्रो न पतिश्चापि, केवलं जन्म हार्यते ॥८५५॥

अलं सखि ! विषादेनाऽऽकर्णयौपयिकं वचः ।
नीलीरागनिभं रागं, यथा कुर्यात् त्वयि प्रियः ॥८५६॥

આવે છે. તેનું લોકો ઉલટું વધારે સેવન કરે છે. (૮૫૨)

એકવાર ખેદ પામેલી ચંદ્રયશાને તેની સખીએ કહ્યું કે, "મૂર્ખના મનની જેમ કેમ આજે અત્યંત શૂન્યમનસ્ક દેખાય છે ? (૮૫૩)

એટલે તે બોલી કે, હે સખી ! હમણાં મારો સ્વામી મારાથી વિરકત છે. મદિરાથી રક્ત થયેલાની જેમ મદિરાવતીમાં અતિ આસક્ત બની તે મારી સામે નજર પણ કરતો નથી. (૮૫૪)

તેથી હે સખી ! પુત્રવિનાની મારે કાળ શી રીતે વ્યતીત કરવો ? પુત્ર કે પતિ વિના મારો આ જન્મ કેવલ વૃથા જાય છે." (૮૫૫)

આ પ્રમાણે સાંભળી તે બોલી કે, "હે ભદ્રે ! વિષાદ શા માટે કરે છે ? હું તેનો ઉપાય બતાવું તે સાંભળ. જેથી તારો પતિ તારા ઉપર ગળીના રંગ જેવો અત્યંત અનુરક્ત થાય (૮૫૬)

अत्रास्ति धर्मधीर्नाम, पुरः प्रव्राजिका बहिः ।
बहुश्रुता सप्रभावा, चाऽस्मिन् कर्मणि कर्मठा ॥८५७॥

अथ द्वाभ्यां तत्र गत्वा, पूजयित्वा धनादिभिः ।
पत्युर्वृत्तान्त आख्यातः, साऽवादीन्मा विषीदताम् ॥८५८॥

ब्रह्मसुन्दर्यथोवाचाऽनुगृहीता त्वयाऽम्बिके ! ।
युक्तं परोपकाराय, प्रवर्तन्ते भवादृशाः ॥८५९॥

अथोच्चाटननामौच्चैश्चूर्णं प्रव्राजिका रहः ।
अदाच्च चन्द्रयशसे, दुष्टकर्मेव मूर्तिमत् ॥८६०॥

तद्योगचूर्णमाहात्म्यात्, शिरसि क्षेपणात् पतिः ।
विरक्तो मदिरावत्यां, रक्तश्चन्द्रयशस्यभूत् ॥८६१॥

જો અહીં નગરની બહાર ધર્મધી નામે એક જોગણી છે. તે બહુશ્રુત પ્રભાવવાળી અને આવા કાર્ય કરવામાં અત્યંત કુશળ છે. (૮૫૭)

માટે આપણે તેની પાસે જઈએ." આમ વિચારી તે બંને તેની પાસે ગઈ અને ધનાદિકથી તેનો સત્કાર કરી ચંદ્રયશાએ પોતાના પતિનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે તે બોલી કે, "તમે ખેદ ન કરો. (૮૫૮)

હું તેનો ઉપાય કરીશ. એટલે બોલી કે, હે માત ! અમારી ઉપર તમે મોટો અનુગ્રહ કર્યો. આપના જેવા તો પરોપકારમાં જ પ્રવર્તે છે. (૮૫૯)

પછી તે પરિવ્રાજિકાએ સાક્ષાત્ દુષ્ટ કર્મસમાન ઉચ્ચાટન નામે ચૂર્ણ ચંદ્રયશાને આપ્યું. (૮૬૦)

તે ચૂર્ણ પતિના શિર પર નાંખવાથી તે ચૂર્ણના મહાત્મ્યવડે તે મદિરાવતી પરથી વિરક્ત થયો. (૮૬૧)

बद्धं क्लिष्टं तया कर्म, महादुःखनिबन्धनम् ।
विपाको यस्य संभावी, बहुसंसारकारणम् ॥८६२॥

कालक्रमेण सा मृत्वा, समभूत्पर्वते वशा ।
अप्रिया यूथनाथस्य, तत्तत्कर्मविपाकतः ॥८६३॥

यत्र सा क्रीडति प्रीत्या, तत्र एष न गच्छति ।
तां विलोक्य प्रजज्वाल, नवेनेव दवेन सः ॥८६४॥

अथ मृत्वा गिरौ तत्र, वानरीत्वेन साऽभवत् ।
अनिष्टा पूर्ववत् पत्युः, स्वदुष्कृतवशंवदा ॥८६५॥

अन्येद्युर्यूथनाथेन, ताडिता सा बलीमुखी ।
भ्राम्यन्ती शून्यहृत् पुंसा, केनचिद् विधृता हठात् ॥८६६॥

અને ચંદ્રયશા ઉપર અનુરક્ત થયો, પરંતુ આ કૃત્યથી તેણે મહાદુઃખના કારણરૂપ અત્યંત ક્લિષ્ટકર્મ બાંધ્યું. જે કર્મનો વિપાક બહુ સંસારના કારણરૂપ થયો. (૮૬૨)

(પ્રથમભવ) હવે કાળક્રમે ચંદ્રયશા મરણ પામી તે કર્મના વિપાકથી બીજાભવે કોઈ પર્વતપર પોતાના યૂથનાથને અપ્રિય એવી હાથિણી થઈ. (૮૬૩)

પૂર્વભવના કર્મોદયથી જ્યાં એ હાથિણી પ્રીતિપૂર્વક ક્રીડા કરતી, ત્યાં તે હાથી જતો નહિ તેને જોઈ નવીન દાવાનલની જેમ તે અંતરમાં બળતો હતો. (૮૬૪)

ત્યાંથી મરણ પામી ત્રીજા ભવમાં તે જ પર્વતઉપર તે વાંદરી થઈ અને પોતાના પોતાના દુષ્કર્મને વશ તે પૂર્વભવની જેમ પોતાના પતિને અનિષ્ટ થઈ. (૮૬૫)

એકવાર યુથપતિએ તે બલીમુખીને મારી શૂન્ય હૃદયથી ભમતી

अथायःशृङ्खलाबद्धा, महादुःखप्रपीडिता ।
मृत्वाऽभूत् कुक्कुटीत्वेन, कुत्रचित् कोलिकौकसि ॥८६७॥

तथापि कुर्कुटस्याभूदनिष्टा पूर्वजन्मवत् ।
मृत्वा बिडालिकात्वेन, जाता तत्रापि पूर्ववत् ॥८६८॥

अथ मृत्वाऽभवत् पत्नी, चाण्डालस्य सदाधियुक् ।
दुर्गन्धा दुर्भगा क्रूरा, वामना पामनाऽपि च ॥८६९॥

ताडयित्वा श्वपाकेन, गृहाद् निष्कासिता सती ।
भ्राम्यन्ती कानने घोरे, निध्याता साधुपुङ्गवैः ॥८७०॥

पन्था धर्मपरेऽस्माकं, दर्श्यतां मुनयोऽवदन् ।
अनया दर्शितः पन्थाः, साधवः प्रोचिरेऽथ ताम् ॥८७१॥

તેને બળાત્કારે કોઈ પુરુષે પકડી લીધી (૮૬૬)

અને લોઢાની એક મોટી સાંકળ સાથે તેની બાંધી દીધી. આથી તે મહાદુઃખથી પીડાતી મરણ પામી. કોઈ કસાઈને ઘરે ચોથાભવમાં કુકડી થઈ. (૮૬૭)

ત્યાં પણ પૂર્વની જેમ તે કુકડાને અનિષ્ટ થઈ પડી. પછી ત્યાંથી મરી પાંચમાભવે તે બિલાડી થઈ. (૮૬૮)

ત્યાંથી મરીને તે છઠ્ઠાભવે સદા આધિયુક્ત, દુર્ગંધી શરીરવાળી, પામન (ખસ) યુક્ત, ક્રૂર, વામણી અને દુર્ભગા ચાંડાળની પત્ની થઈ. (૮૬૯)

ચંડાળે તેને મારીને ઘરની બહાર કાઢી મૂકી. એટલે ઘોરજંગલમાં ભમતી કોઈ સાધુઓના જોવામાં આવી (૮૭૦)

આથી મુનિઓએ તેને પૂછ્યું કે, "હે ભદ્રે ! અમને માર્ગ બતાવ" એટલે તેણે માર્ગ બતાવ્યો (૮૭૧)

भद्रे ! भद्रङ्करो धर्मः, कार्यः स्वस्य हितेच्छया ।
साऽवदत्कीदृशो धर्मोऽकथयंस्ते [१]यथाविधि ॥८७२॥

ततः प्रभृति सा शुद्धं, कुर्वाणा धर्ममार्हतम् ।
तत्कर्मदोषशेषांऽशात्, सुताऽभूत् श्वेतवीपतेः ॥८७३॥

कोशलस्वामिना साकं, कृतोद्वाहेयमप्यभूत् ।
तद्रूपं यक्षिणी काचिद्, विकृत्याऽन्तःपुरेऽगमत् ॥८७४॥

तद् वृत्तं श्वेतवीनाथपुत्री ज्ञात्वाऽतिदुःखिता ।
प्रवर्तिनी समीपेऽगाद्, नत्वाऽविक्षद् यथासनम् ॥८७५॥

ज्ञानादुक्तवती प्रव्राजिकाचूर्णादि सा सती ।
ततोऽस्या गलितं मोहध्वान्तं बोधिरदीप्यत ॥८७६॥

એટલે તે મુનિ બોલ્યો કે, "હે ભદ્રે ! સ્વહિતની ઇચ્છા રાખી સુખકારધર્મનું આરાધન કર તે બોલી કે, "ધર્મનું સ્વરૂપ કેવું હોય ? એટલે મુનિઓએ યથાવિધિ ધર્મનું સ્વરૂપ કહી સંભળાવ્યું. (૮૭૨)

ત્યારથી તે શુદ્ધ આર્હતધર્મનું આરાધન કરવા લાગી. ત્યાંથી મરણ પામી પૂર્વકર્મના બાકી રહેલા દોષાંશથી તે સાતમેભવે શ્વેતવી નગરીના સ્વામીની સુતા થઈ. (૮૭૩)

અને કોશલનગરના સ્વામી સાથે તેનો વિવાહ થયો. એકવાર તેના અતઃપુરમાં કોઈ યક્ષિણી તેની સમાનરૂપ વિકુર્વી તેના પતિ પાસે ગઈ. (૮૭૪)

તે વૃત્તાંત જાણતાં રાજપુત્રી અતિદુઃખી થઈ. કોઈ સાધ્વી પાસે જઈ તેમને નમસ્કાર કરી તેમની પાસે બેઠી, (૮૭૫)

સાધ્વીજીએ જ્ઞાનથી તેના પૂર્વભવનું સ્વરૂપ જાણી

१. यथातथमेषोऽपि पाठः ।

जातिस्मरणमुत्पेदे, संवेगः प्रासरद् हृदि ।
कियद्भगवति ! क्लिष्टं, मम कर्माऽस्ति साम्प्रतम् ॥८७७॥

ऊचे प्रवर्तिनी वत्सेऽहोरात्रमिति कर्म ते ।
अथाऽख्यदेषा मे प्राणनाथो ज्ञास्यति मां कथम् ? ॥८७८॥

इदानीं जातशङ्कस्ते, प्रियो निशि कथञ्चन ।
प्रतिमां तीर्थनाथस्य, समीपस्थां करिष्यति ॥८७९॥

तां दृष्ट्वा यक्षिणी, दूरादपयास्यति दस्युवत् ।
जिनार्च्चायाः पुरो यस्मान्न दुष्टाः स्थातुमीश्वराः ॥८८०॥

પરિવ્રાજિકાનાં ચૂર્ણ વિગેરે તમામ હકીકત કહી સંભળાવી. તેથી તેનો મોહાંધકાર દૂર થયો. અને બોધિબીજ પ્રકાશિત થયું (૮૭૬)

તેને જાતિસ્મરણજ્ઞાન થયું. પોતાના પૂર્વભવ દીઠા તેથી તેના હૈયામાં વિશેષ સંવેગભાવ વિસ્તાર પામ્યો. એટલે એ બોલી કે, (૮૭૭)

"હે ભગવતી ! હજી એ ક્લિષ્ટ કર્મ કેટલું બાકી છે ?" સાધ્વીએ કહ્યું કે, "હે વત્સ ! એ તારૂં કર્મ હવે એક અહોરાત્ર પ્રમાણ બાકી છે." તે બોલી કે, "મારો પતિ મને શી રીતે ઓળખી શકશે ?" (૮૭૮)

સાધ્વીએ કહ્યું કે, "અત્યારે પેલી કુત્રિમ રૂપધારિણી ઉપર તારો પતિ શંકિત થયો છે. તેથી તારો સ્વામી રાત્રે પોતાની પાસે ગુપ્તરીતે જિનેશ્વરની પ્રતિમાં રાખશે. (૮૭૯)

તેને જોઈ ચોરની જેમ તે યક્ષિણી દૂર ભાગી જશે. કારણ કે **દુષ્ટદેવદેવીઓ જિનપ્રતિમાની પાસે રહી શકતા નથી."** (૮૮૦)

प्रवर्तिनि ! न सा पत्युस्तद् विधास्यति खण्डनम् ।
साऽख्यत् शुभाशये ! नैव, किञ्चित् कर्ता शुभोदयात् ॥८८१॥

ततः प्रभृति ते भर्ता, कर्ता त्वां प्राणवल्लभाम् ।
सर्व्वथा पूर्व्वसंभूतः, क्षिप्तः कर्म्मभवो यतः ॥८८२॥

प्रवर्तिन्यर्हतो धर्म्मे, तत्त्वं किमपि यन्मतम् ।
तद् ब्रूहि करुणां कृत्वा, यतस्त्वं करुणानिधिः ॥८८३॥

प्रधानं सर्व्वमन्त्रेषु, भीतानां वज्रपञ्जरम् ।
साधकं मुक्तिमार्गस्य, दीपकं ज्ञानसम्पदाम् ॥८८४॥

जीववत् शाश्वतं साऽथ, नमस्कारं यथाविधि ।
अशिक्षयत्प्रियां राज्ञः, सा सम्यक् प्रत्यपद्यत ॥८८५॥

પછી તે બોલી કે, "હે મહાસતી ! મારાપતિનું તે કાંઈ અહિત કરશે કે નહિ ?" તે બોલ્યા કે, "હે શુભાશયે ! તારા પતિના શુભોદયથી તે કંઈ કરી શકશે નહિ. (૮૮૧)

તેના ગયા પછી તારા ભર્ત્તાર તને પ્રાણવલ્લભા કરશે. કારણ કે આ બધો પરાભવ પૂર્વકર્મના યોગે જ થયેલો છે." (૮૮૨)

પછી તે ફરી બોલી કે, "હે ભગવતી ! આર્હતધર્મમાં જે તત્ત્વભૂત હોય તે કરૂણા કરી મને કહો કારણ કે તમે કરૂણાનિધાન છો." (૮૮૩)

એટલે સાધ્વીએ સર્વમંત્રમાં શિરોમણિ ભયભીતને વજ્રપંજર સ્વરૂપ, મુક્તિમાર્ગસાધક જ્ઞાનસંપત્તિના દીપકરૂપ (૮૮૪)

અને જીવની જેમ શાશ્વતમંત્ર રાણીને શીખવાડ્યો અને રાજપત્નીએ સમ્યક્પ્રકારે તે મંત્રનો સ્વીકાર કર્યો. (૮૮૫)

પછી નમસ્કાર ધ્યાનમાં તત્પર રહી તેણે એકક્ષણની જેમ

तत्रस्थैव नमस्कारतत्परा नृपवल्लभा ।
सकलां गमयामास, क्षणवत्क्षणदां मुदा ॥८८६॥

ततस्तस्याः पतिर्वृत्तं, यक्षिण्या अवगम्य च ।
तमुपाश्रयमागत्य, देव्या अनुनयं व्यधात् ॥८८७॥

आर्यपुत्र ! न ते किञ्चित्, कुप्यामः कर्मणे भृशम् ।
निमित्तमात्रं सर्वोऽप्यपराधगुणयोरपि ॥८८८॥

अथोवाच नृपो देवि !, कर्मणे [१]कुप्यसि कथम् ? ।
साऽऽचख्यौ मूलतो वृत्तं, प्रवर्तिन्या निवेदितम् ॥८८९॥

निशम्योचे नृपः प्राच्यकर्मणां फलमीदृशम् ।
अनुभूतमनुस्यूतमिव पत्न्या भवे भवे ॥८९०॥

સમસ્ત રાત્રિ ત્યાં જ આનંદપૂર્વક વ્યતિત કરી. (૮૮૬)

એવામાં તે યક્ષિણીનો વૃત્તાંત જાણી તેનો પતિ ઉપાશ્રયમાં આવી તેની આગળ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. (૮૮૭)

એટલે તે બોલી કે, "હે આર્યપુત્ર ! મારે આપની ઉપર કશો રોષ નથી. કારણ કે આ બધુ મારા પૂર્વકર્મથી થયું છે. અપરાધ કે ગુણમાં બીજા બધા તો નિમિત્તમાત્ર જ હોય છે." (૮૮૮)

પછી રાજાએ કહ્યું કે, "હે દેવી ! કર્મ ઉપર પણ શા માટે રોષ કરે છે ? એટલે સાધ્વીએ કહેલો તેના પૂર્વભવનો વૃત્તાંત તેણે મૂળથી કહી સંભળાવ્યો. (૮૮૯)

તે સાંભળી રાજાએ કહ્યું કે, અહો ! પૂર્વકર્મનું આવું ફળ કે જે સાથે જોડાયેલાની જેમ ભવોભવ મારી પત્નીના અનુભવવામાં આવ્યું." (૮૯૦)

પછી પ્રવર્તિનીને નમસ્કાર કરી રાણી સહિત રાજા પોતાના

१. किमु कुप्यसीत्यपि ।

ततः प्रवर्तिनीं नत्वा, धामाऽगात्सप्रियो नृपः ।
साऽपि द्वादशधा धर्मं, परिपाल्य दिवं ययौ ॥८९१॥

एतच्चन्द्रयशोवृत्तं, श्रुत्वा पुत्र ! पवित्रधीः ।
नीचसङ्गं विमुञ्चाऽऽशु, चेदिच्छसि समुन्नतिम् ॥८९२॥

नत्वा तातमसौ प्राह, नीचसङ्गात् समन्ततः ।
निवृत्तोऽहं प्रवृत्तस्तु, तवाऽध्वनि शुभाशयम् ॥८९३॥

अहं तातार्हतं धर्मं, श्रोतुमिच्छामि साम्प्रतम् ।
ततोऽसौ कथयामास, श्रावकव्रतपद्धतिम् ॥८९४॥

उपादत्तार्हतो धर्मं, सद्गुरोरिव[1] भाविकम् ।
विशेषाच्च मनश्चक्रे, व्रते देशावकाशिके ॥८९५॥

સ્થાને ગયો. અને તે રાણી બારવ્રતપાળી સ્વર્ગે ગઈ. (૮૯૧)

(પ્રારંભમાં નવ ભવ કહ્યા, અહીં સાતમો ભવ પૂરો થાય છે એમ ભવ ગણતાં સાત થાય છે નવ થતા નથી.)

ઈતિ ચંદ્રયશા કથા.

"હે વત્સ ! આ ચંદ્રયશાનું ચારિત્ર સાંભળીને જે તું પોતાની ઉન્નતિ ઈચ્છતો હોય તો પવિત્ર બુદ્ધિ રાખી નીચસંગતિનો સત્વર ત્યાગ કર." (૮૯૨)

આ પ્રમાણે સાંભળીને તેણે તાતને નમસ્કાર કરી કહ્યું કે, "હે તાત ! હું હવે નીચસંગતિથી સર્વથા નિવૃત્ત થાઉં છું (૮૯૩)

અને શુભાશયથી તમારા માર્ગમાં પ્રવૃત્ત થાઉં છું. હે તાત ! આર્હતધર્મ સાંભળવાની મારી ઈચ્છા છે. એટલે તેણે જૈનધર્મનું સ્વરૂપ અને શ્રાવકના વ્રતની હકીકત કહી સંભળાવી. (૮૯૪)

તે સાંભળી સદ્‌ગુરુની જેમ તેની પાસેથી ભાવપૂર્વક તેણે

---

१. स गुरोः सदुरोरिव, एवमपि ।

अन्येद्युर्जनकादेशात्, पण्यान्तरजिघृक्षया ।
चलितः पूर्णगोणीकैः, वृषैः पञ्चशतैर्युतः ॥८९६॥

कण्ठबद्धस्फुरद्घण्टानिर्घोषाः प्रासरंस्तराम् ।
देशान्तरश्रियामाकारणदूता इवोद्भटाः ॥८९७॥

बङ्गाऽङ्गयोरन्तराले, सार्थस्तस्योषितोऽखिलः ।
मिमिलुरपरे सार्थं, सार्था वार्धाविवापगाः ॥८९८॥

धनसेनोऽथ शर्वर्यां, कृतार्चस्त्रिजगद्गुरोः ।
आ सार्थाद् विदधे देशावकाशिकं व्रतं मुदा ॥८९९॥

આર્હતધર્મ અંગીકાર કર્યો અને દેશાવગાશિક વ્રતના આરાધનમાં વિશેષ તત્પર થયો. (૮૯૫)

ક્રયવિક્રયાર્થે દેશાંતર ગમન.

એકવાર પોતાના પિતાના આદેશથી માલનો ક્રયવિક્રય કરવા માટે તે પાંચસો બળદ ઉપર કરીયાણાની ગુણો ભરીને ચાલ્યો. (૮૯૬)

તે વખતે બળદના કંઠે બાંધેલા સ્ફૂરાયમાન ઘંટાના નાદ જાણે દેશાંતરની લક્ષ્મીને બોલાવવાના ઉદ્‌ભટ દૂત હોય એવા પ્રસરવા લાગ્યા (૮૯૭)

આગળ જતાં અંગ અને બંગદેશની મધ્યમાં બધો સાર્થ નિવાસ કરી રહ્યો. તે વખતે સમુદ્રમાં નદીઓ આવી ભળે તેમ બીજો સાર્થ તે સાર્થને આવી મળ્યો. (૮૯૮)

એ વખતે ભગવંતની પૂજા કરી રાત્રે ધનસેને રાત પર્યંતનું દેશાવકાસિક વ્રત અંગીકાર કર્યુ. (૮૯૯)

ત્યારપછી તરતમાં રાત્રિના પ્રારંભમાં જ કોઈ એ આવીને

इतश्च निशि कोऽप्येत्य, जगाद वणिजाम्पतिम् ।
देव ! नाहलसंघाताश्चेलुः सार्थजिघृक्षया ॥९००॥

इदं वृत्तं परेषां स, वैदेहानां जगाद तु ।
तेऽप्यूचुस्तर्हि वेगेन, नश्यतां धनसेन ! भोः ! ॥९०१॥

न्यगदद् धनसेनोऽथ, व्यूहं कृत्वाऽत्र तिष्ठत ।
नाहलानीकिनीसंघाः, किं करिष्यन्ति जाग्रताम् ? ॥९०२॥

यष्टिभिर्मुष्टिभिश्चापैः, प्रस्तरैर्गोलकादिभिः ।
व्यूहभेदं विधास्यन्ति, धनसेनेति चिन्तय ॥९०३॥

अथाऽभ्यधाद् धनसेनो, मया स्थातव्यमत्र यत् ।
आ सार्थात्परतो यस्मान्निषेधो गमने निशि ॥९०४॥

સાર્થપતિને કહ્યું કે, "હે દેવ ! સાર્થને લુંટવા માટે ભીલ લોકો આવે છે." આ સમાચાર તેણે બીજા વૈદેશિકોને પણ કહ્યા (૯૦૦)

એટલે તેમણે ધનસેનને કહ્યું કે, "હે ધનસેન ! આપણે સત્વર અહીંથી ભાગી જઈએ. (૯૦૧)

ધનસેન બોલ્યો કે, અહીં જ વ્યૂહ કરીને રહો. જાગતા આપણને ભીલલોકો શું કરવાના હતા. (૯૦૨)

તે સાંભળી વૈદેશિકો બોલ્યા કે, હે ધનસેન ! યષ્ટિ, મુષ્ટિ, બાણ, પાષાણ અને ગોળા વિગેરેથી તેઓ વ્યૂહનો ભેદ કરશે. (૯૦૩)

માટે વિચારવા જેવું છે." ધનસેન બોલ્યો કે, આજે રાત્રે આ સાર્થ પડેલ છે. ત્યાંથી આગળ ન જવાનો મેં નિયમ કરેલો છે. તેથી મારે તો અહીં જ રહેવું છે. (૯૦૪)

તેઓ બોલ્યા કે, "હે ભદ્રે ! આ તમારી કેવી મૂર્ખતા કે

अहो ! ते मूर्खता भद्रावादीद् यन्नियमो मम ।
स्वस्थावस्थासु कर्तव्यं, व्रतस्य परिपालनम् ॥९०५॥

भद्र ! धर्मप्रभावात्ते, भूयाद् रक्षा निशान्तरे ।
वयं नु सधना यामो, **नश्यतां नास्ति भीः क्वचित्** ॥९०६॥

वैदेहा अपरे सार्थमादाय रजनीमुखे ।
भीत्या मृगा इवाऽनश्यन्**नास्ति मृत्युसमं भयम्** ॥९०७॥

तेषां प्रणश्यतामद्धर्मार्गे भिल्ला उदायुधाः ।
आययुः संमुखं मूर्ताः, कालरात्रिसुता इव ॥९०८॥

अथ तैर्वेष्टितः सार्थः, शरीरीवोग्रकर्मभिः ।
कृतोः गृहीतसारश्च प्रहतः प्रस्तरादिभिः ॥९०९॥

અત્યારે નિયમ લઈ બેઠા છો. સ્વસ્થ અવસ્થામાં વ્રત લેવું અને પાળવું જોઈએ. (૯૦૫)

હવે જો તમારે અહીં જ રહેવું છે તો રાત્રે ધર્મના પ્રભાવથી તમારો બચાવ થાઓ. અમે તો માલ સહિત ચાલ્યા જઈશું. કારણ કે ભાગતા લોકોને ભય નડતો નથી. (૯૦૬)

આમ કહી રાત્રિના પ્રારંભમાં જ બીજા વૈદેશિક લોકો પોતાના સાર્થને સાથે લઈ ભયથી મૃગલાની જેમ ચાલી નીકળ્યા. અહો ! **મરણ સમાન બીજો કોઈ ભય નથી.** (૯૦૭)

ભાગતા એવા તે લોકોને એવામાં અડધારસ્તે સામે કાળરાત્રિના પુત્ર જેવા ભીલો આયુધો લઈ સામા મળ્યા (૯૦૮)

અને ઉગ્રકર્મોથી આત્માની જેમ તેમણે સાર્થને ઘેરી લીધો. પછી તમામ સામાન લૂંટી લઈ પાષાણ વિગેરેથી તેમને મારવા લાગ્યા. (૯૦૯)

अथ प्राणान् समादाय, नेशुः सार्थजना निशि ।
धनसेनस्तु कुशली, तत्रस्थो व्रतपालनात् ॥९१०॥

अवबुद्ध्य स्वरूपं तत्, प्रनष्टा गतपौरुषात् ।
विशेषतो रतो जैने, धर्मेऽभूत् सुसमाहितः ॥९११॥

अथ प्राप्य स्वकीयं तत्, पुरं रत्नपुराभिधम् ।
समुपार्जितलक्ष्मीकः, श्राद्धव्रतमपालयत् ॥९१२॥

पर्यन्तेऽनशनं कृत्वा, समाधिध्यानतत्परः ।
मृत्वाऽभूत् प्रथमे कल्पे, सुरो ललितसंज्ञकः ॥९१३॥

देशावकाशिकं शुद्धं, यथाऽनेन सुरक्षितम् ।
तथाऽन्यैरपि भूपाल !, पालनीयं विवेकिना ॥९१४॥

એટલે રાત્રે જ સાર્થજનો જીવ લઈ ભાગી ગયા અહીં વ્રત લઈ બેઠેલા ધનસેનને ધર્મપસાયે કાંઈ જ સંકટ ન આવ્યું. (૯૧૦)

ગયેલા માણસોની હકીકત નિર્બળ થઈ ભાગતા કોઈ પુરુષની પાસેથી જાણી. ધનસેન ખેદ પામ્યો અને બહુ જ શાંતમનથી જિનધર્મમાં વિશેષ અનુરાગી થયો. (૯૧૧)

પછી દૂરદેશમાં વસ્તુઓના ક્રયવિક્રય કરી લક્ષ્મી ઉપાર્જન કરી તે પોતાના રત્નપુર નગરમાં પાછો આવ્યો અને સારી રીતે શ્રાવકધર્મનું પાલન કરવા લાગ્યો. (૯૧૨)

પ્રાંતે અનશન કરી સમાધિ ધ્યાનમાં તત્પર રહી મરણ પામી તે પ્રથમ દેવલોકમાં લલિતનામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને અનુક્રમે પરમપદને પામશે. (૯૧૩)

ઇતિ દશમાવ્રત ઉપર ધનસેન કથા.

"હે રાજન્ ! જેમ એ ધનસેને વિવેકપૂર્વક દેશાવગાશિક વ્રતનું

श्रीकुम्भो न्यगदद् नाथ !, धनसेनः कृतार्थधीः ।
यस्येदृक्षं मनो धर्मे, सुस्थितं परमार्थतः ॥९१५॥

वरं पुरं शरीरं च, द्रविणं च त्यजन्त्यपि ।
त्यजन्त्यऽभिग्रहं नैव, जीवितव्यव्ययेऽपि हि ॥९१६॥

पौषधव्रतदृष्टान्तं, स्वामिन् ! श्रोतुं समुत्सुकः ।
केषां तृप्यन्ति चेतांसि, यौष्माकीणवचः श्रुतौ ? ॥९१७॥

अथाऽभ्यधाद् जिनो मल्लिः, संदेहध्वान्तभास्करः ।
माकन्दफलसप्रीत्या, गिरा तत्त्वकिरा भृशम् ॥९१८॥

पौषं दत्ते क्रमाद् ध्यानधर्मस्य शुभदायिनः ।
इति निष्पत्तितः प्राहुस्तत्त्वज्ञाः पौषधव्रतम् ॥९१९॥

પાલન કર્યું તેમ બીજાઓએ પણ તે વ્રત પાળવું." (૯૧૪)

એટલે કુંભરાજા બોલ્યા કે, ખરેખર તે ધનસેન કૃતાર્થ થયો કે જેથી ધર્મમાં પરમાર્થની ભાવના દૃઢ હતી. (૯૧૫)

ભાગ્યશાળી જીવો નગર, શરીર કે દ્રવ્યનો ત્યાગ કરવા તત્પર હોય છે. પણ જીવિતવ્યનો નાશ થવા છતાં પણ પોતાના અભિગ્રહનો ત્યાગ કરતા નથી." (૯૧૬)

પછી કુંભરાજાએ કહ્યું કે, "હે સ્વામિન્ ! હવે પૌષધવ્રત સાંભળવાની મને ઉત્કંઠા છે. આપના વચન સાંભળતાં કોનું મન તૃપ્ત થાય ? (૯૧૭)

કુંભરાજાની આવી ઇચ્છા હોવાથી સંદેહરૂપ અંધકારને રવિ સમાન શ્રીમલ્લિનાથ ભગવંત આમ્રફલ સમાન તત્ત્વને સ્રવનારી વાણી વડે બોલ્યા કે, (૯૧૮)

"કલ્યાણકારી ધર્મધ્યાનને જે પોષણ આપે છે તેને તત્ત્વજ્ઞો

केचित् पौषधतन्निष्ठा, मृत्युदा अपि वेदनाः ।
सहन्तेऽन्यत्वभावेन, राजन् ! शिखरसेनवत् ॥९२०॥

तथाहि मिथिलापुर्यां, विजयी विनयी नयी ।
राजा विजयधर्माख्यश्चन्द्रधर्माऽस्य वल्लभा ॥९२१॥

अन्येद्युरनवद्याङ्गी, खेलन्ती सममालिभिः ।
विशिष्टलक्षणाधारा, स्त्रीरत्नमिति कश्चन ॥९२२॥

व्यामोह्य विद्यया लोकान्, विद्यासाधनहेतवे ।
जह्रेऽन्तःपुरमासीनां, चन्द्रधर्मां निशामुखे ॥९२३॥ (युग्मम्)

પોષધવ્રત કહે છે. (૯૧૯)

હે રાજન્ ! પૌષધવ્રતમાં સ્થિત રહેલા કેટલાક ધીરજનો શિખરસેનની જેમ મરણાંત કષ્ટને પણ અન્યત્વભાવથી સહન કરે છે. (૯૨૦)

તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. :-

અગ્યારમાં પૌષધવ્રત ઉપર શિખરસેનની કથા.

વિજયધર્મરાજાની પત્નીનું અપહરણ.

મિથિલાનગરીમાં વિજયી, ન્યાયી, વિનયી વિજયધર્મ રાજા રાજ્ય કરતો હતો. તેને ચંદ્રધર્મા રાણી હતી. (૯૨૧)

એકવાર તે સૌંદર્યવતી રાણી પોતાની સખીઓ સાથે ક્રીડા કરતી હતી. એવામાં વિશિષ્ટ લક્ષણયુક્ત આ સ્ત્રીરત્ન છે. (૯૨૨)

એમ ધારી વિદ્યાથી સર્વને વ્યામોહ પમાડી અંતઃપુરમાં બેઠેલી ચંદ્રધર્માનું વિદ્યાસાધનને માટે કોઈ વિદ્યાધરે અપહરણ કર્યું. (૯૨૩)

अस्या अपहृतिं ज्ञात्वा, निधेरिव धराधवः ।
मूलच्छिन्नांह्रिप इव, पपात पृथिवीतले ॥९२४॥

चन्दनद्रवनिष्यन्दितालवृन्तमहानिलैः ।
चिरं कृतप्रतीकारो, मरूच्छविच्छेदमाप सः ॥९२५॥

हा ! प्रिये ! हा ! प्रिये ! राकाशशाङ्कवदनानघे ! ।
कुतोऽस्मान् त्वमनापृच्छय, गताऽसि मृगलोचने ! ॥९२६॥

त्वां विना नगरं देवि !, शून्यमेतद् विलोक्यते ।
त्वदनु प्रस्थिताः प्राणाः, शून्यमस्थात् कलेवरम् ॥९२७॥

एवं दुःखपरे राज्ञि, चतुर्थे दिवसे दिवः ।
जटाजूटधरो मन्त्रसिद्धः कश्चिदुपागतः ॥९२८॥

અપૂર્વ નિધાનના હરણની જેમ રાણીનું અપહરણ સાંભળી રાજા મૂળથી છેદાયેલા વૃક્ષની જેમ ધરણીતલપર પડી ગયો. (૯૨૪)

ચંદનદ્રવયુક્ત પંખાના પવનથી બહુવાર પ્રતિકાર કરતાં તે સાવધાન થયો. (૯૨૫)

એટલે વિલાપ કરવા લાગ્યો કે, "હે પૂર્ણ ચંદ્રમુખી ! હે પ્રિય! હે મૃગલોચને ! તું મને કહ્યાવિના ક્યાં ચાલી ગઈ ? (૯૨૬)

હે દેવિ ! તારા વિના આ નગર બધું મને શૂન્ય દેખાય છે. મારા પ્રાણ તો તારી પાછળ જ ગયા છે. અહીં તો માત્ર મારૂં શૂન્ય કલેવર જ રહેલું છે." (૯૨૭)

આ પ્રમાણે રાજા શોકસાગરમાં નિમગ્ન હતો. એવામાં ચોથા દિવસે એક મંત્રસિદ્ધ જટાધર આકાશમાર્ગે ત્યાં ઉતરી આવ્યો (૯૨૮)

वयस्य ! मन्त्रसिद्ध्यर्थं, तव कान्ता मया हृता ।
एष कल्पो यतोऽमुष्याऽऽराधने गुरुणोदितः ॥९२९॥

तां जामिमिव मे विद्धि, न ते पीडा भविष्यति ।
षण्मासान्ते त्वया साकं, संगमः साधु सेत्स्यति ॥९३०॥

इत्युदित्वा गते तस्मिन्, पुनः मूर्च्छामवाप सः ।
आर्द्रीभूतं च तद् दुःखं, पिटको घर्षणादिव ॥९३१॥

मूर्च्छान्ते प्रेयसीं स्मृत्वा, ध्यानी मौनी च सोऽभवत् ।
पल्योपमोपमास्तस्य, बभूवुर्दिवसाः कति ॥९३२॥

અને બોલ્યો કે, "હે મિત્ર ! મંત્રસિદ્ધિ માટે મેં તમારી કાંતાનું હરણ કર્યું છે. મારે સિદ્ધ કરવાના મંત્રની આરાધનામાં ગુરૂએ મને એવો કલ્પ (આચાર) બતાવ્યો છે. (૯૨૯)

તમારી રાણીને મેં બેનની જેમ જ રાખી છે. માટે તમારે ખેદ કરવાનું કોઈ જ કારણ નથી. વળી છ મહિનાના અંતે મારો મંત્ર સિદ્ધ થતાં હું તેને પાછી મૂકી જઈશ. એટલે તમારે તેનો સમાગમ થશે." (૯૩૦)

આ પ્રમાણે કહી તે સિદ્ધપુરુષ ચાલ્યો ગયો. એટલે રાજા ફરી મૂર્છા પામ્યો. કેમ કે ખસની ફોડલી ખણવાથી જેમ આર્દ્ર થાય તેમ રાજાનું દુઃખ તેથી ઉલટું તાજું થયું. (૯૩૧)

પછી મૂર્છાને અંતે ચેતના વળતા રાજા પ્રિયાનું સ્મરણ કરી તેના ધ્યાનમાં મૌન ધારણ કરી રહ્યો. એ પ્રમાણે પલ્યોપમ સમાન કેટલાક દિવસો તેણે પસાર કર્યા. (૯૩૨)

અનુક્રમે રાજાનું વ્યામોહતિમિર ધીમે ધીમે દૂર થતાં પ્રાપ્ત થયેલા અપૂર્વ નિધાનની જેમ પ્રધાનાદિ સર્વ આનંદ પામ્યા. (૯૩૩)

व्यामोहतिमिरे तस्य, दूरीभूते कथञ्चन ।
जह्रषुः सचिवाः सर्वे, लब्धाऽपूर्वनिधानवत् ॥९३३॥

अत्रान्तरे समागत्योद्यानपालोऽप्यभाषत ।
विजयस्व महीपाल !, मङ्गलैरतुलैर्भृशम् ॥९३४॥

तवोद्याने जिनस्वामी, गजगामी समागतः ।
अनेकसंशयध्वान्तध्वंसकस्तिग्मभानुवत् ॥९३५॥

श्रुत्वेदं हर्षरोचिष्णुर्द्राग् पारितोषिकं नृपः ।
दत्त्वा व्यसृजदेनं तु, स्वयमागाच्च वन्दितुम् ॥९३६॥

प्राकारत्रितयं दृष्ट्वा, भ्राजमानं जिनेशितुः ।
धाराकदम्बवद् धाराहतो रोमाञ्चितोऽभवत् ॥९३७॥

ततः प्रदक्षिणीकृत्य, तीर्थनाथं क्षमापतिः ।
स्तुत्वा स्तोत्रैर्विचित्रैश्च, यथास्थानमुपाविशत् ॥९३८॥

એકવાર ઉદ્યાનપાલકે આવીને કહ્યું કે, "હે રાજન્ ! અતુલમંગલથી તમે અતિશય વિજય પામો. (૯૩૪)

આપના ઉદ્યાનમાં ગજગામી અને અનેકસંશયરૂપ અંધકાર નાશક સૂર્યસમ શ્રીજિનેશ્વર ભગવંત પધાર્યા છે." (૯૩૫)

આ પ્રમાણે સાંભળી આનંદ પામેલા રાજાએ તેને ઈનામ આપી વિસર્જન કર્યો અને પોતે ભગવંતને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યો. (૯૩૬)

ત્યાં ભગવંતના શોભાયમાન ત્રણ પ્રાકાર (ગઢ) જોઈને ધારાથી હણાયેલા કદંબવૃક્ષની જેમ તે રોમાંચિત થયો (૯૩૭)

પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઈ વિવિધસ્તોત્રોથી સ્તવના કરી રાજા યથાસ્થાને બેઠો. (૯૩૮)

अनादिनिधनो जीवो, बद्धः कर्मभिरुद्भटैः ।
दुर्वातभ्रामितः पोत, इवाम्भोधौ भ्रमत्यलम् ॥९३९॥

तत्रैव भ्राम्यतो द्वीपकल्पः कल्पद्रुमोपमः ।
जैनो धर्मः स च द्वेधा, साधुश्राद्धविभेदतः ॥९४०॥

साधुधर्मो यथा प्रोक्तो, व्रतपञ्चकबन्धुरः ।
अदवीयानयं मार्गो, लोकाग्रमुपतिष्ठते ॥९४१॥

श्राद्धधर्मात् परं मोक्षो, भवति द्वित्रिजन्मतः ।
अयं तु सुकरो ज्ञेयः, प्रायशो विषयैषिणाम् ॥९४२॥

कस्य धर्मस्य माहात्म्यादभूवं पृथिवीश्वरः ।
इत्युक्ते भूभुजा तेन, प्रोचे वाचंयमाग्रणीः ॥९४३॥

એટલે ભગવંતે આ પ્રમાણે દેશના આપવા માંડી હે ભવ્યજીવા ! અનાદિ નિધન – એટલે જે ઉત્પન્ન થયો નથી અને જેનો નાશ થવાનો નથી એવો આ જીવ તીવ્રકર્મોના બંધનથી સમુદ્રમાં દુષ્ટવાયુથી ભ્રમિત થયેલો વહાણની જેમ આ પારાવાર સંસારમાં અત્યંત ભ્રમણ કરે છે. (૯૩૯)

તેવી રીતે ભમતાં પ્રવહણને જેમ કોઈ દ્વીપ (બેટ) ની પ્રાપ્તિ થાય તેમ આ જીવને કલ્પવૃક્ષ સમાન મનોવાંછિત આપનાર જૈનધર્મ પ્રાપ્ત થાય છે. તે ધર્મ સાધુ અને શ્રાવકના ભેદથી બે પ્રકારનો છે. (૯૪૦-૯૪૧)

તેમાં પાંચમહાવ્રતથી મનોહર સાધુધર્મ કહેલો છે. તે મોક્ષ માટે નજીકનો માર્ગ છે. શ્રાવકધર્મના પરિપાલનથી બે ત્રણ ભવે મોક્ષ મળે છે. (૯૪૨)

પરંતુ વિષયાસક્ત જીવોને આ ધર્મ વધારે સુગમ લાગે છે.

आसीदिहैव भरते, विन्ध्यसंज्ञो महीधरः ।
चतुर्विधगजोत्पत्तिभूमिर्भूमितिदण्डवत् ॥९४४॥

तस्मिन् शिबिरसेनोऽभूत्, पल्लीशः क्षत्रियाग्रणीः ।
जन्तुजातवधे निष्ठो, गरिष्ठः स्तेयसाहसः ॥९४५॥

इयं ते प्रेयसी प्रेमरत्नरोहणभूमिका ।
समभूत् श्रीमती नाम्ना, पल्लिश्रीरिव गेहिनी ॥९४६॥

गुञ्जामुक्ताफलाहारा, वल्कलाम्बरधारिणी ।
बर्हिपिच्छकृतोत्तंसा, प्रियङ्गुद्युतिभासुरा ॥९४७॥

આ પ્રમાણે દેશના સાંભળી રાજાએ પૂછ્યું કે, "હે ભગવન્ ! હું કયા ધર્મના પ્રભાવથી રાજા થયો છું ? એટલે ભગવંત કહેવા લાગ્યા કે – (૯૪૩)

આ જ ભરતક્ષેત્રમાં ચાર પ્રકારના હાથીઓનું ઉત્પત્તિસ્થાન અને ભૂમિતિના દંડ સમાન વિંધ્યનામે પર્વત છે. (૯૪૪)

તે વિંધ્યાચળની પાળમાં ક્ષત્રિયોમાં અગ્રેસર જીવહિંસામાં તત્પર અને ચોરી કરવામાં હોંશિયાર શિબિરસેન નામે તું પલ્લિપતિ હતો. (૯૪૫)

અત્યારે તારી જે પત્ની છે તે પ્રેમરત્નની રોહણભૂમિ સમાન અને સાક્ષાત્ જાણે પલ્લિની લક્ષ્મી હોય તેવી શ્રીમતી નામે તે ભવમાં તારી ભાર્યા હતી. (૯૪૬)

એકવાર ગુંજા (ચણોઠી) તથા મુક્તાફળના હાર તથા વલ્કલના વસ્ત્રને ધારણ કરનારી, મયૂરપીંછના મુગટને પહેરનારી, પ્રિયંગુલતા સમાન ભાસુર, (૯૪૭)

કિલ્લામાં અને નિકુંજમાં તારી સાથે ફરનારી અને નિર્ઝરણાનું

त्वया सह सदुर्गाद्रिनिकुञ्जे कृतचङ्क्रमा ।
पिबन्ती नैर्झरं वारि, त्रासयन्ती मृगीरपि ॥९४८॥

यूथभ्रष्टमिव न्यङ्कुं, सार्थच्युतमिवाध्वगम् ।
एकं ददर्श सा साधुं, पर्यटन्तं महागिरौ ॥९४९॥ त्रिभिर्विशेषकम्

अथोवाच भवान् साधो !, कस्माद् भ्राम्यन्निहाऽऽगतः ।
सोऽप्याख्यन्निजकाद् गच्छाद्, भ्रष्टोऽहं दिवसात्यये ॥९५०॥

नाऽहं किञ्चिद् क्वचिद् वेद्मि, दिग्मूढ इव साम्प्रतम् ।
दर्शयतु भवान् मार्गं, श्रेयस्ते भावि भाविकः ॥९५१॥

अथैष स्वगृहे नीत्वा, स्थापयित्वा वराश्रये ।
वस्त्रान्नपानशय्याभिर्भर्वद्भ्यां[१] प्रतिलाभितः ॥९५२॥

જળપાન કરી મૃગલીઓને ત્રાસ ઉપજાવનારી (૯૪૮)

તેણીએ મહાગિરિ ઉપર યૂથભ્રષ્ટ થયેલ હરણ તથા સાર્થથી ભ્રષ્ટ થયેલ મુસાફરની જેમ ભ્રમણ કરતા એક સાધુને જોયા (૯૪૯)

એટલે તે સાધુને પૂછ્યું કે, "હે સાધો ! તમે અહીં શા માટે ભમો છો ?" તે બોલ્યા કે "હે ભદ્રે ! અમારા સમુદાયથી હું ગઈકાલે સાંજે જુદો પડી ગયો છું. તેથી દિગ્મૂઢની જેમ હું ફર્યા કરું છું. (૯૫૦)

મને માર્ગ મળી શકતો નથી માટે જો તમે મને માર્ગ બતાવશો તો તમારું કલ્યાણ થશે." (૯૫૧)

પછી તમે બંનેએ તે સાધુને પોતાના ઘરે લઈ જઈ સારા સ્થાનમાં આશ્રય આપ્યો અને વસ્ત્ર, અન્ન અને શય્યા વિગેરેથી તેમને [૧]ડિલાભ્યા. (૯૫૨)

१. प्रतिलाभ्यते, इत्यपि ।

शृण्वतोरार्हतं धर्मं, दम्पत्योर्वासनाऽभवत् ।
अशिक्षेतां भवन्तौ चाऽऽवश्यकादिविधिं पुनः ॥९५३॥

चतुष्पर्व्यां ग्रहीष्यामि, पौषधं पातकौषधम् ।
एवं निश्चयमाधत्त भवान् भवविरागधीः ॥९५४॥

अन्येद्युः शिखरसेनोऽमावा[1]स्यां शुद्धवा[2]सनः ।
अगृह्णात् पौषधं तद्वत्, श्रीमत्यपि शुभाशया ॥९५५॥

पुच्छेनाऽऽच्छोटयन् पृथ्वीं, नादैर्मुखरयन् दिशः ।
कोपाग्नेरर्चिषा रज्यल्लोचनद्वयदीपिकः ॥९५६॥

मूर्तो रौद्रो रसः प्रेताधिपतेः प्रतिहस्तकः ।
इतश्चाऽगाद् निशीथिन्यां, पारीन्द्रः पौषधालये ॥९५७॥ युग्मम्

તેમની પાસે આર્હતધર્મ સાંભળતાં તમને શુભ ભાવના ઉત્પન્ન થઈ. તેથી આવશ્યકાદિવિધિ તમે શીખ્યા. (૯૫૩)

તે વખતે સંસારપરથી વિરાગ લાવી તમે એવો નિશ્ચય કર્યો કે -"પાતિકના ઔષધરૂપ એવા પૌષધને હું ચારે પર્વ દિવસે ગ્રહણ કરીશ." (૯૫૪)

પૌષધવ્રતમાં સિંહે કરેલો ઉપસર્ગ.

એકવાર અમાવસ્યાના દિવસે શુદ્ધ ભાવથી તેં તથા શુભ આશયવાળી શ્રીમતીએ પૌષધવ્રત લીધું. (૯૫૫)

એવામાં પોતાના પૂંછડાને પૃથ્વી પર અફડાવતો, ગર્જનાવડે દિશાઓને શબ્દાયમાન કરતો. કોપાગ્નિની જ્વાળાઓથી બંને લોચન રક્તદીપક સમાન થઈ ગયા છે. (૯૫૬)

તેવો જાણે સાક્ષાત્ રૌદ્રરસ જ ન હોય ? તેવો અને યમરાજાનું જાણે પ્રતિબિંબ જ ન હોય ? તેવો એક સિંહ અર્ધરાત્રીએ

१. अमावासीशब्दस्य सप्तम्यन्तमेतत् । २. -मानसः, एवमपि ।

तं दृष्ट्वा धन्व धन्वेति, भाषमाणं मुहुर्मुहुः ।
भवन्तं वीक्ष्य त्वत्पत्नी, प्रोचे वाचं मिताक्षरम् ॥९५८॥

नाथ ! सन्यस्तशस्त्रस्य, पौषधव्रतशालिनः ।
जन्तोर्घातं न दातुं ते, युज्यते जैनसाधुवत् ॥९५९॥

सहस्वोपसर्गममुं, कर्म्मेन्धनहुताशनम् ।
येन ते शिवशर्माणि, भावीनि करगोचरे ॥९६०॥

श्रुत्वैवं वचनं चारुगुरुवाक्यमिवापरम् ।
भवान् क्षान्तिवरागारे, स्थितः साम्यमहाधनः ॥९६१॥

ततः सिंहेन दुःसह्यं, भवान् शिरसि ताडितः ।
अनित्यतादिभावज्ञ, इत्याशु ध्यानवान् भवान् ॥९६२॥

પૌષધાલયમાં આવ્યો. (૯૫૭)

તેને જોઈ ધનુષ્ય, ધનુષ્ય એમ વારંવર બોલતા તને જોઈને તારી પત્નીએ મીતાક્ષરમાં તને કહ્યું કે, (૯૫૮)

"હે નાથ ! જૈનસાધુની જેમ પૌષધવ્રતધારી તમારે શસ્ત્રગ્રહણ કરી જીવનો ઘાત કરવો ઉચિત નથી. (૯૫૯)

માટે કર્મરૂપ ઇંધનને બાળવા અગ્નિ સમાન આ ઉપસર્ગને સહન કરો કે જેથી મોક્ષનું સુખ હસ્તગોચર થાય." (૯૬૦)

આ પ્રમાણે ગુરુવાક્યની જેવા હિતકર તેના વચન સાંભળી તું સમતા ધારણ કરી ક્ષમામાં સ્થિત થયો. (૯૬૧)

સિંહે તારી પાસે આવી તને સખ્ત રીતે મસ્તકમાં પ્રહાર કર્યો. તે સમયે અનિત્યાદિ ભાવના જાણકાર તેં વિચાર કર્યો કે, (૯૬૨)

"હે જીવ ! પૂર્વે નરકમાં તે જે કષ્ટ સહન કર્યું તેની આગળ

रे ! जीव ! किमिदं कष्टं, यत्सोढा नरकोदरे ।
तदिदं वर्णिकामात्रं, दर्श्यते तेन साम्प्रतम् ॥९६३॥

रे ! जीव ! शतशः प्राणत्यागस्तेऽजनि संसृतौ ।
पाण्डित्यमरणं नैव, प्राप्तं कर्म्मद्रुपावकम् ॥९६४॥

स्मरन्निति भवान् मृत्वा, भूत्वा [1]नाकी च लान्तके ।
त्वमभूः पृथिवीपालस्तद्वदेषाऽपि ते प्रिया ॥९६५॥

तत्पूर्व्वं पशवो भद्र ! निरागसो वियोजिताः ।
तद्विपाकं विरहेण, सहसे दुःसहं चिरम् ॥९६६॥

श्रुत्वेति तीर्थकृत्प्रोक्तं, लघुकर्म्मा महीपतिः ।
राज्ये पुरन्दरपुत्रं, न्यस्याऽभूत् श्रमणोत्तमः ॥९६७॥

तो शी विसात ? आ तो वानगीमात्र ज छे. (९६३)

हे जीव ! आ संसारमां ते सेंकडोवार प्राणनो त्याग कर्यो छे. पण कर्मवृक्षने बाळवा अग्निसमान पंडितमरण तने प्राप्त थयुं नथी." (९६४)

आ प्रमाणे भावना भावतां हे राजन् ! तुं मरण पामी छट्ठा लांतकदेवलोकमां देव थयो. तारी प्रिया पण मरण पामी तारी देवी थई. (९६५)

हे भद्र ! पल्लीपतिना भवमां पूर्वे निरपराधी पशुओने परस्पर वियोजित कर्या हता. तेना दुःसह विपाकथी चिरकाळथी तुं प्रियाविरहनुं दुःख सहन करे छे." (९६६)

आ प्रमाणेना भगवंतना वचन सांभळी लघुकर्मी ते राजाओ पोताना पुरंदर नामना पुत्रने राज्य सोंपीने चारित्र अंगीकार कर्युं. (९६७)

---

१. स्वर्गी, इतीतरदपि ।

ततस्तीर्थकरोपान्ते, तपस्तप्त्वा सुदुष्करम् ।
अन्तकृत्केवलीभूय, राजर्षिः प्राप निर्वृतिम् ॥९६८॥

तेन विद्याभृता नीता, तत्र सा वल्लभेशितुः ।
श्रुत्वा तीर्थकरप्रोक्तं, प्रव्रज्याऽथ शिवं ययौ ॥९६९॥

अथ नत्वाऽवदत् कुम्भपृथ्वीशः प्राज्यविक्रमः ।
स्वामिन् ! पोषधदृष्टान्तो, जातः कर्णावतंसताम् ॥९७०॥

कृतार्थः शिखरसेनः, पौषधव्रततत्परः ।
येन प्राणात्ययेऽप्युच्चैः, पालितं पौषधव्रतम् ॥९७१॥

इदानीं श्रोतुमिच्छामि, तुर्यं शिक्षाव्रतं प्रभों ! ।
श्राद्धधर्मो भवेद् येन, समग्रोऽथाह तीर्थकृत् ॥९७२॥

ભગવંતની પાસે રહી દુષ્કર તપ તપી પ્રાંતે કેવળી થઈ તે જ ભવમાં મોક્ષે ગયા (૯૬૮)

પછી પેલો વિદ્યાધર પોતાનું કાર્ય પૂર્ણ થતાં રાણીને લઈ ત્યાં આવ્યો. એટલે પોતાના સ્વામીનો વૃત્તાંત સાંભળી તેણે પણ ભગવંત પાસે દીક્ષા લીધી તે રાણી પણ તે જ ભવે મોક્ષે ગઈ. (૯૬૯)

ઇતિ પૌષધવ્રત ઉપર શિખરસેન કથા

આ પ્રમાણે સાંભળી પરાક્રમી કુંભરાજાએ કહ્યું કે, "હે ભગવન્ ! પૌષધવ્રત સંબંધી દૃષ્ટાંત મારા સાંભળવામાં આવ્યું. (૯૭૦)

એ શિખરસેન પૌષધવ્રતમાં સાવધાન રહી કૃતાર્થ થયો કે જેણે પ્રાણાંતે પણ પૌષધવ્રતનું બરાબર પાલન કર્યું. (૯૭૧)

હે સ્વામિન્ ! હવે ચતુર્થ શિક્ષાવ્રત સાંભળવા ઇચ્છું છું કે

तुर्यं शिक्षाव्रतं प्राहुरतिथेः संविभागतः ।
प्रासाय साधवे काले, दानात् प्रासुकवस्तुनः ॥९७३॥

अतिथेः संविभागः स्यादेतद्व्रतनिषेवणात् ।
भाविनी चन्दना वीरतीर्थे निर्वाणगामिनी ॥९७४॥ तथाहि –

इक्ष्वाकुवंशसिद्धार्थनन्दनः पावनाकृतिः ।
सुवर्णवर्णरुचिरः, सिहाङ्कः सिंहविक्रमः ॥९७५॥

गृहीतचारुचारित्रश्छद्मस्थः छद्मवर्ज्जितः ।
विहरन्नगरीं प्राप, कौशम्बीं चरमो जिनः ॥९७६॥ युग्मम्

જેથી શ્રાવકધર્મ સમગ્ર રીતે પૂર્ણ થાય. (૯૭૨)

એટલે ભગવંત બોલ્યા કે, "અતિથિને સંવિભાગ આપવું-દાન દેવું, તે ચોથું શિક્ષાવ્રત ગણાય છે. અવસરે આવેલા સાધુને પ્રાસુક અન્નપાન, વસ્ત્ર, પાત્રાદિ વસ્તુનું દાન આપવાથી અતિથિ-સંવિભાગવ્રતનું આરાધન થાય છે. (૯૭૩)

એ વ્રતનું સેવન કરતાં ચરમજિનેશ્વરનાં શાસનમાં ચંદના (ચંદનબાળા) મોક્ષ પામશે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે. (૯૭૪)

મુનિદાન ઉપર ચંદનબાળાની કથા

ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા, સિદ્ધાર્થ રાજાના નંદન, પવિત્રાકારવાળા, સુવર્ણસમ કાંતિથી દેદીપ્યમાન, સિંહ સમ પરાક્રમી, (૯૭૫)

સિંહલંછનથી શોભિત, મનોહર-ચારિત્રધારી, છળ-કપટ વિનાના છદ્મસ્થપણે વિચરતા ચરમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામી વિહાર કરતા એકવાર કૌશાંબીનગરીમાં પધાર્યા. (૯૭૬)

तत्र राजा शतानीकः, शतानीकजिताहितः ।
सुता चेटकराजस्य, तस्य देवी मृगावती ॥९७७॥

सुगुप्तः सचिवस्तस्य, नन्दाख्या तस्य गेहिनी ।
सुवयस्या मृगावत्याः, परमप्रीतिभूरभूत् ॥९७८॥

श्रेष्ठी धनावहस्तत्र, धनैर्धनदसन्निभः ।
मूलाख्या प्रेयसी तस्य, गृहकर्म्मधुरन्धरा ॥९७९॥

अत्रार्हन् पौषमासस्य, श्यामले प्रतिपद्दिने ।
जग्राहाऽभिग्रहममुं, दुर्ग्राह्यमितरैर्जनैः ॥९८०॥

मुण्डिता लोहनिगडबद्धपादा तपःपरा ।
रुदती सुदती किञ्चिन्, मन्युना राजपुत्रिका ॥९८१॥

ત્યાં શત્રુઓની સેંકડો સેનાઓને જીતનાર શતાનિક રાજા રાજ્ય કરતો હતો. અને ચેડારાજાની પુત્રી મૃગાવતી તેની રાણી હતી (૯૭૭)

તે રાજાને સુગુપ્તનામે પ્રધાન હતો. તેની નંદા નામે પત્ની હતી તે મૃગાવતી રાણીની પરમસખી અને પરમપ્રીતિનું ભાજન હતી. (૯૭૮)

તે નગરીમાં ધનમાં ધનદ (કુબેર) સમાન ધનાવહ નામે શેઠ રહેતો હતો. ગૃહકાર્યમાં ધુરંધર મૂળા નામે તે શેઠની પત્ની હતી. (૯૭૯)

ચરમતીર્થપતિનું કૌસાંબીનગરીમાં આગમન.

એકવાર પોષમાસની (વદ-૧) કૃષ્ણપ્રતિપદાને દિવસે ઈતરજનોને દુર્ગ્રાહ્ય ભગવંતે આ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો કે, (૯૮૦)

"લોખંડની સાંકળમાં જેના બંને પગ બાંધેલા હોય, (૨)

प्रेष्यभावं गता काचिद्, देहल्यन्तस्थितक्रमा ।
बहिःक्षिप्ताऽपरपदा, भिक्षुकेषु गतेष्वपि ॥९८२॥

कुल्माषान् सूर्पकोणेन, यदि मह्यं प्रदास्यति ।
तदैवाऽहं विधास्यामि, पारणामन्यथा न तु ॥९८३॥

नीचोच्चेषु गृहेषूच्चैर्गोचराऽध्वानमागतः ।
अलक्ष्याभिग्रहो वीरः, पर्यभ्राम्यत् दिने दिने ॥९८४॥

दीयमानां मुहुर्भिक्षामगृह्णाति जिनेश्वरे ।
अभिग्रहवशेनाऽथ, पौराः खेदमुपागमन् ॥९८५॥

જેનું મસ્તક મૂંડાવેલું હોય, (૩) દુઃખથી રૂદન કરતી હોય, (૯૮૧)

(૪) રાજપુત્રી છતાં દાસીપણાને પામેલી હોય, (૫) જેનો એક પગ દ્વારની અંદર અને એક પગ દ્વારની બહાર હોય, અર્થાત્ એવી રીતે ઉંબરામાં ઉભી હોય અને ભિક્ષુકો બધા આવી ગયા હોય, (૯૮૨)

એવા અવસરે તે સ્ત્રી સુપડાના ખૂણામાં રહેલા અડદ મને વહોરાવે તો મારે પારણું કરવું અન્યથા નહિ." (૯૮૩)

આ પ્રમાણે અભિગ્રહધારી પ્રભુ ઉંચા-નીચા ઘરોવાળા માર્ગપર જેમનો અભિગ્રહ કોઈએ જાણ્યો નથી એવા પ્રભુ ભિક્ષા માટે ભ્રમણ કરતા હતા. (૯૮૪)

એ સમયે વારંવાર ભિક્ષા આપવા છતાં પ્રભુ અભિગ્રહના કારણે ભિક્ષા લેતા નથી તેથી તે નગરીના લોકો ખેદ પામતા હતા. (૯૮૫)

તે રીતે ભિક્ષા ગ્રહણ કર્યા વિના ક્ષુધા પરિષહ સહન કરતા શરીર પર નિર્મોહી પ્રભુએ ચાર દિવસની જેમ ચાર માસ પસાર

अर्हन्ननात्तभिक्षोऽसौ, सहमानः परीषहान् ।
अनयंश्चतुरो मासान्, दिवसानिव निर्ममः ॥९८६॥

अन्येद्युश्चरमस्वामी, सुगुप्तौकसि भिक्षया ।
प्रविशन्नैक्षि तत्पत्न्या, सुमेरुरिव जङ्गमः ॥९८७॥

नन्दयाऽऽनन्दसंपूर्णं, वस्तुकल्पमढौक्यत ।
धन्या धन्येति भाषिण्या, यद् वीरो गृहमागतः ॥९८८॥

अनुकूलमभूत् दैवं, सत्यार्था आशिषोऽपि च ।
उज्जृम्भितं मुहुः पुण्यं, तुष्टा मे कुलदेवता ॥९८९॥

एवं मनसि बिभ्रत्यामभिग्रहवशाद् जिनः ।
अनात्तभिक्षस्तद्गेहाद्, निर्ययौ गजलीलया ॥९९०॥

કર્યા. (૯૮૬)

એકવાર સુગુપ્ત પ્રધાનના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ કરતાં જંગમ સુમેરુ સમાન પ્રભુને તેમની પત્નીએ જોયા. (૯૮૭)

એટલે અંતરમાં અતિશય આનંદ લાવી વીર પ્રભુ પોતાના ઘરે પધાર્યા. તેથી પોતાને ધન્ય માનતી નંદાએ અનેક કલ્પનીય વસ્તુ પ્રભુની આગળ ધરી (૯૮૮)

અને મનમાં વિચારવા લાગી કે, "આજે મને દૈવ અનુકૂળ થયું, બધા આશીર્વાદો સત્ય થયા. પુણ્ય પ્રગટ થયું અને કુળદેવી પણ સંતુષ્ટ થઈ." (૯૮૯)

એ રીતે તે વિચારતી હતી એવામાં તો ભગવંત અભિગ્રહધારી હોવાથી ભિક્ષા લીધા વિના તેના ઘરેથી ગજગતિ ચાલે પાછા ચાલ્યા ગયા. (૯૯૦)

આથી નંદા ચિંતવવા લાગી કે,"અહો ! હું અધન્ય,

अधन्या मन्दभाग्याऽहमसंपूर्णमनोरथा ।
यथागतः तथागच्छत्येष चिन्तामणिः श्रिया ॥९९१॥

एवं खेदपरां नन्दां, दास्यूचेऽयं दिने दिने ।
आयाति याति च स्वामी, तद्धेतुरवगम्यताम् ॥९९२॥

इत्थमाकर्ण्य नन्दाऽपि, सखेदा पत्युरग्रतः ।
वीरस्याऽनात्तभिक्षत्वं, कथयामासुषी तदा ॥९९३॥

परचित्तोपलक्षिण्या, किं कार्यं भवतां धिया ? ।
यदसौ जगतां नाथो, गृहमायाति याति च ॥९९४॥

जानात्वभिग्रहं प्रेयान्, दुर्लक्षे धीप्रयोगतः ।
सर्वज्ञेनेव कार्याणि, ज्ञायन्ते भवता धिया ॥९९५॥

મંદભાગ્યવાળી અને અપૂર્ણમનોરથવાળી રહી કે જેથી ચિંતામણિ-સમ ભગવંત મારા ઘરે ચાલીને જેમ આવ્યા તેમ પાછા ચાલ્યા ગયા." (૯૯૧)

આ પ્રમાણે ખેદ ધારણ કરતી નંદાને જોઈ એક દાસી બોલી કે, "આ ભગવંત દરરોજ આવી ભિક્ષા લીધા વિના પાછા ચાલ્યા જાય છે. માટે તેના કારણની તાપસ કરો." (૯૯૨)

નંદાએ ખેદપૂર્વક પ્રભુ ભિક્ષા લીધા સિવાય પાછા ગયાની વાત પોતાના પતિને કહી સંભળાવી અને આક્ષેપપૂર્વક કહેવા લાગી કે, (૯૯૩)

"પરના મનને જાણનારી આપની બુદ્ધિ શા કામની કે જગતના નાથ ઘરે આવીને પાછા ચાલ્યા જાય ? (૯૯૪)

માટે હે સ્વામિન્ ! એમનો અભિગ્રહ દુર્લક્ષ છતાં બુદ્ધિના પ્રયોગથી તે જાણો. કેમ કે સર્વજ્ઞની જેમ આપ બુદ્ધિથી અનેક

अभुक्ते [1]सुगुरौ नाथ !, भुज्यते किं विवेकिभिः ? ।
अन्यथा पशुवज्जन्म, वयं मन्यामहे निजम् ॥९९६॥

ततो मन्त्री जगादैवं, तीर्थेशितुरभिग्रहम् ।
यथातथा करिष्यामि, पूर्णं प्रातः मृगेक्षणे ! ॥९९७॥

विजयाख्या प्रतीहारी, मृगावत्यास्तदागता ।
तयोरालापमाकर्ण्य, गत्वा देव्या उवाच च ॥९९८॥

मृगावत्यपि तत्कालं, विदधे खेदमुच्चकैः ।
जिनशासनभक्तानां, किमिदं किल कौतुकम् ॥९९९॥

संभ्रान्तस्तां शतानीकोऽपृच्छत् खेदनिबन्धनम् ।
तस्याः हृदयवासिन्याः, संक्रान्तं हृदयादिव ॥१०००॥

હકીકતો જાણી શકો છો. (૯૯૫)

હે નાથ ! જગતના નાથ ભોજન ન કરે ત્યાં સુધી વિવેકી લોકોથી ભોજન કેમ કરાય? તેથી આપણો આ જન્મ પશુ સમાન અલેખે છે." (૯૯૬)

આ પ્રમાણે સાંભળી પ્રધાને કહ્યું કે, "હે મૃગાક્ષિ ! ગમે તે રીતે પ્રભાતે હું ભગવંતનો અભિગ્રહ પૂર્ણ કરીશ." (૯૯૭)

આ વખતે મૃગાવતી રાણીની વિજયા નામે પ્રતિહારી ત્યાં આવી હતી. એટલે તેમની ઉક્ત વાતચીત તે સાંભળી તેણે જઈ તે વાત રાણીને નિવેદન કરી (૯૯૮)

તે સાંભળી મૃગાવતીને પણ બહુ ખેદ થયો. **"જિનશાસનના સાચા ભક્તોને આવા પ્રસંગે ખેદ થાય તેમાં આશ્ચર્ય નથી."** (૯૯૯)

શતાનિક રાજાએ રાણીને ખેદયુક્ત જોઈ સંભ્રાંત થઈ તથા

---

१. भुवननाथे, इत्यपरम् ।

उच्चकैः खेदसंच्छन्ना, मन्दध्वाना मृगावती ।
व्याजहार नृपस्याऽग्रे, दीनं दीनं महासती ॥१००१॥

चराचरं चरैर्विश्वं, जानते जगतीभुजः ।
स्वपुरीमपि नैव त्वमहो !, ते मतिकौशलम् ॥१००२॥

त्रैलोक्याधिपतिं वीरं, वसन्तं नात्र वेत्सि किम् ? ।
अथवा राज्यलुब्धा हि, गुरुपूजाप्रमद्वराः ॥१००३॥

राजा बभाषे धिग् धिग् मां, यदसौ परमेश्वरः ? ।
अथवा राज्यलुब्धा हि, गुरुपूजाप्रमद्वराः ॥१००४॥

साधु साधु प्रिये ! वीराभिग्रहं प्रेरितः प्रति ।
मन्त्री मन्त्रं गुरुस्त्वं मे, यदस्येवं प्रमादहृत् ॥१००५॥

તેના દુઃખે દુઃખિત થઈ ખેદનું કારણ પૂછ્યું. (૧૦૦૦)

એટલે અતિખેદથી આચ્છાદિત થયેલી અને અત્યંત દીન બનેલી તે મહાસતી મૃગાવતીએ મંદસ્વરે રાજાને કહ્યું કે, (૧૦૦૧)

"રાજાઓ પોતાના ચરપુરુષોથી આ ચરાચર વિશ્વને જાણે છે. પણ અહો ! તમારૂં મતિકૌશલ્ય કેવું કે નગરી અને તેમાં બનતી વાતને પણ તમે જાણતાં નથી. (૧૦૦૨)

ત્રણલોકના સ્વામી શ્રીવીર ભગવંત અહીં પધાર્યા છે. તે તમારા જાણવામાં છે ? ક્યાંથી હોય? **રાજયલુબ્ધજનો ગુરુભક્તિમાં પ્રમાદી જ હોય છે.** (૧૦૦૩)

આ પ્રમાણે સાંભળી રાજા બોલ્યો કે, "અહો ! મને ધિક્કાર છે કે હું ભગવંતના અભિગ્રહથી અજ્ઞાત રહ્યો છું અને તેમના અભિગ્રહને હું પૂર્ણ કરી શક્યો નથી. (૧૦૦૪)

છતાં હે પ્રિયે ! તમે મને ભગવંતના અભિગ્રહ તરફ પ્રેરિત

प्रभाते प्रेयसि ! ज्ञात्वाऽभिग्रहं चरमेशितुः ।
पारणां कारयिष्यामि, शरीरग्लानिहारिणीम् ॥१००६॥

राजा सचिवमाहूय, वीरवृत्तं यथातथम् ।
सविस्तरमुवाचाऽर्हद्भक्तिकञ्चुकचञ्चुरः ॥१००७॥

धिग् धिग् नश्चतुरो मासान्, वसंस्तपसि तत्परः ।
प्रभुर्नो वन्दितो नैव, ज्ञातोऽपि ज्ञातनन्दनः ॥१००८॥

विज्ञेयोऽभिग्रहो भर्तुः, कथञ्चिदपि धीधन ! ।
पारणं कारणीयश्च, नान्यथा श्राद्धताऽपि का ? ॥१००९॥

કર્યો તે બહુ સારૂં કર્યું. તેથી સ્ત્રી પુરુષનો મંત્રી, મંત્ર કે ગુરૂ છે એ હકીકત સિદ્ધ થઈ છે. હે પ્રિયે ! આ પ્રમાણે મને જાગૃત કર્યો છે. (૧૦૦૫)

તો હવે પ્રભાતે ભગવંતના અભિગ્રહને જાણી તેમના શરીરની ગ્લાનિને દૂર કરનાર પારણું હું તેમને કરાવીશ." (૧૦૦૬)

પ્રધાનને કરેલી આજ્ઞા.

પછી પ્રધાનને બોલાવી ભગવંતની ભક્તિથી રોમાંચિત થયેલા રાજાએ વીરપ્રભુનો યથાતથ્ય વૃત્તાંત સવિસ્તર તેને કહી સંભળાવ્યો અને કહ્યું કે, (૧૦૦૭)

"અહો ! આપણને ધિક્કાર છે કે ચારમાસથી તપસ્યા કરતાં પ્રભુને આપણે વંદન પણ ન કર્યા અને તેમના અભિગ્રહને જાણવાની પણ દરકાર કરી નહિ. (૧૦૦૮)

માટે હે પ્રધાન ! ગમે તે રીતે ભગવંતનો અભિગ્રહ જાણવો જોઈએ અને તેમને પારણું કરાવવું જોઈએ. નહિ તો આપણું શ્રાવકપણું શા કામનું ?" (૧૦૦૯)

सचिवोऽप्यब्रवीद् देव !, बहवोऽभिग्रहाः श्रुताः ।
तथ्यवाद्यभिधो वक्तोपाध्यायः सर्वशास्त्रवित् ॥१०१०॥

भूपोऽप्यथ समाहूयाऽध्यापकं तथ्यवादितनम् ।
वीरस्याभिग्रहं चारु, विचारय यथामति ॥१०११॥

अर्थ्यन्ते सर्वधर्माणामाचारास्तव शासने ।
तन्मध्यात् केनचिद् भर्ता, विधाता पारणाविधिम् ॥१०१२॥

अध्यापकोऽप्यभाषिष्ट, भूयांसोऽभिग्रहाः खलु ।
द्रव्यक्षेत्रकालभावभेदात् संयमिनां मताः ॥१०१३॥ ते चामी –

महर्षिः कोऽपि कुन्तेन, प्रोतैः संख्यातमण्डकैः ।
सादिना दीयमानैश्च, विधत्ते पारणाविधिम् ॥१०१४॥

આ પ્રમાણે રાજનું કથન સાંભળી પ્રધાન બોલ્યો કે, હે રાજન ! અભિગ્રહો તો શાસ્ત્રમાં અનેક પ્રકારના સાંભળવામાં આવ્યા છે. તે સર્વ શાસ્ત્રના જાણકાર તથ્યવાદી ઉપાધ્યાય આપણને કહેશે. (૧૦૧૦)

એટલે રાજાએ તરત જ તથ્યવાદી અધ્યાપકને બોલાવ્યા અને કહ્યું કે, "વીરભગવંતના અભિગ્રહનો બરાબર યથામતિ વિચાર કરો. (૧૦૧૧)

ધર્મસંબંધી સર્વ આચારો તમે જાણો છો. તો તેમાંથી કયા પ્રકારે ભગવંત પારણું કરશે તે વિચારીને કહો ? (૧૦૧૨)

આ પ્રમાણે સાંભળી ઉપાધ્યાય બોલ્યા કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદથી સંયમીઓને માટે ઘણી જાતના અભિગ્રહો કહેવામાં આવેલા છે (૧૦૧૩)

તેમાં કોઈ મહર્ષિ ભાલામાં પરોવાયેલા અને કોઈ ઘોડેસવારથી

कश्चिद् बालादिहस्तेन, प्राशुकं चणकादिकम् ।
गृह्णाति पारणाकालेऽभिग्रहा विविधाः किल ॥१०१५॥

आलानस्तम्भमुन्मूल्य, पट्टहस्ती मदान्धलः ।
गत्वा कान्दविकाट्टानि, करेणाऽऽदाय मण्डकान् ॥१०१६॥

मह्यं ददाति चेत् काले, तदा स्यात् पारणाविधिः ।
इत्याद्यभिग्रहा राजन् !, पूर्यन्ते देवतावशात् ॥१०१७॥ युग्मम्

विशिष्टज्ञानमाहात्म्यं, विनाऽस्याऽभिग्रहः कथम् ।
मादृशैर्गदितुं शक्यः, **सर्वं हि महतां महत् ?** ॥१०१८॥

ईदृशोऽभिग्रहान् राजा, पुर्यामाघोष्य डिण्डिमात् ।
बहुधाऽध्यापकेनोक्तान्, कारयामास कार्यवित् ॥१०१९॥

આપવામાં આવતા પરિમિત માંડાથી પારણું કરે છે. (૧૦૧૪)

કોઈ મહાત્મા બાળાદિકના હાથે પ્રાસુક ચણા વિગેરે લઈ પારણું કરે છે. કારણ કે, અભિગ્રહો અનેક પ્રકારના હોય છે. (૧૦૧૫)

વળી હે રાજન્ ! કોઈ મહાત્મા એવો અભિગ્રહ કરે છે કે, મદોન્મત પટ્ટહસ્તી આલાન સ્તંભનું ઉન્મૂલન કરી કંદોઈની દુકાને જઈ પોતાની સૂંઢથી માંડા લઈ (૧૦૧૬)

જો મને આપે તો મારે પારણું કરવું. ઈત્યાદિ અભિગ્રહો દેવતાની સહાયથી પૂરી શકાય છે. (૧૦૧૭)

પણ વિશિષ્ટ જ્ઞાનના માહાત્મ્ય વિના ભગવંતનો અભિગ્રહ મારા જેવાથી કેમ જાણી કે કહી શકાય ? "કારણ **કે મહાપુરુષોનું બધું અગમ્ય હોય છે.**" (૧૦૧૮)

પછી કાર્યકુશળ રાજાએ નગરીમાં ઉદ્ઘોષણા કરાવીને અધ્યાપકે

केचित् नृपाज्ञया चक्रुः, केचिद् भक्त्या जिनं प्रति ।
रत्नवृष्टीच्छया केचित्, केचित् कीर्तिजिघृक्षया ॥१०२०॥

केचित् कुल्याशया स्पष्टं, व्यधुरेवंविधं जनाः ।
तथापि तीर्थकृद् भिक्षां, न जग्राह कथञ्चन ॥१०२१॥

प्रम्लानवदनच्छाया, रजनीनीरजोपमाः ।
व्रीडां खेदाकुलाः पौरा, विदधुर्मुखिता इव ॥१०२२॥ इतश्च–

अस्त्रैश्चतुर्विधैः शान्तैः, कङ्कटैर्गजवाजिभिः ।
पूरयित्वा गणं नावां, पूर्ववैरेण दूरतः ॥१०२३॥

કહેલા અનેક પ્રકારના અભિગ્રહોની સામગ્રી તૈયાર કરાવી. (૧૦૧૯)

એટલે કેટલાક રાજાની આજ્ઞાથી, કેટલાક જિનભક્તિથી, કેટલાક રત્નવૃષ્ટિની ઇચ્છાથી, કેટલાક કીર્તિની કામનાથી (૧૦૨૦)

અને કેટલાક લોકોએ પોતાનું કુલીનપણું બતાવવા માટે તેવી સામગ્રી તૈયાર કરી, તો પણ કોઈરીતે ભગવંતે ભિક્ષા ગ્રહણ કરી નહી. (૧૦૨૧)

આથી નગરજનો જાણે કાંઈ છેતરાયા હોય તેમ જેમનું મુખ રાત્રિના કમળ સમાન ગ્લાન થઈ ગયું. તેમજ ખેદાકુલ હોવા સાથે લજ્જા પામ્યા. (૧૦૨૨)

शतानिकराजाએ નગરીને ઘેરો ઘાલ્યો.
दधिवाहन નગર છોડી ભાગ્યો.

હવે એક દિવસ ચાર પ્રકારના તીક્ષ્ણશસ્ત્ર કટક, અશ્વો અને હાથીઓથી વહાણો ભરી પૂર્વવેરથી (૧૦૨૩)

એક જ રાત્રિમાં નદીમાર્ગે જઈ શિકારી જેમ તિત્તરપક્ષીને

नद्याः पथा शतानीको, विक्रमादेकया निशा ।
एत्याऽरुधत् पुरीं चम्पां, तित्तिरीमिव पाशकः ॥१०२४॥

ज्ञात्वा तदागमं झम्पापातवद् भयविद्रुतः ।
चम्पाधिपः पलायिष्ट, दस्युवद् दधिवाहनः ॥१०२५॥

यो यद् वस्तु समादत्ते, तत् तस्येत्याऽऽदिशद् नृपः ।
मुमुषुः तद्भटाश्चम्पां, निर्वीरावेश्मवद्[1] भृशम् ॥१०२६॥

दधिवाहनभूभर्तुर्धारिणीमङ्कहारिणीम् ।
श्रिया भूमीचरीं देवीमिव देवीमवीतधीः ॥१०२७॥

वसुमत्या समं पुत्र्या राजलक्ष्म्येव मूर्तया ।
कोऽप्यौष्ट्रिकोऽग्रहीद्, राज्यसर्वस्वमिव संचितम् ॥१०२८॥ युग्मम्

ઘેરે તેમ શતાનિક રાજાએ ચંપાનગરીને ઘેરી લીધી. (૧૦૨૪)

એટલે ઝંઝાવાતની જેમ તેના આગમનને જાણી ભયથી વિહ્વળ બનેલો ચંપાનગરીનો દધિવાહન રાજા પલાયન થઈ ગયો. (૧૦૨૫)

પછી શતાનિક રાજાએ હુકમ કર્યો કે "આ નગરીમાંથી જે વસ્તુને જે ગ્રહણ કરે તે વસ્તુ તેની સમજવી." આથી ધણી વિનાના ઘરની જેમ સુભટોએ તે નગરીમાં અતિશય લૂંટ ચલાવી (૧૦૨૬)

એટલે કોઈ ચાલાક ઉંટવાળાએ સારા લક્ષણોથી મનોહર, શોભાથી સાક્ષાત્ પૃથ્વી પર આવેલી દેવીજન હોય તેવી, સાક્ષાત્ રાજ્યલક્ષ્મી હોય કે જાણે રાજ્યનું સર્વસ્વ હોય તેવી દધિવાહનરાજાની ધારિણી નામે રાણીને (૧૦૨૭)

તેની પુત્રી વસુમતી સહિત ઉપાડી. પછી શત્રુના અને પોતાના સૈન્યથી સમલંકૃત થઈ, (૧૦૨૮)

१. निर्वरा-इत्यपि ।

शतानीकः परानीकैरनीकैः पर्यलङ्कृतः ।
कृतकृत्यः पुरीं प्राप, स्वविक्रमकथासखीम् ॥१०२९॥

मोहितस्तेन धारिण्या, रूपेणाऽप्रतिमश्रिया ।
जनानां पुरतो गच्छन्, जगादेति सुदुःसहम् ॥१०३०॥

इमां रूपवतीं प्रौढां, भार्यां कर्तास्मि निश्चितम् ।
पुर्याश्चतुष्पथे गत्वा, विक्रेतास्मि कुमारिकाम् ॥१०३१॥

श्रुत्वेति धारिणी देवी, कर्णयोः कटुकं वचः ।
मनस्येवं दधारोच्चैः, सिञ्चन्त्यश्रुजलैर्महीम् ॥१०३२॥

महाकुले प्रसूताऽहमिन्दोरपि सुनिर्मले ।
दधिवाहनराजस्य, पट्टदेव्यस्मि विश्रुता ॥१०३३॥

કૃતકૃત્ય થયેલો શતાનિક રાજા પોતાની વિક્રમકથાની સખીરૂપ પોતાની રાજધાનીમાં પાછો આવ્યો. (૧૦૨૯)

અપ્રતિમ શોભાધારી ધારિણી રાણીના રૂપથી મોહિત થઈ પેલો ઊંટવાળો માર્ગે લોકો પાસે આ પ્રમાણે વચન કહેવા લાગ્યો કે, (૧૦૩૦)

"આ પ્રૌઢા અને રૂપવતી સુંદરીને અવશ્ય હું મારી સ્ત્રી કરીશ અને આ કુમારિકાને નગરીના ચતુષ્પથમાં જઈને વેચીશ." (૧૦૩૧)

આ પ્રમાણે કાનને કટુ લાગે તેવા દુઃસહ વચનો સાંભળી અશ્રુથી પૃથ્વીતલને આર્દ્ર કરતી ધારિણી રાણી મનમાં ચિંતવવા લાગી કે, (૧૦૩૨)

"ચંદ્રથી અધિક નિર્મળ-ઉત્તમકુળમાં જન્મેલી હોવા છતાં, દધિવાહન રાજાની પટ્ટરાણી તરીકે પ્રખ્યાતિ પામેલી, (૧૦૩૩)

विज्ञाततीर्थकृद्धर्म्मा, शीलालङ्कारशालिनी ।
उल्लापानीदृशान् दैवाद्, विशृणोम्यघकारकान् ॥१०३४॥

नाऽद्यापि किमु रे ! जीव !, मत्तेभश्रुतिचञ्चलम् ।
देहं त्यक्त्वा यशोदेहं, न रक्षसि सनातनम् ॥१०३५॥

वपुषोऽस्मात् स्वयं गच्छ, बिलतो मूषको यथा ।
द्विजिह्वस्य प्रवेशे स्याच्छंभंयो[1] ! न शुभं तव ॥१०३६॥

सोक्तं तद्भर्त्सनोद्युक्तैरिव प्राणैर्विमुच्यते ।
अङ्गुलीदर्शनाद् शोषं, याति कूष्माण्डकं यतः ॥१०३७॥

नृपपत्नीं समालोक्य, विपन्नां करभासनः ।
यद्वदेषाऽभवत् तद्वदेषाऽपि भविता क्षणात् ॥१०३८॥

આર્હતધર્મને જાણનારી, શીલાલંકાર ધારણ કરનારી છતાં વિપરીત દૈવયોગે કેવા પાપકારક શબ્દો હું આ શું સાંભળી રહી છું. (૧૦૩૪)

હે જીવ ! મદોન્મત્ત હસ્તીના કર્ણસમાન ચંચળ દેહનો ત્યાગ કરી હજુ પણ સનાતન એવા યશોદેહનું તું શા માટે રક્ષણ કરતો નથી ? (૧૦૩૫)

માટે બિલમાંથી જેમ ઉંદર ચાલ્યો જાય તેમ આ શરીરમાંથી તું ચાલ્યો જા. કારણ કે બિલમાં દ્વિજિહ્વાનો (સર્પ યા દુર્જનનો) પ્રવેશ થતાં હે પુણ્યવંત ! તારૂં શુભ થવાનું નથી." (૧૦૩૬)

આ પ્રમાણે તીવ્ર ભાવનાથી જાણે જવા ઉત્સુક થયા હોય તેમ તેના પ્રાણ ચાલ્યા ગયા. કૂષ્માંડ અંગુલિ દેખાડવાથી પણ શોષ પામે છે." (૧૦૩૭)

આ પ્રમાણે રાજપત્નીને મરેલી જોઈ પેલા ઊંટવાળાએ વિચાર

---

१. शुभयुक्त ! इत्यर्थः ।

एवं विचिन्त्य साम्नैनां, भाषमाणः पुरो नयन् ।
राजवर्त्मनि विक्रेतुं, दधौ मूर्ध्नि तृणं ददौ ॥१०३९॥

क्व सान्तःपुरभूः क्रीडा, क्वेयं विक्रयभूमिका ? ।
क्व मूर्ध्नि मुकुटश्रीश्च, क्व चैतत् तृणमोचनम् ? ॥१०४०॥

अथवा प्राक्कृतानां हि, कर्मणां फलमीदृशम् ।
परो निमित्तमात्रं स्याद्, कस्मै कुप्याम्यहं ततः ॥१०४१॥

एवं खेदपरां राजपुत्रीमालोक्य भास्करः ।
पश्चिमामगमत् सन्तः, परदुःखेन दुःखिताः ॥१०४२॥

કર્યો કે, "જેમ એ મરણ પામી તેમ આ છોકરી પણ ક્ષણવારમાં મરણ પામશે." (૧૦૩૮)

એમ ચિંતવી તેને ધીરજ આપી પછી કૌશાંબીમાં પહોંચી વેચવાને માટે રાજમાર્ગમાં તેને ઊભી રાખી તેના મસ્તક પર તૃણ(ઘાસ) મૂક્યું એટલે તે વિચારવા લાગી. (૧૦૩૯)

"અહો ! ક્યાં અંતઃપુરનો આનંદ ? અને ક્યાં આ વિક્રયસ્થાન ? ક્યાં મસ્તક ઉપર મુગટની શોભા અને ક્યાં આ તણખલાં ? (૧૦૪૦)

અથવા તો પૂર્વે કરેલા કર્મનું જ આ ફળ છે. બીજા તો નિમિત્તમાત્ર છે માટે મારે કોના ઉપર કોપ કરવો ? (૧૦૪૧)

આ પ્રમાણે રાજપુત્રીને ખેદ પામતી જોઈ સૂર્ય પણ અસ્ત પામ્યો. "અહો ! **સંતજનો ખરેખર પરદુઃખથી દુઃખિત થાય છે.** (૧૦૪૨)

એ વખતે વિક્રયસ્થાનમાં રહેલી એને જોઈ આકાશલક્ષ્મીને

नभोलक्ष्मीरिमां वीक्ष्य, स्थितां विक्रयवर्त्मनि ।
तिमिरच्छद्मना दध्रे, कज्जलाश्रुजलश्रियम् ॥१०४३॥

श्रेष्ठी धनावहस्तत्राऽऽगतो दासजिघृक्षया ।
एनां श्रियमिवालोक्य, दधाराऽऽनन्दसंपदम् ॥१०४४॥

असौ कन्या न सामान्याऽगाद् दैवादीदृशीं दशाम् ।
संपदो विपदश्चाप्यरघट्टघटिका यतः ॥१०४५॥

इमां क्रयक्षितौ क्षिप्तां, वीक्षमाणाङ्गजामिव ।
हृदयं भविता द्वेधा, वालुङ्कैमिव पक्त्रिमम् ॥१०४६॥

यस्य कस्यापि हीनस्य, करे यास्यति रत्नवत् ।
यतश्चतुष्पथे तेन, विक्रेतुं विधृता ध्रुवम् ॥१०४७॥

અંધકારના બ્હાનાથી કાજળયુક્ત અશ્રુજળની શોભા ધારણ કરી. જાણે તેના દુઃખને જોઈ ન શકે તેમ સૂર્યાસ્ત થયો અંધકાર વ્યાપ્ત ગયો. (૧૦૪૩)

એવામાં દાસ ખરીદવાની ઈચ્છાથી ધનાવહ શેઠ ત્યાં આવ્યો. સાક્ષાત્ લક્ષ્મી સમાન તેને જોઈ પરમ પ્રમોદ પામ્યો અને ચિંતવવા લાગ્યો કે, (૧૦૪૪)

"આ કન્યા સામાન્ય જણાતી નથી, દૈવયોગે આવી દશા પામી જણાય છે. સંપત્તિ એ ખરેખર અરઘટ્ટના ઘટ સમાન હોય છે. (૧૦૪૫)

વિક્રય સ્થાનમાં રહેલી પોતાની પુત્રી જેવી એને જોઈ પાકેલા ચિભડાંની જેમ મારૂં હૃદય દ્વિધા થઈ જાય છે. (૧૦૪૬)

વળી રત્ન સારિખી આ જો કોઈ હીનના હાથમાં જશે તો બહુ દુઃખ પામશે. કેમકે આ માણસે તો તેનો વિક્રય કરવા

१. चिर्भिटमिवेत्याशयः ।

तिष्ठन्त्या मद्गृहस्यान्तः, स्यादस्या बन्धुसंगमः ।
मूलद्रव्यं यतो नव्यं, सतामुपकृतिर्मता ॥१०४८॥

धनावहो विचिन्त्येति, तस्मै दत्त्वेप्सितं धनम् ।
निन्ये वसुमतीं बालां, स्ववेश्म विगतस्मयः ॥१०४९॥

पृष्टाऽथ श्रेष्ठिना वत्से !, का त्वं कस्याऽसि नन्दिनी ? ।
किं गोत्रं किमु ते नाम, का नाम जननी तव ? ॥१०५०॥

महत्त्वेन कुलस्योच्चैः, स्वकुलं वक्तुमक्षमा ।
सा तस्थौ न्यग्मुखी बाला, रजन्यामिव पद्मिनी ॥१०५१॥

ચતુષ્પથમાં એને બેસાડી છે. (૧૦૪૭)

તો હું તેને મારા ઘરે જ લઈ જાઉં. મારે ઘરે રહેતા તેને બંધુ સમાગમ પણ થશે. **ઉપકાર એ નૂતન મૂળ દ્રવ્ય છે.** એમ સજ્જનો કહે છે. માટે હું એનો સ્વીકાર કરું." (૧૦૪૮)

આ પ્રમાણે વિચાર કરી ધનાવહ પેલા ઊંટવાળાને ઇચ્છિત ધન આપી ક્રોધરહિત એવી તે વસુમતી કન્યાને પોતાને ઘરે લઈ ગયા. (૧૦૪૯)

પછી શ્રેષ્ઠીએ તેને પૂછ્યુ કે, "હે વત્સે ! તું કોની પુત્રી છ ? તારૂં ગોત્ર અને નામ શું છ ? તથા તારા માતાપિતા કોણ છે ? (૧૦૫૦)

આ પ્રમાણે સાંભળી કુળનું મહત્ત્વ કહેવા અસમર્થ તે કુલિનબાળાએ રાત્રે પદ્મિની મોં ફેરવી નાંખે તેમ પોતાનું મુખ આડું કરી દીધું. (૧૦૫૧)

એટલે વિવેકી શ્રેષ્ઠિએ વધારે વધારે ન પૂછતાં પોતાની પત્ની મૂળાને કહ્યું કે, "આ આપણી પુત્રી છે. માટે નેત્રરૂપ કૈરવને

उवाच श्रेष्ठिनीं मूलामावयोर्दुहिताऽसकौ ।
लालनीया पालनीया, नेत्रकैरवकौमुदी ॥१०५२॥

तया श्रेष्ठिगिराऽवात्सीत्, वत्सा वसुमती सुखम् ।
जङ्गमा कल्पवल्लीव, नानाभरणभूषिता ॥१०५३॥

प्रज्ञाविनयवाक्शीलैर्निःशेषैश्चन्दनोपमैः ।
चन्दनेत्यभिधां चक्रे, सत्यामस्या धनावहः ॥१०५४॥

आबाल्यविमलैर्वृत्तैर्बाला तारुण्यशालिनी ।
द्वितीयेन्दुवदानन्दं, विदधे पिदधे तमः ॥१०५५॥

स्वभावेन स्वरूपेयं, विशेषाद् यौवनश्रिया ।
अश्विनीपूर्णमासीवाऽशुभदिन्द्रमहेन सा ॥१०५६॥

કૌમુદી સમાન એનું તારે લાલન પાલન કરવું." (૧૦૫૨)

આ પ્રમાણે શેઠના કહેવાથી જંગમ કલ્પલતાની જેમ અનેક પ્રકારના આભૂષણોથી વિભૂષિત બની પુત્રીની જેમ તે ત્યાં સુખપૂર્વક રહેવા લાગી. (૧૦૫૩)

પછી પ્રજ્ઞા, વિનય, વાણી શીલ વિગેરે ચંદન સમાન શીતલ અને સુવાસિત ગુણોથી ધનાવહ શેઠે તેનું ચંદના એવું સત્ય નામ પાડ્યું. (૧૦૫૪)

પછી બાલ્યાવસ્થાથી માંડી પોતાના નિર્મળ આચરણથી અને તારૂણ્યથી શોભતી તે બાળા બીજના ચંદ્રની જેમ સર્વને આનંદદાયી બની અને અંધકાર (અજ્ઞાન) ને દૂર કરવા લાગી. (૧૦૫૫)

તે સ્વભાવે જ સ્વરૂપવતી તો હતી અને યૌવન લક્ષ્મીની વૃદ્ધિ થતાં ઈંદ્ર મહોત્સવથી અશ્વિની નક્ષત્રયુક્ત પૂર્ણિમાની જેમ તે વિશેષે શોભવા લાગી. (૧૦૫૬)

वीक्ष्येमां यौवनोद्यानवशां गजवशामिव ।
विदध्यौ श्रेष्ठिनी मूला, चिन्तयन्त्याऽऽयतिं हृदि ॥१०५७॥

श्रेष्ठी संभाषते नित्यं, यद्यप्येनां सुतामपि ।
चेद् दैवादुपयच्छेत, जीवन्त्यपि मृताऽस्म्यहम् ॥१०५८॥ अथवा-

न सा विद्या न तद् ज्ञानं, न तद् ध्यानं न सा कला ।
निवर्त्येत मनो येन, स्मरापस्मारघस्मरम् ॥१०५९॥ यदूचे-

बलवानिन्द्रियग्रामः, पण्डितोऽप्यत्र मुह्यति ।
विश्वामित्रोऽपि सोत्कण्ठं, कण्ठं जग्राह मेनकाम् ॥१०६०॥

આ બાજુ યૌવનરૂપ ઉદ્યાનને પામેલી હાથિણીની જેવી તેને જોઈને અંતરમાં ભાવિનો વિચાર કરતી મૂળા ચિંતવવા લાગી કે, (૧૦૫૭)

જો કે શેઠ હાલ તો પુત્રી કહીને બોલાવે છે. પણ ભાગ્યયોગે કદાચ શેઠ તેને પરણી જશે તો હું જીવતી છતાં મરેલી જેવી થઈ જઈશ. (૧૦૫૮)

આવી શંકાનું કારણ એક જ છે કે, એવી કોઈ વિદ્યા, જ્ઞાન, ધ્યાન, કે કળા નથી કે જેનાથી કામદેવથી ખરડાયેલું મન નિવૃત્ત થાય. (૧૦૫૯)

વળી અન્યત્ર કહ્યું છે કે **ઇંદ્રિય અત્યંત બળવાન છે તેથી પંડિત પણ ત્યાં મોહ પામ્યા વિના રહેતો નથી.** વિશ્વામિત્રે પણ ઉત્કંઠાપૂર્વક મેનકાને કંઠવડે પકડી, (૧૦૬૦)

શું બ્રહ્માએ પોતાની પુત્રીને પ્રિયા બનાવવા ઇચ્છા નહોતી કરી ? માટે **જ્યાં સુધી સ્ત્રીના કટાક્ષથી પુરુષ વિંધાયો નથી**

[1]पद्मयोनिः निजां पुत्रीं, न प्रियां कृतवान् किमु ? ।
तावत् शूरो भवेत् सर्वो, यावद् न स्त्रीकटाक्षितः ॥१०६१॥

परं रामा सुलम्भेन, तुच्छत्वेन मुहुर्मुहुः ।
कालं निनाय ताम्यन्ती, शाकिनीव दुराशया ॥१०६२॥

इतश्च प्रासरद् ग्रीष्मो, भ्राष्ट्रमिन्धनविद्युतिः ।
नखंपचरजालोकदृगायुःकर्मनाशनः ॥१०६३॥

सर्वत्र क्षिप्तकारीषपावकौपम्यमध्वसु ।
वहमानेषूलूकानां, झलत्कारेषु सर्वतः ॥१०६४॥

श्रेष्ठी धनावहो गेहमासाद्य चिरपान्थवत् ।
हा! हेति मन्त्रमुच्चार्य, निविष्टो दृष्टविष्टरे ॥१०६५॥

त्यां सुधी ज शूरवीर छे." (१०६१)

આ પ્રમાણે ચિંતવી શાકિનીની જેમ દુષ્ટ આશયવાળી એવી તે મૂળા પોતાના તુચ્છપણાથી વારંવાર અંતઃકરણમાં સંતાપ કરતી સમય વ્યતીત કરવા લાગી. (૧૦૬૨)

એકવાર ભઠ્ઠીના અગ્નિ સમાન ઉગ્ર નખને પકાવી નાંખતી ધોમધખતી ધરતીની રજ માણસોની દૃષ્ટિના વિષયનો નાશ કરનારી ગ્રીષ્મઋતુ આવી (૧૦૬૩)

એટલે રસ્તાઓ જાણે ચારેબાજુ પાથરેલા છાણાની અગ્નિની સમાનતાને ધારણ કરવા લાગ્યા. અને અતિ ઉષ્ણપવન ચોમેર પ્રસરવા લાગ્યો. (૧૦૬૪)

તે સમયે ધનાવહશેઠ લાંબી મુસાફરીથી જેમ મુસાફર ઘર

---

१. पद्मजन्मेत्यपि ।

तदंहृिक्षालकः कोऽपि, नासीद् दासीमुखो जनः ।
विनयाच्चन्दनोत्थाय, निषिद्धा श्रेष्ठिनाऽपि हि ॥१०६६॥

पादौ क्षालयितुं भक्त्या, प्रावर्तिष्ट विशिष्टधीः ।
भवेत् कुलप्रसूतानां, विनयो मण्डनं यतः ॥१०६७॥

सुभगः केशपाशोऽस्या, निपतन् पङ्किलक्षितौ ।
लक्ष्यते स्म मुखैणाङ्कभयात्तम इव व्रजन् ॥१०६८॥

मा भूदेतर्हि वत्सायाः, पङ्किलः कचसञ्चयः ।
इति यष्ट्या दधारोच्चैः, पितृवत् प्रेमलालसः ॥१०७०॥

આવી "હાશ" એવા શબ્દનો ઉચ્ચાર કરી આસનપર બેઠો. (૧૦૬૫)

તે વખતે તેના પગ ધોનાર દાસી વિગેરે કોઈ હાજર નહોતું. તેથી શેઠે ના કહ્યા છતાં ચંદના વિનયથી ઊઠી (૧૦૬૬)

વિશિષ્ટ બુદ્ધિવાળી ચંદના ભક્તિપૂર્વક શેઠના પગ ધોવા લાગી. કારણ કે **વિનય એ કુલીનલોકોને એક મંડનરૂપ છે.** (૧૦૬૭)

તે વખતે પંકિલભૂમિમાં પડતો સુંદર કેશપાશ જાણે મુખરૂપ ચંદ્રના ભયથી નાસતો અંધકાર હોય તેવો ભાસવા લાગ્યો. (૧૦૬૮)

એટલે પુત્રીના કેશો પંકમાં પડીને ન બગડે. એવા ઈરાદાથી પિતાની જેમ પ્રેમાળ શ્રેષ્ઠીએ લાકડીવતી તેને ઉંચે ધરી રાખ્યા. (૧૦૬૯)

એ વખતે દૂર ગવાક્ષમાં બેઠેલી મૂળાએ તે જોઈને વિચાર કર્યો કે, "જે મેં ચિંતવ્યું હતું તે સત્ય કર્યું. એના કેશપાશને

पत्नीत्वसत्यङ्कारोऽस्याः, केशपाशनियन्त्रणम् ।
पितुः क्रियेदृशी नैव, **दुर्जया भवितव्यता** ॥१०७१॥

उच्छेद्या तदियं मूलाद्, गरवल्लीव जङ्गमा ।
इति निश्चयमाधाय, मौनं मूला चकार सा ॥१०७२॥

जगाम विपणिं श्रेष्ठी, मूलाऽप्याऽऽहूय नापितम् ।
रोगार्तायाऽइवाऽमुष्याः, केशपाशमनाशयत् ॥१०७३॥

ददौ च पादयोः कामं, निगडानि दृढान्यपि ।
चन्दनां ताडयामास, स्वकरैः करिणीमिव ॥१०७४॥

गृहापवरके न्यस्य, सा बन्दीमिव चन्दनाम् ।
कपाटसंपुटं दत्त्वा, कोपाटोपादवोचत ॥१०७५॥

અદ્ધર ધરી રાખવાથી શેઠ એને પોતાની પત્ની કરવા ધારે છે. એવી મારી જે શંકા હતી તેને ટેકો મળ્યો. કારણ કે પિતા આવી ક્રિયા ન કરે. ખરેખર **ભવિતવ્યતા દુર્જય છે.** (૧૦૭૦-૧૦૭૧)

તો હવે જંગમ વિષલતાની જેમ એનો મૂળથી જ ઉચ્છેદ કરી નાંખુ." આવો મનમાં નિશ્ચય કરી મૂલા તે વખતે મૌન ધરીને રહી. (૧૦૭૨)

મૂળાએ કરેલી ચંદનાની દુર્દશા.

પછી શેઠ જ્યારે બજારમાં ગયા ત્યારે મૂલાએ હજામને બોલાવી રોગાર્ત્તની જેમ ચંદનાના કેશપાશનો નાશ કરાવ્યો (૧૦૭૩)

અને પગમાં અત્યંત મજબૂત બેડી નાંખી મૂળા પોતાના હાથવતી હથિણીની જેમ તેને મારવા લાગી. (૧૦૭૪)

પછી એક કેદીની જેમ ચંદનાને ઘરની અંદરના એક ઓરડામાં

यः कश्चित् श्रेष्ठि नोऽप्यग्रे, चन्दनां कथयिष्यति ।
स मे कोपहुताशस्य, होमद्रव्यं भविष्यति ॥१०७६॥

एवं नियन्त्र्य लोकं स्वं, मूला मूलगृहं ययौ ।
सायं श्रेष्ठी समायातोऽपृच्छत् काऽस्ति सुता मम ? ॥१०७७॥

कश्चन श्रेष्ठिनीभीतेः, पृच्छतोऽप्यस्य नाऽवदत् ।
सर्वोऽपि गृहिणीहस्तगोचरो गृहमागतः ॥१०७८॥

मत्सुता रमते क्वाऽपि, स्वच्छस्वान्ता परौकसि ।
ध्यात्वेत्यगमयत्कालं, मृदुधीः स्नेहलाशयः ॥१०७९॥

अपश्यंश्चन्दनां क्वाऽपि, द्वितीयेऽह्न्यऽप्यऽभाषत ।
मूकीभूत इव जनो, नाऽऽख्यत् किञ्चन सर्वथा ॥१०८०॥

પૂરી બારણા બંધ કરી તાળું દઈ દીધું. (૧૦૭૫)

પછી કોપના આટોપથી તે કહેવા લાગી કે, "જે કોઈ ચંદનાની વાત શેઠની આગળ કહેશે તે મારા કોપાગ્નિમાં હોમદ્રવ્યરૂપ થશે." (૧૦૭૬)

આ પ્રમાણે પોતાના સેવકવર્ગને બીક બતાવી મૂળા પોતાના વાસભવનમાં આવી. પછી સાંજે શેઠ આવી પૂછવા લાગ્યા કે, - "મારી પુત્રી ક્યાં છે ? (૧૦૭૭)

પણ શેઠાણીના ભયથી શેઠને કોઈએ જવાબ આપ્યો નહી. કેમ કે **ઘરના બધા નોકરો શેઠાણીને વશ હોય છે.** (૧૦૭૮)

શેઠે વિચાર્યું કે નિર્મળ મનવાળી મારીપુત્રી કોઈ બીજાને ઘર ગઈ હશે અને ત્યાં આનંદ કરવા રહી હશે." એમ ધારી પ્રેમાળ અને કોમળબુદ્ધિવાળા શેઠે તે દિવસ વ્યતીત કર્યો. (૧૦૭૯)

બીજે દિવસે પણ ચંદનાને ન જોવાથી શેઠે નોકરોને પૂછ્યું

ततः शोकाकुलः श्रेष्ठी, प्रोवाच स परिच्छदम् ।
जानन्तश्चेन्नाऽऽख्यास्यथ, ताडयिष्यामि वस्तदा ॥१०८१॥

श्रुत्वेत्यऽचिन्तयत् काचित्, स्थविरा किङ्करी हृदि ।
जीवेद् मे जीवितव्येन, चन्दनाऽऽनन्ददा दृशाम् ॥१०८२॥

ममाऽस्त्यऽदूरतो मृत्युर्जरया जर्जरं वपुः ।
अदूरवीक्षिणी दृष्टिर्विस्मृतिश्च गरीयसी ॥१०८३॥

इयं सुयौवना वत्सा, महाकष्टेन पूरिता ।
विपत्स्यते कियद् वल्लीच्छिन्नं पुष्पं हि नन्दति ॥१०८४॥

છતાં જાણે મુંગા થઈ ગયા હોય તેમ માણસોમાંથી કોઈ કાંઈપણ બોલ્યું નહિ (૧૦૮૦)

એટલે શોકાતુર થઈ શ્રેષ્ઠીએ પોતાના નોકરોને કહ્યું કે, "જાણતાં હોવા છતાં જો તમે નહિ કહો તો હું તમને કાઢી મૂકીશ." (૧૦૮૧)

આ પ્રમાણે સાંભળી એક વૃદ્ધા દાસીએ મનમાં વિચાર કર્યો કે, દૃષ્ટિને આનંદદાયી ચંદના જો મારા જીવિતવ્યથી પણ જીવતી હોય તો બહુ જ સારી વાત (૧૦૮૨)

કારણ કે મારે હવે મરણ કાંઈ દૂર નથી. મારૂં શરીર જરાથી જર્જરિત થઈ ગયું છે. નજર પણ દૂર જતી નથી અને સ્મરણશક્તિ પણ નાશ પામી ગઈ છે. (૧૦૮૩)

અને એ બાળા હજી સુયૌવના છે. તે મહાકષ્ટમાં પડેલી હોઈ મરણ પામશે. કેમ કે વેલડીથી છૂટું પડેલું પુષ્પ કેટલો સમય ખીલેલું રહી શકે ? (૧૦૮૪)

વળી ચંદનાની વાત શેઠની આગળ કહેતાં શેઠાણી મને શું

गदिते चन्दनावृत्ते, किमेषा मे विधास्यति ? ।
उदस्ते शकटे हन्त !, किं विधाता गणाधिपः ? ॥१०८५॥

ध्यात्वेत्यऽदर्शयत् तस्य, चन्दनारोधमन्दिरम् ।
मूलाया वीक्षमाणायाः, कोपारुणदृशो भृशम् ॥१०८६॥

स्वयमुद्घाटयामास, द्वारं श्रेष्ठी धनावहः ।
तत्रैक्षत सुतां तृष्णाक्षुधार्तां म्लानविग्रहाम् ॥१०८७॥

पादयोर्निगडैर्बाढं, यन्त्रितां हस्तिनीमिव ।
भिक्षुकीमिव मुण्डां च, चामुण्डावत्कृशोदरीम् ॥१०८८॥

वहलैर्बहलैः क्षोणीं, सिचन्तीं लोचनाश्रुभिः ।
रुष्यन्तीं कर्मणे स्वस्य, विमृशन्तीं निजस्थितिम् ॥१०८९॥

त्रिभिर्विशेषकम्

કરવાની હતી ? **ગાડુ ચાલ્યા પછી ગણેશ શું કરી શકે ?** (૧૦૮૫)

આ પ્રમાણે વિચારી કોપયુક્ત રક્તનેત્રવડે મૂળાને જોતા છતાં તેણે ચંદનાને જે ઓરડીમાં પૂરેલી હતી તે મકાન શેઠને બતાવ્યું. (૧૦૮૬)

એટલે ધનાવહ શેઠે પોતે દ્વાર ઉઘાડ્યું તેમાં બેઠેલી ક્ષુધાતૃષાથી પીડાતી તથા મ્લાન શરીરવાળી ચંદનાને જોઈ (૧૦૮૭)

તે સમયે હાથિણીની જેમ પગમાં મજબૂત સાંકળોથી તે બંધાયેલી હતી. ભિક્ષુકીની જેમ મસ્તકે મુંડિત હતી. ચામુંડાની જેમ કૃશોદરી હતી. (૧૦૮૮)

અત્યંત અશ્રુધારાથી ભૂમિતલને સિંચતી હતી. પોતાના કર્મને દોષ આપતી અને પોતાની સ્થિતિનો તે વિચાર કરતી હતી. (૧૦૮૯)

मरौ गतां राजहंसीमिवेमां वीक्ष्य दुःखितः ।
पुत्रिके ! भव विश्वस्ता, जल्पन् रसवतीं ययौ ॥१०९०॥

दैवाद् भोज्यं विशिष्टं नो, वीक्षमाणो धनावहः ।
एतस्याः सूर्पकोणस्थान्, कुल्माषान् स समार्पयत् ॥१०९१॥

अमून् भुङ्क्ष्व सुते ! तावद्, यावत् कर्मारमानये ।
भवन्निगडविच्छेदे, गदित्वेत्यऽगमद् धनी ॥१०९२॥

ऊर्ध्वस्था चन्दना चित्ते, चिन्तयन्तीत्यऽखिद्यत ।
मम राजकुले जन्म, क्वेदं चेटीत्वचेष्टितम् ? ॥१०९३॥

ચંદનાની દયનીયદશાનું દર્શન.

પછી મારવાડમાં ગયેલી રાજહંસીની જેમ તેને જોઈ દુઃખી થયેલા શેઠે કહ્યું કે, "હે વત્સે ! તું શાંત થા." હું તારા માટે ખાવાનું લાવું છું. (૧૦૯૦)

એમ કહી તે રસોડામાં ગયો. ત્યાં દૈવયોગે કાંઈપણ અવશિષ્ટભોજન (વધેલું ભોજન) તેના જોવામાં આવ્યું નહિ એટલે તેણે થોડા અડદ પડ્યા હતા તે લઈ સુપડાના ખૂણામાં તેને આપ્યા (૧૦૯૧)

અને કહ્યું કે, "હે વત્સ ! તારી બેડી તોડવાનો માટે હું લુહારને તેડી આવું ત્યાં સુધી તું આ અડદનું ભક્ષણ કર." આમ કહી શેઠ લુહારને તેડવા ગયા. (૧૦૯૨)

અહીં ચંદના ઉભી ઉભી મનમાં ખેદ પામી સતી વિચારવા લાગી કે, "અહો ! રાજકુળમાં મારો જન્મ ક્યાં ? અને આ દાસીપણાનું ચેષ્ટિત ક્યાં ? (૧૦૯૩)

चेदागां श्रेष्ठिनो गेहे, कुतोऽवस्थेदृशी मम ? ।
काकमांसं तदुच्छिष्टं, स्वल्पं तदपि याचितम् ॥१०९४॥

षष्ठपारणकालेऽमी, कुल्माषा मम भुक्तये ।
यद्याऽऽयात्यऽतिथिः कोऽपि, चारित्री समतानिधिः ॥१०९५॥

अदत्तं भुज्यते यच्च, तत्पशूनां समञ्जसम् ।
अतिथेः संविभागेन, भोजनं भाजनं श्रियाम् ॥१०९६॥

विचिन्त्यैवं सुता राज्ञो, द्वाराभिमुखमैक्षत ।
ईक्षितैरतिथिं प्रेम्णाऽऽकारयन्तीव दूरतः ॥१०९७॥

આ શેઠના ઘરે હું ક્યાં ? અને મારી આ દશા ક્યાં ? અત્યારે તો ઉચ્છિષ્ટ કાકમાંસ અને તે પણ માંગી લાવેલું મળે તેના જેવું થયું. (૧૦૯૪)

અઠ્ઠમના પારણાના અવસરે ભોજન કરવા મને અડદ મળ્યા તો પણ જો સમતાના નિધાન એવા કોઈ સંયમી અતિથિ આવે તો સારૂં (૧૦૯૫)

કે જેથી તેમને આપીને પછી હું ભોજન કરૂં. **દાનકર્યા વિના ભોજન કરવું તે પશુઓને જ યોગ્ય છે.** અને અતિથિને સંવિભાગ આપી ભોજન કરવું તે લક્ષ્મીના ભાજનરૂપ છે." (૧૦૯૬)

આ પ્રમાણે ચિંતવી પ્રેમપૂર્વક દૂરથી અતિથિને બોલાવતી રાજસુતાએ દ્વાર સન્મુખ નજર કરી. (૧૦૯૭)

ચંદના ભાવે ઉત્તમભાવના.

જાણે ચંદનાની પુણ્યરાશિ જ ન હોય તેમ ભિક્ષા માટે ભમતાં

इतश्च श्रीमहावीरो, भिक्षायै पर्यटन् पुरि ।
पुण्यराशिरिवैतस्या, मूर्तिमान् समुपागमत् ॥१०९८॥

अहो ! अहो ! तपःपात्रं, निश्रेयसश्रियां मुनिः ।
कोऽपि कोऽपि महासत्त्वः, स्वशरीरेऽपि निर्ममः ॥१०९९॥

ईदृक्षाय तपःस्थाय, पुरा जन्मनि नो मया ।
प्रदत्तं किञ्चन क्वापि, तदवस्थाऽजनीदृशी ॥११००॥

अथवा मे महत्पुण्यं, यदसावागतो मुनिः ।
उच्छ्वसतीव मे चित्तममुष्मात् खेदभागपि ॥११०१॥

ध्यात्वेति चन्दनाऽचालीत्, कुल्माषान्वितसूर्प्पिका ।
एकं पादं ददावन्तस्तद्देहल्याः परं बहिः ॥११०२॥

ભમતાં શ્રીમહાવીરપ્રભુ ત્યાં પધાર્યા (૧૦૯૮)

તેમને જોઈ ચંદના ચિંતવવા લાગી કે, "અહો ! તપના પાત્ર મોક્ષલક્ષ્મીના સ્વામી, મહાસત્ત્વવંત, પોતાના શરીરપર નિર્મમ એવા તપસ્વીને મેં પૂર્વે કાંઈ દાન આપેલું નથી તેથી જ મારી આ અવસ્થા થઈ છે. (૧૦૯૯-૧૧૦૦)

અત્યારે તો મારો ભાગ્યોદય જણાય છે. જેથી આ મહામુનિ અહીં પધાર્યા છે. તેમને જોતાં મારૂં મન ખિન્ન છતાં શાંતિ પામે છે." (૧૧૦૧)

આ પ્રમાણે વિચાર કરી અડદ સહિત સુપડાને લઈ ચંદના આગળ ચાલી અને એક પગ બારણાની અંદર અને બીજો પગ બહાર મૂક્યો. (૧૧૦૨)

પણ ગાઢ બેડીને કારણે બારણાની આગળ જવાને અસમર્થ હોવાથી તે ત્યાં જ ઊભી રહી.

देहलो निगडैर्गाढमाक्रमितुमनीश्वरी ।
तत्रैवास्थाद् दृढभक्तिर्जिननाथमुवाच च ॥११०३॥

कल्पन्ते यदि कुल्माषा, भगवन् ! भवतारक ! ।
गृह्यतां सूर्प्पकोणेन, ममानुग्रहकाम्यया ॥११०४॥

द्रव्यक्षेत्रादिसम्पूर्णं, विज्ञायाऽभिग्रहं जिनः ।
करं कुल्माषभिक्षायै, ततः प्रासारयद् वरम् ॥११०५॥

धन्याऽस्मि कृतपुण्याऽस्मि, श्लाघ्याऽस्मि क्षमिणामपि ।
सुलब्धपात्रदानाऽस्मि, मनस्येवं विचिन्वती ॥११०६॥

પાંચમાસ પચ્ચીશ દિન, પ્રભુ ભિક્ષા માટે ફરતાં.
ચંદનાના અડદના બાકુળે -અભિગ્રહ પૂરા થાતાં.

અત્યંત ભક્તિથી ભગવંતને કહેવા લાગી કે (૧૧૦૩)

"હે ભવતારક ભગવન્ ! જો આ અડદ આપને કલ્પે તો મારા પર અનુગ્રહ કરી આ સુપડાના ખુણામાંથી ગ્રહણ કરો." (૧૧૦૪)

એટલે દ્રવ્ય, ક્ષેત્રાદિથી પોતાના અભિગ્રહને સંપૂર્ણ થયેલા સમજી ભગવંતે અડદની ભિક્ષા લેવા પોતાનો શ્રેષ્ઠહાથ પ્રસાર્યો. (૧૧૦૫)

(અન્યત્ર એવો ઉલ્લેખ છે કે નેત્રમાં આંસુ ન જોતાં અભિગ્રહ અધૂરો જાણી પ્રભુ પાછા વળ્યા. ચંદનાની આંખમાં આંસુ જોઈ પ્રભુ પાછા વલી હાથ પસાર્યો અને દાન લીધું.)

એટલે ચંદના ચિત્તમાં ચિંતવવા લાગી કે, "અહો ! હું ધન્ય અને કૃતપુણ્ય છું.વળી સુપાત્રે દાન આપતાં હું ક્ષમાવંત લોકોને પણ શ્લાધ્ય છું." (૧૧૦૬)

वीक्षमाणा जगदिदं, स्वाभाविकमुदान्वितम् ।
विस्मरन्ती क्षुधाग्लानिं, जिनरूपविलोकनात् ॥११०७॥

उल्लसत्प्रोतरोमाञ्चा, कुल्माषांस्तीर्थकृत्करे ।
अक्षिपत्सूर्प्पकोणेन, कतिचिद् भक्तिवत्सला ॥११०८॥

त्रिभिर्विशेषकम्

अहो ! दानमहो ! दानं, श्लाघमाना मुहुर्मुहुः ।
तत्र प्रीत्याऽऽययुर्देवा, दीप्यमानास्तनुद्युता ॥११०९॥

पञ्चदिव्याभिषेकश्च, विदधुर्जयबन्धुरम् ।
तुत्रुटुर्निगडान्यस्या, जीर्णरज्जुवदञ्जसा ॥१११०॥

આ પ્રમાણે હર્ષ લાવી આખા જગતને સ્વાભાવિક હર્ષસહિત નિહાલતી, ભગવંતનું રૂપ જોવાથી ક્ષુધા સંબંધી ગ્લાનિને ભૂલી જતી, (૧૧૦૭)

ભક્તિમાં તત્પર અને રોમાંચિત થઈ તેણે સુપડાના ખૂણામાંથી કેટલાક અડદ ભગવંતના હાથમાં નાખ્યા. (૧૧૦૮)

એવામાં "અહો દાનં ! અહો દાનં ! એમ વારંવાર પ્રશંસા કરતા, શરીરની કાંતિથી દેદીપ્યમાન કેટલાક દેવો પ્રેમપૂર્વક ત્યાં પ્રગટ થયા. (૧૧૦૯)

અને જય જય ધ્વનિથી મનોહર પાંચ દિવ્યો પ્રગટ કર્યા. તેજ વખતે જીર્ણ દોરડાની જેમ પગની બેડી તૂટી ગઈ, (૧૧૧૦)

પગમાં સુવર્ણના નૂપુર બની ગયા. તત્કાળ જાણે પૂર્વ પ્રેમથી જ હોય તેમ કેશપાશ પણ ઉગેલા હોય તેમ શોભવા લાગ્યો. (૧૧૧૧)

એ સમયે સર્વાંગે દિવ્યવસ્ત્રધારી ધારણીસુતા ચંદનાને

पादयोर्नूपूरे तस्या, जज्ञाते हेमनिर्मिते ।
तत्कालं केशपाशश्च, पूर्व्वप्रेम्ण इवागतः ॥१११॥

सर्व्वाङ्गमपि नेपथ्यधारिणी धारिणीसुता ।
वीरभक्तैः सुरैश्चक्रे, देवीव क्षितिचारिणी ॥१११२॥

दिव्यां भेरीं नभोमार्गे, ताडयन्तो मुहुर्मुहुः ।
जयनादं वितन्वन्तो, ननृतुर्नाकवासिनः ॥१११३॥

तं श्रुत्वा दुन्दुभिध्वानं, शतानीको मृगावती ।
सुगुप्तो नन्दया सार्द्धं तत्रेयुर्जिनपारणे ॥१११४॥

सम्पूर्णाभिग्रहं वीरं, विज्ञायाऽवधिना हरिः ।
उत्फुल्लचेता आगच्छत्, द्योतयंस्तेजसा नभः ॥१११५॥

दधिवाहनभूपालकञ्चुकी सम्पुलाभिधः ।
शतानीकसमीपस्थश्चम्पावस्कन्द आगतः ॥१११६॥

વીરભક્તોએ માનુષી છતાં દેવી બનાવી દીધી (૧૧૧૨)

અને આકાશમાં દિવ્યભેરીને વારંવાર વગાડવા લાગ્યા તથા જયનાદ કરતા નાચવા લાગ્યા. (૧૧૧૩)

તે દુંદુભિનો નાદ સાંભળી શતાનિક રાજા, મૃગાવતી અને નંદા (મંત્રી સ્ત્રી)ની સાથે સુગુપ્ત પ્રધાન-સર્વે ત્યાં પ્રભુના પારણાનો પ્રસંગ જોવા આવ્યા. (૧૧૧૪)

તથા અભિગ્રહ પૂર્ણ થયેલા વીરપ્રભુને અવધિજ્ઞાનથી જાણીને અંતરમાં આનંદ ધારણ કરતો, તેજથી આકાશને ઝળહલાયમાન કરતો ઇંદ્ર પણ ત્યાં આવ્યો. (૧૧૧૫)

તે સમયે ચંપાનો પરાભવ થતાં દધિવાહન રાજાનો સંપુલ નામે કંચુકી શતાનિક રાજા પાસે આવી રહ્યો હતો તે પણ ત્યાં

तस्मिन्नेत्य वसुमतो, दृष्ट्वा तत्पादयोः स्थितः ।
अरोदीद् मुक्तकण्ठत्वाद्, रोदयन्नितरानपि ॥१११७॥

किमु रोदिषि राज्ञोक्तः, कञ्चुकीति जगाद तम् ? ।
दधिवाहनभूरेषा, धारिणीकुक्षिसम्भवा ॥१११८॥

निजराज्यपरिभ्रष्टां, चेटीवत् परवेश्मगाम् ।
मुक्तकण्ठं रोदिमि स्म, वीक्ष्येमां स्वामिनन्दिनीम् ॥१११९॥

राजा प्राह न शोच्येयं, ययाऽर्हन् प्रतिलाभितः ।
आ संसृतेरियं धन्या, वीरं याऽपारयत् प्रभुम् ॥११२०॥

मृगावत्युवाचेयं, भगिनी मम धारिणी ।
नाथेयं मम यामेयी, नयनानन्ददायिनी ॥११२१॥

આવ્યો. (૧૧૧૬)

વસુમતીને જોઈ તેના ચરણ પાસે બેસી ગયો અને મુક્તકંઠે રડતો અને બીજાને રોવરાવતો રૂદન કરવા લાગ્યો. (૧૧૧૭)

એટલે રાજાએ તેને પૂછ્યું કે, "તું શા માટે રૂદન કરે છે ?" તે બોલ્યો કે, "ધારિણી રાણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી આ દધિવાહન રાજાની પુત્રી છે. (૧૧૧૮)

પોતાના રાજ્યથી પરિભ્રષ્ટ થયેલી અને દાસીની જેમ પરઘરે રહેલી આ સ્વામિસુતાને જોઈ મને મુક્તકંઠે રડવું આવે છે." (૧૧૧૯)

એટલે રાજાએ કહ્યું કે, "હવે તારે શોક ન કરવો. એણે તો ભગવંતને પ્રતિલાભ્યા. સમગ્ર સંસારમાં ખરેખર એ ધન્ય છે કે જેણે વીરપ્રભુને પારણું કરાવ્યું." (૧૧૨૦)

તે અવસરે મૃગાવતી રાણી બોલી કે, "હે નાથ ! ધારિણી

पञ्चभिर्दिवसैर्न्यूनषण्मासान् तपसो विधेः ।
विधाय पारणां वीरो, धनगेहाद् विनिर्गतः ॥११२२॥

आदित्सुर्लोभतो रत्नवृष्टिं भूमीपतिस्ततः ।
निषिद्धो हरिणाऽगृह्णाच्चन्दनाऽऽदेशतो धनी ॥११२३॥

उत्पन्नकेवलज्ञानाच्चन्दना ज्ञातनन्दनात् ।
व्रतमादायनिर्वाणपदमेष्यति शाश्वतम् ॥११२४॥

सुपात्रदानमाहात्म्यात्, तत्क्षणात् संपदः सताम् ।
घनाम्भःसिक्तवल्लीनां, यथान्यायं वनश्रियः ॥११२५॥

તો મારી સગી બેન હોવાથી નેત્રાનંદદાયી તેની પુત્રી મારી ભાણેજ થાય." (૧૧૨૧)

તે વખતે છમહિનામાં પાંચ દિવસ ઉણા હતા અને ભગવંત ઉત્કૃષ્ટ તપનું પારણું કરી ધનાવહ શેઠના ઘરમાંથી બહાર નીકળ્યા. (૧૧૨૨)

તે વખતે લોભને વશ શતાનિક રાજા થયેલી રત્નવૃષ્ટિનું કોઈ માલિક નથી એમ જાણી તે લેવા લાગ્યો. પણ ઇંદ્રે તેને અટકાવ્યો એટલે ચંદનાના આદેશથી ધનાવહશેઠે તે રત્નો ગ્રહણ કર્યા. (૧૧૨૩)

ત્યાર પછી ભગવંતને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ચંદનાએ તેમની પાસે જઈ દીક્ષા લીધી અને તે જ ભવમાં શાશ્વત મોક્ષપદને પામી. (૧૧૨૪)

મેઘજળથી સિંચન પામેલી વેલડીઓ જેમ તુરત જ વિકસ્વર થાય છે તેમ સુપાત્રદાનના માહાત્મ્યથી સજ્જનોને સત્વર જ સંપત્તિ પ્રાપ્ત થાય છે. (૧૧૨૫)

ઇતિ દ્વાદશવ્રત ઉપર ચંદનબાળા કથા.

इत्थं श्रावकधर्मस्य, व्रतानि परिपालयन् ।
क्रमादुपासको मोक्षसौख्यभाग् द्वित्रिजन्मतः ॥११२६॥

ततः श्रीकुम्भभूपालः, प्रोवाच रुचिरं वचः ।
श्राद्धधर्माद् विरक्तोऽस्मि, क्रमशो मोक्षदायकात् ॥११२७॥

अथोत्थाय पुरीप्राप्तः, श्रीकुम्भः पृथिवीपतिः ।
आहूय नन्दनं मल्लं, नाम राज्ये न्यवीविशत् ॥११२८॥

षडपि स्वामिमित्राणि, न्यस्य राज्ये तनूद्भवान् ।
अचलन् शिबिकासीना, विमानस्था इवर्भवः[१] ॥११२९॥

"આ પ્રમાણે શ્રાવકના વ્રતો પાળવાથી શ્રાવક અનુક્રમે બે ત્રણ ભવે મોક્ષસુખને પામે છે." (૧૧૨૬)

કુંભરાજવીનું મહાભિનિષ્ક્રમણ.

છ મિત્રોનું પણ મહાભિનિષ્ક્રમણ.

પછી કુંભરાજાએ ઉચ્ચભાવના પ્રદર્શિત કરતાં કહ્યું કે, "હે ભગવાન ! અનુક્રમે મોક્ષદાયી શ્રાવકધર્મની મારે જરૂર નથી, મારે તો તાત્કાલિક ફળ આપનાર મુનિધર્મની અપેક્ષા છે, તે ગ્રહણ કરવાની મારી ઇચ્છા વર્તે છે. (૧૧૨૭)

એમ કહી નગરીમાં જઈ પોતાના મલ્લનામના પુત્રને રાજગાદી પર બેસાડ્યો. (૧૧૨૮)

તે વખતે પોતપોતાના પુત્રને રાજગાદી પર બેસાડી છ મિત્રો પણ ત્યાં આવ્યા. અને વિમાનમાં બેઠેલા દેવોની જેમ શિબિકામાં આરૂઢ થઈ ચાલ્યા. (૧૧૨૯)

પછી આનંદદાયક દિવ્યસંગીત નાદ થતાં, આકાશમાં રહેલા દેવોથી કૌતુકપૂર્વક જોવાતા, અન્ય દીક્ષાલેનારા પુરુષો તથા

१. ऋभवो देवा इत्यर्थः ।

महता विस्तरेणाऽथ, स्फीतसंगतमङ्गलः ।
देवैर्व्योमस्थितैर्वीक्षमाणः कौतुकितेक्षणैः ॥११३०॥

प्रविव्रजिषुभिश्चाऽन्यैर्यथावृद्धपुरस्सरैः ।
प्रभावत्या समं देव्या, पराभिश्च महीपतिः ॥११३१॥

महान्तमुत्सवं कृत्वा, प्रदक्षिणिततीर्थकृत् ।
उवाच स्वामिनं भक्त्या, मां तारय भवाम्बुधेः ॥११३२॥

प्रभोः षडपि मित्राणि, परिच्छदयुतान्यथ ।
बभाषिरे जगन्नाथं, नाथ ! तारय संसृतेः ॥११३३॥

अथ श्रीकुम्भभूपालप्रमुखान् नरपुङ्गवान् ।
प्रभावतीप्रभृतिकाः, पौरनारीरनेकशः ॥११३४॥

सामायिकव्रतोच्चारपूर्वं मल्लिजिनेश्वरः ।
स्वयं प्रव्राजयामास, वासनिक्षेपपूर्वकम् ॥११३५॥

षडपि स्वामिमित्राणि, प्रभोः वक्त्राद् प्रवव्रजुः ।
क्रमाद् केवलमासाद्य, नाथप्राक् शिवगामिनः ॥११३६॥

પ્રભાવતી અને અન્યરાણીઓ સહિત કુંભરાજા મહોત્સવપૂર્વક સમવસરણમાં આવ્યા. અને ભગવંતને પ્રદક્ષિણા દઈ ભક્તિપૂર્વક કહેવા લાગ્યા કે, "હે ભગવન્ ! મને સંસાર સાગરથી તારો ! (૧૧૩૦ થી ૧૧૩૨)

પછી પરિવાર યુક્ત ભગવંતના છ મિત્રોએ પણ કહ્યું કે, હે નાથ ! અમને પણ આ સંસારથી પાર ઉતારો." (૧૧૩૩)

શ્રી કુંભરાજા પ્રમુખ પુરુષોને અને પ્રભાવતી પ્રમુખ પૌરનારીઓને સામાયિકવ્રતોચ્ચારણ પૂર્વક વાસક્ષેપ નાંખી ભગવંતે પોતે દીક્ષા આપી (૧૧૩૪-૧૧૩૫)

ભગવંતના છએ મિત્રો પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી કેવલજ્ઞાન

आद्यशिष्यो जिनेन्द्रस्य, भिषगाख्यो गणाग्रणीः ।
सप्तविंशतिरन्येऽपि, बभूवुर्भुवनोत्तमाः ॥११३७॥

उत्पादविगमध्रौव्यत्रिपद्यास्तेऽनुसारतः ।
द्वादशाङ्गानि पूर्णानि, रचयामासुरञ्जसा ॥११३८॥

दिव्यचूर्णभृते स्थाले, विधृते वज्रिणा स्वयम् ।
स्वामिनोत्थाय तन्मौलौ, वासाः क्षिप्ता यथाक्रमम् ॥११३९॥

गर्जत्सु सुरतूर्येषु, प्रनृत्यत्स्वमरेषु च ।
गीयमानेषु देवीभिर्धवलेषूज्ज्वलेषु च ॥११४०॥

सूत्रेणार्थेन सर्वेण, तथा तदुभयेन च ।
द्रव्यैर्गुणैश्च पर्यायैर्नयैरपि च सप्तभिः ॥११४१॥

પ્રાપ્ત કરી ભગવંતની પહેલા મોક્ષે ગયા." (૧૧૩૬)

પ્રભુના ગણધરો.

પ્રભુના ભિષગ્ નામે પ્રથમ ગણધર થયા. ભુવનમાં ઉત્તમ બીજા સત્તાવીસ ગણધરો થયા. (૧૧૩૭)

તેમણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એમ ત્રિપદી અનુસારે અંતર્મુહૂર્તમાં સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરી. (૧૧૩૮)

પછી દિવ્યચૂર્ણથી ભરપૂર થાળ ઇંદ્રમહારાજે હાથમાં ધર્યો. એટલે ભગવંતે ઊઠીને તેમના મસ્તક ઉપર ક્રમપૂર્વક વાસક્ષેપ નાંખ્યો. (૧૧૩૯)

પછી દિવ્યવાજીંત્ર વાગતાં, દેવોવડે નૃત્ય કરાતાં અને દેવીઓવડે ધવલમંગળ ગવાતાં, ભગવંતે સૂત્રથી તથા તદુભયથી તેમજ દ્રવ્ય-ગુણ-પર્યાયથી તેમજ સાતે નયોથી પ્રત્યેકગણધરને વિધિપૂર્વક અનુયોગની તથા ગણની સર્વથા અનુજ્ઞા આપી.

अनुज्ञामनुयोगस्य, गणानुज्ञां च सर्वतः ।
श्रीमल्लिर्दत्तवांस्तेषां प्रत्येकं विधिपूर्वकम् ॥११४२॥ त्रिभिर्विशेषकम्

प्राग्वत् पूर्वासने स्थित्वा, श्रीमल्लिर्देशनां व्यधात् ।
अनुशास्तिमयीं तेऽपि, श्रुत्वा तां बहु मेनिरे ॥११४३॥

पौरुष्यन्ते प्रभोर्भ्राता, श्रीमल्लः क्षितिपालकः ।
तण्डुलानां चतुष्प्रस्थीं, चतुःस्थालस्थितामथ ॥११४४॥

वज्रभृन्निहितैर्गन्धैर्द्विगुणीकृतसौरभैः ।
सौधादाऽऽनाययामास तूर्यगीतपुरस्सरम् ॥११४५॥ युग्मम्

ढौकित्वा स्वामिनोऽग्रेऽसौ, दिव्यपूजापुरस्सरं ।
ऊर्ध्वमुत्क्षिप्य तत्क्षिप्रं, तदर्द्धं जगृहुः सुराः ॥११४६॥

(११४० थी ११४२)

त्यारपछी प्रथमनी जेम पूर्वासन पर बेसी प्रभुए देशना आपी. एटले अनुशास्तिमय एवी ते देशना सांभळी तेमणे तेनो स्वीकार कर्यो. (११४३)

पहेली पोरसीने अंते भगवंतना भ्राता श्रीमल्लराजाए पोताना महेलमांथी वाजींत्रना नाद पूर्वक चार थाळमां चार प्रस्थ (अमुक माप) अक्षत मंगाव्या. (११४४)

ईंद्रे तेमां गंधद्रव्य भेळवी द्विगुण सुगंधी कर्या पछी दिव्यपूजापूर्वक राजाए भगवंतनी आगळ धरी (११४५)

पछी तेमांना अक्षत ऊंचे उछाळ्या. एटले तेमांथी अर्ध तो देवोए अद्धरथी ज लई लीधा (११४६)

अने जमीन उपर पडेलामांथी अर्ध परमानंद दायक अक्षत मल्लराजाए लीधा शेष अर्ध गोत्रीओनी जेम वहेंची अन्य लोकोए

भूगतार्धं नृपेणात्तं, परमानन्ददायिना ।
शेषमर्द्धं विभज्याऽन्यैर्गोत्रिवद् जगृहे जनैः ॥११४७॥

पूर्वोत्पन्ना रुजः सर्वा, नवीना न भवन्ति यत् ।
षण्मासीं यावदेतस्य, स्थलेर्माहात्म्यतोऽङ्गिनाम् ॥११४८॥

अथोत्तस्थौ जगन्नाथः, श्रीमान् मल्लिर्निजासनात् ।
अन्तरद्वारमार्गेण, निर्ययौ त्रिदशान्वितः ॥११४९॥

द्वितीयवप्रमध्यस्थेशानकाष्ठाविभागगे ।
देवच्छन्दे प्रभुर्मल्लिर्गतो विश्रामहेतवे ॥११५०॥

धियां निधिर्भिषक् श्रीमान्, सूरिर्गणभृद् गुणी ।
स्वामिनः पादपीठस्थो, विदधे धर्मदेशनाम् ॥११५१॥

खेदच्छेदो जिनेन्द्रस्य, शिष्यौघे गुणदीपनम् ।
सभायां प्रत्ययो द्वाभ्यां, गणभृत्कथनं गुणाः ॥११५२॥

ગ્રહણ કર્યા. (૧૧૪૭)

એ અક્ષતના પ્રભાવથી છ માસ પર્યંતના પ્રાણીઓના પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો નાશ પામે છે. અને છમાસ પર્યંત નવીન રોગ થતાં નથી. (૧૧૪૮)

પછી ભગવંત શ્રી મલ્લિનાથ પોતાના આસન ઉપરથી ઉઠ્યા અને દેવો સાથે અંતરદ્વારના માર્ગે બીજા ગઢમાં જઈ, તેના ઈશાનખૂણે રચેલા દેવછંદામાં વિશ્રામ લેવા બિરાજ્યા. (૧૧૪૯-૧૧૫૦)

એટલે બુદ્ધિના નિધાન અને ગુણી શ્રીમાન ભિષગ્ ગણધરે ભગવંતના પાદપીઠપર બેસીને ધર્મદેશના આપી. (૧૧૫૧)

આ પ્રમાણે ગણધરે દેશના આપવાથી જિનેશ્વરને વિશ્રાંતિ

गणभृद्देशनाप्रान्ते, प्रणम्य त्रिदशेश्वराः ।
स्थानं निजं निजं जग्मुः, स्मरन्तः स्वामिदेशनाम् ॥११५३॥

तीर्थे तस्मिन्नभूद् यक्षः, कुबेरो नाम भक्तिमान् ।
इन्द्रायुधद्युतिर्दोर्भिरष्टाभिश्च मनोहरः ॥११५४॥

वरदेनाऽपि शूलेनाऽभयदेनाऽपि पर्शुना ।
चतुर्भिर्दक्षिणैरित्थं, भुजैर्भूषितविग्रहः ॥११५५॥

वामैस्तु शक्तिमुद्गरबीजपूराक्षिसूत्रिभिः ।
चञ्चच्चतुर्मुखाम्भोजः, श्रीमल्लिक्रमसेवकः ॥११५६॥

त्रिभिर्विशेषकम्

મળે, શિષ્યોના ગુણની વૃદ્ધિ થાય અને બંનેની દેશના પર સભાને સંપૂર્ણ વિશ્વાસ બેસે. ઇત્યાદિ ગુણો જોવામાં આવે છે. (૧૧૫૨)

બીજા પ્રહરને અંતે ગણધર મહારાજની દેશના થઈ રહ્યા પછી પ્રણામ કરી ભગવંતની દેશનાનું સ્મરણ કરતા ઇંદ્રો પોતપોતાના સ્થાને ગયા. (૧૧૫૩)

ભગવંતના તીર્થમાં ઇંદ્રાયુધ (વજ્ર) સમાન કાંતિમાન અને આઠબાહુથી મનોહર તથા ભક્તિમાન કુબેર નામે યક્ષ થયો. (૧૧૫૪)

વરદા, ત્રિશૂળ, અભય તથા પરશુથી જેની ચાર જમણી ભુજાઓ શોભિત હતી (૧૧૫૫)

અને ડાબી ચાર ભુજાઓમાં જેણે શક્તિ, મુદ્ગર, બીજપૂર, માળા ધારણ કરી હતી, જેના ચારમુખ વિકસ્વર કમળ સમાન શોભતા હતા અને જે સતત ભગવંતના ચરણની સેવા કરતો હતો. (૧૧૫૬)

वैरोट्या नाम तत्तीर्थे, समभूत् शासनेश्वरी ।
कृष्णाङ्गी कमलासीना, सोमा सोमाननाम्बुजा ॥११५७॥

पुरः पुरस्थैर्विनयाभिनम्रैर्वन्दारुभिर्देवगणैरुपेतः ।
हेमाम्बुजन्यस्तपदारविन्दः, श्रीमल्लिनाथो विजहार तस्मात् ॥११५८॥

इत्याचार्यश्रीविनयचन्द्रविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्के सम्यक्त्वपूर्वकप्राणातिपातादिव्रतेषु सुदत्त-सुबन्धु-सङ्गमक-सुदर्शनं-भोगदत्त-मित्रानन्द-भीम-भीमसेन-लोभनन्दि-ताराचन्द्र-चन्द्रावतंसक-धनसेन-शिखरसेन-चन्दनबाला दृष्टान्तसहित फलव्यावर्णनो नाम सप्तमः सर्गः ।

વળી ભગવંતના શાસનમાં કૃષ્ણ શરીરવાળી, કમળ પર બેસનારી, મનોહર ચંદ્ર સમાન મુખકમળવાળી **વૈરોટ્યા** નામે શાસનદેવી થઈ. (૧૧૫૭)

આ પ્રમાણે તીર્થની સ્થાપના કરી વિનયથી સન્મુખ આવી નમ્ર થઈ વંદન કરતા અનેક દેવોથી પરિવૃત્ત એવા શ્રી મલ્લિનાથ ભગવાન સુવર્ણકમળ પર પોતાના ચરણકમળને સ્થાપન કરતા થકા ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા. (૧૧૫૮)

આ પ્રમાણે આચાર્યશ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથ-ચરિત્ર મહાકાવ્યમાં સમ્યક્ત્વપૂર્વક બારવ્રત ઉપર અનુક્રમે (૧) સુદત્ત (૨) સુબંધુ (૩) સંગમક (૪) સુદર્શન (૫) ભોગદત્ત (૬) મિત્રાનંદ (૭) ભીમ-ભીમસેન (૮) લોભનંદી-તારાચંદ્ર (૯) ચન્દ્રાવતંસક (૧૦) ધનસેન (૧૧) શિખરસેન (૧૨) ચંદનબાળાની સહિત ફલ કથા વર્ણવતો સાતમો સર્ગ પૂર્ણ થયો.

આઠમો સર્ગ

સર્ગ આઠમાં સંસૂચિત -પ્રભુના જીવનની સંધ્યાનું દિગ્દર્શન

ભગવંતનો વિહાર - ચંદ્રપુરમાં પધરામણી - ત્યાંના નાસ્તિક રાજાને કરેલો પ્રતિબોધ - તેણે ગ્રહણ કરેલ પ્રવ્રજ્યા - એક ગ્રામવાસીનું વૃત્તાંત - તેનું પ્રભુપાસે આગમન - ચારિત્રધર્મનો કરેલ સ્વીકાર - દેવપાલ ગોપાળનું કથાનક - તેનું હસ્તિનાપુરના રાજા થવું - તેની રાણીનું મરણ - તેથી શોકાગ્રસ્ત બનતો રાજા - ભગવંતની હસ્તિનાપુરમાં પાવન પધરામણી - ભગવંતે તેને કરેલો પ્રતિબોધ - તેણે સ્વીકારેલ ચારિત્રધર્મ - એક અભિમાની બ્રાહ્મણનું ભગવંત પાસે આગમન - તેને ઉપદેશ આપવા ભગવંતે કહેલ ચિલાતીપુત્રનું કથાનક - બ્રાહ્મણે માન તજી લીધેલી દીક્ષા - ભગવંતની શ્વેતાંબીમાં પધરામણી - ત્યાં ચંદ્રરુદ્રાચાર્યનું દૃષ્ટાંત - તાપસોએ સ્વીકારેલ ચારિત્રધર્મ - ભગવંતનું મદિરાવતી નગરીએ આગમન - ત્યાંના યશશ્ચંદ્રરાજાનું દેવાંગનાઓના રૂપ જોવા પ્રભુ પાસે આગમન - ભગવંતે ભાખેલી કુળધ્વજકુમારની કથા - તે કથા સાંભળી યશશ્ચંદ્ર બને વિરાગી - તેની ચારિત્રધર્મની સ્વીકૃતિ

ભગવંતનો પરિવાર - ભગવંતની સમેતશિખરગિરિએ પાવન પધરામણી - ભગવંતે કરેલ યોગનિરોધ - ભગવંતનું નિર્વાણ - ઇંદ્રોએ કરેલ નિર્વાણ મહોત્સવ - ભગવંતના આયુષ્યપર્યંત જીવનનો ઉલ્લેખ.

अष्टमः सर्गः ।

अथ श्रीभगवान् मल्लिर्निदधानः क्रमद्वयीम् ।
दिव्यस्वर्णसरोजेषु, न्यस्यमानेषु नाकिभिः ॥१॥

प्रभापूरितदिक्चक्रे, धर्मचक्रे प्रसर्पति ।
पुरःस्थिते विराजिष्णौ, रविसब्रह्मचारिणि ॥२॥

ऋतुषु भ्राजमानेषु, स्मेरैः पुष्पैर्निजैर्निजैः ।
कण्टकेषु च जातेषु, नम्रेषु न्यग्मुखेषु च ॥३॥

प्रदक्षिणं च गच्छत्सु, ततपक्षेषु पक्षिषु ।
अनुकूलेऽनिले वाति, जन्तुजातसुखावहम् ॥४॥

विहरंस्त्रिजगन्नाथः, सनाथोऽतिशयश्रिया ।
पुरं चन्द्रपुरं प्राप, कुशावर्तविभूषणम् ॥५॥ पञ्चभिः कुलकम्

હવે શ્રી મલ્લિનાથ ભગવાન દેવોએ સ્થાપન કરેલા દિવ્યસુવર્ણકમળો પર પોતાના બન્ને ચરણને સ્થાપન કરતાં વિચરી રહ્યા હતા. (૧)

પોતાની પ્રભાથી દિશાઓને પૂરનાર અને રવિ સમાન દેદિપ્યમાન ધર્મચક્ર તેમની આગળ ચાલતું હતું. (૨)

પોતપોતાના વિકસિત પુષ્પોથી બધી ઋતુઓ શોભાયમાન થઈ રહી હતી. કંટકો નમ્ર અને નીચા મુખવાળા થયેલા હતા, (૩)

પાંખો પસારી પક્ષીઓ પ્રદક્ષિણા દેતા હતા. સર્વજીવોને સુખકારી પવન વાય રહ્યો હતો. (૪)

આવા પ્રકારના અતિશયની ઋદ્ધિ સહિત વિહાર કરતાં પ્રભુ

तत्राऽभून्नास्तिको राजाऽभिधानादास्तिकः पुनः ।
अध्यक्षप्रमितिवादी, पञ्चभूतस्थितौ रतः ॥६॥

सर्वज्ञः प्राप इत्युच्चैः, श्रुत्वा कोपनमानसः ।
विवादायाऽऽस्तिको राजा, गतवान् स्वामिसंनिधौ ॥७॥

उवाच जगतां स्वामी, गिरा तत्त्वकिरा स्वयम् ।
जीवाजीवादितत्त्वानि, सद्दृष्टान्तानि सप्तधा ॥८॥

अथ दध्याविति क्षोणीपालो हृदि विमोहवान् ।
असदेतदिहाध्यक्षप्रमाणाविषयत्वतः ॥९॥

प्रभुरूचे महीपाल !, नास्तिता याऽस्ति ते हृदि ।
तवैवाऽपेक्षया सेयमथवा सर्वदेहिनाम् ॥१०॥

કુશાવર્ત્તદેશના ભૂષણરૂપ ચંદ્રપુરનગરે પધાર્યા. (૫)

ત્યાં આસ્તિક નામે રાજા રાજ્ય કરતો હતો. પરંતુ તે નાસ્તિક હતો તેથી પ્રત્યક્ષ પ્રમાણ અને પંચભૂતની સ્થિતિને જ માનતો હતો. (૬)

તેણે "અહીં સર્વજ્ઞ પધાર્યા છે." એમ સાંભળ્યું અને મનમાં ક્રોધ ધારણ કરી તે ભગવંતની સાથે વિવાદ કરવા આવ્યો. (૭)

જિનશાસનને ધન ધન.

જગતસ્વામીએ તત્ત્વપ્રકાશકવાણીથી દૃષ્ટાંતો સહિત જીવાજીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ તેને કહી સંભળાવ્યું. (૮)

એટલે તે અંતરમાં વ્યામોહ પામી વિચારવા લાગ્યો કે, "એ તત્ત્વો સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય ન હોવાથી અસત્ છે." (૯)

તેના હૃદયભાવને જાણી ભગવંત બોલ્યા કે, "હે રાજન્ !

प्रत्यक्षं चेत् तवाभीष्टं, तदा वंश्यादिपुरुषान् ।
त्वमनुमन्यसे नो चेत् तदा, सर्वे विसंस्थुलम् ॥११॥

क्वचिदध्यक्षगम्योऽयं, क्वचिद् परोक्षगोचरः ।
क्वचिच्चानुमतेर्गम्यस्तस्माद् जीवोऽस्ति सर्वथा ॥१२॥

तत् सिद्धौ च तवैवेह, सर्वज्ञत्वं प्रसिद्ध्यति ।
सर्वज्ञत्वे च संसिद्धे, जीवत्वं सर्वमेव हि ॥१३॥

जीवत्वेऽपि च संसिद्धे, पुण्यपापादयोऽखिलाः ।
उद्वृते हि तरौ किं न, भवेयुः पल्लवोदयाः ? ॥१४॥

तारा अंतरमां जे नास्तिकता छे ते तारी अपेक्षाओ तो सर्वप्राणीओमां संभवे छे. पण तेम नथी. (१०)

जो प्रत्यक्ष प्रमाण ज तने ईष्ट छे तो तुं तारा पूर्वपुरुषोने माने छे के, नहि ? जो न मानतो होय तो पछी सर्व अव्यवस्थित थई जशे. (११)

तारी स्थिति पण न बने पण आ जीव कोईरीते प्रत्यक्षगम्य छे. तो कोई रीते परोक्षगम्य छे. तो कोई रीते अनुमितिगम्य छे. माटे सर्वथा जीव छे. (१२)

अने ते सिद्ध थतां सर्वज्ञत्व तो तने ज (तारामां ज) अहीं प्रत्यक्ष छे. जो तेम न होय तो सर्वत्र जीव नथी एवुं सर्वज्ञ विना कोण कही शके ? अने सर्वज्ञत्व सिद्ध थतां जीवत्व सर्वरीते सिद्ध थशे. (१३)

जीवत्व सिद्ध थतां पुण्य-पापादि बधा सिद्ध थई शके छे. कारण के वृक्षोदय थतां शुं पल्लवो प्रगट न थाय ?" (१४)

आ प्रमाणे सांभळी राजाओ कह्युं के, हे भगवन् ! जो

अथाह भूपतिः स्वामिन् !, परलोकोऽस्ति चेत् क्वचित् ।
आसीद् धर्मरता मेऽम्बा, सर्वदा सदयाङ्गिनाम् ॥१५॥

अथ युष्मन्मतेनाऽसौ, भविष्यति दिवं गता ।
तातश्च कृतपापेन, निश्चितं नरकं गतः ॥१६॥

मन्माता किं न मामेत्य, प्रबोधयति सत्वरम् ? ।
पिता तु नरकादेत्य, किं न यच्छति दर्शनम् ? ॥१७॥

प्रेत्यामुत्रस्थितिः तस्मात्, जगन्नाथ ! न विद्यते ।
प्रत्यये व्यत्यये दृष्टे, किमु मुह्यति कोविदः ? ॥१८॥

प्रभुरूचे महीपाल ! यत् ते माता समेति नो ।
दिवो मनुष्यलोकोऽस्मिंस्तदाऽऽकर्णय कारणम् ॥१९॥

પરલોક હોય તો, મારી માતા ધર્માસક્ત અને પ્રાણીઓ પર સર્વથા દયાળુ હતી. (૧૫)

તો આપના મતથી તે સ્વર્ગે ગઈ હશે. અને મારો પિતા પાપી હોવાથી તે અવશ્ય નરકે ગયો હશે. (૧૬)

તો મારી માતા અહીં આવી મને સત્વર કેમ બોધ આપતી નથી. અને મારો પિતા નરકમાંથી આવી કેમ મને પાપ કરતાં નિવારતો નથી ? (૧૭)

માટે હે જગન્નાથ ! પરલોકમાં સ્વર્ગાદિકની સ્થિતિ જણાતી નથી. આ રીતે પ્રત્યક્ષ વ્યત્યય જોતાં કોણ સુજ્ઞ વ્યામોહ પામે ? (૧૮)

ભગવંત બોલ્યા કે, હે રાજન્ ! તારી માતા સ્વર્ગલોકમાંથી આ મનુષ્યલોકમાં આવતી નથી તેનું કારણ સાંભળ. (૧૯)

(૧) દેવો પાંચેઈન્દ્રિયના વિષયોમાં સદા આસક્ત હોય છે.

देवा हि विषयासक्ता, नानाक्रीडाविधायिनः ।
असमाप्तविधेयार्था, मनुष्येषु विनिस्पृहाः ॥२०॥

मनुष्यलोकदुर्गन्धैरिहाऽऽगच्छन्ति नैव ते ।
विना कल्याणकादीनि, पूर्वस्नेहं च भूपते ! ॥२१॥

परमाधार्मिकैः कामं, बाध्यमाना निरन्तरम् ।
नारकास्तु पराधीना, आगच्छेयुः कथं किल ? ॥२२॥

भूयोऽपि भूपतिः प्रोचे, भगवन् ! एकदा मया ।
एकश्चौरो महाकुम्भ्यां, प्रक्षिप्तः खलु यत् ततः ॥२३॥

पिधायौच्चैर्गुरुद्वारे, निश्छिद्रे जतुसारिते ।
मृतश्चौरो मयाऽलोकि, तत् जीवस्य न निर्गमः ॥२४॥

---

(२) અનેક પ્રકારની ક્રીડા કરવામાં તત્પર હોય છે. (૩) વિધેય અર્થમાં અસમાપ્ત હોય છે તથા (૪) માનવપર સ્પૃહારહિત હોય છે. (૨૦)

વળી મનુષ્યલોકની દુર્ગંધથી હે રાજન્ ! પૂર્વસ્નેહ કે ભગવંતના કલ્યાણક સિવાય તેઓ અહીં આવતા નથી. (૨૧)

અને પરમાધામીદેવોથી નિરંતર અત્યંત પીડા પામતા અત્યંત પરાધીન નારક જીવો તો અહીં શી રીતે જ આવી શકે ? (૨૨)

એટલે પુનઃ તે બોલ્યો કે, "હે ભગવન્ ! એકવાર મેં એક ચોરને મોટી કુંભીમાં નાંખ્યો (૨૩)

અને તેનું દ્વાર બરાબર બંધ કરી લાખથી છિદ્રરહિત કરી દીધું તે ચોર તેમાં મરણ પામેલો જોવામાં આવ્યો. પણ તેનો જીવ ક્યાંથી નીકળ્યો તે જણાયું નહિ. (૨૪)

વળી કુંભીમાં બરાબર તપાસ કરતાં તેમાં પણ જીવ જોવામાં

कुम्भीमध्येऽपि यत्नेन, वीक्ष्यमाणैः मुहुर्मुहुः ।
जीवः कुत्रापि नो दृष्टो, दृष्टास्तु कृमिराशयः ॥२५॥

तद्वदन्यो मया दस्युः, सूक्ष्मखण्डानि कारितः ।
न तत्र वीक्षितः प्राणी, तस्मान्नास्तीति चिन्त्यताम् ॥२६॥

अथार्हन् न्यगदत् वीरं, कुम्भीमध्ये स्थितो नरः ।
निश्छिद्रे पिहितद्वारे, शङ्खमादाय वादयेत् ॥२७॥

स शङ्खनिस्वनो भद्र !, यथा बाह्ये प्रसर्पति ।
तथाऽप्यसुमान् गच्छन्, दृश्यते न विलोकनात् ॥२८॥

ध्मायमाने लोहपिण्डे, पुरुषेण निरन्तरम् ।
सर्वात्मना कुतस्तत्र, प्रविवेश हुताशनः ॥२९॥

આવ્યો નહીં. અને તેના મૃતકમાં અનેક કૃમિઓ પડેલા જોવામાં આવ્યા. (૨૫)

એટલે જીવનું આવવાનું-જવાનું સંભવતું નથી. તેજ પ્રમાણે મેં બીજા એક ચોરના સૂક્ષ્મ કટકા કરાવ્યા પણ તેમાં જીવ મારા જોવામાં આવ્યો નહી. માટે જીવ નથી એમ સિદ્ધ થાય છે." (૨૬)

પછી ભગવંત બોલ્યા કે, "હે રાજન્ ! જેમ કોઈ વીરપુરુષ કાચની કોઠીમાં બેસી તેને બરાબર બંધ કરી તેમાં તે શંખ વગાડે તો (૨૭)

શંખનો અવાજ જેમ બહાર આવે તેમ જીવ બહાર આવ્યા છતાં જોવામાં આવતો નથી. (૨૮)

વળી કોઈ પુરુષ લોહનો ગોળો અગ્નિમાં મૂકી ધમે ને તેમાં અગ્નિ ક્યાંથી પેસે છે તે જણાતું નથી. (૨૯)

तथायं प्रविशन्नात्मा, निर्गच्छन् न च वीक्ष्यते ।
दृष्टकृमिगणो राजन् !, दृष्टान्तोऽयं मयोदितः ॥३०॥

अथो विहस्य भूपालोऽप्यूचे किञ्चिद् विमोहवान् ।
अर्हन् ! परेद्यविश्चौरो, विधृतो विहितागसः ॥३१॥

जीवन्नेव तुलारूढो, पौराध्यक्षं प्रतोलितः ।
अच्छ्वासस्य निरोधेन, मारयित्वा तथैव सः ॥३२॥

तोलितस्तत्क्षणं यावांस्तावानेव जिनेश्वरः ।
तस्माद् देहात् कथं प्राणीव्यतिरिक्तो विचिन्त्यताम् ? ॥३३॥

તેમ પ્રવેશ કરતો જીવ પણ જોવામાં આવતો નથી. તેથી જ હે રાજન્ ! અંદર ઉત્પન્ન થયેલા કૃમિ તારા જોવામાં આવ્યા છે. વળી તે એક ચોરના કકડે કકડા કર્યા પણ જીવ દેખાયો નહીં તેનો ઉત્તર સાંભળ, અરણીના કાષ્ટ પરસ્પર ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે. પણ કોઈ મૂર્ખ અગ્નિ મેળવવા માટે તેના કકડે કકડા કરી નાંખે તો તેમાંથી અગ્નિ નીકળે ખરો ? ન નીકળે, તેમ જીવ માટે પણ સમજવું. (૩૦)

આ પ્રમાણેના ઉત્તરથી કાંઈ વ્યામોહ પામી રાજાએ કહ્યું કે, "હે ભગવન્ ! એક દિવસે એક અપરાધી ચોરને મેં પકડ્યો. (૩૧)

તેના જીવતાં તેને કાંટામાં નાંખીને સર્વલોકો સમક્ષ મેં તોલ્યો અને તેના શ્વાસનો નિરોધ કરી તેને મારીને પછી પણ તે જ પ્રમાણે તોળી જોયો. (૩૨)

તો જેટલો પ્રથમ (વજનમાં) હતો તેટલો જ થયો. જીવ ગયો છતાં તોલમાં જરાપણ ઘટાડો થયો નહી. માટે હે ભગવન્ ! દેહથી અન્ય કોઈ જીવ નથી એમ મને લાગે છે. (૩૩)

प्रभुरूचेऽथ केनाऽपि, गोपालेन दृतिर्दृढम् ।
तोलितो वातसम्पूर्णो, रिक्तोऽपि हि तथा तथा ॥३४॥

तस्मात् सर्वाङ्गसंस्पर्शे, कथञ्चिद् देहतः पृथक् ।
स्वसंवेदनसंसिद्धो, जीवः प्रत्यक्ष एव हि ॥३५॥ तथाहि-

चैतन्यानुगतानेकचलनस्पन्दनादिभिः ।
चेष्टाभिर्लक्ष्यते जीवो, वातवद् ध्वजकम्पनात् ॥३६॥ यदूचे-

लोकाकाशसमप्रदेशनिचयः, कर्तोपभोक्ता स्वयं,
सङ्कोचप्रविकाशधर्म्मसदनं, कायप्रमाणस्तथा ।
चैतन्यान्वितवीर्यलब्धिकलितो, भोगोपभोगैर्युतो,
भेदच्छेदवियुक्तसर्वगतिको जीवोऽत्र संसारगः ॥३७॥

ભગવંત બોલ્યા કે, એક ગોવાળીયા પાસે એક મશકને વાયુથી ભરીને તોલી અને પછી તે ખાલી કરી તોળી પણ તેનું વજન તો તેટલું જ થયું. (૩૪)

માટે સર્વાંગમાં વ્યાપક છતાં કથંચિત્ દેહથીભિન્ન અને સ્વસંવેદનથી સંસિદ્ધ એવો જીવ પ્રત્યક્ષ છે જ પરંતુ તેનો તોલ હોતો નથી. (૩૫)

વળી ધ્વજકંપનથી વાયુની જેમ ચૈતન્યને અનુસરી અનેક પ્રકારની ચલન અને સ્પંદનાદિક ચેષ્ટાથી જીવ લક્ષ્યમાં આવી શકે છે. (૩૬)

વળી આ સંસારી જીવ લોકાકાશ પ્રદેશ જેટલા પ્રદેશવાળો, સ્વયં કર્મનો કર્તા, ભોક્તા, સંકોચ અને વિકાસ ધર્મના સ્થાનરૂપ કાયાના પ્રમાણવાળો (જેવડી કાયા પ્રાપ્ત થાય તેવડો થનારો.) ચૈતન્યયુક્ત, વીર્યલબ્ધિથી સંયુક્ત, ભોગોપભોગસહિત, ભેદ-છેદથી વિયુક્ત (જેના વિભાગ ન થાય તેવો) અને સર્વ ગતિમાં

राजाऽऽह भगवन्नद्य, सद्यो मोहः पलायितः ।
स्फूरिते चेतसि स्फीतमास्तिकत्वं यथोदितम् ॥३८॥

परं कुलक्रमायातं, नास्तिकत्वं सदा धृतम् ।
विमोक्तुं तत् कथं शक्तो, भवेदात्मनि हीनता ॥३९॥

प्रभुः प्राह महाभाग !, स्तोकमेतद् विवेकिनाम् ।
किञ्च व्याधिः क्रमोयातो, दारिद्र्यं नाऽत्र मुच्यते ? ॥४०॥

यथेह वणिजः केऽपि, नानावाहनशालिनः ।
गता वाणिज्यकार्येण, लोहकारं व्यलोकयन् ॥४१॥

જનારો છે. (૩૭)

આ પ્રમાણેનો ઉત્તર સાંભળી રાજા બોલ્યો કે, "હે ભગવન ! આજે મારો મોહ સત્વર પલાયન કરી ગયો છે. અને વિકસિત મનમાં ઉજ્જ્વળ આસ્તિક્યનો ઉદય થયો છે. (૩૮)

પરંતુ કુળક્રમથી આવેલા નાસ્તિકપણાનો મેં બહુકાળથી સ્વીકાર કરેલો છે. તેનો ત્યાગ કરતાં પોતાનામાં હીનતા આવે તેવા ભયથી હું તેમ કરવા સમર્થ નથી." (૩૯)

ભગવંત બોલ્યા કે, "હે મહાભાગ ! વિવેકી લોકોને તેનો ત્યાગ કરવો બહું સહેલું છે. સંસારમાં કુળક્રમથી પ્રાપ્ત વ્યાધિ અને દારિદ્રયને શું લોકો તજી દેતા નથી ? તજી દે છે. (૪૦)

આ સંબંધમાં એક દૃષ્ટાંત સાંભળ-અનેક પ્રકારના વાહનો લઈ વેપાર માટે કેટલાક વણિકો નીકળ્યા તેમણે માર્ગમાં એક લોઢાની ખાણ જોઈ (૪૧)

એટલે તેમાંથી લેવાય તેટલું લોઢું લઈ લીધું. આગળ જતાં

ततो लोहं गृहीत्वा ते, गच्छन्तः पुनरग्रतः ।
त्रपुकाकरमालोक्य, मुक्त्वाऽयो जगृहुस्त्रपु ॥४२॥

तानुद्वीक्ष्य महामोहादेको लोहं न मुञ्चति ।
सीसपत्रं ततस्ताम्रं, रूप्यं स्वर्णं महाद्युति ॥४३॥

दृष्ट्वा विमुच्य पूर्वास्तं, वणिजो मुदिताशयाः ।
लोभवन्तः स्म गृह्णन्तस्ते मणीननणीयसः ॥४४॥

एकस्तु भण्यमानोऽपि, तैर्वणिग्भिः पदे पदे ।
तन्मोहं नैव तत्याज, महामोहमिवापरम् ॥४५॥

ततः सर्वे समायाताः, स्वेषु स्वेषु गृहेषु ते ।
मणिविक्रयमाहात्म्याद्, बभूवुर्धनदा इव ॥४६॥

સીસાની ખાણ આવી એટલે લોઢું મૂકીને સીસું ગ્રહણ કર્યું. (૪૨)

પણ તેમાનાં એક વાણિયાએ મહામોહથી લોઢાનો ત્યાગ કર્યો નહી. પછી આગળ ચાલતાં તાંબાની, રૂપાની, સુવર્ણની તથા મણિની ખાણો આવી. (૪૩)

તે જોઈ મનમાં આનંદ પામેલા તેઓએ પૂર્વ-પૂર્વની વસ્તુ છોડી. છેવટે મહાકિંમતી મણીઓને લેવા લાગ્યા (૪૪)

પરંતુ તે વણિકોએ વારંવાર કહેવા છતાં પેલા એક વાણિયાએ જાણે ઈતર (બીજો) મહામોહ હોય તેમ પ્રથમના લોહનો ત્યાગ ન જ કર્યો. (૪૫)

પછી તે સર્વે પોતપોતાના ઘરે આવ્યા અને મણિઓના વેચાણથી બધા વણિકો કુબેરભંડારી જેવા શ્રીમંત બની ગયા. (૪૬)

તેમને તેવા શ્રીમંત જોઈ જાણે રાજરોગ ઉત્પન્ન થયેલો હોય

लोहग्राही तदा तूच्चैर्वीक्ष्य वीक्ष्य दिने दिने ।
सञ्जातराजयक्ष्मेव, क्षीयते स्म प्रतिक्षणम् ॥४७॥

तथा तवापि भूमीश !, पश्चात्तापो भविष्यति ।
अथो विमुच्यतामेष, कदाग्रहमहाग्रहः ॥४८॥

श्रुत्वेति स्वामिनोदीर्ण, प्रभुं नत्वा क्षितीश्वरः ।
उवाच जगतीनाथ !, भवादुत्तारयाऽधुना ॥४९॥

स्वामिन् ! मोहपिशाचो मे, नष्टस्त्वन्मूर्त्तियन्त्रितः ।
उद्भूतं च शुभं ज्ञानं, ज्ञातं तत्त्वं प्रभूदितम् ॥५०॥

परमेतावता सद्भिः, श्लाध्यतेऽयं भवो नृणाम् ।
निर्वाणान्तसुखप्राप्तेर्हेतवोऽत्रैव यद्गुणाः ॥५१॥

તેમ પેલો લોહગ્રાહી વણિક દિવસે દિવસે-ક્ષણે ક્ષણે ક્ષીણ થતો ગયો અને દુઃખી થયો. (૪૭)

તેમ હે રાજન્ ! આ કદાગ્રહરૂપ આગ્રહને મૂકી દો. નહિ તો તે વણિકની જેમ તમારે પણ પસ્તાવાનો વખત આવશે." (૪૮)

આ પ્રમાણે ભગવંતના કથનને સાંભળી પ્રભુને નમસ્કાર કરીને રાજાએ કહ્યું કે, "હે ભગવન ! હવે આ સંસાર સાગરથી મને પાર ઉતારો. (૪૯)

હે નાથ ! આપની મૂર્તિથી યંત્રિત કરતાં મોહ પિશાચ નાશી ગયો અને શુભજ્ઞાન ઉત્પન્ન થવાથી આપે કહેલ તત્ત્વ મારા જાણવામાં આવ્યું. (૫૦)

પરંતુ નિર્વાણ સુખની પ્રાપ્તિના કારણભૂત સર્વગુણો જો પ્રાપ્ત કરવા હોય તો તેને માટે આ મનુષ્યભવ જ શ્લાધ્ય છે. મનુષ્યભવમાં જ થઈ શકે છે તેમ સજ્જનો કહે છે તેથી હું મારા

उक्त्वेति नगरीं गत्वा, राज्ये न्यस्य स्वनन्दनम् ।
सप्तशतमितै राजपुत्रैः, पावित्र्यहेतवे ॥५२॥

दत्वा दानानि सर्वत्र, यथार्थो नृप आस्तिकः ।
प्रभूच्चारितसन्मन्त्राद्, नाथस्यान्तेऽभवद् यतिः ॥५३॥

इतश्च शाल्मलीग्रामेऽभिरामो गोधनोत्करैः ।
वृषपोषपरः शश्वत्, कठसंज्ञः कृषीबलः ॥५४॥

दारिद्र्यभिक्षुकमठी, कठीनासाऽस्य वल्लभा ।
आपन्नसत्त्वा समभूत्, सा तुतोष स्वमानसे ॥५५॥

गर्भस्थजीवदुष्कर्मभारादिव कठो मृतः ।
संजातनन्दना सूतिव्यथार्ता साऽपि दैवतः ॥५६॥

મનુષ્યજન્મને સફળ કરવા ઈચ્છું છું. (૫૧)

એમ કહી પોતાની નગરીમાં જઈ, પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી પવિત્રતાને માટે પુષ્કળ દાન આપી યથાર્થ આસ્તિક બનેલો રાજા સાતસો રાજપુત્રો સાથે ભગવંત પાસે આવ્યો અને ભગવંતે કહેલા સન્મંત્રથી પ્રભુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. (૫૨-૫૩)

કર્મનકી ગતિન્યારી. કેમ પામી શકે સંસારી.

હવે શાલ્મલી નામના ગામમાં ગોધનના સમુદાયથી અભિરામ અને સદા વૃષભોને પોષવામાં તત્પર **કઠનામે** ખેડૂત રહેતો હતો. (૫૪)

તેને દારિદ્રયરૂપ ભિક્ષુકની મઠુલી સમાન **કઠીનાસા** નામે પત્ની હતી. તે સગર્ભા થતાં પોતાના મનમાં સંતોષ પામી (૫૫)

એવામાં ગર્ભમાં આવેલા જીવના દુષ્કર્મના ભારથી જ હોય

ततः संवर्द्धितो मातृष्वस्त्रा स्नेहेन बालकः ।
वृत्त्यर्थी ग्राम्यलोकानां, वत्सरूपाण्यचारयत् ॥५७॥

यमदूतैरिवोदग्रैर्वत्सरूपाणि गोचरे ।
चरन्ति वृकसङ्घातैर्ग्रस्यन्तेऽस्य पुरःस्थितैः ॥५८॥

तत्तत्स्वामिजनैर्बाढं, ताड्यमानः पदे पदे ।
स सीरं वाहयामास, परक्षेत्रेषु वृत्तये ॥५९॥

क्षेत्रेषु येषां येषां स, हलं वाहयति स्फूटम् ।
तेषां तेषां च धान्यस्य, न स्यादेकः कणोऽपि हि ॥६०॥

रे ! रे ! कपोतपोताभ !, त्यज क्षेत्राणि नः क्षणात् ।
तर्ज्यमान इति ग्राम्यैः, स स्वग्रामाद् विनिर्ययौ ॥६१॥

તેમ કઠ મરણ પામ્યો. અને આ બાજુ પુત્રને જન્મ આપી સુવાવડની પીડામાં કઠનાસા પણ દૈવયોગે મરણ પામી. (૫૬)

એટલે માસીએ સ્નેહથી ઉછેરી મોટો કરેલો તે બાળક પોતાની આજીવિકા માટે ગ્રામ્યજનોનાં વાછરડા ચારવા લાગ્યો. (૫૭)

પરંતુ ગામના પાદરે ચરતાં તે વાછરડાંઓને યમદૂત સમાન પ્રચંડ વરૂઓ આવીને ફાડી ખાતા હતા. (૫૮)

એટલે તે વાછરડાના સ્વામીઓ તેને વારંવાર બહુ માર મારતા હતા. તેથી તે કાર્ય છોડી દઈ આજીવિકાની ખાતર તે પારકા ક્ષેત્રોમાં હળ ખેડવા લાગ્યો. (૫૯)

પણ જેમના ક્ષેત્રમાં તે હળ ખેડતો તેમના ખેતરમાં એક કણ પણ ધાન્ય નીપજતું નહિ (૬૦)

તેથી ગ્રામીણલોકો તેની તર્જના કરી કહેવા લાગ્યા કે, અર ! કપોતના બચ્ચા સમાન ! તું અમારા ક્ષેત્રમાં પગ મૂકીશ નહિ.”

स बभ्राम महीपीठं, भूतार्त इव शून्यधीः ।
उत्खातो रोहणस्तेन, नासं किञ्चिद् रजो विना ॥६२॥ यतः-

यत्र वा तत्र वा यातु, पाताले वा प्रगच्छतु ।
तथाऽपि पूर्वजीर्णानि, कर्माणि पुर इग्रति ॥६३॥

ततो निवृत्तो दीनास्यः, सर्वथा पुण्यवर्जितः ।
सर्वोपायपरिभ्रष्टो, मुष्टो दुष्कर्मधर्मणा ॥६४॥

नैतस्य भोजनं दातुमुदयास्तमयान्तरे ।
प्रभुरस्मीति ध्यात्वेति, ययावस्तं दिवाकरः ॥६५॥

આ પ્રમાણે તર્જના પામવાથી તે પોતાના ગામમાંથી ચાલી નીકળ્યો (૬૧)

ભવિષ્યમાં લખ્યું હોય તે થાય.

ડહાપણ કોઈનું કામ ન આવે.

અને ભૂતાર્ત્તની જેમ શૂન્યબુદ્ધિથી મહીપીઠપર ભ્રમણ કરતાં તેણે રોહણાચલ પર્વતે જઈ ભૂમિ ખોદી જોઈ. પરંતુ તેને ધૂળ સિવાય કશું પ્રાપ્ત થયું નહીં. (૬૨)

ખરેખર કર્મની ગતિ ન્યારી છે. કહ્યું છે કે, "ગમે ત્યાં જાઓ, આકાશમાં જાઓ કે પાતાળમાં જાઓ પંણ પૂર્વકર્મો તો આગળને આગળ જ ચાલવાના." (૬૩)

પછી દીનમુખ કરી સર્વથા પુણ્યવર્જિત, સર્વ ઉપાયોથી પરિભ્રષ્ટ અને દુષ્કર્મના મર્મથી છેતરાયેલો તે ત્યાંથી પણ પાછો ફર્યો. (૬૪)

એવામાં "ઉદયથી માંડી અસ્ત સમય સુધી તેને ભોજન આપવાને હું સમર્થ થયો નહીં" એમ ધારીને જ હોય તેમ સૂર્ય

इतश्च तेन संध्यायां, सुरसद्म मनोहरम् ।
अरण्यानीमहाम्भोधेरन्तरीपरिवैक्षत् ॥६६॥

मध्यस्थितः पुमान् कोऽपि, भद्राकारः सुलक्षणः ।
स्वर्णवर्णवपुस्तेन, ददृशे दिवसात्यये ॥६७॥

ततश्चित्रघटं पुष्पैरर्चयन् जिनबिम्बवत् ।
घण्टानुरणनाकारं, हुङ्कारं विदधेऽप्यसौ ॥६८॥

तस्य प्रभावतो भास्वान् प्रसादः समजायत ।
तत्र दिव्याङ्गनाकाराश्चिक्रीडुश्चपलेक्षणाः ॥६९॥

जलैरुष्णैः कवोष्णैश्च, ताभिः स्नानमकारयत् ।
स्फूर्जज्जयजयोद्दामप्रथमोत्पन्नदेववत् ॥७०॥

પણ અસ્ત થયો. (૬૫)

એટલે સંધ્યા વખતે અરણ્યરૂપ મહાસાગરમાં બેટરૂપ એક મનોહર દેવમંદિર તેણે જોયું. (૬૬)

અને તે મંદિરમાં ભદ્રકાંતિવાળો, સુંદર લક્ષણવાળો અને સુવર્ણના વર્ણ જેવા શરીરવાળો કોઈ પુરુષ બેઠેલો તેના જોવામાં આવ્યો. (૬૭)

તે પુરુષે જિનબિંબની જેમ પુષ્પોથી એક ચિત્રઘટનું પૂજન કરીને ઘંટના નાદ સમાન હુંકારો કર્યો. (૬૮)

એટલે તેના પ્રભાવથી ત્યાં એક દેદિપ્યમાન પ્રાસાદ થઈ ગયો. અને તે પ્રાસાદમાં દેવાંગનાઓ જેવી લલનાઓ ગજગતિથી દાખલ થઈ (૬૯)

પછી પ્રથમ ઉત્પન્ન થયેલા દેવની જેમ પ્રગટપણે જય જયારવ કરતી તે સ્ત્રીઓએ ઉષ્ણજલથી તેને સ્નાન કરાવ્યું. (૭૦)

असावङ्गे नरः सिद्धश्चलत्कल्पद्रुमोपमः ।
आपादमस्तकं शस्ताऽऽभरणश्रेणिकां व्यधात् ॥७१॥

ततो रसवतीं दिव्यां, बुभुजे सिद्धपुरुषः ।
विद्याः प्रसाधिताः किं किं, न कुर्वन्ति समीहितम् ? ॥७२॥

त्रियामां सुखसम्भारैरेकयाममिवोज्ज्वलैः ।
अतिवाह्य प्रभातेऽसावुपजह्रेऽखिलं च तत् ॥७३॥

चित्रकुम्भं निवेश्याऽऽशु, सुरमन्दिरकोणके ।
पुनः प्रभाते देवौकोमध्येऽस्थात् सिद्धमन्त्रभृत् ॥७४॥

एतत् सर्वं विलोक्याऽथ, स नरो ग्रामसम्भवः ।
अमुं गुरुमिवात्यन्तं, सिषेवे भक्तिवत्सलः ॥७५॥

પછી તેમણે પગથી મસ્તક સુધી તેને સારા સારાં આભૂષણો પહેરાવ્યા. એટલે તે સિદ્ધપુરુષ જંગમકલ્પવૃક્ષ સમાન ભાસવા લાગ્યો. (૭૧)

પછી તે સિદ્ધપુરુષ દિવ્યરસવતી જમ્યો. વિદ્યાસિદ્ધિ શું શું ઇચ્છિતને કરતી નથી ? (૭૨)

અહો ? પછી અનુપમ સુખોમાં એક પહોરની જેમ ત્રિયામા (રાત્રિ)ને વ્યતીત કરી પ્રભાતે તેણે તે બધું સંહરી લીધું. (૭૩)

અને તે ચિત્રઘટને દેવમંદિરના એક ખૂણામાં મૂકી તે સિદ્ધપુરુષ ફરી પ્રથમ પ્રમાણે જ તે દેવમંદિરમાં બેસી ગયો. (૭૪)

વિનયવંતની ભક્તિ ફળે.

કામઘટ આપે તે પળે.

આ બધું સાક્ષાત્ જોઈ પેલો ગ્રામ્યપુરુષ ગુરુની જેમ અત્યંત ભક્તિભાવથી તેની સેવા કરવા લાગ્યો. (૭૫)

पादसंवाहनाद्यैस्तु, ग्रामीणः सिद्धपुरुषम् ।
आराध्य प्रत्यहं सोऽथ, तुतोष विनयादलम् ॥७६॥ यतः-

विनयः सम्पदां धाम, विनयः कीर्तिकार्मणम् ।
विनयो धर्मवार्धीन्दुर्विनयो मूलमुन्नतेः ॥७७॥

हंहो ! तवाऽहं तुष्टोऽस्मि, याचस्वेप्सितमात्मनः ।
अथ ग्राम्योऽवदत् सिद्धं, कोशीकृतकरद्वयः ॥७८॥

सर्वथा हन्त ! निष्पुण्यो, मृतस्वजनबान्धवः ।
मन्दप्रतिभ एकाकी, नभोमार्गादिव च्युतः ॥७९॥

युष्माकं शरणं प्राप्तो, यद् युक्तं तत् समाचरेः ।
ससत्त्वा हि महासत्त्वाः, परोपकृतिकर्मणि ॥८०॥ यतः-

અનુક્રમે તે ગ્રામ્યપુરુષે પગ દબાવવા વિગેરે દ્વારા તથા પ્રતિદિન બહુ જ વિનય કરવાથી તેને સંતુષ્ટ કર્યો. (૭૬)

કહ્યું છે કે, **"विनय એટલે સંપત્તિનું ધામ. વિનય એટલે કીર્તિનું કાર્મણ, વિનય-ધર્મસાગરને ઉલ્લસિત કરવામાં ચંદ્રસમાન છે. વિનય એટલે ઉન્નતિનું મૂળ છે."** (૭૭)

એટલે તે સિદ્ધપુરુષ બોલ્યો કે, "અહો ! હું તારા પર સંતુષ્ટ થયો છું. માટે તને જે રૂચે તે માંગી લે એટલે તે ગ્રામીણ હાથ જોડીને બોલ્યો કે, (૭૮)

અહો ! મહારાજ ! હું નિષ્પુણ્યક છું. મારા સ્વજનસંબંધી બધા મૃત્યુ પામ્યા છે. મારી બુદ્ધિ શૂન્ય થઈ ગઈ છે. જાણે આકાશમાર્ગથી ભ્રષ્ટ શરણે આવ્યો છું. (૭૯)

તો આપને ઉચિત લાગે તેમ કરો. કારણ કે **મહાસત્ત્વવંત મહાત્માઓ પરોપકાર કરવામાં સદા તત્પર હોય છે.** (૮૦)

दयालुत्वमनौद्धत्यं, दाक्षिण्यं प्रियभाषिता ।
परोपकारकारित्वं, मण्डनानि महात्मनाम् ॥८१॥

अहो ! अयमपुण्यैकोऽहो ! दौर्गत्यदूषितः ।
अहो ! विनयवानेष, ध्यायति स्मेति सिद्धराट् ॥८२॥

एतस्य मन्दभाग्यस्य, यत् क्रियेतोपकारकम् ।
तत् तत्स्याद् बहुपुण्यार्थं, व्याधितस्यौषधं यथा ॥८३॥ यतः-

संपदं प्राप्य कर्तव्या, सर्वसत्त्वोपकारिता ।
काकोऽपि पूरयत्युच्चैर्जठरं परितो भ्रमन् ॥८४॥

विमृश्येत्यब्रवीदेवं, प्रहृष्टः सिद्धपुरुषः ।
ददामि भद्र ! ते विद्यां, कामितश्रीमहोदधिम् ॥८५॥

વળી દયાળુપણુ, ઉદ્ધતાઈરહિતપણુ, દાક્ષિણ્યતા, પ્રિયભાષિપણું અને પરોપકારએ મહાત્માઓના સહજ ભૂષણો છે." (૮૧)

આ પ્રમાણે સાંભળી તે સિદ્ધપુરુષ ચિંતવવા લાગ્યો કે, "અહા ! આ અપુણ્યનું સ્થાન, દારિદ્રાવસ્થાથી દૂષિત થયેલું છે છતાં વિનયવાન છે (૮૨)

માટે એ મંદભાગ્યવાળા ઉપર ઉપકાર કરવામાં આવે તો વ્યાધિગ્રસ્ત પ્રાણીને ઔષધિની જેમ તે વધારે પુણ્યકારક થાય તેમ છે. (૮૩)

સંપત્તિ પામી સર્વજીવો પર ઉપકાર કરવો તે જ યોગ્ય છે. બાકી ચારેબાજુ પરિભ્રમણ કરીને શું કાગડો પણ પોતાનું ઉદર ભરતો નથી ? (૮૪)

આ પ્રમાણે વિચાર કરી હર્ષ પામી તે સિદ્ધપુરુષ બોલ્યો કે,

विद्याभिमन्त्रितं किं वा, चित्रं कुम्भमिमं शुभम् ? ।
एतद् विचिन्त्य सम्यक् त्वं, वद वाञ्छितमात्मनः ॥८६॥

ग्रामीणश्चिन्तयामास, यदि विद्याक्षरं मम ।
एकं तु विस्मृतं दैवात्, तदा का नाम मे गतिः ? ॥८७॥

अयं चित्रघटो मेऽस्तु, सर्वाभिष्टार्थसार्थदः ।
विमृश्येत्यवदत् गोधो, देवार्पय घटं मम ॥८८॥

विद्यासिद्धेन स घटः, प्रदत्तः कल्पवृक्षवत् ।
यत्प्रभावेन सर्वेऽर्थाः, सम्पद्यन्ते समीहिताः ॥८९॥

असौ चित्रघटं प्राप्य, शासनाप्तनिधानवत् ।
एवं विचिन्तयामास, स्वग्रामाभिमुखं व्रजन् ॥९०॥

"હે ભદ્ર ! ઇચ્છિત લક્ષ્મીના મહાસાગરરૂપ વિદ્યા તને આપું ? (૮૫)

કે તે વિદ્યાથી અભિમંત્રિત આ શ્રેષ્ઠ ચિત્રઘટ આપું ? એનો બરાબર વિચાર કરીને તને ગમે તે માંગ. (૮૬)

એટલે તે ગામડીઓ વિચારવા લાગ્યો કે, જો દૈવયોગે વિદ્યાનો એકાદ અક્ષર વિસ્મૃત થઈ જાય તો મારી શી દશા થાય ? (૮૭)

માટે સર્વ અભીષ્ટાર્થ આપનાર આ તૈયાર ચિત્રઘટ જ માંગી લઉં. એમ ચિંતવી તે બોલ્યો કે, "હે દેવ ! મને ચિત્રઘટ આપો." (૮૮)

એટલે તે સિદ્ધપુરુષે કલ્પવૃક્ષ સમાન તે ચિત્રઘટ તેને આપ્યો કે જેના પ્રભાવથી તેના ઇચ્છિત અર્થો તેને સંપ્રાપ્ત થાય. (૮૯)

પછી પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્તનિધાનની જેમ ચિત્રઘટ પામી પોતાના ગામ ભણી જતાં તે ચિંતવવા લાગ્યો કે, (૯૦)

किं तया क्रियते लक्ष्म्या, या स्यादन्यत्र भूयसी ? ।
यां सुहृदो न वीक्ष्यन्ते, प्रमोदोत्फुल्लचक्षुषः ॥९१॥

थासो ग्राममापन्नो, दधानो मस्तके घटम् ।
चित्रकुम्भ इति नरैराहूतः संज्ञया मुदा ॥९२॥

तेषां विलोकमानानां, घटमाहात्म्यतो न्वहम् ।
सौधं विरचयामास, क्षणात् काव्यं कवीन्द्रवत् ॥९३॥

कुम्भभूरिप्रभावेण, नेपथ्यादि विनिर्ममौ ।
अल्पैरपि दिनैः सोऽभूदामुष्यायण उच्चकैः ॥९४॥

अबन्धोरपि तस्याऽथ, समजायन्त बान्धवाः ।
सोऽयं लक्ष्म्या महादेव्याः, प्रभावः प्रेङ्खति क्षितौ ॥९५॥ यतः-

---

"જ્યાં ત્યાં એવી બહુ લક્ષ્મી પણ શા કામની કે જે મિત્રો પ્રમોદથી વિકસિત નેત્રવાળા થઈને જુવે નહિ." (૯૧)

આમ વિચારી તે ઘટ સૌ લોકો જુએ તેમ પોતાના મસ્તક પર લઈ તે પોતાને ગામે આવ્યો. એટલે લોકોએ તેને આનંદપૂર્વક ચિત્રકુંભના નામથી બોલાવ્યો. (૯૨)

પછી તે લોકોને જોતાં તેણે કવીન્દ્રના કાવ્યની જેમ ઘટના મહાત્મ્યથી તરત એક મહેલ બનાવ્યો. (૯૩)

કુંભના અતિશય પ્રભાવથી તેણે વસ્ત્રાદિ તૈયાર કર્યા તથા અલ્પ દિવસોમાં તે સારો કુટુંબી બની ગયો. (૯૪)

તે બંધુ રહિત છતાં તેના ઘણાં બાંધવો થયા. **"ખરેખર લક્ષ્મી મહાદેવીનો પ્રભાવ પૃથ્વીપર જયવંત વર્તે છે."** (૯૫)

કહ્યું છે કે, લક્ષ્મી અનાથોને દોરનાર છે. મિત્રરહિતની એ

अनाथानामियं नेत्री, निःसखानामियं सखी ।
अगुरूणामियं गुर्वी, रत्नाकरतनूद्भवा ॥९६॥

अन्यदा सुजनास्तेन, मीलिताः शुभपर्वणि ।
भोजिता विविधैर्भोज्यैर्वस्त्रैश्च प्रतिलाभिताः ॥९७॥

ततस्ते सुजना हर्षाद्, ननृतुर्लयबन्धुरम् ।
सोऽपि चित्रघटं मौलौ, विधायाऽऽनन्दमन्दिरम् ॥९८॥

हस्ताभ्यां तेन तालायां, प्रदत्तायां प्रमादतः ।
पपात मौलितः कुम्भो, बभञ्जाऽप्याऽऽमपात्रवत् ॥९९॥ युग्मम्

एतत् सर्वं तिरोजज्ञे[1], गन्धर्वनगरोपमम् ।
घटभङ्गादिवैतस्य, भङ्गं पुण्यानि लेभिरे ॥१००॥

સખી છે અને ગુરુરહિતની એ ગુરુ છે. (૯૬)

આનંદે ખેલકૂલ કરતાં - મસ્તકથી કુંભ પડતાં.

એકવાર કોઈ પર્વ દિવસે તેણે પોતાના સર્વ સ્વજનોને એકત્ર કર્યા અને વિવિધ ભોજનો તથા વસ્ત્રોથી તેમનો સત્કાર કર્યો. (૯૭)

એટલે હર્ષને લીધે લયપૂર્વક તેઓ નૃત્ય કરવા લાગ્યા. આથી તે પણ આનંદમાં મંદિરરૂપ તે કુંભને મસ્તક પર રાખી (૯૮)

બંને હાથથી તાલ દેવા લાગ્યો. એવામાં પ્રમાદવશ તે કુંભ તેના મસ્તક ઉપરથી પડી ગયો. અને કાચી માટીના પાત્રની જેમ તરત ભાંગી ગયો. (૯૯)

એટલે ગાંધર્વનગરની જેમ તેનાથી થયેલું બધું અદૃશ્ય થઈ ગયું. કુંભ ભાંગી જતા તેના પુણ્ય પણ ભાંગી ગયા. (૧૦૦)

---

१. तिरोभूतमित्यपि ।

पूर्वोपार्जितदारिद्र्यं, पुण्यर्धेर्दूरतो गमत् ।
पूर्वस्नैहादिवैतस्य, डुढौके क्षणमात्रतः ॥१०१॥

सबन्धुः शून्यचेतस्को, भ्राम्यन् भूतार्तवद् भृशम् ।
पुरं चन्द्रपुरं प्राप, कुशाग्रमुखमण्डनम् ॥१०२॥

गतस्तत्राऽशृणोदेष, श्रीसर्वज्ञोऽत्र देवता ।
कोऽप्यस्ति यो ममोपायं, घटस्य घटयिष्यति ॥१०३॥

ध्यात्वेति स्वामिनं नत्वा, भद्रको भद्रकाशयः ।
उपाविक्षत् सभामन्तर्वीक्षमाणः प्रभुश्रियम् ॥१०४॥

चित्रकुम्भार्जनोपायं, हृदये ध्यातवानसि ।
श्रुत्वेति तद्गिरः सत्यमसौ सर्वज्ञदेवता ॥१०५॥

એટલે પુણ્યસમૃદ્ધિના આવવાથી દૂર થયેલું પૂર્વોપાર્જિત દારિદ્રય જાણે પૂર્વના સ્નેહથી જ આવ્યું હોય તેમ એક ક્ષણમાત્રમાં આવીને તેને ભેટ્યું. (૧૦૧)

કુંભ ભાંગી જતાં ભૂતાર્ત્તની જેમ અત્યંત શૂન્ય મનસ્ક બની તે બંધુરહિત ભમતો ભમતો કુશાગ્રદેશના મુખમંડનરૂપ ચંદ્રપુર નામના નગરમાં આવ્યો. (૧૦૨)

ત્યાં જતાં તેણે સાંભળ્યું કે, "અહીં કોઈ સર્વજ્ઞ દેવ પધાર્યા છે." એટલે હવે તે મારા ઘટનો કંઈક ઉપાય બતાવશે. (૧૦૩)

એમ વિચારી તે તેમની પાસે આવ્યો. અને ભગવંતને નમસ્કાર કરી સરલાશયવાળો તે તેમની પાસે આવ્યો અને સમવસરણમાં ભગવંતની લક્ષ્મીને જોતો બેઠો. (૧૦૪)

ભગવંતે તેને કહ્યું કે, હે ભદ્ર ! તું ચિત્રકુંભ મેળવવાનો ઉપાય અંતરમાં વિચારે છે ?

तस्मादेतस्य पार्श्वेऽहं, चित्रकुम्भार्जनासुखम् ।
अविनाशवशं याचे, गोधोऽधादिति चेतसि ॥१०६॥

अथोवाच प्रभुर्भद्र !, यदीच्छसि सुखं किल ।
अविनश्वरमुद्दार्म, तत् प्रव्रज्य समार्जय ॥१०७॥

ततो जगत्पते ! दीक्षां, देहि नित्यसुखावहाम् ।
येन ध्यायामि नाथ !, त्वां सिद्धपुरुषसन्निभम् ॥१०८॥

चित्रकुम्भनरः सोऽथ, सबन्धुः सप्रियः प्रभोः ।
पार्श्वे दीक्षां स्म गृह्णाति, किं न स्याल्लघुकर्मणाम् ? ॥१०९॥

प्रभुने विनवे अविनाशी सुखदायक चित्रकुंभ आपो.

આ પ્રમાણે સાંભળી તેણે મનમાં ધાર્યું કે, "ખરેખર ! આ સર્વજ્ઞ દેવ છે. (૧૦૫)

માટે એમની પાસે હું ચિત્રકુંભ મેળવવાવડે પ્રાપ્ત થાય તેવા અવિનાશી સુખને માંગુ." (૧૦૬)

એટલે ભગવંત ફરી બોલ્યા કે, "હે ભદ્ર ! જો અવિનશ્વર અને ઉત્કૃષ્ટસુખને ઇચ્છતો હોય તો તું દીક્ષા અંગીકાર કર." (૧૦૭)

આ પ્રમાણે સાંભળી તે બોલ્યો કે, "હે નાથ ! જો દીક્ષા નિત્યસુખ દેનારી હોય તો તે દીક્ષા મને આપો. કારણ કે હું આપને સિદ્ધપુરુષ સમજું છું." (૧૦૮)

પછી પોતાના બંધુ અને પ્રિયા સહિત તે ચિત્રકુંભ ગ્રામીણે ભગવંતની પાસે દીક્ષા અંગીકાર કરી. **લઘુકર્મીને શું પ્રાપ્ત ન થાય ?** અર્થાત્ બધું જ પ્રાપ્ત થાય. (૧૦૯)

હવે ગંગા અને સિંધુનદીથી વિરાજીત ભારતવર્ષમાં દેવનગર

इतश्च भारते वर्षे, गङ्गासिन्धुविराजिते ।
हस्तिनागपुरं नाम, पुरं सुरपुरोपमम् ॥११०॥

तत्र सिंहरथो नाम, भूपतिः सिंहविक्रमः ।
अभूत् काञ्चनमालेति, तस्य प्राणप्रिया सती ॥१११॥

गुरुपादाम्बुजद्वन्द्वसेवाहेवाकषट्पदः ।
तत्रासीज्जिनदत्ताख्यो, धार्मिको वणिगग्रणीः ॥११२॥

तस्य गेहे प्रतिज्ञातकर्मनिर्वाहकर्मठः ।
अभवद् देवपालाख्यो, गोपालः क्षत्रवंशभूः ॥११३॥

दृष्ट्वा सद्धर्मनिष्ठं स, श्रेष्ठिनं शुद्धमानसः ।
भद्रकत्वेन गोपालः, चिन्तयामासिवानिति ॥११४॥

धर्मेण द्रविणं राज्यं, धर्मेण विजयश्रियः ।
धर्मेण कामिता अर्था, धर्मेण सुखकीर्तयः ॥११५॥

સમાન હસ્તિનાગપુર નામે નગર છે. (૧૧૦)

ત્યાં સિંહ સમાન શૂરવીર સિંહરથ નામે રાજા હતો. તેને કાંચનમાલા નામે સતી પત્ની હતી. (૧૧૧)

તે નગરમાં ગુરૂમહારાજના ચરણકમળની સેવા કરવામાં તત્પર જિનદત્ત નામે શ્રેષ્ઠિ હતો. (૧૧૨)

અને ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થયેલો તેના ઘરે કામકરનાર દેવપાળ નામે એક ગોવાળ હતો. (૧૧૩)

નિરંતર ધર્મમાં તત્પર શેઠને જોઈ શુદ્ધ મનવાળો તે ગોવાળ ભદ્રકભાવથી ચિંતવવા લાગ્યો કે; (૧૧૪)

"ધર્મથી ધન, રાજય, વિજયલક્ષ્મી ઇચ્છિતાર્થ, સુખ તથા

अतुलं मङ्गलं धर्मो, धर्मः पापद्रुमाऽनलः ।
धर्मश्चतुर्गतिक्रोडनिपतज्जन्तुधारकः ॥११६॥

उत्तिष्ठन्तं शयानं च, नमस्कारपरायणम् ।
दृष्ट्वाऽथ श्रेष्ठिनं देवपालः पप्रच्छ भद्रकः ॥११७॥

श्रेष्ठिन्नहर्निशं मन्त्रकल्पं किमिदमुच्यते ? ।
असावाह महाभाग !, विद्यतेऽस्य महाफलम् ॥११८॥

अधनानां धनं रूपहीनानां रूपमुत्तमम् ।
रोगिणां रोगनिर्वाशं, नमस्कारः करोत्यसौ ॥११९॥

श्रुत्वेति श्रेष्ठिनो वाक्यं, देवपालः शुभाशयः ।
परमेष्ठिमहामन्त्रमपाठीत् सर्वकामदम् ॥१२०॥

કીર્તિ મળે છે. ધર્મ એ અતુલ મંગળ છે. (૧૧૫)

પાપરૂપ વૃક્ષને તે અગ્નિ સમાન છે. ચારગતિરૂપ સંસારમાં પડતા પ્રાણીઓને તે બચાવનાર છે." (૧૧૬)

પછી ઉઠતાં બેસતાં અને સુતાં નમસ્કારમંત્રને ગણતાં તે શેઠને જોઈને ભદ્રક દેવપાળે તેને પૂછ્યું કે, (૧૧૭)

"હે શ્રેષ્ઠિન્ ! આ મંત્ર જેવું આપ દરરોજ શું બોલ્યા કરો છો ? શેઠે કહ્યું કે, હે મહાભાગ ! એ મંત્રથી મહાફળ પ્રાપ્ત થાય છે. (૧૧૮)

ધનહીનનું તે ધન છે. રૂપહીનનું તે ઉત્તમરૂપ છે. એ નમસ્કારમંત્રથી રોગીજનોના રોગ નાશ પામે છે." (૧૧૯)

આ પ્રમાણેના શેઠના વચન સાંભળી શુભાશયવાળો દેવપાળ સર્વ ઇચ્છિતને આપનાર તે પરમેષ્ઠિ-મહામંત્ર શેઠની પાસેથી શીખ્યો. (૧૨૦)

कतिपयेषु जातेषु, वासरेषु समाययौ ।
वर्षाकालो महाभीष्मग्रीष्मद्रुमपरश्वधः ॥१२१॥

धरा धाराधरं दृष्ट्वाऽभीष्टमागतमुन्नतम् ।
कदम्बकुटजोद्भूतैः, पुष्पैरर्घमिवाऽतनोत् ॥१२२॥

मेघराजागमं दृष्ट्वा, दूराद् वैतालिका इव ।
चक्रुर्जयजयारावं, केकाव्याजेन केकिनः ॥१२३॥

समायान्ति महोत्कण्ठाः, पथिकाः स्वगृहानभि[1] ।
कः करोति जडैः सार्द्धं संगमं हि मनागपि ॥१२४॥

पन्थानो गतसंचारा जाता दुर्दमकर्दमात् ।
जाड्योदये हि संवृत्ते, सर्वं दुःखाकरं नृणाम् ॥१२५॥

કેટલાક દિવસો પછી મહાભીષ્મ ગ્રીષ્મઋતુરૂપ વૃક્ષને કુઠાર સમાન વર્ષાકાળ આવ્યો. (૧૨૧)

એટલે અભીષ્ટ અને ઉન્નત ધરાધરને આવેલ જોઈ કદંબ અને કુરજ પુષ્પોથી વસુધા જાણે સત્કાર કરતી હોય એમ ભાસવા લાગી. (૧૨૨)

મેઘરાજનું આગમન જોઈ દૂરથી સ્તુતિ પાઠકોની જેમ કેકારવના મિષથી મયૂરો જયજયારવ કરવા લાગ્યા (૧૨૩)

અને મુસાફરો મહાઉત્કંઠાપૂર્વક પોતાના ઘર તરફ આવવા લાગ્યા. કારણ કે જડ (જળ) ની સાથે લેશમાત્ર પણ કોણ સજ્જન સમાગમ કરે ?" (૧૨૪)

પછી પુષ્કળ વરસાદ વરસવાથી થયેલા દુર્દમ કાદવથી રસ્તાઓ સંચારરહિત થઈ ગયા. જાડ્ય (અજ્ઞાન કે જળ) નો ઉદય થતાં માણસોને વધુ દુઃખકર થઈ પડે છે. (૧૨૫)

१. प्रतीत्यपि ।

उदकेनोदपूर्यन्त, भूमिभागाः प्रतिक्षणम् ।
पुण्याधिकानां कमलासंचयेन गृहा इव ॥१२६॥

नदीतीरेषु रच्यन्ते, वालुकाभिः कुमारकैः ।
देवागाराणि रम्याणि, भूमीरोमाङ्कुरा इव ॥१२७॥

अभियोगात्तकमला, राजहंसा जिगीषवः ।
संचेरुराश्रयं स्वीयं, स्वपक्षबलशालिनः ॥१२८॥

गवां वृन्दमथादाय, वर्षत्यथ घनाघने ।
चारणार्थं गिरेः कुञ्जे, गतवान् धेनुपालकः ॥१२९॥

લક્ષ્મીના સંયમથી પુણ્યવંતજનોના ઘરની જેમ ભૂમિના સર્વવિભાગો જળથી પૂરાઈ ગયા. (૧૨૬)

નદીના કાંઠે રમતા બાળકો રેતીથી જાણે ભૂમિના રોમાંકુર હોય તેવા રમ્ય દેવગૃહો રચવા લાગ્યા. (૧૨૭)

પ્રયત્નપૂર્વક કમળને ગ્રહણ કરી જયશીલ અને પોતાના પક્ષબળથી શોભતા રાજહંસો પોતાના આશ્રય તરફ જવા લાગ્યા. (૧૨૮)

(અહીં શ્લેષ હોવાથી અન્યપક્ષે શત્રુઓનુ આક્રમણ કરી શત્રુઓની લક્ષ્મીને લઈ જઈ જયવંત થયેલા તથા પોતાના લશ્કરથી શોભતા રાજહંસો (મોટા રાજાઓ) પોતાની રાજધાની તરફ ચાલવા લાગ્યા.)

પાર્વતીય પ્રદેશે ગાયો ચરાવે ગોપાલ.
ભાગ્યયોગે દીઠી ત્યાં જિનપ્રતિમા ઝાકઝમાળ.

આ પ્રમાણે વરસાદ પુષ્કળ વરસતો હતો છતા તે ગોવાળ ગાયોને લઈને પર્વતના પ્રદેશમાં ચારવા ગયો. (૧૨૯)

करविन्यस्तदण्डोऽसौ, कम्बलावृतविग्रहः ।
नदीरयक्षतक्षोण्यां, जिनवक्त्रं ददर्श सः ॥१३०॥

तद्दर्शनघनेनाऽऽशु, संजातानन्दकन्दलः ।
बिम्बमाकृष्टवानेष, लब्धाद्भुतनिधानवत् ॥१३१॥

विधाय वेदिकां तत्र, जिनबिम्बं न्यवीविशत् ।
मन्दिरं रचयाञ्चक्रे, तृणभित्तिविभूषितम् ॥१३२॥

धन्योऽहं कृतपुण्योऽहं, यस्य मे वृषभो जिनः ।
प्रत्यक्षोऽभूत् स्वयं देवाधिदेवः परमेश्वरः ॥१३३॥

नदीतीरे कृतस्नानः, प्रावृतश्चेतचीवरः ।
स स्नात्रं कृतवांस्तस्य[१], पवित्रं स्वं तु निर्ममौ ॥१३४॥

દંડધારી અને કંબલધારી તે ગોવાળે નદીના વેગથી ધોવાઈ ગયેલી જમીનમાં એક જિનપ્રતિમાનું મુખ જોયું. (૧૩૦)

પ્રતિમા દર્શનરૂપ મેઘથી આનંદના અંકુર પ્રગટ થયા. પછી તેણે પ્રાપ્ત થયેલા અદ્‌ભુત નિધાનની જેમ તે બિંબને જમીનની બહાર કાઢી (૧૩૧)

અને એક વેદિકા (ઓટલો) બનાવી તેનાપર તે જિનબિંબને સ્થાપન કરી તેણે તૃણની ભીંતોથી સુશોભિત મંદિર બનાવ્યું. (૧૩૨)

પછી તેણે ચિંતવ્યું કે, "અહો ! હું ધન્ય અને કૃતપુણ્ય છું કે, દેવાધિદેવ ઋષભદેવ પરમાત્મા પોતે મને પ્રત્યક્ષ પ્રાપ્ત થયા." (૧૩૩)

પછી તે નદીકાંઠે સ્નાન કરી શ્વેતવસ્ત્ર પરિધાન કરી તેણે ભગવંતનું સ્નાત્ર કર્યું. અને પોતાના આત્માને પવિત્ર કર્યો.

१. तत्र, एवमपि ।

सिन्दुवारैर्नवैर्गोप, आनर्च त्रिजगद्गुरुम् ।
अथ तुष्टाव भावेन, नम्रमौलिशुभाशयः ॥१३५॥

नमः श्रीवृषभेशाय, जगद्वन्द्याय तायिने ।
अनन्तज्ञानसौख्याय मुख्याय परमेष्ठिनाम् ॥१३६॥

एवं स्तुत्वा जिनाधीशं, प्रमोदोत्फुल्ललोचनः ।
मेने कृतार्थमात्मानं, भक्तिव्यक्तिविकस्वरः ॥१३७॥

यावज्जीवं जिनाधीशं, पूजयित्वाऽऽमुमुत्तमम् ।
भोक्तव्यमिति सोऽकार्षीदिति निश्चयमञ्जसा ॥१३८॥

(૧૩૪)

પછી નવીનપુષ્પો વડે ભગવંતની પૂજા કરીને ભાવથી મસ્તક નમાવી શુભાશયથી તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો." (૧૩૫)

જગતજીવને વંદનીય જગતના તારનાર અનંતજ્ઞાન તથા અનંતસુખના ભાજન તથા પરમેષ્ઠીમાં પ્રથમ શ્રીઋષભસ્વામીને મારા નમસ્કાર થાઓ." (૧૩૬)

આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરી પ્રમોદથી પ્રફુલ્લિત નેત્રવાળો તથા ભક્તિથી રોમાંચિત થયેલો તે પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. (૧૩૭)

કરે નિયમ જીવનભર જિનપૂજા કરવી.
તે વિના પ્રતિદિન આહારકરણી ન કરવી.

પછી તેણે તે જ સમયે એવો નિયમ કર્યો કે, **"યાવજ્જીવ આ ઉત્તમ જિનેશ્વરની પૂજા કરીને પછી જ મારે જમવું."** (૧૩૮)

पुष्पैः कान्तारसंभूतैर्जिनं पूजयतः सतः ।
गोपालदेवपालस्य, ययौ कालः कियानपि ॥१३९॥ इतश्च–

नृपसिंहरथस्याभूत्, पुत्री नाम्ना मनोरमा ।
काञ्चनप्रेयसीकुक्षिसरोमण्डनवारला[१] ॥१४०॥

जाङ्गुली ग्रीष्मसर्पस्य, वर्षाकालोऽन्यदाऽस्फुरत् ।
अब्धिकल्लोलवद् येन, जाता मार्गाः सुदुर्गमाः ॥१४१॥

असौ गाढप्रतिज्ञत्वाद्, भणितः श्रेष्ठिनाऽपि हि ।
नैवाऽकार्षीत् ततो जग्धं, तदेकहृदयः सुधीः ॥१४२॥

पयःपूर्णं नदीतीरं, गन्तुं नेशः कथञ्चन ।
उपवासान् वसन् गेहमकार्षीत् सप्त भक्तिभाक् ॥१४३॥ युग्मम्

ત્યારપછી દરરોજ વનનાં પુષ્પોવડે ભગવંતની પૂજા કરતાં તે ગોપાલ દેવપાળનો કેટલોકકાળ વ્યતીત થયો. (૧૩૯)

અહીં સિંહરથરાજાની કાંચનમાળા નામે રાણીને (પ્રેયસી) તેની કુક્ષિરૂપ સરોવરને શોભાવવામાં હંસી સમાન મનોરમાનામે પુત્રી થયેલી હતી. (૧૪૦)

એકવાર ગ્રીષ્મઋતુરૂપ સર્પના જાંગુલીમંત્ર સમાન વર્ષાકાળ આવ્યો. જેથી સમુદ્રના કલ્લોલની જેમ બધા માર્ગો અત્યંત દુર્ગમ થઈ ગયા. (૧૪૧)

એટલે જળથી પૂર્ણ નદીને સામે કાંઠે જવાનું સર્વથા મુશ્કેલ થઈ ગયેલું હોવાથી ત્યાં જવાની ભાવનામાં જ રમનાર અને સરલ તેને શ્રેષ્ઠીએ ભોજન કરવા માટે બહું કહ્યું છતાં પોતાની પ્રતિજ્ઞા પાળવામાં દૃઢ મનવાળો અને ભક્તિમાન દેવપાળને સાત ઉપવાસ થયા. (૧૪૨-૧૪૩)

१. हंसीति हृदयम् ।

मन्दीभूते नदीतीरे, कथञ्चिद् वासरेऽष्टमे ।
उत्तीर्य भुजदण्डाभ्यां, निजं चैत्यमगादसौ ॥१४४॥

सुखसागरकल्लोलैरिवातं स्वं विचिन्तयन् ।
प्रणनाम जिनाधीशं, पठितस्तोत्रपूर्वकम् ॥१४५॥

तद्भक्तितोषितेनोच्चैः, स्थितेन गगनाङ्गणे ।
तदधिष्ठातृदेवेनेत्यूचेऽथ रुचिरं वचः ॥१४६॥

वरं वृणु महाभाग !, यथेच्छं स्वच्छमानसः ।
गुरूणां क्रमसेवा हि, सफलैव शरीरिणाम् ॥१४७॥

પછી નદીનું પુર ઓસરતાં આઠમે દિવસે ભુજદંડથી નદી ઉતરી તે પોતાના કરેલા ચૈત્યમાં આવ્યો. (૧૪૪)

અને જાણે સુખસાગરના કલ્લોલમાં રમતો હતો તેમ પોતાના આત્માને શુભભાવનાવડે ભાવીત કરતાં તે ગોપાલે સ્તોત્ર પાઠપૂર્વક ભગવંતને પ્રણામ કર્યા. (૧૪૫)

માંગ માંગ... સુણી દિવ્યવાણીનો રણકાર.
રાજ્યસંપત્તિ આપો... કરે દેવપાળ પડકાર.

એટલે તેની ભક્તિથી સંતુષ્ટ થયેલા અને ઉંચે ગગનાંગણમાં રહેલા એવા તે પ્રતિમાના અધિષ્ઠાયક દેવે આ પ્રમાણે મધુરવચનથી કહ્યું કે, (૧૪૬)

"હે મહાભાગ ! નિર્મળમનવાળો તું યથેચ્છ વરદાન માંગ. **કેમ કે ગુરૂજનોના ચરણની સેવા પ્રાણીઓને સફળ જ થાય છે.**" (૧૪૭)

એટલે દેવપાળ અંતરમાં આનંદ પામી બોલ્યો કે, "હે દેવ !

यदि तुष्टोऽसि देवाऽऽशु, देहि मे राजसम्पदम् ।
इत्युक्तवान् प्रहृष्टात्मा, देवपालः [1]मुदाङ्कितः ॥१४८॥

समुद्रपरिखारम्यां, क्षोणीमेकपुरीमिव ।
अचिराल्लप्स्यसे नूनमित्युक्त्वा स तिरोऽभवत् ॥१४९॥

तदाप्रभृति भावेन, देवपालो महामतिः ।
प्रमोदभाक् विशेषेण, जिनमानर्च सर्वदा ॥१५०॥

अन्यदा बहिरुद्याने, दमसारमहामुनेः ।
घातिकर्मक्षयाद् जज्ञे, पञ्चमं ज्ञानमुत्तमम् ॥१५१॥

ततः सुधाभुजो हृष्टा, पुष्पवृष्टिमथ व्यधुः ।
सुवर्णकमलं चक्रुर्वैक्रियं च मनोहरम् ॥१५२॥

જો તું સંતુષ્ટ થયો હોય તો મને રાજ્યસંપતિ આપ." (૧૪૮)

તે સાંભળી દેવ બોલ્યો કે, "સમુદ્રરૂપ પરિખાથી રમ્ય એવી એક નગરીની જેમ તું અલ્પસમયમાં વસુધાને અવશ્ય મેળવીશ." એમ કહી તે દેવ અદૃશ્ય થઈ ગયો, (૧૪૯)

ત્યાંથી મનમાં વિશેષ પ્રમોદ લાવીને મહામતિ દેવપાળ વિશેષ ભાવથી ભગવંતની પૂજાભક્તિ કરવા લાગ્યો. (૧૫૦)

એકવાર તે નગરની બહારના ઉદ્યાનમાં દમસાર નામના મહામુનિને ઘાતીકર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. (૧૫૧)

એટલે દેવોએ આનંદપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી અને મનોહર વૈક્રિય સુવર્ણ કમળ રચ્યું. (૧૫૨)

પછી તે કમળ ઉપર બિરાજમાન થઈ તે મહામુનિ ધર્મોપદેશ દેવા લાગ્યા. આ વખતે દેવોનું આગમન જોઈ રાજા પણ ત્યાં

---

१. शुभाशुभ इति च ।

धर्ममाख्यातुमारेभे, तत्रासीनो महामुनिः ।
देवागमं विलोक्याऽथ, समागाद् वन्दितुं नृपः ॥१५३॥

संसारः कदलीगर्भ, इवाऽसारो विशाम्पते[1] ! ।
निवास इव दुःखानां, गृहावासः सदाङ्गिनाम् ॥१५४॥

दम्भोलिनेव यन्मुष्ट्या, चूर्ण्यन्ते पर्वतोत्कराः ।
कम्पमानकरास्तेऽपि, भवन्ति निधनागमे ॥१५५॥

मृत्योः काले समायाते, शरणं नास्ति देहिनाम् ।
जिनोपज्ञं विना धर्मं, निर्वाणपदसाधकम् ॥१५६॥

इति श्रुत्वा महीपालो, विधाय करकुड्मलम् ।
पप्रच्छ निजमायुष्कं, भववासविरागवान् ॥१५७॥

વંદન કરવા આવ્યો. (૧૫૩)

કેવળી ભગવંતે ઉપદેશ આપતાં જણાવ્યું કે, "હે રાજન્ ! કદલીના ગર્ભ સમાન આ સંસાર અસાર છે અને પ્રાણીઓને ગૃહવાસ જે સદા દુઃખોના નિવાસ રૂપ છે. (૧૫૪)

જેઓ વજ્રની જેવી પોતાની મુષ્ટિથી પર્વતોને ચૂર્ણ કરી નાંખે તેવા હોય છે. તેમના હાથ પણ મરણ નજીક આવતાં કંપાયમાન થઈ જાય છે. (૧૫૫)

આવે વખતે પ્રાણીઓને નિર્વાણપદના સાધક જિનોપજ્ઞ ધર્મ વિના બીજું કોઈ શરણભૂત થતું નથી. (૧૫૬)

આ પ્રમાણે દેશના સાંભળી રાજાએ સંસારવાસથી વિરાગ પામી હાથ જોડી પોતાના આયુષ્યનું પ્રમાણ પૂછ્યું. (૧૫૭)

એટલે જ્ઞાનથી સર્વ જગતની સ્થિતિને જાણનાર મહામુનિ બોલ્યા કે, "હે રાજન્ ! તારું આયુષ્ય હવે માત્ર ત્રણ દિવસનું

---

१. नराणामित्यर्थः ।

दिनानि त्रीणि ते राजन् !, आयुष्कमवशिष्यते ।
इत्युक्तवान् मुनिर्ज्ञानज्ञातसर्वजगत्स्थितिः ॥१५८॥

शीतार्त इव भूपालः, कम्पमानकरद्वयः ।
स्तोकेन जीवितव्येन, किं करिष्यामि सम्प्रति ? ॥१५९॥

अथाह भगवानेवं, मा विषीद रसापते ! ।
अणुनाऽप्यायुषा किं न, क्रियते हि विवेकिभिः ? ॥१६०॥

मुहूर्त्तमपि सावद्यत्यागः स्यात् शाश्वतश्रिये ।
हन्यन्ते विषकल्लोला, एकस्मादपि मन्त्रतः ॥१६१॥

विन्यस्य पुरुषं कञ्चिद्, राज्ये प्रबलविक्रमम् ।
आगच्छामि प्रभो ! यावत्, तत् त्वं तिष्ठ दयानिधे ! ॥१६२॥

બાકી છે." (૧૫૮)

તે સાંભળી શીતાર્ત્તની જેમ રાજાના બંને હાથ કંપાયમાન થઈ ગયા અને તે ચિંતવવા લાગ્યા કે, "અલ્પ જીવિતવ્ય હોવાથી હવે હું શું કરી શકીશ ? (૧૫૯)

એટલે ભગવાન બોલ્યા કે, "હે રાજન્ ! ખેદ ન કર, વિવેકી લોકો અલ્પ આયુષ્યમાં પણ શું નથી કરી શકતા ? (૧૬૦)

એક મુહૂર્ત્તમાત્ર પણ જો સાવદ્યનો ત્યાગ કરવામાં આવે તો શાશ્વતલક્ષ્મી પ્રાપ્ત થઈ શકે. **એકવાર મંત્ર ગણવાથી પણ વિષના કલ્લોલ નાશ પામે છે.** (૧૬૧)

એટલે રાજાએ કહ્યું કે, હે રાજન્ ! કોઈ પ્રબળ પરાક્રમી પુરુષને રાજ્યપર બેસાડી હું આવું ત્યાંસુધી હે દયાનિધાન ! આપ અહીં રહેજો." (૧૬૨)

મહામુનિ બોલ્યા કે, **"હે મહાપુરુષ ! આપત્તિના મૂળરૂપ**

महापुरुष ! मा कार्षीः, प्रमादं मूलमापदाम् ।
सर्वेषामपि कार्याणां, प्रमादः प्रथमो रिपुः ॥१६३॥

प्रणिपत्य गुरोः पादौ, यथास्थानमगान्नृपः ।
तच्चिन्तयाऽपि कृच्छ्रेण, कृत्स्नं दिनमवाहयत् ॥१६४॥

कोऽधिष्ठितस्य लोकस्य, भावी विक्रमवारिधिः ।
केनोपायेन निष्पुत्रो, मोक्ष्यामि क्षितिपालनम् ॥१६५॥

तस्य चिन्ता प्रपन्नस्य, सिद्धाख्या कुलदेवता ।
प्रत्यक्षाऽभूत् तपस्विन्यां, दीपिकेव तमोपहा ॥१६६॥

પ્રમાદ બિલકુલ કરીશ નહિ. સર્વકાર્યોમાં પ્રમાદ એ પ્રથમ શત્રુ છે." (૧૬૩)

બિનવારસદાર રાજ્યાધિકારીની કરે ચિંતા.
સિદ્ધાકુલદેવી પ્રત્યુત્તર આપી કરે નચિંત.

પછી ગુરુને પગે પડી રાજા પોતાને સ્થાને આવ્યો. અને રાજ્યસંબંધી ચિંતામાં તે સમગ્ર દિવસ તેણે કષ્ટપૂર્વક પસાર કર્યો. (૧૬૪)

તે ચિંતવવા લાગ્યો કે, "આ રાજ્યનો પરાક્રમથી પૂર્ણ કોણ અધિકારી થશે ? પુત્રરહિત હું ક્યા ઉપાયવડે આ પ્રજાપાલનના કાર્યને તજી શકીશ ?" (૧૬૫)

આ પ્રમાણે રાજા ચિંતામગ્ન હતો. ત્યારે મધ્યરાત્રિએ રાજાની આગળ અંધકારને દૂર કરનારી દીપિકા જેવી સિદ્ધાનામની તેની કુળદેવી પ્રત્યક્ષ થઈ બોલી કે, (૧૬૬)

"હે નરનાથ ! તું તારા મનમાં કાંઈપણ ખેદ કરીશ નહિ

मा कृथाः सर्वथा खेदं, नरनाथ ! स्वमानसे ।
अभिषिञ्च प्रभाते त्वं, दिव्यपञ्चकमुच्चकैः ॥१६७॥

तत्कृतं पुरुषं राज्ये, विन्यस्य निजपुत्रवत् ।
परलोकाय पश्चात्त्वं, यतस्वोक्त्वेति साऽगमत् ॥१६८॥

प्रभातेऽथाऽभिषिक्तानि, पञ्च दिव्यानि भूभुजा ।
भ्रेमुस्तान्यथ सर्वत्र, प्रतिरथ्यं प्रतित्रिकम् ॥१६९॥

मन्त्रिसामन्तपुत्राश्च, भ्रेमुस्तद्राज्यलिप्सया ।
पुरो द्विपस्य शृङ्गारैरिन्द्रसामानिका इव ॥१७०॥

पुरे भ्रान्तानि तान्यापुर्नैव राज्यधरं नरम् ।
मध्याह्नसमये जग्मुर्बाह्योद्यानादिवीथिषु ॥१७१॥

પ્રભાતે તું પાંચદિવ્ય સજ્જ કરજે. (૧૬૭)

અને તે દિવ્યોએ નિર્માણ કરેલા પુરુષને લાવી પોતાના રાજ્ય ઉપર બેસાડી પરલોકના સાધનને માટે તું પ્રયત્ન કરજે." (૧૬૮)

આ પ્રમાણે કહી તે દેવી અદૃશ્ય થઈ. પ્રભાતે રાજાએ સજ્જ કરેલા પંચદિવ્ય સર્વત્ર પ્રતિમાર્ગે ફરવા લાગ્યા (૧૬૯)

એટલે રાજ્યના લોભથી ઇંદ્રના સામાનિક દેવોની જેમ શણગાર સજી મંત્રી અને સામંતોના પુત્ર હાથીની આગળ આગળ ચાલવા લાગ્યા. (૧૭૦)

આખાએ નગરમાં ભમતાં રાજ્યને લાયક કોઈપણ તેમના જોવામાં આવ્યો નહિ. તેથી મધ્યાન્હ સમયે નગરની બહારના ઉદ્યાનમાં તેઓ ગયા. (૧૭૧)

ત્યાં વૃક્ષ નીચે લાકડીનું ઓશિકું બનાવી અને કંબળથી શરીરને

निदद्रौ देवपालोऽथ, कस्यचित् शाखिनस्तले ।
यष्टिमुच्छीर्षके कृत्वा, कम्बलाऽऽवृतविग्रहः ॥१७२॥

देवपालं समालोक्य, नवाम्बुकणवर्षकः ।
करी जगर्ज गम्भीरं, तडित्वानिव मूर्तिमान् ॥१७३॥

हेषां चकार वाल्हीकः, कोकिला ध्वानसुन्दरम् ।
विस्तृतं पाण्डुरं छत्रमुत्फुल्लकमलोपमम् ॥१७४॥

जाह्नवीलहरीश्वेते, चामरे चेलतुः स्वयम् ।
अभिषिच्य करीन्द्रेण, न्यस्तः स्कन्धे विभुर्गवाम् ॥१७५॥

ततः सिंहरथेनाऽसौ, महोत्सवपुरस्सरम् ।
तत्रैव वासरे पुत्र्याः, कारितः पाणिपीडनम् ॥१७६॥

આચ્છાદિત કરી દેવપાળ સુતો હતો. (૧૭૨)

તેને જોઈ નવાજળકણને વર્ષાવનાર મેઘ સમાન ગર્જનાવડે હાથીએ ગંભીર ગર્જના કરી. અશ્વે કોકિલાના શબ્દ સમાન સુંદર હેષારવ કર્યો. વિકસિત કમલ સમાન શ્વેતછત્ર વિસ્તૃત થયું. (ઉઘડી ગયું.) ગંગાની લહેરી સમાન બે શ્વેત ચામર આપમેળે વીંજાવા લાગ્યા. પછી તેના પર અભિષેક કરી હાથીએ તે ગોપાળને પાતાના સ્કંધ ઉપર બેસાર્યો. (૧૭૩ થી ૧૭૫)

એટલે સિંહરથ રાજાએ તે જ દિવસે મહોત્સવપૂર્વક તેને રાજ્ય આપીને પોતાની પુત્રી પરણાવી. (૧૭૬)

કરે અજ્ઞાનતિમિરનાશક વ્રતગ્રહણ.

પાળી ચોથા સ્વર્ગે સિંહરથનું ગમન.

પછી તે મહામુનિ પાસે જઈ સિંહરથ રાજાએ પૂર્વોપાર્જન અજ્ઞાનનો નાશ કરનારા વ્રતોનો ભાવથી સ્વીકાર કર્યો. અર્થાત

१. अश्व इत्यभिधेयम् ।

ततः सिंहरथो गत्वा, नरेन्द्रो मुनिसन्निधौ ।
व्रतं जग्राह भावेन, पूर्वोपात्ततमोऽपहम् ॥१७७॥

कृत्वा चतुर्विधाहारपरित्यागं महामुनिः ।
चतुर्थे देवलोकेऽसौ, पूर्णायुष्कः सुरोऽभवत् ॥१७८॥

तदुपानत्कम्बलाद्यं, गोपालैः श्रेष्ठिनो गृहे ।
अन्यैः समर्पितं गावः, स्वयमीयुर्दिनात्यये ॥१७९॥

गोपाल इति कृत्वा तं, सामन्ता नन्तुमीर्ष्यया ।
अहङ्काराद् न चाऽऽयान्ति, **जनाः पूजितपूजकाः** ॥१८०॥

महाजनप्रधानोऽयमिति ध्यात्वा विशाम्पतिः ।
आजूहवज्जिनदत्तं, नाऽऽययौ सोऽप्यऽवज्ञया ॥१८१॥

દીક્ષા લીધી (૧૭૭)

અને તેની સાથે જ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી આયુષ્ય પૂર્ણ કરી તે મહામુનિ ચોથા દેવલોકમાં પૂર્ણાયુષ્યવાળા દેવ થયા. (૧૭૮)

હવે તે ગોવાળનાં કંબલ અને ઉપાનહ વિગેરેને અન્યગોવાલો શેઠને ઘરે જઈને આપી આવ્યા. અને સાંજે ગાયો પણ સ્વયમેવ શેઠને ઘરે ગઈ. (૧૭૯)

અહીં રાજ્યના સામંતોએ દેવપાળને ગોપાળ સમજી ઈર્ષ્યા અને અહંકારથી તેને નમસ્કાર ન કર્યા. **"ખરેખર લોકો પૂજિતનેજ પૂજનારા હોય છે."** (૧૮૦)

દેવપાળ રાજાએ આ મહાજનમાં પ્રધાન પુરુષ છે એમ ધારી જિનદત્તને બોલાવ્યો. તે પણ અવજ્ઞા દર્શાવતો આવ્યો નહિ. (૧૮૧)

कम्बलादि निशाप्रान्ते, सिंहद्वारे नरेशितुः ।
अवज्ञोपायनानीव, जिनदत्तोऽप्यऽमोचयत् ॥१८२॥

तान्याऽऽलोक्य निदध्यौ, स हहा ! पूर्वविजृम्भितम् ।
तृणायाऽपि न मन्यन्ते, धिग् मां राज्यर्द्धिभूषितम् ॥१८३॥

अहं खिद्ये कथंकारं, येन दत्तमिदं पदम् ? ।
स करिष्यति निःशेषं, जनमाज्ञाविधायिनम् ॥१८४॥

ततोऽर्चयित्वा विधिवज्जिनेन्द्रमिति सोऽवदत् ।
कथं दत्तं त्वया राज्यं, स्वामिन् ! विप्लवकारणम् ? ॥१८५॥

अथोचे व्यन्तरो भद्र !, गजेन्द्रं मृत्तिकामयम् ।
विनिर्माय समागच्छेः, समारुह्याऽत्र वन्दितुम् ॥१८६॥

અને પ્રભાતે જાણે અવજ્ઞાથી ભેટ કરેલ હોય તેમ તેણે રાજના મુખ્યદ્વાર પાસે તેના કંબલાદિક મૂકાવી દીધા. (૧૮૨)

તે જોઈ રાજા ચિંતવવા લાગ્યો કે, "અહો ! આ બધી પૂર્વકર્મની ચેષ્ટા લાગે છે. રાજઋદ્ધિથી વિભૂષિત થવા છતાં પણ મને આ લોકો તૃણ સમાન હલકો ગણે છે. માટે આવા રાજયને ધિક્કાર થાઓ. (૧૮૩)

પરંતુ આ બાબતમાં મારે ખેદ શા માટે કરવો જોઈએ ? **જેણે આ રાજય આપ્યું છે, તેજ આ બધા લોકોને આજ્ઞા ઉઠાવનાર પણ કરશે.**" (૧૮૪)

પછી સ્નાન કરી જયાં પેલા જિનબિંબ છે ત્યાં વિધિપૂર્વક જિનેશ્વરની પૂજા કરી અને બોલ્યો કે, "હે સ્વામિન્ ! ઉલટું પરાભવ દેનાર એવું આ રાજય મને શા માટે આપ્યું ? (૧૮૫)

એટલે પેલો વ્યંતર પ્રગટ થઈ બોલ્યો કે, હે ભદ્ર ! માટીનો

द्विरदोऽस्मत्प्रभावेण, त्वय्यारूढे चलिष्यति ।
आज्ञां करिष्यते सर्वस्ततस्तव निरन्तरम् ॥१८७॥

श्रुत्वेति भूपतिः प्राप, प्रासादं मुदिताशयः ।
कुम्भकारा नृपादेशाच्चक्रुर्मृत्स्नामयं गजम् ॥१८८॥

इभमारुह्य भूपालो, वन्दितुं जिननायकम् ।
आगामीति ततो जज्ञे, पुरे हास्यास्पदं महत् ॥१८९॥

सामन्ता मन्त्रिणां पुत्राः, पौरग्रामेयका अपि ।
तमवेक्षितुमाजग्मुः, सर्वोऽप्यऽद्भुतकौतुकी ॥१९०॥

હાથી બનાવી તેના પર આરૂઢ થઈ તું અહીં આવવા માટે નીકળજે, (૧૮૬)

મારા પ્રભાવથી તું તે હાથી ઉપર આરૂઢ થઈશ એટલે તે હાથી સાચા હાથીની જેમ ચાલશે. તે જોઈ બધા લોકો તારી આજ્ઞા તરત જ ઉઠાવશે." (૧૮૭)

આ પ્રમાણે સાંભળી મનમાં આનંદ પામી તે સ્વસ્થાને આવ્યો. પછી રાજાના હુકમથી કુંભારોએ એક માટીનો હાથી બનાવ્યો. (૧૮૮)

એટલે આ હાથી પર આરૂઢ થઈ રાજા જિનેશ્વરને વંદન કરવા જનાર છે. આવી ચર્ચા ચાલી, સમસ્ત નગરવાસીના મનમાં આશ્ચર્ય અને હાસ્ય ઉત્પન્ન થયું. (૧૮૯)

એટલે સામંતો, મંત્રી પુત્રો, નગરજનો અને ગ્રામ્યજનો સર્વે તે જોવા માટે રાજમંદિર પાસે આવ્યા. **"કારણ કે બધા લોકોને અદ્‌ભુત કૌતુક પ્રિય હોય છે."** (૧૯૦)

પછી શુભદિવસે તે હાથી ઉપર આરૂઢ થઈ શૃંગાર સહિત

शुभेऽह्नि गजमारुह्याऽऽहूय तं श्रेष्ठिपुङ्गवम् ।
सशृङ्गारो महीपालः, पश्वासने न्यवेशयत् ॥१९१॥

व्यन्तरस्यानुभावेन, करी मृत्स्नामयोऽचलत् ।
विसिष्मिये जनः सर्वः, पश्यन् नवकुतूहलम् ॥१९२॥

पुरात् स्वे निर्मिते गत्वा, चैत्ये नत्वा जगद्गुरुम् ।
तमेव गजमारूढो, नृपोऽगाद् निजमन्दिरम् ॥१९३॥

आलानस्तम्भसम्बद्धं, श्रेष्ठिन्नेनं गजं कुरु ।
इत्यादेशं महीभर्तुलब्ध्वा सो हर्षितोऽभवत् ॥१९४॥

श्रेष्ठिना राजवत् तेन, दत्ता कुम्भे शृणिक्षितिः ।
न चचाल पदं हस्ती, वारित इव केनचित् ॥१९५॥

રાજાએ પોતાના શેઠને બોલાવીને મહાવતના આસન પર બેસાર્યો. (૧૯૧)

એટલે વ્યંતરના પ્રભાવથી તે માટીનો હાથી ચાલ્યો. આવા અપૂર્વ કુતૂહલને જોઈ બધા લોકો આશ્ચર્ય પામ્યા. (૧૯૨)

રાજાને હાથી પર બેસી નગરની બહાર જઈ પોતે કરાવેલા જિનચૈત્યમાં ભગવંતને નમસ્કાર કરી તેજ હાથી પર બેસીને પાછો પોતાના ભવનમાં આવ્યો. (૧૯૩)

અને શેઠને આદેશ કર્યો કે, "હે શ્રેષ્ઠિન્ ! આ હાથીને આલાનસ્તંભ સાથે બાંધો." આ પ્રમાણે રાજાનો આદેશ પામી તે હર્ષિત થયો. (૧૯૪)

પછી શ્રેષ્ઠીએ રાજાની જેમ તેના કુંભસ્થળપર અંકુશનો પ્રહાર કર્યો. છતાં જાણે કોઈએ અટકાવ્યો હોય તેમ હાથી એક પગલું પણ આગળ ચાલ્યો નહીં. (૧૯૫)

वीक्षापन्नोऽभवच्छ्रेष्ठी, तस्मादुत्तीर्य सत्वरम् ।
नृपपादाम्बुजं भक्त्याऽनमन्निदमुवाच च ॥१९६॥

गोपाल इति यत्कृत्वाऽपराद्धं भवतः प्रतिः ।
तत्क्षमस्व महीपाल !, पुण्यलक्ष्मीनिकेतन ! ॥१९७॥

ततो देवानुभावेन, निःशेषाः पृथ्वीभुजः ।
आज्ञां प्रपेदिरे तस्य, शेषामिव नरेशितुः ॥१९८॥

शाश्वतार्हद्भवनानां, सदृशं पृथिवीपतिः ।
तच्चैत्यं कारयामास, स्वर्णस्तम्भमनोहरम् ॥१९९॥

श्वेतवस्त्रे परिधाय, भक्तिमान् पृथिवीपतिः ।
पुष्पैरानर्च तीर्थेशं, त्रिसन्ध्यं श्रेणिको यथा ॥२००॥

તેથી શેઠ આશ્ચર્ય પામી તરત જ તે હાથી ઉપરથી ઉતરી ભક્તિપૂર્વક રાજાના ચરણકમળને નમ્યો (૧૯૬)

અને બોલ્યો કે, "હે રાજન્ ! ગોવાળ સમજી આપનો જે કાંઈ મેં અપરાધ કર્યો હોય તે પુણ્યલક્ષ્મીના સ્થાનભૂત આપ ક્ષમા કરો." (૧૯૭)

ત્યાર પછી દેવના પ્રભાવથી બધા લોકો રાજા પણ શેષાની જેમ તેની આજ્ઞા માથે ચડાવવા લાગ્યા. (૧૯૮)

પછી રાજાએ સુવર્ણ સ્તંભોથી મનોહર અને શાશ્વત જિનભવન સમાન એક ચૈત્ય કરાવ્યું. (૧૯૯)

અને તેમાં પેલા જિનબિંબ પધરાવી શ્વેતવસ્ત્ર પરિધાન કરી શ્રેણિકરાજાની જેમ ભક્તિમાન્ એવો તે ત્રિકાળ ભગવંતની પુષ્પાદિકવડે પૂજા કરવા લાગ્યો. (૨૦૦)

વળી તે ચૈત્યમાં અઠ્ઠાઈ વિગેરે પર્વોમાં શાશ્વત ઉન્નતિ માટે

स्वचैत्ये कारयामासाऽष्टाह्निकादिषु पर्वसु ।
शासनोन्नतये राजा, नाट्यं सूर्याभदेववत् ॥२०१॥

अन्यदा वन्दितुं देवमचलद् नगराद् नृपः ।
सार्द्धं मनोरमादेव्या, शच्येव घनवाहनः ॥२०२॥

कौपीनवसनं क्षामं, भारभुग्नशिरोधरम् ।
मनोरमा पुरोऽद्राक्षीद्, व्रजन्तं काष्ठवाहकम् ॥२०३॥

तं विलोक्य मुमूर्च्छाऽऽशु, देवी मोहपरायणा ।
अर्द्धविच्छिन्नशाखेव, पपात पृथिवीतले ॥२०४॥

तथाविधापदि प्राप्तां, दृष्ट्वा देवीं मनोरमाम् ।
वज्राहत इव क्ष्मापः, कृच्छ्राद् वक्तुं प्रचक्रमे ॥२०५॥

यो यद् वेत्ति जनः सर्वः, स तच्च कुरुतामिह ।
स्मर्तव्या व्यसनप्राप्ते, विद्या मन्त्राधिदेवताः ॥२०६॥

સૂર્યાભદેવની જેમ નાટક કરાવવા લાગ્યો. (૨૦૧)

એકદા ભગવંતને વંદન કરવા માટે ઇંદ્રાણી સહિત ઇંદ્રની જેમ મનોરમા રાણી સાથે તે નગરની બહાર આવ્યો. (૨૦૨)

તેવામાં એક લંગોટી ધારક, વાંકી ડોકવાળો, અતિશય કૃશ શરીરધારી કોઈ કઠીયારાને મનોરમા રાણીએ જોયો. (૨૦૩)

તેને જોતાં જ મોહપરાયણ રાણી તરત જ મૂર્ચ્છા પામી અને અર્ધ-છિન્નવૃક્ષની જેમ પૃથ્વીતળ ઉપર ઢળી પડી. (૨૦૪)

એટલે રાણીને આપત્તિમાં આવેલી જોઈ રાજા પણ વજ્રની જેમ ઘાયલ થયો હોય તેમ મહાકષ્ટ પામતો બોલ્યો કે, (૨૦૫)

"જેને જે પ્રયોગો આવડતા હોય તે બધા જ અહીં અજમાવો. કારણ કે **સંકટ સમયે વિદ્યામંત્રના અધિષ્ઠિત દેવતાઓને**

वैद्याः प्राहुः पित्तमूर्छां, दैवज्ञा ग्रहपीडनम् ।
मान्त्रिका देवतादोषमाप्ता मुद्गलविप्लवम् ॥२०७॥

प्रगुणं रचयामासुर्भिषजः शर्करादिकम् ।
दैवज्ञा विदधुः पूजां, ग्रहाणां मन्त्रपूर्वकम् ॥२०८॥

देवतानां समारेभे, पूजनं मान्त्रिकैरथ ।
मन्यन्ते नितरामाप्ता, उपयाचितसंहतिम् ॥२०९॥

एकतश्च विरच्यन्ते, शय्याः पङ्कजिनीदलैः ।
एकतश्चापि चूर्ण्यन्ते, स्थूलमौक्तिकराशयः ॥२१०॥

मूर्तिमद्भिरिवाऽम्भोदैर्घनाम्भःकणवर्षिभिः ।
वीज्यते तालवृन्तैः सा, मृदुवातमनोहरैः ॥२११॥

संभारवानी જરૂર પડે છે.” (૨૦૬)

તે સમયે વૈદ્યો કહેવા લાગ્યા કે એને પિત્તથી મૂર્છા આવી છે. નિમિત્તિયાઓ બોલ્યા કે, એને ગ્રહની પીડા છે અને માંત્રિકો બોલ્યા કે, કોઈ દેવતાની છાયાનો એને દોષ લાગ્યો છે. (૨૦૭)

આ પ્રમાણે કહી વૈદ્યો શર્કરાદિક ઔષધિ તૈયાર કરવા લાગ્યા. નિમિત્તિયાઓ મંત્રપૂર્વક ગ્રહોની પૂજા કરવા લાગ્યા. (૨૦૮)

માંત્રિકો દેવતાના પૂજનો કરવા લાગ્યા અને આપ્તજનો અનેક પ્રકારની માનતાઓ માનવા લાગ્યા. (૨૦૯)

એક બાજુ સેવકપુરુષો કમળપત્રોની શય્યા રચવા લાગ્યા. બીજીબાજુ સ્થૂળ મોતીઓનું ચૂર્ણ કરવા લાગ્યા (૨૧૦)

અને કેટલાક પુષ્કળ જળકણને વરસાવનાર જાણે સાક્ષાત્ મેઘ હોય એવા પંખાઓથી રાણીને મંદ મંદ પવન નાંખવા લાગ્યા. (૨૧૧)

उपचारशतैः कृत्वा, मूर्छाव्यपगमे सति ।
एवं पपाठ भूपालवल्लभा मधुरस्वरम् ॥२१२॥

अडविहि पत्ती न इहि जलु तो वि न वूढा हत्थ ।
अव्वो ! तहवि कवाडियह ! अज्ज वि सा वि अवत्थ ॥२१३॥

देवि ! क एष वृत्तान्तो, येन प्रोक्तं त्वयेदृशम् ? ।
साऽऽख्यद् देवमेकं काष्ठवाहकं द्रुतमानय ॥२१४॥

सोऽथाऽऽहूतः समायातः, साऽऽख्यद्देवी मनोरमा ।
देवायं काहलो नाम, मत्पतिः पूर्वजन्मनि ॥२१५॥

पूर्वजन्मनि पत्न्यऽस्याऽभवं सिंहलिकाह्वया ।
दुःखदौर्भाग्यदौर्गत्यपराभवनिकेतनम् ॥२१६॥

આ પ્રમાણે ઘણા ઉપચારો કરતાં રાણીની મૂર્છા દૂર થઈ. એટલે રાણી મધુરસ્વરે કહેવા લાગી કે - (૨૧૨)

"अडविहि पत्ती न ईहि, जतु तोवि नवूढा हत्थ,
आवो तहवि कवाडियह, अज्ज वि सा वि अवत्थ"

આ પ્રમાણે રાણીનું કથન સાંભળી રાજાએ પૂછ્યું કે, "હે દેવી ! આ વૃત્તાંત શું છે કે જેથી તું આ પ્રમાણે બોલે છે ?" (૨૧૩)

રાણી બોલી કે, "હે દેવ ! પેલા કઠીયારાને અહીં સત્વર બોલાવી મંગાવો." રાજાએ સેવકને મોકલી તેને બોલાવ્યો એટલે તે આવ્યો. (૨૧૪)

તેને જોઈ મનોરમા બોલી કે, "અહો ! આ કાહલ મારો પૂર્વજન્મનો પતિ છે. (૨૧૫)

પૂર્વભવે હું સિંહલિકા નામે તેની પત્ની હતી અને દુઃખ

अन्यदाऽनेन संयुक्ता, गताऽहं काष्ठहेतवे ।
वनमध्ये महाकायतालशालमनोहरे ॥२१७॥

मिथ्यात्वाभ्रे गते दूरं, सूर्यवज्जिननायकः ।
दृष्टो दिष्ट्या जगन्नाथः, सनाथोऽतिशयश्रिया ॥२१८॥

पूजयाव इमं देवमावां प्रिय ! जगन्नतम् ।
मयोचेऽयमथ प्राह, त्वमेव कुरु सर्वदा ॥२१९॥

[१]निर्द्धर्मं वल्लभं ज्ञात्वा, गत्वा शैवलिनीतटम् ।
सिन्दुवारैरिमं देवं, भावतः पर्यपूजयम् ॥२२०॥

अन्त्रान्तरे महीपाल !, त्वं दृष्टो गोपवेषभृत् ।
पूजयंस्त्रिजगन्नाथं, जटाजूटेन मण्डितम् ॥२२१॥

દૌર્ભાગ્ય અને દારિદ્રય સંબંધી પરાભવનું એક સ્થાન હતી. (૨૧૬)

એકવાર હું એની સાથે ઉંચા તાલવૃક્ષથી મનોહર એવા વનમાં લાકડા લેવા ગઈ. (૨૧૭)

એવામાં મિથ્યાત્વરૂપ પડલ દૂર થઈ જવાથી અતિશય લક્ષ્મીથી શોભાયમાન આ જિનેશ્વર ભગવંતના બિંબને સૂર્યની જેમ મહાભાગ્યયોગે મેં જોયા. (૨૧૮)

એટલે મેં મારા પતિને કહ્યું કે, "હે પ્રિય ! ચાલો આપણે જગતને નમનીય-પૂજનીય એવા આ દેવની પૂજા કરીએ." તે બોલ્યો કે, "તું જ હંમેશા એની પૂજા કર. મારે કરવી નથી." (૨૧૯)

એ રીતે વલ્લભને ધર્મરહિત જાણી નદી કિનારે ઉગેલા સિંદુરવારના પુષ્પો લાવી મેં ભાવથી ભગવંતની પૂજા કરી.

---

१. निर्धर्मवासनामित्यपि ।

धन्योऽयं जगतां नाथं, यः पूजयति भावतः ।
मत्पतिर्न पुनर्नूनं, देवपूजापराङ्मुखः ॥२२२॥

दधती भावनामेवं, तस्मिन्नेव दिने नृप ! ।
कदन्नाशनयोगेन, मृत्वा राज्ञः सुताऽभवम् ॥२२३॥

विदाङ्करोतु भूपालो देवार्चाफलमुत्तमम् ।
पारत्रिकं ममानन्तसौख्यलक्ष्मीविधायकम् ॥२२४॥

इमं विलोक्य संपन्ना, मम जातिस्मृतिः प्रिय ! ।
इदं ततः पपाठाऽहं, मूर्च्छाव्यपगमे सति ॥२२५॥

ત્યારપછી હે રાજન્ ! જટાજૂટથી મંડિત અને ગોવાળના વેષધારી તમને ભગવંતની પૂજા કરતાં જોયા. (૨૨૦-૨૨૧)

એટલે મનમાં એવી ભાવના ઉત્પન્ન થઈ કે, "અહો ! આ ગોવાળને ધન્ય છે જે ભાવથી ભગવંતની પૂજા કરે છે અને દેવપૂજાથી વિમુખ મારો પતિ અધન્ય છેકે જે દેવપૂજા કરતો નથી." (૨૨૨)

આ પ્રમાણે ભાવના ભાવતી હું તેજ દિવસે ખરાબ અન્નના યોગે મરણ પામી અને રાજાના ઘરે અવતરી. (૨૨૩)

હે દેવ ! પરભવમાં અનંતસુખ લક્ષ્મીને આપનાર આ દેવપૂજાનું તાત્કાલિક પ્રાપ્ત થયેલું ઉત્તમફળ આપના જાણવામાં આવ્યું હશે. (૨૨૪)

વળી હે પ્રાણનાથ ! આ કઠીયારાને જોઈ મને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. અને તેથી મારો પૂર્વભવ મેં જે જોયો તે મૂર્ચ્છા ઉતરતા મેં આપને કહી બતાવ્યો છે." (૨૨૫)

આ પ્રમાણે સાંભળી રાજાએ કહ્યું કે, "ભગવંતની પૂજાનું

इदं श्रुत्वा नृपः प्राख्यज्जिनेशार्चाफलं महत् ।
पारत्रिकं तवैतस्या, ऐहिकं मम वर्तते ॥२२६॥

इतश्च भगवान् धर्मो, मूर्तिमानिव निर्ममः ।
मुनिचन्द्राभिधः सूरिर्नाभेयं नन्तुमागतः ॥२२७॥

प्रणिपत्य मुनेः पादौ, श्रुतवान् देशनां नृपः ।
सपत्नीकस्तु सम्यक्त्वं, भावतः प्रत्यपद्यत ॥२२८॥

परमश्रावको राजा, द्वादशव्रतपूर्वकम् ।
चकार जगतीं चैत्यैर्निशेषामपि भूषिताम् ॥२२९॥

देशे देशे महीपेन, मारिव्यसनरक्षणम् ।
कारितं जीर्णचैत्यानामुद्धृतिश्च पुरे पुरे ॥२३०॥

મોટું ફળ તને તો બીજાભવમાં મળ્યું. પણ મને તો તેનું ફળ આજ ભવમાં મળ્યું છે." (૨૨૬)

શ્રીમુનિચંદ્રસૂરિનું આગમન. ધર્મદેશના શ્રવણ.

આ પ્રમાણે વાર્તાલાપ ચાલતો હતો. ત્યાં જાણે સાક્ષાત્ ધર્મ હોય તેવા નિર્મમ ભગવાન્ મુનિચંદ્રસૂરિ ત્યાં ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરવા પધાર્યા. (૨૨૭)

એટલે તે મુનિના ચરણકમળને નમસ્કાર કરી રાજાએ તેમની દેશના સાંભળી. દેશનાને અંતે રાજાએ પોતાની રાણી સાથે ભાવપૂર્વક સમ્યક્ત્વ અંગીકાર કર્યું (૨૨૮)

અને પોતે શ્રાવકના બારવ્રત અંગીકાર કર્યા. પછી પરમ શ્રાવક બનેલા તે રાજાએ બારવ્રતનું યથાર્થ પ્રતિપાલન કરતા સમસ્ત મહીમંડળને ચૈત્યોથી વિભૂષિત કરી, (૨૨૯)

દરેક દેશમાં અમારી પડહો વગડાવ્યો અને દરેક નગરમાં

---

१. प्राहेति च ।

निर्दोषमथ सम्यक्त्वं, परिपाल्य मनोरमा ।
मृत्वा समाधिना प्राप, पूर्णायुष्का सुरालयम् ॥२३१॥ **इतश्च –**

अथाऽऽस्तिकमहीपर्षिसमेतः समतानिधिः ।
हस्तिनानगरं प्राप, विहरन् जगताम्पतिः ॥२३२॥

स्वामिनं समवसृतं, विज्ञाय जगतीपतिः ।
देवपालः समायातो, वन्दितुं जगतां गुरुम् ॥२३३॥

प्रदक्षिणिततीर्थेशः, कृतस्तवनमङ्गलः ।
निषसाद यथास्थानं, दत्तदृष्टिर्जिनेश्वरे ॥२३४॥

જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો (૨૩૦)

મનોરમા રાણી નિર્દોષ સમ્યક્ત્વનું પાલન કરી આયુષ્ય પૂર્ણ થતાં સમાધિપૂર્વક મરણ પામી દેવલોકમાં ઉત્પન્ન થઈ. રાજાને તેના મરણથી અત્યંત શોક થયો. (૨૩૧)

મલ્લિનાથ પ્રભુનો વિહાર.

હસ્તિનાપુરનગરે પ્રવેશ.

એકવાર આસ્તિકમહર્ષિઓની સાથે સમતાનિધાન ભગવંત વિહાર કરતાં અનુક્રમે હસ્તિનાપુર પધાર્યા. (૨૩૨)

ભગવંતને ત્યાં પધારેલા જાણી દેવપાળ રાજા વંદન કરવા આવ્યા. (૨૩૩)

પછી ભગવંતને પ્રદક્ષિણા દઈ, સ્તવના કરી જિનેશ્વર પર પોતાની દૃષ્ટિ સ્થાપન કરી તે યથાસ્થાને બેઠો. (૨૩૪)

એટલે મોહરૂપ કર્દમને ધોવામાં મહાપ્રવાહ સમાન જગત્પતિ બોલ્યા કે, "હે રાજન્ ! રાણીના મરણથી તને દુઃખ પ્રાપ્ત થયું

उवाच जगतां नाथो, मोहपङ्कमहाप्लवः ।
राजन् ! राजीवनेत्राया, मरणाद् दुःखमासवान् ॥२३५॥

अनित्यं सर्वमप्येतत्, पयः पूर्णमकुम्भवत् ।
तस्मिन् ममत्वमुच्चैर्यतद् मोहस्य विजृम्भितम् ॥२३६॥

जीवाः सर्वे सुतत्वेन, भार्यात्वेनाऽपि जज्ञिरे ।
सबन्धः किं स कोऽप्यस्ति, स्पृष्टः कर्म्मवशैर्न यः ? ॥२३७॥

यस्यैव हर्षकार्याणि, क्रियन्ते स्नेहगर्भितैः ।
तस्यैव प्रेतकर्म्माणि, तन्वन्ते शोकसंकुलैः ॥२३८॥

अनित्यताकृतमतिः, शुष्कमाल्यो न शोचति ।
नित्यताकृतबुद्धिस्तु, भग्नभाण्डोऽपि रोदिति ॥२३९॥

છે. (૨૩૫)

પણ પાણીથી ભરેલા કાચાકુંભની જેમ આ સંસારમાં બધુ અનિત્ય છે. તેમાં જે મમત્વ રાખવો એ મહામોહની ચેષ્ટા છે. (૨૩૬)

સર્વજીવો આ જીવને પુત્રપણે અને સ્ત્રીપણે સંબંધમાં આવ્યા છે. એવો કોઈપણ સંબંધ નથી કે જેનો કર્મવશજીવોએ સ્પર્શ કર્યો ન હોય ? (૨૩૭)

સ્નેહમાં મગ્ન બની જેના હર્ષદાયી લગ્નાદિ હર્ષકાર્યો કરવામાં આવે છે. શોકાતુર થઈ તેના જ પ્રેતકાર્યો કરવા પડે છે. (૨૩૮)

જે પ્રાણી આ સંસારની અનિત્યતાને બરાબર સમજે છે તે કિંમતી પુષ્પમાળા શુષ્ક થવા છતાં શોક કરતો નથી. અને જે સર્વ પદાર્થોમાં નિત્યતા માની બેઠા છે તે એક માટીનું વાસણ ભાંગી જતાં પણ રૂદન કરવા બેસે છે." (૨૩૯)

इत्यादिस्वामिवाक्यानि, श्रावं श्रावं महीपतिः ।
विरक्तो भवपाशेभ्यो, राज्ये पुत्रं निवेश्य च ॥२४०॥

त्रिशतीप्रमितै राज्ञः, पुत्रैर्वैराग्यरङ्गितैः ।
साकं श्रीमल्लिनाथान्ते, श्रमणोऽजायतोच्चकैः ॥२४१॥ युग्मम्

इतश्च कश्चिदागत्य, द्विजः प्रकृतिमानभृत् ।
स्तम्भ इव स्थिरोऽतिष्ठत्, श्रीमल्लिस्वामिनः पुरः ॥२४२॥

उवाच जगतां नाथो, मा मानं कुरु मानव ! ।
अयं वन्द्योऽप्ययं निन्द्य, इति चेतसि मा कृथाः ॥२४३॥

पुराऽपि मानमाहात्म्याद्, यज्ञदत्ताभिधो द्विजः ।
निन्दनीयकुले जातो, विजातः कर्म्मबन्धने ॥२४४॥

એ પ્રમાણે ભગવંતની દેશના સાંભળી રાજા ભવપાશથી વિરક્ત થયો અને પોતાના પુત્રને રાજ્યપર બેસાડી (૨૪૦)

વૈરાગ્યથી રંગિત થયેલા ત્રણસો રાજપુત્રો સાથે શ્રી મલ્લિનાથ ભગવંત પાસે તેણે દીક્ષા અંગીકાર કરી. (૨૪૧)

એક દિવસ સ્વભાવથી અભિમાની કોઈ બ્રાહ્મણ ભગવંત પાસે આવી થાંભલાની જેમ સ્થિર ઊભો રહ્યો. (૨૪૨)

એટલે ભગવંત બોલ્યા કે, "હે માનવ ! તું માન ન કર. આ વંદનીય છતાં નિંદનીય છે એમ મનમાં ન લાવ. (૨૪૩)

પૂર્વે પણ માનના માહાત્મ્યથી યજ્ઞદત્ત નામે બ્રાહ્મણ અશુભ કર્મબંધ કરી નિંદનીયકુળમાં જન્મ પામ્યો હતો તેની કથા સાંભળ- (૨૪૪)

કરે પ્રતિજ્ઞા જિનશાસનનિંદક વિપ.
વાદમાં હારતાં ચારિત્ર લીએ ક્ષિપ્ર.

पुरे क्षितिप्रतिष्ठाख्ये, महीमण्डलमण्डने ।
यज्ञदत्तो द्विजः क्रोधी, प्रतिघो मूर्तिमानिव ॥२४५॥

सोऽनिन्दत् पण्डितंमन्यो, जिननायकशासनम् ।
जृम्भते स्वल्पबुद्धीनामात्मनीना न हि क्रिया ॥२४६॥

तस्य निन्दामसहिष्णुः, सहिष्णुरपि तत्क्षणात् ।
गुरुणा प्रतिषिद्धोऽपि, चेल्लकः कोऽपि बुद्धिमान् ॥२४७॥

वादायाऽऽह्वाययामास, यज्ञदत्तं द्विजं मुदा ।
यतः परबले दृष्टे, नहि स्थातुमलं भटाः ॥२४८॥ युग्मम्

जेष्यते येन यस्तस्य, सोऽन्तेवासी भविष्यति ।
तयोर्विवदतोरेषा, प्रतिज्ञाऽभून्महीयसी ॥२४९॥

મહીમંડળના મંડનરૂપ ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં સાક્ષાત્ ક્રોધ હોય એવો યજ્ઞદત્ત નામે એક ક્રોધી બ્રાહ્મણ રહેતો હતો. (૨૪૫)

પોતાને પંડિત માનતો તે બ્રાહ્મણ નિરંતર જિનશાસનની નિંદા કરતો હતો. "સ્વલ્પમતિવાળા લોકોથી થતી ક્રિયા પ્રવૃત્તિ તેને હિતકારક થતી નથી. (૨૪૬)

એકવાર સહનશીલ છતાં પણ તેની નિંદાને સહન નહીં કરી શકવાથી ગુરુમહારાજ દ્વારા અટકાયેલ પણ બુદ્ધિશાળી નાનો સાધુએ તે બ્રાહ્મણને વાદ કરવા બોલાવ્યો. કારણ કે **"પારકું લશ્કર નજરે પડતાં સુભટો સ્થિર રહી શકતા નથી."** (૨૪૭-૨૪૮)

પછી વિવાદની શરૂઆતમાં તે બંનેજણાએ આકરી પ્રતિજ્ઞા કરી કે, **"જે જેનાથી જીતાય તે તેનો શિષ્ય થાય."** (૨૪૯)

हेतुवादी विवादेन, सोऽजयत् चेल्लको द्विजम् ।
उदयंस्तरणिः किन्तु, तमसा परिभूयते ॥२५०॥

प्रतिज्ञातं व्रतं विप्रस्तस्य जग्राह सन्निधौ ।
प्रतिज्ञापालने सन्तस्त्वरन्ते दुष्करेऽपि हि ॥२५१॥

वृथाऽप्याऽऽस्वादितो हन्त !, सुधाऽऽहारो जराहरः ।
प्रतिज्ञावशतोऽप्याऽऽत्तं, व्रतं सौख्याय जायते ॥२५२॥

एवं शासनदेव्याऽसौ, बोधितोऽपि महामुनिः ।
अनिन्दत् वस्त्राङ्गमलं, **दुस्त्यजा कुलवासना** ॥२५३॥

પછી વિવાદમાં હેતુવાદી તે શિષ્યે તે બ્રાહ્મણને જીતી લીધો. સૂર્યોદય થતાં શું અંધકાર ટકી શકે છે ? (૨૫૦)

વાદમાં હારતા તે બ્રાહ્મણે પૂર્વની પ્રતિજ્ઞા પ્રમાણે વ્રત લીધું. "કારણ **દુષ્કરપ્રતિજ્ઞા પાલનમાં સજ્જનો ત્વરાવાળા હોય છે.**" (૨૫૧)

અહો ? પ્રતિજ્ઞાવશ વ્રત લેતા પણ સુખી થયો છે. જુઓ ! વિના પ્રયોજને પણ સુધાનાં આહાર કરતાં તે જરાને હરે છે. (૨૫૨)

મલમૂત્ર-ગાત્રની દુર્ગંચ્છા શરીરની કરે.
વૈરીસ્ત્રી ચૂર્ણ આપી મારણ કરે.

ચારિત્ર લેવા છતાં પણ જાતિથી બ્રાહ્મણ હોવાથી તેને શરીરને વસ્ત્રની મલિનતા ઉપર દુર્ગંછા આવવા લાગી. એટલે શાસનદેવીએ તેને બોધ આપ્યો. (૨૫૩)

ઘણી રીતે સમજાવ્યો છતાં પણ તે મુનિ વસ્ત્ર અને અંગના મેલને નિંદવા લાગ્યા. હવે તેના સંસર્ગથી તેની જ્ઞાતિવાળાઓને

ज्ञातयस्तस्य संसर्गाद्, भेजुः शान्तिं क्षणादपि ।
प्रावृषेण्याच्च सम्पर्काद्, दवदग्धा द्रुमा इव ॥२५४॥

तस्य प्रणयिनी तत्रानुरागं बिभ्रती शठा ।
वश्याय पारणे तस्मै, कदाचित् कार्म्मणं ददौ ॥२५५॥

स राजयक्ष्मणेवोच्चैः, क्षयं तेनाऽनिशं व्रजन् ।
स्मरन् पञ्च नमस्कारं, देवलोकमगान्मुनिः ॥२५६॥

तस्याऽऽवसानं सा श्रुत्वा, वैराग्यात् सहचारिणी ।
व्रतं जग्राह मानुष्यजन्मभूमीरुहः फलम् ॥२५७॥

पतिहत्यात्मकं घोरमनालोच्यैव पातकम् ।
तपः कृत्वा दिवं साऽऽप, **तपः सर्वाऽर्थसाधकम्** ॥२५८॥

તો શાંતિપ્રાપ્ત થઈ. કારણ કે વર્ષાઋતુના મેઘના સંસર્ગથી દવદગ્ધવૃક્ષોને પણ શાંતિ પ્રાપ્ત થાય છે. (૨૫૪)

હવે તેના પર અનુરાગને ધારણ કરતી અને શઠ એવી તેની સ્ત્રીએ તેને વશ કરવા માટે એકવાર તેના આહારમાં કાર્મણ (ચૂર્ણ) આપી દીધું. (૨૫૫)

એટલે તેના ભક્ષણથી રાજ્યક્ષ્મા (ક્ષય) વ્યાધિની જેમ તેનું શરીર નિરંતર ક્ષય પામતાં તે મુનિ કાળ કરી દેવલોકે ગયા. (૨૫૬)

તેનું અવસાન સાંભળી તેની સ્ત્રીએ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી માનવજન્મરૂપી વૃક્ષના ફળ સમાન ચારિત્ર ગ્રહણ કર્યું. (૨૫૭)

પરંતુ પતિહત્યારૂપ ઘોર પાપને આલોવ્યા વિના તપ કરી તે સ્વર્ગે ગઈ." **તપથી ખરેખર સર્વ અર્થની સિદ્ધિ થાય છે.** (૨૫૮)

यज्ञदत्तस्य जीवोऽथ, च्युत्वा राजगृहे पुरे ।
धनसार्थपतेर्दास्याश्चिलात्या नन्दनोऽजनि ॥२५९॥

चिलातीपुत्र इत्येष चिलात्याः पुत्र इत्यभूत् ।
को नामकरणादीनि, गोपानां हि प्रकल्पयेत् ? ॥२६०॥

यज्ञदत्तप्रियाजीवः, पुत्रपञ्चकपृष्ठतः ।
भद्राया धनभार्यायाः, सुंसुमाख्या सुताऽभवत् ॥२६१॥

बालधारककर्म्मत्वे, सुंसुमाया धनो धनी ।
योजयामास दासेरं, युक्तेयं स्थितिरीदृशाम् ॥२६२॥

भूयांस्याऽऽगांस्यऽसौ, चक्रे बिभ्यत् श्रेष्ठीव राजतः ।
निरवासयदन्यायकृतं तं दन्दशूकवत् ॥२६३॥

યજ્ઞદત્તનો જીવ સ્વર્ગથી ચ્યવી રાજગૃહનગરમાં ધન સાર્થવાહની ચિલાતી નામે દાસીનો પુત્ર થયો. (૨૫૯)

તે ચિલાતીનો પુત્ર હોવાથી તેને ચિલાતીપુત્ર કહીને સૌ બોલાવવા લાગ્યા. **"ગોવાળોના નામ પાડવા કોણ પ્રયાસ કરે છે ?"** (૨૬૦)

યજ્ઞદત્તની સ્ત્રીનો જીવ સ્વર્ગથી ચ્યવી ધનશેઠની ભદ્રાનામની સ્ત્રીની કુક્ષીથી પાંચપુત્રો ઉપર સુંસુમા નામે પુત્રી થઈ. (૨૬૧)

શ્રીમાન ધનશેઠે સુંસુમાને બાળપણામાં સંભાળવા માટે પેલા દાસીના પુત્રની નિમણુંક કરી. કેમ કે, **"તેવાઓને તેવું જ કામ યુક્ત છે."** (૨૬૨)

તેણે ઘણી વખત અપરાધ કર્યા છતાં રાજાથી ભય પામીને શ્રેષ્ઠિએ તેને સર્પની જેમ ઘરની બહાર કાઢી મૂક્યો. (૨૬૩)

એટલે તે અન્યાય અને અસતીના સંકેતસ્થાનરૂપ સિંહગુફા

अन्यायपुंश्चलीक्रीडासङ्केतस्य निकेतनम् ।
पल्लीं सिंहगुहाभिख्यामगाद् दासीसुतस्ततः ॥२६४॥

अथो मलिम्लुचैः साकं, प्रवीणैरनयाऽध्वनः ।
तस्याऽजायत सत्प्रीतिः, सख्यं तुल्ये प्रवर्धते ॥२६५॥

मृते सिंहगुहेशेऽसौ, तत्पदे तैर्निवेशितः ।
नरेन्द्रेणाऽपि दुर्जेयः, सपक्ष इव पन्नगः ॥२६६॥

इतश्च सुंसुमां कामो, राजधानीमिवोत्तमाम् ।
कामिचित्तजनावासनिवेशाय विनिर्म्ममौ ॥२६७॥

अस्ति राजगृहे श्रेष्ठी, पञ्चपुत्रो धनाभिधः ।
सुंसुमाख्या सुता तस्य, निःसीमा रूपसम्पदा ॥२६८॥

નામની પલ્લીમાં ગયો. (૨૬૪)

ત્યાં અનીતિમાર્ગમાં પ્રવીણ તેને ચોરોની સાથે મિત્રતા થઈ. **"જયાં સમાનતા હોય ત્યાં મિત્રતા થાય જ છે."** (૨૬૫)

એકવાર સિંહગુફાનો સ્વામી મરણ પામ્યો. એટલે ચોરોએ તેને પલ્લીપતિના પદપર સ્થાપન કર્યો. પદવીપણું મળવાથી તે સર્પોને ગરૂડની જેમ રાજાઓને પણ દુર્જેય થઈ પડ્યો. (૨૬૬)

હવે અહીં કામદેવે કામીજનોના ચિત્તને સ્થાપન કરવા સારૂં સુંસુમાને એક ઉત્તમ રાજધાની જેવી અતિસુંદર તૈયાર કરી અર્થાત્ તે યૌવનાવસ્થા પામવાથી બહુ રૂપવંત થઈ. (૨૬૭)

એકવાર ચિલાતીપુત્રે ચોરો સાથે સંકેત કર્યો કે, "રાજગૃહ નગરમાં પાંચપુત્રવાળો ધન નામે શેઠ છે તેને રૂપસંપત્તિમાં અનુપમ સુંસુમા નામની સુતા છે. (૨૬૮)

આપણે તેને ત્યાં ધાડ પાડવા જવું છે. તેમાં જે દ્રવ્ય મળે તે

युष्माकं द्रविणं तस्य, सुंसुमा मे कुमारिका ।
व्यवस्थायेति तैः सार्द्धमगाद् धनगृहं निशि ॥२६९॥ (युग्मम्)

दत्त्वाऽवस्वापिनीं विद्यां, श्रेष्ठिलोकस्य तत्क्षणम् ।
वेगेन लुण्टयामास, निष्पुत्रस्येव तद् धनं ॥२७०॥

पद्मिनीमिव मातङ्गः, पौलस्त्य इव जानकीम् ।
स सुंसुमामपाऽहार्षीत्, प्रीतिवल्लीघनोदयाम् ॥२७१॥

तद्वासरोढजम्बूवद्, मोघा विद्याऽभवद् धने ।
सपुत्रोऽपससाराऽथ, नीतिर्नीतिमतामसौ ॥२७२॥

लुण्टयित्वा धनं हृत्वा, सुंसुमां च तथा स्वयम् ।
दुष्टबुद्धिः पलायिष्ट, लुण्टाकैः सह दुर्जयैः ॥२७३॥

તમારૂં અને સુંસુમા નામની તેની પુત્રી મારી." આ રીતે નિશ્ચય કરી ચિલાતીપુત્ર રાત્રે ઘણા ચોરોની સાથે ધનના ઘરમાં પેઠો (૨૬૯)

અને ઘરમાં તમામ માણસોને અવસ્વાપિની નિદ્રા આપી. પછી અપુત્રીયાના ધનની જેમ ચોરો આખા ઘરને ઝડપથી લુંટવા લાગ્યા. (૨૭૦)

ચિલાતીપુત્રે પદ્મિનીને હાથી ઉપાડે અથવા સીતાને રાવણ ઉપાડે તેમ પ્રીતિલતાને મેઘના ઉદય સમાન સુંસુમાને ગ્રહણ કરી, (૨૭૧)

પરંતુ તેજ દિવસે પરણેલા જંબુકુમારની જેમ ધનશેઠ ઉપર તેની વિદ્યા નિષ્ફળ થઈ. અર્થાત્ અસર કરી ન શકી. એટલે તે શેઠ આ વાત જાણતા હતા, છતાં પણ પોતાના પુત્રો સહિત દૂર થઈ ગયો. **"નીતિવાનોની એવી નીતિ જ છે."** (૨૭૨)

અહીં તેનું સમગ્રધન લુંટાવીને અને પોતે સુંસુમાને લઈને

धनः श्रेष्ठी समाहूय, रक्षकानित्यभाषत ।
समानयत भोः ! वित्तं, निःशेषं सुंसमामपि ॥२७४॥

आरक्षकजनैः साकं, नन्दनैरपि पञ्चभिः ।
अनुव्रजन् धनः श्रेष्ठी, सुतामयममन्यत ॥२७५॥

इत इतः पलायन्त, इतोऽपि श्रूयते रवः ।
इतोऽपि दृश्यते रेणुश्चौराणां चरणोद्भवः ॥२७६॥

ब्रुवाणैः पदिकैरेवमनुस्यूता इव क्षणात् ।
[१]सलोप्त्रांस्तस्करान् क्रूरान्, ददृशुः पुररक्षकाः ॥२७७॥

इतो गृह्णीत गृह्णीत, हत हतेति भाषकैः ।
रक्षकैस्तस्करा व्याप्ता, मृगा वागुरिकैरिव ॥२७८॥

દુર્જય ચિલાતીપુત્ર લુંટારાઓ સહિત તેના ઘરમાંથી પલાયન થઈ ગયો. (૨૭૩)

તેના ગયા પછી ધનશેઠે કોટવાળને (આરક્ષકને) બોલાવીને જાહેર કર્યું કે, **"સમસ્ત ધન અને સુંસુમાને ચોરો લઈ જાય છે. માટે સ્વાધીન કરી આપો."** (૨૭૪)

એટલે આરક્ષકજનો ચોરની પાછળ ચાલ્યા. ધનશેઠ પણ પોતાના પાંચપુત્રો સહિત તેની સાથે ચાલ્યો. (૨૭૫)

અહો ! આ રસ્તે ચોરો પલાયન કરી ગયા લાગે છે. એમના પગલા પરથી જોતાં જોતાં સમીપમાં જ તેમનો શબ્દ સંભળાય છે. (૨૭૬)

એમ કરતાં અને તેમના ચરણની ઉડેલી રજ આ દેખાય છે. (૨૭૭)

આ પ્રમાણે બોલતા અને ચાલતાં થોડા સમયમાં જ ચોરીના

१. अपहृतद्रविणसहितानिति भावः ।

आरक्षकजनव्रातघातवित्रस्तचेतसः ।
वित्तं मुक्त्वा प्रणेशुस्ते, श्येनादिव विहङ्गमाः ॥२७९॥

आरक्षपुरुषा वित्तं, दुष्प्रापं प्राप्य पुष्कलम् ।
व्यावर्तन्त **कृतार्था, हि जनाः स्वस्थानगामिनः** ॥२८०॥

सुंसमामुद्वहन्नंशे[१], खड्गयष्टिमिवाऽपराम् ।
अरण्यानीं प्रविष्टोऽसौ, गुहामिव मृगाधिपः ॥२८१॥

सहितः पञ्चभिः पुत्रैः, पुत्रो क्रष्टुं तदाननात् ।
स्वमनःस्पर्द्धयेवाऽऽशु, धावति स्म धनोऽस[२]खी ॥२८२॥

માલ સહિત તે ક્રૂર ચોરો દૂરથી આરક્ષકોના જોવામાં આવ્યા. (૨૭૮)

એટલે "આ બાજુથી તેમને પકડો અને મારો." એમ બોલતાં આરક્ષકોએ મૃગોને વાગરિકોની (શિકારી) જેમ ચોરોને ઘેરી લીધા. (૨૭૯)

એટલે આરક્ષકોના મારથી ત્રાસ પામી ધન મૂકી શ્યેનથી પક્ષીઓની જેમ તે ચોરો ભાગી ગયા. (૨૮૦)

પછી આરક્ષક લોકો તો દુષ્પ્રાપ્ય પુષ્કળ ધન પામી પાછા વળ્યા. **"કારણ કે કૃતાર્થ થયેલા લોકો પાછા સ્વસ્થાને જ જાય છે."** (૨૮૧)

સુંસુમા ઉપાડી એક અરણ્યમાં પેસે.
શ્રેષ્ઠી દેખી મસ્તક સુંસુમાનું છેદે.

હવે પોતાના સ્કંધ ઉપર અપર ખડ્ગયષ્ટિની જેમ સુંસુમાને ઉપાડી ચાલતો ચિલાતીપુત્ર ગુફામાં સિંહની જેમ એક મોટા અરણ્યમાં પેઠો. (૨૮૨)

---

૧. स्कन्ध इत्यर्थः । २. -ऽसुधीरित्यपि ।

समीपमागते तस्मिन्, सुंसमा माऽस्तु मेऽस्य सा ।
ध्यात्वेति कदलीलावमलावीत् सुंसमाशिरः ॥२८३॥

पुरस्तात्तत्कबन्धस्य, पुत्रयुक्तो धनो रुदन् ।
अरोदयत् तरुश्रेणीं, प्रतिध्वानैः सुदुःश्रवैः ॥२८४॥

तस्याः कबन्धमुत्सृज्य, निवृत्तोऽसौ सनन्दनः ।
नखंपचरजा जज्ञे, मध्याह्नसमयस्ततः ॥२८५॥

श्रेष्ठिशोकेन विच्छायाः, स्वजना इव शाखिनः ।
बाढमश्रूणि मुञ्चन्ति, पतत्किञ्जल्ककैतवात् ॥२८६॥

એટલે તેના હાથમાંથી પુત્રીને છોડાવવા માટે પોતાના પાંચપુત્રો સહિત આતુર ધનશેઠ પોતાના મનની સાથે સ્પર્ધા કરતો સત્વર દોડવા લાગ્યો. (૨૮૩)

એટલે પલ્લિપતિ ચિલાતીપુત્રે "સુંસુમા મારી પણ ન થાય અને એની પણ ન થાય." એમ વિચારીને કદલીની જેમ તેનું મસ્તક કાપી નાંખ્યું (૨૮૪)

પુત્રી વિયોગે ચારિત્ર સ્વીકાર.
ધનર્ષિ સાધના કરી સ્વર્ગે ગમન.

અને ધડ પડતું મૂકી મસ્તક હાથમાં લઈ આગળ દોડ્યો. આ બાજુ પોતાના પુત્ર સહિત શેઠ ધડની નજીક આવ્યા. અત્યંત દુઃશ્રવ પ્રતિધ્વનિથી વૃક્ષોને પણ રોવરાવતો રૂદન કરવા લાગ્યો. (૨૮૫)

અને તે ધડને ત્યાંજ પડતું મૂકી પોતાના પુત્રો સહિત શેઠ પાછો ફર્યો. એવામાં તપેલી રજથી નખ પણ પાકી જાય તેવો મધ્યાન્હ સમય થયો. (૨૮૬)

न जलं न फलं क्वाऽपि, ददृशुर्धननन्दनाः ।
पशूंश्च प्रत्युत हिंस्रांश्चौरेशप्रेरितानिव ॥२८७॥

पुत्रिकामरणं वित्तनाशो दुःखसमागमः ।
विचिन्त्येति धनो दैवमुपालभत भूरिशः ॥२८८॥

दैवमेवापदां कर्तृ, हर्तृ सुप्राप्तसम्पदाम् ।
विधातृ शुभबुद्धीनां, दातृ निन्द्यधियामपि ॥२८९॥

इत्थं ध्यायन् धनः श्रेष्ठी, प्राप राजगृहं पुरम् ।
सुंसुमायाश्चकाराऽऽशु, प्रेतकार्यं यथाविधि ॥२९०॥

अथ वैराग्यमापन्नः, श्रीवीरस्वामिसन्निधौ ।
व्रतं प्राप तपस्तप्त्वा, धनर्षिस्त्रिदिवं ययौ ॥२९१॥

એટલે શેઠના શોકથી અત્યંત ખેદ પામેલા સ્વજનોની જેમ નીકળતા પુષ્પરજના મિષથી વૃક્ષો પણ આંસુ પાડવા લાગ્યા. (૨૮૭)

તે સમયે જળ કે ફળ તો દૂર રહ્યા પણ ધનશેઠના પુત્રોએ ઉલટા જાણે પલ્લિપતિએ પ્રેર્યા હોય તેમ સિંહાદિ પશુઓ જોયા. (૨૮૮)

તે સમયે ધનનોનાશ, પુત્રીનું મરણ, અસહ્યદુઃખના આગમનને વારંવાર ચિંતવતો ધન શેઠ દૈવને ઠપકો દેવા લાગ્યો. (૨૮૯)

ફરી તેણે વિચાર કર્યો કે, "આપત્તિને આપનાર અને સંપત્તિને હરનાર દૈવ જ છે. વળી સન્મતિ કે દુર્મતિ ને પણ તે જ આપનાર છે." (૨૯૦)

આ પ્રમાણે વિચાર કરતો ધનશેઠ મહામુશ્કેલીએ રાજગૃહ નગરે પહોંચ્યો. અને ત્યાં સુંસુમાનું તેણે યથાવિધિ પ્રેતકાર્ય કર્યું. (૨૯૧)

चैलातेयः सुंसुमाया, वीक्षमाणो मुखं ययौ ।
दिशं याम्यामुपगतां, प्रियामनुव्रजन्निव ॥२९२॥

कायोत्सर्गस्थितं ध्यानतत्परं कामविद्विषम् ।
सोऽप्रकम्पं मेरुमिव, मुनिमेकमथैक्षत ॥२९३॥

स्वकीयकर्म्मणा कामं, लज्जितस्तमुवाच सः ।
धर्मं ब्रूह्यन्यथा तेऽपि, छेत्स्याम्यस्याः शिरो यथा ॥२९४॥

स ज्ञानी ज्ञानतो ज्ञात्वा, भव्योऽयमिति चाब्रवीत् ।
उपशमो विवेकश्च, संवरः कार्य इत्यपि ॥२९५॥

ततश्च चारणमुनिर्नभोगमनविद्यया ।
उत्पपात महासत्त्वः, सत्त्वराशिप्रबोधकृत् ॥२९६॥

પછી વૈરાગ્ય પામી શ્રીવીરપ્રભુ પાસે તેણે દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે તપ તપી ધનર્ષિ સ્વર્ગે ગયા. (૨૯૨)

અહીં સુંસુમાના મુખને વારંવાર નિહાળતો અને જાણે પ્રિયાની પાછળ જતો હોય તેમ ચિલાતીપુત્ર દક્ષિણદિશા તરફ ચાલ્યો. (૨૯૩)

એવામાં કાયોત્સર્ગમાં રહેલા, ધર્મધ્યાનમાં તત્પર, કામદેવના શત્રુ અને મેરૂપર્વતની જેવા અડોલ એક મુનિને તેણે જોયા. (૨૯૪)

એટલે પોતાના કર્મથી અત્યંત લજ્જા પામેલા તેણે તે મહાત્માને કહ્યું કે, "હે મુનિ ! ધર્મ કહે, નહિ તો આની જેમ તારૂં મસ્તક પણ છેદી નાંખીશ." (૨૯૫)

એટલે પોતાના જ્ઞાનથી તેને ભવ્ય જાણી તે મહાત્માએ કહ્યું કે, "ઉપશમ, વિવેક, સંવર આચરવો." (૨૯૬)

अथ भावयतस्तस्य, वारं वारं पदत्रयीम् ।
उल्लेख ईदृशो जज्ञे, दुष्टस्याऽपि शुभोदयात् ॥२९७॥

क्रोधादीनां कषायाणां, कुर्यादुपशमं सुधीः ।
तैरहं हहहा !! क्रान्तः, कुष्ठीव कृमिजालकैः ॥२९८॥

[१]श्रद्धामुकुष्टजं कुर्वन्, पथ्यं सन्तोषचूर्णितम् ।
चिकित्साम्यद्य तान् सर्वान्, शमभेषजयोगतः ॥२९९॥

धर्मरोहणमाणिक्यं, लग्नकं शिवसम्पदः ।
कार्मणं कीर्तिकान्ताया, आवालं ज्ञानशाखिनः ॥३००॥

આ પ્રમાણે કહી મહાસત્ત્વશાળી અને ભવ્યજીવોને પ્રતિબોધ પમાડવામાં કુશળ તે ચારણમુનિ આકાશગામિની વિદ્યાના બળથી આકાશમાં ઉડી ગયા. (૨૯૭)

ત્રિપદી વિચારી કરે આત્મજાગરણ.
ઉપસર્ગ સહી પામે સમાધિમરણ.

અહીં મુનિની કહેલ પદત્રયીનું વારંવાર ધ્યાન કરતાં પોતે દુષ્ટ છતાં શુભકર્મના ઉદયથી આવા પ્રકારની ભાવના જાગી કે, (૨૯૮)

"સજ્જન-સમજુએ ક્રોધાદિ કષાયોનો ઉપશમ કરવો જોઈએ. પણ અહો ! કૃમિઓથી કોઢીની જેમ હું તો તે કષાયોથી વ્યાપ્ત છું. ભરેલો છું. (૨૯૯)

માટે સંતોષરૂપ ચૂર્ણ સહિત શ્રદ્ધારૂપ મગના પાણીને પથ્યપણે સ્વીકારી શમરૂપ ઔષધના યોગે કષાયોરૂપ વ્યાધિની આજે હું ચિકિત્સા કરું." (૩૦૦)

---

१. श्रद्धारूपां मौद्गीमेव पथ्यं कुर्वन्नित्यान्तरम् ।

अधिष्ठानं माहात्म्यस्य, क्रकचं मोहदारुणः[1] ।
विवेकं कुरुतां धीमान्, सावद्यत्यागलक्षणम् ॥३०१॥ (युग्मम्)

सुंसुमायाः शिरः पाणौ, सत्यंकारमिवैनसः ।
दधानस्य मम क्वाऽऽस्ते, विवेकः कारणं श्रियः ? ॥३०२॥

तच्छीर्षं दुर्गतिद्वारकपिशीर्षं विवेकतः ।
मुञ्चति स्म चिलातीसूर्मूर्तीभूतशिवेतरम् ॥३०३॥

संवरो भणितोऽक्षाणां, मनसश्च निवर्तनम् ।
स प्रपन्नो मया भाग्यात्, कल्यकल्पः[2] शिवश्रियः ॥३०४॥

पदानामर्थमेवं स, भावयन् भावनाऽन्वितम् ।
समाधिमधिगम्योच्चैरभूत् हन्मात्रचेतनः ॥३०५॥

વળી ધર્મરૂપ રોહણાચલના માણિક્ય સમાન, શિવસંપત્તિ સાથે જોડાણ કરાવનાર, કીર્તિરૂપ કાંતાના કાર્મણ સમાન, જ્ઞાનવૃક્ષોના ક્યારા સમાન, (૩૦૧)

માહાત્મ્યના આધારરૂપ, મોહકાષ્ઠના કરવતરૂપ અને સાવદ્યના ત્યાગરૂપ વિવેકને બુદ્ધિશાળી જીવો ધારણ કરે છે. (૩૦૨)

તો મારા ઉગ્રપાપના સાક્ષીરૂપ આ સુંસુમાના શિરને હાથમાં ધારણ કરતાં મારામાં લક્ષ્મીના કારણરૂપ વિવેક ક્યાં છે ? (૩૦૩)

આમ વિચારીને દુર્ગતિરૂપ દ્વારના કાંગરા સમાન અને સાક્ષાત્ અકલ્યાણરૂપ તે સુંસુમાના મસ્તકને ચિલાતીપુત્રે મૂકી દીધું. (૩૦૪)

પછી ફરી તે વિચારવા લાગ્યો કે, "ઇંદ્રિય અને મનના નિરોધ માટે સંવર કહેલ છે મોક્ષલક્ષ્મીના ભૂષણરૂપ તે સંવરને ભાગ્યયોગે જ હું પામી શક્યો છું." (૩૦૫)

---

१. मोहकाष्ठस्येति ज्ञानीयम् । २. भूषणसदृश इति हृदयम् ।

अथ विस्राऽसृजा देहं, व्याप्तं तस्य महात्मनः ।
क्षणात् पिपीलिकाश्चक्रुः, सच्छिद्रं चालनीसमम् ॥३०६॥

स तासामुपसर्गेऽपि, चित्रन्यस्त इव स्थिरः ।
अहोरात्रद्वये सार्धे, व्यतिक्रान्ते दिवं ययौ ॥३०७॥

श्रुत्वेति यज्ञदत्तस्य, दृष्टान्तं मानसंभवम् ।
द्विजो मानं परित्यज्य, स्वामिनं प्रणमंस्तदा ॥३०८॥

अथाऽवोचत भगवन्नऽहमस्मि द्विजाग्रणीः ।
अयं क्षत्रकुलोत्पन्नो, मया वन्द्यः कथं जिनः ? ॥३०९॥

इत्यादिर्मामकः स्वामिन् !, विकल्पो भवकोटिकृत् ।
क्षणमात्रादयं नष्टः, किं न स्याद् गुरुसङ्गमात् ? ॥३१०॥

આ પ્રમાણે ત્રણેપદોના અર્થોની ભાવના ભાવતાં ભાવસમાધિમાં તેનું મન એકાગ્ર થઈ ગયું. (૩૦૬)

હવે મસ્તકના રક્તથી ખરડાયેલા તે મહાત્માના દેહ ઉપર કીડીઓ ચડી આવી. ચટકા મારી દેહને ચારણી જેવો સછિદ્ર બનાવી દીધો. (૩૦૭)

અને કીડીઓ એકબાજુથી પેસીને બીજી બાજુ નીકળવા લાગી. આ પ્રમાણે મહાઉપસર્ગ ઉપસ્થિત થવા છતાં ચિત્રસ્થની જેમ સ્થિરરહેલા તે મહાત્મા અઢીદિવસ સુધી તે ઉપસર્ગને સહન કરી શુભભાવના સંયોગથી મરણ પામી સ્વર્ગે ગયા. (૩૦૮)

ઇતિ ચિલાતીપુત્ર કથા.

આ પ્રમાણે માનના સંબંધમાં યજ્ઞદત્તનું દૃષ્ટાંત સાંભળી તે વિપ્રે માનને છોડી ભગવંતને પ્રણામ કર્યા (૩૦૯)

અને કહ્યું કે, "હું બ્રાહ્મણોમાં અગ્રેસર છું. અને આ તો

ततस्त्रिभुवनाधीशपादान्नत्वा द्विजाग्रणीः ।
कृतमानपरित्यागश्चारित्रं प्रत्यपद्यत ॥३११॥

ततश्च विहरन्नाथः, श्वेताम्बीं नगरीं ययौ ।
तत्रास्थुः तापसाः कोपमानसास्त्रिशतीमिताः ॥३१२॥

सर्वज्ञो भगवानेष, श्रुत्वेति वचनं कटु ।
आगुः समवसरणं, रणं दुष्कृतकर्मणाम् ॥३१३॥

तानुवाच जगन्नाथो, भोः ! भोः ! मुनिमतङ्गजाः ! ।
सर्वज्ञवचनं श्रुत्वा, किं कोपेन मलीमसाः ? ॥३१४॥

मनोगतपरिज्ञातादुष्कर्णास्तेऽवदन्निति ।
प्रणत्य भगवत्पादौ, कोपाख्यानं प्रकाशय ॥३१५॥

ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલો છે. તો મારે તેમને કેમ વાંદવા ? (૩૧૦)

આવા ક્રોડો ભવની વૃદ્ધિ કરનારો મારો વિકલ્પ હે સ્વામિન! આપના સમાગમથી ક્ષણવારમાં નષ્ટ થયો છે. (૩૧૧)

અહો ! ગુરુસમાગમથી શું પ્રાપ્ત થતું નથી ? આ પ્રમાણે કહી ફરી ભગવંતના ચરણને નમી તે બ્રાહ્મણે માનનો ત્યાગ કરી ભગવંત પાસે ચારિત્ર અંગીકાર કર્યું. (૩૧૨)

હવે ભગવંત વિહાર કરતા શ્વેતાંબી નગરીએ પધાર્યા. ત્યાં ત્રણસો ક્રોધી તાપસો રહેતા હતા. (૩૧૩)

તેઓ "આ ભગવાન સર્વજ્ઞ છે." એવું કર્ણકટુ વચન સાંભળી દુષ્કર્મોના વિનાશ કરવાના કારણરૂપ સમવસરણમાં આવ્યા. (૩૧૪)

એટલે ભગવંતે તેમને ઉદ્દેશીને કહ્યું કે, હે મુનિઓ ! "સર્વજ્ઞ"

---

१. मुदिताऽऽशया एवमपि ।

अथ प्रबोधमुद्दिश्य, श्रीमन्मल्लिजिनेश्वरः ।
एवं गदितुमारेभे, प्रत्यूहध्वान्तभास्करः ॥३१६॥

सिद्धान्तपारदृश्वाऽपि, प्रकृत्या कोपनोऽधिकम् ।
चण्डरुद्राभिधः सूरिरभूद् भुवनविश्रुतः ॥३१७॥

अत्यल्पेऽपि क्रियालोपे, प्रमाद्यन्तं कदाचन ।
आचुक्रोश मुनिग्रामं, क्रोधावेशविसंस्थुलः ।.३१८॥

स्तोकमात्रं मुनीनां स, स्खलितं सोढुमक्षमः ।
गच्छस्य दूरदेशेऽस्थाद्, मुनिसंक्लेशभीलुकः ॥३१९॥

એવું વચન સાંભળી તમે કોપથી મલિન શા માટે થાઓ છો ? (૩૧૫)

આ પ્રમાણે પોતાના મનોગતભાવને જાણવાથી તે ભગવંતના ચરણને નમી કાંઈક ઉત્સુકતા ધારણ કરી કહેવા લાગ્યા કે, "હે પ્રભો ! કોપસંબંધી વ્યાખ્યાન કરો." (૩૧૬)

એટલે પ્રતિબોધ પમાડવાના ઉદ્દેશથી વિઘ્નરૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન ભગવંત કહેવા લાગ્યા કે- (૩૧૭)

ચંદ્રરૂદ્રાચાર્યની કથા

સિદ્ધાંતના પારગામી પણ સ્વભાવે અધિક કોપાયમાન ભુવનમાં વિખ્યાત ચંદ્રરૂદ્ર નામે એક આચાર્ય હતા. (૩૧૮)

ક્રોધાવેશથી વ્યાપ્ત તે મુનિ અત્યલ્પ ક્રિયાનો લોપ થતાં કોઈવાર અલ્પ પ્રમાદ કરતાં મુનિસમૂહ ઉપર પણ આક્રોશ કરતા હતા. (૩૧૯)

સ્વલ્પમાત્ર પણ મુનિઓની સ્ખલનાને સહન કરવા અસમર્થ અને મુનિઓને ક્લેશ ઉપજાવનારા તે સૂરિ સમુદાયથી જરા દૂર

मासकल्पेन सातत्यं, गच्छेन सह संयमी ।
विहरन् मालवे देशेऽवन्त्युद्यानमुपेयिवान् ॥३२०॥

इतः कश्चिन्महेशस्य, सूनुः कन्दर्पसुन्दरः ।
पर्यणयत वित्तेशकन्यकां रतिसन्निभाम् ॥३२१॥

मित्रैः समानशीलाङ्गैस्तत्पादाम्भोजपावितम् ।
स युवा क्रीडितुं रम्यं, तदुद्यानं समागमत् ॥३२२॥

नानाविधाभिः क्रीडाभिः, क्रीडन्तः प्रतिपादपम् ।
ददृशुः सुहृदस्तस्य, धर्मध्यानरतान् मुनीन् ॥३२३॥

यथाचारं नमस्कृत्य, गर्भश्रावकसन्निभाः ।
ववन्दिरे मुनीनेतान्, क्षमाश्रमणपूर्वकम् ॥३२४॥

पूज्याः ! सखाऽयमस्माकं, बाल्याद् वैराग्यनिर्भरः ।
व्रतं गृहीतुकामोऽस्ति, कुरुताऽस्य समीहितम् ॥३२५॥

પ્રદેશમાં જ રહેતા હતા. (૩૨૦)

એકવાર માસકલ્પ કરતા તે સંયમી ગચ્છની સાથે વિચરતા માલવદેશમાં અવંતીના ઉદ્યાનમાં પધાર્યા. (૩૨૧)

હવે અહીં શેઠનો કામદેવ સમાન સુંદરપુત્ર રતિસમાન એક શેઠની કન્યાને તરતમાં જ પરણ્યો છે. (૩૨૨)

તે યુવક પોતાના સમાન આચાર-વિચારવાળા મિત્રોની સાથે આ મુનિઓના ચરણકમળથી પાવન થયેલા તે રમ્ય ઉદ્યાનમાં ક્રીડા કરવા આવ્યો. (૩૨૩)

ત્યાં દરેક વૃક્ષની નીચે અનેક પ્રકારની ક્રીડા કરતાં તેના મિત્રોએ ધર્મધ્યાનમાં પરાયણ મુનિઓને જોયા. (૩૨૪)

એટલે ગર્ભશ્રાવકની જેમ યથાયોગ્ય નમસ્કાર કરી

शठान् वण्ठानि ज्ञात्वा, जजल्पुर्मुनिपुङ्गवाः ।
दीक्षायामधिकारोऽस्ति, गुरोरस्मादृशां नहि ॥३२६॥

क्वाऽऽस्ते गुरुस्तदापृष्टैः, कृतवक्रौष्ठिकैं[1]श्च तैः ।
इत्यचिन्त्यत निर्ग्रन्थैर्धृष्यतां कलिना कलिः ॥३२७॥

दर्शितः सस्मितं पाणिसंज्ञया मुनिपुङ्गवः ।
नत्वा सूरिं ततस्तद्वत्, सुहृद्वर्गोऽप्यवोचत ॥३२८॥

मया सह कथं मूर्खा, एते हास्यं वितन्वते ।
तत्फलं दर्शयिष्यामि, केशलुञ्चनकैतवात् ॥३२९॥

क्षमाश्रमणपूर्वक तेमणे मुनिओने वंदन कर्युं. (३२५)

अने कह्युं के, "हे पूज्यो ! आ अमारो मित्र बाल्यकाळथी जे विरागी छे. अत्यारे ते दीक्षा लेवा उत्सुक छे. माटे एना मनोरथ पूर्ण करो." (३२६)

एटले तेमने शठ अने मश्करा मानी मुनिओ बोल्या के, "दीक्षा आपवानो अधिकार अमारा गुरुमहाराजनो छे. अमारा जेवा शिष्योनो नथी. तेथी अमाराथी दीक्षा आपी न शकाय." (३२७)

एटले तेमणे फरी हास्यपूर्वक पूछ्युं के, "तमारा गुरु क्यां छे." एटले मुनिओए "कलहनी साथे कलह भले घसाय." (३२८)

एम विचारीने हाथनी संज्ञाथी दूर बेठेला पोताना गुरुने बताव्या. बधा युवको तरत ज त्यां गया अने आचार्यने नमन करी नवपरणित युवकना मित्रोए पूर्वप्रमाणे आचार्यने कह्युं, (३२९)

---

१. कृतहास्यैरित्यर्थः ।

ध्यात्वेति कोपनः सूरिः, कम्पमानकराधरः ।
तैर्भस्माऽऽनाययद् वेगात्, तेषां क्षेसुमिवानने ॥३३०॥

वीक्षामहे करोत्येष, किमिदानीं मुनीश्वरः ? ।
भस्मोपनिन्यिरे तेऽपि, विचिन्त्येति कुतूहलात् ॥३३१॥

लुलुञ्च तत् शिरस्तूर्णं, विधृत्योरुद्वयेन सः ।
गुरो ! मा लुञ्च मुञ्चैनं, तेषामारटतामिति ॥३३२॥

अचिन्तयद् नवोढोऽथ, लुञ्चितोऽहं यथा तथा ।
इदानीं गर्हिताऽत्यन्तमीदृक्षस्य गृहस्थता ॥३३३॥

हास्येनाऽपि मया प्राप्तं, श्रामण्यं भवतारकम् ।
इदानीं भावतस्तावत्, प्रपद्येऽर्हन्निवेदितम् ॥३३४॥

"તે સાંભળી આચાર્યે ચિંતવ્યું કે, આ મૂર્ખ લોકો મારી સાથે શા માટે હાસ્ય કરે છે ? માટે કેશલોચના બાનાથી હું એમને એનું ફળ બતાવું (૩૩૦)

આમ વિચારી કોપથી હાથ અને અધરને કંપાવતા તેમણે તેના મુખમાં નાંખવા માટે જ હોય તેમ તેમની પાસે ભસ્મ મંગાવી. (૩૩૧)

એટલે મહાત્મા શું કરે છે તે તો જોઈએ." એમ ધારી કૌતુકથી તેઓ ભસ્મ લઈ આવ્યા. (૩૩૨)

પછી પેલા યુવકને પોતાના બે સાથળમાં પકડી "હે ગુરો ! એનો લોચ ન કરો એને મૂકી દો." એમ તે મિત્રો બોલતા હતાં. તો પણ ગુરૂએ તુરત જ તેનું મસ્તક લુંચિત કરી નાંખ્યું. (૩૩૩)

એટલે તે નવોઢ (તરતમાં પરણેલ) શેઠનો પુત્ર વિચારવા લાગ્યો કે, "ગમે તે રીતે પણ હું લુંચિત તો થયો, હવે આવી

ऊर्ध्वस्थमित्रवर्गाणामश्रुभिर्निर्जरोपमैः ।
तस्य भस्माविले मूर्ध्नि, पङ्कशङ्का व्यजृम्भत ॥३३५॥

अस्माभिर्यत् कृतं हास्यमपतद् मस्तकेऽस्य तत् ।
वराहात्तेक्षुदण्डेषु, पिष्यते माहिषं मुखम् ॥३३६॥

अविचारितमेवैतत्, कृतमस्माभिरुच्चकैः ।
केशलुञ्चनदम्भेन, तदस्य फलमुत्थितम् ॥३३७॥

सुहृदोऽसुहृदो जाता, वयमस्य दुराशयाः ।
अनाथस्येव यदियं, दशा जज्ञे मनोऽतिगा ॥३३८॥

एतत्स्वजनलोकस्य, विवाहक्षणशालिनः ।
कथं वार्ता महोद्वेगकारिणी कथयिष्यते ? ॥३३९॥

અવસ્થાવાળા મને ગૃહસ્થપણું અત્યંત અનુચિત છે. (૩૩૪)

મશ્કરીમાં પણ મને ભવતારક એવું સાધુપણું પ્રાપ્ત થયું છે. માટે હવે ભગવાનના વચનાનુસાર જ તેનો ભાવથી સ્વીકાર કરું. (૩૩૫)

તે સમયે તેની બાજુમાં ઉભેલા તેના મિત્રોના નિર્ઝરણા સમાન વહેતાં તેના મસ્તક ઉપર પડતાં અશ્રુપ્રવાહથી ભસ્મથીવ્યાપ્ત તેના મસ્તક ઉપર પંકની શંકા થવા લાગી. (૩૩૬)

આ બધું જોઈ ખેદપૂર્વક તે મિત્રો ચિંતવવા લાગ્યા કે, અહા ! આપણે કરેલી મશ્કરી તેઓને માથે આવી પડી. ડુક્કરે ખાધેલા ઈક્ષુદંડને લઈ ખાતા પાડાનું મુખ પીસાય છે. (૩૩૭)

આપણે વિચાર્યા વિના ભાષણ કર્યું તેનું ફળ કેશલુંચનના બાનાથી એને પ્રાપ્ત થયું. (૩૩૮)

ખરેખર ! દુરાશયી આપણે તેના મિત્ર હોવા છતાં અત્યારે

कुसङ्गाद् जायते नो चेद्, मरणं गर्ह्यनं[1] भवेत् ।
कृत आह्वानकोऽस्माभिर्यथार्थकुटिलाशयः ॥३४०॥

एवं खेदप्रपन्नेषु, मित्रेषु निखिलेष्वऽथ ।
उवाच स युवा नव्यदीक्षितः पूर्वसाधुवत् ॥३४१॥

विप्लवादपि संप्राप्तं, श्रामण्यं जिनभाषितम् ।
गृहीतं काचखण्डस्य, शङ्क्या रत्नसन्निभम् ॥३४२॥

अकामस्याऽपि दीक्षा मे, जज्ञे पुण्यप्रसाधिका ।
अनिच्छयाऽपि संभुक्ता, मोदकाः किं न तृप्तये ? ॥३४३॥

यूयं मित्राणि मित्राणि, भवार्णवनिमज्जनात् ।
यदहं तारितस्तूर्णं, व्रतपोतप्रदापनात् ॥३४४॥

એના શત્રુ જેવા થયા. જેથી આ બિચારાની કલ્પનામાં પણ ન આવે એવી દશા થઈ. (૩૩૯)

હવે વિવાહમહોત્સવમાં આનંદી બનેલા એના સ્વજનોને આ વાત મહાઉદ્વેગ કરનારી આપણે શી રીતે કહેવી ? (૩૪૦)

કુસંગથી કદાચ મરણ ન થાય તો તિરસ્કાર તો થાય જ. "આ કહેવતને કુટિલાશયી આપણે યથાર્થ કરી બતાવી." (૩૪૧)

આ પ્રમાણે ખેદ પામેલા તે બધા મિત્રોને તે નવદીક્ષિત યુવક જાણે જુનો સાધુ હોય તેમ કહેવા લાગ્યો કે, (૩૪૨)

હે મિત્ર ! મશ્કરી કરતાં પણ મને જિનભાષિત શ્રામણ્ય પ્રાપ્ત થયું. એટલે કાચનો કટકો લેવા જતાં મને તો રત્ન મળ્યા જેવું થયું છે. (૩૪૩)

મને તો ઇચ્છા વિના પણ પ્રાપ્ત થયેલી દીક્ષા મારા પુણ્યને સાધનારી થઈ છે. ઇચ્છા વિના જમતાં પણ શું મોદકથી તૃપ્તિ

---

१. तिरिस्करणमिति मतम् ।

इति तस्य गिरः श्रुत्वा, बाष्पपूर्णविलोचनाः ।
तदलङ्कारमादाय, ययुस्ते स्वं निकेतनम् ॥३४५॥

शैक्षोऽवादीद् गुरुं नत्वा, मुखवासपुरःसरम् ।
मुनीन्द्र ! स्वजना नूनं, कर्तारो मे व्रतक्षितिम्[२] ॥३४६॥

करणीयं तथा स्वामिन् !, यथा जैनेन्द्रदर्शने ।
न स्याद् हास्यास्पदं किञ्चित्, पाखण्डिषु निरन्तरम् ॥३४७॥

ऊचे सूरिर्दिवा वत्स !, वर्त्मनः प्रत्युपेक्षणम् ।
क्रियतां सत्वरं यस्मादावाभ्यां गम्यते निशि ॥३४८॥

तथेति प्रतिपद्याऽसौ, कृत्वाऽध्वप्रत्युपेक्षणम् ।
आगच्छद् मुनिवेषेण, बभौ गीतार्थवत् तदा ॥३४९॥

થતી નથી ? થાય છે. (૩૪૪)

સંસારસાગરમાં ડૂબતા મને સત્વર વ્રતરૂપી જહાજ અપાવવાથી તમે તાર્યો છે. તેથી તમે મારા સાચા અર્થમાં મિત્રો થયા છો." (૩૪૫)

આ પ્રમાણે તેના વચનો સાંભળી આંખમાં આંસુને લાવી તેના અલંકારો લઈ તેઓ પોતાના સ્થાને ગયા. (૩૪૬)

હવે તે નવીન શિષ્યે ગુરૂને કહ્યું કે, "હે મહાત્મન્ ! મારા સ્વજનો મને વ્રતમાં હરકત કરશે. (૩૪૭)

માટે એવી રીતે કરવું યોગ્ય છે કે જેથી પાખંડી લોકોમાં જિનશાસન હાસ્યાસ્પદ ન થાય." (૩૪૮)

એટલે આચાર્ય બોલ્યા કે, "હે વત્સ ! દિવસે તું માર્ગ બરોબર જોઈ આવ. એટલે આપણે રાત્રે બરાબર તે માર્ગે જઈ શકીએ." (૩૪૯)

---

१. शिष्यः, इत्यपि । २. व्रतनाशमित्याशयः ।

सूरिणा सह शैक्षोऽथावश्यकं कृतवानऽसौ ।
व्यतीते रजनीयामे, निशि तेन सहाऽचलत् ॥३५०॥

स्पष्टमग्रस्थिते मार्गमव्यग्रं कथयत्यपि ।
तस्मिन् जराभरक्रान्तः, पदे पदेऽस्खलद् मुहुः ॥३५१॥

कीदृशं प्रत्युपैक्षिष्ठा, मार्गं रे ! शैक्ष ! दुर्जन ! ।
इति वाक्यैर्वह्निकल्पैः, स्वशरीरे ददाह सः ॥३५२॥

शिष्यशीर्षं गुरुः क्रोधादवधीद् दण्डकोटिना ।
कोपारघट्टखाट्कारविस्तार भ्रमसंनिभम् ॥३५३॥

क्षमावतां धुरीणोऽसौ, शैक्षोऽथ ध्यातवानिति ।
अहं हा ! गुरुसन्तापनिदानं ववृतेतराम् ॥३५४॥

તેણે તે વાત સ્વીકારી માર્ગ જોઈને આવતાં તે યુવક મુનિવેષથી ગીતાર્થ જેવા શોભવા લાગ્યા. (૩૫૦)

પછી આવશ્યક ક્રિયા પતાવી એક પહોર રાત્રિ વ્યતીત થતાં તે મુનિ ગુરૂની સાથે ચાલ્યા. (૩૫૧)

આગળ ચાલતો તે શિષ્ય સ્પષ્ટ અને અવ્યગ્ર માર્ગ બતાવતો હતો. છતાં જરાના ભારથી આક્રાંત થયેલા તે આચાર્ય વારંવાર પગલે પગલે સ્ખલના પામતા હતા. (૩૫૨)

તેથી તે બોલ્યા કે, અરે ! દુર્જન શિષ્ય ! તેં આ તે કયા પ્રકારનો માર્ગ જોયો છે આવા અગ્નિસમાન વાક્યોથી તે મહાત્મા પોતે જ બળવા લાગ્યા. (૩૫૩)

કેમ કે તે વચનોથી શિષ્યને જરા પણ ક્રોધ થયો નહોતો. વળી વધારે ક્રોધ આવતા દંડના અગ્રભાગથી કોપરૂપ અરઘટ્ટના વિસ્તૃત ખાટકારના ભ્રમને કરે તેવી રીતે તે આચાર્ય શિષ્યના

विनीतशिष्यसङ्घाताद्, मन्निदानेन साधुराट् ।
निष्क्रान्तो लभते कष्टं, स्खलति स्म पदे पदे ॥३५५॥

आचार्यसवितुः सर्वतपस्तोमापहारिणः ।
उपप्लवाय संजज्ञे, मल्लाभो बुद्धयोगवत् ॥३५६॥

घ्नतोऽप्याऽऽक्रोशतोऽप्यस्य, न दोषः कोऽपि वर्तते ।
यतो ममाऽपराधोऽयं, विहारः कारितो निशि ॥३५७॥

केचिद् निजगुरून् भक्त्या, शक्रा इव जिनेश्वरम् ।
बहुलोद्भिन्नरोमाञ्चाः, सेवन्ते प्रतिवासरम् ॥३५८॥

एवं भावयतस्तस्य, क्षमासम्भृतचेतसः ।
उत्पन्नं पञ्चमं ज्ञानं, सर्वपर्यायतत्त्ववित् ॥३५९॥

મસ્તક પર પ્રહાર કરવા લાગ્યા. (૩૫૪)

પરંતુ ક્ષમાવંતમાં અગ્રણી તે શિષ્ય ગુરૂ પર કિંચિત્ ક્રોધ ન કરતાં ચિંતવવા લાગ્યો કે, "અહા! ગુરુને સંતાપકારી મેં વર્તન કર્યું છે. (૩૫૫)

મારા નિમિત્તે વિનીત શિષ્યોના સમુદાયમાંથી છુટા પડી આ મહાત્માને ડગલે ડગલે કષ્ટ અને સ્ખલના ખમવી પડે છે. (૩૫૬)

સર્વ પ્રકારના અંધકાર સમૂહને દૂર કરનાર આ આચાર્યરૂપ સૂર્યને બુધના યોગની જેમ મારો યોગ કષ્ટને નિમિત્તે થયો છે. (૨૫૭)

આ ગુરૂ મને મારે છે, મારા ઉપર આક્રોશ કરે છે તેમાં એમનો બિલકુલ દોષ નથી, તેમાં મારો જ અપરાધ છે કેમ કે મેં તેમને રાત્રે વિહાર કરાવ્યો. (૩૫૮)

શ્રીજિનેશ્વરોની ઇંદ્રો સેવા કરે તેમ કેટલાક શિષ્યો બહુ જ

कराब्जमुक्तावल्लोकमखिलं पश्यतः सतः ।
सुखेन नयतः सूरिं, विभाति स्म विभावरी ॥३६०॥

मूर्तिमत्क्रोधसप्ताच्चेर्ज्वालां रुधिरधोरणीम् ।
क्षरन्तीं सूरिरैक्षिष्ट, शिष्यमस्तकपर्वतात् ॥३६१॥

नवव्रतोऽप्यऽसौ धन्यो, नैव पूर्वव्रतोऽप्यऽहम् ।
अक्षमाऽभूद् ममेदृक्षा, क्षान्तिरस्येदृशी परम् ॥३६२॥

सच्चारित्रं मया प्रोक्तं, कृताः सिद्धान्तवाचिकाः ।
परं क्षान्तिर्मया नैव, चक्रे साधुजनोचिता ॥३६३॥

રોમાંચિત થઈ પ્રતિદિન પોતાના ગુરુની ભક્તિપૂર્વક સેવા કરે છે. અને હું તો ઉલટો ગુરુને કષ્ટ ઉપજાવનારો થઈ પડ્યો છું." (૩૫૯)

આ પ્રમાણે ક્ષમાપૂર્ણ મનથી શુભભાવના ભાવતાં તે શિષ્યને સર્વપર્યાયના તત્ત્વને સૂચવનારૂં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. (૩૬૦)

એટલે હસ્તકમળમાં રહેલા મુક્તાફળની જેમ સમસ્ત લોકને જોતા તે મુનિ સુખપૂર્વક આચાર્ય મહારાજને સુમાર્ગે લઈ જવા લાગ્યા. એવામાં પ્રાતઃકાળ થયો. (૩૬૧)

એટલે શિષ્યના મસ્તક ઉપર પર્વતપરથી ઝરતી જાણે સાક્ષાત્ કોપાગ્નિની જ્વાળા હોય તેવી રૂધિરની ધારા તે આચાર્યના જોવામાં આવી (૩૬૨)

એટલે તેણે વિચાર કર્યો કે, "અહો ! આ મુનિ નવદીક્ષિત છતાં ધન્ય છે અને હું પૂર્વદીક્ષિત છતાં અધન્ય છું. મેં આવો તીવ્ર ક્રોધ અને આક્રોશ કર્યો છતાં એણે અપૂર્વ ક્ષમા જ રાખી (૨૬૩)

साधवस्तत्यजुर्मां ते, क्रोधापस्मारदूषितम् ।
एकक्रोधावकाशेऽपि, निष्प्रकाशमभूत् परम् ॥३६४॥

अन्तःक्षमावतां वासे, वसन्नपि निरन्तरम् ।
अक्षम्यदं यतोऽम्वुस्थः कुलीरस्तरणे पदुः ॥३६५॥

एवं सुतीव्र-संवेग-वह्निना कर्मपादपम् ।
दहतः केवल ज्योतिरुद्भिन्नं पापघातकम् ॥३६६॥

भूयोऽप्यसौ परीवार सम्पदा समयुज्यत ॥
श्रीचण्डरुद्र आचार्यः, शिष्यकेवलिना सह ॥३६७॥

में सच्चारित्रनुं कथन कर्युं, सिद्धांतनी वाचनाओ आपी पण में साधुने उचित क्षमा तो धारण न ज करी. (उ६४)

ते कारण माटे साधुओए पण क्रोधरूपी अपस्मारना दोषथी दूषित एवा मने तजी दीधो. केम के एक क्रोधने अवकाश आपवाथी बीजाओनो अवकाश मारा अंतरमां रही शक्यो नहीं. (उ६५)

वळी सदैव साधुओना समुदायमां रहेवा छतां पण हुं क्रोधी ज रह्यो. **"केम के पाणीनो काचबो पाणीमां रहीने तरवामां ज कुशळ होय छे."** आ प्रमाणे अतितीव्र संवेगरूप अग्निवडे कर्मरूप वृक्षोने बाळी नांखवाथी ते महात्माने घातीकर्मनो क्षय थतां निर्मळ केवळज्ञान उत्पन्न थयुं.(उ६६)

एटले पोताना केवळी थयेला नूतन शिष्य साथे श्री चंडरुद्र आचार्य फरी पोताना परिवारमां आव्या अने परिवारनी संपदाथी परिवृत्त थया. (उ६७)

पछी भव्यजीवोने प्रतिबोध पमाडवामां तत्पर ते गुरु-शिष्य

विहृत्य सुचिरं धात्र्यां, प्रतिबोधपरायणौ ।
शिवामचलस्वरूपां, प्रापतुर्मोक्षसम्पदम् ॥३६८॥

तत्छ्रुत्वा तापसाः सर्वे प्रशान्तहृदयास्ततः ।
अगृह्णन् स्वामिनः पार्श्वे दीक्षां सर्वज्ञभाषिताम् ॥३६९॥

ततश्च भगवांस्तस्माद्, विहरन् मदिरावतीम् ।
पुरीं शक्रपुरीं लक्ष्म्या, ययौ त्रिभुवनार्यमा ॥३७०॥

तत्र राजा यशश्चन्द्रः, प्रकृत्या स्त्रैणलम्पटः ।
तदैव स्वर्वधूरूपं, द्रष्टुं प्रापाऽन्तिके प्रभोः ॥३७१॥

ચિરકાળ વસુધા પર વિચરીને પ્રાંતે અચળ સ્વરૂપી અને કલ્યાણકારી મોક્ષ સંપત્તિને પામ્યા. (૩૬૮)

ઈતિ ચંડરૂદ્રાચાર્ય કથા

આ પ્રમાણે કથા સાંભળી સર્વે તાપસોના અંતર શાંત થઈ ગયા અને તેમણે ભગવંતની પાસે સર્વજ્ઞકથિત ધર્મ સાંભળી દીક્ષા ધારણ કરી. (૩૬૯)

પછી ત્યાંથી વિહાર કરતાં ત્રિભુવનમાં સૂર્ય સમાન, ભગવંત લક્ષ્મીવડે અમરાવતી સમાન શોભતી મદીરાવતી નામની નગરીએ પધાર્યા. (૩૭૦)

ત્યાં સ્વભાવે સ્ત્રીલંપટ યશશ્ચંદ્ર નામે રાજા રાજય કરતો હતો. ભગવંત આવ્યા સાંભળી ત્યાં દેવાંગનાઓ આવવાની સંભાવનાથી તે રાજા દેવાંગનાઓના રૂપ જોવા ભગવંતની પાસે આવ્યો. (૩૭૧)

એટલે તેને બોધ પમાડવાના હેતુથી ભગવંતે ધીરવાણીથી

तस्य प्रबोधमुद्दिश्य, कुलध्वजनरेशितुः ।
कथां गदितुमारेभे, धीरवाचा जगद्गुरुः ॥३७२॥

तथाहि –

जम्बूद्वीपाऽभिधे द्वीपे, वर्षे दक्षिणभारते ।
अस्त्यऽयोध्येति नगरी, चूडारत्नमिव क्षितेः ॥३७३॥

तत्राऽभूद् भूपतिः शङ्खो, धुरीणः सर्वभूभृताम् ।
सधर्मचारिणी तस्य, धारिणी धर्मचारिणी ॥३७४॥

तयोः कुलध्वजः पुत्रो, ध्वजवद् वंशभूषणम् ।
द्वासप्ततिकलागारं, द्वारं निःशेषसम्पदाम् ॥३७५॥

अन्येद्युर्नगरोपान्ते, बाह्यालीं गतवानसौ ।
अमात्यादिपरिवृतः, समानगुणशालिभिः ॥३७६॥

કુળધ્વજરાજાની કથા કહેવાનો પ્રારંભ કર્યો. (૩૭૨)

કુળધ્વજરાજા કથા

જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણ ભરતક્ષેત્રમાં પૃથ્વીના મુગટમણિ સમાન અયોધ્યા નામે નગરી છે. (૩૭૩)

ત્યાં સર્વ રાજાઓમાં અગ્રણી શંખ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધર્મવતી ધારિણી નામે રાણી હતી. (૩૭૪)

તેમનો ધ્વજાની જેમ વંશનાભૂષણરૂપ ૭૨કલાનો ભંડાર-સમગ્રસંપત્તિના દ્વારભૂત કુલધ્વજ નામે પુત્ર હતો. (૩૭૫)

એકવાર સમાનગુણવાળો પોતાના મિત્રો તથા અમાત્યાદિથી પરિવૃત્ત થઈ તે નગરની પાસેના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. (૩૭૬)

ત્યાં સેંકડો શાખાઓવાળા વૃક્ષની નીચે પદ્માસને બિરાજમાન,

अधः पद्मासनासीनं, शतशाखस्य शाखिनः ।
सेवकैरिव राजानं, मुनिवृन्दैः परिवृतम् ॥३७७॥

वाचा मधुमुचा तत्र, कुर्वाणं धर्मदेशनाम् ।
मूर्तं धर्ममिवापश्यद्, मानतुङ्गाऽभिधं गुरुम् ॥३७८॥ युग्मम्

विनीतवेषस्तत्पार्श्वे, गत्वा नत्वा यथाविधि ।
उचितासनमासीनः, श्रुतवान् धर्मदेशनाम् ॥३७९॥

दुष्टाष्टकर्मविस्तीर्णनेपथ्यान्तरितः सदा ।
नटवद् भवनाट्यऽस्मिन्, जन्तुर्विपरिवर्तते ॥३८०॥

बध्यते जीवसारङ्गः, स्वेच्छया संचरन्नपि ।
पुरन्ध्रीरूपपाशाद्यैः, कामव्याधेन दुर्धिया ॥३८१॥

સેવકોથી રાજાની જેમ મુનિઓથી પરિવૃત્ત, (૩૭૭)

મધુરવાણીથી ધર્મદેશના આપતા જાણે સાક્ષાત્ ધર્મ હોય તેવા માનતુંગ નામના ગુરૂ તેના જોવામાં આવ્યા. (૩૭૮)

એટલે વિનયપૂર્વક તેમની પાસે જઈ યથાવિધિ નમસ્કાર કરી ઉચિતાસને બેસી તે ધર્મદેશના સાંભળવા લાગ્યો :- (૩૭૯)

સંસાર રંગભૂમિ-કર્મો નચાવે નાચ.
પરસ્ત્રીગમન નિવારો- એહવી મુનિની વાચ.

આ ભવરૂપ નાટકમાં આ જીવ દુષ્ટ અષ્ટકર્મ રૂપ વિસ્તીર્ણ નેપથ્યને ધારણ કરી નિરંતર નટની જેમ પોતાના રૂપને ફેરવ્યા કરે છે. (૩૮૦)

વળી તેમાં સ્વેચ્છાએ સંચરવા છતાં પણ દુષ્ટકામરૂપ વ્યાધ (શિકારી) સ્ત્રીરૂપ પાશથી જીવરૂપ સારંગ (હરણ)ને બાંધી લે છે. (૩૮૧)

आदरः परदारेषु, स्वदाराणां विवर्जनम् ।
भवेत् पिपतिषोः पुंसो, नरके नर ! केवलम् ॥३८२॥

गोत्राचारपरीहारः, प्राणानां संशयागमः ।
साधुवादपरिभ्रंशः, परस्त्रीगमनाद् ध्रुवम् ॥३८३॥

एतद्वाक्यश्रुते राजपुत्रो वैराग्यमागतः ।
विरक्तः परदारेषु, निषेधं प्रत्यपद्यत ॥३८४॥

प्रणिपत्य पुनः सूरेः, पादाम्भोजं नृपाङ्गजः ।
निवर्तमानश्चाऽद्राक्षीत्कलहं योषितां पथि ॥३८५॥

किं वृथा कलहायेथे, रोषोत्कर्षाद् मुहुर्मुहुः ? ।
इति पृष्टा कुमारेण, चैका तन्मध्यतोऽवदत् ॥३८६॥

સ્વદારાનો ત્યાગ કરી પરદારામાં આદર કરનારા (પરસ્ત્રી *લંપટ) પુરુષો કેવળ પોતાના આત્માને નરકમાં પાડવાનું જ કરે* છે. (૩૮૨)

પરસ્ત્રીગમન કરવાથી કુલાચારનો ત્યાગ કરવો પડે છે. પ્રાણો સંશયમાં આવી પડે છે અને સત્યતાનો પરિભ્રંશ થાય છે. (૩૮૩)

આ પ્રમાણેની દેશના સાંભળી તે રાજપુત્ર વૈરાગ્ય પામ્યો અને પરદારાથી વિરક્ત બની પરસ્ત્રીગમન નિષેધનો તેણે સ્વીકાર કર્યો (૩૮૪)

પછી આચાર્ય મહારાજના ચરણકમળને વંદન કરી પાછાં ફરતા રસ્તામાં કેટલીક સ્ત્રીઓ કલહ કરતી રાજકુમારે જોઈ (૩૮૫)

એટલે તેણે પૂછ્યું, "વારંવાર રોષાયમાન થઈ તમો શા માટે કલહ કરો છો ? એટલે તેમાંથી એક સ્ત્રી બોલી કે, (૩૮૬)

देवाहं लोहकारस्य, पत्नी सौभाग्यकन्दली ।
पूर्णकुम्भद्वयाऽऽत्राऽऽगां, भारभुग्नशिरोधरा ॥३८७॥

इयं रथकृतः पत्नी, नाम्ना कनकमञ्जरी ।
रिक्तकुम्भद्वया देव !, समागान् मम संसुखं ॥३८८॥

रिक्तकुम्भद्वयादेव, मोच्यो मार्गोऽनया मम ।
एकं कारणमेवेदमपरं च निशम्यताम् ॥३८९॥

यावन्मात्रं हि पत्युर्मे, विज्ञानं जगतीतले ।
तादृग् न कस्यचिद् नूनं, विद्यते वाग्मिनां वर ! ॥३९०॥

कौतुकाऽऽक्षिप्तचेतस्कः, कुमारः प्राह किं तव ।
पत्युः समस्ति विज्ञानं, सर्वलोकप्रमोदकृत् ? ॥३९१॥

હે દેવ ! સૌભાગ્યના કંદરૂપ હું લોહકાર (લુહાર)ની સ્ત્રી છું. બંને કુંભ પૂર્ણ ભરીને માથે ઉપાડવાથી તેના ભારથી મારી ડોક વાંકી વળી ગયેલી છે એવી હું અહીં સુધી આવી છું. (૩૮૭)

આ રથકારની કનકમંજરી નામે પત્ની છે અને તે બંને કુંભ ખાલી લઈ મારી સામે ચાલી આવે છે એટલે એના કુંભ ખાલી હોવાથી એણે મને માર્ગ આપવો જોઈએ. અને જુઓ એક આ કારણ છે. અને બીજુ કારણ એ છે કે, (૩૮૮-૩૮૯)

"હે કુશળ રાજેન્દ્ર ! આ પૃથ્વીતલ ઉપર મારા પતિમાં વિજ્ઞાન છે, તેટલું વિજ્ઞાન બીજા કોઈમાં નહિ હોય. (૩૯૦)

તેથી પણ એણે મને માર્ગ આપવો જોઈએ. આ પ્રમાણે સાંભળીને મનમાં કૌતુક ઉત્પન્ન થવાથી કુમારે તેને પૂછ્યું કે, "સર્વ લોકોને આનંદ દેનાર તારા પતિમાં કેવું વિજ્ઞાન છે ?" (૩૯૧)

मत्पतिश्चन्द्रदेवाख्यो, लोहकारशिरोमणिः ।
विज्ञानवल्लरीजालप्रावृट्कालसमः प्रभो ! ॥३९२॥

स चेल्लोहमयं मीनं, विधत्ते राजशासनात् ।
उत्प्लुत्य व्योमयानेन, स याति मकराकरम् ॥३९३॥

गिलित्वा गलरन्ध्रेण, तन्मध्यान् मौक्तिकावलीः ।
पुनरायाति संस्थानं, स्वकीयं लोहजस्तिभिः ॥३९४॥

मुखमर्कटिकां दत्वा, श्रुत्वेति तद्गिरः पुरः ।
आह स रथकृत्पत्नी, तालकावादनान्वितम् ॥३९५॥

विज्ञानेनाऽमुना लोके, न हि किञ्चन लभ्यते ।
मन्ये तदेव विज्ञानं, यत्पत्यौ मे विजृम्भते ॥३९६॥

એટલે તે બોલી કે, "હે રાજન્ ! મારો પતિ લોહકારોમાં મુખ્ય અને વિજ્ઞાનરૂપ લતાઓને વર્ષાકાળ સમાન છે. (૩૯૨)

જો તે રાજાના આદેશથી મત્સ્ય બનાવે તો તે આકાશમાર્ગે ઊડીને મહાસાગરમાં જઈ શકે છે. (૩૯૩)

અને ત્યાં ગલરન્ધ્રદ્વારા એ મોતીઓ ગળીને તે લોહનું માછલું ફરી પોતાના સ્થાને આવે છે." (૩૯૪)

આ પ્રમાણે તેના વચન સાંભળી જરા મુખ મરડી તાળી વગાડીને પેલી રથકારની પત્ની વચમાં બોલી ઊઠી કે, (૩૯૫)

"એ વિજ્ઞાનથી લોકમાં કાંઈ પ્રશંસા પ્રાપ્ત ન થાય અને લોકોને ખબર પણ ન પડે. તેથી મારે તો તે જ વિજ્ઞાન માન્ય છે કે જે મારા પતિમાં વિદ્યમાન છે. (૩૯૬)

આ પ્રમાણે સાંભળી તે રાજપુત્રે તેને કહ્યું કે, "હે સુલોચન !

अथोचे भूपतेः पुत्रः, किं ते पत्युर्मनोहरम् ।
विज्ञानं विद्यते ब्रूहि, त्वमशेषं सुलोचने ! ? ॥३९७॥

अत्रास्ति नगरे रम्ये, मत्पतिः सूत्रभृद्वरः ।
कन्दर्पो नाम रूपेण, कन्दर्प इव मूर्तिमान् ॥३९८॥

स चेत् काष्ठमयं चारु, निर्मिमीते तुरङ्गमम् ।
षण्मासान् यावदाकाशे, स भ्राम्यति सपौरुषम् ॥३९९॥

श्रुत्वेति वचनं तस्या, राजपुत्रः सकौतुकः ।
ताभ्यां सह सभां राज्ञो, जगाम सपरिच्छदः ॥४००॥

वृत्तान्तः कथितस्तेन, कुमारेण नृपाग्रतः ।
ततो राज्ञा समाहूतौ, लोहकृत्सूत्रधारकौ ॥४०१॥

તારા પતિમાં કેવું રમ્ય વિજ્ઞાન છે તે કહી બતાવ." (૩૯૭)

એટલે રથકારની પત્ની કહેવા લાગી કે, "આ રમ્યનગરમાં રૂપમાં સાક્ષાત્ કંદર્પ સમાન એવો કંદર્પ નામે મારો પતિ સૂત્રધાર (સુથાર) છે. (૩૯૮)

તે જો કાષ્ઠનો અશ્વ બનાવે તો તે અસ્વારસહિત આકાશમાં છ મહિના સુધી ભમ્યા કરે છે." (૩૯૯)

આ પ્રમાણે તેના વચન સાંભળી કૌતુકી રાજપુત્ર પોતાના પરિવાર સાથે તે બંને સ્ત્રીઓ સહિત રાજસભામાં આવ્યો. (૪૦૦)

અને સમસ્ત વૃત્તાંત તેણે પોતાના પિતાને કહી સંભળાવ્યો. એટલે રાજાએ તે લુહાર અને સુથાર બંનેને બોલાવ્યા. (૪૦૧)

પછી આશ્ચર્યસહિત રાજાએ તે લુહારને લોખંડ અપાવ્યું એટલે તેણે તરત જ તે લોખંડનો એક મત્સ્ય બનાવ્યો. (૪૦૨)

અને તે મત્સ્યની પીઠ ઉપર તેણે એક ઓરડો બનાવ્યો.

लोहं लोहकृते भूमानर्पयामास सस्मयम् ।
निर्माति स्म ततः सद्यः, स मीनं लोहसूत्रितम् ॥४०२॥

ततोऽपवरकं पृष्ठे, तस्य मीनस्य स व्यधात् ।
शुभेऽह्नि लोहकृत् तत्र, प्राविशद् भूभुजा समम् ॥४०३॥

पृष्ठेऽथ कीलिका तस्य, निहिता वायुधारिणी ।
उत्पपात नभोमार्गं, मत्स्यः शकुनिराडिव ॥४०४॥

मीनस्थो जगतीपालो, ग्रामाकुलपुराकुलाम् ।
विपुलां विपुलां वीक्षाञ्चक्रे विद्याधरोपमः ॥४०५॥

वार्द्धिमध्यं गते मीने, छन्नेऽपवरके सति ।
गर्भस्थाविव रेजाते, लोहकृत्पृथिवीश्वरौ ॥४०६॥

मुक्ताः स गलरन्ध्रेण, गिलित्वाऽऽमिषवद् भृशम् ।
निरवर्तत पाथोधेः, कार्मुकाद् मुक्तकाण्डवत् ॥४०७॥

પછી શુભદિવસે રાજાની સાથે તે લુહાર તે ઓરડામાં બેઠો (૪૦૩)

અને તેની પીઠે વાયુને પકડે તેવી એક ખીલી સ્થાપી એટલે ગરૂડની જેમ તે મત્સ્ય આકાશમાર્ગે ઉડ્યો. (૪૦૪)

અને મત્સ્ય પર બેઠેલ વિદ્યાધર સમાન તે રાજા ગામ અને નગરથી વ્યાપ્ત એવી વિપુલ વસુધાને જોવા લાગ્યો. (૪૦૫)

પછી તે મત્સ્યસમુદ્રમાં ગયો એટલે તે ઓરડો બંધ કરવામાં આવ્યો. તેથી રાજા અને લોહકાર જાણે ગર્ભમાં રહેલા હોય તેવા દીસવા લાગ્યા. (૪૦૬)

હવે સમુદ્રમાં દાખલ થતાં ગલરંધ્રદ્વારાએ માંસની જેમ બહુ મોતીઓ ગળીને ધનુષ્યથી મુક્ત થયેલા બાણની જેમ તે મત્સ્ય પાછો ફર્યો. (૪૦૭)

आयाते स्वपुरं तस्मिन्नाऽऽकृष्टा कीलिका क्षणात् ।
निपेतुर्मौक्तिकश्रेण्यस्तन्मध्यात् सेवधेरिव ॥४०८॥

ततः कौतुकितो राजा, बभाषे लोहकारिणम् ? ।
गतप्रत्यागतं चक्रे, कथमेष सुलक्षणम् ? ॥४०९॥

सोपाख्यद् देव ! सिद्धाख्या, राद्धा देवी मया ततः ।
अर्पिते कीलिके तया, द्युयानार्थमिमे शुभे ॥४१०॥

कीलिकायोगतो राजन् !, याम्यहं गगनाङ्गणे ।
अचिन्त्या देवताशक्तिः, साधयति न किं नृणाम् ? ॥४११॥

सूत्रधारोऽथ भूपालादेशाद् दारुमयं हयम् ।
उच्चैरुच्चैः श्रवस्तुल्यं, कृत्वाऽदर्शयदञ्जसा ॥४१२॥

ક્ષણવારમાં પોતાના નગરે આવતાં પેલી ખીલી ખેંચી એટલે નિધાનની જેમ તેમાંથી મોતીઓની ધારા પડવા લાગી. (૪૦૮)

આ પ્રમાણે જોઈ કૌતુક પામેલા તે રાજાએ તે લુહારને પૂછ્યું કે, "આ મત્સ્ય બરાબર ગમનાગમન કેમ કરી શક્યો ?" (૪૦૯)

એટલે તે બોલ્યો કે, "હે દેવ ! મેં સિદ્ધા નામે દેવીનું આરાધન કર્યું છે તેણે આકાશમાં ગમનાગમન કરવા માટે બે ખીલીઓ આપી છે (૪૧૦)

એ કીલિકાના યોગે હે રાજન્ ! હું ગગનાંગણમાં જઈ આવી શકું છું. **અચિન્ત્ય એવી દૈવીશક્તિ માણસોને શું સાધી આપતી નથી ?"** (૪૧૧)

કાષ્ઠ અશ્વદ્વારા આકાશમાર્ગે પ્રયાણ.

ઉદ્યાનમાં માળીગૃહે અવતરણ.

પછી સુથારે રાજાના આદેશથી ઇંદ્રના અશ્વ સમાન એક

देवाऽस्मिन् तुरगे यूयं, कुमारो वा कुलध्वजः ।
आरोहत्वपरो नैव, सोऽवादीदिति कोमलम् ॥४१३॥

अथोचे भूपजो देव !, युष्मदादेशतोऽधुना ।
कृत्रिमाश्वं समारुह्य, वीक्ष्ये विश्वम्भरातलम् ॥४१४॥

आमेत्युक्ते नरेन्द्रेण, सूत्रकृत् कीलिकाद्वयीम् ।
गमनाऽऽगमनायाऽऽशु, कुमारस्य समर्पयत् ॥४१५॥

तस्य पृष्ठेऽथ विन्यस्य, कीलिकां नृपनन्दनः ।
अलञ्चकार दार्वश्वं, नमस्कृत्य नरेश्वरम् ॥४१६॥

पश्यतां सर्वलोकानां, स्मयविस्मेरचक्षुषाम् ।
उत्पपात नभोमार्गं, वाजी दारुविनिर्मितः ॥४१७॥

કાષ્ટમય અશ્વ સત્વર બનાવીને રાજા પાસે રજુ કર્યો. (૪૧૨)

અને કોમળ શબ્દોમાં કહ્યું કે, "હે દેવ ! આ અશ્વ પર આપ અથવા આપનો કુળધ્વજકુમાર બિરાજમાન થાઓ. (૪૧૩)

એટલે રાજકુમાર બોલ્યો કે, "હે તાત ! આપનો હુકમ હોય તો આ કૃત્રિમ અશ્વ ઉપર બેસી હું વસુધાતલને જોઉ, (૪૧૪)

રાજાએ તેને આજ્ઞા આપી. એટલે સુતારે તરત આકાશમાં ગમનાગમનને માટે બે ખીલીઓ કુમારને અર્પણ કરી (૪૧૫)

પછી એક ખીલી તેની પીઠ પર સ્થાપન કરીને પોતાના પિતાને નમસ્કાર કરી રાજકુમાર કાષ્ઠના અશ્વપર બેઠો. (૪૧૬)

એટલે આશ્ચર્યથી વિસ્મય પામતા નયનવડે સર્વલોકોના દેખતાં તે કાષ્ઠમય અશ્વ ગગનમાર્ગે ઉડ્યો અને ક્ષણવારમાં તો અદૃશ્ય થઈ ગયો. (૪૧૭)

એટલે લોકો આ પ્રમાણે તર્ક કરવા લાગ્યા કે, શું એ સ્વર્ગમાં

स्वर्गे किमगमत् किं वा, सिद्धाऽदृश्याञ्जनोऽभवत् ? ।
अदृश्यः सोऽपि दार्वश्वो, लोकैरेवं वितर्कितः ॥४१८॥

पुर्याः कस्याश्चिदुद्याने, भ्रान्त्वा वाजी समस्थितः ।
कृष्टायां कीलिकायां च, राजपुत्रेण तत्क्षणम् ॥४१९॥

कुलध्वजकुमारोऽथ, पृथक् पृथक् विधाय सः ।
काष्ठव्रातं तुरङ्गस्य, भाररूपं चकार सः ॥४२०॥

विधायोच्छीर्षके काष्ठचक्रवालं कुलध्वजः ।
सुष्वाप श्रमखिन्नाङ्गः, सहकारतरोरधः ॥४२१॥

इतश्च नभसो मध्यं, भेजे दिवसनायकः ।
कीलितेव स्थिरा वृक्षच्छाया तस्याऽभवत्तराम् ॥४२२॥

ગયો કે સિદ્ધાંજનથી અદૃશ્ય થઈ ગયો ?" (૪૧૮)

પછી કેટલોક માર્ગ કાપી રાજપુત્રે ખીલી ખેંચી એટલે તે અશ્વ એક નગરીના ઉદ્યાનમાં ઉતર્યો. (૪૧૯)

પછી કુલધ્વજકુમારે તે અશ્વના કાષ્ઠોને જુદા જુદા કરી તેનો એક ભારો બાંધ્યો. (૪૨૦)

અને તે ભારો પોતાના મસ્તક નીચે રાખી શ્રમથી થાકેલો તે એક આમ્રવૃક્ષ તળે સૂઈ ગયો. (૪૨૧)

એવામાં સૂર્ય આકાશના મધ્યભાગમાં આવ્યો. પરંતુ જાણે અટકાવી દીધી હોય તેમ તે વૃક્ષની છાયા કુમારની ઉપર સ્થિર થઈ ગઈ. (૪૨૨)

તે અવસરે તે ઉદ્યાનનો માલિક માળી ત્યાં પુષ્પો લેવા માટે આવ્યો અને મધ્યાન્હકાળે તે સ્થિત છાયાવાળું તે મનોહરવૃક્ષ

इतश्चारामिकस्तस्मिन्नागात् पुष्पजिघृक्षया ।
स्थिरच्छायस्तरुर्दृष्टो, मध्याह्नेऽपि मनोहरः ॥४२३॥

अल्पसुप्तनरस्याऽयं, प्रभावश्चिन्तयन्निति ।
अस्प्राक्षीत् तत्पदाङ्गुष्ठं, जजागाराऽथ भूपजः ॥४२४॥

यूयं भवथ सत्पुण्या, मन्दिरेऽतिथयोऽद्य मे ।
एवं विज्ञपयामास, मालिको भक्तिमालिकः ॥४२५॥

आमेत्युक्तं कुमारेण, प्रार्थनाभङ्गभीरुणा ।
गेहे सो भोजितो नीत्वा, तेन हर्षपुरस्सरम् ॥४२६॥

कोणे गृहस्य विन्यस्य, तौरङ्गं काष्ठसञ्चयम् ।
अथाऽचालीत् पुरो मध्यं, वीक्षितुं दिवसाऽत्यये ॥४२७॥

તેના જોવામાં આવ્યું. (૪૨૩)

તેણે વિચાર કર્યો કે, "અલ્પસમયથી સૂતેલા આ પુરુષનો જ આ પ્રભાવ જણાય છે." એમ ધારી તેણે તેના પગના અંગૂઠાને સ્પર્શ કર્યો. એટલે રાજકુમાર તરત જ જાગૃત થયો (૪૨૪)

પછી તે માળીએ ભક્તિપૂર્વક તેને વિનંતિ કરી કે, "ભાગ્યશાળી આપ આજે મારા ઘરના અતિથિ છો." (૪૨૫)

પ્રાર્થનાભંગથી ભીરૂ કુમારે તેને હા કહી. એટલે બહુ જ હર્ષપૂર્વક તેને પોતાના ઘરે તેડી જઈ તેણે ભોજન કરાવ્યું (૪૨૬)

પછી ઘરના એક ખૂણામાં તે લાકડાનો ભારો મૂકીને સાંજે કુમાર નગર જોવા ચાલ્યો. (૪૨૭)

નગરચર્યા નિહાળવા કુમારનું ગમન.
દેદીપ્યમાન ઉત્તુંગ જિનમંદિર દર્શન.

स्वर्णपञ्चालिकाकीर्णं, रूप्यतोरणभासुरम् ।
सङ्केतमन्दिरं श्रीणां, नेत्रपान्थप्रपोपमम् ॥४२८॥

प्रमोदनृपतेः पर्षद्, मोक्षाध्वप्रान्तरद्रुमम् ।
निधानमिव धर्म्मस्य, दृष्टवान् जिनमन्दिरम् ॥४२९॥ युग्मम्

श्रीमन्तं सुव्रतं देवं, दृष्ट्वा तत्र कुलध्वजः ।
प्रणनाम नमन्मौलिकिणावलिपचेलिमः ॥४३०॥

इतश्च वेत्रभृत् कश्चित्, समागत्य भृशं जनान् ।
कोणस्थानपि प्रत्येकं, वेगतो निरवासयत् ॥४३१॥

किमेतदिति संभ्रान्तः, कुमारस्तस्य कोणके ।
लीयते स्म यथा जीवः, परमात्मनि योगिनः ॥४३२॥

આગળ ચાલતાં સુવર્ણની પુતળીથી વ્યાપ્ત, રૂપાના તોરણથી દેદીપ્યમાન, લક્ષ્મીના સંકેતસ્થાનરૂપ નયનરૂપ મુસાફરને પરબ સમાન, (૪૨૮)

પ્રમોદરૂપ રાજાની સભા સમાન, મોક્ષમાર્ગના મધ્યવૃક્ષ સમાન અને ધર્મના સાક્ષાત્ નિધાનરૂપ જિનમંદિર તેના જોવામાં આવ્યું. (૪૨૯)

ત્યાં શ્રીમાન મુનિસુવ્રત સ્વામી ભગવંતના બિંબને જોઈ નમતા મુગુટના તેજથી શોભાયમાન રાજકુમારે પ્રભુને પ્રણામ કર્યા. (૪૩૦)

આ અવસરે છડીદારે વેગથી આવી આજુ-બાજુએ રહેલા દરેક માણસને ત્યાંથી દૂર કર્યા. (૪૩૧)

તે જોઈ કુમાર આશ્ચર્યચકિત થઈ ગયો. અરે ! આ શું ! એટલું તેનું કારણ જાણવા પરમાત્મામાં લીન થયેલા યોગીની જેમ

अद्वितीयवपुः काचिदेत्य कन्या जिनार्चनात् ।
लास्यं प्रचक्रमे कर्तुं, सखीभिः परिवारिता ॥४३३॥

नमस्कृत्याऽथ देवेन्द्रं, स्त्रीराज्यमिव तन्वती ।
सखीभिः सह संप्राप, कन्याऽन्तःपुरमुत्तमम् ॥४३४॥

कोणान्निर्गत्य रात्रौ स, सद्रूपेण विमोहितः ।
पप्रच्छ पुरुषं कञ्चित्, केयं बाला सुलोचना ? ॥४३५॥

आख्यत् स श्रूयतां देव !, श्रोत्रापेयः कथारसः ।
अस्य श्रवणमात्रेण, संपद्यन्ते मुदोऽङ्गिनाम् ॥४३६॥

તે મંદિરના એક ખૂણામાં છૂપાઈને ભરાઈ રહ્યો. (૪૩૨)

એવામાં કોઈ અત્યંત રૂપવતી કન્યા ત્યાં આવી અને જિનપૂજન કરી પોતાની સખીઓની સાથે તેણે નૃત્ય કર્યું. (૪૩૩)

પછી ભગવંતને નમસ્કાર કરી જાણે સ્ત્રીરાજને વિસ્તારતી હોય તેમ તે પોતાની સખીઓની સાથે પોતાના અંતઃપુરમાં આવી. (૪૩૪)

ત્યારપછી તેના રૂપથી મોહિત એવા કુમારે રાત્રે ખૂણામાંથી બહાર આવી પૂછ્યું કે, આ સુલોચના બાળા કોણ છે ? (૪૩૫)

એટલે તે બોલ્યો કે, "હે દેવ ! સાંભળો કથારસનું પાન કર્ણથી થઈ શકે છે. અને તેની હકીકતના શ્રવણમાત્રથી પણ પ્રાણીઓને આનંદ થાય તેમ છે. (૪૩૬)

યૌવનના પગથારે ઊભેલી ભુવનમંજરી.

આકાશગામી માનવને વરવા ઇચ્છુક ભુવનમંજરી

સારા કિલ્લાથી સુશોભિત આ રત્નપુર નામે નગર છે

इदं रत्नपुरं नाम्ना, वरप्राकारमण्डितम् ।
अस्ति श्रीसुव्रतस्वामिश्रावको विजयी नृपः ॥४३७॥

विस्तीर्णचारुसौवर्णतुङ्गतोरणसुन्दरम् ।
तेनेदं भूभुजाऽकारि, चैत्यं कुलगृहं श्रियः ॥४३८॥

तस्येयं कन्यका देव !, जयमालासमुद्भवा ।
सर्वलक्षणसम्पूर्णा, नाम्ना भुवनमञ्जरी ॥४३९॥

विलोक्य यौवनोद्याने, कुमारो करिणीमिव ।
विजयी तद्विवाहार्थमैक्षिष्ट नृपकुञ्जरम् ॥४४०॥

कुमारान्वेषणं श्रुत्वा, कुमारी निजचेतसि ।
अथेत्थं चिन्तयामास, विवाहो मे समागतः ॥४४१॥

શ્રીમુનિસુવ્રત સ્વામીનો શ્રાવક વિજયી નામે રાજા છે. (૪૩૭)

એ રાજાએ વિસ્તીર્ણ અને ઉંચા સુવર્ણતોરણોથી મનોહર તથા લક્ષ્મીના કુલગૃહરૂપ આ ચૈત્ય બંધાવ્યું છે. (૪૩૮)

હે દેવ ! તે રાજાની રાણીથી ઉત્પન્ન થયેલ અને સર્વલક્ષણ સંપૂર્ણ ભુવનમંજરી નામે આ કન્યા છે. (૪૩૯)

એકવાર હાથણીની જેમ કુમારીને યૌવન ઉદ્યાનને પ્રાપ્ત થયેલી જોઈ વિજયી રાજા તેના વિવાહ માટે કોઈ સારા રાજાની શોધ કરવા લાગ્યો. (૪૪૦)

પોતાને માટે કુમારની શોધ થતી સાંભળી કુમારીએ પોતાના મનમાં વિચાર કર્યો કે, "મારો વિવાહ થવાનું હવે નજીક આવ્યું છે. (૪૪૧)

પણ માનવ છતાં પોતાની શક્તિથી જે આકાશગામી થયેલ

महीचरोऽपि यः कश्चित्, स्वशक्त्या खचरो भवेत् ।
स भविष्यति मे भर्ताऽन्यथा वह्निर्वरो मम ॥४४२॥

गूढाभिप्रायमात्मीयं, प्रियसख्यै न्यवेदयत् ।
सा सम्यक् कथयामास, विजने पृथिवीशितुः ॥४४३॥

विज्ञाय निश्चयं तस्याः, खपुष्पमिव दुर्लभम् ।
तूष्णींशालो महीपालोऽभवद् चिन्ताभिरुच्चकैः ॥४४४॥

इति व्याहृत्य स पुमान्, ययौ राजनिकेतनम् ।
कुलध्वजोऽपि संप्राप, प्रातिहारिकमन्दिरम् ॥४४५॥

तस्याऽथ कोणके कृत्वा, सज्जं दारुमयं हयम् ।
कीलिकायाः प्रयोगेणाऽऽगच्छत् तद्वासमन्दिरम् ॥४४६॥

હોય તેને જ મારો પતિ કરવો. અન્યથા અગ્નિનું શરણ લેવું.” (૪૪૨)

આ પ્રમાણેનો પોતાનો ગુપ્ત અભિપ્રાય તેણે પોતાની એક પ્રિયસખીને જણાવ્યો અને તેણે એકાંતમાં જઈ રાજાને કહી સંભળાવ્યો. (૪૪૩)

એટલે આકાશપુષ્પની જેમ તેનો દુર્લભ નિશ્ચય જાણીને રાજા બહુ જ ચિંતાપૂર્વક મૌન ધરી રહ્યો.” (૪૪૪)

આટલી હકીકત કહી તે પુરુષ રાજમંદિરમાં ચાલ્યો ગયો અને કુલધ્વજકુમાર માળીના ઘરે આવ્યો. (૪૪૫)

અશ્વયોગે રાજમહેલમાં આગમન.
કુંવરી સાથે ગાંધર્વ પરિણયન,.

પછી ખૂણામાં મૂકેલા કાષ્ટમય અશ્વને સજ્જ કરીને ખીલીના યોગથી તે કુમાર રાજકન્યાના આવાસમાં આવ્યો. (૪૪૬)

तत्तल्पस्य चतुर्भागे, ताम्बूलं त्वर्धचर्वितम् ।
क्षिप्त्वा तेनैव मार्गेण, पुनः स्वगृहमागमत् ॥४४७॥

प्रबुद्धा वीक्ष्य ताम्बूलं, तत्र सर्वत्र विस्तृतम् ।
सा दध्याविति कोऽत्राऽऽगात्, खेचरस्त्रिदशोऽथवा ? ॥४४८॥

अनया चिन्तया सा तद्, दिनं वर्षमिवाऽऽनयत् ।
अलीकनिद्रया रात्रौ, सुष्वाप नृपकन्यका ॥४४९॥

द्वितीयेऽह्नि निशीथेऽथ, दार्वश्वमधिरुह्य च ।
तेनैव विधिना तत्र, समायातः कुलध्वजः ॥४५०॥

क्षिप्त्वा सर्वत्र ताम्बूलमचालीद् यावदुच्चकैः ।
तावद् चेलाञ्चले बाढं, हस्ताभ्यां विधृतस्तया ॥४५१॥

અને તેની શય્યાની ચારેબાજુ અર્ધચર્વિત તાંબુલ નાંખી ફરી તે જ માર્ગે તે પાછો સ્વસ્થાને ચાલ્યો ગયો. (૪૪૭)

તેના ગયા પછી જાગેલી રાજકન્યાએ સર્વત્ર વિસ્તૃત થયેલ તાંબૂલને જોઈ વિચાર કર્યો કે, "શું અહીં કોઈ દેવ કે વિદ્યાધર પ્રચ્છન્નપણે આવ્યો હશે ?" (૪૪૮)

આવી ચિંતામાં તેણે એક વર્ષની જેમ તે દિવસ વ્યતીત કર્યો. અને રાત્રે કપટનિદ્રામાં તે સુતી. (૪૪૯)

બીજે દિવસે પણ અર્ધરાત્રે કાષ્ટના અશ્વઉપર આરૂઢ થઈ તે જ રીતે કુળધ્વજકુમાર ત્યાં આવ્યો (૪૫૦)

અને ત્યાં તાંબૂલ નાંખીને કુમાર જેટલામાં ચાલ્યો. એવામાં રાજકુમારીએ એના વસ્ત્રનો છેડો પોતાના બંને હાથવતી પકડી લીધો અને કહ્યું કે, (૪૫૧)

"હે ધીમાન્ ! તમે ક્યાં રહો છો અને હવે ક્યાં ચાલ્યા

कुलस्त्योऽसि धियां धाम !, चलितोऽसि क्व सम्प्रति ? ।
कुमार्येति कुमारोऽसौ, पृष्ट एवमवोचत ॥४५२॥

भूमीचरोऽपि जज्ञेऽहं, खेचरः काष्ठवाजिना ।
इत्युक्ते तेन साऽवादीत्, पूर्णो मम मनोरथः ॥४५३॥

प्रदीपं साक्षिणं कृत्वा, पुरोहितमिवाऽसकौ ।
उपायंस्त विवाहेन, गान्धर्वेण कुमारिकाम् ॥४५४॥

ततो भवनमञ्जर्या, बुभुजे विषयानसौ ।
अदृश्यो वायुवत् कन्यान्तःपुररक्षकैर्नरः ॥४५५॥

दधुर्लावण्यपुण्यानि, तदङ्गानि श्रियं पराम् ।
मुक्ताफलमनोज्ञानि, तटानीव पयोनिधेः ॥४५६॥

જાઓ છો ? એ પ્રમાણે કુમારીએ પૂછ્યું." એટલે તે કહેવા લાગ્યો કે, (૪૫૨)

"હે બાળે ! હું માનવ છતાં કાષ્ટના અશ્વથી આકાશગામી થયો છું." આ પ્રમાણેનું કથન સાંભળી રાજકુમારી બોલી કે, મારો મનોરથ આજે પૂર્ણ થયો. (૪૫૩)

પછી પુરોહિતની જેમ દીપકને સાક્ષી કરી ગાંધર્વવિવાહથી તે કુમાર રાજકન્યાને પરણ્યો. (૪૫૪)

વિષયસુખની ભુક્તિ. કુંવરીના દેહની વૃદ્ધિ.

અને અંતઃપુરના રક્ષક પુરુષોને વાયુની જેમ અગોચર તે કુમાર ભુવનમંજરી સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. (૪૫૫)

એટલે લાવણ્યથી પવિત્ર એવા ભુવનમંજરીના અવયવો વિશેષવૃદ્ધિને પામવા લાગ્યા. અને મુકતાફળોથી મનોહર

अङ्गानां वृद्धिमालोक्य, मेने दक्षः सखीजनः ।
अकालफलसंवित्तिभूरुहामिव भीतिदाम् ॥४५७॥

तद् देव्या जयमालायाः, स्थिताया विजने सखी ।
कथयामास निःशेषं, नीचीकृतमुखाम्बुजा ॥४५८॥

दुःखाधीतगलद्वाक्यविद्यामिव नभश्चरीम् ।
अपश्यत् पृथिवीनाथो, जयमालां रहःस्थिताम् ॥४५९॥

अनात्मज्ञेन केनेह, तवाज्ञाखण्डनं कृतम् ? ।
अकाण्डे निजकान्ताया, देवि ! वैधव्यमिच्छता ॥४६०॥

સમુદ્રતટની જેમ તે શોભવા લાગ્યા (૪૫૬)

એના શરીરની વૃદ્ધિ જોતાં કુશળ સખી લોકોએ ધાર્યું કે, **"અકાળે વૃક્ષોમાં ફળસંપત્તિ આવે એ ભયકારક છે."** (૪૫૭)

એમ ચિંતવી પોતાના મુખકમળને નમ્ર રાખી તે સખીએ એકાંતમાં બેઠેલી જયમાળાને તે વૃત્તાંત કહી સંભળાવ્યો. (૪૫૮)

તે સાંભળતાં દુઃખથી અભ્યાસ કરેલ વિદ્યાના વાક્યથી ભ્રષ્ટ થયેલી વિદ્યાધરીની જેમ ચિંતામગ્ન બની તે ત્યાં જ બેસી રહી.

રાજા ભવવાગુરા વેશ્યાને શોધખોળ માટે બોલાવે.

રાજકુંવાર પકડાતા વધનો આદેશ કરાવે.

આ બાજુ રાજા અંતેઉરમાં આવ્યો. ત્યારે એકાંતમાં બેઠેલી જયમાળા તેના જોવામાં આવી. (૪૫૯)

એટલે તેણે પૂછ્યું કે, "હે દેવી ! પોતાનું ભાન ભૂલી જઈ અનવસરે પોતાની સ્ત્રીને વિધવા બનાવવા ઇચ્છતા એવા ક્યા પુરુષે તારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે ?" (૪૬૦)

त्वत्प्रसादान्न केनापि, मदाज्ञाखण्डनं कृतम् ।
परं तु खण्डनं जातं, कुमार्या वचनातिगम् ॥४६१॥

प्राणनाथ ! समागत्य, रजन्यां कन्यकां तव ।
अदत्तामप्यलं भुङ्क्ते, वीरः कोऽपि भयोज्झितः ॥४६२॥

येनेदं मद्गृहे देवि !, चेष्टितं दुष्टचेतसा ।
तमाशु दक्षिणेशं[1]स्य, करिष्ये प्राभृतोपमम् ॥४६३॥

कोपाटोपोत्कटस्वेदबिन्दुभृकुटीभीषणः ।
उपविष्टः सभां राजा, तदन्वेषणलालसः ॥४६४॥

विवेद पार्थिवाकूतं, वारस्त्री भववागुरा ।
वेश्यानां हि स्वभावोऽयं, परचित्तोपलक्षणम् ॥४६५॥

રાણી બોલી કે, "હે નાથ ! આપના પ્રાસાદથી કોઈએ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. પરંતુ આપણી કુમારીપુત્રીના કૌમાર્યનું વચનને અગોચર એવું ખંડન થયું જણાય છે. (૪૬૧)

હે પ્રાણનાથ ! રાત્રે ભયવિના કોઈ વીર પુરુષ આવીને અદત્ત આપણી કન્યાને ભોગવે છે. (૪૬૨)

આ પ્રમાણેની હકીકત સાંભળી રાજાએ કહ્યું કે, "હે દેવી ! મારા ઘરમાં આવી જે દુષ્ટે આવું આચરણ કર્યું હશે તેને હું સત્વર યમના ઉપહારરૂપ કરીશ." (૪૬૩)

આ પ્રમાણે કહી કોપાટોપથી અને ઉત્કટ શ્વેતબિંદુથી ભીષણ ભ્રકુટીવાળો રાજા તેને શોધ કરવાની ઈચ્છાથી રાજસભામાં આવ્યો. (૪૬૪)

એટલે ભવવાગુરા નામની વેશ્યાએ રાજાનો વિચાર જાણી લીધો. **કારણ કે પરના મનને ઓળખવું એ વેશ્યાઓનો**

१. यमस्येत्यर्थः ।

तया निर्बन्धतः पृष्टो, भूपतिश्चिन्तयाऽऽकुलः ।
पुत्र्या वृत्तान्तमाचख्यावषंडक्षीणमञ्जसा ॥४६६॥

तमन्यायकृतं बध्वा, त्वत्पादान्तमुपानये ।
अगादिति प्रतिज्ञाय, स्वगृहं भववागुरा ॥४६७॥

सन्ध्यायां गणिका बुद्ध्या नानोपायविशारदा ।
सतैलनवसिन्दूरैः, कन्यागारमलेपयत् ॥४६८॥

तुरङ्गमाऽधिरूढोऽसौ, त्रियामायां कुलध्वजः ।
अगाद् वातायनं तस्याः, सान्द्रसिन्दूरपङ्किलम् ॥४६९॥

तया साकं चतुर्यामीमतिवाह्य घटीमिव ।
गतवान् मालिकागारमुदियायाऽथ भास्करः ॥४७०॥

स्वभाव જ होय छे. (४६५)

પછી ચિંતાથી આકુળવ્યાકુળ થયેલા રાજાને તેણે આગ્રહથી ચિંતાનું કારણ પૂછ્યું. (४६६)

એટલે રાજાએ પોતાની પુત્રીનો ગુપ્તવૃત્તાંત તેને કહી સંભળાવ્યો. તે સાંભળી **"तेवा अन्याय करनारने हे राजन् ! बांधीने आपनी समक्ष हुं रजु करीश."** આવા દૃઢ પ્રતિજ્ઞા કરી ભવવાગુરા પોતાના ઘરે ગઈ (४६७)

અને સાંજે બુદ્ધિથી અનેક પ્રકારના ઉપાયોને જાણનારી એવી તે ગણિકાએ કન્યાના ભવનમાં તેલસહિત સિંદરનો સર્વત્ર લેપ કર્યો. (४६८)

રાત્રે અશ્વઉપર આરૂઢ થઈ કુળધ્વજ કુમાર આર્દ્રસિંદૂરથી લિપ્ત કરેલ બારીએથી ભુવનમાં દાખલ થયો (४६९)

અને તેની સાથે એક ઘડીની જેમ રાત્રિ વ્યતીત કરી પ્રભાત

---

१. अविद्यमानानि षडक्षीणि यस्मिन्, तं गुप्तमिति यावत् ।

आययौ गणिका प्रातः, कन्याया भवनाङ्गणम् ।
पादयोः प्रतिबिम्बानि, पद्मानीव व्यलोकयत् ॥४७१॥

प्रतिबिम्बानुमानेन, तयाऽज्ञायि महीधरः ।
काव्येनेव कवेर्भाव, आचारेण कुलं यथा ॥४७२॥

तलाध्यक्षनरैः सार्द्धं, भ्रमन्ती भववागुरा ।
द्यूतस्थानस्थितं भूपनन्दनं वीक्षते स्म सा ॥४७३॥

सिन्दूरारुणपादाभ्यां, तयाऽसावुपलक्षितः ।
तदादेशात्तलाध्यक्षपुरुषैः स धृतो हठात् ॥४७४॥

तत्प्राप्तिश्रवणेनाऽऽशु, मरुतेव मुहुर्मुहुः ।
दिदीपे भूपतेः कोपो, हव्यवाडिव तत्क्षणम् ॥४७५॥

થતા અગાઉ માળીને ઘરે પાછો ચાલ્યો ગયો. એવામાં સૂર્યોદય થયો. (૪૭૦)

એટલે પ્રાતઃકાળે તે ગણિકા કન્યાના ભવનાંગણમાં આવી અને કમળજેવા તેના પગના પ્રતિબિંબ તેની દૃષ્ટિએ પડ્યા. (૪૭૧)

તે પ્રતિબિંબના અનુમાનથી તેણે તે આવનાર કોઈ રાજપુત્ર છે એમ સમજી લીધું કારણ કે, **"કાવ્યથી કવિનો ભાવ જણાય છે અને આચારથી કુળ ઓળખાય છે."** (૪૭૨)

વળી આરક્ષકોને લઈ તેની શોધમાં ભમતાં દ્યુતસ્થાનમાં બેઠેલા રાજપુત્ર તે ભવવાગુરાના જોવામાં આવ્યો. (૪૭૩)

સિંદુરથી રક્ત થયેલા પગથી તેણે તેને ઓળખી લીધો. એટલે એના આદેશથી આરક્ષકોએ તેને બળાત્કારથી પકડ્યો. (૪૭૪)

અને તે સમાચાર રાજાને પહોંચાડ્યા તે ખબર સાંભળી

षण्ढवद् दर्शनं माऽस्य, भूयात् तत्कर्मकारिणः ।
इत्युक्त्वा दीयतां वायोरित्यादेशं नृपो ददौ ॥४७६॥

अथादेशं समासाद्य, वध्यभूम्युपरि द्रुतम् ।
तलाधिपनरैः क्रूरैर्गृहीतो नृपनन्दनः ॥४७७॥

जनास्तद्रूपमालोक्य, विवदन्ते परस्परम् ।
यत्कृतोऽयं वरः पुत्र्या व्यलीकं तदिदं नु किम् ? ॥४७८॥

पीयूषगुणसारस्य, वियोगेऽस्य कलाभृतः ।
क्षयं राकानिशेवाऽऽशु, राजपुत्री प्रपत्स्यते ॥४७९॥

पुत्र्याश्चेदीदृशं चक्रे, भूभुजा किं प्रकाशितम् ? ।
गृहे दुश्चरितं यस्माद्, दक्षा रक्षन्ति सर्वथा ॥४८०॥

પવનથી અગ્નિની જેમ રાજાનો કોપ અત્યંત વૃદ્ધિ પામ્યો. (૪૭૫)

તેથી એવું કામ કરનારના ષંઢની જેમ મને દર્શન ન થાય તો ઠીક એમ ધારી રાજાએ સીધો જ તેને જોયા વિના જ વધ કરવાનો આદેશ આપ્યો. (૪૭૬)

રાજાનો આદેશ થતાં ક્રૂર આરક્ષકો તરત જ તે રાજકુમારને લઈ વધભૂમિ તરફ ચાલ્યા. (૪૭૭)

એવામાં રસ્તે જતાં લોકો તેનું રૂપ જોઈ પરસ્પર વાતચિત કરવા લાગ્યા કે, "રાજપુત્રીએ આને વર તરીકે પસંદ કર્યો તેમાં ખોટું શું કર્યું છે ? (૪૭૮)

અમૃતસમાન શ્રેષ્ઠ ગુણોથી અને કળાવાન્ આના વિયોગથી ચંદ્રમાના વિયોગે પૂર્ણિમાની રાત્રિની જેમ રાજપુત્રી અવશ્ય મૃત્યુ પામશે. (૪૭૯)

અને કદી રાજપુત્રીઓ આવું ભૂલભરેલું કામ કર્યું તો પણ

इत्यादिलोकसंलापान्, शृण्वानो नृपनन्दनः ।
मालिकागारसामीप्यमगाद् राजभटावृतः ॥४८१॥

ममान्वये समायातां, मालिकागारवासिनीम् ।
कुलदेवो नमश्चक्रे, युष्मत्पादप्रसादतः ॥४८२॥

आमेत्युक्ते भटौघेन, प्रविश्य मालिकालयम् ।
शरीरं रसवेदीव, पुनः सज्जं हयं व्यधात् ॥४८३॥

पश्यतां राजलोकानां, कामं विस्मेरचक्षुषाम् ।
उत्पपात पतत्रीव, हयः काष्ठविनिर्मितः ॥४८४॥

રાજાએ તે ગુપ્ત ન રાખતાં જાહેર શા માટે કર્યું ? **કેમ કે દક્ષલોકો પોતાના ઘરના દુશ્ચરિત્રની સંભાળ રાખે છે અને જાણવામાં આવે તો તેને ગોપવે છે પણ જાહેર કરતા નથી.**" (૪૮૦)

ઇત્યાદિ લોકોની વાતો સાંભળતો અને રાજસુભટોથી ઘેરાયેલો રાજપુત્ર પેલા માળીના ઘર આગળ આવ્યો. (૪૮૧)

એટલે રાજસુભટોને કહ્યું કે, "જો તમારી રજા હોય તો મારા કુળમાં પરંપરાથી સેવાયેલી અને આ માળીના ઘરમાં વસનારી મારી કુળદેવીને હું નમસ્કાર કરી આવું." (૪૮૨)

સુભટોએ રજા આપી એટલે તે માળીના ઘરમાં જઈ શરીરને રસવેદી સજ્જ કરે તેમ તેણે પેલા અશ્વને સજ્જ કર્યો (૪૮૩)

અને અત્યંત વિસ્મિત નયનથી તે રાજસુભટાદિકના દેખતાં કાષ્ઠના અશ્વ ઉપર બેસી એક પક્ષીની જેમ તે આકાશમાં ઊડ્યો. (૪૮૪)

પછી વેગથી તે કુમારીનાં આવાસમાં જઈ જાણે ચિરકાળના ભ્રમણથી થાકી ગયો હોય તેમ તે કુત્રિમ અશ્વ નીચે ઉતર્યો (૪૮૫)

गत्वा वातायनं वेगात्, कुमार्याः कृत्रिमो हयः ।
उत्ततार चिरं भ्रान्तिश्रान्ताङ्ग इव तत्क्षणम् ॥४८५॥

तत्राऽधिरोह्यतां पत्नीं, नवोढामिव हर्षितः ।
वारांनिधेर्महादुर्गमन्तरीपमवाप सः ॥४८६॥

यस्यान्ते रेजिरे नीलास्तमालवनराशयः ।
अवतीर्णा इवाम्भांसि, पातुमम्भोदराजयः ॥४८७॥

विभान्ति यत्र शीतांशुशुभ्रा डिण्डीरराशयः ।
हास्योद्गारा इवाम्भोधेः, स्रवन्तीनां समागमे ॥४८८॥

अर्थोत्तीर्य महीपालपुत्रः सुष्वाप निर्भयः ।
मृदुपल्लवपल्यङ्के, मनसीव मनोभवः ॥४८९॥

અને પોતાની નવોઢાની જેમ તે રાજકુમારીને અશ્વ ઉપર પોતાની આગળ બેસાડી તે રાજકુમાર સમુદ્રરૂપ કિલ્લાવાળા કોઈ બેટમાં આવ્યો. (૪૮૬)

રાજકુંવરી સહ અશ્વારુઢ બને.

અતિસુંદર બેટઉપર ઉતરે.

એ બેટમાં નીલ તમાલના વૃક્ષો જાણે સાગરનું જળપાન કરવા મેઘ ઉતર્યો હોય તેવા શોભી રહ્યા હતાં (૪૮૭)

અને ચંદ્રમા સમાન ફીણની રાશિઓ નદીઓના સમાગમમાં જાણે સમુદ્રના હાસ્યોદ્ગાર હોય તેવી શોભતી હતી. (૪૮૮)

ત્યાં ઉતરીને નિર્ભય રાજપુત્ર મનમાં કામદેવ જેમ આરામ લે તેમ પલ્લવોની શય્યા બનાવી સૂવે અને થાકેલો હોવાથી તરત જ તેને નિદ્રા આવી ગઈ. (૪૮૯)

તે વખતે પોતાના સ્વામીને ક્ષુધાથી ક્ષીણ થયેલા જાણી મોદક

क्षुधाक्षामं प्रियं वीक्ष्य, मोदकाऽऽनयनाशया ।
अध्यासामास दार्वश्वं मूर्तेवाऽऽकाशदेवता ॥४९०॥

गत्वा वातायने मुक्तो, तयाऽसौ नृपकन्यया ।
प्राविशत् सा निजागारं, सम्पूण मोदकादिभिः ॥४९१॥

इतश्च वात्यया कामं, पातितस्तुरगः क्षितौ ।
अभाङ्क्षीत् तटिनीनाथमध्यस्खलितपोतवत् ॥४९२॥

यावदागाद् महीपालकन्यका मोदकान्विता ।
तावदैक्षत दार्वश्वस्तया भग्नो भुवस्तले ॥४९३॥

प्रतिकूलमहो ! दैवं, सर्वतो विपदावहम् ।
हहा ! पुरातनाऽऽचीर्णं, कर्म्मोदग्रं ममाधुना ॥४९४॥

લાવવાની ઇચ્છાથી સાક્ષાત્ આકાશ દેવતાની જેમ રાજકુમારી પેલા કાષ્ટના અશ્વ ઉપર બેસી પોતાના મહેલમાં આવી (૪૯૦)

અને મહેલની બારી ઉપર અશ્વમૂકી તે રાજકન્યા મોદકાદિ લેવા માટે પોતાના આવાસમાં ગઈ. (૪૯૧)

એવામાં અત્યંત પવનથી સમુદ્રમાં સ્ખલના પામતા જહાજની જેમ તે અશ્વ જમીન ઉપર પડી ગયો. (૪૯૨)

અને ભાંગી ગયો હવે રાજપુત્રી ઉતાવળી મોદક લઈ ત્યાં આવી એટલે તેણે કાષ્ઠ અશ્વને જમીન ઉપર પડેલો અને ભાંગી ગયેલો જોયો. (૪૯૩)

એટલે તેણે ચિંતવ્યું કે, "અહો ! દૈવ પ્રતિકૂળ હોય તો બધું અનર્થકારી થાય છે. અત્યારે મને પૂર્વનું ઉગ્રકર્મ ઉદયમાં આવ્યું જણાય છે. (૪૯૪)

अनुकूलो विधिः पाति, पितेव व्यसनेऽप्यलम् ।
प्रतिकूलः पुनन्यायमार्गनिष्ठं जुगुप्सते ॥४९५॥

वारिधौ गमनं पत्युर्भङ्गो मे दारुवाजिनः ।
सर्वे काष्टावहं जातं, मम भाग्यविपर्ययात् ॥४९६॥

दृष्टे प्रिये ममावश्यं, भोक्तव्यं नान्यथा खलु ।
एवं नियममाधत्त, प्रेमपादपदोहदम् ॥४९७॥

इतश्च भूपतेः सूनुर्निद्रया मुमुचे तदा ।
न चाऽद्राक्षीत् प्रियां प्रेमस्वर्णस्वर्णाद्रिचूलिकाम् ॥४९८॥

किं श्रीभ्रान्त्या समाहूता, पयसां निधिना प्रिया ।
उत श्रीपतिना जह्रे चिन्तयामासिवानिति ? ॥४९९॥

જો અનુકૂળ હોય તો પિતાની જેમ સંકટમાં પણ તે સંભાળ રાખે છે. અને પ્રતિકૂળ થતા ન્યાયમાર્ગે ચાલનાર છતાં પણ નિંદાપાત્ર થવાય છે. (૪૯૫)

સમુદ્રના મધ્યમાં પતિને એકલા મૂકીને અહીં આવવું અને અહીં કાષ્ઠના અશ્વનો ભંગ થવો. આ બધું ભાગ્યના વિપર્યયથી જ મને પ્રાપ્ત થયું છે. (૪૯૬)

પરંતુ હવે પતિના દર્શન થાય ત્યારે જ મારે ભોજન કરવું. અન્યથા ભોજનનો ત્યાગ છે." આ પ્રમાણેની પ્રેમવૃક્ષના દોહદ સમાન ઘણો તીવ્ર નિયમ તેણે ધારણ કર્યો. (૪૯૭)

અહીં રાજપુત્ર નિદ્રાનો ત્યાગ કરી પ્રેમરૂપ સુવર્ણને માટે સુવર્ણાચળની ચૂલિકા સમાન પોતાની પ્રિયાને જોવા લાગ્યો. (૪૯૮)

પરંતુ તેને કોઈપણ જગ્યાએ દીઠી નહીં. એટલે ચિંતવવા

इतश्च व्योमयानेन, काचिद् विद्याधरप्रिया ।
अगादप्सरसां वृन्दं, जयन्ती रूपवैभवात् ॥५००॥

काऽसि भामिनि ! कुत्रस्या, कस्मादत्र समागता ? ।
तत्सर्वं श्रवणद्वन्द्वप्रमोदाय निवेद्यताम् ॥५०१॥

महाभाग ! शृणु श्रौत्रसुधारसनिषेचनम् ।
कथारसं महाप्रीतिमेघपौरस्त्यमारुतम् ॥५०२॥

वैताढ्यऽभूद् मणिनाम्ना, विद्याधरशिरोमणिः ।
तस्याऽहं पट्टदेव्यस्मि, नाम्ना कनकलोचना ॥५०३॥

सोऽद्य मे वल्लभो हन्त !, वैरिणा विधृतो हठात् ।
त्वद्रूपान्तरमापन्नः, स त्वं दृष्टोऽसि धीनिधे ! ॥५०४॥

લાગ્યો કે, "શું લક્ષ્મીની ભ્રાંતિથી સમુદ્રે મારી પ્રિયા લઈ લીધી. અથવા શું કૃષ્ણે લક્ષ્મીની બુદ્ધિથી તેનું હરણ કર્યું ?" (૪૯૯)

એવામાં પોતાના રૂપવૈભવથી અપ્સરાઓને પણ જીતે એવી કોઈ વિદ્યાધરી આકાશમાર્ગેથી ત્યાં આવી. (૫૦૦)

તેને કુમારે પૂછ્યું કે, "તું કોણ છે ? ક્યાં રહે છે ? અને અહીં શા માટે આવી છે ? મારા કર્ણયુગલના પ્રમોદને માટે તે વાત તું મને કહે." (૫૦૧)

એટલે વિદ્યાધરી બોલી કે, "હે મહાભાગ ! કર્ણને અમૃતરસના સિંચનરૂપ અને મહાપ્રીતિરૂપ મેઘને પૂર્વદિશાના પવન સમાન મારો કથારસ સાંભળ. (૫૦૨)

વૈતાઢ્ય પર્વતપર એક મણિરથ નામે વિદ્યાધરનો અગ્રેસર રાજા હતો. તેની કનકલોચના નામે પટ્ટરાણી છું. (૫૦૩)

અહો ! બહુ ખેદની વાત છે કે તે મારા વલ્લભને આજેજ

कामबाणेन देहस्य, भिद्यमानस्य मेऽधुना ।
तव सङ्गमसन्नाहं, विना न शरणं परम् ॥५०५॥

ऊचे कुलध्वजो मातः !, परस्त्रीनियमो मम ।
भङ्गं नैतस्य कुर्वेऽहं, सुसिक्तस्येव शाखिनः ॥५०६॥

श्रुत्वेति वचनं तस्य, विद्याभृत्प्राणवल्लभा ।
तं प्रति प्राहिणोत् पुष्पमभिमन्त्र्याऽथ विद्यया ॥५०७॥

तत्प्रभावान्मुमूर्छोच्चैर्विषादिव नृपाङ्गजः ।
अज्ञायत निर्मनस्कोऽसंज्ञिपञ्चेन्द्रियोपमः ॥५०८॥

એક વૈરીએ બલાત્કારથી પકડી લીધો છે હે બુદ્ધિનિધાન ! તેના જ રૂપાંતરને પામેલ હોય એવો તું મારા દૃષ્ટિપથમાં આવ્યો છે. (૫૦૪)

અત્યારે કામદેવના બાણોથી ભેદાતા આ મારાદેહને તારા સંગમરૂપ બખ્તરવિના અન્ય કોઈ શરણભૂત નથી." (૫૦૫)

આ પ્રમાણેનાં તેના વચનો સાંભળી કુલધ્વજ કુમાર બોલ્યો કે, "હે માત ! પરસ્ત્રીગમનનો મારે નિયમ છે. તેથી સારી રીતે સિંચેલા વૃક્ષની જેમ હું તેનો ભંગ કરવા ઇચ્છતો નથી." (૫૦૬)

આ પ્રમાણેનું તેનુ વચન સાંભળી તે વિદ્યાધરની વલ્લભાએ વિદ્યાથી મંત્રેલું એક પુષ્પ તે કુમાર પર નાંખ્યુ. (૫૦૭)

એટલે વિષસમાન તે પુષ્પના પ્રભાવથી રાજકુમાર અત્યંત મૂર્ચ્છા પામ્યો. અને મનરહિત અસંજ્ઞી પંચેન્દ્રિય સમાન થઈ ગયો. (૫૦૮)

એટલે કાષ્ઠની જેમ તેને ઉપાડી તે સ્ત્રીએ તેને સમુદ્રમાં નાંખી દીધો. "અહો ! **પ્રેમથી ચંચળ એવી સ્ત્રીઓના નિર્દયપણાને**

काष्ठवत्तं समुद्वृत्य, चिक्षिपे[१] वारिधौ तया ।
निर्दयत्वमहो ! स्त्रीणां, धिग् धिग् प्रेमातिचञ्चलम् ॥५०९॥

जलदेव्या पतन् दृष्टस्तेजःपुञ्ज इवाम्बरात् ।
गृहीतः पाणिपद्माभ्यां, स्वामिदत्तप्रसादवत् ॥५१०॥

तत्प्रभावाद् ननाशाऽस्त्रपुष्पविद्या नृपात्मजात् ।
स्वस्थीभूतः क्षणादेष, समुन्मीलितलोचनः ॥५११॥

तया पृष्टः कुमारोऽसौ, तद्वृत्तान्तमचीकथत् ।
परकीयाङ्गनाभोगनियमेन पुरस्सरम् ॥५१२॥

धिक्कार थाओ." (५०९)

हवे એ વખતે તેજ પુંજની જેમ આકાશમાંથી પડતો તે રાજકુમાર જળદેવીના જોવામાં આવ્યો. એટલે સ્વામીએ આપેલા પ્રસાદની જેમ તેણે પોતાના હસ્તકમળમાં તેને ઝીલી લીધો. (५१०)

જળદેવીના પ્રભાવથી વિદ્યાધરીએ વાપરેલી પુષ્પવિદ્યાનો પ્રભાવ નાશ પામ્યો. એટલે રાજકુમારે આંખ ઉઘાડી અને તુરત જ સ્વસ્થ થયો. (५११)

જળદેવીએ કરેલો કુમારનો બચાવ.
પરસ્ત્રીગમન નિયમનો પ્રભાવ.

પછી તે દેવીએ કુમારને તેનું વૃત્તાંત પૂછ્યું. એટલે તેણે વિદ્યાધરીનો વૃત્તાંત તથા પરસ્ત્રીગમનનો પોતાનો નિયમ કહી સંભળાવ્યો. (५१२)

એ હકીકત સાંભળી જલદેવી બોલી કે, "હે મહાભાગ ! હું

---

१. स इति कर्माऽध्याहारः ।

वरं वृणु महाभाग !, तुष्टाऽहं नियमश्रुतेः ।
अमोघं दर्शनं दैवं, द्युविद्युदिव वृष्टिकृत् ॥५१३॥

सोऽप्याऽऽख्यत् प्रियया साकं, यथा भोगो भवेद् मम ।
तथा कुरु पयोदेवि !, परोपकृतिलालसे ! ॥५१४॥

समुत्पाट्य करेणाऽथ, तत्पत्नीभवनाङ्गणे ।
देव्याऽसौ मुमुचे वेगाद्, लाजाञ्जलिरिवाऽपरः ॥५१५॥

भग्नो दृष्टः कुमारेण, वाजी दारुविनिर्मितः ।
प्रिया च रुदती शोकशङ्कुमूढविचेतना ॥ ५१६॥

देव्यूचे वत्स ! तेऽभीष्टं, साम्प्रतं करवाणि किम् ? ।
सोऽप्याऽऽख्यद् वाजिनं सज्जं, कुरु पूज्ये ! यशस्विनि ! ॥५१७॥

તારો દૃઢ નિયમ સાંભળવાથી તારા પર સંતુષ્ટ થઈ છું માટે વર માંગ. **વૃષ્ટિકરનાર દિવસની વિજળીની જેમ દેવદર્શન અમોઘ હોય છે.**" (૫૧૩)

રાજકુમાર બોલ્યો કે, પરોપકારમાં તત્પર હે જળદેવી ! મારી પ્રિયાની સાથે મારો યોગ થાય તેમ કર. (૫૧૪)

એટલે તરત જ તેને હાથમાં ઉપાડીને લાજની (ધાણીની) અંજલિ હોય તેમ દેવીએ ભુવનમંજરીના મહેલના આંગણમાં મૂકી દીધો. (૫૧૫)

ત્યાં કાષ્ઠનો ભગ્ન થયેલો અશ્વ અને શોકરૂપ ખીલાથી મોહિત થયેલ ચેતનાવાળી તથા રૂદન કરતી પોતાની પ્રિયા તે કુમારના જોવામાં આવી. (૫૧૬)

પછી જળદેવી બોલી કે, "હે વત્સ ! હવે તારૂં શું અભીષ્ટ કરૂં ?" તે બોલ્યો કે, "હે પૂજ્ય ! આ અશ્વને સજ્જ કરી આપો."

तत्क्षणं प्रगुणीचक्रे देवशक्त्या तया हयः ।
अचिन्त्यं किल देवीनां, शक्तिविस्फूर्त्तिवैभवम् ॥५१८॥

देव्यगाद् मन्दिरं स्वीयं, कुमारोऽपि तुरङ्गमम् ।
अध्यासामास वेगेन, प्रियया सह तत्क्षणम् ॥५१९॥

इतश्च शङ्खभूपेन, सूत्रभृद् विधृतो हठात् ।
पूर्णेषु षट्सु मासेषु, नागते नन्दने सति ॥५२०॥

नृपः प्रगुणयाञ्चके, सूत्रधारकृते चिताम् ।
भूभुजो यमवद् रुष्टास्तुष्टा धनदवद् यतः ॥५२१॥

(५१७)

એટલે દેવીએ તરત જ પોતાની શક્તિથી તે કાષ્ઠના અશ્વને સજ્જ કર્યો. ખરેખર ! **દેવદેવીઓની શક્તિમાં અચિંત્યમહિમા રહેલો હોય છે.**" (५१८)

પછી દેવી પોતાના સ્થાને ગઈ અને રાજકુમાર સત્વર પોતાની પ્રિયા સહિત એ અશ્વ ઉપર બેઠો. (५१९)

છ માસ પર્યંત કુમારનો વિરહ.

સુથારનો ચિતામાં અનલદાહ.

આ બાજુ છ માસની પૂર્ણાહૂતિ થવા છતાં કુમાર ન આવ્યો એટલે "શંખરાજાએ બલાત્કારથી તે સુથારને પકડાવ્યો.(५२०)

અને તેને બાળી દેવા માટે એક ચિતા તૈયાર કરાવી." **ખરેખર રાજાઓ રૂષ્ટમાન થાય ત્યારે યમ જેવા થાય છે. અને તુષ્ટમાન થાય ત્યારે કુબેર જેવા થાય છે.** (५२१)

પછી વિરસ વાજીંત્રોના નાદ સાથે, પૌરજનોનાં દેખતાં,

रसद्विरसवादित्रमानीतः सचिवान्तिकम् ।
दृश्यमानो जनैः पौरैः, पूर्णबाष्पविलोचनः ॥५२२॥

यावत् क्षिपन्ति तत्राऽग्नौ, हव्यवत् सूत्रभृद्वरम् ।
तावद् दृष्टो महीपालनन्दनो व्योम्नि सप्रियः ॥५२३॥

समुत्तीर्णस्ततो व्योम्नस्तुरगाद् नृपनन्दनः ।
पौरैरानन्दितो राजा, पुत्रागमनशंसिभिः ॥५२४॥

प्रवेशितो महीपेन, सूनुः सूत्रभृता सह ॥
रसत्सुस्वरवादित्रं, महोत्सवपुरस्सरम् ॥५२५॥

देशानथ ददौ राजा, लोहसूत्रकृतोर्द्वयोः ।
प्रसादिता महीपाला, न भवन्ति निरर्थकाः ॥५२६॥

આંસુઓથી જેના લોચન ભરાઈ ગયા છે તેવા સુથારને ચિતાની પાસે લાવવામાં આવ્યો. (૫૨૨)

ત્યાં બલિદાનની જેમ તે સુથારને જેટલામાં અગ્નિમાં નાંખે છે તેવામાં પ્રિયાસહિત આવતો રાજકુમાર આકાશમાં જોવામાં આવ્યો. (૫૨૩)

તરત જ તે આકાશથી નીચે આવી અશ્વપરથી ત્યાં જ ઉતર્યો. એટલે નગરવાસીઓએ પુત્રાગમનની રાજાને વધામણી આપી. (૫૨૪)

પછી તે સુથારસહિત પોતાના કુમારને રાજાએ સુસ્વર વાજંત્રોના નાદ તથા મહોત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. (૫૨૫)

અને તે લુહાર તથા સુથારને રાજાએ કેટલાક દેશ બક્ષીસ કર્યા. **પ્રસન્ન કરવામાં આવેલા રાજાઓ નિરર્થક થતા નથી,**

कालक्रमेण पञ्चत्वमापन्ने शङ्खभूभृति ।
पितुः पदमलञ्चक्रे, नीतिविज्ञः कुलध्वजः ॥५२७॥

पट्टदेवीपदे चक्रे, राजा भुवनमञ्जरीम् ।
अभुङ्क्त विषयान् वाञ्छाऽनुरूपांश्च तया सह ॥५२८॥

अन्यदा तत्पुराऽऽयातकेवलज्ञानिसन्निधौ ।
श्रुत्वा दुष्पारसंसारतारिणी धर्मदेशनाम् ॥५२९॥

प्रबुद्धः कान्तया साकं, राज्ये न्यस्य तनूद्भवम् ।
कुलध्वजमहीपालः, प्रव्रज्यां विधिनाऽऽददे ॥५३०॥ युग्मम्

સાર્થક જ થાય છે. (૫૨૬)

પછી કાળક્રમે શંખરાજા મરણ પામ્યો. એટલે નીતિને જાણનાર કુળધ્વજકુમાર રાજા થયો. (૫૨૭)

અને ભુવનમંજરીને તેણે પટ્ટરાણી બનાવી પછી તે રાણી સાથે કુળધ્વજ રાજા પોતાની ઇચ્છા પ્રમાણે વિષયસુખ ભોગવવા લાગ્યો. (૫૨૮)

કુળધ્વજે કરેલ સંસારત્યાગ. શુદ્ધપરિણતિબળે કેવલજ્ઞાન.

એકવાર તે નગરમાં આવેલા કેવલી ભગવંત પાસે અપાર સંસારથી તારનારી ધર્મદેશના સાંભળીને (૫૨૯)

રાણી સહિત રાજા પ્રતિબોધ પામ્યો અને રાજ્યપર પોતાના પુત્રને સ્થાપન કરીને કુલધ્વજ રાજાએ વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરી. (૫૩૦)

સંસારને આત્માના કેદખાના સમાન માનતા તે રાજર્ષિ આ

ततः प्रभृति संसार, कारागारमिवात्मनः ।
भावयन् भावनां सम्यक्, भावयामास संयमी ॥५३१॥ यतः-

लोला लक्ष्मीः सुखं, स्वल्पं परिणामि शरीरकम् ।
निरुद्यमः किमत्राहमद्य, श्वोवा प्रयाणकम् ? ॥५३२॥

पुनर्जन्म पुनर्मृत्युः, पुनः क्लेशपरम्परा ।
अरघट्टघटीन्यायो, न कदाचिदनीदृशः ॥५३३॥
मनस्तुरगवद् भ्राम्यत्, विशृङ्खलमहर्निशम् ।
स वशं स्थापयामास, विशिष्टज्ञानवल्गाया ॥५३४॥

आनिनाय मुनिः शान्ति, ज्वरं मनसिजोद्भवम् ।
सिद्धान्तार्थस्य चूर्णेन, न कुर्वन् गुरुलङ्घनम् ॥४३५॥

પ્રમાણે મનોહર ભાવના ભાવવા લાગ્યા કે, (૫૩૧)

"લક્ષ્મી ચપળ છે, સુખ સ્વલ્પ છે. શરીર પરિણામી છે અને આજ કે કાલ તે પ્રયાણ કરવાનું જ છે તો મારે નિરૂદ્યમી શા માટે રહેવું ? (૫૩૨)

પુનઃ જન્મ લેવા અને ફરી મરણ પામવું. ફરી ફરી ક્લેશની પંરપરા પામવી એવી અરઘટ્ટની ઘટીકા સમાન ઘટના ક્યારે પણ ફરી શકે તેવી નથી." (૫૩૩)

આ પ્રમાણે ભાવના ભાવતાં શૃંખલા બંધનરહિત અશ્વની જેમ નિરંતર ભ્રમણ કરતા મનને તે મહાત્માએ વિશિષ્ટ જ્ઞાનરૂપ લગામથી વશ કર્યું. (૫૩૪)

ગુરૂલંઘન (મોટી લાંઘણ) ન કરતાં માત્ર સિદ્ધાંતાર્થના ચૂર્ણથી તે મહામુનિએ કામદેવથી ઉત્પન્ન થતા જવર (તાવ) ને શાંત કરી દીધો. (૫૩૫)

कुवासनाघनश्लेष्मा, पातितस्तेन लीलया ।
निरन्तरं शुभध्याननस्यग्रहणयोगतः[1] ॥५३६॥

मायावातं तमःपित्तं, मोहश्लेष्माणमुच्चकैः ।
ज्ञानदर्शनचारित्रौषधौघैरजयन्मुनिः ॥५३७॥

जगाम मोहनीयाख्या, भ्रमिस्तस्य महात्मनः ।
शर्क्करराकल्पया नित्यं, भास्वद्भावनयाऽनया ॥५३८॥

वशीचकार नित्यं स, दुर्द्धराणीन्द्रियाण्यपि ।
अनल्पेतरसङ्कल्पविकल्पपरिहारतः ॥५३९॥

कषायाः शमितास्तेन, दुर्जया अपि वैरिवत् ।
क्षमाप्रभृतिनिःशैषप्रतिपक्षपरिग्रहात् ॥५४०॥

શુભધ્યાનરૂપ નાસિકાવડે સુંઘવાની દવાના યોગે તેમણે એક લીલામાત્રમાં કુવાસનારૂપ સઘન શ્લેષ્મ (સળેખમ) નો નાશ કર્યો. (૫૩૬)

વળી તે મહાત્માએ જ્ઞાન-દર્શનઅને ચારિત્રરૂપ ઔષધના યોગે માયારૂપ વાયુ, અજ્ઞાનરૂપ પિત્ત, મોહરૂપ સઘન શ્લેષ્મનો જય કર્યો (૫૩૭)

શર્કરા સમાન સદા દેદીપ્યમાન ભાવનારૂપ ઔષધથી તે મહાત્માનો દર્શન મોહનીયરૂપ ભ્રમનો વ્યાધિ દૂર થઈ ગયો. (૫૩૮)

વળી અલ્પ પણ સંકલ્પ વિકલ્પના પરિહારથી તેમણે દુર્ધર એવી ઇંદ્રિયોને વશ કરી લીધી. (૫૩૯)

ક્ષમા વિગેરે ગુણોના પરિગ્રહથી વૈરીની જેવા દુર્જય કષાયોને તેમણે શાંત કરી દીધા. (૫૪૦)

---

૧. नासिकाया हितं नस्यम्, शुभध्यानमेव नस्यमिति समन्वितिः ।

एवं विशुद्धभावस्य, कुलध्वजमहामुनेः ।
उत्पेदे केवलज्ञानं, क्रमाद् निर्वाणमाप च ॥५४१॥

इत्युक्ताऽऽह जगन्नाथो, यशश्चन्द्रमहीपते ! ।
पाल्यः कुलध्वजेनेव, नियमोऽन्यवधूजने ॥५४२॥ यतः-

दुर्ग्राह्या हि मनोवृत्तिः, स्त्रीणामुत्कलिकोत्तरा ।
किं केनाऽपि मिता, क्वापि समुद्रजलपद्धतिः ? ॥५४३॥

मधुरा कोमलाङ्गी वा, परस्त्री दुःखदायिनी ।
किं हिताय भवेत् स्पृष्टा, कालकूटस्य कन्दली ? ॥५४४॥

श्रुत्वेति स्वामिनः प्रोक्तः, यशश्चन्द्रः क्षमापतिः ।
पञ्चभी राजपुत्राणां, सहस्रैर्व्रतमग्रहीत् ॥५४५॥

આ પ્રમાણે વિશુદ્ધભાવવાળા કુળધ્વજ રાજર્ષિને અનુક્રમે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને સર્વકર્મ ખપાવી તેઓ નિર્વાણપદને પામ્યા. (૫૪૧)

ઇતિ કુળધ્વજકુમાર કથા

આ પ્રમાણેની કથા કહ્યા પછી શ્રીમલ્લિનાથ ભગવંત યશશ્ચંદ્ર રાજાને કહેવા લાગ્યા કે, "હે રાજન્ ! કુળધ્વજ રાજાની જેમ તારે પણ પરસ્ત્રીનો નિયમ પાળવો. (૫૪૨)

કારણ કે **સ્ત્રીઓની દુર્ગ્રાહ્ય મનોવૃત્તિ કામથી બહુ તરલિત હોય છે.** સમુદ્રના જળતરંગો શું કોઈના માપવામાં આવ્યા છે ? (૫૪૩)

વળી મધુર અને કોમળાંગી છતાં પરસ્ત્રી દુઃખદાયક છે. શું વિષલતાનો સ્પર્શ કરતાં કોઈને આનંદ થાય છે ? (૫૪૪)

આ પ્રમાણેની ભગવંતની વાણીથી યશશ્ચંદ્ર રાજાએ વૈરાગ્ય

एवं श्रीमल्लिनाथस्य, पृथ्वीं विहरतः सतः ।
गणभृतोऽष्टाविंशतिरभूवन् भिषगादयः ॥५४६॥

चत्वारिंशत्सहस्राणि, क्षमिणां तत्त्वधारिणाम् ।
साध्वीनां पञ्चपञ्चाशत्सहस्राणि तपोजुषाम् ॥५४७॥

अधिकानि तु षट्षष्टेः, षट्शतानि महात्मनाम् ।
विज्ञातसर्वतत्त्वानां, द्विघ्नैसप्तकपूर्विणाम् ॥५४८॥

द्वाविंशतिशतान्यऽस्याऽवधिज्ञानविराजिनाम् ।
केवलज्ञानिनां सङ्ख्या, पूर्वोदिता यथास्थिता ॥५४९॥

एकोनत्रिंशच्छतानि, वैक्रियलब्धिकारिणाम् ।
सप्तदशशतान्यस्य, सार्द्धानि शमभृन्ति च ॥५५०॥

પામીને પાંચહજાર રાજપુત્રો સહિત ચારિત્ર અંગીકાર કર્યું. (૫૪૫)

શ્રીમલ્લિનાથસ્વામીનો પરિવાર.

નિર્વાણસમયે સમેતશિખરગિરિ ઉપર આરોહણ.

અનુક્રમે વસુધાતલ પર વિહાર કરતાં ભગવંત શ્રીમલ્લિનાથ સ્વામીના ભિષક્ વિગેરે અઠ્યાવીશ ગણધરો થયા. (૫૪૬)

ચાલીશહજાર તત્ત્વજ્ઞાની સાધુઓ થયા. ૫૫ હજાર તપસ્વી સાધ્વીઓ થઈ. (૫૪૭)

છસો છાસઠ[1] સર્વતત્ત્વને જાણનારા ચૌદપૂર્વી મહાત્માઓ થયા. (૫૪૮)

૨૨૦૦ અવધિજ્ઞાની અને તેટલાજ કેવલજ્ઞાની ભગવંતો થયા. (૫૪૯)

૨૯૦૦ વૈક્રિયલબ્ધિધારી અને ૧૭૫૦ સમતાધારી જગતના

---

૧. द्विगुणितसप्तकपूर्विणामित्याशयः । ત્રિષષ્ઠિમાં ૩૬૮ કહેલ છે.

मनःपर्यायविज्ञानां, धीज्ञातजगतामपि ।
चतुर्दशशतान्यासन्, वादिनां कीर्तिशालिनाम् ॥५५१॥

श्रावकाणां लक्षमेकं, सत्र्यऽशीतिसहस्रयुक् ।
युता सहस्रसप्तत्या, श्राविकाणां त्रिलक्ष्यभूत् ॥५५२॥

ज्ञात्वा निर्वाणकल्याणमासन्नं त्रिजगत्पतिः ।
संक्रमं सिद्धिसौधस्य, समेतगिरिमभ्यगात् ॥५५३॥

संवत्सररशताद् न्यूनं, पञ्चपञ्चाशतं प्रभोः ।
समाः सहस्रान् विहर्तुः, परिवारो ह्यसावभूत् ॥५५४॥

तत्रारुह्य पञ्चशतमहामुनिपरिच्छदः ।
मासमेकं च स न्यासं, कृतवान् परमेश्वरः ॥५५५॥

फाल्गुनश्वेतद्वादश्यामश्वयुजि निशाकरे ।
त्रैलोक्यवन्द्यपादाब्जो, भव्यलोकप्रबोधकृत् ॥५५६॥

મનને જાણનારા મનઃપર્યવજ્ઞાની મહાત્માઓ થયા, ૧૪૦૦ કીર્તિવંત વાદીઓ થયા. (૫૫૦-૫૫૧)

૧,૮૩,૦૦૦ શ્રાવકો થયા અને ૩,૭૦,૦૦૦ શ્રાવિકાઓ થઈ. (૫૫૨)

હવે ભગવંત પોતનો નિર્વાણ સમય નજીક જાણી મોક્ષમહેલના સંક્રમરૂપ શ્રીસમેતશિખરગિરિ પર પધાર્યા. (૫૫૩)

સો વર્ષ ન્યૂન એવા પંચાવન હજાર વર્ષ પર્યંત પૃથ્વી પર વિચરતાં ભગવંતનો ઉપર કહ્યા પ્રમાણે પરિવાર થયો. (૫૫૪)

પછી પાંચસો મહામુનિઓના પરિવાર સહિત પ્રભુએ શ્રીસમેતશિખરગિરિ પર આરોહણ કર્યું. અને એકમાસનું અણસણ કર્યું. (૫૫૫)

અનુક્રમે ફાગણ શુદિ બારસના દિવસે ચંદ્રમાનો અશ્વિની

वाग्योगं बादरं सम्यक्, मनोयोगं च बादरम् ।
रुरोध द्वितयं स्वामी, सारथिर्धुर्ययुग्मवत् ॥५५७॥

बादरं काययोगं च, सूक्ष्मकायनिरोधनात् ।
अरौत्सीद् योगिवन्नाथः, श्वासप्रश्वासवारणात् ॥५५८॥

अथ सूक्ष्माङ्गयोगस्थः, सूक्ष्मवाक्चितरोधयोः ।
रोधं स्वामी वितन्वानः, सूक्ष्मध्यानरतोऽभवत् ॥५५९॥

अथोच्छिन्नक्रियं नाम, तुर्यं ध्यानमशिश्रियत् ।
पञ्चह्रस्वाक्षरोच्चारप्रमाणं परमेश्वरः ॥५६०॥

क्षीणार्थो विगतकर्मा, सिद्धानन्तचतुष्टयः ।
सर्वक्लेशविनिर्मुक्तः, केवलज्ञानदर्शनः ॥५६१॥

નક્ષત્ર સાથે યોગ થતાં, ત્રણલોકને વંદનીય ચરણકમળવાળા, ભવ્યજીવોને પ્રતિબોધ (૫૫૬)

કરી સંસારથી તારનારા ભગવંતે વૃષભયુગલને સારથિની જેમ બાદરકાયયોગ વડે બાદર વચનયોગ અને બાદરમનોયોગનો નિરોધ કર્યો. (૫૫૭)

પછી સૂક્ષ્મકાયોયોગનો આશ્રય કરી યોગીની જેમ શ્વાસોશ્વાસને રોકવાથી ભગવંતે બાદરકાયયોગનો નિરોધ કર્યો. (૫૫૮)

પછી સૂક્ષ્મકાયયોગદ્વારા સૂક્ષ્મવચનયોગ અને સૂક્ષ્મમનયોગનો નિરોધ કર્યો. પ્રભુ ત્રીજા સૂક્ષ્મક્રિયાધ્યાનમાં (શુક્લધ્યાનમાં ત્રીજા પાયામાં) લીન થયા. (૫૫૯)

પછી પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર પ્રમાણ જેનો કાળ છે એવા ઉચ્છિન્નક્રિયા નામના ચોથા ધ્યાનનો પ્રભુએ આશ્રય કર્યો. (૫૬૦)

અને ક્ષીણાર્થ-કર્મરહિત પ્રભુને અનંતચતુષ્ટય સિદ્ધ થયા. પ્રભુ

ऊर्ध्वगामी जगन्नाथो, लेपाभावादलाबुवत् ।
स्वभावादृजुमार्गेण, लोकाग्रमुपजग्मिवान् ॥५६२॥ युग्मम्

विनष्टशर्म्मणां शर्म्म, नारकाणामपि क्षणम् ।
प्रभोर्निर्वाणकालेऽस्मिन्, न पूर्वं समजायत ॥५६३॥

मुनयोऽपि महासत्त्वा, विहितानशनक्रियाः ।
सर्वकर्म्मविनिर्मुक्ता, लेभिरे पदमव्ययम् ॥५६४॥

क्षीराम्भोधिजलैर्गात्रमिन्द्रोऽस्नपयदर्हतः ।
अङ्गरागेण दिव्येन, विलिलेप सुगन्धिना ॥५६५॥

परिधाय सिते वस्त्रे, शिबिकायां विमानवत् ।
स्वयं न्यधाद् प्रभोर्देहं, वासवः साश्रुलोचनः ॥५६६॥

સર્વપ્રકારના ક્લેશથી મુક્ત, કેવળજ્ઞાની, કેવળદર્શી, લેપના અભાવથી તુંબિકાની જેમ સ્વભાવે ઉર્ધ્વગામી ભગવાન સમશ્રેણીએ લોકાગ્રને પ્રાપ્ત થયા. (૫૬૧-૫૬૨)

પ્રભુજીનું નિર્વાણ-ચંદનરચિત ચિતામાં પ્રભુજીનું સ્થાપન.

ભગવાનના નિર્વાણ સમયે ક્યારેય સુખની અનુભૂતિ ન થયેલી એવા દુઃખમાં સબડતા નારકીના જીવોને પણ ક્ષણમાત્ર સુખની અનુભૂતિ થઈ. (૫૬૩)

ભગવાનની સાથે અણસણ સ્વીકારનાર મહાસત્ત્વશાળી મુનિ મહાત્માઓ પણ સર્વકર્મોથી મુક્ત બની પરમપદને પામ્યા. (૫૬૪)

પછી ઇંદ્રમહારાજા દેવો સહિત ત્યાં આવે છે. દેવો પાસે ક્ષીરસમુદ્રનું જળ વિગેરે મંગાવી પ્રભુના શરીરને ક્ષીરોદધિના જળથી સ્નાન કરાવ્યું અને દિવ્યસુગંધી અંગરાગથી વિલેપન કર્યું. (૫૬૫)

પછી બે શ્વેતવસ્ત્ર પહેરાવીને વિમાન સમાન શિબિકામાં

मूर्ध्नि मालामिवाऽधासीद्, धुरि शक्रस्ततोऽथ ताम् ।
धूपमुद्ग्राहयामासुः, पुरस्तस्या दिवौकसः ॥५६७॥

श्रावकश्राविकौघेषु, शोकः कोकेष्विवाऽधिकम् ।
श्रीमल्लिभास्करे प्राप्ते, नयनानामगोचरे ॥५६८॥

भणन्त्यो रासकान् देव्यः, प्रस्खलन्ति पदे पदे ।
स्मरन्त्यः स्वामिनः सौम्यान्, गुणग्रामाननेकधा ॥५६९॥

स्वामिनोऽङ्गं चितामध्ये, विदधेऽथ पुरन्दरः ।
अग्नीनग्निकुमाराश्च, विचक्रुस्तत्र वेगतः ॥५७०॥

वायुं वायुकुमाराश्च, तद्दीपनकृते व्यधुः ।
गोशीर्षचन्दनैधोभिर्ज्वालयामासुराशु ताम् ॥५७१॥

ઇંદ્રમહારાજે અશ્રુપૂર્ણનયનથી ભગવાનના દેહને સ્થાપન કર્યા. (૫૬૬)

માળાની જેમ ઇંદ્રે તે શિબિકા સ્કંધ ઉપર ધારણ કરી એટલે દેવતાઓ શિબિકાની આગળ ધૂપ ઉખેવવા લાગ્યા. (૫૬૭)

શ્રી મલ્લિનાથરૂપ ભાસ્કર નયનને અગોચર થતાં ચક્રવાકની જેમ શ્રાવક અને શ્રાવિકાઓમાં અત્યંત શોક વ્યાપી ગયો. (૫૬૮)

ભગવંતના સૌમ્યગુણોને સંભારતી અને પગલે પગલે સ્ખલના પામતી અપ્સરાઓ પાછળ રહી મંદસ્વરે પ્રભુના ગુણો ગાવા લાગી. (૫૬૯)

પછી ઇંદ્રે શિબિકા ચિતા પાસે લઈ જઈ ભગવંતના શરીરને ચિતામાં સ્થાપન કર્યું. એટલે અગ્નિકુમાર દેવોએ તેમાં અગ્નિ વિકુર્વ્યો (૫૭૦)

અને તેના ઉદ્દીપનને માટે વાયુકુમારદેવોએ વાયુ વિકુર્વ્યો અન્ય

गन्धधूपान् बहून् प्राज्यघृतकुम्भांश्च नाकिनः ।
ज्वलन्त्यामथ चित्यायां, चिक्षिपुर्बहुमानतः ॥५७२॥

मांसादिकेषु दग्धेषु, जलैः क्षीरार्णवाहृतैः ।
स्तनितत्रिदशा विध्यापयामासुश्चितां ततः ॥५७३॥

अन्येषामपि साधूनां, शरीराणि सुरेश्वराः ।
प्रतीचीनचितामध्ये, निदधुः प्रथमेन्द्रवत् ॥५७४॥

दक्षिणाऽदक्षिणे ऊर्ध्वदंष्ट्रे त्रिजगतांपतेः ।
अगृह्णीतान्तरां भक्त्या, सौधर्मेशानवासवौ ॥५७५॥

शक्रौ चमरबलाख्यावधोदंष्ट्रे जिनेशितुः ।
इन्द्रास्त्वन्ये सुराश्चान्ये, दन्तानस्थीनि च स्वयम् ॥५७६॥

દેવોએ ગોશીર્ષચંદન વડે તે ચિતાને વિશેષ જ્વાલામય કરી. (૫૭૧)

તે જ્વલંતચિતામાં દેવતાઓ બહુમાનપૂર્વક અનેક પ્રકારના ગંધ, ધૂપ અને સરસ ઘૃતથી ભરેલા ઘડાઓ હોમવા લાગ્યા. (૫૭૨)

ભગવંતના શરીરનું માંસ બળી જતાં દેવતાઓએ ક્ષીરસમુદ્રનું જળ લાવી ચિતાને બુઝાવી દીધી. (૫૭૩)

બીજા ઇંદ્રોએ અન્ય મહાત્માનો કરેલો અગ્નિસંસ્કાર.

પ્રભુજીના અસ્થિનો સ્વીકાર,
ચિતાસ્થાને રત્નસ્તૂપ નિર્માણ.

તે સમયે પ્રથમેન્દ્રની જેમ બીજા ઇંદ્રોએ સાધુઓના શરીરને પશ્ચિમદિશામાં રચેલી ચિતામાં સ્થાપન કર્યા. (૫૭૪)

અને તેનો પણ ઉપર પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પછી સૌધર્મ અને ઇશાનેન્દ્રો ભક્તિપૂર્વક ભગવંતની જમણી અને ડાબી ઉપરની દાઢા ગ્રહણ કરી (૫૭૫)

અને ચમરેન્દ્ર અને બલીન્દ્રે નીચેની બે દાઢા ગ્રહણ કરી.

प्रभोश्चित्योद्भवं भस्म, पुमांसो जगृहुस्ततः ।
पवित्रं वन्द्यमर्च्यं च, **सर्वमेवाऽर्हतां शुचि** ॥५७७॥

चितास्थाने प्रभोः स्तूपमकुर्वत दिवौकसः ।
नानारत्नमयं रत्नाचलशृङ्गमहोदयम् ॥५७८॥

निर्वाणमहिमामेवं, कृत्वा मल्लिजिनेशितुः ।
ययुर्नन्दीश्वरद्वीपे, कर्तुमष्टाह्निकोत्सवम् ॥५७९॥

गत्वा स्वमथ स्थानं तन्माणवस्तम्भमूर्धसु ।
स्वामिदंष्ट्रां न्यधुः शक्रा, भक्तिं मूर्त्तामिव प्रभोः ॥५८०॥

कौमारव्रतपर्याय, आयुर्मल्लिजिनेशितुः ।
वर्षाणां पञ्चपञ्चाशत्, सहस्राण्यभवन् प्रभोः ॥५८१॥

બીજા ઇંદ્રો તથા દેવતાઓએ ભગવંતના દાંત અને અસ્થિ ગ્રહણ કર્યા. (૫૭૬)

ભગવંતની ચિતાની ભસ્મ માનવોએ ગ્રહણ કરી. **જિનેશ્વરોનું સર્વ અંગ અને ભસ્માદિ સર્વ પવિત્ર હોવાથી તે વંદ્ય અને પૂજય હોય છે** (૫૭૭)

પછી ભગવંતની ચિતાના સ્થાને દેવોએ એક સ્તૂપ બનાવ્યો. તે અનેક પ્રકારના રત્નમય હોવાથી રત્નાચળના શૃંગ સમાન શોભવા લાગ્યો. (૫૭૮)

આ પ્રમાણે શ્રી મલ્લિનાથભગવંતનો નિર્વાણ મહોત્સવ કરીને દેવતાઓ નંદીશ્વરદ્વીપે અઠ્ઠાઈમહોત્સવ કરવા ગયા (૫૭૯)

અને અઠ્ઠાઈમહોત્સવ કરીને પોતપોતાના સ્થાને જઈ ઇંદ્રોએ ભગવંતની દાઢા પૂર્ણભક્તિવડે માણવકસ્તંભની ઉપર રહેલા દાબડાઓમાં સ્થાપન કરી. (૫૮૦)

ભગવંતે સંસારીપણામાં (સોવર્ષ) કૌમારવ્રત પાળ્યું હતું.

अरनाथस्य निर्वाणाच्छ्रीमल्लीजिननिर्वृतिः ।
कोटीसहस्रे वर्षाणां, समतिक्रान्तवत्यभूत् ॥५८२॥

चरित्रं श्रीमल्लेः श्रवणयुगपीयूषसरसी
रसीभूतात्मानो विनयविनता ये भवभृतः ।
विगाहन्ते सर्वं सकलकमलोद्भूतिजनकं
भवेत् तेषां सत्यं निजनिजमनश्चिन्तितमिदम् ॥५८३॥

इत्याचार्यश्रीविनयचन्द्रविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्के आस्तिकनृप-चित्रकुम्भ-देवपालगोपाल-यज्ञदत्त-चिलातीपुत्र-चण्डरुद्राचार्यशिष्य-कुलध्वजमहर्षिकथानकगर्भितो निर्वाणव्यावर्णनो नामाष्टमः सर्गः ।

૫૪૯૦૦ વર્ષ કેવળીપર્યાય પાળ્યો હતો. કુલ પંચાવન હજાર વર્ષનું આયુષ્ય સમાપ્ત કર્યું. (૫૮૧)

અને અરનાથના નિર્વાણ પછી એક હજાર કરોડ વર્ષ જતાં શ્રીમલ્લિનાથ પ્રભુનું નિર્વાણ થયું. (૫૮૨)

આ પ્રમાણે કર્ણયુગલને અમૃતની તલાવડી સમાન અને સમસ્ત પ્રકારની લક્ષ્મીને આપનાર તેવા શ્રીમલ્લિનાથ ભગવંતના ચારિત્રને જે સંસારી જીવો વિનયથી નમ્રતાથી અવગાહે છે તેમના સર્વ મનોવાંછિત અવશ્ય સફળ થાય છે. (૫૮૩)

આ પ્રમાણે આચાર્યશ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથ ચરિત્ર મહાકાવ્યમાં આસ્તિક રાજા-ચિત્રકુંભ-દેવપાલ ગોપાલ-યજ્ઞદત્ત-ચિલાતી પુત્ર-ચંડરુદ્રાચાર્ય શિષ્ય-કુલધ્વજ મહર્ષિના કથાનકોથી યુક્ત-શ્રીમલ્લિનાથ પ્રભુના પરિવારના વર્ણનયુક્ત નિર્વાણકલ્યાણકને વર્ણવતો આઠમો સર્ગ પૂર્ણ થયો.

अथ प्रशस्तिः

तमोपहारी सद्वृत्तो, गच्छश्चन्द्रोऽभवद् भुवि ।
चित्रं न जलधौ रागं, यत्र चक्रे कदाचन ॥१॥

तस्मिन्नभूत् शीलगुणाभिधानः, सूरिः समापूरितभव्यवाञ्छः ।
यत्पञ्चशाखः किल कल्पवृक्षश्छायां नवीनां तनुते जनानाम् ॥२॥

यत्पार्श्वं किल देवता त्रिभुवनस्वामिन्युपेता स्वयं,
पूर्वप्रीतितरङ्गितेव वचसा बद्धैव कष्टेव च ।
सौभाग्याद्भुतवैभवो भवमहाम्भोराशिकुम्भोद्भवः,
श्रीमानत्र स मानतुङ्गगणभृन्नन्द्यादविद्यापहः ॥३॥

સદ્વૃત્ત (ગોળાકાર અથવા સદાચારી) અને તમોપહારી (અંધકાર અથવા અજ્ઞાનને દૂર કરનાર) એવો ચંદ્ર નામે ગચ્છ પૃથ્વીપર પ્રસિદ્ધ થયેલો છે, પણ આશ્ચર્ય એ છે કે જેની ઉપર કોઈવાર પણ સમુદ્રે રાગ કર્યો નથી. (૧)

તે ગચ્છમાં ભવ્યજનોની વાંછાને પૂરનાર એવા શીલગુણ નામે આચાર્ય થયા. જેમનું પંચ શાખાયુક્ત કલ્પવૃક્ષ લોકોને નવીન પ્રકારની છાયા આપે છે. (૨)

એ ગચ્છમાં પૂર્વ પ્રીતિથી તરંગિત થઈ જાણે વચનથી બંધાયેલી હોય અથવા આકર્ષિત થયેલી હોય તેમ શ્રી ત્રિભુવનસ્વામિની દેવી જેમની પાસે આવતી હતી એવા, સૌભાગ્યથી અદ્‌ભુત વૈભવવાળા, અવિદ્યા-અંધકારને દૂર કરનારા અને સંસારરૂપ મહાસાગરને માટે અગસ્તિ ઋષિ જેવા શ્રીમાન્ માનતુંગ નામે જયવંત આચાર્ય થયા. (૩)

ત્યાર પછી જેમની લાવણ્યથી પવિત્ર અને ઉત્તમ રસવતી સમાન ભારતી (વાણી) વ્યાખ્યા-પર્વમાં પ્રાણીઓને પરિપાકપણાથી

यस्योच्चैः परिपाकपेशलतरां तृप्तिं प्रदत्तेऽङ्गिनां,
व्याख्यापर्वणि भारती रसवती लावण्यपुण्या भृशम् ।
एतद् नूनमजीर्णमप्यविकलं यस्याः सुखं निस्तुषं,
श्रीमानेष रविप्रभः स विजयी स्तात् सूपकारः परः ॥४॥

विविधग्रन्थनिर्माणविरञ्चिरुचिरो गुरुः ।
योऽभूद् रजोगुणो नैव, नालीकस्थितिमान् क्वचित् ॥५॥

श्रीमद्रैवततुङ्गशैलशिखरे सुध्यानलीनायुषा,
स्वायुःकर्मतरुप्रपातवशतो लेभे गतिस्ताविंषी[1] ।
भव्यव्रातमनःकुरङ्गशमकृत् तत्पट्टभूषाकरो,
रामः श्रीनरसिंहसूरिरभवत् विद्यात्रयीपावनः ॥६॥

અત્યંત પેશલ એવી તૃપ્તિ આપે છે અને જે વાણીથી અજીર્ણ (અનશ્વર) છતાં પણ અવિકલ અને નિર્મળ સુખ પ્રાપ્ત થાય છે એવા નવીન સૂપકાર જેવા શ્રીમાન રવિપ્રભ નામે વિજયવંત આચાર્ય થયા. (૪)

વિવિધ પ્રકારના ગ્રંથોની રચનામાં જે ગુરુ બ્રહ્મા સમાન હતા, છતાં તે રજોગુણી કે અસત્ય સ્થિતિવાળા કદાપિ ન હતા. (૫)

તેમના પટ્ટને શોભાવનારા, રામચંદ્રની જેમ ભવ્યજનોના મનોરૂપ હરિણને આનંદ આપનારા ત્રણ પ્રકારની વિદ્યાઓથી પાવન અને શ્રીમાન્ રૈવતાચળના ઉંચા શિખરપર સુધ્યાનમાં લીન થઈને પોતાના આયુરૂપ તરૂના પ્રપાતયોગે જેઓ સ્વર્ગતિને પામ્યા છે એવા જયવંત શ્રીનરસિંહસૂરિ નામે આચાર્ય થયા. (૬)

ત્યાર પછી નિરંતર પાંચ સમિતિના આરાધનામાં તત્પર, ત્રણ ગુપ્તિ અને ત્રણ શક્તિને ધારણ કરનાર, પાંચ મહાવ્રતરૂપ વલ્લભ

---

१. दैवी ।

नित्यं यः समितौ रतः कलयते सद्गुप्तिशक्तित्रय-,
सातत्यं व्रतपञ्चवल्लभलसद्गन्धर्वगर्वोद्धुरः ।
श्रीमत्पूज्यरविप्रभप्रविकसत्पट्टक्षमालङ्कृतिः,
साक्षादेष नरेन्द्र एव जयति श्रीमन्नरेन्द्रप्रभः ॥७॥

दुर्वारप्रतिवादिविन्ध्यशमकृच्चान्द्रे कुले विश्रुतो,
देवानन्द इति प्रसिद्धमहिमोद्दामा मुनिग्रामणीः ।
अष्टव्याकरणाम्बुधीन् निरवधीन् शब्दोर्मिमालाऽऽकुलान्,
यः स्वव्याकरणप्रशस्तिचुलुकैश्चित्रं चकारोच्चकैः ॥८॥

तच्छिष्योऽजनि जागरूकमहिमा रत्नप्रभाख्यप्रभुः,
पट्टे श्रीकनकप्रभः प्रतिमया वाचस्पतिर्मूर्तिमान् ।

અને વિલસાયમાન એવા ગંધર્વ-ગર્વથી ઉદ્ધુર, શ્રીમાન રવિપ્રભસૂરિના વિકસિત પટ્ટના અલંકારરૂપ અને સાક્ષાત્ જાણે નરેંદ્ર હોય એવા શ્રીમાન્ નરેંદ્રપ્રભ નામે આચાર્ય થયા. (૭)

ત્યારપછી દુર્વાર એવા પ્રતિવાદીરૂપ વિંધ્યાચલમાં આનંદ કરનાર એવા ચાંદ્રકુળમાં વિખ્યાત, ઉદ્દામ મહિમાથી પ્રખ્યાત, મુનિઓમાં અગ્રેસર અને શબ્દોરૂપી તરંગોથી વ્યાપ્ત તથા અપરિમિત એવા આઠ વ્યાકરણરૂપ સમુદ્રોને જેણે પોતાના વ્યાકરણની પ્રશસ્તિ રૂપ ચુલુકોથી અત્યંત ચિત્રિત કરી દીધેલ છે એવા જયવંત શ્રીમાન્ દેવાનંદસૂરિ થયા. (૮)

એમના પટ્ટપર રૂપમાં કનકની પ્રભાસમાન, સાક્ષાત્ બૃહસ્પતિ જેવા અને જાગ્રત મહિમાવાળા શ્રીરત્નપ્રભ નામે તેમના શિષ્ય થયા. એમના ચરણકમળમાં ભ્રમર સમાન તથા શ્રી વિનયેંદુની સાથે નવીન પ્રીતિને ધારણ કરનાર એવા શ્રી પ્રદ્યુમ્નસૂરિએ

तत्पादाम्बुजचञ्चरीकचरितः प्रद्युम्नसूरिर्नव-,
प्रीतिः श्रीविनयेन्दुना तदखिलं चाशोधयद् बोधये ॥९॥

पूज्यश्रीरत्न(१?) सिंहसूरिसुगुरोः श्रीमन्नरेन्द्रप्रभो-,
रादेशाद् विनयाङ्कपार्श्वचरितस्रष्टाशया (?) ।
गच्छोत्तंसरविप्रभाभिधगुरोः शिष्योऽल्पमेधा अपि,
सूरिः श्रीविनयेन्दुरेष विदधे मल्लेश्चरित्रं नवम् ॥१०॥

क्षेत्रे भारतनामके जिनपतेर्यावत् परं शासनं,
(?) (तावत्) शस्यमिदं वृषव्रजपरीपोषक्षमं वर्धते ।
एतद् नीरदवृन्दसुन्दरतनोः श्रीमल्लितीर्थेशितुः,
प्रोद्दामं रसपूरचारुचरितं तावच्चिरं नन्दतात् ॥११॥

॥ इति प्रशस्तिः ॥

સ્વપરના બોધને માટે આ આખા ચરિત્રનું સંશોધન કર્યું. (૯)

પૂજ્યશ્રી રત્નસિંહસૂરિ સુગુરુના શિષ્ય શ્રીમાન્ નરેંદ્રપ્રભુના આદેશથી વિનયાંક પાર્શ્વચરિત્ર રચવાની ઇચ્છાથી ગચ્છના મુગટરૂપ શ્રી રવિપ્રભગુરુના અલ્પબુદ્ધિ શિષ્ય શ્રી વિનયચન્દ્રસૂરિએ આ શ્રી મલ્લિનાથ સ્વામીનું નવીન ચરિત્ર બનાવ્યું. (૧૦)

આ ભરતક્ષેત્રમાં જ્યાં સુધી જિનશાસન જયવંત વર્તે છે અને વૃષભોથી પોષણ પામેલ ધાન્યવૃદ્ધિ પામે છે, ત્યાં સુધી મેઘની જેવા સુંદર શ્યામ શરીરવાળા શ્રી મલ્લિનાથ ભગવંતનું આ રસના પૂરથી મનોહર અને પ્રોદ્દામ એવું ચરિત્ર ચિરકાળ જયવંતુ રહો. (૧૧)

॥ ઇતિ પ્રશસ્તિ ॥

१. (?) एतच्चिह्नाङ्कितं यादृशमादर्शपुस्तके समुपलब्धं तादृशमेवाऽत्र न्यस्तम्, आसीच्चेयं प्रशस्तिरेकस्मिन्नेव पुस्तके ।

ઘોર અંધકારમાં પ્રકાશ

સર્વજ્ઞ સિવાય સંસારને કોઈ અસલ સ્વરૂપમાં ઓળખાવી જ ન શકે. સર્વજ્ઞ ન હોત, તો તમે અને અમે આપણે બધાં આંધળા જ હોત ! બલિહારી એ તીર્થંકરદેવોની કે જેમણે ઘોર-અંધકારમાં પ્રકાશ રેલાવ્યો.

આરિસો અને કેવળજ્ઞાન

જગતને જોવાની ઈચ્છા થાય એ અનંતજ્ઞાની નથી. જગતનું દર્શન થવું એ અલગ ચીજ છે, જ્યારે જગતને જોવાની ઈચ્છા થવી એ ય અલગ ચીજ છે ! આરિસા સામે જે આવે, એનું પ્રતિબિંબ એમાં પડે. પણ આરિસાને સામી ચીજોનું પોતાનામાં પ્રતિબિંબ પાડવાનું મન નથી. તેમ કેવળજ્ઞાન રૂપી આરિસામાં જગતના સર્વભાવોના પ્રતિબિંબ પડે, પણ પ્રતિબિંબ પાડવાની કેવળજ્ઞાનીને લેશ પણ ઈચ્છા હોતી નથી.

મૃત્યુ યાદ આવી જાય તો-

વિષયાસક્ત જીવો ડાઘુ જેવા છે. ડાઘુ જેમ અનેકને બાળે પણ એને પોતાને મરવાનું યાદ ન આવે; તેમ વિષયાસક્તોને પણ મૃત્યુ યાદ આવતું નથી. મૃત્યુ જો બરાબર યાદ આવી જાય, તોય માણસ ઘણો ડાહ્યો થઈ જાય.

કોને પસંદ કરશો ?

મોક્ષમાં જીવને જીવવાનું સદા માટે અને આવશ્યકતા કોઈ ચીજની નહિ. સંસારમાં જીવને જીવવાનું અલ્પકાળ માટે અને આવશ્યકતાઓનો પાર નહિ ! તો તમે કોને પસંદ કરશો ? મોક્ષને કે સંસારને ?

સટ્ટો અને સંસાર !

જે સટોડીયો સટ્ટાના ધંધામાં શરૂઆતમાં જ ફાવે, એ અંતે પ્રાયઃ પાયમાલ થઈને જ રહે, અને જેને શરૂમાં નુકશાન થાય, એ બહુ સાવચેત થઈ જાય અને એથી એને ખોવાનો અવસર ઓછો આવે! આ સંસાર પણ સટ્ટા જેવો છે. સંસારમાં ફાવનારા તો પ્રાયઃ પાયમાલીના પંથે જવાના ! ફાવટમાં ય જે બહુ જ સાવચેત રહે, એ બચી જાય !

અસારની સાધના હોય ખરી ?

શાસ્ત્રોમાં ઠામ ઠામ પહેલી વાત એ આવે કે, સંસાર અસાર ! ને બીજી એ વાત આવે કે, મનુષ્યભવ દુર્લભ ! હવે તમે જ વિચારો કે, જે શાસ્ત્રો સંસાર અસાર કહ્યા પછી મનુષ્યભવની દુર્લભતા સમજાવે છે. એ શાસ્ત્રો કદી મનુષ્યભવમાં અસાર-સંસારની સાધના કરવાનું કહે ખરાં !

અમારો ધંધો કઠિન છે !

અમારો આ ધર્મોપદેશનો ધંધો ઘણો કઠિન છે. કારણ કે જે ચીજો પર તમને અતિપ્રેમ છે. એ ચીજોને જ અમારે તમારી સામે રોજ અસાર અને ભૂંડી સમજાવ્યા કરવાની અને એ સાંભળવા માટે તમને રોજ અહીં આવતા રાખવાના !

એ ભણતરમાં ધૂળ પડી !

આજે ભણતર વધ્યું છે-એવી વાતો બહુ હાંકવામાં આવે છે. ડીગ્રીધારીઓનો તો આજે રાફડો ફાટ્યો છે. પણ એ ભણતરનું પરિણામ શું ? અહીં બેઠેલો કોઈપણ બાપ છાતી ઠોકીને એવું કહી શકે એમ છે કે-'મારા ભણાવેલા દીકરામાં મને પૂરો વિશ્વાસ છે.

કોઈપણ ભૌતિક સ્વાર્થ ખાતર કોઈ કાળે મારો દીકરો મારી સામે કે કોઈની ય સામે થાય એમ નથી.' આવી ખાતરી આપી શકે તેવો કોઈ પણ વાલીઓ આ સભામાં હોય તો મારે એનાં દર્શન (!) કરવાં છે. અને જો ન હોય તો મારે કહેવું છે કે ધૂળ પડી એ આજના ભણતરમાં !

રાગના પાપે દુઃખ !

તમે સાધનના અભાવે દુઃખી છો કે તમારી લાલસાના કારણે દુઃખી છો ! રાગ શબ્દ બોલું છું એનું રહસ્ય તમે સમજી શકતા નથી, એટલે મારે ન છુટકે અહીં 'લાલસા'નો પ્રયોગ કરવો પડે છે. તમને સાધનનો અભાવ જેટલો દુઃખી નથી બનાવતો એટલો દુઃખી રાગ બનાવે છે. તમે તમારાં હૈયામાં સળગાવેલી હોળીના હિસાબે જ દુઃખી છો. મારી આ વાત તમારા ગળે ઉતરી જાય તો તમારા અડધાં-પડધાં દુઃખ આજે જ શાંત થઈ જાય.

સાવધ સુખથી જ રહેવું !

જે દુઃખનાં જ રોદણાં રોયા કરે, એનું તો સાક્ષાત્ ભગવાન પણ ભલું ન કરી શકે. દુઃખ પાપ સિવાય આવે નહિ, અને એ પાપ સુખના રાગ સિવાય બંધાય નહિ. માટે આ જગતમાં વધારેમાં વધારે સાવચેત રહેવા જેવી ચીજ હોય તો એ સંસારનું 'સુખ' છે.

દેવાળિયાનું લક્ષણ

ચોપડો માન્ય ન રાખે એ વેપારી જેમ દેવાળિયો ગણાય એમ શાસ્ત્ર માન્ય ન રાખે, એ સાધુ પણ દેવાળિયો કહેવાય. જેના આધારે ઘરબાર તજ્યા, એને જ વફાદાર ન રહે, એ પછી કોઈને ય વફાદાર કેમ રહી શકે ?

સંસાર, અસાર એટલે શું અસાર ?

સંસાર અસાર ! આ વાત તો તમે હજારો વાર સાંભળી છે. પણ એનું રહસ્ય સમજ્યા છો ખરા ? જિનવાણીનો સાર જ એ છે કે 'સંસાર અસાર.' સંસાર અસાર એટલે સંસારનું સુખ અસાર. કારણ કે, દુઃખ ભલે જીવને ખરાબ લાગતું હોય, પણ એની ઉત્પત્તિ તો પાપથી જ છે, માટે પાપ ભૂંડા છે, આ પાપ થાય છે. સુખ માટે. એથી સૌથી પહેલાં તો સંસારના સુખ જ ભૂંડા છે. **સંસાર અસારનો અર્થ સંસારના સુખ અસાર, એમ સમજાયા પછી જ ધર્મની શરૂઆત થાય.** આટલું સમજાઈ જાય, પછી એ સુખને રોગની જેમ ભોગવે, રોગ ભોગવે અને જેમ એ ભૂંડા લાગે, એમ સુખનો ભોગવટો ચાલુ હોય, છતાં એને એ ભૂંડો લાગે, રોગની કનડગત કરતાં તો સુખની કનડગત કેઈ ગણી ભયંકર છે. સગા ભાઈઓ વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે ક્લેશ કરાવનાર આ સુખ જ છે. અને પતિ-પત્ની વચ્ચે પણ અણબનાવ ઊભો કરનાર આ સુખ જ છે.

વિધિ-માત્રા બધે જરૂરી

વિધિ, બધી ક્રિયાઓમાં જરૂરી છે. કાઉસ્સગ્ગ, ખમાસમણા જેટલાં કહ્યા હોય, એટલાજ કરવાના. ઓછા વત્તા ન ચાલે. રસોઈમાં મસાલો વધારે નંખાઈ જાય, તો રસોઈ ફેંકી દેવી પડે. એને જનાવર પણ સૂંઘે નહિ. ચોપડામાં જમા ઉધાર હોય. એટલા જ લખાય. એમાં એકાદ મીંડુ પણ ઓછું ન લખાય. એમાં ગોટાળો થાય, તો લખનારો કાં તો લુચ્ચામાં ખપે અગર તો એને ભીખ માંગવાનો વખત આવે.

- વિજયરત્નચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના વચનામૃતો

त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः किमु कुर्महे ॥१॥

તમને અમે નાથ તરીકે સ્વીકારીએ છીએ,
તમારી સ્તુતિ કરીએ છીએ. તમારી જ ઉપાસના કરીએ છીએ.
હિ=જે કારણથી, તમારાથી અન્ય ત્રાતા નથી=આ સંસારમાં
રાગાદિથી રક્ષણ કરનાર તમારા સિવાય બીજો કોઈ નથી. અમે શું
બોલીએ ? અર્થાત્ સ્તુતિ સિવાય શું બોલીએ ? અમે શું કરીએ ?
અર્થાત્ તમારી ઉપાસના સિવાય અમે શું કરીએ ?



978234141151 / 9788882943